ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ

શબ્દશઃ વિવેચન

માર્ગાનુસારી ક્રિયા

પ્રજ્ઞાપનીયતા

ઉત્તમશ્રદ્ધા

ક્રિયામાં અપ્રમાદ

શક્ય અનુષ્ઠાનનો આરંભ

ગુરુગુણનો અનુરાગ

ગુરુઆજ્ઞાનું પરમઆરાધન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ

## શબ્દશઃ વિવેચન


: ગ્રંથકાર :

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

: આશીર્વાદદાતા :

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પરમ પૂજ્ય આચાર્યદેવેશ

શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા ષડ્દર્શનવિદ્ પ્રાવચનિકપ્રભાવક

સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ તથા

વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વદ્વિભૂષણ પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ

: વિવેચનકાર :

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

: સંપાદિકા :

સ્મિતા ડી. કોઠારી



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન


: વિવેચનકાર :

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા



વીર સં. ૨૫૩૪ વિ. સ. ૨૦૬૪

આવૃત્તિ : પ્રથમ નકલ : ૫૦૦

**મૂલ્ય : રૂ. ૧૫૦-૦૦**


**卐 આર્થિક સહયોગ 卐**

**ચંદ્રાવતીબેન બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ**

**રત્નપુરી, મલાડ (ઈસ્ટ), મુંબઈ.**

**જ્ઞાનખાતામાંથી આ પુસ્તક માટે અનુદાન મળેલ છે.**


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૮૦

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

: ટાઈપ સેટિંગ :

**સન ગ્રાફિક્સ**

૧૩, પ્રિતમપુરા સોસાયટી, ગીરધરનગર પાસે, શાહીબાગ, અમદાવાદ-૪.

: મુદ્રક :

**નવરંગ પ્રિન્ટર્સ**

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**
**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિ વિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

**✤ મુંબઈ :**
**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈસ્ટ) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪ (મો.) ૯૩૨૨૨૬૪૮૫૧,

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**✤ જામનગર :**
**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સી-૯, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

**✤ સુરત :**
**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી, ટીમલીયાવાડ,
સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ રાજકોટ :**
**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

**✤ BANGALORE :**
**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Company
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

# પ્રકાશકીય

''ગીતાર્થ ગંગા''નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે **પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ** આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે **પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં** જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ** વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મહારાજ સાહેબ**

૧. આશ્રવ અને અનુબંધ　　૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા　　૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ**

૧. યોગદૃષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૧૬. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

**લેખક :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ**

૧. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

## हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी ( नाना पंडित ) महाराज साहब**

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

**लेखक :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी ( नाना पंडित ) महाराज साहब**

१. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ENGLISH

**Lecturer : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB**

1. Status of Religion in Modern Nation State Theory

**Author : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB**

1. Is Jaina Order Independent Religion or Denomination ?

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ४. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનના ગ્રંથો

## ગુજરાતી

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન

૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

## સંપાદિકાનું કથન

વિક્રમ સંવત ૧૯૮૮માં ૧૦ વર્ષની નાની ઉંમરે દીક્ષા ગ્રહણ કરેલા ન્યાયવિશારદ, લઘુહરિભદ્રસૂરિ મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા રચિત આ 'યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ'માં યતિનાં સાત લક્ષણોનું નિરૂપણ સુંદર રીતે કરેલ છે. આજના દુષમ કાળમાં યોગમાર્ગ ઉપર ગમન કરતા આવા લક્ષણવાળા ભાવયતિને આપણે અક્ષરદેહે સાક્ષાત્ જોઈ શકીએ એટલું સુંદર વિવેચન કરીને **પૂ. પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ** તેમનાથી મંદ મતિવાળા અને ભાવયતિપણાની લાલસાવાળા આપણા સૌ ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. માર્ગાનુસારીક્રિયા, પ્રજ્ઞાપનીયતા, ઉત્તમશ્રદ્ધા, ક્રિયામાં અપ્રમાદ, શક્ય અનુષ્ઠાનનો આરંભ, ગુરુગુણનો અનુરાગ અને ગુરુઆજ્ઞાનું પરમ આરાધન; આ યતિનાં સાત લક્ષણોની રજૂઆત કરીને, વર્તમાન દુષમ કાળમાં સુસાધુ, ધર્મ, સામાયિક, વ્રતો વગેરે નથી એમ કહેનારને પ્રાયશ્ચિત્ત અને શ્રમણ સંઘ બહાર મૂકવાની પ્રભુની આજ્ઞા છે વગેરે ગંભીર બાબતોની સુંદર છણાવટ આ ગ્રંથમાં પૂ. મહોપાધ્યાયજીએ કરી છે.

આ ગ્રંથમાં સતત માર્ગદર્શન અને પ્રેરણા આપવા બદલ પ. પૂ. મુનિરાજ શ્રી કુશલકીર્તિવિજયજી મહારાજ સાહેબ, પૂ. સાધ્વીજી શ્રી ચારુનંદિતાશ્રીજી મહારાજ સાહેબનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. ગુજરાતી વિવેચનનું પ્રૂફસંશોધન અને જરૂરી સૂચનો આપવા બદલ સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહનો સહયોગ મળ્યો તે બદલ હું ધન્યતા અનુભવું છું.

મુમુક્ષુઓ અને સાધુઓને આ ગ્રંથ ભાવયતિ બનવામાં ખૂબ મદદરૂપ બનશે. યતિનાં લક્ષણો પ્રાપ્ત કરવા માટે જરૂરી શક્તિનો સંચય આ ગ્રંથના અધ્યયનથી હું પ્રાપ્ત કરી શકું એ જ અભ્યર્થના. ગ્રંથકારશ્રીના આશયથી અને જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે બદલ 'મિચ્છા મિ દુક્કડમ્'.

**– સ્મિતા ડી. કોઠારી**

વિ. સં. ૨૦૬૩, વૈશાખ સુદ, ત્રીજ
શુક્રવાર તા. ૨૦-૪-૨૦૦૭

૧૨, બેન્ક ઓફ ઈન્ડિયા સોસાયટી,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : ૨૭૭૫૦૪૭૫

# યતિલક્ષણસમુચ્ચયની સંક્ષિપ્ત સંકલના

ઉત્સર્ગ-અપવાદની શાસ્ત્રાનુસારી સમ્યગ્ યતના કરનારા સાધુને શાસ્ત્રકારો યતિ કહે છે. તે યતિનાં સાત લક્ષણો છે અર્થાત્ આ સાત લક્ષણોથી યુક્ત હોય તે યતિ છે અને તે સાત લક્ષણોમાંથી એકાદ પણ લક્ષણ ન હોય તો તે યતિ નથી.

યતિનાં આ સાત લક્ષણો નીચે પ્રમાણે છે.

(૧) માર્ગાનુસારી ક્રિયા. (૨) પ્રજ્ઞાપનીયપણું. (૩) ઉત્તમશ્રદ્ધા. (૪) ક્રિયામાં અપ્રમાદ. (૫) શક્ય અનુષ્ઠાનનો આરંભ. (૬) ગુરુગુણનો અનુરાગ અને (૭) ગુરુઆજ્ઞાનું પરમ આરાધન.

**(૧) માર્ગાનુસારી ક્રિયા :- (ગાથા-૫ થી ૩૦)**

સૂત્રના આચરણને અનુસરનારી સર્વ ક્રિયાઓ માર્ગાનુસારી ક્રિયા છે. માર્ગાનુસારી ક્રિયા કરનાર સાધુ જે માર્ગને અનુસરે છે તે માર્ગ બે પ્રકારનો છે.

(૧) આગમનીતિનો માર્ગ અને

(૨) સંવિગ્ન-બહુજન-આચરિત માર્ગ.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષમાર્ગની પ્રાપ્તિના ઉપાયભૂત માર્ગ સર્વજ્ઞના વચનથી અન્ય કેમ સંભવે ? તેથી ગ્રંથકારે ખુલાસો કર્યો કે આગમમાં જે પ્રકારની પ્રવૃત્તિ કરવાનું કહેવાયું હોય, છતાં ગીતાર્થો કાલાદિની અપેક્ષાએ અન્યથા આચરણ કરે છે, તે અપેક્ષાએ આગમનીતિથી સંવિગ્ન-બહુજન-આચરિત માર્ગ જુદો પડે છે.

પાંચમા આરાની હીનતાને કારણે ગીતાર્થોએ શાસ્ત્રનીતિથી કઈ કઈ આચરણા જુદી સ્વીકારી છે, તે ગાથા-૮ અને ૯માં ગ્રંથકારે સ્પષ્ટ કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સર્વજ્ઞ જે કાંઈ આચરણા બતાવે તે મોક્ષમાર્ગ સંભવે, પરંતુ સર્વજ્ઞના વચનથી અન્ય પ્રકારની આચરણા માર્ગ કઈ રીતે બને ? તેથી ગાથા-૧૦માં ગ્રંથકાર સ્પષ્ટ કરે છે કે જૈનશાસન અનેકાંતવાદરૂપ છે, તેથી સૂત્રમાં કોઈ પ્રવૃત્તિની એકાંતે વિધિ નથી કે એકાંતે નિષેધ નથી; પરન્તુ સર્વજ્ઞે જે માર્ગ બતાવ્યો તેનાથી અન્ય પ્રકારે આચરણા દેશકાળ પ્રમાણે હિત જણાવાને કારણે જે પ્રવૃત્તિથી સંયમની વૃદ્ધિ થાય તે પ્રવૃત્તિ ગીતાર્થો કરે છે. તેથી ગીતાર્થોની તે આચરણા તત્ત્વથી સર્વજ્ઞના વચનમાં અંતર્ભાવ પામે છે. આમ છતાં યોગ્ય જીવોને માર્ગનો બોધ કરાવવા અર્થે આગમનીતિ અને સંવિગ્ન-બહુજન-આચરિત એમ બે માર્ગ જુદા પાડીને બતાવેલ છે.

આ રીતે બાહ્ય આચરણાને સામે રાખીને બે પ્રકારનો માર્ગ બતાવ્યો. હવે જીવના અંતરંગ પરિણામને આશ્રયીને માર્ગનું લક્ષણ ગાથા-૧૫માં બતાવે છે. ઉત્તમગુણની પ્રાપ્તિમાં સમર્થ એવો જીવનો સ્વારસિક પરિણામ એ માર્ગ છે, અને તેમાં દૃષ્ટાંત આપે છે કે ભુજંગનલિકાઆયામ સમાન આ માર્ગ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંયમી સાધુ જે ભૂમિકામાં છે તે ભૂમિકાથી ઉત્તર ઉત્તરની ભૂમિકાના ગુણોને પ્રાપ્ત કરે તેવો સાધુનો સ્વારસિક પરિણામ તે માર્ગ છે, અને તે અંતરંગ માર્ગને ઉલ્લસિત કરવા અર્થે બાહ્ય આચરણારૂપ પૂર્વમાં બતાવેલો બે પ્રકારનો માર્ગ છે.

આ રીતે અંતરંગ પરિણામરૂપ માર્ગનું લક્ષણ બતાવ્યું. તેનાથી માષતુષ જેવા જ્ઞાન વગરના સાધુઓમાં પણ ઉત્તર ઉત્તરના ગુણ તરફ જનારો ચિત્તનો સ્વારસિક પરિણામ હોવાને કારણે માર્ગાનુસારીપણું છે.

આવા પ્રકારના અંતરંગ પરિણામવાળા માર્ગાનુસારી સાધુઓ કોઈક સ્થાનમાં અનાભોગવાળા હોય તોપણ માર્ગમાં પ્રવૃત્તિ કરનારા છે.

અહીં પ્રશ્ન થાય કે આવો માર્ગાનુસારી ભાવ કઈ રીતે પ્રગટે ? તેથી ગાથા-૧૮માં ગ્રંથકાર બતાવે છે કે જે જીવોમાં ભવના કારણીભૂત અસદ્ગ્રહ ચાલ્યો ગયો છે અને અવંચકત્રય પ્રાપ્ત થયાં છે તેવા જીવોમાં માર્ગાનુસારી ભાવ પ્રગટે છે. માર્ગાનુસારી ભાવવાળા સાધુની ક્રિયા સુવર્ણઘટ જેવી બૌદ્ધદર્શનવાળા પણ સ્વીકારે છે.

ભાવચારિત્રીનું લિંગ માર્ગાનુસારી ક્રિયા છે તેમ કહ્યું, અને તે માર્ગાનુસારી ક્રિયા બે પ્રકારની છે તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. વળી, ગાથા-૧૫માં ઉત્તરગુણની પ્રાપ્તિમાં સમર્થ એવો સ્વારસિક પરિણામ માર્ગાનુસારી ભાવ છે એમ સ્થાપન કર્યું. ત્યાં શંકા થાય કે સંયમને ગ્રહણ કરીને જે અપુનર્બંધક જીવો ચારિત્રની ક્રિયા કરે છે, તે ચારિત્રની ક્રિયા પણ માર્ગાનુસારી ક્રિયા છે અને જીવના પરિણામરૂપ માર્ગાનુસારી ભાવ પણ અપુનર્બંધકમાં છે. તેથી બાહ્ય આચરણારૂપ માર્ગાનુસારી ક્રિયા, અને જીવના પરિણામરૂપ માર્ગાનુસારી ભાવ આ બન્ને ચારિત્રીનાં લક્ષણો કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે અપુનર્બંધકમાં ભાવચારિત્ર નથી, છતાં તે લક્ષણોની પ્રાપ્તિ અપુનર્બંધક જીવોમાં છે. આ પ્રકારની શંકા ગાથા-૨૦-૨૧માં કરીને ગાથા-૨૨માં સમાધાન કર્યું કે અપુનર્બંધકને દ્રવ્યમાર્ગાનુસારી ભાવ છે, અને ચારિત્રીને ભાવમાર્ગાનુસારી ભાવ છે. તેથી ભાવમાર્ગાનુસારી ભાવને આશ્રયીને થતી માર્ગાનુસારી ક્રિયાને અથવા ભાવમાર્ગાનુસારી ભાવને ભાવચારિત્રનું લિંગ કહેલ છે.

ભાવમાર્ગાનુસારી ક્રિયા કે ભાવમાર્ગાનુસારીપણું ચારિત્રનું લિંગ છે, એમ કહેવાથી પ્રશ્ન થાય કે, વિશેષ પ્રકારના જ્ઞાનાદિવાળા જીવોને જ ભાવચારિત્રનું લિંગ હોઈ શકે. તેથી માષતુષઆદિમાં ભાવચારિત્રનું લિંગ પ્રાપ્ત થાય નહિ. તે પ્રકારની શંકા ગાથા-૨૩માં કરીને માષતુષઆદિ મુનિઓમાં વિશેષ જ્ઞાન નહિ હોવા છતાં ચારિત્રનું લિંગ માર્ગાનુસારી ભાવ કઈ રીતે છે, તે ગાથા-૨૪-૨૫માં સ્પષ્ટ કરેલ છે.

વળી, 'સન્મતિ' ગ્રંથમાં માષતુષઆદિ મુનિને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે. તેથી તેઓના ચારિત્રમાં દ્રવ્યચારિત્ર છે, ભાવચારિત્ર નથી તેમ કોઈને શંકા થાય. તેનું સ્પષ્ટીકરણ ગાથા-૨૭-૨૮માં કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે માષતુષઆદિ મુનિને સમ્યગ્દર્શન હતું છતાં સંક્ષેપ બોધની અપેક્ષાએ દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે, તોપણ અનંતાનુબંધી બાર કષાયના ક્ષયોપશમજન્ય રત્નત્રયીનો પરિણામ માષતુષઆદિ મુનિમાં હતો, માટે ભાવસાધુ હતા.

વળી, અપુનર્બંધકની માર્ગાનુસારિતા અને ચારિત્રીની માર્ગાનુસારિતા વચ્ચે ભેદ, દૃષ્ટાંતથી ગાથા-૩૦માં સ્પષ્ટ કરેલ છે.

**(૨) પ્રજ્ઞાપનીયપણું :- (ગાથા-૩૧ થી ૪૪)**

માર્ગાનુસારી ક્રિયાથી ભાવિત ચિત્તવાળા સાધુ ક્વચિત્ અનાભોગથી વિપરીત પ્રવૃત્તિ કરતા હોય તોપણ ગીતાર્થો દ્વારા તેઓને માર્ગ ઉપર લાવવાનું સુગમ હોય છે; કેમ કે તેઓનું ચિત્ત અત્યંત તત્ત્વને

અભિમુખ હોવાથી અનાભોગથી થયેલી વિપરીત પ્રવૃત્તિને સુધારવાનું માનસ હોય છે, અને તે તેઓમાં રહેલી પ્રજ્ઞાપનીયતા છે.

ભાવસાધુ પ્રજ્ઞાપનીય હોય છે. વળી, કલ્યાણના અર્થી હોય છે. તેથી શાસ્ત્રનું અધ્યયન પણ કરતા હોય છે. તેવા ભાવસાધુને શાસ્ત્રના અર્થો કરવામાં કોઈક સ્થાને મોહ થાય કે ભ્રમ થાય ત્યારે તે પ્રજ્ઞાપનીય સાધુને સુગુરુ કઈ રીતે બોધ કરાવે છે, તે ગાથા-૩૨ થી ૩૪માં બતાવેલ છે.

વળી, શાસ્ત્રનાં વચનો વિધિ, ઉદ્યમ આદિના વિભાગવાળાં છે અને અતિગંભીર છે. તેથી તેના વિષયનાં વિભાગને ગ્રહણ કરવામાં આરાધક પણ સાધુ મોહ પામે, પરંતુ ગીતાર્થ ગુરુના વચનથી પ્રજ્ઞાપનીય સાધુ તેને યથાર્થ જાણે છે. પ્રજ્ઞાપનીય સાધુ સૂત્ર વિભાગમાં મોહ પામે ત્યારે સુગુરુ તેને કઈ રીતે બોધ કરાવે કે જેથી પ્રજ્ઞાપનીય સાધુનું હિત થાય, તે ગ્રંથકાર ગાથા-૩૫-૩૬માં સ્પષ્ટ કરે છે.

વળી, સુગુરુ જ્યારે પ્રજ્ઞાપનીય સાધુને તેના મોહને દૂર કરવા અર્થે ઉચિત ઉપદેશ આપે ત્યારે તે પ્રજ્ઞાપનીય સાધુ પણ ગુરુના તાત્પર્યને કઈ રીતે ગ્રહણ કરે, તે ગાથા-૩૭માં બતાવેલ છે.

**(૩) ઉત્તમશ્રદ્ધા :- (ગાથા-૪૫ થી ૧૦૦)**

પ્રજ્ઞાપનીય સાધુમાં ઉત્તમશ્રદ્ધા હોય છે, અને તે ઉત્તમશ્રદ્ધાનાં ચાર કાર્યો છે–

(i) વિધિસેવા

(ii) અતૃપ્તિ

(iii) સુદેશના

(iv) સ્ખલિત પરિશુદ્ધિ

ઉત્તમશ્રદ્ધા એટલે ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધા અર્થાત્ આ ભગવાનનું વચન એકાંતે મારા કલ્યાણનું કારણ છે અને આ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ એકાંતે મારા અહિતનું કારણ છે.

**(i) વિધિસેવા : (૪૬ થી ૬૫)** આવી સ્થિર શ્રદ્ધાવાળા જીવો સંયમ ગ્રહણ કરીને સંયમની સર્વ ક્રિયાઓ વિધિપૂર્વક સેવે છે. તેથી ઉત્તમશ્રદ્ધાનું પ્રથમ કાર્ય વિધિસેવા છે.

ઉત્તમશ્રદ્ધાવાળા સાધુઓનો વિધિપૂર્વક સંયમની ક્રિયાઓ સેવવાનો પક્ષપાત વિષમ સંજોગોમાં પણ હીન થતો નથી, તે વાત ગાથા-૪૭-૪૮માં દૃષ્ટાંતથી બતાવેલ છે. વળી, કોઈ સાધુમાં ઉત્તમશ્રદ્ધા હોય, તેમ છતાં વિષમ સંજોગોના કારણે કોઈક પ્રવૃત્તિ કરી શકે તેમ ન હોય, તોપણ શક્તિ અનુસાર તેમાં યત્ન કરતા હોય તો ભાવથી વિધિપૂર્વકની પ્રવૃત્તિ છે એ કથન ગાથા-૪૯ થી ૫૧ સુધી બતાવેલ છે.

**(ii) અતૃપ્તિ : (૬૬ થી ૬૯)** વળી, ભગવાનના વચન અનુસાર ક્રિયાઓને સેવનારા તે યોગીઓને ઉપર ઉપરની ભૂમિકાને પ્રાપ્ત કરવા માટે અતૃપ્તિ હોય છે, આ ઉત્તમશ્રદ્ધાનું બીજું કાર્ય છે. ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ વૈયાવચ્ચ, તપ આદિ ઉચિત કૃત્યો કરવામાં અને નવાં નવાં શાસ્ત્રોના અધ્યયનમાં અતૃપ્ત હોય છે.

ઉત્તમશ્રદ્ધાવાળા સાધુને ઉપર ઉપરના સંયમસ્થાનમાં અતૃપ્તિ કેમ હોય છે, તેનું દૃષ્ટાંતથી ભાવન ગાથા-૬૭-૬૮માં કરેલ છે. ઉત્તમશ્રદ્ધાના કાર્યરૂપ અતૃપ્તિવાળા સાધુ, વચનઅનુષ્ઠાનના બળથી ક્રમે કરીને

અસંગ અનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે, અને જે સાધુઓને ઉપર ઉપરના સંયમસ્થાનને સાધવા માટે અતૃપ્તિ નથી, તેઓ સંયમના સર્વ આચારો સારી રીતે પાળતા હોય તોપણ તેઓનું સંયમ અસંગ અનુષ્ઠાનનું કારણ બનતું નથી, તે વાત યુક્તિથી ગાથા-૬૯માં બતાવેલ છે.

**(iii) સુદેશના : (૭૦ થી ૯૮)** ઉત્તમ શ્રદ્ધાવાળા સાધુઓ અતૃપ્તિને કારણે સંયમ ગ્રહણ કર્યા પછી શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રઅધ્યયનમાં અને શાસ્ત્રને સમ્યગ્ પરિણમન પમાડવામાં યત્ન કરે છે, અને શાસ્ત્રનું અધ્યયન કરીને ગીતાર્થ થાય છે ત્યારે સુદેશના આપે છે. આ ઉત્તમ શ્રદ્ધાનું ત્રીજું કાર્ય છે.

દેશનાના અધિકારી સાધુનું સ્વરૂપ બતાવતા કહ્યું કે સુપરિચિત આગમઅર્થવાળા, સુગુરુથી અનુજ્ઞા અપાયેલા, મધ્યસ્થ, શ્રોતાની હિતની કાંક્ષાવાળા, શ્રોતાની પાત્રતાનો બોધ છે જેને એવા, વિશુદ્ધ દેશના આપવાના અધિકારી સાધુ સુદેશના આપી શકે છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે ઉત્તમશ્રદ્ધાના કારણે સુદેશનાની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે ? તેનું તાત્પર્ય એ છે કે જે સાધુને ભગવાનના વચનમાં ઉત્તમશ્રદ્ધા હોય તે સાધુ અનાભોગથી પણ કોઈનું અહિત ન થાય તે અર્થે શાસ્ત્રની સર્વ મર્યાદાઓનું સમાલોચન કરીને જગતના જીવોનું હિત થાય એવી ઉચિત પ્રવૃત્તિ કરે છે. તેથી શાસ્ત્રો ભણીને શાસ્ત્રના પરમાર્થને જાણ્યા પછી પરના હિતની શક્તિ હોય તો આવા સાધુઓ અવશ્ય યોગ્ય જીવોના હિત અર્થે સુદેશના આપે, અને જો શક્તિ હોવા છતાં સુદેશના ન આપે તો જગતના જીવોના હિતની ઉપેક્ષા થાય છે. તેથી ભગવાનના વચનની ઉત્તમ શ્રદ્ધા તે સાધુમાં છે તેમ કહી શકાય નહિ; કેમ કે ભગવાનની આજ્ઞા છે કે જેમ ભગવાને જગતના હિત માટે સુદેશના આપી, તેમ તેમના શાસનમાં થયેલા સમર્થ સાધુઓએ પણ સુદેશના આપવી જોઈએ. તેથી જે સાધુ સમર્થ હોવા છતાં સુદેશના આપતા નથી તેઓમાં ભગવાનના વચન પ્રત્યેની ઉત્તમશ્રદ્ધા નથી એમ ફલિત થાય છે.

જે સાધુઓ સંયમ લીધા પછી સૂત્રો અને અર્થો ભણીને ગીતાર્થ થયા નથી, આમ છતાં ઉપદેશ આપે છે, તેઓ જૈનશાસનના શત્રુ છે, તે વાત ગાથા-૭૧ થી ૭૫માં બતાવેલ છે.

ગીતાર્થ સાધુ કયા દાનની પ્રશંસા કરે, કયા દાનની પ્રશંસા ન કરે, કયા દાનનો નિષેધ કરે એ વાત ગાથા-૭૬ થી ૮૧માં બતાવેલ છે.

દેશનાના અધિકારી મધ્યસ્થ સાધુનું સ્વરૂપ ગાથા-૮૪માં બતાવેલ છે. મધ્યસ્થ ગીતાર્થો શાસ્ત્રની પ્રરૂપણામાં કયા પ્રકારની મર્યાદા સાચવે છે, તેનું વર્ણન ગાથા-૮૫ થી ૮૭માં કરેલ છે. મધ્યસ્થ એવા ઉપદેશક સાધુ કેવા પ્રકારનો ઉપદેશ આપતા નથી અને કેવા પ્રકારનો ઉપદેશ આપે છે, તે ગાથા-૮૮ થી ૯૨માં સ્પષ્ટ કરેલ છે.

વળી, ઉપદેશક સાધુ શ્રોતાના હિતની કાંક્ષાવાળા હોય છે અને શ્રોતારૂપ પાત્રના વિષયમાં વિવેકવાળા હોય છે તે ગાથા-૯૩-૯૪માં બતાવેલ છે. વળી, દેશનાને માટે ત્રણ પ્રકારના અપાત્રનું સ્વરૂપ ગાથા-૯૫માં બતાવેલ છે.

**(iv) સ્ખલિત પરિશુદ્ધિ : (૯૯ થી ૧૦૦)** વળી, સાધુની અતિચાર શોધનની મર્યાદા અને આકુટ્ટી આદિ ચાર અતિચારના ભેદોને ગાથા-૯૯ અને ૧૦૦માં સ્પષ્ટ કરેલ છે.

**(૪) ક્રિયામાં અપ્રમાદ :- (ગાથા-૧૦૧ થી ૧૧૧)**

સંયમી સાધુ શક્તિના પ્રકર્ષથી પ્રથમ દરેક અનુષ્ઠાનની વિધિને જાણવા માટે પ્રયત્ન કરે છે, શાસ્ત્રવચનથી વિધિને જાણ્યા પછી તે વિધિના બોધને સ્થિર કરવા પ્રયત્ન કરે છે અને સ્થિર થયેલા બોધ અનુસાર ક્રિયામાં યત્ન કરે છે, જેથી તે સંયમની ક્રિયા અંતરંગ રીતે મોહની ધારાના ઉન્મૂલનનું કારણ બને અને બહિરંગ રીતે સર્વ ઉચિત યતનાઓથી યુક્ત બને.

વળી, અપ્રમાદી સાધુ વ્રતોનું સ્ખલનાઓથી રક્ષણ કરે છે, સમિતિ-ગુપ્તિમાં ઉપયુક્ત હોય છે, પાપનું કારણ એવી પ્રમાદ-આચરણાનું વર્જન કરે છે. આ પ્રકારના સુસ્થિર ચિત્તવાળા સાધુ અપ્રમાદી સાધુ છે.

સંયમજીવનમાં પ્રમાદ વિશેષથી અનર્થનો હેતુ છે, તેનું સ્પષ્ટીકરણ ગાથા-૧૦૨ અને ૧૦૩માં કરેલ છે.

અપ્રમાદી સાધુ કેવી રીતે પ્રવૃત્તિઓ કરે છે, તેનું સ્પષ્ટીકરણ ગાથા-૧૦૪ અને ૧૦૫માં કરેલ છે.

મોક્ષપ્રાપ્તિ પ્રત્યે સંયમમાં અપ્રમાદ મુખ્ય હેતુ છે, તે ગાથા-૧૦૬માં સ્પષ્ટ કરેલ છે.

સંયમમાં અપ્રમાદ કરવાથી કર્મની અનુબંધશક્તિનો ક્ષય થાય છે અને તેના દ્વારા દુઃખક્ષયના કારણ એવા અકરણના નિયમની પ્રાપ્તિ થાય છે, તે ગાથા-૧૦૭માં બતાવેલ છે.

યોગમાર્ગની પ્રવૃત્તિમાં કંટક, જ્વર અને મોહ જેવાં વિઘ્નો છે, અને અપ્રમાદના કારણે કર્મના અનુબંધની શક્તિના વિગમનને કારણે દીર્ઘકાળ પ્રયાણભંગ થતો નથી, તે વાત ગાથા-૧૦૮માં બતાવેલ છે.

અપ્રમાદભાવથી કરાતા અનુષ્ઠાનમાં ક્ષયોપશમભાવ વર્તતો હોવાના કારણે ગુણસ્થાનકથી પાત થયો હોય તોપણ ફરી ગુણસ્થાનકની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે, તે ગાથા-૧૦૯માં બતાવેલ છે.

અપ્રમાદના અર્થે આર્યમહાગિરિ આદિના ચરિત્રોનું ભાવન કરવું જોઈએ, તે વાત ગાથા-૧૧૦માં બતાવેલ છે.

શક્તિ હોવા છતાં સંયમયોગમાં અપ્રમાદ ન કરવામાં આવે તો ચારિત્ર સંભવે નહિ, તે ગાથા-૧૧૧માં બતાવેલ છે.

**(૫) શક્ય અનુષ્ઠાનનો આરંભ :- (ગાથા-૧૧૨ થી ૧૧૯)**

અપ્રમાદની વૃદ્ધિ અર્થે કેવું અનુષ્ઠાન સ્વીકારવું જોઈએ, તે ગાથા-૧૧૨માં બતાવેલ છે.

શક્તિનો વિચાર કર્યા વગર ઉપરની ભૂમિકાના અનુષ્ઠાનને સ્વીકારવાથી સંયમનો નાશ થાય છે, તેનું સ્પષ્ટીકરણ ગાથા-૧૧૩માં કરેલ છે, જેમાં શિવભૂતિનું દૃષ્ટાંત ગાથા-૧૧૪માં બતાવેલ છે.

આત્મઉત્કર્ષજનક એવા કર્મ વડે અશક્ય અનુષ્ઠાનનો પ્રારંભ થાય છે, તે ગાથા-૧૧૫માં સ્પષ્ટ કરેલ છે.

અપ્રમાદના અર્થીએ શક્તિનું આલોચન કરીને અનુષ્ઠાનમાં ઉદ્યમ કરવો જોઈએ, તે ગાથા-૧૧૬માં સ્પષ્ટ કરેલ છે.

શિથિલાચારીનું સંઘયણ આદિનું અવલંબન ચારિત્રના નાશનું કારણ છે, અને શક્ય આરંભ કરનારાઓ માટે સંઘયણ આદિનું અવલંબન ચારિત્રની વૃદ્ધિનું કારણ છે, તે ગાથા-૧૧૭ થી ૧૧૯ સુધી સ્પષ્ટ કરેલ છે.

**(૬) ગુરુગુણનો અનુરાગ :- (ગાથા-૧૨૦ થી ૧૩૫)**

સમ્યક્દૃષ્ટિને ગુણમાં અત્યંત રાગ હોય છે, તેથી સંયતને તો વિશેષથી ગુણરાગમાં યત્ન કરવો જોઈએ, તે ગાથા-૧૨૦માં બતાવેલ છે.

ગુણરાગીની પ્રવૃત્તિ કેવી હોય છે તે ગાથા-૧૨૧-૧૨૨માં વીરભગવાનના દૃષ્ટાંતથી બતાવે છે.

યોગ્ય જીવોમાં રહેલ અલ્પ ગુણ પણ અનુમોદનીય છે. આથી પાસત્થામાં પણ ભગવાનના વચન અનુસાર અલ્પ ગુણ હોય તો અપવાદથી વંદનની વિધિ ગાથા-૧૨૩-૧૨૪માં સ્પષ્ટ કરેલ છે.

કેવી ગુણગ્રાહી દૃષ્ટિ આવશ્યક છે ? તેનું સ્પષ્ટીકરણ ગાથા-૧૨૫-૧૨૬માં કરેલ છે.

ગુણના પક્ષપાતીનો, ગુણહીન એવા સ્વજનશિષ્યાદિ પ્રત્યે પણ પ્રીતિ આદિનો અભાવ, ગાથા-૧૨૭-૧૨૮માં બતાવેલ છે.

ગુણના પક્ષપાતીની ગુણહીન પ્રત્યેની ઉચિત પ્રવૃત્તિ ગાથા-૧૨૯માં સ્પષ્ટ કરેલ છે.

ગુણરાગી એવા સાધુની ગુણવાનની પરતંત્રતા કેવી હોય, તે ગાથા-૧૩૦-૧૩૧માં સ્પષ્ટ કરેલ છે.

અન્યના દોષલવને જોઈએ તેનામાં રહેલા ગુણનો જેને રાગ નથી તેનામાં નિયમા ચારિત્ર નથી, તે ગાથા-૧૩૨માં સ્પષ્ટ કરેલ છે.

જગતના ભાવો પ્રત્યે મધ્યસ્થ એવા પણ સાધુને જો ગુણદોષમાં મધ્યસ્થતા હોય તો ચારિત્ર નથી, તે ગાથા-૧૩૩માં બતાવેલ છે.

સ્વજન વગેરેથી પણ અધિક રાગ ગુણીજન પ્રત્યે જેને નથી, તેનામાં સમ્યગ્દર્શન પણ નથી અને સમ્યક્ચારિત્ર પણ નથી, તે ગાથા-૧૩૪માં બતાવેલ છે.

ગુણરાગનું ફળ ગાથા-૧૩૫માં બતાવેલ છે.

**(૬) ગુરુઆજ્ઞાનું પરમ આરાધન :- (ગાથા-૧૩૬ થી ૨૧૬)**

ગુણગ્રાહી સાધુ ગુણવાન એવા ગુરુની પૂર્ણ આજ્ઞા અવશ્ય વહન કરે, તે સ્પષ્ટતા ગાથા-૧૩૬માં કરેલ છે.

માતા-પિતા અને ભર્તૃ (પતિ) ત્રણ દુષ્પ્રતિકાર્ય છે. વળી, ધર્માચાર્ય એવા ગુરુ વિશેષથી દુષ્પ્રતિકાર્ય છે, તે ગાથા-૧૩૭માં કહેલ છે.

ગુણવાન ગુરુની આજ્ઞાની ઉપેક્ષા હોય તો સંયમની સર્વ ક્રિયાઓ નિષ્ફળ છે, તે ગાથા-૧૪૦ થી ૧૫૫ સુધી બતાવેલ છે.

ગીતાર્થોને અપવાદથી અયોગ્ય ગુરુના ત્યાગની અનુજ્ઞા છે. અગીતાર્થને ગચ્છને છોડીને એકાકી રહેવાનો સવર્થા નિષેધ છે, તે ગાથા-૧૫૬ થી ૧૬૫ સુધી બતાવેલ છે.

સંક્લિષ્ટ કાળમાં સુગુરુની પ્રાપ્તિ હોય તોપણ શિથિલાચારી સાધુ સાથે અપવાદથી રહેવાની અનુજ્ઞા ગાથા-૧૬૬-૧૬૭માં બતાવેલ છે.

કેવા ગુણવાન ગુરુને આરાધક સાધુએ સ્વીકારવા જોઈએ, તેનું સ્વરૂપ ગાથા-૧૬૮માં બતાવેલ છે.

પારતંત્ર્ય સ્વીકારવા યોગ્ય ગુરુના ગુણોનું સ્વરૂપ ગાથા-૧૭૧ થી ૧૭૮ સુધી બતાવેલ છે.

મૂળગુણયુક્ત ગુરુમાં ક્વચિત્ દોષ લવ હોય તો કઈ રીતે ગુરુને માર્ગમાં લાવવા વિવેકી શિષ્ય યત્ન કરે, તેની વિચારણા ગાથા-૧૭૯ થી ૧૮૧ સુધી શૈલકસૂરિ અને પંથકમુનિના દૃષ્ટાંતથી બતાવેલ છે.

શિથિલ એવા શૈલકસૂરિને માર્ગમાં લાવવા માટે પંથક મુનિએ સાથે રહીને પ્રયત્ન કર્યો છતાં પંથક મુનિમાં સાધુપણું હતું અને અન્ય શિષ્યો શૈલકસૂરિને છોડીને અન્યત્ર ગયા તો ગુરુને છોડીને જનારા અન્ય શિષ્યોમાં સાધુપણું કઈ રીતે સંગત છે ? તેની વિશદ્ ચર્ચા ઉત્સર્ગ-અપવાદવિષયક માર્ગનો બોધ થાય, તે રીતે ગાથા-૧૮૨ થી ૨૦૩ સુધી કરેલ છે.

વળી, જે ગુરુઓ સર્વથા ગુણથી રહિત છે છતાં પંથકમુનિના દૃષ્ટાંતથી મુગ્ધ જીવોને ગુરુની સેવા કરવાનું કહે છે, તેઓ સુગુરુ નથી, તે ગાથા-૨૦૪માં કહેલ છે.

વળી, ચારિત્રમાં પ્રમાદી પણ સંવિગ્નપાક્ષિક ગુરુ ગુણથી યુક્ત છે અને મોક્ષમાર્ગમાં છે, તે ગાથા-૨૦૬માં બતાવેલ છે.

સંવિગ્નપાક્ષિક કેવી ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તે ગાથા-૨૦૭થી ૨૧૪ સુધીમાં બતાવેલ છે.

વળી, જેઓ પોતે સંયત નથી છતાં પોતાને સંયત કહે છે, તેવા સાધુને 'પાપશ્રમણ' કહ્યા છે, તે વાત ગાથા-૨૧૦માં બતાવેલ છે.

સંવિગ્નપાક્ષિકના યત્કિંચિત્ દોષોને જોઈને તેની હીલના કરનારને શાસ્ત્રમાં પાપશ્રમણ કહેલ છે, અને મહામોહના બંધક કહેલ છે, તે ગાથા-૨૧૫માં બતાવેલ છે.

વળી, સંવિગ્નપાક્ષિક એવા ગુરુની અવજ્ઞાનું વર્જન કરીને, વિશેષથી સંયમમાં યતમાન સાધુ ચારિત્રની શુદ્ધિને પામે છે, તે ગાથા-૨૧૬માં બતાવેલ છે.

પૂર્વમાં વર્ણન કરાયેલા સાત લક્ષણોવાળા સાધુઓ શીઘ્ર સંસારનો અંત કરે છે, અને વિષમકાળમાં પણ આવા મહાયશવાળા સાધુઓ ગીતાર્થના પારતંત્ર્યથી ચારિત્રને પ્રાપ્ત કરશે, તે ગાથા-૨૧૭ થી ૨૧૯ સુધી કરેલ છે.

યતિનાં સાત લક્ષણોવાળા સાધુઓ અતિઅલ્પ હોવાને કારણે, વર્તમાનમાં કોઈ સાધુ નથી તેમ કહેનારને પ્રાયશ્ચિત્ત અને સંઘ બહાર કરવાની ભગવાનની આજ્ઞા છે, તે વાત ગાથા-૨૨૦-૨૨૧માં કહેલ છે.

વળી, જે કાળમાં ઘણા કુસાધુ હોય તે કાળમાં પણ આજ્ઞા પ્રમાણે ચાલનારા સુસાધુ પ્રત્યે પ્રીતિ રાખીને, અગ્રહીલ-ગ્રહીલનીતિવાળા રાજાની જેમ સુસાધુમાં પ્રીતિ રાખીને જેઓ વિચરે છે, તેઓ સુસાધુ છે, તે ગાથા-૨૨૨માં બતાવેલ છે.

પંચવસ્તુક ગ્રંથમાં બતાવેલ અર્થપદની ભાવનાથી જે સાધુ શુદ્ધ ચિત્તવાળા છે, તેમનામાં ક્યારેક દોષલવ પ્રાપ્ત થાય તોપણ સંયમ નાશ પામતું નથી, તે ગાથા-૨૨૩-૨૨૪માં બતાવેલ છે.

કેવા સાધુમાં ભાવયતિપણું સંભવે, તે સારરૂપે ગાથા-૨૨૫માં બતાવેલ છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો તે બદલ 'મિચ્છા મિ દુક્કડમ્'.

**વિ. સં. ૨૦૬૪, માગશર સુદ-૧૧, મૌન એકાદશી,** **– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૨૦-૧૨-૨૦૦૭, ગુરુવાર**

**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**

**પાલડી, અમદાવાદ-૭.**

## અનુક્રમણિકા


| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ. | ૧ |
| ૨. | યતિનું સ્વરૂપ. | ૧ |
| ૩-૪. | યતિનાં સાત લક્ષણો. | ૨ |
| | **યતિનું પ્રથમ લક્ષણ – 'માર્ગાનુસારી ક્રિયા' (૧ થી ૩૦)** | |
| ૫. | માર્ગાનુસારી ક્રિયાનું સ્વરૂપ. | ૨-૩ |
| ૬. | માર્ગાનુસારી ક્રિયાના બે ભેદ. | ૩-૬ |
| ૭. | આગમનીતિથી અન્ય પ્રકારનો માર્ગ કેમ છે, તેની યુક્તિ. | ૬-૭ |
| ૮-૯. | જીતવ્યવહારનું સ્વરૂપ. | ૭-૯ |
| ૧૦. | આચરણાના વિષયમાં અનેકાંતનું સ્વરૂપ. | ૯-૧૦ |
| ૧૧. | કયો જીતવ્યવહાર પ્રમાણભૂત છે તેની યુક્તિ. | ૧૦-૧૧ |
| ૧૨ થી ૧૪. | અપ્રમાણભૂત સાધુની આચરણાનું સ્વરૂપ. | ૧૧-૧૫ |
| ૧૫. | જીવના માર્ગાનુસારી પરિણામનું સ્વરૂપ. | ૧૫-૧૭ |
| ૧૬. | વિશિષ્ટ જ્ઞાનના અભાવમાં પણ માર્ગાનુસારી પરિણામ થવાનું કારણ. | ૧૮-૧૯ |
| ૧૭. | માર્ગાનુસારી ભાવમાં અનાભોગથી પણ માર્ગમાં ગમન. | ૧૯-૨૧ |
| ૧૮. | માર્ગાનુસારી ભાવ થવાનું કારણ. | ૨૧-૨૨ |
| ૧૯. | માર્ગાનુસારી ભાવમાં સુવર્ણઘટ જેવી ક્રિયા. | ૨૨-૨૪ |
| ૨૦ થી ૨૨. | ચારિત્રાચારની ક્રિયા અપુનર્બંધકને અને ચારિત્રીને પણ હોય છે, તે બન્ને ક્રિયા વચ્ચેનો ભેદ. | ૨૪-૨૭ |
| ૨૩-૨૪. | માષતુષઆદિમાં ભાવચારિત્રના લિંગના સ્વીકારની યુક્તિ. | ૨૭-૩૦ |
| ૨૫-૨૬. | માષતુષમુનિને દ્રવ્યસમ્યક્ત્વ સ્વીકારેલ હોવા છતાં ભાવચારિત્રના સ્વીકારના સદ્ભાવની યુક્તિ. | ૩૦-૩૨ |
| ૨૭ થી ૨૯. | માષતુષમુનિમાં વર્તતા દ્રવ્યસમ્યક્ત્વનું તાત્પર્ય. | ૩૨-૩૮ |
| ૩૦. | દૃષ્ટાંતથી અપુનર્બંધકની અને ચારિત્રીની માર્ગાનુસારીતા વચ્ચેનો ભેદ. | ૩૮-૩૯ |
| | **યતિનું બીજું લક્ષણ – પ્રજ્ઞાપનીયપણું (૩૧ થી ૪૪)** | |
| ૩૧. | પ્રજ્ઞાપનીયપણાનું સ્વરૂપ. | ૩૯-૪૦ |
| ૩૨-૩૬. | પ્રજ્ઞાપનીય સાધુ કોઈ સ્થાનમાં મોહ પામે ત્યારે સુસાધુ કઈ રીતે બોધ કરાવે તેનું સ્પષ્ટીકરણ. | ૪૦-૪૬ |
| ૩૨ થી ૩૩. | સૂત્રોના સાત વિભાગો. | |
| ૩૭ થી ૪૨. | પ્રજ્ઞાપનીય શિષ્ય પણ ગુરુથી કઈ રીતે તત્ત્વની પ્રાપ્તિ કરે છે અને ગુરુ પણ કઈ રીતે તત્ત્વ બતાવે તેનું સ્પષ્ટીકરણ. | ૪૬-૫૫ |
| ૪૩. | પ્રજ્ઞાપનીય સાધુને ઐદંપર્યાર્થ દ્વારા માર્ગનો બોધ. | ૫૫-૫૭ |
| ૪૪. | અપ્રજ્ઞાપનીય સાધુનું સ્વરૂપ. | ૫૭-૫૮ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **યતિનું ત્રીજું લક્ષણ – ઉત્તમશ્રદ્ધા (૪૫ થી ૧૦૦)** | |
| ૪૫. | ઉત્તમશ્રદ્ધાનું સ્વરૂપ અને તેનાં ચાર કાર્યો.<br>(i) વિધિસેવા (ii) અતૃપ્તિ (iii) દેશના (iv) સ્ખલિત પરિશુદ્ધિ | ૫૮-૬૦ |
| | **ઉત્તમશ્રદ્ધાનું પ્રથમ કાર્ય – વિધિસેવા (૪૬ થી ૬૫)** | |
| ૪૬ થી ૬૫. | ઉત્તમશ્રદ્ધાનું કાર્ય વિધિસેવા. | ૬૦-૮૯ |
| ૪૬ થી ૪૯. | દ્રવ્યાદિ સામગ્રીના અભાવમાં બાહ્યથી અપ્રવૃત્ત એવા<br>ભાવસાધુને પણ નિર્જરા. | ૬૦-૬૩ |
| ૫૦-૫૧. | સંગમસૂરિ નિત્યવાસી છતાં ભાવચારિત્રી. | ૬૪-૬૮ |
| ૫૨. | સમભાવના પરિણામની રક્ષા અર્થે વિષમ સંયોગોમાં કરાતી વિપરીત<br>આચરણાથી અવધની પ્રતિજ્ઞાની હાનિનો અભંગ. | ૬૮-૬૯ |
| ૫૩ થી ૬૨. | ગૃહસ્થની અને સાધુની ગમનક્રિયામાં બાહ્યથી સમાન હિંસા હોવા છતાં<br>સાધુને કર્મબંધનો અભાવ અને ગૃહસ્થને કર્મબંધની પ્રાપ્તિની યુક્તિ. | ૬૯-૮૬ |
| ૫૭. | સમાન પણ હિંસામાં 'ભાવના ભેદ'થી કર્મબંધમાં ભેદ<br>અને નિર્જરામાં ભેદ. | ૭૫-૭૬ |
| ૫૮. | સંસારની સર્વપ્રવૃત્તિ અપેક્ષાએ મોક્ષનું કારણ અને ભવનું કારણ.<br>ધર્મની પણ સર્વપ્રવૃત્તિ અપેક્ષાએ મોક્ષનું કારણ અને ભવનું કારણ. | ૭૬-૭૯ |
| ૫૯. | યતનાપરાયણને સર્વપ્રવૃત્તિ બંધનાં અકારણોરૂપ અને<br>અયતનાપરાયણને સર્વપ્રવૃત્તિ કર્મબંધના કારણોરૂપ | ૭૯-૮૧ |
| ૬૦. | બાહ્ય આચરણામાં લાભાલાભની અપેક્ષાએ અનેકાંતતા. | ૮૧-૮૪ |
| ૬૧. | અપ્રશસ્ત કષાય પણ કોઈક જીવને આશ્રયીને કલ્યાણનું કારણ. | ૮૪-૮૫ |
| ૬૨. | બાહ્ય હિંસા-અહિંસાથી લેશ પણ કર્મબંધનો અભાવ,<br>પરિણામથી જ કર્મબંધની અને હિંસાની પ્રાપ્તિ. | ૮૫-૮૬ |
| ૬૩-૬૪-૬૫. | યતનારહિત સાધુને શુદ્ધ પરિણામના અસંભવની યુક્તિ. | ૮૬-૮૯ |
| | **ઉત્તમશ્રદ્ધાનું બીજું કાર્ય – અતૃપ્તિ (૬૬ થી ૬૯)** | |
| ૬૬-૬૭. | અતૃપ્તિનું સ્વરૂપ. | ૮૯-૯૧ |
| ૬૮. | સાધુની અતૃપ્તિનું દૃષ્ટાન્તથી ભાવન. | ૯૧ |
| ૬૯. | સંગ અને તૃપ્તિ એકાર્થવાચી :<br>સંયમમાં તૃપ્તિદોષથી ઉત્તરના યોગમાર્ગમાં ગમનનો અવરોધ. | ૯૨-૯૩ |
| | **ઉત્તમશ્રદ્ધાનું ત્રીજું કાર્ય – દેશના (૭૦ થી ૯૮)** | |
| ૭૦ થી ૮૩. | વિશુદ્ધ દેશનાના અધિકારીનું સ્વરૂપ :<br>(i) સુપરિચિત આગમઅર્થવાળા (ii) સુગુરુથી અનુજ્ઞા અપાયેલા<br>(iii) મધ્યસ્થ (iv) હિતકાંક્ષી અને (v) અવગત પાત્રવાળા | ૯૩-૯૫ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **(i) સુપરિચિત આગમઅર્થવાળા દેશનાના અધિકારી (૭૧ થી ૮૨)** | |
| ૭૧-૭૨. | જેઓ શાસ્ત્રના પરમાર્થને પામ્યા નથી તેવા ઉપદેશકો સિદ્ધાન્તના શત્રુ. | ૯૫-૯૭ |
| ૭૩. | ઈતરશાસ્ત્રમાં કુશળ પણ ભાષાવિશેષના અજ્ઞાનવાળા ઉપદેશના અનધિકારી. | ૯૭-૯૮ |
| ૭૪. | સાવદ્ય-નિરવદ્ય ભાષાને નહિ જાણનારા સાધુને ઉપદેશના અનધિકારી સ્વીકારવાની યુક્તિ. | ૯૮-૯૯ |
| ૭૫. | દાનની પ્રશંસા કે દાનના નિષેધમાં ગીતાર્થ સિવાય અન્યને દોષની પ્રાપ્તિ. | ૯૯-૧૦૦ |
| ૭૬. | પ્રશંસાયોગ્ય દાનનું સ્વરૂપ. | ૧૦૦-૧૦૧ |
| ૭૭. | નિષેધયોગ્ય દાનનું સ્વરૂપ. | ૧૦૧-૧૦૩ |
| ૭૮. | દાનને યોગ્ય પાત્રનું સ્વરૂપ. | ૧૦૩-૧૦૪ |
| ૭૯. | નિશ્ચયનય અને વ્યવહારનયથી દાનઅર્થે પાત્ર-અપાત્રનો વિભાગ. | ૧૦૪-૧૦૬ |
| ૮૦-૮૧. | અપાત્રના દાનમાં કઈ અપેક્ષાએ પાપની પ્રાપ્તિનું સ્વરૂપ. અનુકંપાદાનના નિષેધમાં પ્રવચનનો ઉડ્ડાહ | ૧૦૬-૧૦૭ |
| ૮૨. | ભાષાના ગુણદોષને જાણનારા સાધુ ઉપદેશના અધિકારી. | ૧૦૭-૧૦૮ |
| | **(ii) સુગુરુથી અનુજ્ઞા અપાયેલા દેશનાના અધિકારી (૮૩)** | |
| ૮૩. | ગુરુ વડે અનુજ્ઞા પામેલા શિષ્ય શીઘ્ર ગુરુભાવને પામે અને શિષ્યોને પામે. ગુરુ વડે અનુજ્ઞાના અભાવમાં સ્વમતિ અનુસાર ઉપદેશની પ્રવૃત્તિ કરનાર પોતે પરમાર્થથી શિષ્ય નથી અને એના કોઈ શિષ્ય થતા નથી. | ૧૦૮-૧૧૦ |
| | **(iii) મધ્યસ્થ સાધુ દેશનાના અધિકારી (૮૪ થી ૯૨)** | |
| ૮૪. | મધ્યસ્થ સાધુનું સ્વરૂપ. | ૧૧૦-૧૧૧ |
| ૮૫ થી ૮૭. | મધ્યસ્થ એવા ગીતાર્થ સાધુઓની ઉચિત પ્રવૃત્તિઓ. | ૧૧૧-૧૧૮ |
| ૮૮ થી ૯૨. | મધ્યસ્થ ગીતાર્થના ઉપદેશનું સ્વરૂપ. | ૧૧૮-૧૨૪ |
| | **(iv) હિતકાંક્ષી અને (v) અવગત પાત્રવાળા દેશનાના અધિકારી (૯૩ થી ૯૮)** | |
| ૯૩. | હિતકાંક્ષી સાધુનું સ્વરૂપ. | ૧૨૪-૧૨૫ |
| ૯૪. | પાત્રમાં અપાયેલ દેશના અને અપાત્રમાં અપાયેલ દેશનાનાં ફળો. | ૧૨૫ |
| ૯૫. | દેશના માટે અપાત્રનું સ્વરૂપ. | ૧૨૬-૧૨૭ |
| ૯૬. | અપાત્રમાં દેશનાથી થતા અનર્થનું સ્વરૂપ. | ૧૨૭-૧૨૮ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯૭. | અપાત્રમાં દેશનાના પરિહારમાં પણ સાધુનું મધ્યસ્થપણું | ૧૨૮-૧૨૯ |
| ૯૮. | દેશનામાં પાત્ર-અપાત્રના વિભાગની શાસ્ત્રમર્યાદા. | ૧૨૯-૧૩૦ |
| | **ઉત્તમશ્રદ્ધાનું ચોથું કાર્ય – સ્ખલિત પરિશુદ્ધિ (૯૯-૧૦૦)** | |
| ૯૯. | સાધુની અતિચાર શોભનની મર્યાદા. | ૧૩૦-૧૩૧ |
| ૧૦૦. | અતિચારના આકુટ્ટિઆદિ ચાર ભેદો. | ૧૩૧-૧૩૪ |
| | **યતિનું ચોથું લક્ષણ – ક્રિયામાં અપ્રમાદ (૧૦૧ થી ૧૧૧)** | |
| ૧૦૧. | અપ્રમાદથી કરાયેલી ક્રિયાથી જ ગુણસ્થાનકની વૃદ્ધિ. | ૧૩૪-૧૩૫ |
| ૧૦૨. | પ્રવ્રજ્યામાં કરાયેલા પ્રમાદથી થતા અનર્થનું સ્વરૂપ. | ૧૩૫-૧૪૦ |
| ૧૦૩. | ક્રિયામાં પ્રમાદી સાધુને ષટ્કાયની વિરાધના. | ૧૪૦-૧૪૨ |
| ૧૦૪. | અતિચારના પરિહારમાં ઉદ્યમી સાધુ. | ૧૪૨-૧૪૬ |
| ૧૦૫. | અપ્રમાદી સાધુનું સ્વરૂપ. | ૧૪૭-૧૫૦ |
| ૧૦૬. | ક્રિયામાં અપ્રમાદથી જ સાધુને મોક્ષગમનની પ્રાપ્તિ. | ૧૫૦-૧૫૨ |
| ૧૦૭-૧૦૮. | સંયમની ક્રિયામાં કરાતા અપ્રમાદનું ફળ. | ૧૫૨-૧૫૫ |
| ૧૦૯. | સંયમમાં અપ્રમાદ કરવાથી કોઈક રીતે પાત થયેલાને ગુણસ્થાનકની ફરી પ્રાપ્તિ. | ૧૫૫-૧૫૭ |
| ૧૧૦. | સંયમમાં અપ્રમાદને ઉલ્લસિત કરવા આર્યમહાગિરિનું ચારિત્ર કસોટીપત્થરરૂપ. | ૧૫૭-૧૫૮ |
| ૧૧૧. | સંયમમાં પ્રમાદીને ચારિત્રની વિશુદ્ધિનો અભાવ. | ૧૫૯ |
| | **યતિનું પાંચમું લક્ષણ – શક્ય અનુષ્ઠાનનો આરંભ (૧૧૨ થી ૧૧૯)** | |
| ૧૧૨. | આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યયથી અનુષ્ઠાનમાં ઉદ્યમ કરવાની વિધિ. | ૧૬૦-૧૬૧ |
| ૧૧૩-૧૧૪. | શક્તિથી ઉપરની ભૂમિકાના અનુષ્ઠાનને સ્વીકારવાથી થતા અનર્થ. | ૧૬૧-૧૬૩ |
| ૧૧૬. | શક્ય અનુષ્ઠાનનાં આરંભથી બહુ લાભ. | ૧૬૪-૧૬૫ |
| ૧૧૭ થી ૧૧૯. | શિથિલોનું સંહનન આદિનું આલંબન સંયમનાશનું કારણ. શક્ય આરંભકને સંહનન આદિનું આલંબન સંયમવૃદ્ધિનું કારણ. | ૧૬૫-૧૬૯ |
| | **યતિનું છઠ્ઠું લક્ષણ – ગુરુગુણનો અનુરાગ (૧૨૦ થી ૧૩૫)** | |
| ૧૨૦. | સમ્યગ્દષ્ટિના ગુણાનુરાગનું અને સંયમીના ગુણાનુરાગનું સ્વરૂપ. | ૧૬૯ |
| ૧૨૧-૧૨૨. | દોષવાળા પણ સાધુમાં રહેલા અલ્પગુણવિષયક ગુણપક્ષપાતી સાધુની ઉચિત પ્રવૃત્તિ. | ૧૭૦-૧૭૧ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૨૩-૧૨૪. | પાસત્થા આદિ સાધુમાં રહેલા અલ્પગુણને આશ્રયીને વંદનાદિ વિષયક સાધુની ઉચિતઆચરણા. | ૧૭૧-૧૭૪ |
| ૧૨૫. | પોતાનાથી અલ્પગુણવાળામાં પણ માર્ગાનુસારી ગુણની પ્રશંસાની વિધિમાં વીર ભગવાનનું દૃષ્ટાંત. | ૧૭૪-૧૭૫ |
| ૧૨૬. | પરના ગુણવિષયક અને પોતાના દોષવિષયક સાધુની ઉચિત વિચારણા. | ૧૭૫ |
| ૧૨૭-૧૨૮. | ચારિત્રી ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે પણ અપ્રતિબદ્ધ. | ૧૭૬-૧૭૭ |
| ૧૨૯. | ગુણહીન એવા શિષ્યો પ્રત્યે ચારિત્રીની ઉચિત પ્રવૃત્તિ. | ૧૭૭-૧૭૮ |
| ૧૩૦-૧૩૧. | ગુણાનુરાગી એવા સાધુમાં ગુણવાનનું પારતંત્ર્ય. | ૧૭૯-૧૮૧ |
| ૧૩૨. | ગુણયુક્ત સાધુમાં પણ દોષલવને જોઈને તેના પ્રત્યે ગુણરાગના અભાવમાં ચારિત્રનો અભાવ. | ૧૮૧ |
| ૧૩૩. | ગુણદોષમાં મધ્યસ્થપણું દોષરૂપ. | |
| | ગુણદ્વેષમાં મહામોહની પરવશતા. | ૧૮૧-૧૮૨ |
| ૧૩૪. | અધિક ગુણવાનમાં સ્વજનથી અધિક રાગના અભાવમાં સમ્યગ્દર્શનનો અભાવ. | ૧૮૩ |
| ૧૩૫. | ગુણરાગનું ફળ. | ૧૮૩-૧૮૫ |
| | **યતિનું સાતમું લક્ષણ – ગુરુઆજ્ઞાનું પરમ આરાધન (૧૩૬ થી ૨૧૬)** | |
| ૧૩૬. | સુસાધુમાં નિયમા ગુણવાનનું પારતંત્ર્ય | ૧૮૫-૧૮૬ |
| ૧૩૭. | કૃતજ્ઞતા ગુણ અર્થે દુષ્પ્રતિકાર કરવા યોગ્ય માતા-પિતા, સ્વામી અને વિશેષથી ધર્માચાર્ય. | ૧૮૬-૧૮૭ |
| ૧૩૮. | ગુરુઆજ્ઞાની વિરાધનામાં દોષો અને ગુરુઆજ્ઞાની આરાધનામાં ગુણો. | ૧૮૭-૧૮૮ |
| ૧૩૯. | ગુરુઆજ્ઞાનું ફળ. | ૧૮૮-૧૮૯ |
| ૧૪૦. | સર્વગુણની પ્રાપ્તિનો આધાર ગુરુકુળવાસ. | ૧૯૦-૧૯૧ |
| ૧૪૧. | ગુણવાન ગુરુના પારતંત્ર્યના ત્યાગમાં સંયમની સર્વક્રિયા વિફળ | ૧૯૧-૧૯૨ |
| ૧૪૨. | ગુણવાન ગુરુના પારતંત્ર્યમાં થતા ભિક્ષાદિ દોષોમાં પણ સંયમની શુદ્ધિ | ૧૯૨-૧૯૪ |
| ૧૪૩-૧૪૪. | ગુણવાન ગુરુની આજ્ઞાના ત્યાગમાં ભગવાનની આજ્ઞાનો ત્યાગ | ૧૯૪-૧૯૭ |
| ૧૪૫-૧૪૮. | ગુરુની આજ્ઞાના ત્યાગમાં ભગવાનની આજ્ઞાનો ત્યાગ સ્વીકારવાથી સ્થૂલથીઓઘનિર્યુક્તિગ્રંથના વચન સાથે આવતા વિરોધનો યુક્તિથી પરિહાર. | ૧૯૭-૧૯૯ |
| ૧૪૬. | તીર્થંકરની આજ્ઞાના પાલનમાં આચાર્યની આજ્ઞાના પાલનનો અંતર્ભાવ. | ૧૯૯-૨૦૧ |
| ૧૪૭-૧૪૮. | તીર્થંકર અને ભાવાચાર્ય બન્નેની પ્રરૂપણામાં તુલ્યતા. | |
| | ભાવાચાર્ય અને તીર્થંકરના ઇતર-ઇતરના ભાવસંવેધનું સ્વરૂપ. | ૨૦૧-૨૦૩ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૪૯. | ગુણથી પૂર્ણ એવા ગૌતમઆદિ મહામુનિઓને પણ ગુરુકળવાસથી થતો ઉપકાર. | ૨૦૩-૨૦૪ |
| ૧૫૦. | ગુરુકુળવાસમાં ક્વચિત્ બાહ્ય આચરણામાં દોષ હોવા છતાં દેશનાદિ દ્વારા સંવેગની પ્રાપ્તિ અને કુળવધૂના દૃષ્ટાંતથી ગુરુકળવાસના અત્યાગની યુક્તિ. | ૨૦૪-૨૦૫ |
| ૧૫૧. | ગુરુકુળવાસમાં થતા ગુણોનું સ્વરૂપ. | ૨૦૫-૨૦૬ |
| ૧૫૨. | ગુરુકુળવાસના ત્યાગથી થતા દોષો. | ૨૦૬ |
| ૧૫૩-૧૫૪. | ગુરુકુળવાસના ત્યાગથી થતા દોષોનું દૃષ્ટાન્તથી સ્પષ્ટીકરણ. | ૨૦૭-૨૦૮ |
| ૧૫૫. | ગુરુકુળવાસમાં થતા લાભોનું સ્વરૂપ. | ૨૦૮-૨૦૯ |
| ૧૫૬. | નિપુણ સહાયની અપ્રાપ્તિમાં એકાકી વિહારની ગીતાર્થને આશ્રયીને અનુજ્ઞા. | ૨૦૯-૨૧૦ |
| ૧૫૭. | પાપનું વર્જન અને અસંગભાવ ગીતાર્થને જ સંભવિત. | ૨૧૧-૨૧૨ |
| ૧૫૮. | અગીતાર્થને એકાકી વિહારનો નિષેધ. | ૨૧૨-૨૧૩ |
| ૧૫૯. | બે પ્રકારના સુસાધુના વિહારનું સ્વરૂપ. | ૨૧૩-૨૧૪ |
| ૧૬૦. | એકાકી વિહારમાં સાધુને થતા દોષોનું સ્વરૂપ. | ૨૧૪-૨૧૬ |
| ૧૬૧ થી ૧૬૩. | જાતકલ્પ, અજાતકલ્પ, સમાપ્ત કલ્પ અને અસમાપ્ત કલ્પનું સ્વરૂપ. | ૨૧૬-૨૧૮ |
| ૧૬૪. | ગીતાર્થને અન્ય ગુણવાનના અલાભમાં એકાકી વિહારની અનુજ્ઞા. | ૨૧૮-૨૨૧ |
| ૧૬૫. | ગીતાર્થના અલાભમાં પણ અગીતાર્થને એકાકી વિહારનો નિષેધ. | ૨૨૧-૨૨૨ |
| ૧૬૬. | ગીતાર્થના અલાભમાં પાસત્થાદિ સાથે વિચરણ કરવાનું વિધાન. | ૨૨૨-૨૨૩ |
| ૧૬૭. | કારણે ગીતાર્થના એકાકી વિહારમાં પણ ગુરુકુળવાસનો અત્યાગ. | ૨૨૩-૨૨૫ |
| ૧૬૮. | આશ્રયણ કરવા યોગ્ય ગુરુનું સ્વરૂપ. | ૨૨૫-૨૨૬ |
| ૧૬૯. | ગુણરહિત ગુરુ તત્ત્વથી કુગુરુ. | ૨૨૬-૨૨૯ |
| ૧૭૦. | ગુણરહિત ગુરુનું સ્વરૂપ. | ૨૨૯-૨૩૧ |
| ૧૭૧ થી ૧૭૫. | ગુરુ તરીકે સ્વીકારવા યોગ્ય ગુરુના ગુણો. | ૨૩૧-૨૩૫ |
| ૧૭૬. | શુદ્ધ પ્રરૂપણા કરનારા અને અશુદ્ધ પ્રરૂપણા કરનારા ગુરુનું સ્વરૂપ. | ૨૩૫-૨૩૬ |
| ૧૭૭-૧૭૮. | કાળના દોષને કારણે એકાદિ ગુણથી હીન પણ સ્વીકારવા યોગ્ય ગુરુનું સ્વરૂપ. | ૨૩૬-૨૪૧ |
| ૧૭૯-૧૮૦. | ગુણસંપન્ન ગુરુમાં પણ ક્યારેક દોષલવની પ્રાપ્તિ થાય ત્યારે શિષ્યના કર્તવ્યની ઉચિત વિધિ. | ૨૪૧-૨૪૪ |
| ૧૮૧. | ગુરુના હિતને કરનાર પંથકમુનિ અને શૈલકસૂરિનું દૃષ્ટાંત. | ૨૪૪-૨૫૦ |
| ૧૮૨ થી ૧૮૬. | દોષલવવાળા ગુણસંપન્ન ગુરુનો પંથકમુનિએ ત્યાગ ન કર્યો અને અન્ય ૫૦૦ શિષ્યોએ પૃથગ્ વિહાર કર્યો તેનું તાત્પર્ય. | ૨૫૦-૨૫૫ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૮૬. | શૈલકસૂરિના ૫૦૦ શિષ્યો કરતાં પંથકમુનિને ગુરુ પ્રત્યે ઉત્કટ રાગ. | ૨૫૫ |
| ૧૮૭-૧૮૮. | અન્ય સાધુ કરતાં વીર ભગવાન પ્રત્યે સુનક્ષત્ર સાધુ અને સિંહમુનિને અત્યંત રાગ. | ૨૫૬-૨૫૭ |
| ૧૮૯. | સંયમી સાધુને પણ કોઈક ધર્મ અનુષ્ઠાન કરતાં અન્ય ધર્મ અનુષ્ઠાનમાં અધિક પ્રીતિમાં દોષનો અભાવ. | ૨૫૭-૨૫૮ |
| ૧૯૦. | પંથક મુનિને ગુરુસેવામાં ઉત્કટ રાગ અને અન્ય સાધુઓને અભ્યુદ્યત વિહારમાં અધિકાર. | ૨૫૮-૨૫૯ |
| ૧૯૧. | શૈલકસૂરિને પૂછીને ૫૦૦ સાધુના પૃથગ્ વિહારમાં દોષનો અભાવ. | ૨૫૯-૨૬૦ |
| ૧૯૨ થી ૧૯૪. | વૈયાવચ્ચ કરનાર સાધુને અન્ય ગચ્છમાં અધિક ધર્મવિનય અર્થે જવાની અનુજ્ઞા. | ૨૬૦-૨૬૩ |
| ૧૯૪. | પંથક મુનિને શૈલકસૂરિની સેવાથી વિશેષ ધર્મવિનયની પ્રાપ્તિ. | ૨૬૩ |
| ૧૯૫. | પંથક મુનિને શિથિલાચારી માનીને, પ્રતિમાની અપૂજ્યતાની સ્થાપનાની સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ. | ૨૬૩-૨૬૪ |
| ૧૯૬ થી ૧૯૯. | શૈલકસૂરિના શિથિલપણાનું સ્વરૂપ. | |
| | સંયમમાં ઉત્થિત થયા પછી કોઈક નિમિત્તે પ્રમાદવાળા ફરી ઉત્થિત થનારા સાધુમાં મૂળગુણના સ્વીકારની યુક્તિ. | ૨૬૪-૨૬૮ |
| ૨૦૦. | છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધી સાધુના મૂળવ્રતનો અભંગ. | ૨૬૮-૨૬૯ |
| ૨૦૧. | ઉત્તરગુણની વિરાધનાથી સુકુમાલિકાની જેમ સાધુનું અહીલનીયપણું. | ૨૬૯ |
| ૨૦૨. | નિષ્કારણ પ્રતિસેવાથી ઉત્તમ ચારિત્રનો નાશ. | ૨૭૦-૨૭૨ |
| ૨૦૩. | ગુણીયલ ગુરુ પણ ક્યારેક પ્રમાદી બને છતાં શૈલકસૂરિની જેમ સેવવા યોગ્ય. | ૨૭૨-૨૭૩ |
| ૨૦૪. | પંથકમુનિના દૃષ્ટાન્તથી પોતાનામાં સાધુપણું સ્થાપન કરનાર પ્રમાદી સાધુને સર્વપાસત્થા અને મિથ્યાદૃષ્ટિરૂપે સ્વીકાર. | ૨૭૩-૨૭૪ |
| ૨૦૫. | સંવિગ્નપાક્ષિકનું સ્વરૂપ. | ૨૭૪-૨૭૫ |
| ૨૦૬. | સંવિગ્નપાક્ષિકની આચરણા. | ૨૭૫-૨૮૦ |
| ૨૦૭. | સંયમની આચરણામાં સામર્થ્ય ન હોય તોપણ પોતાની હીનતા બતાવીને સંવિગ્નપાક્ષિકને શુદ્ધપ્રરૂપણાની વિધિ. | ૨૮૦-૨૮૧ |
| ૨૦૮. | પ્રમાદી છતાં સંવિગ્નપાક્ષિકને સુલભબોધિત્વ અને કર્મનિર્જરાની પ્રાપ્તિ. | ૨૮૧-૨૮૩ |
| ૨૦૯. | સંવિગ્નપાક્ષિકની ઉચિત આચરણા. | ૨૮૩-૨૮૫ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૧૦. | પ્રમાદી હોવા છતાં સંવિગ્નપાક્ષિક પાપી નથી. મૃષાભાષણ કરનારા સાધુનો પાપીરૂપે સ્વીકાર. | ૨૮૫-૨૮૬ |
| ૨૧૧. | સંવિગ્નપાક્ષિકમાં ઇચ્છાયોગનો સ્વીકાર. | ૨૮૬ |
| ૨૧૨. | દુષ્કર સંયમની આચરણા કરનારા કરતાં પણ જ્ઞાનથી અધિક સંવિગ્નપાક્ષિકનો શ્રેષ્ઠ તરીકે સ્વીકાર. | ૨૮૬-૨૮૭ |
| ૨૧૩-૨૧૪. | ગીતાર્થ ગુરુની અપ્રાપ્તિમાં સુસાધુને પણ સંવિગ્નપાક્ષિક ગુરુ તરીકે આશ્રયણીય. | ૨૮૮-૨૮૯ |
| ૨૧૫. | શુદ્ધ પ્રરૂપણા કરનાર ગુરુની અવગણનામાં પાપશ્રમણ અને મહામોહબંધની પ્રાપ્તિ. | ૨૮૯-૨૯૪ |
| ૨૧૬. | ગુરુથી અધિક જ્ઞાનાદિવાળા શિષ્યને ગુરુવિષયક ઉચિત કર્તવ્ય. | ૨૯૪-૨૯૬ |
| ૨૧૭-૨૧૮. | ગ્રંથમાં વર્ણન કરાયેલાં સાત લક્ષણોને ધારણ કરનારા સુસાધુનું સંક્ષિપ્ત સ્વરૂપ. | ૨૯૬-૨૯૭ |
| ૨૧૯. | દુ:ષમાકાળમાં પણ સુસાધુની પ્રાપ્તિ. | ૨૯૭-૨૯૮ |
| ૨૨૦. | વર્તમાનમાં સુસાધુના વિચ્છેદને કહેનારને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ. | ૨૯૮ |
| ૨૨૧. | વર્તમાનમાં ધર્મ, સામાયિક અને વ્રતો નથી, એમ કહેનારને સંઘ બહાર કરવાની આજ્ઞા. | ૨૯૯ |
| ૨૨૨. | ગીતાર્થના વિરહકાળમાં પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે અગ્રહીલ-ગ્રહીલ રાજાના દૃષ્ટાંતથી ઉચિત પ્રવૃત્તિ કરનારમાં સંયમનો સદ્ભાવ. | ૨૯૯-૩૦૧ |
| ૨૨૩. | અર્થપદના ભાવનથી સંયમમાં સ્ખલનાવાળા સાધુમાં પણ ભાવચારિત્રની પ્રાપ્તિ. | ૩૦૧-૩૦૨ |
| ૨૨૪. | બકુશ-કુશીલથી ભગવાનના તીર્થની પ્રાપ્તિ. | ૩૦૨-૩૦૪ |
| ૨૨૫. | ભાવયતિનું સ્વરૂપ. | ૩૦૪-૩૦૫ |
| ૨૨૬. | ગ્રંથ રચનારનું પ્રયોજન. | ૩૦૫-૩૦૬ |
| ૨૨૭. | ગ્રંથની સમાપ્તિનું મંગલાચરણ. | ૩૦૬ |

# આવશ્યક સૂચન

'યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ' ગ્રંથની મૂળ ગાથા ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ રચેલી છે તે ગાથા ઉપર કોઈ ટીકા ઉપલબ્ધ નથી, ફક્ત તે ગ્રંથના કેટલાક શ્લોકો તે રૂપે જ અન્ય ગ્રંથમાં ઉપલબ્ધ છે. અરિહંત આરાધક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત યતિલક્ષણસમુચ્ચય ગ્રંથ, જેનું ગુજરાતી વિવેચન કરનાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજાએ તે શ્લોકોની ટીકા જે જે ગ્રંથમાં ઉપલબ્ધ છે ત્યાંથી ગ્રહણ કરીને તેમના પુસ્તકમાં છપાવેલ છે. તેથી અમે પણ તે ટીકા અહીં ગ્રહણ કરેલ છે અને તે ટીકાનું ભાષાંતર પ્રસ્તુત ગ્રંથની એકવાક્યતા જોડવામાં જ્યાં જ્યાં ઉપયોગી જણાયું ત્યાં ત્યાં ટીકાર્થ લખેલ છે અને અન્ય સ્થાનોમાં મૂળ ટીકા જ રાખેલ છે, ભાષાંતર કરેલ નથી. કેટલાક સ્થાને તે ટીકાની અવતરણિકા તે ગ્રંથ અનુસાર ઉચિત હોવા છતાં પ્રસ્તુત ગ્રંથ અનુસાર તે અવતરણિકાનું જોડાણ સંગત થતું ન હોવાથી અમારી સ્વતંત્ર અવતરણિકા પણ કરેલ છે. ફક્ત વાચકવર્ગને ઉપયોગી થાય તેના માટે જે ટીકાનું ભાષાંતર અમે કરેલ નથી, તે ટીકા પણ અમે ગ્રહણ કરેલ છે.

❖

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

# श्रीयतिलक्षणसमुच्चयप्रकरणम्

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ વિરચિત

યતિના=સાધુના લક્ષણોના સમુચ્ચયને કરનારું પ્રકરણ

**ગાથા :-**

**सिद्धत्थरायपुत्तं, तित्थयरं पणमिऊण भत्तीए ।**
**सुत्तोईअणीईए, सम्मं जईलक्खणं वुच्छम् ॥१॥**

सिद्धार्थराजपुत्रं, तीर्थकरं प्रणम्य भक्त्या ।
सुत्रोदितनीत्या, सम्यग्यतिलक्षणं वक्ष्ये ॥१॥

**ગાથાર્થ :-**

**સિદ્ધાર્થરાજાના પુત્ર એવા તીર્થંકરને ભક્તિથી પ્રણામ કરીને સૂત્રમાં કહેવાયેલી નીતિથી=શાસ્ત્રમાં કહેવાયેલી પદ્ધતિથી યતિનાં લક્ષણોને હું સમ્યક્ કહીશ. ॥૧॥**

**ગાથા :-**

**उस्सग्गववायाणं, जयणाजुत्तो जई सुए भणिओ ।**
**बिंति अ पुव्वायरिआ, सत्तविहं लक्खणं तस्स ॥२॥**

उत्सर्गापवादयोर्यतनायुक्तो यतिः श्रुते भणितः ।
ब्रुवन्ति च पूर्वाचार्याः, सप्तविधं लक्षणं तस्य ॥२॥

**ગાથાર્થ :-**

**શ્રુતમાં ઉત્સર્ગ-અપવાદમાં યતનાયુક્ત યતિ કહેવાયા છે અને પૂર્વાચાર્યો તેનું=યતિનું, લક્ષણ સાત પ્રકારનું કહે છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને, ઉચિત સ્થાને ઉત્સર્ગથી પ્રવૃત્તિ કરનાર અને ઉચિત સ્થાને અપવાદથી પ્રવૃત્તિ કરનાર સાધુ યતિ છે, એ પ્રમાણે શાસ્ત્રોમાં કહેવાયેલું છે. પૂર્વાચાર્યો સાધુનાં લક્ષણ સાત પ્રકારનાં કહે છે, જે સાત પ્રકારનાં લક્ષણોને ગ્રંથકાર સ્વયં આગળ બતાવે છે. ॥૨॥

**અવતરણિકા :-**

પ્રથમ ગાથામાં મંગલાચરણ કર્યું. બીજી ગાથામાં યતિ કેવા હોય તે બતાવીને પૂર્વાચાર્યો યતિનું સપ્તવિધ લક્ષણ કહે છે તે બતાવ્યું. હવે ગાથા-૩ અને ૪માં યતિનાં સાત લક્ષણ બતાવે છે –

**ગાથા :-**

**मग्गणुसारिकिरिया १, पन्नवणिज्जत्त २ मुत्तमा सद्धा ।**
**किरिआसु अप्पमाओ ४, आरंभो सक्कणुट्ठाणे ५ ॥३॥**
**गरुओ गुणाणुराओ ६, गुरुआणाराहणं तहा परमं ।**
**अक्खयचरणधणाणं, सत्तविहं लक्खणं एयं ॥४॥**

मार्गानुसारिक्रिया १ प्रज्ञापनीयत्व २ मुत्तमा श्रद्धा ३ ।
क्रियास्वप्रमाद ४ आरम्भः शक्यानुष्ठाने ५ ॥३॥
गुरुर्गुणानुरागः ६ गुर्वाज्ञाराधनं तथा परमम् ७ ।
अक्षतचरणधनानां, सप्तविधं लक्षणमेतत् ॥४॥

**ગાથાર્થ :-**

**(૧) માર્ગાનુસારી ક્રિયા, (૨) પ્રજ્ઞાપનીયપણું, (૩) ઉત્તમશ્રદ્ધા, (૪) ક્રિયામાં અપ્રમાદ, (૫) શક્ય અનુષ્ઠાનમાં આરંભ, (૬) ગુરુગુણનો અનુરાગ=અત્યંત ગુણનો અનુરાગ અને (૭) ગુરુઆજ્ઞાનું પરમ આરાધન : અક્ષત ચારિત્રધનવાળા સાધુનું આ સાત પ્રકારનું લક્ષણ છે. ॥૩-૪॥**

**ભાવાર્થ :-**

ઉચિત વિધિપૂર્વક સંયમ ગ્રહણ કર્યા પછી જે સાધુ પૂર્વગાથામાં કહ્યું તેમ ઉત્સર્ગ-અપવાદમાં યતનાયુક્ત હોય તે સાધુનું ચારિત્રરૂપી ધન ઉત્તરોત્તર વધતું હોય છે. તેથી દીક્ષા ગ્રહણ કર્યા પછી તેવા સાધુ સંયમના કંડકોમાં અર્થાત્ સંયમનાં સ્થાનોમાં ક્રમસર વૃદ્ધિ પામે છે, અને ક્વચિત્ અનાભોગાદિથી સ્ખલના થયેલી હોય તોપણ શાસ્ત્રવિધિ અનુસાર તેની શુદ્ધિ કરે છે. તેવા સાધુ અક્ષત ચારિત્રરૂપી ધનવાળા છે અને તેવા સાધુનાં પ્રસ્તુત ગાથા-૩ અને ૪ માં બતાવ્યાં તેવાં સાત પ્રકારનાં લક્ષણ છે.

અહીં ગાથા-૩-૪માં સાત લક્ષણ છે એમ ન કહેતાં સપ્તવિધ લક્ષણ છે એમ કહ્યું. એમ કહેવાથી એ કહેવું છે કે આ સાતેય ભાવો જેનામાં હોય તે યતિ છે. એથી એ ફલિત થાય કે સાતે લક્ષણોથી યુક્ત યતિ છે, અન્ય નહીં. અને '**अक्षतचरणधनानां**' એ પદમાં માનાર્થે બહુવચનનો પ્રયોગ કરેલ છે. તેથી એ બતાવવું છે કે જે કોઈ અક્ષતચારિત્રધનવાળા સાધુ હોય તેમનું આ ગાથામાં બતાવ્યું તેવું સાત પ્રકારનું સ્વરૂપ છે. ॥૩-૪॥

## પ્રથમ લક્ષણ – 'માર્ગાનુસારી ક્રિયા'

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે યતિનું સાત પ્રકારનું સ્વરૂપ છે અને તેમાં પ્રથમ માર્ગાનુસારી ક્રિયા બતાવી. તે માર્ગાનુસારી ક્રિયા શું છે તે સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**सुत्तायरणाणुगया, सयला मग्गाणुसारिणी किरिया ।**
**सुद्धालंबणपुन्ना, जं भणिअं धम्मरयणंमि ॥५॥**

सूत्राचरणानुगता सकला मार्गानुसारिणी क्रिया ।
शुद्धालम्बनपूर्णा यद् भणितं धर्मरत्ने ॥५॥

**ગાથાર્થ :-**

**સૂત્રને અને આચરણાને અનુગત=અનુસરનારી, શુદ્ધ આલંબનથી પૂર્ણ એવી બધી ક્રિયા માર્ગાનુસારી છે, જે કારણથી ધર્મરત્નપ્રકરણમાં કહેવાયેલું છે, જે સ્વયં ગ્રંથકાર આગળ બતાવે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

ક્રિયાને બતાવનારાં (૧) આગમવચનોરૂપ સૂત્ર, અને (૨) સંવિગ્ન-ગીતાર્થોની આચરણા, તે બન્નેને અનુસરનારી એવી સંયમની બધી ક્રિયા માર્ગાનુસારી છે. તે માર્ગાનુસારી ક્રિયા ઉત્સર્ગ-અપવાદરૂપ છે અને ઉત્સર્ગ-અપવાદ યથાસ્થાને જોડાયેલા હોય ત્યારે તે માર્ગાનુસારી ક્રિયા શુદ્ધ આલંબનથી પૂર્ણ બને છે; અને જે શુદ્ધ આલંબનથી પૂર્ણ છે તે સર્વ ક્રિયા માર્ગાનુસારી છે. માર્ગાનુસારી ક્રિયાનું આવું જે લક્ષણ કર્યું તેમાં ધર્મરત્નપ્રકરણની સાક્ષી આપે છે. તેનાથી એ બતાવવું છે કે ધર્મરત્નપ્રકરણમાં માર્ગાનુસારી ક્રિયાનું જે લક્ષણ કર્યું છે તેને સામે રાખીને ગ્રંથકારે પ્રસ્તુત ગાથામાં માર્ગાનુસારી ક્રિયાનું સ્વરૂપ બતાવેલ છે.

અહીં વિશેષ એ છે કે સાધુને સંયમવૃદ્ધિ માટે સતત ધ્યાન-અધ્યયન આદિમાં યત્ન કરવાનો છે, અને તે ધ્યાન-અધ્યયન આદિની ક્રિયા આત્માને સમ્યક્ નિષ્પન્ન કરવા અર્થે કરવાની છે. તેથી આત્માની નિષ્પત્તિ ઉત્સર્ગમાર્ગે થઈ શકતી હોય ત્યારે સાધુ માટે ઉત્સર્ગમાર્ગ આલંબન છે, અને જ્યારે ઉત્સર્ગમાર્ગે પ્રવૃત્તિ કરવાના કારણે અધ્યયન આદિમાં વ્યાઘાત થતો હોય, અને તેના કારણે સંયમના પરિણામની વૃદ્ધિ બાધા પામતી હોય, ત્યારે ભગવાનના વચનના સ્મરણપૂર્વક અપવાદનું આલંબન લેવામાં આવે તો તે અપવાદનું આલંબન પણ શુદ્ધ આલંબન છે. આથી સાધુ ઉત્સર્ગ અને અપવાદને ઉચિત સ્થાને યોજન કરીને સૂત્રને અનુસરનારી અને સંવિગ્ન-ગીતાર્થોની આચરણાને અનુસરનારી જે કોઈ ક્રિયા કરે છે તે માર્ગાનુસારી ક્રિયા છે, અને આ પ્રકારની પ્રવૃત્તિમાં ક્વચિત્ અનાભોગાદિથી સ્ખલના થાય ત્યારે તેની શુદ્ધિ માટે જે કાંઈ શાસ્ત્રાનુસારી ઉચિત યત્ન કરાય તે પણ માર્ગાનુસારી ક્રિયા છે. ॥૫॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં ધર્મરત્નપ્રકરણની સાક્ષી આપી. તેથી ધર્મરત્નપ્રકરણમાં કહેવાયેલું તે હવે પછીની ૬થી ૧૦ ગાથાઓમાં ગ્રંથકાર બતાવે છે –**

**ગાથા :-**

**मग्गो आगमणीई, अहवा संविग्गबहुजणाईन्नं ।**
**उभयाणुसारिणी जा, सा मग्गणुसारिणी किरिया ॥६॥**

मार्ग आगमनीतिरथवा संविग्नबहुजनाचीर्णम् ।
उभयानुसारिणी या सा मार्गानुसारिणी क्रिया ॥६॥

**ગાથાર્થ :-**

**માર્ગ આગમનીતિ છે અથવા સંવિગ્ન બહુજનથી આચરિત માર્ગ છે, અને ઉભયને અનુસરનારી= આગમનીતિને અને સંવિગ્ન બહુજનની આચરણાને અનુસરનારી, જે ક્રિયા, તે માર્ગાનુસારી ક્રિયા છે. ॥૬॥**

**ટીકા :-**

मृग्यते-अन्विष्यतेऽभिमतस्थानावाप्तये पुरुषैयः स मार्गः, स च द्रव्यभावभेदाद् द्वेधा-द्रव्यमार्गो ग्रामादेः, भावमार्गो मुक्तिपुरस्य सम्यग्ज्ञानदर्शनचारित्ररूपः क्षायोपशमिकभावरूपो वा, तेनेहाधिकारः । स पुनः कारणे कार्योपचारादागमनीतिः-सिद्धान्तभणिताचारः, अथवा संविग्न बहुजनाचीर्णमिति द्विरूपोऽवगन्तव्य इति । तत्रागमो-वीतरागवचनम् ।

उक्तं च –

"आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद् विदुः ।
वीतरागोऽनृतं वाक्यं न ब्रूयाद्धेत्वसम्भवात् ॥"

तस्य नीतिः-उत्सर्गापवादरूपः शुद्धसंयमोपायः, स मार्गः ।

उक्तं च –

यस्मात् प्रवर्त्तकं भुवि, निवर्त्तकं चान्तरात्मो वचनम् ।
धर्मश्चैतत्संस्थो, मौनीन्द्रं चैतदिह परमम् (षोड० २-१३)
अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन्नियमात्सर्वार्थसंसिद्धिः" (षोड० २-१४) । इति ।

तथा संविग्ना-मोक्षाभिलाषिणो ये बहवो जना अर्थाद् गीतार्थाः, इतरेषां संवेगायोगात्, तैर्यदाचीर्णमनुष्ठितं क्रियारूपम्, इह च संविग्नग्रहणमसंविग्नानां बहूनामप्यप्रमाणमतां दर्शयति,

यद् व्यवहारः –

"जं जीयमसोहिकरं, पासत्थपमत्तसंजयाईहिं ।
बहुएहिवि आयरियं न पमाणं सुद्धचरणाणं ॥" ति ॥

बहुजनग्रहणं संविग्नोप्येकोऽनाभोगानवबोधादिभिर्वितथमप्याचरेत्ततः सोऽपि न प्रमाण-मित्यतः संविग्नबहुजनाचरितं मार्ग इति । अत एवाह-उभयानुसारिणी याऽऽगमाबाधया संविग्न-व्यवहारूपा सा मार्गानुसारिणी क्रियेति ।

आह-आगम एव मार्गो वक्तुं युक्तो बहुजनाचीर्णस्य पुनर्मार्गीकरणमयुक्तम्, शास्त्रान्तर-विरोधादागमस्य चाप्रामाण्यापत्तेः ।

तथा हि –

"बहुजणपवित्तिमित्तं, इच्छन्तेहिं इहलोईओ चेव ।
धम्मो न उज्झियव्वो, जेण तहिं बहुजणपवित्ती ॥१॥
ता आणाणुगयं जं, तं चेव बुहेण होई कायव्वं ।
किमिह बहुणा जणेणं, हंदि न सेयत्थिणो बहुया ॥२॥"

तथा –

"जिट्ठंमि विज्जमाणे, उचिए अणुजिट्ठपूयणमजुत्तं ।
लोयाहरणंपि तहा, पयडे भयवंतवयणंमि ॥"

आगमस्तु केवलिनापि नाप्रमाणीक्रियते । यतः–

"ओहा सुओवउत्तो, सुयनाणी जईवि गिण्हइ असुद्धं ।
तं केवलीवि भुंजइ, अपमाणसुयं भवे इहरा ॥"

किञ्च- आगमे सत्यप्याचरितस्य प्रमाणीकरणे तस्य लघुता स्फुटैवेति ।

नैतदेवम्-

अस्य सूत्रस्य शास्त्रान्तराणां च विषयविभागापरिज्ञानात् । तथा हि-इह सूत्रे संविग्नगीतार्था आगमनिरपेक्षं नाचरन्ति, किं तर्हि ?

"दोसा जेण निरुज्झन्ति, जेण खिज्जंति पुव्वकम्माइं ।
सो सो मुक्खोवाओ रोगावत्थासु समणं व ॥"

इत्याद्यागमवचनमनुस्मरन्तो द्रव्यक्षेत्रकालभावपुरुषाद्यौचित्यमालोच्य संयमवृद्धिकार्ये च किञ्चदाचरन्ति, तच्चान्येऽपि संविग्नगीतार्थाः प्रमाणयन्तीति स मार्गोऽभिधीयते । भवदुच्चारित-शास्त्रान्तराणि पुनरसंविग्नगीतार्थलोकमसमञ्जसप्रवृत्तमाश्रित्य प्रवृत्तानि, ततः कथं तैः सह विरोधसम्भवः ? तथागमस्यापि नाप्रमाणतापत्तिः, अपि तु सुष्ठुतरं प्रतिष्ठा, यस्मादागमेऽप्यागम-श्रुताज्ञाधारणाजीतभेदात् पञ्चधा व्यवहारः प्ररूप्यते । उक्तं श्रीस्थानाङ्गे- "पञ्चविहे ववहारे पन्नते, तं जहा-आगामववहारे, सुयववहारे, आणाववहारे, धारणाववहारे, जीयववहारे" । आगमाचरितयो-श्चानर्थान्तरत्वादाचरितस्य प्रमाणत्वे सुतरामागमस्य प्रतिष्ठासिद्धिः । तस्मादागमाविरुद्धमाचरितं प्रमाणमिति स्थितम् । ( धर्मरत्नप्रकरणं गाथा-८० )

**ભાવાર્થ :- માર્ગાનુસારી ક્રિયાના બે ભેદ :**

'માર્ગ' શબ્દની વ્યુત્પત્તિ એ છે કે અભિમત એવા સ્થાનની પ્રાપ્તિ માટે પુરુષ વડે જે ઇચ્છાય તે માર્ગ; અને પ્રસ્તુતમાં સાધુને અભિમત સ્થાન મોક્ષ છે, તેથી તેની પ્રાપ્તિ માટે જે ઇચ્છાય તે માર્ગ કહેવાય. માર્ગ બે પ્રકારનો છે : (૧) આગમનીતિ અનુસાર આચરણારૂપ માર્ગ, અને (૨) સંવિગ્ન-ગીતાર્થ બહુજનની આચરણારૂપ માર્ગ. જોકે આંતરિક દૃષ્ટિએ તે માર્ગ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ક્ષયોપશમભાવરૂપ જીવનો પરિણામ છે, અને આ પ્રકારના પરિણામની પ્રાપ્તિનું કારણ બાહ્યાચારરૂપે (૧) શાસ્ત્રમાં કહેલો આચાર છે અથવા (૨) સંવિગ્ન ઘણા સાધુઓ વડે આચરાયેલો આચાર છે. તેથી ઉપચારથી આ બે પ્રકારનો માર્ગ કહેલ છે.

આશય એ છે કે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી શાસ્ત્રમાં કહેલા આચારો પ્રમાણે, અથવા સંવિગ્ન ઘણા મહાપુરુષો દ્વારા આચરાયેલા આચારો પ્રમાણે પ્રયત્ન કરતા હોય, તો તે સાધુમાં ક્ષયોપશમભાવરૂપે રત્નત્રયી ક્રમસર વધતી હોય છે, જે પ્રકર્ષને પામીને મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે. તેથી જીવમાં પ્રગટ થતી અને વૃદ્ધિ પામતી ક્ષયોપશમભાવની રત્નત્રયીના કારણભૂત એવા શાસ્ત્રના આચારો અથવા સંવિગ્ન મહાપુરુષોના આચારોને ઉપચારથી માર્ગ કહેલ છે. ॥૬॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે માર્ગ આગમનીતિ છે અને સંવિગ્ન ઘણા સાધુઓથી આચરાયેલી પ્રવૃત્તિ છે. ત્યાં શંકા થાય કે આગમમાં ન કહેલું હોય તેવું, ઘણા સાધુઓથી આચરાયેલું હોય તોપણ, માર્ગ કઈ રીતે કહી શકાય ? અને આગમમાં કહેલું હોય તેવું આચરણ તેઓએ કર્યું હોય તો ગાથા-૬માં બતાવ્યું એ રીતે બે પ્રકારનો માર્ગ કહેવાનો અર્થ નથી, પણ એમ કહેવું જોઈએ કે આગમનીતિ તે માર્ગ છે. તેના સમાધાન માટે કહે છે –**

**ગાથા :-**

**अन्नह भणिअं पि सुए, किंची कालाइकारणाविक्खं ।**
**आईन्नमन्नह च्चिय, दीसइ संविग्गगीएहिं ॥७॥**
अन्यथा भणितमपि श्रुते किञ्चित्कालादिकारणापेक्षम् ।
आचीर्णमन्यथैव दृश्यते संविग्नगीतैः (गीतार्थैः) ॥७॥

**ગાથાર્થ :-**

**શ્રુતમાં અન્યથા કહેલું પણ કંઈક કાલાદિ કારણની અપેક્ષાએ સંવિગ્ન-ગીતાર્થો વડે અન્યથા જ આચરેલું દેખાય છે. ॥૭॥**

* **'भणिअं पि'** માં **'अपि'** થી એ કહેવું છે કે અન્ય પ્રકારે શાસ્ત્રમાં કહેવાયેલું ન હોય તેવી આચરણા તો સંવિગ્ન-ગીતાર્થો આચરે છે, પરંતુ શાસ્ત્રમાં અન્ય પ્રકારે કહેવાયેલી આચરણા કાલાદિ કારણે અન્ય પ્રકારે આચરે છે.

**ટીકા :-**

**'अन्यथा' प्रकारान्तरेण 'भणितमपि' उक्तमपि 'श्रुते' पारगतगदितागमे किञ्चिद्वस्तु 'कालादिकारणापेक्षं' दुःषमादिस्वरूपालोचनपूर्वकम् 'आचीर्णं' व्यवहृतमन्यथैव च्चियशब्दस्यावधारणार्थत्वाद् 'दृश्यते' साक्षादुपलभ्यते 'संविग्नगीतार्थैः' उक्तस्वरूपैरिति । ( धर्मरत्न प्रकरण-८१ )**

* **'कालादि'** માં **'आदि'** પદથી ક્ષેત્ર અને ભાવનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

દુષમાદિકાળનું આલોચન કરીને શ્રુતમાં કહેલા આચારો કરતાં જુદા પ્રકારના કેટલાક આચારોને સંવિગ્ન-ગીતાર્થ પુરુષો આચરે છે એમ દેખાય છે, તેનું કારણ એ છે કે ભગવાનનો કાળ વિશેષ પ્રકારનો

હતો, તેથી તે વખતના જીવોમાં સંઘયણબળ, ધૃતિબળ વિશિષ્ટ કોટિનું હતું. હવે દુષમકાળના કારણે આરાધક જીવોમાં પણ સંઘયણબળના અભાવને કારણે અને ધૃતિબળના અભાવને કારણે તેવી આચરણાઓ શક્ય ન દેખાવાથી, વિશેષ લાભને સામે રાખીને સંવિગ્ન-ગીતાર્થ સાધુઓએ કેટલાક ફેરફાર કર્યા છે. તેથી આગમમાં બતાવેલ માર્ગથી સંવિગ્ન-ગીતાર્થની આચરણારૂપ માર્ગ જુદો છે, તે બતાડવા માટે ગાથા-૬માં બે પ્રકારનો માર્ગ કહ્યો. આ બન્ને માર્ગ મોક્ષના સાધક છે, તેથી આચરણારૂપે તે માર્ગનો ભેદ છે, પરંતુ પરમાર્થથી તે બન્ને આચરણા ક્ષયોપશમભાવની રત્નત્રયીની નિષ્પત્તિનું કારણ છે. તેથી ભાવમાર્ગરૂપ રત્નત્રયીના કારણભૂત એવી સન્માર્ગની આચરણા આગમનીતિથી અને સંવિગ્ન બહુજનની આચરણાથી નક્કી થાય છે. ॥૭॥

**અવતરણિકા :-**

**આગમમાં બતાવેલા માર્ગ કરતાં સંવિગ્ન-ગીતાર્થોથી આચરાયેલો જુદા પ્રકારનો માર્ગ સંયમની આચરણામાં ક્યાં ક્યાં છે ? તે ગાથા-૮ અને ૯માં બતાવે છે –**

**ગાથા :-**

**कप्पाणं पावरणं, अग्गोअरचाओ झोलिआभिक्खा ।**
**ओवग्गहिअकडाहयतुंबयमुहदाणदोराई ॥८॥**

कल्पानां प्रावरणमग्रावतारत्यागः झोलिकाभिक्षा ।
औपग्रहिककटाहकतुम्बकमुखदानदवरकादि ॥८॥

**सिक्किगनिक्खिवणाई, पज्जोसवणाइ तिहिपरावत्तो ।**
**भोयणविहिअन्नत्तं, एमाई विविहमन्नं पि ॥९॥**

सिक्ककनिक्षेपणादिः पर्युषणादितिथिपरावर्तं ।
भोजनविध्यन्यत्वमेवमादि विविधमन्यदपि ॥९॥

**ગાથાર્થ :-**

**૧. કલ્પોનું પ્રાવરણ, ૨. અગ્રાવતારનો ત્યાગ, ૩. ઝોળીની ભિક્ષા, ૪. ઔપગ્રહિક એવા કટાહક, તુંબક, મુખદાન અને દવરક આદિ, ૫. સીકામાં=દોરીથી બનાવેલ સીકામાં પાતરાનો નિક્ષેપ આદિ, ૬. પર્યુષણ આદિ તિથિનું પરાવર્તન, ૭. ભોજનવિધિનું અન્યપણું- આવા પ્રકારનું વિવિધ અન્ય પણ (આચરિત) છે=શાસ્ત્રના વચનથી અન્ય, ગીતાર્થને અનુમત એવું વિવિધ અન્ય પણ આચરિત પ્રમાણભૂત છે. ॥૮-૯॥**

* '**सिक्किगनिक्खिवणाई**' માં '**आदि**' પદથી યુક્તિલેપ વડે પાત્રાના લેપાદિનું ગ્રહણ કરવું.

* '**पज्जोसवणाइ**' માં '**आदि**' પદથી ચાતુર્માસિક તિથિનું પરાવર્તન ગ્રહણ કરવું.

* '**एमाई**' માં '**आदि**' પદથી દશવૈકાલિક સૂત્રના ષડ્જીવનિકાયરૂપ ચોથા અધ્યયનને ભણી લીધા પછી શિષ્યને વડીદીક્ષા અપાય છે તેનું ગ્રહણ કરવું.

ટીકા :-

'कल्पानाम्' आत्मप्रमाणायामसार्द्धद्विहस्तविस्तराणामागमप्रतीतानां 'प्रावरणं' परितो वेष्टनं प्रतीतमेव । ते हि किल कारणव्यतिरेकेण भिक्षाचर्यादौ गच्छता संवृताः स्कंधत एव वोढव्या इत्यागमाचारः, संप्रति प्राव्रियन्ते । 'अग्गोयर'त्ति अग्रावतारः परिधानविशेषः साधुजनप्रतीतस्तस्य त्यागः=कटीपट्टकस्यान्यथाकरणम्, तथा 'झोलिका' ग्रन्थिद्वयनियन्त्रितपात्रबन्धरूपा तया भिक्षा, आगमे हि मणिबन्धप्रत्यासन्नं पात्रबन्धाञ्चलद्वयं मुष्ट्या ध्रियते, कूर्परसमीपगमे च बध्यते इति व्यवस्था । तथौपग्रहिककटाहकतुम्बकमुखदानदवरकादयः सुविदिता एव साधूनामाचरिताः, संप्रतीति गम्यते इति । ( धर्मरत्न प्र. गा.-८२ )

ટીકા :-

सिक्किको-दवरकरचितो भाजनाधारविशेषः, तत्र निक्षेपणं बन्धनम्, अर्थात् ( अथ ) पात्राणाम्, आदिशब्दाद्युत्तिलेपेन पात्रलेपनादि, तथा पर्युषणादितिथिपरावर्त्तः-पर्युषणा सांवत्सरिकम्, आदिशब्दाच्चातुर्मासकपरिग्रहः, तयोः तिथिपरावर्त्तः-तिथ्यन्तरकरणं, सुप्रतीतमेतत्, तथा भोजनविधेरन्यत्वं यतिजनप्रसिद्धमेव, 'एमाइ'त्ति प्राकृतशैल्यैवंशब्दे वकारलोपः, तत एवमादिग्रहणेन षट्जीवनिकायामप्यधीतायां शिष्य उत्थाप्य इत्यादि गीतार्थानुमतं विविधमन्यदप्याचरितं प्रमाणभूतमस्तीत्यवगन्तव्यम् ।

तथा च व्यवहारभाष्यम्-

"सत्थपरिन्ना छक्कायसंजमो पिंड उत्तरज्झाए ।
रुक्खे वसहे गोवे, जोहे सोही य पुक्खरिणी ॥१॥"

अस्या अयमर्थलेशः-

शस्त्रपरिज्ञाध्ययने सूत्रतोऽर्थतश्चावगते भिक्षुरुत्थापनीय इत्यप्रमेयप्रभावपारमेश्वरप्रवचनमुद्रा, जीतं पुनः षट्कायसंयमो-दशवैकालिकचतुर्थाध्ययने षट्जीवनिकाख्ये ज्ञाते भिक्षुरुत्थाप्यत इति । तथा पिण्डैषणायां पठितायामुत्तराध्ययनान्यधीयन्ते स्म, संप्रति तान्यधीत्याचार उद्दिश्यते । पूर्वं कल्पपादपा लोकस्य शरीरस्थितिहेतवोऽभूवन्, इदानीं सहकारकरीरादिभिर्व्यवहारः । तथा वृषभाः-पूर्वमतुलबला धवलवृषभा बभूवुः, संप्रति धूसरैरपि लोको व्यवहरति । तथा गोपाः-कर्षकाश्चक्रवर्त्तिगृहपतिरत्नवत् तद्दिन एव धान्यनिष्पादका आसन्, संप्रति तादृगभावेऽपीतरकर्षकैर्लोको निर्वहति । तथा पूर्वं योधाः-सहस्रयोधादयः समभवन्, संप्रत्यल्पबलपराक्रमैरपि राजानः शत्रूनाक्रम्य राज्यमनुपालयन्ति । तद्वत् साधवोऽपि जीतव्यवहारेणापि संयममाराधयन्तीत्युपनयः । तथा शोधिः-प्रायश्चित्तम्, षाण्मासिक्यामप्यापत्तौ जीतव्यवहारे द्वादशकेन निरूपितेति । पुष्करिण्योऽपि प्राक्तनीभ्यो हीना अपि लोकोपकारिण्य एवेति दार्ष्टान्तिकयोजना पूर्ववत् । एवमनेकधा जीतमुपलभ्यत इति । ( धर्मरत्न प्रकरणे गा.-८३ )

**ભાવાર્થ :-**

પૂર્વે સાધુઓ ભિક્ષાચર્યા આદિમાં જતા હતા ત્યારે કોઈ કારણ ન હોય તો કલ્પ નામનું વસ્ત્ર સ્કંધ ઉપર રાખતા હતા એ પ્રકારનો આચાર હતો. વર્તમાનમાં સંવિગ્ન-ગીતાર્થ દ્વારા કલ્પ નામના તે વસ્ત્રને ભિક્ષાચર્યા આદિ વખતે ઓઢવાનો વ્યવહાર છે.

પૂર્વે ચોલપટ્ટાના સ્થાને અગ્રાવતાર નામનું વસ્ત્ર ધારણ કરાતું હતું, તેના સ્થાને વર્તમાનમાં કટિપટ્ટક=કેડ ઉપર બંધાતું વસ્ત્ર=ચોલપટ્ટો, તે ચોલપટ્ટાને વાળીને હમણાં અન્ય રીતે બાંધવામાં આવે છે.

પૂર્વે ઝોળીમાં ભિક્ષા લેવામાં આવતી ન હતી પરંતુ પાત્રબંધ=પાત્રને બાંધવાના વસ્ત્રના બે છેડાને મુટ્ઠીથી ધારણ કરતા હતા, વર્તમાનમાં ઝોળીમાં ભિક્ષા ગ્રહણ કરવામાં આવે છે. વળી વર્તમાનમાં ઔપગ્રહિક ઉપધિ કટાહકાદિ વપરાય છે જે પૂર્વમાં સાધુઓ વાપરતા ન હતા.

પૂર્વમાં સાધુઓ ગીતાર્થે પોતાને આપેલી ૩ા હાથ પ્રમાણ જગ્યામાં પોતાની સર્વ ઉપધિ રાખીને રાત્રે સૂતા હતા, હવે કાળદોષના કારણે વર્તમાનના સાધુઓમાં તેવો અપ્રમાદભાવ નહિ હોવાથી રાત્રે માત્રુ આદિ માટે કોઈ સાધુ ઊઠે અને બાજુમાં રહેલા પાત્રા ફૂટી જવાનો સંભવ રહે; તેથી પૂર્વાચાર્યોએ તે વિધિમાં પરાવર્તન કરીને સાધુઓ માટે દોરીનું સીકું બનાવીને પાત્રા અદ્ધર રાખવાની વિધિ, અને અન્ય સર્વ ઉપધિ પોતાની પાસે રાખીને સૂવાની વિધિ સ્વીકારી છે. આ પ્રકારની વિધિ સંવિગ્ન-ગીતાર્થ સાધુઓએ આચરેલ છે તેથી તે પ્રમાણભૂત છે.

વળી, પૂર્વાચાર્યો પૂર્વમાં સંવત્સરી ભાદરવા સુદ પાંચમની કરતા હતા, પાછળથી ભાદરવા સુદ ચોથના સંવત્સરી સ્વીકારી; તેમ જ પાક્ષિક પ્રતિક્રમણ પૂનમ અને અમાસના કરતા હતા, પાછળથી ચૌદશ સ્વીકારી. આ પણ સંવિગ્ન-ગીતાર્થની આચરણારૂપ છે, તેથી માર્ગ છે. ॥૮-૯॥

**અવતરણિકા :-**

**ગાથા-૬માં કહેલ કે માર્ગ આગમનીતિ છે અથવા સંવિગ્ન બહુજન આચરિત છે. ત્યારપછી ગાથા-૭માં આગમનીતિથી અન્ય એવી સંવિગ્નની આચરણા પણ માર્ગ કેમ બની શકે, તે યુક્તિથી સ્થાપન કર્યું અને ત્યારપછી આગમથી અન્ય પ્રકારનું સંવિગ્નનું આચરણ શું છે તે ગાથા-૮/૯માં સ્થાપન કર્યું. તેથી જિજ્ઞાસા થાય કે કેવા પ્રકારની પ્રવૃત્તિ સંવિગ્ન બહુજન આચરિત હોય તે માર્ગ બની શકે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**जं सव्वहा न सुत्ते, पडिसिद्धं नेव जीववहहेऊ ।**
**तं सव्वंपि पमाणं, चारित्तधणाण भणिअं च ॥१०॥**

यत्सर्वथा न सूत्रे प्रतिषिद्धं नैव जीववधहेतुः ।
तत्सर्वमपि प्रमाणं चारित्रधनानां भणितं च ॥१०॥

**ગાથાર્થ :-**

**સૂત્રમાં જે સર્વથા પ્રતિષિદ્ધ નથી અને જે જીવવધનો હેતુ નથી તે સર્વ પણ ચારિત્રધનવાળા સાધુઓને પ્રમાણ છે; અને કહેવાયું છે, જે આગળની ગાથામાં બતાવશે. ॥૧૦॥**

* 'च' શબ્દ પાદપૂર્તિ માટે છે.

* 'तत्सर्वमपि' માં 'अपि' થી એ કહેવું છે કે સાધુઓને તે એક તો પ્રમાણ છે પરંતુ તે સર્વ પણ પ્રમાણ છે.

**ટીકા :-**

**यत्तु सर्वथा-सर्वप्रकारैर्नैव सूत्रे-सिद्धान्ते प्रतिषिद्धं-निवारितं सुरतासेवनवत् ।**

**उक्तं च-**

"न य किंचि अणुन्नायं, पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
मोत्तुं मेहुणभावं, न तं विणा रागदोसेहिं ॥"

**नापि जीववधहेतुराधाकर्मग्रहणवत्, तद्-अनुष्ठानं सर्वमपि प्रमाणं चारित्रमेव धनं येषां तेषां चारित्रधनानां-चारित्रिणामागमानुज्ञातत्वाद्, भणितमुक्तं च पूर्वाचार्यैरिति । ( धर्मरत्न प्र० गा. ८४ )**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં મૈથુનસેવનનો એકાંતે પ્રતિષેધ કર્યો છે, તે સિવાય સંયમના ભાવની વૃદ્ધિ માટે જે કાંઈ આચરણા ઉચિત જણાય તે કરવાનું કહેલ છે; અને જે ક્રિયામાં જીવવધ ન થતો હોય તેવું સર્વ પણ અનુષ્ઠાન શાસ્ત્રકારોએ ચારિત્રીઓને સેવવાનું કહેલ છે. તેથી સંયમની પુષ્ટિ કરે તેવું દેશ-કાળને અનુરૂપ સંવિગ્ન-ગીતાર્થોએ આચરણ કર્યું હોય અને શાસ્ત્રનિષિદ્ધ ન હોય તે મોક્ષનો માર્ગ છે, તે પ્રકારનું પ્રસ્તુત ગાથાનું તાત્પર્ય છે. ॥૧૦॥

**અવતરણિકા :-**

**यद् भणितं तदेवाह –**

**પૂર્વની ગાથામાં સ્થાપન કર્યું કે જેનો સૂત્રમાં સર્વથા નિષેધ ન હોય અને જે જીવવધનો હેતુ ન હોય તે સર્વ ચારિત્રીઓને પ્રમાણ છે. તેથી એ ફલિત થાય કે દેશકાળ પ્રમાણે સંવિગ્ન-ગીતાર્થ સાધુઓએ આગમનીતિ કરતાં જુદા પ્રકારની આચરણા સ્વીકારી હોય અને શાસ્ત્રનિષિદ્ધ ન હોય, તે પણ શાસ્ત્રનીતિ કરતાં અન્ય પ્રકારનો માર્ગ છે. તેને દૃઢ કરવા માટે જે અન્ય ગ્રંથમાં કહ્યું છે તે બતાવે છે –**

**ગાથા :-**

**अवलंबिऊण कज्जं, जं किंचि समायरंति गीयत्था ।
थोवावराहबहुगुणं सव्वेसिं तं पमाणं तु ॥११॥**

अवलम्ब्य कार्यं यत्किञ्चित्समाचरन्ति गीतार्थाः ।
स्तोकापराधबहुगुणं सर्वेषां तत्प्रमाणं तु ॥११॥

**ગાથાર્થ :-**

**કાર્યને અવલંબીને થોડા અપરાધવાળું અને બહુગુણવાળું જે કંઈ ગીતાર્થો આચરે છે તે જિનશાસનને અનુસરનારા સર્વ સાધુઓને પ્રમાણ જ છે. ॥૧૧॥**

**ટીકા :-**

**अवलम्ब्य-आश्रित्य कार्यं यत्किञ्चिदाचरन्ति-सेवन्ते 'गीतार्थाः' आगमविदः स्तोकापराधं बहुगुणं मासकल्पाविहारवत् सर्वेषां जिनमतानुसारिणां तत् प्रमाणमेव, उत्सर्गापवादरूपत्वादागमस्येति गाथार्थः ( पंचवस्तुक गा. २७९ )**

**ભાવાર્થ :-**

સાધુ રત્નત્રયીની વૃદ્ધિ થાય તે રીતે સંયમયોગમાં સુદૃઢ યત્ન કરે છે, અને સાધુને સર્વત્ર પ્રતિબંધ ન રહે માટે ભગવાને માસકલ્પ વિહાર કરવાનું કહેલ છે, તેથી ક્ષેત્રના પ્રતિબંધના વર્જન માટે કે શ્રાવકના પ્રતિબંધના વર્જન માટે સાધુઓ હંમેશાં નવકલ્પી વિહાર કરે છે. આમ છતાં કોઈક એવા સંયોગોમાં જ્ઞાનાદિની વૃદ્ધિ થતી હોય તો માસકલ્પની મર્યાદામાં ફેરફાર કરીને પણ પ્રવૃત્તિ કરે છે. તે વખતે માસકલ્પની મર્યાદામાં જે ફેરફાર કરે છે તે અલ્પદોષ છે, અને તેના કરતાં જ્ઞાનાદિની વૃદ્ધિ થાય એ રૂપ બહુગુણની પ્રાપ્તિ થાય છે. તેથી ગીતાર્થો નવકલ્પી વિહારના વચનને એકાંત પકડીને અધિક લાભને ગૌણ કરતા નથી, પરંતુ જે રીતે પરિણામની વિશુદ્ધિ થાય તે રીતે યત્ન કરે છે, અને તે સર્વ જિનમતને અનુસરનારા સાધુઓને પ્રમાણરૂપ છે; કેમ કે ભગવાનનું વચન ઉત્સર્ગ-અપવાદરૂપ છે. માટે કોઈ વિશેષ કારણ ન હોય તો ઉત્સર્ગથી નવકલ્પી વિહાર કરે, અને જ્ઞાનાદિની વૃદ્ધિ માટે ક્વચિત્ અધિક સ્થિરતા આવશ્યક જણાય તો અપવાદથી અધિક સ્થિરતા પણ ગીતાર્થો કરે છે, જે પંચવસ્તુક ગ્રંથમાં કહેલ છે. તેથી એ ફલિત થાય કે જેમ તે તે સંયોગોને આશ્રયીને શાસ્ત્રમાં કહેલ કથનમાં પણ ઉત્સર્ગ-અપવાદથી ફેરફાર કરી શકાય છે, તેમ કાળહાનિ થવાથી શાસ્ત્રમાં જે રીતે ઉત્સર્ગથી આચરણા કરવાનું કહેલ છે તે રીતે આચરણા કરવાનું હવે પછીના જીવો માટે ઉપકારક નથી તેવું ગીતાર્થોને જણાય, ત્યારે ઘણા સંવિગ્ન સાધુઓ તે વિધિમાં ફેરફાર કરીને સંયમની વૃદ્ધિનું કારણ જણાય તે રીતે ફેરફાર પણ કરે છે, અને તે આચરણા હવે પછીના કાળ માટે ઉચિત બનવાથી આગમનીતિથી જુદા પ્રકારના માર્ગરૂપે ગ્રહણ કરીને ગાથા-૬માં બે પ્રકારના માર્ગ કહેલ છે. ॥૧૧॥

**અવતરણિકા :-**

**अत्र कश्चिदेवमाह-नन्वेवमाचरिते युष्माभिः प्रमाणीकृतेऽस्माकं पितृपितामहादयो नानारम्भमिथ्यात्वक्रियाप्रवृत्तयोऽभूवन्नतोऽस्माकमपि तथैव प्रवर्तितुमुचितमिति । अत्रोच्यते-सौम्यमार्गेणापि नीयमानो मोन्मार्गेण गमः, यतोऽस्माभिः संविग्नाचरितमेव स्थापितम्, न सर्वपूर्वपुरुषाचरितमित्यत एवाह –**

**પૂર્વની ગાથાથી સ્થાપન કર્યું કે સંવિગ્ન-ગીતાર્થની આચરણારૂપ એવો આગમનીતિથી અન્ય પણ આગમથી અવિરુદ્ધ માર્ગ લાભાલાભને સામે રાખીને ગીતાર્થોએ સ્વીકારેલ છે. ત્યાં શંકા થાય કે સર્વજ્ઞના વચનને છોડીને અન્ય છદ્મસ્થ એવા તમારા પૂર્વાચાર્યોએ કરેલી પ્રવૃત્તિ જો માર્ગરૂપે તમને ઉચિત છે,**

તો અમારા પણ પિતા-પિતામહ આદિએ જે આરંભ-સમારંભની ક્રિયાઓ કરી છે તે પ્રવૃત્તિ અમને પણ કરવી ઉચિત છે, તેમ માનવું પડશે. તેને ગ્રંથકાર કહે છે કે સર્વ પૂર્વપુરુષોનું આચરણ અમે માર્ગરૂપે સ્વીકારતા નથી, પરંતુ સંવિગ્ન-ગીતાર્થની આચરણાને અમે માર્ગરૂપે સ્વીકારીએ છીએ. સંવિગ્ન-ગીતાર્થનું આચરણ હંમેશાં રત્નત્રયીની વૃદ્ધિનું કારણ હોય છે તેથી તે માર્ગરૂપ બની શકે, જ્યારે તમારા પૂર્વજોએ જે આચરણ કર્યું છે તે સંસારની વૃદ્ધિનું કારણ હોવાથી ઉચિત બને નહિ. તે બતાવવા અર્થે કયા પુરુષનું આચરણ માર્ગ નથી, તે બતાવતાં કહે છે –

**ગાથા :-**

**जं पुण पमायरूवं, गुरुलाघवचिंतविरहियं सवहं ।**
**सुहसीलसढाइन्नं, चरित्तिणो तं न सेवंति ॥१२॥**
यत्पुनः प्रमादरूपं गुरुलाघवचिन्ताविरहितं सवधम् ।
सुखशीलशठाचीर्णं चारित्रिणस्तन्न सेवन्ते ॥१२॥

**ગાથાર્થ :-**

**જે વળી પ્રમાદરૂપ છે, ગુરુ-લાઘવની ચિન્તારહિત છે, સવધ છે, સુખશીલ એવા શઠ લોકોથી આચરિત છે, તેને ચારિત્રીઓ સેવતા નથી. ॥૧૨॥**

**ટીકા :-**

**यत् पुनराचरितं प्रमादरूपं संयमबाधकत्वात्, अत एव गुरुलाघवचिंताविरहितं-सगुणमपगुणं वेति पर्यालोचनवर्जितमत एव सवधं यतनाभावात्, सुखशीला-इहलोकप्रतिबद्धाः, शठाःमिथ्या-लम्बनप्रधानास्तैराचीर्णं-समाचरितं चारित्रिणः-शुद्धचारित्रवन्तस्तं न सेवन्ते नानुतिष्ठन्तीति । ( धर्मरत्न प्र. गा. ८६ )**

**ભાવાર્થ :- શઠ લોકોથી આચરિત અપ્રમાણભૂત આચરણાનું સ્વરૂપ :**

પૂર્વના સુખશીલ પુરુષોએ પણ પ્રમાદને વશ થઈને સંયમને બાધ કરે તેવી જે કોઈ આચરણા કરી છે કે જે આચરણામાં ગુરુ-લાઘવની વિચારણા નથી, જે ક્રિયામાં સંયમને અનુકૂળ યતના નહિ હોવાના કારણે હિંસાત્મક છે કે શરીરની શાતા અર્થે કે માન-સન્માન અર્થે સાધુઓ વડે શઠતાથી જે આચરાયેલ છે અર્થાત્ ખોટા આલંબનથી આચરાયેલ છે, તેવી આચરણાને શુદ્ધચારિત્રવાળા સાધુ આચરતા નથી. આનાથી એ ફલિત થાય કે સંવિગ્ન-ગીતાર્થ દેશ-કાળનો વિચાર કરીને રત્નત્રયીની વૃદ્ધિનું કારણ હોય તેવી ઉચિત પ્રવૃત્તિ લાભાલાભને આશ્રયીને કરે છે, અને તે પ્રમાણે કાળબળની હાનિ જોઈને સંવિગ્ન-ગીતાર્થ સાધુઓએ પૂર્વપુરુષોની આચરણામાં જે કાંઈ ફેરફાર કર્યો તે આગમનીતિથી જુદા પ્રકારના માર્ગરૂપે ગ્રહણ કરીને બે પ્રકારનો માર્ગ કહેલ છે. પરમાર્થથી તો આ જુદા પ્રકારનો માર્ગ પણ ભગવાનને સંમત જ છે; કેમ કે ભગવાને દેશકાળાનુસાર લાભાલાભને જોઈને જે રીતે પરિણામની વિશુદ્ધિ થાય તે રીતે આચરણા કરવાની અનુજ્ઞા આપી છે. કાળની હાનિના કારણે ભાવિના સાધુઓને આ જુદા પ્રકારની આચરણા જ હિતાવહ છે તેમ નક્કી કરીને સંવિગ્ન-ગીતાર્થોએ આગમથી અવિરુદ્ધ જે જુદી આચરણા

સ્વીકારી, તે રત્નત્રયીની વૃદ્ધિનું અંગ હોવાથી વસ્તુતઃ પ્રથમ માર્ગમાં અંતર્ભાવ પામે છે, તોપણ વિશેષ બોધ કરાવવા માટે તેનાથી જુદા માર્ગ તરીકે નિરૂપણ કરેલ છે. તેથી તેના બળથી એમ ન કહી શકાય કે પૂર્વના છદ્મસ્થ સાધુઓ વડે સ્વીકારાયેલો આ બીજો માર્ગ જો તમને પ્રમાણ હોય તો સંસારી જીવોને પોતાના પિતા-પિતામહે આચરેલા માર્ગને પ્રમાણભૂત માનવાનો પ્રસંગ આવશે. વસ્તુતઃ આ બન્ને માર્ગ સર્વજ્ઞના વચન અનુસાર છે માટે એકાંતે કલ્યાણનું કારણ છે. ॥૧૨॥

**અવતરણિકા :-**

**अस्यैवोल्लेखं दर्शयन्नाह –**

**પૂર્વગાથામાં કહ્યું કે જે વળી પ્રમાદથી આચરાયેલું છે અને ગુરુ-લાઘવની ચિન્તાથી રહિત છે તેવું આચરણ સંવિગ્ન સાધુઓ આચરતા નથી. હવે તે પ્રમાદયુક્ત આચરણાઓ કેવી છે તે બતાવે છે –**

**ગાથા :-**

**जह सड्ढेसु ममत्तं, राढाइ असुद्धमुवहिभत्ताइ ।**
**निद्दिज्जवसहि तूली-मसूरगाईण परिभोगो ॥१३॥**

यथा श्राद्धेषु ममत्वं राढया अशुद्धमुपधिभक्तादि ।
निद्दिज्जवसतितूलीमसूरकादीनां परिभोगः ॥१३॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે શ્રાવકોમાં મમત્વ રાઢાથી અશુદ્ધ ઉપધિ અને ભક્તાદિનું ગ્રહણ=શરીરની શોભાની કામનાથી અશુદ્ધ ઉપધિ અને આહાર-પાણી આદિનું ગ્રહણ, નિદ્દિજ્જ વસતિ=કાયમ માટે વસતિ કોઈ શ્રાવક સાધુને આપે તે, વળી, તૂલી=રૂની ગાદી અને મસૂરક=રૂનું ઓશીકું આદિનો પરિભોગ. [સાધુને નિષિદ્ધ છે. તે કોઈ સાધુઓ આચરતા હોય તેટલા માત્રથી સંવિગ્ન-ગીતાર્થ સાધુની આચરણારૂપ માર્ગ બને નહિ] ॥૧૩॥**

**ટીકા :-**

**यथेत्युपदर्शने, श्राद्धेषु-श्रावकेषु ममत्वं-ममकारं 'मदीयोऽयं श्रावक' इति गाढाग्रहं "ग्रामे कुले वा नगरे च देसे ममत्तभावं न कहिं पि कुज्जा" इत्यागमनिषिद्धमपि केचित् कुर्वन्ति । तथा राढया-शरीरशोभाकाम्ययाऽशुद्धोपधिभक्तादि केचन गृह्णन्ति । तत्राशुद्धमुद्गमोत्पादनादि-दोषदुष्टम्, उपधिर्वस्त्रपात्रादिर्भक्तमशनपानखाद्यस्वाद्यादि, आदिशब्दादुपाश्रयग्रहणम्, एतान्य-प्यागमेऽशुद्धानि निषिद्धान्येव । यत एवमार्षम्-**

"पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।
अकप्पियं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पियं ॥" इति ॥

**इह च राढाग्रहणं पुष्टालम्बनेन दुर्भिक्षाक्षेमादौ पञ्चकपरिहाण्या किंचिदशुद्धमपि गृह्णतो न दोष इति ज्ञापनार्थम्, यतोऽभाणि पिण्डनिर्युक्तौ-**

"एसो आहारविही जह, भणिओ सव्वभावदंसीहिं ।
धम्मावस्सगजोगा, जेण न हायन्ति तं कुज्जा ॥१॥"

तथा –

"कारणपडिसेवा पुण, भावेणासेवणत्ति दट्ठव्वा ।
आणाइ तीइ भावे, सो सुद्धो मुक्खहेउ त्ति ॥"

**तथा 'निद्दिज्ज'त्ति पत्रलेखनेनाचन्द्रकालिकं प्रदत्ता वसतिर्गृहमेषापि साधूनामकल्पनीया, अनगारत्वहानेः भग्नसंस्थापनादौ कायवधसंभवात् ।**

तथा च पठ्यते –

"अविकत्तिऊण जीवे, कत्तो घरसरणगुत्तिसंठप्पं ।
अविकत्तिया य तं तह पडिया अस्संजयाण पहे ॥"

**एतद्ग्रहणमप्यैकैराचर्यते । तथा तूलीमसूरकादीनामपि परिभोगः कैश्चिद्विधीयते । तत्र तूलीमसूरके प्रतीते, आदिशब्दात्तूलिकाखल्लककांस्यताम्रपात्रादीनां परिग्रहः, एतान्यपि यतीनां न कल्पन्ते इति । ( धर्मरत्न प्र. गा. ८७ )**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે પ્રમાદાદિથી આચરાયેલ અસંવિગ્નાદિની આચરણાઓ સંવિગ્ન-ગીતાર્થની આચરણારૂપ માર્ગ બનતી નથી. તેના પ્રકાર **'यथा'** થી કહે છે –

'આ શ્રાવકો અમારા છે' એ પ્રકારે શ્રાવકનું મમત્વ કરવું તે માર્ગ બને નહિ. વળી, શરીરની શોભાની કામનાથી અશુદ્ધ ઉપધિ કે અશુદ્ધ આહારાદિ કોઈ સાધુ ગ્રહણ કરતા હોય, તો તે સંવિગ્ન-ગીતાર્થની આચરણારૂપ માર્ગ બને નહિ. અહીં શરીરની 'શોભાની કામનાથી' એમ કહેવાથી, કોઈક એવા વિષમ સંયોગોમાં અપવાદથી પંચકહાનિ પ્રમાણે અશુદ્ધ વસ્ત્ર કે આહાર આદિ ગ્રહણ કરતા હોય તો તે દોષ નથી, તે બતાવેલ છે. વળી, કોઈ ગૃહસ્થ કોઈ સાધુને કહે કે 'આ વસતિ સદા માટે હું તમને આપું છું.' અને તેવી વસતિ કોઈ સાધુ ગ્રહણ કરે તોપણ તે સંવિગ્ન-ગીતાર્થની આચરણારૂપ માર્ગ બને નહિ. વળી, કેટલાક પ્રમાદી સાધુઓ રૂની ગાદી, રૂનું ઓશીકું વાપરતા હોય, અને ટીકામાં 'આદિ' શબ્દથી કહેલ રૂનું ગાદલું, પગરખાં, કાંસાનાં વાસણ કે તાંબાનાં વાસણ રાખતા હોય, તોપણ તે સંવિગ્ન-ગીતાર્થની આચરણારૂપ માર્ગ બને નહિ. ॥૧૩॥

**અવતરણિકા :-**

अथ प्रस्तुतमुपसंहरन्नाह –

**ગાથા-૬માં બે પ્રકારના માર્ગ બતાવ્યા. તેમાં એક માર્ગ આગમનીતિનો છે અને બીજો માર્ગ સંવિગ્ન-ગીતાર્થ બહુજન આચરણાનો છે. ત્યારપછી ગાથા-૧૨માં કેવા પ્રકારની આચરણા અસંવિગ્ન-ગીતાર્થથી આચરાયેલી છે જે માર્ગરૂપ નથી તે બતાવ્યું, અને તે અસંવિગ્નની આચરણાના પ્રકારો ગાથા-૧૩માં બતાવ્યા. હવે તેનો ઉપસંહાર કરતાં કહે છે –**

**ગાથા :-**

**इच्चाई असमंजसमणेगहा खुद्दचिट्ठिअं लोए ।**
**बहुएहि वि आयरिअं, न पमाणं सुद्धचरणाणं ॥१४॥**

इत्याद्यसमञ्जसमनेकधा क्षुद्रचेष्टितं लोके ।
बहुभिरप्याचरितं न प्रमाणं शुद्धचरणानाम् ॥१४॥

**ગાથાર્થ :-**

**આવા પ્રકારવાળું અનેક પ્રકારનું અસમંજસ=અનુચિત, ક્ષુદ્રચેષ્ટિત, લોકમાં=સાધુવેશવાળા લોકમાં, ઘણા વડે પણ આચરાયેલું, શુદ્ધ ચારિત્રીઓને પ્રમાણ નથી. ॥૧૪॥**

**ટીકા :-**

**इत्यादि-एवंप्रकारमसमञ्जसं-वक्तुमप्यनुचितं शिष्टानामनेकधाऽनेकप्रकारं क्षुद्राणां तुच्छ सत्त्वानां चेष्टितमाचरितं लोके-लिङ्गिजने बहुभिरप्यनेकैरप्याचीर्णं न प्रमाणं-नालम्बनहेतुः शुद्ध-चरणानांनिष्कलङ्कचारित्रिणाम् । अप्रमाणता पुनरेतस्य सिद्धान्तनिषिद्धत्वात् संयमविरुद्ध-त्वादकारणप्रवृत्तत्वाच्च सम्यगालोचनीयेति । ( धर्मरत्न प्रकरण गाथा-८८ )**

**ભાવાર્થ :-**

ગાથા-૧૩માં બતાવ્યું તેવા સ્વરૂપવાળું અનેક પ્રકારનું અસમંજસ આચરણ, જે સંયમવેશ ગ્રહણ કરીને અલ્પસત્ત્વવાળા સાધુઓ વડે પણ કરાયેલું, તે શુદ્ધ ચારિત્રીઓને આલંબનનો હેતુ નથી અર્થાત્ માર્ગરૂપે માન્ય નથી. ॥૧૪॥

**અવતરણિકા :-**

ગાથા-૬માં બે પ્રકારનો માર્ગ બતાવ્યો. ત્યારપછી સંવિગ્ન બહુજન આચરણારૂપ બીજો માર્ગ શું છે તે બતાવ્યું, અને કહ્યું કે ઘણા વડે આચરાયેલ પણ અસમંજસ આચરણ માર્ગરૂપ નથી. ત્યાં વિચારકને જિજ્ઞાસા થાય કે આગમનીતિ તો માર્ગ કહી શકાય, પરંતુ સંવિગ્ન બહુજનની આચરણા કઈ ? અને અસંવિગ્ન બહુજનની આચરણા કઈ ? તેનો નિર્ણય આચરણાના બળથી દરેક સ્થાનમાં નક્કી કરવાનું દુષ્કર છે. તેથી જીવના પરિણામના બળથી માર્ગનું સ્વરૂપ બતાવીને, આવા પરિણામવાળા જીવોની જે આચરણા હોય તે માર્ગ છે, તે બતાવવા માટે કહે છે –

અથવા

પૂર્વમાં સંવિગ્ન બહુજનથી આચરાયેલો માર્ગ કયો છે અને અસંવિગ્ન બહુજનથી પણ આચરાયેલો અપ્રમાણભૂત માર્ગ કયો છે તે બતાવ્યું. હવે જીવનો કેવો પરિણામ માર્ગરૂપ છે તે બતાવે છે –

**ગાથા :-**

सारसिओ परिणामो, अहवा उत्तमगुणप्पणप्पवणो ।
हंदि भुजंगमनलिआयामसमाणो मओ मग्गो ॥१५॥

स्वारसिकः परिणामः अथवोत्तमगुणार्पणप्रवणः ।
हन्दि भुजङ्गमनलिकायामसमानो मतो मार्गः ॥१५॥

**ગાથાર્થ :-**

**અથવા સાપની નલિકાના આયામ સમાન, ઉત્તમ ગુણને આપવામાં સમર્થ એવો સ્વારસિક પરિણામ માર્ગ કહેવાયેલ છે. ॥૧૫॥**

**ભાવાર્થ :- જીવના માર્ગાનુસારી પરિણામનું સ્વરૂપ :**

ગાથા-૬માં બે પ્રકારના માર્ગ બતાવ્યા જે આચરણાત્મક હતા. હવે જીવના પરિણામરૂપ માર્ગ બતાવવા માટે '**अहवा**' થી કહે છે : જે સાધુ વિવેકસંપન્ન હોય તે સાધુ ભગવાનના વચન પ્રમાણે સ્વાભાવિક ચાલવાના પરિણામવાળા હોય છે અને તે તેમનો સ્વારસિક પરિણામ છે અર્થાત્ સ્વ-રસથી ઉત્પન્ન થયેલો પરિણામ છે, અને આ પરિણામ પોતાની ભૂમિકા પ્રમાણે ઉચિત યત્ન કરતા સાધુને જે ગુણ પોતાનામાં વર્તે છે તેનાથી ઉપરનો શ્રેષ્ઠ ગુણ આપવા માટે સમર્થ હોય છે. આથી આવા સાધુ ઉચિત પ્રવૃત્તિ કરીને ઉત્તરોત્તર નિર્લેપદશાની વૃદ્ધિ કરતા હોય છે, અને કયા સ્થાને ઉત્સર્ગથી અને કયા સ્થાને અપવાદથી પ્રવૃત્તિ કરવી, તેની સમ્યગ્ સમાલોચના કરીને, જે પ્રવૃત્તિથી સંયમના કંડકની વૃદ્ધિ થાય તે રીતે યત્ન કરતા હોય છે; અને ક્વચિત્ કોઈ સ્થાનમાં પોતાની મતિની અલ્પતા હોય તો ગીતાર્થને પૂછીને ઉત્સર્ગ-અપવાદનો નિર્ણય કરીને તે રીતે પ્રવૃત્તિ કરે છે, જેથી તે પ્રવૃત્તિ એકાંતે ગુણવૃદ્ધિનું કારણ થાય છે.

આ સ્વારસિક પરિણામ કેવો છે તે સ્પષ્ટ બતાવવા માટે કહે છે કે 'આ સ્વારસિક પરિણામ સાપની નલિકાની લંબાઈ સમાન જીવના અવક્ર પરિણામરૂપ છે.'

સામાન્ય રીતે સાપ વક્ર ચાલવાના સ્વભાવવાળો હોય છે, તેથી તે જે દિશામાં જતો હોય તે દિશામાં જેમ જેમ આગળ જાય તેમ તેમ તેની દિશા ફરતી જાય છે; કેમ કે પ્રકૃતિથી વક્રગતિ કરવાના સ્વભાવવાળો સાપ તે જે દિશા તરફ જતો હોય તે દિશામાં થોડું આગળ જતાં તેની ગમનની પ્રવૃત્તિ દિશાન્તરમાં થઈ જાય છે. તેમ સંસારી જીવો સ્વભાવથી વક્ર ચાલવાના સ્વભાવવાળા છે, તેથી આત્માના હિતકારી એવા ઉત્તમ ભાવોને અનુકૂળ યત્ન કરવા માટે સંયમ ગ્રહણ કરે, અને સાધ્વાચારની ક્રિયા કરે, તોપણ સાપની જેમ વક્ર ચાલવાના સ્વભાવવાળા હોવાથી, તેમની તે સ્ખલનાયુક્ત ક્રિયા ઉત્તમ ગુણ પ્રગટ કરવામાં સમર્થ બનતી નથી.

આમ છતાં પ્રકૃતિથી વક્ર ગતિના સ્વભાવવાળો પણ સાપ કોઈ લાંબી નલિકામાં પ્રવેશ કરે અને નલિકાની અંદરથી પસાર થતો હોય ત્યારે, જોકે સ્વભાવથી વાંકોચૂકો ચાલતો હોય, છતાં પણ દિશાન્તર પામ્યા વિના સીધી દિશામાં જતો હોય છે. તેમ જે સાધુ સંસારથી અત્યંત ભય પામેલા છે, તે સાધુ લેશ પણ આત્મવંચના કર્યા વગર સર્વજ્ઞના વચનને પરતંત્ર રહીને ઉત્સર્ગ અને અપવાદને ઉચિતસ્થાને જોડીને શક્તિના પ્રકર્ષથી ઉચિત ક્રિયા કરવા માટે યત્ન કરે છે, અને અનાભોગ કે સહસાત્કારથી સ્ખલનારૂપ યત્કિંચિત્ વક્રગમન થાય તોપણ, ઉત્તરોત્તર યોગમાર્ગની દિશામાંથી દિશાન્તર ન થાય તે રીતે સમ્યગ્ આલોચનાદિ કરવારૂપ સરળ ગમન કરે છે.

જેમ નલિકામાં પેસેલો સાપ નલિકાની જેટલી પહોળાઈ છે તેટલા પ્રમાણમાં જ વાંકોચૂકો ચાલી શકે છે અધિક નહિ, તેથી સીધી નલિકામાં પેસેલો સાપ દિશાન્તર થઈ શકતો નથી પરંતુ નલિકાના સામે છેડે નીકળે છે; તેમ ભગવાનના વચનની સ્મૃતિના બળથી યોગમાર્ગમાં ચાલતા મુનિ, ભગવાનના વચનરૂપ નલિકામાં પ્રવેશીને ચાલતા હોય છે, તેથી માર્ગ ઉપર સીધા ચાલે છે. ક્વચિત્ અનાભોગથી ક્યાંક ઉપયોગની મ્લાનિ થાય તોપણ માર્ગને છોડીને અન્ય દિશામાં ગમન કરતા નથી, ફક્ત જેમ નલિકામાં પેસેલો સાપ જેટલો વાંકોચૂકો ચાલે છે તેમ અનાભોગથી થતી સ્ખલનાના કારણે મુનિની યોગમાર્ગમાં વાંકીચૂકી ગમનની પ્રવૃત્તિ છે, અને અનાભોગથી કે સહસાત્કારથી કોઈ સ્ખલના થાય તો આવા સાધુઓ સમ્યગ્ આલોચના કરે છે અને થયેલી સ્ખલનાની નિંદા-ગર્હા કરીને તે ભાવ ફરી ન ઊઠે અર્થાત્ તેવી સ્ખલના ફરી ન થાય તેવો સુદૃઢ યત્ન કરે છે. મુનિનો આવો પરિણામ સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્રુચિમાં અને સમ્યગ્રુચિથી નિયંત્રિત સમ્યક્ક્રિયામાં શક્તિના પ્રકર્ષથી કરાતા યત્નસ્વરૂપ છે, જે યત્ન પૂર્વ-પૂર્વના સંયમસ્થાન કરતાં ઉત્તર-ઉત્તરના સંયમસ્થાનમાં જવાના યત્નસ્વરૂપ છે. આ પરિણામ જીવનો સ્વારસિક પરિણામ છે, જે રત્નત્રયીના પરિણામસ્વરૂપ ભાવમાર્ગ છે.

લલિતવિસ્તરા ગ્રંથમાં '**भुजङ्गमगमननलिकायामः**'=સાપના ગમનની નલિકાની લંબાઈ જેવા, વિશિષ્ટ ગુણની પ્રાપ્તિમાં સમર્થ એવા ક્ષયોપશમવિશેષને માર્ગ કહેલ છે અને તે કથનથી 'નમુત્થુણં સૂત્ર'માં 'મગ્ગદયાણં'ના વર્ણનમાં માર્ગનું આવું જ જે લક્ષણ બતાવ્યું છે જે દ્રવ્યમાર્ગ છે, અને તે માર્ગ પણ ચિત્તના અવક્રગમનરૂપ છે અને યોગની ત્રીજી દૃષ્ટિની મંદ મિથ્યાત્વની ભૂમિકાનો છે. અહીં જે માર્ગ બતાવ્યો છે તે પણ તેવા લક્ષણવાળો છે, પરંતુ મુનિભાવની ભૂમિકાવાળો છે. તેથી એ પ્રાપ્ત થાય કે અહીં જે માર્ગનું લક્ષણ બતાવ્યું તે ભાવમાર્ગનું છે. આ રીતે લક્ષણથી દ્રવ્યમાર્ગ અને ભાવમાર્ગ માર્ગરૂપે સમાન હોવા છતાં ભૂમિકાના ભેદથી આ પ્રકારનો અર્થભેદ છે.

જીવ યોગની ત્રીજી દૃષ્ટિમાં દ્રવ્યમાર્ગ ઉપર ગમન કરે છે અર્થાત્ રત્નત્રયીરૂપ ભાવમાર્ગના કારણભૂત દ્રવ્યમાર્ગમાં ગમન કરે છે, અને તે દ્રવ્યમાર્ગના બળથી ભાવમાર્ગની પ્રાપ્તિ હવે કરશે. અને મુનિ તો રત્નત્રયીની પરિણતિરૂપ મોક્ષમાર્ગમાં યત્ન કરે છે, જે ભાવમાર્ગમાં ગમનસ્વરૂપ છે; અને તે મુનિ ક્વચિત્ પાંચમી દૃષ્ટિમાં કે તેથી ઉપરની કોઈપણ દૃષ્ટિમાં હોય છે. તેનાથી એ ફલિત થયું કે ત્રીજી દૃષ્ટિમાં રહેલો જીવ કોઈપણ સદ્અનુષ્ઠાન કરતો હોય ત્યારે તત્ત્વ-અતત્ત્વના વિભાગ માટે સમ્યગ્ યત્ન કરતો હોય છે ત્યારે તેનું ચિત્ત કષાયને અનુકૂળ થયા વિના તત્ત્વને અનુકૂળ બનવા સમ્યગ્ યત્ન કરતું હોય છે, જે તેના ચિત્તનું અવક્રગમન છે, અને તેનાથી ક્રમસર તત્ત્વની પ્રાપ્તિ થાય છે, જે ભાવમાર્ગની પ્રાપ્તિરૂપ છે.

પ્રસ્તુત ગ્રંથમાં યતિના લક્ષણરૂપે માર્ગાનુસારી ક્રિયા બતાવવી છે. તેથી જે સાધુ તત્ત્વનો નિર્ણય કરી ચૂક્યા હોય તેવા સાધુ, કાં સ્વયં ગીતાર્થ હોય કાં ગીતાર્થને પરતંત્ર હોય ત્યારે, લેશ પણ આત્મવંચના કર્યા વગર પોતાની ભૂમિકા પ્રમાણેનાં ઉચિત અનુષ્ઠાનો સેવીને ઉત્તરોત્તર ગુણના પ્રકર્ષને પામે તે રીતે ક્રિયામાં યત્ન કરતા હોય છે. આવા માર્ગ ઉપર ચાલનારા સાધુનો જે સ્વારસિક પરિણામ તેને અહીં માર્ગરૂપે ગ્રહણ કરેલ છે. તેથી રત્નત્રયીની પરિણતિરૂપ આ ભાવમાર્ગ છે. ॥૧૫॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં બતાવ્યું તેવું જીવના સ્વારસિક પરિણામરૂપ માર્ગનું લક્ષણ હોવાથી, વિશેષ જ્ઞાન ન હોય તોપણ 'માષતુષ' જેવા મુનિઓમાં માર્ગાનુસારીભાવ સંભવે છે, તે બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

**इत्थं सुहोहनाणा, सुत्तायरणा य नाणविरहे वि ।**
**गुरुपरतंतमईणं, जुत्तं मग्गाणुसारित्तं ॥१६॥**

इत्थं शुभौघज्ञानात्सूत्राचरणाच्च ज्ञानविरहेऽपि ।
गुरुपरतन्त्रमतीनां युक्तं मार्गानुसारित्वम् ॥१६॥

**ગાથાર્થ :-**

**આ રીતે=પૂર્વગાથામાં કહ્યું કે ઉત્તમ ગુણોની પ્રાપ્તિમાં સમર્થ એવો સ્વારસિક પરિણામ માર્ગ છે એ રીતે, શુભ ઓઘજ્ઞાનથી અને સૂત્રઆચરણાથી=સૂત્ર અનુસાર આચરણાથી, જ્ઞાનના વિરહમાં પણ=વિશેષ પ્રકારના જ્ઞાનના વિરહમાં પણ, ગુરુપરતંત્રમતિવાળા સાધુઓનું માર્ગાનુસારીપણું યુક્ત છે. ॥૧૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં બતાવ્યું કે ઉત્તમ ગુણોની પ્રાપ્તિમાં સમર્થ એવો સાધુમાં વર્તતો સ્વારસિક પરિણામ એ માર્ગ છે, અને આવો પરિણામ જીવને વિશેષ જ્ઞાનના અભાવમાં પણ ત્યારે પ્રગટે કે જ્યારે તેનામાં શુભ ઓઘજ્ઞાન હોય અને સૂત્ર અનુસાર આચરણ હોય.

આશય એ છે કે જે સાધુમાં શાસ્ત્રના ઘણા પદાર્થોનું અવગાહન કરવાની વિપુલ પ્રજ્ઞા=મતિ નથી, તોપણ જો તે સાધુમાં આત્મકલ્યાણનું કારણ બને તેવું શુભ ઓઘજ્ઞાન=શુભ સંગ્રહાત્મક જ્ઞાન પેદા થયેલું હોય, તેવા સાધુ આત્મહિત માટે વિચારે છે કે ''આ સંસારથી તરવાનો ઉપાય સર્વજ્ઞ સાક્ષાત્ જોઈ શકે છે, અન્ય નહિ; અને તે ઉપાય સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોમાં બતાવેલ છે, પણ મારી મતિ એટલી વિપુલ નથી કે તે શાસ્ત્રોનું હું સાક્ષાત્ અવગાહન કરી શકું. પરંતુ જે ગુરુ વિપુલ મતિવાળા છે અને કલ્યાણના અર્થી છે અને શાસ્ત્રો ભણીને જેમણે પરમાર્થને જાણ્યો છે અને એકાંતે સ્વ-પર કલ્યાણ માટે યત્ન કરનારા છે, એટલું જ નહિ પણ યોગ્ય જીવોને ભગવાને બતાવેલો યોગમાર્ગ તેમની ભૂમિકા પ્રમાણે બતાવીને યોગમાર્ગમાં પ્રવર્તાવી શકે તેવા છે, તેવા ગુણવાન ગુરુને હું પરતંત્ર થાઉં; જેથી તેમના જ્ઞાન પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરીને અને તે પ્રવૃત્તિથી ઉચિત પરિણામને પેદા કરીને હું આ સંસારથી પારને પામું.''

આવા શુભ ઓઘજ્ઞાનવાળા માષતુષ જેવા કેટલાક મુનિઓ, શાસ્ત્રના વિશેષ પરમાર્થને જાણવા માટે અસમર્થ હોવા છતાં ગુરુના વિષયમાં અભ્રાન્ત હોય છે. એટલું જ નહિ પણ ગુરુએ બતાવેલ દિશામાં યત્ન કરી શકે તેવું જ્ઞાન પણ તેમને હોય છે, તે તેમનું શુભ ઓઘજ્ઞાન છે; અને આ શુભ ઓઘજ્ઞાનને કારણે તેઓ ગુણવાન એવા ગુરુને પરતંત્ર થઈ શકે છે અને તેઓને પરતંત્ર થઈને તેમણે બતાવેલી

દિશા પ્રમાણે સૂત્ર અનુસાર આચરણા પણ કરી શકે છે. આવા મુનિઓમાં શાસ્ત્રોના પરમાર્થનું અવગાહન કરે તેવા વિશેષ જ્ઞાનનો વિરહ હોવા છતાં માર્ગાનુસારીપણું તેઓમાં સંગત છે; કેમ કે આવા સાધુઓ સ્વાભાવિક સંસારથી ભય પામેલા હોય છે અને લેશ પણ આત્મવંચના કર્યા વગર સ્વબોધ અનુસાર શક્તિના પ્રકર્ષથી ગુણવાન ગુરુને ઓળખીને, તેમને પરતંત્ર રહીને, તેમના ઉપદેશના પરમાર્થને જાણવા માટે શક્તિના પ્રકર્ષથી યત્ન કરતા હોય છે; તેમ શક્તિના પ્રકર્ષથી તેમના ઉપદેશ અનુસાર આચરણામાં પણ યત્ન કરતા હોય છે, જેથી ઉત્તરોત્તર ગુણસ્થાનકની પ્રાપ્તિમાં સમર્થ એવો સ્વારસિક પરિણામ તેમનામાં વર્તે છે. આથી માષતુષમુનિ ગુરુના ઉપદેશને અવલંબીને **"मा रुष्य"** અને **"मा तुष्य"** બે શબ્દોનું અવલંબન લઈને, લેશ પણ ચિત્તના વક્રગમન વગર સુદૃઢ યત્ન કરીને, ઉપર ઉપરનાં ગુણસ્થાનકોનું અવગાહન કરતાં કેવળજ્ઞાનને પામ્યા.

આ રીતે માષતુષમુનિમાં વિશેષ જ્ઞાન નહિ હોવા છતાં સ્વારસિક માર્ગાનુસારી પરિણામ હોવાથી, ગુણવાનને પરતંત્ર થઈને આત્મહિત પામી શક્યા. આનાથી એ ફલિત થયું કે જે સાધુ ગીતાર્થ હોય અને લેશ પણ આત્મવંચના કર્યા વગર ભગવાનના વચન અનુસાર યત્ન કરતા હોય, તેઓમાં માર્ગાનુસારી ભાવ છે; તેમ જેઓ ગીતાર્થ નથી તોપણ ગીતાર્થને ઓળખીને તેમના વચન અનુસાર પરિપૂર્ણ યત્ન કરે તેવું જેમનું ચિત્ત છે, તેઓમાં પણ માર્ગાનુસારી ભાવ છે. ॥૧૬॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે માષતુષ જેવા કેટલાક મુનિઓને વિશેષ જ્ઞાન નહિ હોવા છતાં શુભ ઓઘજ્ઞાનના કારણે માર્ગાનુસારીપણું હોય છે. અહીં વિચારકને પ્રશ્ન થાય કે માર્ગાનુસારીપણું એટલે આત્માને રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ પ્રવૃત્તિ, અને જેની પાસે શાસ્ત્રનો તેવો બોધ નથી તેવા સાધુ ગુણવાન ગુરુને પરતંત્ર રહે તોપણ, ગુણવાન ગુરુ જ્યારે તેમને અનુશાસન આપે ત્યારે તેમના વચનના અવલંબનથી બોધ કરીને રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ માર્ગગમન કરી શકે, પરંતુ ગીતાર્થ ગુરુ પણ સતત તેમને અનુશાસન આપવામાં વ્યસ્ત રહી શકતા નથી; કેમ કે પોતાની અન્ય ઉચિત પ્રવૃત્તિ પણ કરતા હોય છે; તો વિશેષ જ્ઞાન નહિ હોવા છતાં તે વખતે તે સાધુ રત્નત્રયીને અનુકૂળ સૂક્ષ્મ યત્ન કઈ રીતે કરી શકે? અને જો રત્નત્રયીને અનુકૂળ યત્ન ન કરી શકે તો તેમનામાં માર્ગાનુસારી ભાવ છે તેમ કેમ કહી શકાય? તેથી કહે છે –**

**ગાથા :-**

**एयारिसस्स जमिह, गमणमणाभोगओ वि मग्गंमि ।**
**अज्झप्पचिंतएहिं, सदंधणीईइ उवइट्ठं ॥१७॥**

एतादृशस्य यदिह गमनमनाभोगतोऽपि मार्गे ।
अध्यात्मचिन्तकैः सदन्धनीत्योपदिष्टम् ॥१७॥

**ગાથાર્થ :-**

**જે કારણથી આવા પ્રકારના સ્વારસિક પરિણામવાળા એવા સાધુને સદંધનીતિથી અધ્યાત્મચિંતકો વડે અનાભોગથી પણ આ માર્ગમાં=રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગમાં, ગમન ઉપદિષ્ટ છે. ॥૧૭॥**

✱ અહીં '**जम्**' નો અન્વય પૂર્વગાથા સાથે આ રીતે છે - જે કારણથી આવા સાધુઓને અનાભોગથી પણ માર્ગમાં ગમન કહેવાયેલું છે, તે કારણથી જ્ઞાનના વિરહમાં પણ ગુરુપરતંત્રમતિવાળા સાધુઓનું માર્ગાનુસારીપણું યુક્ત છે.

**ભાવાર્થ :-**

સદંધ=સારો અંધ=જે અંધને કોઈ સારી આંખવાળો પુરુષ રોજ માર્ગ ઉપરથી લઈ જઈને ઉચિત સ્થાને પહોંચાડતો હોય, અને તેના બળથી તે માર્ગની દિશા પકડી શકે તેવા અભ્યાસવાળો હોય, તે સદંધ છે; અને જે આંધળા એવા હોય કે કોઈના દોરવાથી તે માર્ગ ઉપરથી રોજ જતા-આવતા હોય તોપણ અન્યના આલંબન વગર સ્વયં જઈ શકે તેવો ક્ષયોપશમ ન થયો હોય, તો તેવા અંધ સદંધ નથી.

જેમ સદંધ પુરુષ એક નગરથી બીજા નગરે સામાન્યથી કોઈકની સહાયથી જતા હોય, અને રોજના ગમનના અભ્યાસથી ક્યારેક કોઈની સહાય વગર તે નગરે જવા નીકળે ત્યારે, કયા કયા સ્થાને તે રસ્તો તે નગર તરફ વળે છે તેવું ચક્ષુથી નહિ દેખાતું હોવા છતાં, રોજના અભ્યાસની પટુતાના કારણે તે તે દિશામાં વળાંક લઈને પણ નિશ્ચિત સ્થાને પહોંચી જાય છે; તેમ જે સાધુઓમાં રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ સ્વારસિક પરિણામ ઉત્પન્ન થયો છે તેવા માષતુષ જેવા મુનિઓ, ગુણવાન ગુરુને પરતંત્ર થઈને રોજ રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ મન, વચન, કાયાના યોગો પ્રવર્તાવતા હોય છે; આમ છતાં, જ્યારે ગુરુ અન્ય કોઈ પ્રવૃત્તિમાં હોય અને ગુરુએ બતાવેલી દિશામાં તેઓ યત્ન કરતા હોય ત્યારે, વિશિષ્ટ જ્ઞાન નહિ હોવાના કારણે ગુરુના ઉપદેશ વિના સૂક્ષ્મ દિશામાં જવા માટેનો અનાભોગ વર્તતો હોય તોપણ, સદંધ ન્યાયના દૃષ્ટાંતથી ઉત્તરોત્તર સંયમની વૃદ્ધિ થયા કરે અને કષાયો ક્ષીણ ક્ષીણતર થયા કરે તેવો યત્ન ક્રિયામાં પ્રવર્તતો હોય છે, તેથી તેઓનું માર્ગગમન ચાલતું હોય છે; ફક્ત જ્યારે ગુરુના ઉપદેશથી સૂક્ષ્મ દિશામાં યત્ન પ્રવર્તતો હોય ત્યારે જેવું માર્ગગમન છે, તેવું માર્ગગમન અનાભોગ હોય ત્યારે નહિ હોવા છતાં, રોજના અભ્યાસના બળથી મોક્ષમાર્ગને અનુકૂળ એવી રત્નત્રયીની વૃદ્ધિમાં તેમનો યત્ન વર્તતો હોય છે. જેમ સદંધ પુરુષ રોજના અભ્યાસના બળથી નગરની દિશાને છોડીને અન્ય દિશામાં જતો નથી, તેમ શાસ્ત્રનો સૂક્ષ્મબોધ નહિ હોવાથી સદંધ જેવા માષતુષ આદિ મુનિઓ પણ, જ્યારે અનાભોગના કારણે તેવો સૂક્ષ્મ ઉપયોગ પ્રવર્તાવી શકતા ન હોય તોપણ, રોજના ગુરુના વચનના બળથી કરાતા અભ્યાસના બળથી, તેમની મન-વચન-કાયાની ક્રિયા મોક્ષમાર્ગ તરફ પ્રવર્તાવી શકે છે.

જેમ કોઈ સુઅભ્યસ્ત ચિત્રકાર ચિત્ર કરતી વખતે વચ્ચે વચ્ચે અનાભોગ હોય તોપણ રોજના અભ્યાસના બળથી સારી રીતે ચિત્ર કરી શકે છે, અને કોઈક વિશિષ્ટ માર્ગદર્શક હોય તો તેના વચનનું અવલંબન લઈને પૂર્વ કરતાં પણ વિશેષ રમ્ય ચિત્ર બનાવી શકે છે; તેમ માષતુષ જેવા મુનિઓ ગુરુના અવલંબનકાળમાં આભોગથી પ્રવૃત્તિ કરતા હોય છે, પરંતુ તેના અભાવમાં પણ ગુરુએ બતાવેલી દિશાનો બોધ સ્પષ્ટ પકડાયેલો હોય તેના બળથી, આભોગપૂર્વક માર્ગમાં સુદૃઢ યત્ન કરતા હોય છે ત્યારે, વિશેષ પ્રકારથી યોગમાર્ગમાં પ્રવૃત્ત થતા હોય છે; પરંતુ તેવો સૂક્ષ્મ આભોગ ન પ્રવર્તતો હોય ત્યારે અનાભોગથી પણ રોજના અભ્યાસના બળથી રત્નત્રયીની વૃદ્ધિને અનુરૂપ યત્ન કરતા હોય છે, એ પ્રમાણે અધ્યાત્મચિંતકો વડે કહેવાયું છે.

અહીં અધ્યાત્મચિંતકો વડે કહેવાયું છે એમ કહીને એ બતાવવું છે કે અધ્યાત્મનું વાસ્તવિક સ્વરૂપ જાણનારાઓ, અધ્યાત્મકાળમાં જીવની કેવી મનોવૃત્તિ હોય છે તે જોઈ શકે છે, અને તેઓ સ્વઅભ્યાસના બળથી પોતે પણ નિર્ણય કરી શકે છે કે જ્યારે જ્યારે ઉપયોગપૂર્વક પોતે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તો યોગની વૃદ્ધિ થાય છે, પરંતુ ક્વચિત્ તેવો જ્વલંત ઉપયોગ ન પ્રવર્તતો હોય તોપણ રોજના અભ્યાસના કારણે પોતાની અધ્યાત્મની ક્રિયાઓ અધ્યાત્મની વૃદ્ધિનું કારણ બને છે. તે પ્રમાણે માષતુષ જેવા મુનિઓ પણ જ્યારે અનાભોગવાળા હોય છે ત્યારે પણ તેઓ માર્ગમાં જાય છે, તેમ અધ્યાત્મચિંતકો જોઈ શકે છે. તેથી અધ્યાત્મચિંતકો કહે છે કે આવા જીવોનું અનાભોગથી પણ સદંધન્યાયથી માર્ગ-ગમન છે. ॥૧૭॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૫માં માર્ગાનુસારી ભાવ કેવો છે તે બતાવ્યું. આ માર્ગાનુસારી ભાવ વિશેષ જ્ઞાન ન હોય તોપણ ગુરુને પરતંત્ર એવા માષતુષ આદિ મુનિઓને સંગત છે તે વાત ગાથા-૧૬માં બતાવી. આવો માર્ગાનુસારી ભાવ વિશેષ જ્ઞાન નહિ હોવા છતાં તેઓમાં કેમ સંભવે ? તે યુક્તિથી ગાથા-૧૭માં બતાવ્યું. હવે આવો માર્ગાનુસારી ભાવ ક્યારે પ્રગટ થઈ શકે તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**लद्धेऽवंचकजोए, गलिए अ असग्गहंमि भवमूले ।**
**कुसलाणुबंधजुत्तं, एअं धन्नाण संभवइ ॥१८॥**

लब्धेऽवञ्चकयोगे गलिते चाऽसद्ग्रहे भवमूले ।
कुशलानुबन्धयुक्तमेतद्धन्यानां सम्भवति ॥१८॥

**ગાથાર્થ :-**

**ભવનો મૂળ એવો અસદ્ગ્રહ ગલિત થયે છતે=ગળી ગયે છતે, અને યોગાવંચક આદિ ત્રણ અવંચક યોગ પ્રાપ્ત થયે છતે, ધન્ય જીવોને કુશલ અનુબંધથી યુક્ત આ=માર્ગાનુસારીપણું સંભવે છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

જીવોને તત્ત્વનો બદ્ધ આગ્રહ થાય ત્યારે તેમનો આગ્રહ માત્ર શ્રુત અને શીલમાં હોય છે, તેથી આવા જીવોને ભગવાનના વચનથી અન્યત્ર લેશ પણ રુચિ હોતી નથી. આવા નિર્મળ બુદ્ધિવાળા જીવોમાં ભવના મૂળ કારણરૂપ અતત્ત્વના આગ્રહરૂપ અસદ્ગ્રહ ગળી જાય છે, જેના કારણે ગુણવાન પુરુષનો યોગ થાય તો તેમના પ્રત્યે આવા જીવોને આદર થાય છે, તે યોગાવંચકયોગ છે.

વળી, આવા જીવો લેશ પણ આત્મવંચના કર્યા વગર સ્વશક્તિ અનુસાર ગુણવાનની ભક્તિ આદિ ગુણનિષ્પત્તિનું કારણ બને તે રીતે સમ્યક્ કરે છે. તેથી તેમની ગુણવાનને કરાતી વંદન આદિ ક્રિયાઓ અવંચક થાય છે, તે ક્રિયાવંચકયોગ છે.

વળી, ગુણવાન ગુરુના યોગનું ફળ યોગમાર્ગના ઉપદેશની પ્રાપ્તિ છે; કેમ કે ગુણવાન ગુરુ આવા યોગ્ય જીવોને તેમની ભૂમિકા પ્રમાણે ઉચિત યોગમાર્ગ બતાવે છે; અને તેવા યોગ્ય જીવોને તે ઉપદેશ પણ સમ્યક્ પરિણમન પામે છે, જેથી પોતાની ભૂમિકા પ્રમાણે અપ્રમાદ કરીને ઉપર ઉપરના યોગમાર્ગમાં તેઓ યત્ન કરી શકે છે. આવા જીવોમાં ગુણવાનના યોગનું ફળ અવંચક છે, તે ફળાવંચકયોગ છે.

આનાથી એ ફલિત થાય કે જે જીવોનો અસદ્ગ્રહ ચાલ્યો ગયો છે અને જેમને યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચક યોગ પ્રાપ્ત થયા છે, તેવા ધન્ય જીવોમાં કુશલના અનુબંધથી યુક્ત માર્ગાનુસારીપણું છે અર્થાત્ જે જીવોને માત્ર શ્રુતમાં અભિનિવેશ છે અને શ્રુત અનુસાર ઉચિત ક્રિયાઓ કરવામાં અભિનિવેશ છે, તેવા યોગ્ય જીવોને, જ્યારે ગુણવાન ગુરુનો યોગ થાય છે, ત્યારે ત્રણે અવંચક યોગો પ્રગટ થાય છે. તેથી તેવા યોગ્ય જીવો ગુણવાનને પરતંત્ર થઈને માર્ગાનુસારી ઉચિત ક્રિયાઓ કરે છે, જે કુશલ અનુબંધથી યુક્ત માર્ગાનુસારી ભાવ છે. ॥૧૮॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૮માં રત્નત્રયીની પ્રાપ્તિરૂપ માર્ગાનુસારીપણાના લક્ષણને સામે રાખીને માર્ગાનુસારીપણાનું સ્વરૂપ બતાવ્યું. હવે તે માર્ગાનુસારીભાવને બૌદ્ધદર્શન પણ સુવર્ણઘટ જેવો કહે છે, તેને સામે રાખીને તે માર્ગાનુસારીપણાનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**एयंमि नाणफलओ, हेमघडसमा मया परेहिंपि ।**
**किरिया जं भग्गा वि हु, एसा मुंचइ ण तब्भावं ॥१९॥**

एतस्मिन् ज्ञानफलतः हेमघटसमा मता परैरपि ।
क्रिया यद् भग्नापि खल्वेषा मुञ्चति न तद्भावम् ॥१९॥

**ગાથાર્થ :-**

**આમાં=માર્ગાનુસારીપણામાં, જ્ઞાનનું ફળ હોવાથી બીજા વડે પણ તેને સુવર્ણઘટ જેવી ક્રિયા કહેવાય છે, જે કારણથી ભગ્ન થયેલી પણ આ=ક્રિયા, તદ્ભાવને=સુવર્ણભાવને, છોડતી નથી. ॥૧૯॥**

* '**परेहिंपि**' માં '**अपि**' થી એ કહેવું છે કે જૈનદર્શનને તો આ માર્ગાનુસારી ક્રિયા સુવર્ણઘટ જેવી માન્ય છે પણ પર એવા બૌદ્ધદર્શન વડે પણ આ માર્ગાનુસારી ક્રિયા સુવર્ણઘટ જેવી કહેવાય છે.

* '**भग्गा वि**' માં '**वि**'=શબ્દ '**अपि**' અર્થમાં છે અને એનાથી એ કહેવું છે કે આ માર્ગાનુસારી ક્રિયાઓ ભગ્ન ન થાય તો તો સુવર્ણભાવ છોડતી નથી પણ ભગ્ન થાય તોપણ સુવર્ણભાવને છોડતી નથી.

* '**हु**' શબ્દ વાક્યાલંકારમાં છે.

**ભાવાર્થ :- માર્ગાનુસારી ભાવમાં સાધુની સુવર્ણઘટ તુલ્ય ક્રિયા :**

માષતુષ જેવા કેટલાક મુનિઓમાં રત્નત્રયીને અનુસરનારો સ્વારસિક પરિણામ વર્તે છે જે માર્ગાનુસારી ભાવરૂપ છે, અને તેવા જીવો ગુણવાન એવા ગુરુને ગુણવાનરૂપે ઓળખીને તેમને પરતંત્ર થાય છે,

એટલું જ નહિ પણ શક્તિના પ્રકર્ષથી તેમના ઉપદેશના તાત્પર્યને ગ્રહણ કરીને તેમના ઉપદેશ અનુસાર મન-વચન-કાયાની સુદઢ પ્રવૃત્તિ પણ કરે છે. તેથી ગુણવાન એવા ગીતાર્થ ગુરુના જ્ઞાનનું ફળ તેવા માર્ગાનુસારી જીવોમાં છે, તેથી સમ્યક્ જ્ઞાનના ફળરૂપ રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ એવી ક્રિયા તેઓમાં વર્તે છે, જેને અન્ય દર્શનકારો સુવર્ણઘટ જેવી કહે છે.

માષતુષ જેવા કેટલાક મુનિઓ સુવર્ણઘટ જેવી ક્રિયા કરીને વીર્યના પ્રકર્ષવાળા થાય તો કેવળજ્ઞાનને પામે છે; પરંતુ જેમ સુવર્ણનો ઘડો ફૂટી જાય તોપણ સુવર્ણભાવ છોડતો નથી, તેમ કોઈક તેવા માર્ગાનુસારી ભાવવાળા મુનિ તે ભવમાં કેવળજ્ઞાન ન પામે તોપણ ભગવાનના વચન અનુસાર સંયમ પાળીને દેવલોકમાં જાય, અને દેવલોકમાં રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ ચારિત્રની ક્રિયાઓ ભગ્ન થઈ જાય તોપણ, પૂર્વભવમાં જે રત્નત્રયીનું સેવન કર્યું છે, તેનાથી જે સુવર્ણ જેવો આત્માનો ભાવ નિષ્પન્ન થયો છે, તે દેવભવમાં પણ સંસ્કારરૂપે નાશ પામતો નથી, પરંતુ સંસ્કારરૂપે વિદ્યમાન રહે છે; અને આથી દેવભવમાં પણ સંયમ પ્રત્યેનો બદ્ધ રાગ તેઓમાં વર્તે છે. જોકે પૂર્વભવમાં જેમ સંયમની ક્રિયાઓ કરીને આત્માને વિશેષ વિશેષ સંપન્ન કરતા હતા, તેવી ક્રિયાઓ દેવભવમાં નથી, પણ સુવર્ણ સદૃશ સંયમના ઉત્તમ સંસ્કારો આત્મા ઉપરથી દેવભવમાં પણ નાશ પામતા નથી; અને દેવભવમાં ભોગાદિ કરે છે તોપણ તે ભોગની ક્રિયા સંયમના સંસ્કારોને મ્લાન કરી શકતી નથી, પરંતુ દેવભવમાં પણ વારંવાર ભગવાનની ભક્તિ કરીને કે સાધુ આદિની ભક્તિ કરીને આવા જીવો સંયમ પ્રત્યેના રાગના પરિણામને પુષ્ટ કરે છે, અને તેના કારણે આવા જીવો ફરી મનુષ્યભવને પામે ત્યારે, પૂર્વ કરતાં પણ ઊંચા પ્રકારના સંયમને શીઘ્ર પામે છે; કેમ કે દેવભવમાં ક્રિયારૂપે સંયમની પ્રવૃત્તિ ન હતી તોપણ સંયમ પ્રત્યેનો બદ્ધ રાગ સંસ્કારરૂપે હતો. વળી, દેવભવમાં ભોગાદિની ક્રિયા સંયમની ક્રિયાથી વિરુદ્ધ હોવા છતાં સંયમ પ્રત્યેનો બલવાન રાગ હોવાના કારણે તે ભોગાદિની ક્રિયા સંયમના સંસ્કારની મ્લાનિનું કારણ બનતી નથી. આથી આવા જીવો મનુષ્યભવની પ્રાપ્તિ કરીને જેવું ભોગકર્મ ક્ષીણ થાય કે તુરત પૂર્વ કરતાં પણ વિશેષ પ્રકારના સંયમના પરિણામને પ્રાપ્ત કરે છે. જેમ ભરત મહારાજાએ પૂર્વભવમાં સંયમ પાળ્યું, ત્યારપછી સર્વાર્થસિદ્ધમાં સંયમની ક્રિયાનો નાશ થવા છતાં, અને ચક્રવર્તીના ભવમાં પણ ભોગકર્મકાળ દરમ્યાન સંસારની ભોગાદિની ક્રિયા હોવા છતાં, નિમિત્તને પામીને પરમ સંવેગ પામી કેવળજ્ઞાન પામ્યા, તેનું કારણ પૂર્વભવની સંયમની ક્રિયાથી થયેલા અને સુવર્ણભાવે રહેલા ઉત્તમ સંસ્કારો છે.

અહીં વિશેષ એ છે કે પૂર્વભવમાં ભરત ચક્રવર્તીએ દીર્ઘકાળ સુધી નિરતિચાર ચારિત્ર પાળેલું જેનાથી રત્નત્રયીના સંસ્કારો આત્મા ઉપર અતિ ઘનિષ્ઠ અને સ્થિર થયેલા, જેથી દેવભવમાં ભવસ્વભાવે જ સંયમની ક્રિયા નહિ હોવા છતાં અને અસંયમમાં પ્રવૃત્તિ હોવા છતાં અને ક્રિયારૂપે અવિરતિની જ ક્રિયા હતી તોપણ, પૂર્વભવમાં સેવાયેલા રત્નત્રયીના સુવર્ણ જેવા ઉત્તમ સંસ્કારો આત્મા ઉપર અવસ્થિત હતા. વળી મનુષ્યભવમાં પણ, ચક્રવર્તીના ભોગકાળ દરમ્યાન યુદ્ધની આરંભ-સમારંભની પ્રવૃત્તિ પણ હતી, એટલું જ નહિ પણ બાહુબલી સાથે જ્યારે યુદ્ધમાં હારે છે ત્યારે અતિ આવેશમાં આવીને બાહુબલીના નાશ માટે ચક્રનો ઉપયોગ કરે છે તે વખતે યોગની પરિણતિથી ઠીક વિપરીત ક્રિયાઓ પણ હતી, તોપણ

સુવર્ણ જેવો ઉત્તમ યોગનો પરિણામ આત્મામાં સંસ્કારરૂપે જીવંત હતો; તેથી નિમિત્ત પામીને જેવો વૈરાગ્યનો ઉપયોગ ઉલ્લસિત થયો કે તરત તે યોગના સંસ્કાર જાગૃત થયા, તેથી સંયમ ગ્રહણ કરીને રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ ક્રિયાઓ થવા લાગી અને અલ્પકાળમાં ક્ષાયિકભાવની રત્નત્રયી પ્રગટ થઈ. આ રીતે મોક્ષને અનુકૂળ પરિણામની નિષ્પત્તિ થાય તેવી રીતે કરાયેલી ક્રિયાઓ નાશ થાય તોપણ તે ક્રિયાઓથી પેદા થયેલા યોગના ઉત્તમ ભાવો નાશ પામતા નથી, એ પ્રકારનું પ્રસ્તુત ગાથાનું હાર્દ છે. ॥૧૯॥

**અવતરણિકા :-**

**ગાથા-૩માં કહેલ કે માર્ગાનુસારી ક્રિયા યતિનું લક્ષણ છે અને ત્યારપછી માર્ગાનુસારી ક્રિયાનું લક્ષણ ગાથા-૫માં બતાવ્યું, અને તે માર્ગ, (૧) આગમઅનુસારી આચરણારૂપ અને (૨) સંવિગ્ન બહુજન આચરિત આચરણારૂપ બે પ્રકારનો છે તેમ ગાથા-૬માં બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થયું કે ઉભયને અનુસરનારી એવી જે ક્રિયા તે માર્ગાનુસારી ક્રિયા છે. હવે તેને સામે રાખીને 'નનુ' થી શંકા કરે છે –**

**ગાથા :-**

**नणु भावचरणलिंगं, कह मग्गणुसारिणी भवे किरिया ।**
**जं अपुणबंधगाणं, दव्वजईणं पि सा इट्ठा ॥२०॥**

ननु भावचरणलिङ्गं कथं मार्गानुसारिणी भवेत्क्रिया ।
यदपुनर्बन्धकानां द्रव्ययतीनामपि सा इष्टा ॥२०॥

**ગાથાર્થ :-**

**માર્ગાનુસારી ક્રિયા ચારિત્રનું લિંગ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ, જે કારણથી અપુનર્બંધક એવા દ્રવ્યયતિઓને પણ તે માર્ગાનુસારી ક્રિયા ઈષ્ટ છે. ॥૨૦॥**

**ભાવાર્થ :-**

**'નનુ'** થી પૂર્વપક્ષી શંકા કરે છે કે શાસ્ત્રમાં બતાવેલ અને સંવિગ્નબહુજનથી આચરાયેલ એવી માર્ગાનુસારીક્રિયા જેમ ચારિત્રી કરે છે તેમ સાધુનો વેશ લીધો હોય એવા અપુનર્બંધક જીવ પણ કરે છે. તેથી બાહ્ય આચરણારૂપે સુસાધુની માર્ગાનુસારીક્રિયા જેવી બાહ્ય આચરણા દ્રવ્યયતિ એવા અપુર્નબંધક જીવો પણ કરે છે. માટે માર્ગાનુસારી ક્રિયા ભાવચારિત્રીનું લિંગ કહી શકાય નહિ. આ પ્રકારનો શંકાકારનો આશય છે. ॥૨૦॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૫માં ગ્રંથકારે માર્ગનું લક્ષણ પરિણામને આશ્રયીને કર્યું કે ઉત્તમ ગુણની પ્રાપ્તિમાં સમર્થ ભુજંગનલિકાના આયામ સમાન સ્વારસિક પરિણામ તે માર્ગ છે, અને તેવા પરિણામવાળા સાધુ માર્ગાનુસારી ભાવવાળા છે. તેને સામે રાખીને પૂર્વપક્ષી શંકા કરે છે –**

**ગાથા :-**

**जायइ अ भावचरणं, दुवालसण्हं खए कसायाणं ।**
**मग्गणुसारित्तं पुण, हविज्ज तम्मंदयाए वि ॥२१॥**

जायते च भावचरणं द्वादशानां क्षये कषायाणाम् ।
*मार्गानुसारित्वं पुनर्भवेत्तन्मन्दतायामपि ॥२१॥*

**ગાથાર્થ :-**

**અને ભાવચારિત્ર બાર કષાયોના ક્ષયમાં=ક્ષયોપશમભાવમાં થાય છે, અને માર્ગાનુસારીપણું વળી તેની મંદતામાં પણ=બાર કષાયોની મંદતામાં પણ થાય છે. (તેથી ગાથા-૧૫માં કહેલું માર્ગાનુસારીપણાનું લક્ષણ જેમ ચારિત્રીમાં સંગત થાય છે તેમ અપુનર્બંધકમાં પણ સંગત થઈ શકે છે. માટે માર્ગાનુસારીપણું ભાવચારિત્રનું લિંગ કહી શકાય નહિ, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.) ॥૨૧॥**

* અહીં '**खए**' શબ્દ ક્ષયોપશમ અર્થમાં છે. જેમ ભીમસેનને 'ભીમ' કહેવાય છે, તેમ ક્ષયોપશમને 'ક્ષય' શબ્દથી કહેલ છે.

* અહીં '**तम्मंदयाए वि**' માં '**वि**' શબ્દ '**अपि**' અર્થમાં છે અને તેનાથી એ કહેવું છે કે બાર કષાયોના ક્ષયોપશમભાવમાં તો માર્ગાનુસારીપણું છે, પરંતુ બાર કષાયોની મંદતામાં પણ માર્ગાનુસારીપણું છે.

**ભાવાર્થ :-**

લલિતવિસ્તરા ગ્રંથમાં '**मग्गदयाणं**' નો અર્થ કરતાં કહ્યું કે '**भुजङ्गमगमननलिकायामतुल्यः**' વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં સમર્થ સ્વરસવાહી ક્ષયોપશમવિશેષ માર્ગ છે, જે ચિત્તના અવક્રગમનરૂપ છે; અને આ મગ્ગદયાણંનું વર્ણન મિથ્યાત્વ અવસ્થામાં રહેલા યોગની ત્રીજી દૃષ્ટિવાળા અપુનર્બંધક જીવને આશ્રયીને કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોના અનંતાનુબંધી આદિ બાર કષાયો મંદ થયેલા છે તેઓનું ચિત્ત સ્વાભાવિક રીતે યોગમાર્ગમાં અવક્ર ચાલે છે, અને તે ભાવ અપુનર્બંધક આદિ જીવોમાં રહેલો દ્રવ્યમાર્ગાનુસારી ભાવ છે; જ્યારે બાર કષાયોના ક્ષયોપશમભાવથી પ્રગટ થયેલ ભાવચારિત્ર એ સાધુનો ભાવમાર્ગાનુસારી ભાવ છે; અને ભાવમાર્ગાનુસારી ભાવને બતાવવા ગ્રંથકારે ગાથા-૧૫માં લક્ષણ કર્યું કે 'ભુજંગનલિકાઆયામ સમાન ઉત્તમ ગુણની પ્રાપ્તિમાં સમર્થ એવો સ્વારસિક પરિણામ' તે માર્ગ છે, અને તેને અનુસરનારા જીવો માર્ગાનુસારી છે, અને આ માર્ગાનુસારીપણું ભાવચારિત્રનું લક્ષણ છે. પરંતુ આ રીતે 'દ્રવ્યમાર્ગાનુસારી ભાવ' અને 'ભાવમાર્ગાનુસારી ભાવ'ના ભેદનો વિચાર કર્યા વગર પૂર્વપક્ષી કહે છે કે ગ્રંથકારે ગાથા-૧૫માં લક્ષણ કર્યું એવું માર્ગાનુસારીપણું તો અપુનર્બંધકને પણ હોય છે, માટે માર્ગાનુસારીપણું ભાવચારિત્રનું લક્ષણ થઈ શકે નહિ; કેમ કે ભાવચારિત્ર તો અનંતાનુબંધીઆદિ બાર કષાયોના ક્ષયોપશમભાવવાળા જીવોને હોય છે, અન્યને નહિ. તેથી ભાવચારિત્રનું લક્ષણ અપુનર્બંધકમાં ન જાય તેવું કરવું જોઈએ. ॥૨૧॥

**અવતરણિકા :-**

પૂર્વગાથા ૨૦માં પૂર્વપક્ષીએ શંકા કરેલી કે માર્ગાનુસારી સંયમની ક્રિયા ભાવચારિત્રનું લિંગ થઈ શકે નહિ; કેમ કે દ્રવ્યયતિઓને પણ તે હોય છે; અને ગાથા-૨૧માં શંકા કરેલ કે ચિત્તના અવક્રગમનરૂપ માર્ગાનુસારીપણું ભાવચારિત્રનું લિંગ થઈ શકે નહિ; કેમ કે એ બાર કષાયોની મંદતાથી પ્રગટ થાય, છતાં અપુનર્બંધક જીવોમાં પણ તે લક્ષણ જાય છે. એ બન્ને શંકાઓનું નિરાકરણ કરવા માટે માર્ગાનુસારી ક્રિયા અથવા ચિત્તના અવક્રગમનરૂપ સ્વારસિક પરિણામ ભાવચારિત્રનું લિંગ કઈ રીતે સંગત છે, તે બતાવવા અર્થે કહે છે —

**ગાથા :-**

**लहुअत्ते कम्माणं, तीए जणिअं तयं च गुणबीअं ।**
**ववहारेणं भण्णइ, नाणाइजुअं च णिच्छयओ ॥२२॥**
लघुत्वे कर्मणां तया जातं तच्च गुणबीजम् ।
व्यवहारेण भण्यते ज्ञानादियुतं च निश्चयतः ॥२२॥

**ગાથાર્થ :-**

**કર્મનું લઘુપણું હોતે છતે=અનંતાનુબંધી આદિ બાર કષાયોની મંદતા હોતે છતે, અને તેના વડે=માર્ગાનુસારી સંયમની ક્રિયા વડે, પેદા થયેલું ગુણબીજ=રત્નત્રયીરૂપ ગુણનું કારણ એવું તે=ચિત્તના અવક્રગમનરૂપ માર્ગાનુસારીપણું, વ્યવહારથી=વ્યવહારનયથી કહેવાય છે અને જ્ઞાનાદિયુક્ત=જ્ઞાનાદિ-યુક્ત (ક્ષયોપશમભાવનું) માર્ગાનુસારીપણું, નિશ્ચયથી=નિશ્ચયનયથી કહેવાય છે. ॥૨૨॥**

**ભાવાર્થ :- અપુનર્બંધકને દ્રવ્યમાર્ગાનુસારી ભાવ અને ચારિત્રીને ભાવમાર્ગાનુસારી ભાવ :**

સાધુવેશને ધારણ કરનાર આરાધક એવા અપુનર્બંધક જીવ પણ માર્ગાનુસારી ક્રિયા કરતા હોય છે, તેથી માર્ગાનુસારી ક્રિયાને ભાવચારિત્રનું લિંગ કહી શકાય નહિ, એમ ગાથા-૨૦માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું. વળી, યોગમાર્ગમાં ચિત્તનું સ્વાભાવિક અવક્રગમન બાર કષાયની મંદતાથી અપુનર્બંધકને પણ થાય છે અને તે પણ માર્ગાનુસારી ભાવ છે, તેથી આવો માર્ગાનુસારી ભાવ પણ સાધુધર્મનું લક્ષણ કહી શકાય નહિ એમ ગાથા-૨૧માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

જે અપુનર્બંધક જીવના અનંતાનુબંધી આદિ બાર કષાયો મંદ થયેલા છે તેવો અપુનર્બંધક જીવ સંયમ ગ્રહણ કરીને સાધ્વાચારનું પાલન કરે છે તે રત્નત્રયીની પરિણતિરૂપ માર્ગાનુસારીપણું નથી, પરંતુ ભાવિમાં રત્નત્રયીની પરિણતિનું કારણ બને એવું માર્ગાનુસારીપણું છે, જે વ્યવહારનયથી માર્ગાનુસારીપણું કહેવાય છે; કેમ કે વ્યવહારનય કારણમાં કાર્યનો ઉપચાર કરીને ભાવમાર્ગાનુસારીપણાના કારણભૂત એવા દ્રવ્યમાર્ગાનુસારીપણાને પણ માર્ગાનુસારીપણારૂપે સ્વીકારે છે. વળી, બાર કષાયોનો ક્ષયોપશમભાવ જે સાધુમાં વર્તે છે તેવા ભાવસાધુમાં જે માર્ગાનુસારી ક્રિયા છે તે રત્નત્રયીની પરિણતિની નિષ્પત્તિ અને વૃદ્ધિનું કારણ છે, અને તેનામાં રહેલું માર્ગાનુસારીપણું રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની પરિણતિ સ્વરૂપ છે, તેને નિશ્ચયનયથી માર્ગાનુસારીપણું કહેવાય છે.

આશય એ છે કે સંયમધારી અપુનર્બંધક જીવ પણ સંયમની ક્રિયાઓ શાસ્ત્રાનુસારી કરતા હોય, તોપણ તે ક્રિયાઓ સાક્ષાત્ રત્નત્રયીને પ્રગટ કરતી નથી, પરંતુ મિથ્યાત્વની મંદતા હોવાને કારણે તે ક્રિયાઓ મિથ્યાત્વનો નાશ કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ બને છે, અને ક્રમે કરીને ચારિત્રનું પણ કારણ બને છે; તેથી વ્યવહારનય અપુનર્બંધક જીવની સંયમની ક્રિયાને માર્ગાનુસારી ક્રિયા કહે છે. વળી, અપુનર્બંધક જીવના ચિત્તના અવક્રગમનને પણ વ્યવહારનય માર્ગાનુસારી ભાવ કહે છે; કેમ કે તત્ત્વની પ્રાપ્તિ કરવાને અનુકૂળ એવા તેના ચિત્તનું અવક્રગમન છે. જોકે આ ચિત્તનું અવક્રગમન રત્નત્રયીની પ્રાપ્તિનું સાક્ષાત્ કારણ નથી પણ તત્ત્વની પ્રાપ્તિ કરાવીને પરંપરાએ રત્નત્રયીની પ્રાપ્તિનું કારણ છે. તેથી ભાવમાર્ગાનુ-સારીભાવરૂપ ચિત્તના અવક્રગમનનું કારણ એવું અપુનર્બંધકનું ચિત્તનું અવક્રગમન છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને અપુનર્બંધકના ચિત્તના અવક્રગમનને પણ વ્યવહારનય માર્ગાનુસારીભાવ કહે છે. માટે અપુનર્બંધકની ચારિત્રની ક્રિયા પણ દ્રવ્યમાર્ગાનુસારી છે અને અપુનર્બંધકનું ચિત્તનું અવક્રગમન પણ દ્રવ્યમાર્ગાનુસારી છે અર્થાત્ અપુનર્બંધક જીવની ચારિત્રની ક્રિયા પ્રધાનદ્રવ્યક્રિયા છે અને તેનું ચિત્તનું અવક્રગમન સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણરૂપ એવા ચિત્તના અવક્રગમનરૂપ છે.

વળી, નિશ્ચયનય રત્નત્રયીની પરિણતિને માર્ગાનુસારી ભાવ કહે છે, અને જે સાધુઓ મોક્ષમાર્ગમાં સુદૃઢ યત્ન કરીને રત્નત્રયીની ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે તેવા સાધુની ક્રિયાને માર્ગાનુસારી ક્રિયા કહે છે.

પ્રસ્તુત ગ્રંથમાં યતિનું લક્ષણ બતાવવું છે અને યતિ હંમેશાં રત્નત્રયીની પરિણતિવાળા જ હોય. તેથી નિશ્ચયનયને માન્ય એવી રત્નત્રયીની વૃદ્ધિના કારણરૂપ એવી ક્રિયાને જે સાધુ કરતા હોય, તે ક્રિયાને માર્ગાનુસારી ક્રિયારૂપે આ ગ્રંથમાં ગ્રહણ કરેલ છે. વળી, ગાથા-૧૫માં જે સ્વારસિક પરિણામરૂપ માર્ગ બતાવ્યો તે પરિણામ પણ ગુરુપરતંત્ર એવા માષતુષ આદિ મુનિઓમાં વર્તતા રત્નત્રયીના પરિણામરૂપ ગ્રહણ કરેલ છે. તેથી અપુનર્બંધક જીવમાં વર્તતો માર્ગાનુસારીભાવ એ દ્રવ્યમાર્ગાનુસારીભાવ છે અને યતિમાં વર્તતો માર્ગાનુસારીભાવ એ રત્નત્રયીની પરિણતિરૂપ ભાવમાર્ગાનુસારીભાવ છે. માટે **'ननु'** થી પૂર્વપક્ષીએ ગાથા-૨૦/૨૧માં કહ્યું કે માર્ગાનુસારી ક્રિયા કે માર્ગાનુસારી ભાવ અપુનર્બંધકમાં પણ છે, માટે ભાવચારિત્રનું લિંગ માર્ગાનુસારી ક્રિયા થઈ શકે નહિ, તેનું આનાથી નિરાકરણ થઈ જાય છે. ॥૨૨॥

**અવતરણિકા :-**

**ગાથા-૨૦ થી ૨૨ સુધીમાં સ્થાપન કર્યું કે અપુનર્બંધક જીવો સંયમ ગ્રહણ કરીને ચારિત્રાચારની ક્રિયામાં યત્ન કરતા હોય તોપણ તેમને વ્યવહારનયથી માર્ગાનુસારીપણું છે, જે દ્રવ્યમાર્ગાનુસારીપણું છે; અને જે ભાવસાધુ આગમને પરતંત્ર થઈને રત્નત્રયીમાં યત્ન કરતા હોય, તેવા સાધુને નિશ્ચયનયથી જ્ઞાનાદિયુક્ત માર્ગાનુસારીપણું છે, જે ભાવચારિત્રનું લિંગ છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે આગમને પરતંત્ર થઈને રત્નત્રયીમાં યત્ન કરી શકે તેવું ભાવમાર્ગાનુસારીપણું જ્ઞાનાદિવિશેષ હોય તો થઈ શકે, પરંતુ માષતુષ જેવા અલ્પબોધવાળા સાધુને તેવું માર્ગાનુસારીપણું થઈ શકે નહિ. તેના નિરાકરણ માટે કહે છે –**

**ગાથા :-**

**नाणाइविसेसजुअं, ण य तं लिंगं तु भावचरणस्स ।**
**तयभावे तब्भावा, मासतुसाईण जं भणियं ॥२३॥**

ज्ञानादिविशेषयुतं न च तल्लिङ्गं तु भावचरणस्य ।
तदभावे तद्भावान्माषतुषादीनां यद् भणितम् ॥२३॥

**ગાથાર્થ :-**

**અને જ્ઞાનાદિવિશેષયુક્ત જ તે=માર્ગાનુસારીપણું, ભાવચારિત્રનું લિંગ નથી; કેમ કે માષતુષ આદિને તેના અભાવમાં=જ્ઞાનાદિવિશેષના અભાવમાં, તેનો ભાવ છે=ભાવચારિત્રના લિંગનો સદ્ભાવ છે, જે કારણથી કહેવાયું છે : (જે આગળનાં શ્લોકમાં બતાવે છે.) ॥૨૩॥**

* અહીં '**ज्ञानादि**' માં '**आदि**' પદથી દર્શનનું ગ્રહણ કરવાનું છે.
* '**तु**' શબ્દ '**एव**' કારના અર્થમાં છે અને તેનું યોજન '**नाणाइविसेसजुअं**' પછી છે.
* '**य**' શબ્દ '**च**' અર્થમાં છે અને તેનો પૂર્વગાથા સાથે સંબંધ છે.

**ભાવાર્થ :- માષતુષઆદિમાં ભાવચારિત્રના લિંગના સ્વીકારની યુક્તિ :**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું એ રીતે નિશ્ચયનયથી જ્ઞાનાદિયુક્ત માર્ગાનુસારીપણું ભાવચારિત્રનું લિંગ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુમાં વિશેષ શ્રુતજ્ઞાન છે, ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધા છે અને ભગવાનના વચન અનુસાર ઉચિત આચરણાથી યુક્ત ચારિત્રની પરિણતિ છે, તે સાધુમાં ભાવચારિત્રના લિંગરૂપ જ્ઞાનાદિયુક્ત માર્ગાનુસારીપણું છે. તેથી સામાન્ય રીતે એમ જણાય કે જે સાધુ ગીતાર્થ હોય અને તેના કારણે ભગવાનના વચનની વિશેષ રુચિ હોય અને ભગવાનના વચનને પરિપૂર્ણ પરતંત્ર થઈને ચારિત્રમાં યત્ન કરતા હોય, તે સાધુમાં માર્ગાનુસારી ભાવ છે. માટે ભાવચારિત્રના લિંગરૂપ માર્ગાનુસારી ભાવ જ્ઞાનાદિવિશેષયુક્ત જ હોઈ શકે; કેમ કે વિશેષ જ્ઞાન કે વિશેષ રુચિ વગર આગમને પરતંત્ર થવું અશક્ય છે, એમ પૂર્વપક્ષીનો આશય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે જ્ઞાનાદિવિશેષ હોય તો જ આગમને પરતંત્ર થઈ શકે તેવી નિયત વ્યાપ્તિ નથી; કેમ કે માષતુષ જેવા મંદબુદ્ધિવાળા સાધુઓમાં જ્ઞાનાદિવિશેષ નહિ હોવા છતાં ભાવચારિત્રના લિંગરૂપ માર્ગાનુસારીભાવનો સદ્ભાવ છે. અહીં વિચારકને પ્રશ્ન થાય કે જેની પાસે વિશેષ જ્ઞાનાદિની શક્તિ નથી તેવા મંદબુદ્ધિવાળા માષતુષ આદિમાં ભાવચારિત્રના લિંગભૂત માર્ગાનુસારીપણું છે તેનું પ્રમાણ શું ? તેથી કહે છે - જે કારણથી કહેવાયું છે અર્થાત્ જે કારણથી શાસ્ત્રમાં કહેવાયું છે, તે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૨૩॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે માષતુષઆદિ મુનિઓને જ્ઞાનાદિવિશેષના અભાવમાં પણ ભાવચારિત્રના લિંગનો સદ્ભાવ છે, અને ત્યાં કહ્યું કે 'જે કારણથી કહેવાયું છે' તે હવે પ્રસ્તુત ગાથામાં કહે છે –**

**ગાથા :-**

**गुरुपारतंतनाणं, सद्दहणं एयसंगयं चेव ।**
**इत्तो उ चरित्तीणं, मासतुसाईण णिद्दिट्ठं ॥२४॥**

गुरुपारतन्त्र्यज्ञानं श्रद्धानमेतत्सङ्गतमेव ।
इतस्तु चारित्रिणां माषतुषादीनां निर्दिष्टम् ॥२४॥

**ગાથાર્થ :-**

**આથી જ=જ્ઞાન અને શ્રદ્ધાન વગર ચારિત્ર નથી આથી જ, ચારિત્રી એવા માષતુષઆદિ મુનિઓને ગુરુપારતંત્ર્યરૂપ જ્ઞાન અને ગુરુ પારતંત્ર્યરૂપ જ્ઞાનથી સંગત જ શ્રદ્ધાન નિર્દિષ્ટ છે. ॥૨૪॥**

* 'इत्तो उ' માં 'उ' શબ્દ एव કાર અર્થમાં છે.

**ટીકા :**

**यत एताभ्यां विना चरणं न श्रद्धेयं ततो विशिष्टश्रुतवर्जितानामपि चरणवतां कथंचिज्ज्ञानाद्यस्तीति दर्शयन्नायह-'गुरुपारे' त्यादि, गुरुपारतन्त्र्यं ज्ञानाधिकाचार्यायत्तत्वं यत्तज्ज्ञानं-बोधो, विशिष्टज्ञानविकलानामपि गुरुपारतंत्र्यस्य ज्ञानफलसाधकत्वात्, यदाह-**

"यो निरनुबन्धदोषात् श्राद्धोऽनाभोगवान् वृजिनभीरुः । गुरुभक्तो ग्रहरहितः सोऽपि ज्ञान्येव तत्फलतः ॥१॥ चक्षुष्मानेकः स्यादन्धोऽन्यस्तन्मतानुवृत्तिपरः । गन्तारौ गन्तव्यं प्राप्नुत एतौ युगपदेव ॥२॥" तथा श्रद्धानं च सम्यग्दर्शनं च एतत्संगतं-गुरुपारतन्त्र्यरूपज्ञानोचितं निर्दिष्टमिति संबन्धः, ज्ञानानुरूपत्वाच्छ्रद्धानस्य, चैवशब्दः समुच्चयार्थो योजितश्च, 'एत्तो उ'त्ति यतो ज्ञानदर्शनाभ्यां विना सामायिकं न केषाञ्चिद्भवत्यत एव चारित्रिणां चारित्रवतां माषतुषादीनां आगमप्रसिद्धातिजडसाधूनां निर्दिष्टं-उक्तं सर्वज्ञैरिति, अथवा ननु विशिष्टश्रुतविकलत्वेन ज्ञानादिना विनापि केषाञ्चित्साधूनां चरणं श्रूयतेऽतः कथमुक्तमेताभ्यां विना चरणं न श्रद्धेयमित्याशंक्याह-'गुरु०' गाहा, 'गुरुपारतन्त्र्यमेव ज्ञानं विशिष्टश्रुतवर्जितानां श्रद्धानं चैतत्संगतमेवे'ति, ततः किमित्याह-'एत्तो उ'त्ति यतो विशिष्टश्रुतवर्जितानामुक्तरूपे ज्ञानश्रद्धाने अत एव चारित्रिणां माषतुषादिसाधूनां निर्दिष्टं ज्ञानं दर्शनं चेति शेषः, अथवा इत एव तेषां चरणं निर्दिष्टं, न स्वतन्त्रमेवेत्यतो न ताभ्यां विना चरणमिति। कथानक-संप्रदायश्चैवम्-बभूव कश्चिदाचार्यो, गुणरत्नमहानिधिः । श्रुतमध्वर्थिशिष्यालिसेव्यमानक्रमाम्बुजः ॥१॥ सूत्रार्थपाथसां दाने, महाम्भोद इवाश्रमः । संघादिकार्यभाराणां, निस्तारे धुर्यसन्निभः ॥२॥ तस्यैवान्योऽभवद् भ्राता, विशिष्टश्रुतवर्जितः । स्वेच्छया स्थाननिद्रादेः कर्ता स्वार्थपरायणः ॥३॥ तत्र सूरिः क्वचित्कार्ये, श्रान्तः सन् मुग्धबुद्धिभिः । अज्ञातावसरैः शिष्यैर्व्याख्यानं कारितः किल ॥४॥ ततोऽसौ श्रान्तदेहत्वाद्, व्याख्यायामक्षमत्वतः । चित्तखेदं जगामाथ, चिन्तयामास चेदृशम् ॥५॥ धन्योऽयं पुण्यवानेष, मद्भ्राता निर्गुणो यतः । सुखमास्ते सुखं शेते, पारतन्त्र्यविवर्जितः ॥६॥ वयं पुनरधन्या ये, स्वगुणैरेव वश्यताम् । परेषां प्रापिताः स्थातुं, सुखेन न लभामहे ॥७॥ एवं चिन्तयता तेन, निबद्धं कर्म सूरिणा । ज्ञानावरणमत्युग्रं, ज्ञानावज्ञानिमित्ततः ॥८॥ नालोचितं च तत्तेन, ततो मृत्वा दिवं गतः । ततोऽप्यसौ च्युतः क्वापि, सत्कुले जन्म लब्धवान् ॥९॥ कालेन साधुसम्पर्काद्, बुद्धोऽसौ जिनशासने । सद्गुरूणां समीपेऽथ, प्रवव्राज विरागतः ॥१०॥ ततोऽसौ सूरिपादान्तेऽधीते सामायिकं श्रुतम् । उदीर्णं च तकत्तस्य, कर्म जन्मान्तरार्जितम् ॥११॥ तस्योदयान्न शक्नोति, ग्रहीतुं पदमप्यसौ । प्रयच्छन्नप्यविश्रामं, बहुमानयुतोऽपि सन् ॥१२॥ ततः सूरि शक्तं तं, पाठे ज्ञात्वा तपोधनम् । सामायिकश्रुतस्यार्थं, ते संक्षेपादपीपठत् ॥१३॥ यथा मा रुष्य मा तुष्येत्येवमेव स भक्तितः । घोषयामास तत्रापि, विस्मृतिस्तस्य जायते ॥१४॥ ततो महाप्रयत्नेन, संस्मृत्य किल किंचन । तत्रासौ घोषयामास, तुष्टो माषतुषेत्यलम् ॥१५॥ ततस्तद्घोषणान्नित्यं, माषतुषेत्यभिख्यया । ख्यातिं नीतो महात्माऽसौ, बालिशैः क्रीडनापरैः ॥१६॥ अदोऽपि विस्मरत्येष, यदा मोहात्तदा तकम् । न्यस्तचित्तमवाचं च, हसन्तो

**बालका जगुः ॥१७॥ अहो माषतुषः साधुरेष मौनेन तिष्ठति । एवमुक्तः स तैर्मेने, साधु भोः स्मारितं मम ॥१८॥ ततोऽधीते, तदेवासौ, मन्यमानोऽत्यनुग्रहम् । साधवस्तु तदा श्रुत्वा, प्रेरयन्ति स्म चादरात् ॥१९॥ शिक्षयन्ति स्म तं साधो ! मा रुष्येत्यादि घोषय । ततः प्रमोदमापन्नो, घोषयामास तत्तथा ॥२०॥ एवं सामायिकस्यार्थेऽप्यशक्तो गुरुभक्तितः । ज्ञानकार्यमसौ लेभे, कालतः केवलश्रियम् ॥२१॥ (पञ्चा० ११-७)**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે માષતુષઆદિને જ્ઞાનાદિવિશેષ નહિ હોવા છતાં ભાવચારિત્રનું લિંગ છે તેમ શાસ્ત્રમાં કહેલું છે, તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે. માષતુષ મુનિ પાસે વિશેષ જ્ઞાન ન હતું તોપણ ગુરુના વિષયમાં યથાર્થ નિર્ણય કરી શકે તેટલું જ્ઞાન હતું. તેથી કયા ગુરુ મને ભગવાનના વચન અનુસાર મોક્ષમાર્ગમાં પ્રવર્તાવી શકશે તેનો નિર્ણય તે કરી શકેલા હતા. એટલું જ નહિ પણ તે ગુરુ જે રીતે યોગમાર્ગમાં પ્રયત્ન કરવાનું કહે તેના પરમાર્થને સમજીને તે રીતે ગુરુને પરતંત્ર થવાનું જ્ઞાન પણ તેમનામાં હતું. તેથી ઘણાં શાસ્ત્રો ભણીને વિશદ બોધ કરી શકે તેવી પ્રજ્ઞા તેમનામાં નહિ હોવા છતાં પણ, ઘણાં શાસ્ત્રો ભણીને જે તત્ત્વનો બોધ કરવો અતિ દુષ્કર છે તેવું સૂક્ષ્મ તત્ત્વ **'मा रुष्य'** અને **'मा तुष्य'** એ પ્રકારના ગુરુના વચનના બળથી તેઓ પામી શક્યા. આથી માષતુષ મુનિને અપેક્ષાએ જડ સાધુ કહ્યા છે, તો અપેક્ષાએ ઘણાં શાસ્ત્રોને ભણીને જે તત્ત્વ પ્રાપ્ત કરવું દુષ્કર છે, એવા તત્ત્વને પ્રાપ્ત કરી શકે તેવી સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા પણ કહ્યા છે. તેથી માષતુષ મુનિમાં ગુણવાનને પરતંત્ર કરાવે તેવું નિર્મળ કોટિનું જ્ઞાન હતું અને તે જ્ઞાનને અનુરૂપ રુચિ હતી. તેથી ગુણવાન એવા ગુરુને પરતંત્ર થઈને, તેમણે કહેલા પદાર્થના તાત્પર્યને ગ્રહણ કરીને, તે પ્રમાણે ઉચિત ક્રિયા કરતા હતા, તેથી તેમનામાં ચારિત્રનો પરિણામ પણ હતો. આથી શાસ્ત્રમાં ભાવચારિત્રી એવા માષતુષઆદિ મુનિઓમાં ગુરુપારતંત્ર્યરૂપ જ્ઞાન અને તેનાથી યુક્ત શ્રદ્ધાન છે, તેમ કહીને રત્નત્રયીની પરિણતિરૂપ ભાવચારિત્રનું લિંગ માર્ગાનુસારીપણું છે તેમ કહેલ છે.

અહીં વિશેષ એ છે કે સામાન્ય રીતે આરાધક જીવોને પણ જેમ જેમ શાસ્ત્રનો બોધ વધતો જાય છે તેમ તેમ ભગવાનના શાસનની રુચિ સ્થિર થતી જાય છે, અને જેમ જેમ સૂક્ષ્મ બોધ અને સ્થિર રુચિ થાય છે તેમ તેમ સમ્યક્ આચરણા કરીને પ્રાયઃ ભાવચારિત્રને પ્રાપ્ત કરે છે. તેથી જે લોકોને વિશેષ જ્ઞાનાદિ નથી તેઓને પ્રાયઃ ભાવચારિત્રના લિંગરૂપ માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય નહિ, તોપણ તેવી એકાંત વ્યાપ્તિ નથી. તેથી વિશિષ્ટ શ્રુતરહિત એવા પણ માષતુષમુનિ જેવા કેટલાક સાધુઓ, ગુણવાન ગુરુને પરતંત્ર થઈને રત્નત્રયીની પૂર્ણ આરાધના કરી શકે છે. માટે જેમ સ્થૂલ બોધવાળા અપુનર્બંધક જીવો ચારિત્રને ગ્રહણ કરીને દ્રવ્યમાર્ગાનુસારીપણું પામી શકે છે, તેમ કેટલાક સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા માષતુષમુનિ જેવા સાધુઓ પણ શાસ્ત્રોને અવધારણ કરવાની શક્તિ નહિ હોવા છતાં, તત્ત્વમાર્ગની પ્રવૃત્તિને અનુકૂળ સૂક્ષ્મ પ્રજ્ઞાના બળથી, અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો ક્ષયોપશમ કરીને રત્નત્રયીની પરિણતિરૂપ ભાવથી માર્ગાનુસારીભાવને પ્રાપ્ત કરી શકે છે. ॥૨૪॥

**અવતરણિકા :-**

**ગાથા-૨૩/૨૪માં સ્થાપન કર્યું કે માષતુષ જેવા કેટલાક મુનિઓમાં વિશેષ જ્ઞાન અને વિશેષ દર્શન નહિ હોવા છતાં ભાવચારિત્રનું લિંગ વિદ્યમાન છે, તેથી તેઓમાં નિશ્ચયનયને માન્ય એવું રત્નત્રયીના**

પરિણામરૂપ માર્ગાનુસારીપણું છે. ત્યાં કોઈને શંકા થાય કે શાસ્ત્રકારોએ માષતુષ જેવા મુનિઓને દ્રવ્યસમ્યગ્દર્શન કહેલ છે. તેથી તેઓમાં જેમ સમ્યગ્દર્શન દ્રવ્યથી છે તેમ જ્ઞાન પણ દ્રવ્યથી છે. માટે રત્નત્રયીની પરિણતિ તેઓમાં છે, તેમ કઈ રીતે માની શકાય? તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

**ગાથા :-**

**तेसिं पि दव्वनाणं, ण य रुइमित्ताओ दव्वदंसणओ ।**
**गीयत्थणिस्सिआणं, चरणाभावप्पसंगाओ ॥२५॥**

तेषामपि द्रव्यज्ञानं न च रुचिमात्रात् द्रव्यदर्शनतः ।
गीतार्थनिश्रितानां चरणाभावप्रसङ्गात् ॥२५॥

**ગાથાર્થ :-**

**અને રુચિમાત્રરૂપ દ્રવ્યસમ્યગ્દર્શન હોવાને કારણે તેઓને=માષતુષઆદિ મુનિઓને દ્રવ્યજ્ઞાન જ છે એમ ન કહેવું; કેમ કે ગીતાર્થનિશ્રિત એવા માષતુષઆદિને ચારિત્રનો અભાવ માનવાનો પ્રસંગ આવે. ॥૨૫॥**

* '**तेसिं पि**' માં '**पि**' શબ્દ **एव** કાર અર્થમાં છે અને ભિન્ન ક્રમમાં છે. તેથી તેનો સંબંધ '**दव्वनाणं**' પછી છે.

**ભાવાર્થ :-**

'સન્મતિતર્ક' ગ્રંથમાં પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિએ સ્વ-પરદર્શનના વેત્તા એવા ગીતાર્થ સાધુને ભાવસમ્યગ્દર્શન કહેલ છે, અને તે ભાવસમ્યક્ત્વ વિસ્તારરુચિ સમ્યગ્દર્શન છે; અને જે સાધુઓ ગીતાર્થ નથી પરંતુ ગીતાર્થને નિશ્રિત રહીને સાધના કરે છે, અને ઓઘથી ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધા છે, તેઓને દ્રવ્યસમ્યગ્દર્શન કહેલ છે, અને તે દ્રવ્યસમ્યક્ત્વ ઓઘરુચિ સમ્યગ્દર્શન છે. તે પ્રમાણે માષતુષમુનિ ગીતાર્થ ન હતા પરંતુ તેઓને '**तमेव सच्चं निस्संकम्**' ઇત્યાદિરૂપ ભગવાનના વચન પ્રત્યે ઓઘરુચિરૂપ દ્રવ્યસમ્યગ્દર્શન હતું. તેથી પૂર્વપક્ષી કહે છે કે સિદ્ધસેનદિવાકરસૂરિના કથન પ્રમાણે માષતુષમુનિને દ્રવ્યસમ્યગ્દર્શન છે, તેમ તેઓને જે જ્ઞાન છે તે પણ દ્રવ્યસમ્યગ્જ્ઞાન છે. માટે માષતુષમુનિમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન પરમાર્થથી નથી, પરંતુ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનું કારણ એવું દ્રવ્યસમ્યગ્જ્ઞાન અને દ્રવ્યસમ્યગ્દર્શન છે. તેથી માષતુષમુનિમાં રત્નત્રયીની પરિણતિરૂપ ભાવચારિત્રનું લિંગ ઘટે નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે જો માષતુષમુનિમાં ભાવચારિત્રરૂપ રત્નત્રયીની પરિણતિ નથી તેમ સ્વીકારવામાં આવે તો ગીતાર્થનિશ્રિત સાધુઓને ચારિત્રનો અભાવ માનવાનો પ્રસંગ આવે; કેમ કે જે સાધુમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન હોય નહિ તેમનામાં ચારિત્ર પણ હોય નહિ.

આશય એ છે કે શાસ્ત્રમર્યાદા પ્રમાણે પ્રથમ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન આવે છે, ત્યારપછી સમ્યક્ચારિત્ર આવે છે. હવે જો માષતુષમુનિમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નથી તેમ માનીએ તો ચારિત્ર પણ નથી તેમ માનવું પડે; અને તેમ સ્વીકારીએ તો જે સાધુ ગીતાર્થનિશ્રિત હોય તેઓમાં પણ

ચારિત્ર નથી તેમ માનવાનો પ્રસંગ આવે, જે શાસ્ત્રદૃષ્ટિથી ઇષ્ટ નથી, અને તેની સ્પષ્ટતા ગ્રંથકાર સ્વયં આગળની ગાથામાં કરે છે. ॥૨૫॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે માષતુષમુનિને દ્રવ્યસમ્યગ્જ્ઞાન અને દ્રવ્યસમ્યગ્દર્શન છે, માટે રત્નત્રયીની પરિણતિ નથી, તેમ માનીએ તો, ગીતાર્થનિશ્રિત સાધુને ચારિત્રના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. અહીં પૂર્વપક્ષી કહે કે ગીતાર્થનિશ્રિત સાધુને ચારિત્ર ન માનીએ તો શું વાંધો ? તેથી કહે છે –**

**ગાથા :-**

**दुविहो पुणो विहारो, भावचरित्तीण भगवया भणिओ ।**
**एगो गीयत्थाणं, बितिओ तण्णिस्सिआणं च ॥२६॥**

द्विविधः पुनर्विहारो भावचारित्रिणां भगवता भणितः ।
एको गीतार्थानां द्वितीयस्तन्निश्रितानां च ॥२६॥

**ગાથાર્થ :-**

**ભગવાન વડે વળી ભાવચારિત્રીઓનો વિહાર=સંયમયોગમાં વિહરણ, બે પ્રકારનો કહેવાયો છે. ગીતાર્થોનો એક=એક વિહાર અને તેમના નિશ્રિતોનો=ગીતાર્થનિશ્રિતોનો, બીજો=બીજો વિહાર. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

ભગવાને ભાવચારિત્રીની સંયમની આચરણા બે પ્રકારની કહી છે. જે સાધુઓ સ્વદર્શન-પરદર્શન ભણીને ઉચિત સ્થાને ઉચિત શાસ્ત્રવચનોને જોડી શકે તેવી નિપુણ પ્રજ્ઞાવાળા છે, તેઓ ગીતાર્થ છે; અને તેવા ગીતાર્થો જે માર્ગાનુસારી ઉચિત પ્રવૃત્તિ કરે છે, તે ભાવચારિત્રીનો એક પ્રકારનો વિહાર છે.

વળી, કેટલાક સાધુ તેવી સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા નથી, તોપણ તેઓ ગીતાર્થ સાધુને ઓળખી શકે તેવા છે, અને તેમના વચનના નિયંત્રણ નીચે ઉચિત પ્રવૃત્તિ કરીને ભાવચારિત્રની પરિણતિ પ્રગટ કરી શકે તેવી પ્રજ્ઞાવાળા છે, તે ભાવચારિત્રીનો બીજા પ્રકારનો વિહાર છે.

તે બન્નેની સંયમની ઉચિત આચરણાને ભાવચારિત્રની આચરણારૂપે ભગવાને કહેલ છે. તેથી ગીતાર્થનિશ્રિત સાધુઓને પણ ભાવચારિત્ર છે તેમ માનવું જોઈએ; અને તેમ સ્વીકારીએ તો ગીતાર્થનિશ્રિત માષતુષઆદિ મુનિઓને પણ રત્નત્રયીની પરિણતિરૂપ માર્ગાનુસારીપણું છે તેમ માનવું જોઈએ. માટે ગાથા-૨૫માં પૂર્વપક્ષીએ કહેલ કે માષતુષમુનિને દ્રવ્યસમ્યગ્જ્ઞાન અને દ્રવ્યસમ્યગ્દર્શન છે માટે ભાવચારિત્રનું લિંગ નથી, તેનું નિરાકરણ થાય છે. ॥૨૬॥

**અવતરણિકા :-**

**ગાથા-૨૬માં ભાવચારિત્રીનો બે પ્રકારનો વિહાર બતાવીને માષતુષઆદિ મુનિઓમાં રત્નત્રયીની પરિણતિરૂપ માર્ગાનુસારીપણું છે તેમ સ્થાપન કર્યું. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે 'સન્મતિતર્ક' ગ્રંથમાં માષતુષઆદિ મુનિઓમાં દ્રવ્યસમ્યગ્દર્શન કહેલ છે. તેથી તેમનામાં ભાવસમ્યગ્દર્શન નથી, તો પછી**

રત્નત્રયીની પરિણતિરૂપ ભાવચારિત્રનું લિંગ કઈ રીતે સંગત થાય ? તેના સમાધાન માટે પ્રસ્તુત ગાથામાં માષતુષઆદિ મુનિઓને દ્રવ્યસમ્યક્ત્વ કઈ અપેક્ષાએ કહેલું છે, તે સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**संखेवाविक्खाए, रुइरूवे दंसणे य दव्वत्तं ।**
**भन्नइ जेणुवगिज्जइ, अयाणमाणे वि सम्मत्तं ॥२७॥**

संक्षेपापेक्षया रुचिरूपे दर्शने च द्रव्यत्वम् ।
भण्यते येनोपगीयत अजानतामपि सम्यक्त्वम् ॥२७॥

**ગાથાર્થ :-**

**અને રુચિરૂપ દર્શનમાં સંક્ષેપની અપેક્ષાથી દ્રવ્યપણું કહેવાય છે; જે કારણથી અજાણતામાં પણ=નવતત્ત્વના બોધ વગરના જીવોમાં પણ, સમ્યક્ત્વ શાસ્ત્રમાં કહેવાય છે. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

માષતુષઆદિ મુનિઓને ઓઘથી ભગવાનના વચન પ્રત્યેની સ્થિર રુચિ છે, અને તે ઓઘરુચિ દ્રવ્યસમ્યગ્દર્શન છે, એ પ્રકારે 'સન્મતિતર્ક'માં જે કહેલ છે, તે સંક્ષેપની અપેક્ષાથી કહેલ છે. તેમાં યુક્તિ આપે છે કે જે કારણથી શાસ્ત્રમાં નવતત્ત્વના નહિ જાણનારને પણ સમ્યક્ત્વ હોય છે, તેમ કહેવાયેલું છે. આનાથી એ પ્રાપ્ત થાય કે માષતુષમુનિમાં દર્શનમોહનીયનો ક્ષયોપશમભાવ છે, તોપણ ગીતાર્થ સાધુને જે રીતે વિસ્તારરુચિ સમ્યગ્દર્શન છે તેવું વિસ્તારરુચિ સમ્યગ્દર્શન માષતુષમુનિમાં નથી; પણ "આ સંસારથી તરવાનો ઉપાય એકમાત્ર સર્વજ્ઞનું વચન છે, અન્ય કોઈનું નહિ; અને તેના માટે ગીતાર્થને પરતંત્ર થઈને મારે સાધના કરવી જોઈએ, જેથી હું આ સંસારથી પાર પામું." આ પ્રકારની જિનવચનની સંક્ષેપરુચિ દર્શનમોહનીયના ક્ષયોપશમભાવથી માષતુષઆદિ મુનિઓને થયેલ છે. તેથી વિસ્તારરુચિના અભાવે તેઓના સમ્યગ્દર્શનને દ્રવ્યસમ્યગ્દર્શન કહ્યું છે. તેનાથી એમ નથી કહેવું કે તેમનામાં સમ્યગ્દર્શન પ્રગટ્યું નથી, પરંતુ વિસ્તારરુચિરૂપ ભાવસમ્યક્ત્વના કારણીભૂત એવું દ્રવ્યસમ્યગ્દર્શન છે; માટે ભાવથી રત્નત્રયીની પરિણતિરૂપ માર્ગાનુસારીપણું માષતુષઆદિ મુનિઓમાં છે.

અહીં વિશેષ એ છે કે અપુનર્બંધક જીવો સંયમ ગ્રહણ કરે છે ત્યારે તેમને સમ્યક્ત્વ ઉચ્ચરાવવામાં આવે છે, ત્યારે તેમનામાં દર્શનમોહનીયનો ક્ષયોપશમભાવ નથી, તોપણ ક્ષયોપશમભાવના સમ્યક્ત્વના કારણભૂત મિથ્યાત્વની મંદતાથી થયેલ રુચિ છે તેથી ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ નહિ હોવા છતાં તેના કારણભૂત દ્રવ્યસમ્યક્ત્વ અપુનર્બંધકમાં છે; અને માષતુષમુનિમાં તો દર્શનમોહનીયનો ક્ષયોપશમભાવ વર્તે છે, તેથી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે, તોપણ તેઓ ગીતાર્થ નહિ હોવાથી વિસ્તારરુચિ સમ્યગ્દર્શન નહિ હોવાના કારણે માષતુષમુનિમાં દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે.

માષતુષમુનિમાં દર્શનમોહનીયનો ક્ષયોપશમ છે, તેની પુષ્ટિ કરવા અર્થે નવતત્ત્વની ગાથા-૫૧ની સાક્ષી આપે છે : '**अयाणमाणे**' એ પ્રકારનું શાસ્ત્રવચન છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે વિસ્તારથી નવતત્ત્વનો બોધ તો ગીતાર્થને હોય છે, પણ જેઓ ગીતાર્થ નથી, જેઓ નવતત્ત્વને ભણ્યા હોય તોપણ પરમાર્થથી

જાણતા નથી, છતાં ભાવથી શ્રદ્ધા કરે છે કે ‘જીવ માટે એક મોક્ષ જ ઉપાદેય છે, અને તેનો ઉપાય સર્વજ્ઞના વચન અનુસાર જ ઉચિત પ્રવૃત્તિ છે’, આ પ્રકારની જેઓને સ્થિર શ્રદ્ધા છે, તેઓ નવતત્ત્વ નહિ જાણતા હોવા છતાં સમ્યગ્દષ્ટિ છે, અને તેવું સમ્યગ્દર્શન માષતુષમુનિમાં પણ છે; પરંતુ અપુનર્બંધકમાં જેવું દ્રવ્યસમ્યગ્દર્શન છે તેવું સમ્યગ્દર્શન ગ્રહણ કરીને સન્મતિતર્ક ગ્રંથમાં માષતુષમુનિને દ્રવ્યસમ્યગ્દર્શન કહેલ નથી. માટે ભાવથી રત્નત્રયીની પરિણતિરૂપ માર્ગાનુસારીપણું માષતુષમુનિમાં સ્વીકારવામાં કોઈ દોષ નથી, એ પ્રકારનો ધ્વનિ પ્રસ્તુત ગાથામાં છે. ॥૨૭॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે સિદ્ધસેનદિવાકરસૂરિએ માષતુષઆદિ મુનિઓને દ્રવ્યસમ્યક્ત્વ કહ્યું છે, તે સંક્ષેપરુચિની અપેક્ષાએ કહ્યું છે, પરંતુ અપુનર્બંધકમાં વર્તતા, મિથ્યાત્વની મંદતાથી થયેલા, ક્ષાયોપશમિક સમ્યક્ત્વના કારણરૂપ એવા દ્રવ્યસમ્યક્ત્વને ગ્રહણ કરીને કહેલ નથી. તે વાતને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**सव्ववएसा भन्नइ, लिंगे अब्भंतरस्स चरणस्स ।**
**जं दलरूवं दव्वं, कज्जावन्नं च जं भावो ॥२८॥**

सव्यपदेशाद् भण्यते लिङ्गेऽभ्यन्तरस्य चरणस्य ।
यद्दलरूपं द्रव्यं कार्यापन्नं च यद् भावः ॥२८॥

**ગાથાર્થ :-**

**સવ્યપદેશથી=કારણને દ્રવ્ય કહેવું અને કાર્યને ભાવ કહેવો એ પ્રકારના વ્યપદેશથી, અભ્યંતર ચારિત્રના=ભાવચારિત્રના, લિંગમાં જે દલરૂપ=કારણરૂપ છે તે દ્રવ્ય, અને જે કાર્યઆપન્ન છે=કાર્યરૂપે થયેલ છે, તે ભાવ કહેવાય છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગ્રંથમાં ગાથા-૩ થી ભાવચારિત્રનું લિંગ કહેવાનો પ્રારંભ કરેલ છે, અને ત્યારપછી ગાથા-૨૨માં કહ્યું કે નિશ્ચયનયથી જ્ઞાનાદિયુક્ત માર્ગાનુસારીપણું અભ્યંતર ચારિત્રનું લિંગ છે, અને તે અભ્યંતર ચારિત્રના લિંગમાં વર્તતી રત્નત્રયીની પરિણતિમાં સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનને સંક્ષેપરુચિની અપેક્ષાએ દ્રવ્યસમ્યક્ત્વ કહ્યું છે, અને તે કથન સવ્યપદેશથી છે; અને તે સવ્યપદેશથી કથનનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે- જે દલરૂપ=કારણરૂપ હોય તે દ્રવ્ય કહેવાય અને જે કાર્યરૂપે પરિણામ પામેલ હોય તે ભાવ કહેવાય, તેવો નિયમ છે.

અહીં વિશેષ એ છે કે સિદ્ધસેનદિવાકરસૂરિએ અપુનર્બંધકમાં કેવળ દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે, અને માષતુષ જેવા અગીતાર્થ મુનિઓમાં દ્રવ્ય અને ભાવ ઉભય સમ્યક્ત્વ કહેલ છે, તોપણ માષતુષ જેવા મુનિઓને દ્રવ્યની પ્રધાનતા અને ભાવને ગૌણ કરીને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે. જેમ પિંડરૂપ માટી હોય તે દ્રવ્યઘટ કહેવાય અને તે પિંડરૂપ માટી ઘટ બને ત્યારે ભાવઘટ કહેવાય; તે રીતે માષતુષમુનિ

જેવા મુનિઓમાં ભગવાનના વચનની જે સ્થિર રુચિ છે અને તેના કારણે ગુણવાન ગુરુને પરતંત્ર થવાનો જે પરિણામ છે, તે ભાવસમ્યગ્દર્શનનું દલ છે=કારણ છે, જે દ્રવ્યસમ્યક્ત્વ છે; અને જે જીવોમાં આવા પ્રકારનું દલરૂપ સમ્યક્ત્વ વિદ્યમાન હોય, તેવા જીવો ગીતાર્થને પરતંત્ર થઈને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા ગ્રહણ કરે છે, અને શાસ્ત્ર ભણીને ગીતાર્થ બને એટલે ભગવાનના વચનનો વિસ્તારથી બોધ થાય છે, ત્યારે તેવા જીવમાં વિસ્તારરુચિ સમ્યગ્દર્શન પેદા થાય છે, જે કાર્યરૂપે પરિણમન પામેલી રુચિ છે, અને તે ભાવસમ્યક્ત્વ છે.

આનાથી એ ફલિત થયું કે માષતુષ જેવા કેટલાક મુનિઓને દીક્ષા લેતી વખતે સંક્ષેપથી ભગવાનના વચન પ્રત્યે સ્થિર રુચિ હોય છે, તેથી ગીતાર્થને પરતંત્ર થઈને તેઓ રત્નત્રયીમાં યત્ન કરે છે ત્યારે, તેઓમાં મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમજન્ય ભગવાનના વચનની રુચિ છે, તોપણ ભગવાનના વચનનો વિસ્તારથી બોધ નથી, તેથી વિસ્તારરુચિ સમ્યગ્દર્શન નથી. આમ છતાં, તેઓની તે રુચિ વિસ્તારથી રુચિ થવાનું દલ છે=કારણ છે. તેથી વિસ્તારથી રુચિ થવાના દલની વિવક્ષા કરીને સિદ્ધસેનદિવાકરસૂરિએ અગીતાર્થ સાધુને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે; અને આ અગીતાર્થ સાધુ ગીતાર્થને નિશ્રિત થઈને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા ગીતાર્થ બને છે ત્યારે, ભગવાનના વચનના પરમાર્થનો બોધ થવાથી વિસ્તારરુચિ સમ્યક્ત્વ પ્રગટે છે, જે ભાવસમ્યક્ત્વ છે. તેથી એ પ્રાપ્ત થયું કે અગીતાર્થ અવસ્થામાં મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમજન્ય કારણરૂપ દ્રવ્યસમ્યગ્દર્શન હોય છે, તે ભગવાનના વચનના પરમાર્થને જાણ્યા પછી વિસ્તારરુચિરૂપે પરિણમન પામે છે, જે પૂર્વની સંક્ષેપરુચિનું કાર્ય છે, તેથી ભાવસમ્યક્ત્વ છે. જેમ દલરૂપ પિંડઅવસ્થાવાળી માટી દ્રવ્યઘટ છે, અને તે માટી ઘટરૂપે પરિણમન પામે છે ત્યારે ભાવઘટ બને છે, તેમ સંયમ લીધું ત્યારે અગીતાર્થને જે દલરૂપ=કારણરૂપ=દ્રવ્યરૂપ ભગવાનના વચનની રુચિ હતી, તે શાસ્ત્રોના પરમાર્થના અવગાહનના કારણે ભાવસમ્યક્ત્વરૂપે પરિણમન પામે છે.

આનાથી માષતુષઆદિ મુનિઓને દ્રવ્યસમ્યક્ત્વ છે, માટે તેઓને દ્રવ્યજ્ઞાન છે, તેથી તેઓમાં ભાવચારિત્રનું લિંગ રત્નત્રયીની પરિણતિ ઘટે નહિ, એ પ્રકારનો ગાથા-૨૫માં પૂર્વપક્ષીનો આશય હતો, તેનું નિરાકરણ થાય છે. તે આ રીતે–

માષતુષઆદિ મુનિઓમાં ક્ષયોપશમભાવના સમ્યક્ત્વના કારણભૂત એવું મિથ્યાત્વની મંદતાવાળું અપુનર્બંધકમાં વર્તતું દ્રવ્યસમ્યક્ત્વ ગ્રહણ કરીને સિદ્ધસેનદિવાકરસૂરિએ દ્રવ્યસમ્યક્ત્વ કહેલ નથી, પરંતુ ઓઘરુચિને આશ્રયીને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે; જ્યારે અપુનર્બંધકમાં હજી મિથ્યાત્વ વર્તે છે, તેથી તેઓમાં વાસ્તવિક સમ્યક્ત્વ નથી, પરંતુ મિથ્યાત્વની મંદતાને કારણે સમ્યક્ત્વની નજીકની ભૂમિકા છે. તેથી સમ્યક્ત્વના કારણભૂત મિથ્યાત્વની મંદતાજન્ય રુચિમાં સમ્યક્ત્વનો ઉપચાર કરીને અપુનર્બંધકને દ્રવ્યસમ્યક્ત્વ શાસ્ત્રકારો સ્વીકારે છે; અને આથી અપુનર્બંધક જીવો શાસ્ત્ર ભણે છે તોપણ વિપર્યાસને કારણે શાસ્ત્રોનો બોધ તેઓને વિપરીત પણ પરિણમન પામે છે. આમ છતાં મિથ્યાત્વની મંદતા હોવાને કારણે શાસ્ત્રના વચનના બળથી તેઓ ક્રમે કરીને ક્ષયોપશમભાવના સમ્યક્ત્વને પામે છે.

વળી, માષતુષ જેવા અગીતાર્થ મુનિઓને તો મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમભાવ હોવાને કારણે ભગવાનના વચન પ્રત્યે સ્થિર રુચિ છે, આમ છતાં ઓઘરુચિ હોવાને કારણે દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે,

અને તેવા મુનિઓ જેમ જેમ શાસ્ત્રો ભણે છે તેમતેમ બોધની વિશદતાને કારણે વિશદ રુચિવાળા થાય છે, અને તેવા મુનિઓ જ્યારે ગીતાર્થ થાય છે ત્યારે તેમને વિસ્તારરુચિ સમ્યક્ત્વ થાય છે, તેને સિદ્ધસેનદિવાકરસૂરિ ભાવસમ્યક્ત્વ કહે છે.

અહીં વિશેષ એ છે કે અપુનર્બંધકમાં કેવળ દ્રવ્યસમ્યક્ત્વ છે; જ્યારે માષતુષ જેવા અગીતાર્થ મુનિઓમાં દ્રવ્ય-ભાવ ઉભયરૂપ સમ્યક્ત્વ છે, તોપણ તેમને દ્રવ્યને પ્રધાન અને ભાવને ગૌણ કરીને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે; અને ગીતાર્થ મુનિઓને કેવળ ભાવસમ્યક્ત્વ છે. આ પ્રકારનો ખુલાસો ઉપાધ્યાયજી મહારાજે 'પ્રતિમાશતક' ગ્રંથમાં ગાથા-૧૫માં કરેલ છે. ॥૨૮॥

**અવતરણિકા :-**

**ગાથા-૨૦થી ૨૨માં કહેલ કે અપુનર્બંધક જીવ પણ દ્રવ્યચારિત્ર પાળે છે અને તે માર્ગાનુસારી ક્રિયા છે, માટે માર્ગાનુસારી ક્રિયા ભાવચારિત્રનું લિંગ થઈ શકે નહિ. તેના સમાધાનરૂપે ગ્રંથકારે ગાથા-૨૨માં ખુલાસો કર્યો કે અપુનર્બંધકમાં વ્યવહારથી માર્ગાનુસારિતા છે તે ભાવચારિત્રનું લિંગ નથી, પરંતુ નિશ્ચયનયથી રત્નત્રયીના પરિણામરૂપ જે માર્ગાનુસારિતા છે તે ભાવચારિત્રનું લિંગ છે. ત્યાં શંકા થાય કે વ્યવહારનયથી દ્રવ્યસાધુપણું પાળનાર અપુનર્બંધકમાં માર્ગાનુસારિતા સ્વીકારી છે, તેમ ભવાભિનંદી જીવો પણ દ્રવ્યચારિત્ર પાળે છે, તેમાં પણ વ્યવહારનયથી માર્ગાનુસારિતા સ્વીકારવી જોઈએ. તેનું નિરાકરણ કરતાં કહે છે –**

**ગાથા :-**

**ण उक्कडरूवसरिसं, भावविरहीण भवाभिणंदीणं ।**
**अहव कहं पि विसिट्ठं, लिंगं सा भावचरणस्स ॥२९॥**

नोत्कटरूपसदृशं भावविरहिणां भवाभिनन्दिनाम् ।
अथवा कथमपि विशिष्टं लिङ्गं सा=मार्गानुसारिक्रिया भावचरणस्य ॥२९॥

**ગાથાર્થ :-**

**ભાવવિરહિત એવા ભવાભિનંદી જીવોને ઉત્કટરૂપ સદૃશ લિંગ નથી=ભાવચારિત્રના લિંગ સદૃશ અપુનર્બંધક જેવું માર્ગાનુસારીપણું નથી અથવા ભાવચારિત્રનું કોઈક રીતે પણ વિશિષ્ટ એવું લિંગ सा=તે=માર્ગાનુસારી ક્રિયા છે. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

કેટલાક આરાધક જીવો આરાધના અર્થે સંયમ ગ્રહણ કરે છે, અને તેઓ સંયમની ક્રિયા સેવે છે ત્યારે અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો ક્ષયોપશમભાવ વર્તે છે, તેથી ભાવથી રત્નત્રયીની પરિણતિ વર્તે છે; કેમ કે તેવા મુનિઓ ભગવાનના વચનને પરતંત્ર થઈને ઉચિત ક્રિયાઓ કરે છે, અને તે ઉચિત ક્રિયા ભાવચારિત્રના લિંગરૂપ માર્ગાનુસારી ક્રિયા છે.

વળી, કેટલાક અપુનર્બંધક જીવ પણ ભવથી વિરક્ત થઈને સંયમ ગ્રહણ કરે છે, છતાં અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો ક્ષયોપશમભાવ થયો નથી; અને ગુણવાન ગુરુની નિશ્રામાં રહીને ચારિત્રની ક્રિયા કરે છે, તેના કારણે અનંતાનુબંધી ૧૨ કષાયોની મંદતા વર્તે છે, માટે તેઓની ચારિત્રની ક્રિયા ભાવસાધુની માર્ગાનુસારી ક્રિયા જેવી નહિ હોવા છતાં, તેને કંઈક સદૃશ દ્રવ્યમાર્ગાનુસારી ક્રિયા છે; કેમ કે ભાવમાર્ગાનુસારી એવા મુનિઓમાં જેવું ચારિત્રનું ઉત્કટરૂપ છે, તેવું ચારિત્રનું ઉત્કટરૂપ દ્રવ્યચારિત્ર પાળનારા એવા અપુનર્બંધકમાં નથી, તોપણ ઉત્કટરૂપ જેવું=ઉત્કટરૂપની નજીકનું ભાવચારિત્રનું લિંગ અપુનર્બંધકમાં છે. માટે વ્યવહારનય ચારિત્ર પાળનારા એવા અપુનર્બંધકમાં પણ માર્ગાનુસારી ક્રિયા સ્વીકારે છે, એ પ્રકારે ગાથા-૨૨ માં કહેલ છે. પરંતુ જેઓ ભગવાનના વચન પ્રત્યેની રુચિથી વિપરીત રુચિવાળા છે તેઓ ભાવથી રહિત છે, અને તેવા ભવાભિનંદી જીવો ચારિત્ર ગ્રહણ કરીને ચારિત્રની ક્રિયા કરતા હોય, તોપણ અપુનર્બંધકના જેવું ભાવચારિત્રના બીજભૂત માર્ગાનુસારીપણું પણ ભવાભિનંદી જીવોમાં નથી. માટે વ્યવહારનય ભાવચારિત્રરૂપ ગુણના બીજભૂત માર્ગાનુસારીપણાને ગ્રહણ કરીને જેમ અપુનર્બંધકની ચારિત્રની ક્રિયાને માર્ગાનુસારી ક્રિયા કહે છે, તેમ ભવાભિનંદીની ચારિત્રની ક્રિયાને માર્ગાનુસારી ક્રિયા કહેતો નથી. આ બતાડવા માટે ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે ભાવરહિત એવા ભવાભિનંદી જીવોને ઉત્કટરૂપ જેવું લિંગ નથી. એનાથી એ ફલિત થયું કે વ્યવહારનયથી પણ ભવાભિનંદી જીવોને માર્ગાનુસારીપણું નથી.

ગાથા-૨૦/૨૧માં પૂર્વપક્ષીએ શંકા કરેલી કે ચારિત્રીની માર્ગાનુસારી ક્રિયા ભાવચારિત્રનું લિંગ થઈ શકે નહિ; કેમ કે અપુનર્બંધક પણ તે માર્ગાનુસારી ક્રિયાઓ કરે છે. તેનું સમાધાન ગાથા-૨૨માં ગ્રંથકારે કરેલ કે અપુનર્બંધકમાં વ્યવહારનયથી માર્ગાનુસારીપણું છે અને ચારિત્રીમાં નિશ્ચયનયથી રત્નત્રયીની પરિણતિરૂપ માર્ગાનુસારીપણું છે, માટે ચારિત્રીની માર્ગાનુસારી ક્રિયા ભાવચારિત્રનું લિંગ થઈ શકશે.

હવે ચારિત્રાચારની ક્રિયાને ગ્રહણ કરીને અપુનર્બંધક કરતાં વિલક્ષણ એવી ચારિત્રની ક્રિયા ભાવસાધુમાં છે, અને તે ભાવચારિત્રનું લિંગ છે, તે બતાવવા માટે '**अहवा**' થી કહે છે–

"ભાવચારિત્રનું વિશિષ્ટ લિંગ માર્ગાનુસારી ક્રિયા છે." આશય એ છે કે ભવાભિનંદી જીવો, અપુનર્બંધક જીવો અને અનંતાનુબંધી આદિ બાર કષાયના ક્ષયોપશમવાળા ભાવચારિત્રી જીવો, આ ત્રણેય સાધુવેશમાં હોય ત્યારે સાધ્વાચારની ક્રિયાઓ કરતા હોય, તોપણ ભવાભિનંદી જીવોની સાધ્વાચારની ક્રિયા દ્રવ્યથી પણ માર્ગાનુસારી ક્રિયા નથી અર્થાત્ અપ્રધાનદ્રવ્યક્રિયા છે, અને અપુનર્બંધક જીવોની ક્રિયા દ્રવ્યથી માર્ગાનુસારી ક્રિયા છે, અને ભાવચારિત્રીની ક્રિયા રત્નત્રયીરૂપ ભાવમાર્ગને અનુસરનારી છે. તેથી ભાવચારિત્રીની ક્રિયા અપુનર્બંધક જીવો કરતાં વિશિષ્ટ છે, અને તેવી વિશિષ્ટ ક્રિયા ભાવચારિત્રનું લિંગ છે. માટે અપુનર્બંધક જીવમાં કે ભવાભિનંદી જીવમાં ભાવચારિત્રના લિંગની અતિવ્યાપ્તિ નથી.

અહીં વિશેષ એ છે કે ભાવસાધુને આ સંસારનો અત્યંત ભય છે અને ભગવાનના વચનમાં સ્થિરરુચિ છે. તેના કારણે ગુણવાન એવા સંવિગ્ન-ગીતાર્થને જાણીને તેમને પરતંત્ર થયેલા છે અને ગીતાર્થના વચન

અનુસાર ક્રિયામાં યત્ન કરે છે. અને તે ક્રિયાના વ્યત્યયને કરનાર પ્રત્યાખ્યાની કષાયોનો તેમને ક્ષયોપશમભાવ વર્તે છે. તેવા સાધુ જે ક્રિયા કરે તેનાથી સમભાવની વૃદ્ધિરૂપ સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે, અને તેમની આવી વિશિષ્ટ ક્રિયા ભાવચારિત્રનું લિંગ છે.

અપુનર્બંધક જીવ સાધુપણું લઈને ગુણવાનગુરુને પરતંત્ર થઈને ચારિત્રાચારની ક્રિયા કરતો હોય તોપણ ભગવાનના વચનથી વિપરીત રુચિ કરનાર અનંતાનુબંધી કષાય વિદ્યમાન છે, અને ક્રિયાના વ્યત્યયને કરનાર અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોનો ઉદય પણ વર્તે છે; અર્થાત્ કરાતી ચારિત્રાચારની ક્રિયાને ચારિત્રની નિષ્પત્તિમાં બાધ કરે એવા અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોનો ઉદય પણ વર્તે છે. વળી, અનંતાનુબંધી આદિ ૧૨ કષાયો કંઈક મંદ થયા છે, તેથી સ્થૂલથી ભગવાનના વચનની રુચિ પણ છે, અને ચારિત્રાચારની ક્રિયા સ્થૂલથી માર્ગાનુસારી છે; તેથી ભાવચારિત્રના લિંગરૂપ માર્ગાનુસારી ક્રિયા નહિ હોવા છતાં ભવિષ્યમાં ભાવચારિત્રના લિંગનું કારણ બને તેવી માર્ગાનુસારી ક્રિયા અપુનર્બંધકની છે.

વળી, ભવાભિનંદી જીવોને ભગવાનના વચનથી અનિવર્તનીય વિપરીત રુચિ છે. તેથી તેઓની ચારિત્રની ક્રિયા સ્થૂલથી મુનિ જેવી કે અપુનર્બંધક જીવ જેવી દેખાય, તોપણ મોક્ષમાર્ગને અનુકૂળ જીવની પરિણતિનું કારણ બને તેવી નથી. માટે તે ક્રિયાઓ આકારથી સદૃશ દેખાય, તોપણ પરમાર્થથી સંસારનું કારણ છે. ॥૨૯॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં 'अहवा' થી કહ્યું કે ભાવચારિત્રીની માર્ગાનુસારી ક્રિયા કોઈક રીતે પણ વિશિષ્ટ છે તેથી ભાવચારિત્રનું લિંગ છે. માટે અપુનર્બંધક આદિની સાધ્વાચારની ક્રિયામાં ભાવચારિત્રીના લિંગની અતિવ્યાપ્તિ થશે નહિ. હવે તે વાતને સ્પષ્ટ કરવા દૃષ્ટાંત દ્વારા અપુનર્બંધક અને ભાવચારિત્રીની માર્ગાનુસારી ક્રિયાના ભેદને બતાવે છે –**

**ગાથા :-**

**इक्खुरसगुडाईणं, महुरत्ते जह फुडं विभिण्णत्तं ।**
**तह अपुणबंधचरणाइभावभेओ वि सुपसिद्धो ॥३०॥**

इक्षुरसगुडादीनां मधुरत्वे यथा स्फुटं विभिन्नत्वम् ।
तथाऽपुनर्बन्धकचरणादिभावभेदोऽपि सुप्रसिद्धः ॥३०॥

**( इति मार्गानुसारिक्रियास्वरूपं प्रथमं लक्षणम् )**

**ગાથાર્થ :-**

**ઈક્ષુરસ અને ગુડાદિના મધુરપણામાં જે પ્રકારે સ્પષ્ટ ભેદ છે, તે પ્રકારે અપુનર્બંધકના ચરણાદિના ભાવનો ભેદ પણ સુપ્રસિદ્ધ છે. ॥૩૦॥**

* અહીં '**इक्षुरसगुडादि**' માં '**आदि**' પદથી 'શર્કરા'નું ગ્રહણ કરવાનું છે. તેથી દૃષ્ટાંતમાં ઈક્ષુરસ અને ગુડાદિના મધુરપણાનો ભેદ લેવો અથવા ઈક્ષુરસ અને શર્કરાના મધુરપણાનો ભેદ લેવો, અને દાર્ષ્ટાન્તિકમાં અપુનર્બંધકનું ચરણ અને '**आदि**' પદથી ભાવચારિત્રીનું ચરણ તે બેનો જ ભેદ ગ્રહણ કરવાનો છે, અન્યનો નહિ.

**ભાવાર્થ :-**

શેરડીનો રસ મીઠો હોય છે અને તેમાંથી ગોળ બનેલો હોય છે તેમાં ઘણી મીઠાશ હોય છે. તેથી જેમ ઈક્ષુરસમાં મધુરતા હોય છે તેમ ગોળમાં પણ મધુરતા હોય છે. આમ છતાં, ઈક્ષુરસમાં જેટલી મધુરતા છે તેના કરતાં ગોળમાં અધિક મધુરતા હોય છે. તેથી ઈક્ષુરસ અને ગોળની મધુરતામાં ભેદ સ્પષ્ટ દેખાય છે. તે રીતે ગુણવાનને પરતંત્ર થયેલા અપુનર્બંધક સાધુ સંયમની ક્રિયા કરે છે અને તેના દ્વારા સંવેગની મધુરતાનો જે અનુભવ કરે છે, અને બાર કષાયના ક્ષયોપશમવાળા મુનિ ગુણવાનને પરતંત્ર થઈને સંયમની આચરણા કરે છે અને તેના દ્વારા સંવેગની મધુરતાનો જે અનુભવ કરે છે, તે બન્નેનો સ્પષ્ટ ભેદ પણ સુપ્રસિદ્ધ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંયમને સ્વીકારેલ એવા અપુનર્બંધક સાધુ, ગુણવાનને પરતંત્ર થઈને વિધિપૂર્વક ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાની ક્રિયા કરતા હોય તેના દ્વારા જે સંવેગની વૃદ્ધિ થાય છે, તે સામાન્ય નિર્જરાનું કારણ છે; અને તત્ત્વના પરમાર્થને જાણનાર ભાવચારિત્રી, સંયમ ગ્રહણ કર્યા પછી ગુણવાનને પરતંત્ર રહીને વિધિપૂર્વક ગ્રહણશિક્ષામાં અને આસેવનશિક્ષામાં યત્ન કરતા હોય તેના દ્વારા જે સંવેગની વૃદ્ધિ થાય છે, તે મહાનિર્જરાનું કારણ છે. વળી અપુનર્બંધકને અનુભવાતો સંવેગ અને ચારિત્રીને અનુભવાતો સંવેગ અંતરંગ સુખના સંવેદનરૂપ છે. તેથી તે બન્ને વચ્ચેનો ભેદ બતાવવા માટે ઈક્ષુરસની અને ગુડાદિની મધુરતાના દૃષ્ટાંતથી કહ્યું કે અપુનર્બંધકની સંયમની ક્રિયામાં ઈક્ષુરસ જેવું માધુર્ય છે, અને ભાવચારિત્રીની સંયમની ક્રિયામાં ગોળના જેવું માધુર્ય છે, અથવા અપુનર્બંધકની સંયમની ક્રિયામાં ઈક્ષુરસ જેવું માધુર્ય છે અને ભાવચારિત્રીની સંયમની ક્રિયામાં શર્કરા જેવું માધુર્ય છે. અપુનર્બંધકને જેવા પ્રકારનું સંવેગનું સુખ છે તેના કરતાં ભાવચારિત્રીને અનંતગણું અધિક સંવેગનું સુખ છે. તેથી અપુનર્બંધકની આચરણા અને ભાવચારિત્રીની આચરણા વચ્ચે ભેદ પ્રસિદ્ધ છે. ॥૩૦॥

## બીજું લક્ષણ – 'પ્રજ્ઞાપનીયપણું'

**અવતરણિકા :-**

**ગાથા-૩ માં બતાવેલ યતિનાં સાત લક્ષણોમાંથી પ્રથમ લક્ષણ 'માર્ગાનુસારીક્રિયા' ગાથા-૪ થી ૩૦ સુધીમાં સ્પષ્ટ કર્યું. હવે બીજું લક્ષણ 'પ્રજ્ઞાપનીયપણું' બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**मग्गणुसारिकिरियाभाविअचित्तस्स भावसाहुस्स ।**
**विहिपडिसेहेसु भवे, पन्नवणिज्जत्तमुजुभावा ॥३१॥**

मार्गानुसारिक्रियाभावितचित्तस्य भावसाधोः ।
विधिप्रतिषेधयोर्भवेत्प्रज्ञापनीयत्वमृजुभावात् ॥३१॥

**ગાથાર્થ :-**

**ઋજુભાવ હોવાના કારણે=સરળતા ગુણ હોવાના કારણે, માર્ગાનુસારી ક્રિયાથી ભાવિત ચિત્તવાળા એવા ભાવસાધુને વિધિ અને નિષેધમાં પ્રજ્ઞાપનીયપણું હોય છે. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

ભાવસાધુ હંમેશાં માર્ગાનુસારીક્રિયા કરીને તે ક્રિયાઓથી આત્માને ભાવિત ચિત્તવાળો બનાવે છે, જેથી રત્નત્રયીની પરિણતિ સદા તેનામાં વર્તે છે. આવા સાધુઓ ભગવાનના વચન અનુસાર વિધિમાં પ્રવૃત્તિ કરે છે અને ભગવાને કરેલા નિષેધથી નિવૃત્ત થાય છે; આમ છતાં ક્વચિત્ અનાભોગથી વિધિમાં કોઈ વિપરીત પ્રવૃત્તિ થાય કે નિષેધમાં કોઈ વિપરીત પ્રવૃત્તિ થાય ત્યારે ગીતાર્થ તેઓને ઉચિત બોધ કરાવે છે; ત્યારે તેનામાં આરાધનાનો સરળ ભાવ હોવાના કારણે ગીતાર્થનું વચન તે સહજ સ્વીકારી લે છે, જે તેનામાં રહેલ પ્રજ્ઞાપનીયપણું છે. જે સાધુમાં આવી પ્રજ્ઞાપનીયતા નથી તે સાધુ સંયમને ઉચિત ક્રિયા કરતા હોય તોપણ ભાવસાધુ નથી; કેમ કે સામાયિક સમતાના પરિણામરૂપ છે, અને સમભાવ એ ઉચિત પ્રવૃત્તિની પ્રધાનતાવાળું છે તેથી જે સાધુ અનાભોગથી પણ વિપરીત પ્રવૃત્તિ કરતા હોય અને ગીતાર્થ તેને સમજાવે તોપણ તે સ્વીકારવા તૈયાર ન થાય તો તે ઉચિત પ્રવૃત્તિ બને નહિ, તેથી જેઓમાં પ્રજ્ઞાપનીયતા નથી. તેઓમાં સમભાવનો પરિણામ રહી શકે નહિ, માટે ભાવસાધુનું લક્ષણ પ્રજ્ઞાપનીયપણું કહેલ છે. ॥૩૧॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં બતાવ્યું કે ભાવસાધુ પ્રજ્ઞાપનીય હોય છે. તે પ્રજ્ઞાપનીય એવા ભાવસાધુને જ્યારે કોઈક સ્થાને મોહ થાય કે ભ્રમ થાય ત્યારે એવા પ્રજ્ઞાપનીય તે સાધુને સુગુરુ જે બોધ કરાવે છે, તે ગાથા-૩૨ થી ૩૪ સુધીમાં કહે છે –**

**ગાથા :-**

**विहि-उज्जम-वन्नय-भय-उस्सग्ग-ववाय-तदुभयगयाइं ।**
**सुत्ताइं बहुविहाइं, समए गंभीरभावाइं ॥३२॥**
**पिंडेसण-दुमपत्तय-रिद्धत्थिमियाइ-नरयमंसाइ ।**
**छज्जीवे-गविहारा, वाहितिगिच्छा य णायाइं ॥३३॥**

विध्युद्यमवर्णकभयोत्सर्गापवादतदुभयगतानि ।
सूत्राणि बहुविधानि समये गम्भीरभावानि ॥३२॥
पिण्डैषण-द्रुमपत्रक-ऋद्धस्तिमितादि-नरकमांसादीनि ।
षड्जीवैकविहारौ व्याधिचिकित्सा च ज्ञातानि ॥३३॥

**ગાથાર્થ :-**

**સિદ્ધાંતમાં (૧) વિધિ, (૨) ઉદ્યમ, (૩) વર્ણક, (૪) ભય, (૫) ઉત્સર્ગ, (૬) અપવાદ અને (૭) તદુભયગત=ઉત્સર્ગ-અપવાદગત બહુપ્રકારનાં ગંભીરભાવવાળાં સૂત્રો છે. ॥૩૨॥**

તે સાત પ્રકારનાં સૂત્રોનાં દૃષ્ટાંતો બતાવે છે –

**(૧) પિંડેષણા (૨) દ્રુમપત્રક (૩) રિદ્ધત્થિમિયાઇ (૪) નરકમાંસાદિ (૫) ષડ્જીવનિકાય (૬) એકાકી વિહાર અને (૭) વ્યાધિચિકિત્સા દૃષ્ટાંતો છે. ॥૩૩॥**

**ગાથા :-**

**तेसिं विसयविभागं, मुज्झइ कुग्गहरओ अयाणंतो ।**
**बोहेइ तं च णाउं, पन्नवणिज्जं सुसीलगुरू ॥३४॥**

तेषां विषयविभागं, मुह्यते कुग्रहरतोऽजानन् ।
बोधयति तं च ज्ञात्वा, प्रज्ञापनीयं सुशीलगुरुः ॥३४॥

**ગાથાર્થ :-**

**તેઓના=ગાથા-૩૨ માં બતાવ્યાં તે સૂત્રોના, વિષયવિભાગને=ગાથા-૩૩ માં બતાવ્યા તે રૂપ દૃષ્ટાંતવિભાગને, નહિ જાણતા, કુગ્રહમાં રત એવા સાધુ મોહ પામે છે, અને તેને પ્રજ્ઞાપનીય જાણીને સુશીલ ગુરુ બોધ કરાવે છે. ॥૩૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનના વચનરૂપ શાસ્ત્રો સૂત્રાત્મક છે. વળી તે સૂત્રો ગંભીર ભાવવાળા અને ઘણા પ્રકારનાં છે અને સામાન્ય રીતે તે સૂત્રોના સાત પ્રકારના વિભાગો છે.

સાધુ શાસ્ત્રો ભણતા હોય ત્યારે આ સાત પ્રકારના વિભાગોમાંથી જે સૂત્ર જ્યાં જોડાતું હોય ત્યાં જોડે. એટલું જ નહિ પણ તે સૂત્રમાં રહેલા ગંભીર ભાવોને સમજવા માટે પણ સમ્યક્ યત્ન કરે, અને સમ્યક્ બોધ કરીને તે સૂત્રના બળથી વિધિ અને નિષેધમાં ઉચિત પ્રવૃત્તિ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરે. આમ છતાં તે સાધુ કોઈક સ્થાનમાં તે સૂત્રના વિષયવિભાગને ન જાણી શકે તો, જે સૂત્ર જે વિભાગમાં છે તેનાથી અન્ય વિભાગમાં જોડીને પ્રવૃત્તિ કરતા હોય ત્યારે, તેમની તે પ્રવૃત્તિ કુગ્રહવાળી હોય છે અર્થાત્ ભગવાનના વચનથી વિપરીત રીતે ગ્રહણ કરાયેલી હોય છે, તેથી તે પ્રવૃત્તિ વિપરીત રીતે થાય છે. આથી તે સાધુ યોગમાર્ગમાં મોહ પામેલા છે. આમ છતાં તે પ્રજ્ઞાપનીય છે, તેથી સુશીલ એવા ગુરુ તેને બોધ કરાવે છે, અર્થાત્ જે સુંદર શીલવાળા ગુરુ છે તેઓ હંમેશાં યોગ્ય શિષ્યના હિતની ચિંતા કરનારા હોય છે, અને યોગ્ય શિષ્ય શાસ્ત્રના વિષયવિભાગને નહિ જાણતા હોવાના કારણે વિપરીત પ્રવૃત્તિ કરતા હોય ત્યારે સુગુરુ કેવળ તેના હિતના આશયથી તેને પ્રજ્ઞાપનીય જાણીને ભગવાનના વચનના પારમાર્થિક તાત્પર્યને બતાવે છે, જેથી પ્રજ્ઞાપનીય એવા તે સાધુ સૂત્રના ઉચિત વિભાગને જાણીને આત્મહિત સાધી શકે છે.

હવે પ્રજ્ઞાપનીય સાધુને ગુરુ, સૂત્રના ઉચિત વિભાગને કઈ રીતે બતાવે છે, અને સૂત્રના અર્થને સમ્યક્ જાણવા માટે યત્ન કરનાર પણ સાધુ વિષયવિભાગમાં કેમ મોહ પામે છે, તે બતાવવા માટે ગાથા-૩૨માં સૂત્રોના સાત પ્રકારના વિભાગો બતાવેલ છે. તે સાત વિભાગોનાં સાત દૃષ્ટાંત ગાથા-૩૩માં બતાવ્યાં છે, તેનો અર્થ આ પ્રમાણે છે :

**(૧) વિધિસૂત્રો :-**

તેમાં પિંડ એષણા નામનું દશવૈકાલિક સૂત્રનું અધ્યયન દૃષ્ટાંત છે, જેની અંદર સાધુએ ભિક્ષા લાવવા સંબંધી ઉચિત વિધિનું વર્ણન છે. આની જેમ અન્ય સાધ્વાચારની વિધિ બતાવનારાં સર્વસૂત્રો વિધિ વિભાગમાં અંતર્ભાવ પામે છે.

**(૨) ઉદ્યમસૂત્રો :-**

તેમાં દ્રુમપત્રકનું દૃષ્ટાંત છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૦મા દ્રુમપત્રક અધ્યયનથી કહેલ છે કે જેવી રીતે રાત્રિઓ અને દિવસો પસાર થતાં વૃક્ષ ઉપરથી જીર્ણ થયેલું વૃક્ષનું પાંદડું ખરી જાય છે, તેમ મનુષ્યનું આયુષ્ય પણ દિવસો અને રાત્રિઓ પસાર થતાં નાશ પામે છે; માટે એક ક્ષણ પણ પ્રમાદ કરવો જોઈએ નહિ. આ પ્રકારે ગૌતમસ્વામીને ઉદ્દેશીને ઉત્તરાધ્યયનસૂત્રમાં કહેલ છે. આવાં વચનો જે જે શાસ્ત્રમાં છે તે તે ઉદ્યમસૂત્ર છે, જેના બળથી જીવ યોગમાર્ગમાં અપ્રમાદથી ઉદ્યમ કરી શકે છે.

સામાન્ય રીતે યોગમાર્ગ કાયિક, વાચિક અને માનસિક ક્રિયાત્મક છે. તેથી સાધુ કોઈક સંયમના પ્રયોજનથી કાયિક ક્રિયા કરતા હોય ત્યારે, તે કાર્યમાં શ્રુતથી નિયંત્રિત સુદૃઢ મનોયોગ પ્રવર્તાવતા હોય, તો તે કાયિક ક્રિયા યોગમાર્ગ બને. જેમ ગમનાદિ કરતા હોય ત્યારે અત્યંત ઈર્યાસમિતિના ઉપયોગપૂર્વક ગમનાગમન કરતા હોય તો તે ગમનની ક્રિયા સંયમની વૃદ્ધિ અને સમભાવની વૃદ્ધિનું કારણ બને, અન્યથા પ્રમાદ બને.

વળી, સાધુ કોઈક સંયમના પ્રયોજનથી વાચિક ક્રિયા કરતા હોય ત્યારે, વચનયોગની શાસ્ત્રમર્યાદાથી સંવેગની વૃદ્ધિ થાય તેવા વચનપ્રયોગ કરતા હોય તો તે વાચિક ક્રિયા યોગમાર્ગ બને, પણ જેનું કોઈ પ્રયોજન ન હોય તેવું જે તે વચન બોલે તો તે પ્રમાદ બને.

વળી, સાધુ માનસિક ક્રિયા કરતા હોય ત્યારે પણ સ્વાધ્યાય દ્વારા સંવેગની વૃદ્ધિ થાય કે ધ્યાન દ્વારા સંવેગની વૃદ્ધિ થાય તેમ મનોયોગ પ્રવર્તાવતા હોય તો તે માનસિક ક્રિયા યોગમાર્ગ બને, પરંતુ સામાન્ય રીતે સૂત્રની વિચારણા કરતા હોય છતાં સંવેગની વૃદ્ધિને અનુકૂળ યત્ન ન હોય તો તે પ્રમાદ બને.

આથી માનસિક, વાચિક અને કાયિક ત્રણેય યોગની પ્રવૃત્તિઓ સંયમની વૃદ્ધિનું કારણ બને તે રીતે પ્રવર્તાવવા તે અપ્રમાદભાવ છે, અને અપ્રમાદભાવને ઉલ્લસિત કરવામાં ઉપકારક દરેક શાસ્ત્રવચન ઉદ્યમસૂત્રમાં અંતર્ભાવ પામે છે.

**(૩) વર્ણકસૂત્રો :-**

નગર વગેરેનું વર્ણન જે સૂત્રોમાં આવતું હોય તે વર્ણકસૂત્રો છે; જેમ કે ચંપાનગરીનું વર્ણન જ્ઞાતાધર્મકથા શાસ્ત્રમાં **'रिद्धत्थिमियसमिद्धा'** એ સૂત્રમાં આવે છે. જ્ઞાતાધર્મકથા વગેરે અંગશાસ્ત્રોમાં આવાં વર્ણકગત સૂત્રો છે.

(૪) ભયસૂત્રો :-

સંસારથી કે પાપથી ભય પમાડવા માટે જે સૂત્રો છે તે ભયસૂત્રો છે; જેમ કે નારકીનાં શરીરો માંસાદિના લોચા જેવાં છે અને અત્યંત બિભત્સ છે તેમ વર્ણન કરેલ છે, જે સાંભળીને વિચારક જીવને નારકીની કેવી વિષમ સ્થિતિ છે તેની ઉપસ્થિતિ થાય, અને તેની ઉપસ્થિતિ થવાથી તેને થાય કે આ સંસારમાં જો સાધના કરીને મોક્ષમાં ન પહોંચાય તો ફરી ફરી નારકની પ્રાપ્તિની પણ સંભાવના છે. વળી, પ્રમાદપૂર્વક સંયમમાર્ગનું પાલન કરવામાં આવે તો ફરી ફરી નરકમાં જવાના પ્રસંગો આવે. માટે નારકીને બતાવનારા ભયસૂત્રોના બળથી પણ અપ્રમાદભાવની વૃદ્ધિ થાય, તે અર્થે ભયસૂત્રો બતાવવામાં આવેલ છે. આ ભયસૂત્રો પણ વાસ્તવિક અર્થને કહેનારાં હોય છે, પરંતુ નારકીનાં શરીરો વૈક્રિય પુદ્ગલરૂપ હોવાથી ઔદારિક શરીરમાં રહેલાં માંસ-લોહી જેવો પરિણામ ન હોવા છતાં, અહીં મનુષ્યના શરીરમાં માંસ-લોહી આદિ જેવાં બિભત્સ દેખાય છે, તેના કરતાં પણ અત્યંત બિભત્સ તેઓનું શરીર હોય છે, તે બતાવવા માટે માંસાદિની ઉપમા દ્વારા તેનું વર્ણન કહેલ છે.

* અહીં '**नरकमांसादीनि**' માં '**आदि**' પદથી ઉત્સૂત્ર ભાષણથી અનંત સંસારને કહેનારાં શાસ્ત્રવચન પણ ભયસૂત્ર છે.

(૫) ઉત્સર્ગસૂત્રો :-

ઉત્સર્ગસૂત્રો ષડ્જીવનિકાયને કહેનારાં છે; જેમ કે દશવૈકાલિકસૂત્રમાં ષડ્જીવનિકાયનું વર્ણન છે, તેમાં છ જીવનિકાયના રક્ષણ માટે સામાન્ય રીતે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેનું વક્તવ્ય છે, તે ઉત્સર્ગસૂત્ર છે. આ સિવાયનાં સંયમજીવનની નિર્દોષ ઉચિત આચરણાનું વિધાન કરનારાં અને અનુચિત પ્રવૃત્તિના નિષેધને કરનારાં અન્ય પણ સામાન્ય વચનો ઉત્સર્ગસૂત્રો છે; જેમ કે સાધુજીવનમાં નિર્દોષ ભિક્ષા, નિર્દોષ વસ્તી આદિને કહેનારાં સૂત્રો તે ઉત્સર્ગસૂત્રો છે.

(૬) અપવાદસૂત્રો :-

અપવાદસૂત્રમાં સાધુના એકાકી વિહારને કહેનારાં શાસ્ત્રવચનો છે; જેમ કે ગીતાર્થો તેવું કારણવિશેષ હોય તો અપવાદથી ગચ્છને છોડીને એકાકી વિહાર કરે, તેમ દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે, તે અપવાદસૂત્ર છે. તે સિવાય ઉત્સર્ગથી જેનો નિષેધ કર્યો હોય તેનું કારણવિશેષથી વિધાન હોય, તેવાં સૂત્રો પણ અપવાદસૂત્રો છે. વળી, ઉત્સર્ગથી જેનું વિધાન હોય તેનો કારણવિશેષથી નિષેધ કરવામાં આવ્યો હોય, તેવાં કથનો કહેનારાં પણ અપવાદસૂત્રો છે.

(૭) ઉભયસૂત્રો :-

ઉત્સર્ગ-અપવાદ બન્નેને કહેનારાં સૂત્રો ઉભયસૂત્રો છે. જેમ વ્યાધિચિકિત્સાને કહેનારાં શાસ્ત્રવચનો ઉત્સર્ગ-અપવાદ બન્નેને કહેનારાં છે. તે આ રીતે- કોઈપણ વ્યાધિ થયો હોય તો ઉત્સર્ગથી સાધુ વ્યાધિચિકિત્સા ન કરે, પણ અદીનભાવથી સહન કરીને સમભાવની વૃદ્ધિ કરે; પણ કોઈક સાધુમાં તેવું ધૃતિબળ ન હોય, તેથી વ્યાધિસહનકાળમાં સંયમયોગના અધ્યવસાય શિથિલ થતા હોય, તો સંયમયોગના અધ્યવસાયના પ્રકર્ષ અર્થે વ્યાધિચિકિત્સા પણ કરે. તેથી ઉત્સર્ગથી વ્યાધિચિકિત્સાનો નિષેધ કરીને તે

સૂત્રમાં અપવાદથી વ્યાધિચિકિત્સાને કહેનારું વિધાન હોય, તો તે સૂત્ર ઉત્સર્ગ-અપવાદસૂત્ર છે અર્થાત્ એક સૂત્રમાં ઉત્સર્ગ-અપવાદ બન્ને વણાયેલાં છે, તેથી તે ઉભયસૂત્ર છે.

ગાથા-૩૨માં ૭ પ્રકારનાં સૂત્રોના વિભાગો છે તેમ બતાવી તે વિભાગો ગંભીરભાવવાળા છે તેમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે આ વિભાગોથી કયું સૂત્ર કયા વિભાગમાં જાય તે ઉચિત રીતે યોજીને તે સૂત્રના વચનથી સંયમના કંડકની વૃદ્ધિ કેમ કરવી તે પ્રકારનો યથાર્થ વિનિયોગ બહુશ્રુત ગીતાર્થ કરી શકે; અન્ય નહિ. વળી, આરાધક અગીતાર્થ સાધુ તેના વિષયવિભાગને ક્યાંક નહિ જાણી શકવાને કારણે, વિપરીત યોજન કરીને એમ પણ માને કે 'હું આ સૂત્રથી ઉચિત પ્રવૃત્તિ કરું છું', તો આ પ્રકારની તેની માન્યતા કુગ્રહરૂપ છે=સૂત્રના કુત્સિત ગ્રહણરૂપ છે, અને સૂત્રને તે રીતે ગ્રહણ કરીને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવામાં રત તે સાધુ મોહ પામે છે, જેથી સંયમનાં કંડકોની વૃદ્ધિને બદલે તે સૂત્રના અવલંબનથી વિપરીત પ્રવૃત્તિ કરીને સંયમનાં અધોકંડકોમાં જાય છે ત્યારે તે સાધુ પ્રજ્ઞાપનીય છે તેમ જાણીને સુશીલ ગુરુ અર્થાત્ ગીતાર્થ ગુરુ તેને બોધ કરાવે છે=વિષયવિભાગને સમજાવે છે, અને તેના કુગ્રહને દૂર કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ગાથા-૩૧માં કહ્યું તેવી માર્ગાનુસારી ક્રિયાથી ભાવિત ચિત્તવાળા સાધુ ઋજુભાવવાળા અને પ્રજ્ઞાપનીય હોય છે. આવા પ્રજ્ઞાપનીય સાધુ કોઈ સ્થાનને આશ્રયીને સૂત્રના વિભાગમાં મોહ પામ્યા હોય તો સુગુરુ તેમને બોધ કરાવીને હિતમાં પ્રવૃત્તિ કરાવે છે. આવા સાધુ પ્રજ્ઞાપનીયતા ગુણવાળા હોવાથી ભાવસાધુ છે, અને જે સાધુ પ્રજ્ઞાપનીયતા ગુણવાળા નથી તે ભાવસાધુ નથી. ॥૩૨ થી ૩૪॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં બતાવ્યું કે પ્રજ્ઞાપનીય પણ સાધુ સૂત્રના વિષયવિભાગને નહીં જાણવાને કારણે ઉચિત પ્રવૃત્તિમાં મોહ પામે છે, ત્યારે સુગુરુ તેને બોધ કરાવે છે. તે બોધ કેવી રીતે કરાવે કે જેથી પ્રજ્ઞાપનીય એવા તે સાધુનું હિત થાય ? તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**अवसिट्ठं ठावित्ता, बिंति य अण्णयरपक्खवायं से ।**
**परिणामेइ स सम्मं, जं भणियं कप्पभासंमि ॥३५॥**
**संविग्गभाविआणं, लुद्धयदिट्ठंतभाविआणं च ।**
**मुत्तूण खित्तकालं, भावं च कहिंति सुद्धुंछं ॥३६॥**

अवशिष्टं स्थापयित्वा ब्रुवन्ति चाऽन्यतरपक्षपातं तस्य ।
परिणामयति स सम्यग्यद्भणितं कल्पभाष्ये ॥३५॥
संविग्नभावितानां (तेभ्यः) लुब्धकदृष्टान्तभावितानां (तेभ्यः) च ।
मुक्त्वा क्षेत्रकालौ भावं च कथयन्ति शुद्धोञ्छम् ॥३६॥

ગાથાર્થ :-

**અને અવશિષ્ટને=બાકીનાને સ્થાપન કરીને=જે વિષયવિભાગમાં મોહ પામીને સાધુ વિપરીત યોજન કરે છે તેનાથી અન્યને સ્થાપન કરીને=શિષ્યે સ્વીકારેલ વિભાગના તાત્પર્યને બતાડનારી યુક્તિને કહેવાનું છોડીને, તેને=પ્રજ્ઞાપનીય એવા સાધુને, (સુશીલ ગુરુ), અન્યતરના પક્ષપાતને=જે દૃષ્ટિ પ્રત્યે સુસાધુ મોહ પામેલ છે તેનાથી જે અન્ય દૃષ્ટિ છે તેના પક્ષપાતને કહે છે. તે=સુશીલ ગુરુ, (પોતાના ઉપદેશને પ્રજ્ઞાપનીય સાધુમાં) સમ્યક્ પરિણમન પમાડે છે=પ્રજ્ઞાપનીય સાધુને સમ્યક્બોધ કરાવે છે, જે કારણથી 'કલ્પભાષ્ય'માં કહેવાયું છે. ॥૩૫॥**

તે કલ્પભાષ્યની ગાથા બતાવે છે –

**સંવિગ્નભાવિતોને=સંવિગ્નથી ભાવિત એવા દાનમાં શૂરવીર બાળજીવોને, અને લુબ્ધક દૃષ્ટાંતથી ભાવિતોને=પાસત્થાથી અપાયેલ લુબ્ધકના દૃષ્ટાંતથી ભાવિત એવા દાન આપવામાં શૂરવીર બાળજીવોને, ક્ષેત્ર, કાળ અને ભાવને મૂકીને શુદ્ધ ઉંછનું=સુસાધુને નિર્દોષ ભિક્ષા આપવી જોઈએ એ પ્રકારના શુદ્ધ ઉંછનું, ઉપદેશક કથન કરે છે. ॥૩૬॥**

* અહીં ગાથા-૩૫માં '**बिंति**' ધાતુનો કર્તા સુશીલ ગુરુ અધ્યાહાર છે અને માનાર્થે બહુવચનમાં '**बिंति**' પ્રયોગ છે.

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે માર્ગાનુસારી ક્રિયાથી ભાવિત ચિત્તવાળા ભાવસાધુઓ પણ સૂત્રના વિષયવિભાગને ન જાણતા હોય તો મોહ પામે છે, અને તે સાધુ પ્રજ્ઞાપનીય હોવાથી સુશીલ ગુરુ તેમને બોધ કરાવે છે. તેવા પ્રજ્ઞાપનીય સાધુને સુશીલ ગુરુ કઈ રીતે બોધ કરાવે કે જેથી તેમનું હિત થાય? તે ગાથા-૩૫ માં બતાવે છે.

આરાધક સાધુ જે સ્થાનમાં મોહ પામેલ હોય તે સ્થાનમાં તે શાસ્ત્રના વિષયવિભાગને વિપરીત રીતે જોડતા હોય છે, અને એમ માનતા હોય છે કે હું ભગવાનના વચન અનુસાર શાસ્ત્રનું યોજન કરીને પ્રવૃત્તિ કરું છું. આવા સાધુના કુગ્રહનું નિવર્તન કરવા અર્થે, જે દૃષ્ટિ તરફ તેનું વલણ છે જેના કારણે તે શાસ્ત્રનું વિપરીત યોજન કરે છે, તે દૃષ્ટિને પુષ્ટ કરનારી યુક્તિને કહેવાનું છોડી દઈને ગીતાર્થ ગુરુ તેનાથી અન્ય દૃષ્ટિ તરફ પક્ષપાત થાય એ પ્રકારની યુક્તિથી તેની આગળ પદાર્થનું સ્થાપન કરે છે. આ રીતે સ્થાપન કરીને તે સુગુરુ તે પ્રજ્ઞાપનીય સાધુને શાસ્ત્રવચન સમ્યક્ પરિણમન પમાડે છે. આ રીતે ઉપદેશ આપવાની વિધિ છે, તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે કલ્પભાષ્યમાં જે કારણથી કહેવાયું છે.

કલ્પભાષ્ય ગાથા-૩૬ નો અર્થ આ પ્રમાણે છે : કેટલાક બાળજીવો સંવિગ્ન સાધુના પરિચિત હોય છે અને કેટલાક બાળજીવો પાસત્થા સાધુના પરિચિત હોય છે; અને તે બન્ને પ્રકારના બાળજીવો ધર્મ કરવાના અર્થી હોઈ સુસાધુને દાન આપીને આત્મકલ્યાણ કરવાની મનોવૃત્તિવાળા હોય છે; આમ છતાં મુગ્ધબુદ્ધિ હોવાથી સાધુની ભક્તિના વિષયમાં ઉચિત વિભાગને જાણતા નથી, માત્ર સાધુની ભક્તિ કરવી એ મારા હિતનું સાધન છે, તેટલી બુદ્ધિને વહન કરે છે, પરંતુ દાનના વિષયમાં ઉચિત વિવેક તેઓને

હોતો નથી. આવા જીવોને ઉચિત બોધ કરાવવા માટે સુસાધુ કેવો ઉપદેશ આપે ? તે કલ્પભાષ્યમાં કહેલું છે. તે આ રીતે-

સંવિગ્નથી ભાવિત જે બાળજીવો છે તેઓ સાધુની ભક્તિ કરવી જોઈએ તેવું જાણે છે, અને સંવિગ્નના ઉપદેશને કારણે શુદ્ધ ભિક્ષાને પણ કંઈક જાણે છે, પરંતુ બાળબુદ્ધિ હોવાથી ભિક્ષાશુદ્ધિની ઉપેક્ષા કરીને પણ અશુદ્ધ આપવાનું વલણ તેમને થાય છે

પાસત્થાથી ભાવિત જે બાળજીવો છે તેઓને પાસત્થા સાધુઓ ઉપદેશ આપે છે ત્યારે એમ કહે છે કે જેમ હરણ પાછળ લુબ્ધક=શિકારી દોડે તેમ સાધુની પાછળ દોડીને તેમને પકડી પકડીને તેમના પાતરા ભરવા એ શ્રાવકનો ધર્મ છે, પરંતુ સાધુને કઈ ભિક્ષા કલ્પે કઈ ભિક્ષા ન કલ્પે તેનો વિચાર શ્રાવકે કરવાનો હોતો નથી. આ પ્રકારે લુબ્ધકદૃષ્ટાંતથી ભાવિત બાળજીવો હોય છે.

આ બન્ને પ્રકારના જીવોને સન્માર્ગનો બોધ કરાવવા અર્થે સુસાધુ, જે તરફ તેઓની મતિ વાસિત છે તેનાથી વિપરીત પ્રત્યે પક્ષપાત પેદા કરાવવા અર્થે, 'ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને સાધુને અશુદ્ધ ભિક્ષા આપવાનું વિધાન છે' તેનું કથન કરે નહિ, પરંતુ એ કથનને છોડીને એમ કહે કે 'જેમ સંયમીની ભક્તિ કરવી એ શ્રાવકનું ઉચિત કર્તવ્ય છે, તેમ તેઓને શુદ્ધ ઉંછ=શુદ્ધ ભિક્ષા આપવી એ તેમના સંયમની વૃદ્ધિનું કારણ છે અને તેમ કરવાથી કલ્યાણ થાય.' આ પ્રકારે બાળજીવોની બુદ્ધિને, પોતાના પક્ષપાતથી અન્ય સ્થાનમાં પક્ષપાત પેદા કરાવવા અર્થે સુસાધુ ઉપદેશ આપે, જેથી શુદ્ધ ભિક્ષાનો વિચાર કર્યા વગર અવિવેકપૂર્વક ભિક્ષા આપવાની પરિણતિ તેઓમાં સ્થિર ન થાય. અને આ રીતે શુદ્ધ ભિક્ષા આપવાનો પક્ષપાત થયા પછી યોગ્ય જીવોને ઉચિત કાળે, ક્ષેત્ર-કાળને આશ્રયીને અશુદ્ધ ભિક્ષા આપવાનું કથન પણ સમજાવવું સહેલું બને; પરંતુ જ્યાં સુધી તેઓની અશુદ્ધ ભિક્ષા આપવા પ્રત્યેની મનોવૃત્તિ દૂર ન થાય ત્યાં સુધી શુદ્ધ ભિક્ષા પ્રત્યે પક્ષપાત પેદા થાય તે રીતે વારંવાર ઉપદેશ આપે.

આ પ્રકારના કલ્પભાષ્યના દૃષ્ટાંતથી એ ફલિત થયું કે માર્ગાનુસારી ક્રિયાથી ભાવિત એવા પ્રજ્ઞાપનીય સાધુને પણ જ્યારે વિષયવિભાગના અજ્ઞાનને કારણે કુગ્રહ થાય છે, ત્યારે એ કુગ્રહને દૂર કરવા અર્થે, જે તરફ એનું વલણ છે એનાથી અન્યના પક્ષપાતનો ગુરુ ઉપદેશ આપે તો પ્રજ્ઞાપનીય સાધુનું હિત થાય. તેથી સુશીલ ગુરુ તે પ્રકારે બોધ કરાવે. ॥૩૫-૩૬॥

**અવતરણિકા :-**

**ગાથા-૩૪ માં કહ્યું કે માર્ગાનુસારી ક્રિયાથી ભાવિત ચિત્તવાળા ભાવસાધુ પણ શાસ્ત્રના વિષયવિભાગને નહિ જાણતા મોહ પામે છે, ત્યારે તેમને પ્રજ્ઞાપનીય જાણીને સુશીલ ગુરુ બોધ કરાવે છે; અને તે કઈ રીતે બોધ કરાવે તેની સ્પષ્ટતા ગાથા-૩૫ માં કરતાં કહ્યું કે જે દૃષ્ટિથી તે શિષ્ય શાસ્ત્રનો વિષયવિભાગ કરે છે, તેનાથી અન્ય દૃષ્ટિના પક્ષપાતને ગુરુ કહે છે; અને આ પ્રકારે કોઈને ભ્રમ થયો હોય ત્યારે સમ્યગ્બોધ કરાવવા માટે શાસ્ત્રીય મર્યાદા શું છે, તે બતાડવા માટે યુક્તિરૂપે કલ્પભાષ્યની સાક્ષી આપી. હવે સુગુરુના ઉપદેશથી પ્રજ્ઞાપનીય સાધુ અર્થના તાત્પર્યને કઈ રીતે પ્રાપ્ત કરે છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**सो वि य सम्मं जाणइ, गुरुदिन्नं निरवसेसपन्नवणं ।**
**ण य उत्ताणमईए, पल्लवमित्ते हवई इट्ठो ॥३७॥**

सोपि च सम्यग्जानाति गुरुदत्तं निरवशेषप्रज्ञापनम् ।
न चोत्तानमत्या पल्लवमात्रे भवतीष्टः ॥३७॥

**ગાથાર્થ :-**

**તે પણ=પ્રજ્ઞાપનીય સાધુ પણ, ગુરુ વડે અપાયેલું નિરવશેષ પ્રજ્ઞાપન=નિરવશેષ કથન, સમ્યક્ જાણે છે.**

અહીં પ્રશ્ન થાય કે અન્યતરના પક્ષપાતને કહીને શિષ્યને સમ્યગ્બોધ કરાવવાને બદલે ગુરુ બધા દૃષ્ટિકોણોને યુક્તિથી સ્પષ્ટ કરે તો શું વાંધો ? જેથી પ્રજ્ઞાપનીય સાધુને સર્વદૃષ્ટિનો ઉઘાડ થાય. તેથી કહે છે-

**અને ઉત્તાનમતિથી=પદાર્થને સર્વદૃષ્ટિકોણથી વિસ્તાર કરવાની મતિથી, પલ્લવમાત્રમાં=વિસ્તારથી શાસ્ત્રના પદાર્થોને સ્પષ્ટ કરવામાત્રમાં, ઇષ્ટ થતું નથી અર્થાત્ પ્રજ્ઞાપનીય સાધુને નિરવશેષ બોધ કરાવવારૂપ ઇષ્ટની પ્રાપ્તિ ઉપદેશકને થતી નથી અર્થાત્ સુશીલ ગુરુનું પ્રજ્ઞાપનીય એવા સુસાધુને સમ્યક્બોધ કરાવવારૂપ ઇષ્ટ સિદ્ધ થતું નથી. ॥૩૭॥**

* અહીં '**पल्लव**' શબ્દથી શાસ્ત્રીય વસ્તુને પલ્લવિત કરવાની ક્રિયા=ખીલવવાની ક્રિયાને ગ્રહણ કરેલ છે.

**ભાવાર્થ :-**

સુશીલ ગુરુ પ્રજ્ઞાપનીય સાધુને બોધ થાય તે રીતે અન્યતરના પક્ષપાતને કહે છે, અને તે પ્રજ્ઞાપનીય સાધુ પણ અત્યંત આરાધક હોવાથી ગુરુએ કહેલા તાત્પર્યને સમ્યક્ જાણવા માટે અત્યંત ઉપયોગપૂર્વક યત્ન કરે છે. જ્યાં સુધી ગુરુના કહેવાયેલા કથનના તાત્પર્યને પોતે સમજી ન શકે ત્યાં સુધી પ્રજ્ઞાપનીય સાધુ ઉચિત વિવેકપૂર્વક યોગ્ય પ્રશ્નો કરીને ગુરુ વડે કહેવાયેલું નિરવશેષ કથન સમ્યક્ જાણે છે, અને ગંભીર એવા સૂત્રના વિષયવિભાગને સમ્યક્ જોડીને ઉચિત પ્રવૃત્તિ કરવા પોતે સમર્થ બને છે. આ રીતે ગાથાના પૂર્વાર્ધથી પ્રજ્ઞાપનીય સાધુ કઈ રીતે ગુરુએ કહેલા અર્થના તાત્પર્યને પ્રાપ્ત કરે છે, તે બતાવેલ છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે જ્યારે શિષ્ય શાસ્ત્રના વિષયવિભાગમાં મોહ પામે, ત્યારે કોઈ બુદ્ધિમાન ગુરુ વિસ્તાર કરવાની મતિથી શાસ્ત્રીય પદાર્થોને સર્વ દૃષ્ટિકોણથી પલ્લવિત કરે. તો સાધુને શાસ્ત્રનો વિશદ બોધ થઈ શકે; તેના બદલે જે સ્થાનમાં શિષ્ય સૂત્રને યોજે છે, તે સ્થાનને બતાવનાર યુક્તિને કહેવાનું છોડી દઈને, અન્ય સ્થાનના પક્ષપાતને બતાવનાર યુક્તિ ગુરુ કેમ બતાવે છે ? તે સ્પષ્ટ કરવા માટે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે-

વિસ્તાર કરવાની મતિથી શાસ્ત્રીય પદાર્થોનો વિસ્તાર સર્વ દૃષ્ટિકોણથી કરવામાત્રથી ઇષ્ટ થતું નથી અર્થાત્ સુગુરુ શાસ્ત્રના દરેક પદાર્થના દરેક દૃષ્ટિકોણનું વિસ્તારથી કથન કરે તો, પ્રજ્ઞાપનીય સાધુને પણ જે રીતે માર્ગનો બોધ થવો જોઈએ તે રીતે બોધ થવાને બદલે મતિનો મોહ થવાનો સંભવ છે;

કેમ કે મતિની કંઈક અલ્પતાને કારણે તે પ્રજ્ઞાપનીય સાધુએ પૂર્વમાં શાસ્ત્રના પદાર્થો વિપરીત રીતે જોડેલ હતા. હવે ગુરુ વિસ્તાર કરવાની મતિથી શાસ્ત્રીય પદાર્થોને પલ્લવિત કરે તો, બાહ્ય રીતે પદાર્થો ઘણા સુંદર છે તેવું શિષ્યને ભાસે, પરંતુ પોતાને જે વિપરીત પક્ષપાત છે તે ઉચિત નથી તેવો સ્પષ્ટ બોધ તો અભ્યન્તરના પક્ષપાતને કહેનાર યુક્તિથી જ પ્રાપ્ત થઈ શકે; અને ગુરુનું તાત્પર્ય પણ એ હોય કે યોગ્ય સાધુ શાસ્ત્રના પરમાર્થને ગ્રહણ કરીને આત્મહિતમાં જોડે. તેથી જે સ્થાનમાં તેને મોહ થયો છે તેનું નિવર્તન પ્રથમ કરાવવું આવશ્યક છે. તેથી તેના નિવર્તન માટે ઉચિત પ્રયત્નને છોડીને શાસ્ત્રને સર્વ દૃષ્ટિકોણથી પલ્લવિત કરે તો તે ઉપદેશ શિષ્યના હિતની પ્રાપ્તિનું કારણ બને નહીં. આમ છતાં કોઈ ગુરુ તેનો વિચાર કર્યા વગર માત્ર શાસ્ત્રીય પદાર્થોને વિસ્તારથી સમજાવે તો પ્રજ્ઞાપનીય સાધુને સમ્યક્ બોધ કરાવવારૂપ ઇષ્ટ ગુરુને પ્રાપ્ત થતું નથી. ॥૩૭॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે વિસ્તાર કરવાની મતિથી શાસ્ત્રીય પદાર્થોને પલ્લવિત કરવામાત્રમાં ઉપદેશકનું ઇષ્ટ થતું નથી. તે વાત દૃષ્ટાંતથી બતાવે છે –**

**ગાથા :-**

**जह बोडिआइवयणं, सोउं आवायरम्म मूढनयं ।**
**ववहाराइपहाणा, तं कोइ सुआ विसेसेइ ॥३८॥**

यथा बोटिकादिवचनं, श्रुत्वाऽऽपातरम्यं मूढनयम् ।
व्यवहारादिप्रधानात्तं, कश्चिच्छ्रुताद्विशेषयति ॥३८॥

**ण य जाणइ अइपरिणई अपरिइभया कयम्मि मूढनए ।**
**कालियसुअंमि पायं, उवओगं तिण्ह जं भणियं ॥३९॥**

न च जानात्यतिपरिणत्यपरिणतिभयात्कृते मूढनये ।
कालिकश्रुते प्राय उपयोगं त्रयाणां यद्भणितम् ॥३९॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે આપાતરમ્ય મૂઢનયવાળું બોટિકઆદિનું=દિગંબર આદિનું વચન સાંભળીને કોઈક ઉપદેશક વ્યવહારઆદિપ્રધાન એવા શ્રુતથી તેને=બોટિકઆદિના વચનને, વિશેષિત કરે છે=વિસ્તારથી સ્પષ્ટ કરે છે, અને અતિપરિણતિ અને અપરિણતિના ભયથી કરાયેલા મૂઢનયવાળા કાલિકશ્રુતમાં, પ્રાયઃ ત્રણના ઉપયોગને=નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય એ ત્રણ નયોના ઉપયોગને જાણતા નથી, જે કારણથી કહેવાયું છે. ॥૩૮-૩૯॥**

* અહીં '**बोडिआइवयणं**' માં '**आदि**' પદથી બ્રહ્માદ્વૈતાદિના વચનને ગ્રહણ કરવાનું છે.

* '**व्यवहारादि**' માં '**आदि**' પદથી નિશ્ચયનય ગ્રહણ કરવાનો છે.

* અહીં '**पायं**' નો અન્વય '**तिण्ह उवओगं**' સાથે કરવાનો છે, પરંતુ '**ण य जाणइ**' સાથે કરવાનો નથી.

**ભાવાર્થ :-**

દિગંબર ગ્રંથકાર કુંદકુંદાચાર્યે 'સમયસાર' આદિ ગ્રંથોની રચના કરી ત્યાં નિશ્ચયનયને પ્રધાન કરીને અને વ્યવહારનયને ગૌણ કરીને ભગવાનના શાસનના ઘણા પદાર્થો ખોલ્યા છે, જે આપાતથી=સ્થૂલદૃષ્ટિથી રમ્ય છે. વળી, તે દરેક કથન ઉપર નયોનું વિશ્લેષણ કરેલ નથી અર્થાત્ એકએક સૂત્ર "આ નયની અપેક્ષાએ આ રીતે અર્થ કરે છે, તો અન્ય નયની અપેક્ષાએ આ રીતે અર્થ કરે છે" તે રીતે વિભાગ કર્યો નથી, તેથી તે ગ્રંથ મૂઢનયવાળો છે.

આશય એ છે કે પૂર્વે આગમનાં દરેક સૂત્રો ગ્રહણ કરીને તેના ઉપર સર્વનયોને ઉતારવામાં આવતા હતા, જેથી સર્વનયની દૃષ્ટિથી તે સૂત્રનું તાત્પર્ય ગ્રહણ થાય. પરંતુ આર્યરક્ષિતસૂરિજીએ, તે રીતે કહેવાથી પછીના જીવોને મતિભ્રમ થવાનો સંભવ જાણીને સૂત્રમાં નયોને ઉતારવાનો નિષેધ કર્યો, અને સૂત્રોને ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ અને દ્રવ્યાનુયોગરૂપે વિભાગ કરીને સમજાવવાનું શરૂ કર્યું; જેથી તે સૂત્રો દ્વારા ઉચિત બોધ કરીને આરાધક સાધુ પોતાની ભૂમિકા પ્રમાણે ચરણકરણાનુયોગના સૂત્રના બળથી ચારિત્રની આચરણામાં પ્રયત્ન કરી શકે, ગણિતાનુયોગ દ્વારા પદાર્થનો યથાર્થ બોધ કરીને સંસારના સ્વરૂપનું ભાવન કરી શકે, ધર્મકથાનુયોગ દ્વારા પૂર્વના મહાપુરુષોના પ્રસંગોના બળથી સંયમની વૃદ્ધિમાં કઈ રીતે યત્ન કરવો તેનો ઉચિત બોધ પ્રાપ્ત કરે અને દ્રવ્યાનુયોગના ચિંતનથી નિર્લેપદશાની વૃદ્ધિ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે. આ રીતે શુભ ચિંતવન દ્વારા સાધુ સંયમયોગની વૃદ્ધિ કરી શકે.

જો આ રીતે વિભાગ કર્યા વગર દરેક સૂત્ર ઉપર સર્વનયો ખીલવવામાં આવે, તો સામાન્યથી આરાધક જીવોને તે તે નયના દૃષ્ટિકોણનો કંઈક-કંઈક બોધ થાય, તોપણ તે સૂત્રના બળથી કઈ રીતે હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરી શકાય, તેનો બોધ થાય નહીં. તેથી આર્યરક્ષિતસૂરિજીએ સૂત્રમાં નય ઉતારવાનો નિષેધ કર્યો અને તેથી તે સૂત્રો મૂઢનયવાળાં કહેવાયાં. તે રીતે કુંદકુંદાચાર્યે પણ પોતાની ગ્રંથરચનામાં નયોને ખીલવ્યા નથી, તેથી તેમના સમયસાર આદિ ગ્રંથો મૂઢનયવાળા છે. આમ છતાં કુંદકુંદાચાર્યે જીવોના ઉપકાર માટે વ્યવહારપ્રધાન ઉપદેશને છોડીને નિશ્ચયનયના દૃષ્ટિકોણને સામે રાખીને તે ગ્રંથની રચના કરેલી છે, તેથી મૂઢનયવાળું બોટિક આદિનું વચન ઘણા જીવોને નિશ્ચયનય પ્રધાન હોવાને કારણે માર્ગનો વ્યામોહ કરવાનું કારણ થાય તેવું છે. તેથી પરમાર્થથી તે રમ્ય નથી, તોપણ નિશ્ચયનયના દૃષ્ટિકોણ દ્વારા રમ્ય પદાર્થોથી રચાયેલા તે ગ્રંથો યોગના અર્થી જીવોને પ્રથમ દૃષ્ટિએ રમ્ય લાગે તેવા છે. તેથી ગ્રંથકાર કહે છે-

આપાતરમ્ય એવાં બોટિકનાં તે વચનોને સાંભળીને કોઈ બુદ્ધિશાળી વક્તા તેનાં વચનોને વ્યવહારાદિ પ્રધાન એવા શ્રુતથી વિશેષિત કરે તો લોકોને સમજાવી શકે કે બોટિકનું આ વચન આ દૃષ્ટિકોણથી નિશ્ચયનયને સ્પર્શનારું છે અને આ દૃષ્ટિકોણથી વ્યવહારનયને સ્પર્શનારું છે, ફક્ત નિશ્ચયપ્રધાન તેનાં વચનો હોવાથી વ્યવહારનાં પ્રતિપાદક વચનો તે ગ્રંથમાં અલ્પ છે અને તેના ઉપર પ્રધાનતા તે ગ્રંથમાં અપાઈ નથી. ઉત્તાનમતિથી અર્થાત્ વિસ્તાર કરવાની મતિથી દિગંબરના તે વચનને કોઈ ઉપદેશક પલ્લવિત કરે એટલા માત્રથી આ પ્રમાણે ઉપદેશકને ઇષ્ટ પ્રાપ્ત થતું નથી; કેમ કે શ્રોતાને સમ્યક્ બોધ કરાવીને

યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરાવવી તે ઉપદેશકનું પ્રયોજન છે; તેના બદલે ઉપદેશક દિગંબરના તે ગ્રંથને તે તે નયના દૃષ્ટિકોણથી વિશેષિત કરે, અર્થાત્ બોટિકનાં આ વચનો નિશ્ચયનયના છે અને બોટિકનાં આ વચનો વ્યવહારનયનાં છે, તો યોગ્ય જીવને પણ એ ભ્રમ થાય કે આ દૃષ્ટિકોણથી વિચારીએ તો દિગંબરનાં સર્વવચનો પણ ઉચિત છે. પરંતુ તે ઉપદેશકને એ ખ્યાલ નથી કે આર્યરક્ષિતસૂરિજીએ યોગ્ય શ્રોતાને અતિપરિણતિ કે અપરિણતિ ન થાય તેવા આશયથી જ મૂઢનયવાળું સૂત્ર કરેલું છે; એટલું જ નહિ પણ વ્યવહારપ્રધાન એવા પ્રથમના ત્રણ નયોથી ઉપદેશની વિધિ કહેલી છે. આમ છતાં, કોઈ ઉપદેશક બોટિકના નિશ્ચયપ્રધાન વચનોને કહેનાર શાસ્ત્રને ગ્રહણ કરીને નયવિભાગ કહે અને જો કોઈ શ્રોતા બુદ્ધિશાળી હોય તો દિગંબરના વચન નયસાપેક્ષ છે તેમ સાંભળીને નિશ્ચયનયના વચનથી પ્રભાવિત થાય, અને નિશ્ચયનયના પક્ષપાતવાળો બને અને વ્યવહારમાર્ગનો ત્યાગ કરે, તો તે શ્રોતાને ઉપદેશકના વચનથી બોટિકના વચનનું તાત્પર્ય અતિપરિણમન પામે, જેના કારણે તેનું અહિત થાય. વળી, જો કોઈ શ્રોતા મંદબુદ્ધિવાળા હોય તો નિશ્ચયનયની વાતો સાંભળીને તેના પરમાર્થને સમજી શકે નહીં, અને ગુરુના ઉપદેશને સાંભળીને તેને થાય કે જો પરમાર્થથી શરીર અને આત્મા જુદા હોય અને ક્રિયા કરવાથી કંઈ આત્મહિત થતું ન હોય, પરંતુ ભેદજ્ઞાનથી આત્મહિત થતું હોય, તો આત્મકલ્યાણ માટે કેવો યત્ન કરવો જોઈએ, તેનો નિર્ણય તે શ્રોતા કરી શકે નહીં. તેથી તે શ્રોતાને ઉપદેશકનાં વચનો અપરિણમન પામે, તેથી તે શ્રોતાનું હિત થાય નહિ.

આ પ્રકારે ગુરુનો ઉપદેશ કોઈ શ્રોતાને અતિપરિણમન પામે તો કોઈ શ્રોતાને અપરિણમન પામે તેવી સંભાવનાને સામે રાખીને કાલિકશ્રુતમાં નય ઉતારવાનો નિષેધ કર્યો છે. તેથી ઉપદેશકે સામાન્ય રીતે નય ઉતાર્યા વગર શ્રોતાને ઉચિત પ્રવૃત્તિમાં કારણ બને તેવો ઉપદેશ આપવો જોઈએ. આમ છતાં કોઈ બુદ્ધિમાન શ્રોતા હોય અને વક્તા પણ ઉચિત રીતે નયોને ઉતારી શકે તેવા હોય, તો તેવા શ્રોતા આગળ સમર્થ વક્તાએ પ્રાયઃ કરીને નૈગમ આદિ ત્રણ નયો ઉતારવા જોઈએ, જેથી તે ત્રણ નયોને આશ્રયીને સર્વ વ્યવહાર સંગત થાય. વળી, પાછળના ઋજુસૂત્રાદિ ચાર નયો તો અતિગંભીર છે, જેથી બુદ્ધિમાન શ્રોતા હોય તોપણ ઉપર ઉપરથી તે નયને સમજે, છતાં ઉચિત સ્થાને વિનિયોગ ન કરી શકે તો હિતપ્રવૃત્તિમાં વ્યામોહ પામે. આ વાતને જે વક્તા જાણતા નથી તે વક્તા ઉત્તાનમતિથી શાસ્ત્રીય પદાર્થોને પલ્લવિત કરે પરંતુ તેનાથી શ્રોતાને ઉપકાર થતો નથી. આ પ્રકારે ૩૮-૩૯ એ બે ગાથાઓનું ગાથા-૩૭ સાથે જોડાણ છે. ॥૩૮-૩૯॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે અતિપરિણતિ અને અપરિણતિના ભયને કારણે કાલિકશ્રુતમાં નય ઉતારવાનો નિષેધ કર્યો છે; છતાં કોઈક શ્રોતાવિશેષને આશ્રયીને નયો ઉતારવાથી તેને લાભ થાય તેમ હોય, ત્યારે પ્રાયઃ કરીને નૈગમઆદિ ત્રણ નયો ઉતારવાના કહ્યા છે; અને ગાથાના અંતે કહ્યું કે જે કારણથી કહેવાયું છે, તે કથન ગાથા-૪૦-૪૧માં બતાવે છે –**

ગાથા :-

**मूढनइअं सुअं कालिअं तु न णया समोअरंति इहं ।**
**अपुहत्ते समोआरो, णत्थि पुहत्ते समोआरो ॥४०॥**

मूढनयिकं श्रुतं कालिकं तु न नया समवतरन्तीह ।
अपृथक्त्वे समवतारो नास्ति पृथक्त्वे समवतारः ॥४०॥

ગાથાર્થ :-

**મૂઢનચિક કાલિકશ્રુત છે. વળી, અહીં=કાલિકશ્રુતમાં નયો અવતાર પામતા નથી. અપૃથક્ત્વમાં=કાલિકશ્રુતમાં ચરણકરણાનુયોગાદિના અપૃથક્ત્વમાં, સમવતાર હતો અર્થાત્ નયોનો સમવતાર હતો, પૃથક્પણામાં=ચરણકરણાનુયોગઆદિના પૃથક્પણામાં નયોનો સમવતાર નથી=નયોને ઉતારવાની વિધિ નથી. ॥૪૦॥**

ટીકા :-

**मूढा अविभागस्था नया यत्र तद् मूढनयं, तदेव मूढनयिकम् । किं तत् ? कालिंक श्रुतं, काले प्रथमचरमपौरुषीलक्षणे कालग्रहणपूर्वकं पठ्यत इति कालिकम्, तत्र न नयाः समवतरन्ति अत्र प्रतिपदं न भण्यन्त इत्यर्थः । क्व पुनस्तर्ह्यमीषां समवतार आसीत्, कदा चायमनवता-रस्तेषामभूत् ? इत्याह-'अपुहत्ते' इत्यादि । चरणकरणानुयोगधर्मकथानुयोगगणितानुयोगद्रव्यानुयोगानाम-पृथग्भावोऽपृथक्त्वं प्रतिसूत्रमविभागेन वक्ष्यमाणेन विभागाभावेन प्रवर्तनं प्ररूपणमित्यर्थ-स्तस्मिन्नपृथक्त्वे नयानां विस्तरेणासीत् समवतारः । चरणकरणाद्यनुयोगानां पुनर्वक्ष्यमाणलक्षणे पृथक्त्वे नास्ति समवतारो नयानाम् । भवति वा क्वचित् पुरुषापेक्षोऽसौ ॥ इति निर्युक्तिगाथार्थः ॥२२७९॥ (विशेषावश्यकम्)**

ભાવાર્થ :-

જે શ્રુતમાં નયો અવિભાગરૂપે રહેલા હોય તે મૂઢનયિક શ્રુત કહેવાય, અને તેવું મૂઢનયવાળું શ્રુત કાલિકશ્રુત છે. સાધુ પ્રથમ અને ચરમ પોરિસીરૂપ કાળમાં કાલગ્રહણપૂર્વક જે શ્રુતને ભણે છે તે કાલિકશ્રુત કહેવાય છે. આ કાલિકશ્રુતના દરેક સ્થાનમાં નયો ઉતારવામાં આવ્યા નથી; પરંતુ પૂર્વમાં તે કાલિકશ્રુત ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગરૂપે વિભક્ત ન હતું, ત્યારે તેના દરેક પદમાં નયો ઉતારવામાં આવતા હતા. જ્યારથી આર્યરક્ષિતસૂરિજીએ પોતાના શિષ્યને થતા ભ્રમને જોઈને કાલિકશ્રુતને ચરણકરણાનુયોગઆદિ ચાર વિભાગરૂપે પૃથગ્ કર્યું, અને નય ઉતારવાનો નિષેધ કર્યો, ત્યારથી તે કાલિક શ્રુતના દરેક પદમાં નયો ઉતારવામાં આવતા નથી.

આશય એ છે કે કોઈપણ શ્રુતનો બોધ શ્રોતાને એ રીતે થવો જોઈએ કે જેથી શ્રોતા તે બોધનો પોતાના જીવનમાં ઉચિત આચરણારૂપે ઉપયોગ કરી શકે, કદાચ આચરણા કરવા જેટલું સત્ત્વ ન હોય તોપણ તે બોધ દ્વારા પોતે કઈ રીતે ઉચિત આચરણા કરવી જોઈએ તેનો નિર્ણય કરી શકે જેથી તે પ્રકારે કરવાની રુચિ અવશ્ય પ્રગટ થાય; પરંતુ જે શ્રુતના બોધથી તેવો કોઈ નિર્ણય ન થઈ શકે તો શ્રુતનો

તે બોધ આત્મહિત માટે ઉપકારક બને નહીં. જો કાલિક શ્રુતના પ્રત્યેક પદમાં પૂર્વની જેમ બધા નયો ઉતારવામાં આવે તો કયું પદ આચાર માટે ઉપયોગી છે અને કયું પદ ધર્મકથાનુયોગ બતાવનાર છે ઈત્યાદિ વિભાગનો બોધ તો ન થાય, પરંતુ નયની વિસ્તારવાળી દુનિયાને જોઈને તે શ્રુતને કઈ રીતે આત્માની સાથે જોડવું તેની કોઈ દિશાસૂઝ પણ ન પડે તેવો બોધ થવાની સંભાવના રહે. કદાચ કોઈક બુદ્ધિમાન શ્રોતા હોય તો તે પદોને અનેક નયોથી સાંભળીને પોતાને અનેક નયોનો બોધ થયો છે તેવો માત્ર સંતોષ માને તેમ બને, પરંતુ તે સૂત્રને કયા સ્થાને કઈ રીતે જોડીને આત્મકલ્યાણમાં ઉપયોગી બનાવવું તેવો બોધ ન થાય તો તે શ્રુતજ્ઞાન માત્ર માહિતીજ્ઞાન બની રહે. તેથી ભાવિ જીવોના ઉપકાર અર્થે આર્યરક્ષિતસૂરિજીએ કાલિકશ્રુતમાં ચાર વિભાગો બતાવ્યા, જેથી ચરણકરણાનુયોગના બળથી સંયમમાં કઈ રીતે યત્ન કરવો તેનો ઉચિત બોધ થાય, ધર્મકથાનુયોગ દ્વારા પૂર્વના મહાપુરુષોના પ્રસંગોના બળથી સંયમની વૃદ્ધિમાં કઈ રીતે યત્ન કરવો તેનો બોધ થાય અને ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગના ચિંતવનથી નિર્લેપદશાની વૃદ્ધિ કરીને સંયમના કંડકોની કઈ રીતે વૃદ્ધિ કરવી તેનો બોધ થાય. તેના બદલે નયવાદથી પલ્લવિત કરેલું તે કાલિકશ્રુત સંયમની પ્રવૃત્તિમાં ઉપકારક ન બને તો આત્મહિતનું કારણ બને નહીં. માટે આર્યરક્ષિતસૂરિજીએ મૂઢનયવાળું કાલિકશ્રુત કર્યું. ॥૪૦॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે કાલિકશ્રુતમાં ચરણકરણાનુયોગ આદિનો વિભાગ કર્યો ત્યારથી નયોનો સમવતાર નથી. હવે નયોનો સમવતાર કાલિકશ્રુત છોડીને દૃષ્ટિવાદમાં છે, અને કાલિકશ્રુતમાં નયોનો સમવતાર નહીં હોવા છતાં શ્રોતાવિશેષને આશ્રયીને નયોના સમવતારમાં લાભ જણાય, તો ત્રણ નયનો અધિકાર છે, તે વાત બતાવે છે –**

**ગાથા :-**

**एएहिं दिट्ठिवाए, परूवणा सुत्तअत्थकहणा य ।**
**इह पुण अणब्भुवगमो, अहिगारो तीहि ओसन्नं ॥४१॥**

एतैर्दृष्टिवादे प्ररूपणा सूत्रार्थकथना च ।
इह पुनरनभ्युपगमोऽधिकारस्त्रिभिः उत्सन्नं ॥४१॥

**ગાથાર્થ :-**

**આમના વડે=નૈગમઆદિ નય વડે, દૃષ્ટિવાદમાં પ્રરૂપણા કરાય છે અને સૂત્રાર્થની કથના કરાય છે. વળી, અહીં=કાલિકશ્રુતમાં અનભ્યુપગમ છે=નય ઉતારવાનો નિષેધ છે. ત્રણ વડે=શ્રોતાની અપેક્ષાએ નય ઉતારવા જેવું લાગે તો આદિ ત્રણ નય વડે અધિકાર ओसन्नं=પર્યાપ્ત છે=આદિ ત્રણ નય વડે કથન પ્રાયઃ પર્યાપ્ત છે. ॥૪૧॥**

**ટીકા :-**

**एभिर्नैगमादिभिर्नयैः सप्रभेदैर्दृष्टिवादे सर्ववस्तुप्ररूपणा सूत्रार्थकथना च 'क्रियते' इति शेषः । इह पुनः कालिकश्रुतेऽनभ्युपगमो नावश्यं नयैर्व्याख्या कार्या । यदि च श्रोत्रपेक्षया नयविचारः क्रियते तदा त्रिभिराद्यैरुत्सन्नं प्रायेणात्राधिकारः ॥ इति निर्युक्तिगाथार्थः ॥२२७५॥ ( विशेषआवश्यकम् )**

**ભાવાર્થ :-**

ગાથા-૩૯ માં કહ્યું કે અતિપરિણતિના અને અપરિણતિના ભયથી કાલિકશ્રુત મૂઢનયવાળું કરાયેલું છે, અને કાલિકશ્રુતમાં ચરણકરણાનુયોગઆદિ ચાર વિભાગ કરાયા ત્યારથી આર્યરક્ષિતસૂરિજીએ શ્રોતાના લાભ માટે નયો ઉતારવાનો નિષેધ કર્યો છે. તે કાલિકશ્રુત ૧૧ અંગરૂપ છે અને દૃષ્ટિવાદ તેના ૧૨મા અંગરૂપ છે. તે દૃષ્ટિવાદ નામના આગમમાં અનેક ભેદોથી યુક્ત એવા નૈગમઆદિ સાતે નયો બતાવીને સર્વ વસ્તુની પ્રરૂપણા કરાય છે, અને દૃષ્ટિવાદસૂત્રના અર્થનું કથન પણ સપ્રભેદ એવા નૈગમઆદિ સર્વ નયો વડે બતાવવામાં આવે છે, જેથી દૃષ્ટિવાદને ભણનાર શ્રોતા દરેક સૂત્રના અર્થો સાત નયોથી સમજી શકે; એટલું જ નહિ પણ તે સાતે નયોના સર્વ પેટાભેદો વડે પણ સમજી શકે. પરંતુ દૃષ્ટિવાદને ભણનાર તો અતિવિશેષ પ્રજ્ઞાવાળા મહાત્મા હોઈ શકે, જે પ્રજ્ઞા સામાન્ય સાધુમાં ન હોય. તેથી કાલિકશ્રુત ભણનારા સાધુઓ માટે આચારાંગ આદિ અંગોમાં નયો ઉતારવાનો નિષેધ કર્યો છે; કેમ કે જેઓની દૃષ્ટિવાદ ભણવાની પ્રજ્ઞા નથી તેવા સાધુઓને જો આચારાંગ આદિ અંગોમાં પણ નયો ઉતારીને સમજાવવામાં આવે, તો તેના તાત્પર્યને ઉચિત રીતે જોડી શકે તેવી સંભાવના ઓછી છે. માટે આર્યરક્ષિતસૂરિજીએ નયો ઉતારવાનું છોડીને ચરણકરણાનુયોગ આદિરૂપે વિભાગ બતાવીને શ્રોતાનું હિત થાય તેમ પ્રરૂપણા કરવાનું કહ્યું. વળી કોઈ શ્રોતા અતિ બુદ્ધિસંપન્ન હોય તો તેવા શ્રોતા પાસે પ્રાયઃ નૈગમઆદિ પ્રથમ ત્રણ નયોથી કાલિકશ્રુતની પ્રરૂપણા કરવાનો અધિકાર આપેલ છે, જેથી આગમ ભણીને યોગ્ય શ્રોતા પોતાની શક્તિને અનુરૂપ હિત કરી શકે. ॥૪૧॥

**અવતરણિકા :-**

ગાથા-૩૯ માં કહ્યું કે અતિપરિણતિ અને અપરિણતિના ભયથી કાલિકશ્રુત મૂઢનયવાળું કરાયું છે. તે વાત ઉચિત છે, તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે –

**ગાથા :-**

**पायं पसिद्धमग्गो, अपरिणई नाइपरिणई वा वि ।**
**अपसिद्धे तब्भावो, बुहेहिं ता सुट्ठु दिट्ठमिणं ॥४२॥**

प्रायः प्रसिद्धमार्ग अपरिणतिर्नातिपरिणतिर्वापि ।
अप्रसिद्धे तद्भावः बुधैस्तावत्सुष्ठु दृष्टमिदम् ॥४२॥

**ગાથાર્થ :-**

**પ્રાયઃ પ્રસિદ્ધ માર્ગ છે=કાલિકશ્રુતને મૂઢનયવાળું કરીને ચરણકરણાનુયોગ આદિરૂપે બતાવ્યું તેથી કાલિકશ્રુતના વિભાગને બતાવનાર વચન પ્રાયઃ પ્રસિદ્ધ માર્ગ છે, જેથી અપરિણતિ અથવા અતિપરિણતિ પણ થતી નથી. અપ્રસિદ્ધમાં તેનો ભાવ છે=અપરિણતિ અથવા અતિપરિણતિનો સદ્ભાવ છે, તે કારણથી બુદ્ધ પુરુષ વડે=આર્યરક્ષિતસૂરિજી વડે, આ=કાલિકશ્રુતને મૂઢનયવાળું કર્યું, તે સુષ્ઠુ દૃષ્ટ છે=સારું જોવાયેલું છે=સારું કરાયેલું છે. ॥૪૨॥**

**ભાવાર્થ :-**

આર્યરક્ષિતસૂરિજીએ કાલિકશ્રુતનો ચરણકરણાનુયોગઆદિ ચારરૂપે વિભાગ કર્યો ત્યારથી તેમનું તે વિભાગ કથન ઉચિત પ્રવૃત્તિ કરવા માટે પ્રાયઃ પ્રસિદ્ધ માર્ગ બનેલ છે; કેમ કે ચરણકરણાનુયોગના કથનથી સંયમજીવનમાં શું ઉચિત આચરણાઓ કરવી જોઈએ તેનું જ્ઞાન થાય છે, ધર્મકથાનુયોગઆદિ દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ માટે આત્માને કેવી રીતે ભાવિત કરવો તેનું જ્ઞાન થાય છે અને આરાધક જીવો માટે પ્રાયઃ તે કથનથી યોગમાર્ગમાં કઈ રીતે પ્રયત્ન કરવો તેનો બોધ થઈ શકે છે. તેથી તત્ત્વના અર્થી જીવોને તે ચાર વિભાગના કથનથી અપરિણતિ થતી નથી કે અતિપરિણતિ થતી નથી;

''અપ્રસિદ્ધ માર્ગમાં તેનો ભાવ છે'' તેમ ગાથામાં કહ્યું, તેનાથી એ કહેવું છે કે વર્તમાનમાં કાલિકશ્રુતમાં નયો ઉતારવાનો માર્ગ અપ્રસિદ્ધ છે, અને તે માર્ગ કોઈ અપનાવે તો અતિપરિણતિ કે અપરિણતિનો સદ્ભાવ છે અર્થાત્ જો કાલિકશ્રુતમાં ચરણકરણાનુયોગ આદિરૂપે ચાર વિભાગ કરવામાં આવેલ ન હોય, અને તેના દરેક પદમાં નયો પલ્લવિત કરવામાં આવે, તો એના દ્વારા આત્મહિત કેમ કરવું તેનો બોધ પ્રાયઃ જીવોને થઈ શકે નહિ. તેથી તે પ્રકારના અપ્રસિદ્ધ માર્ગમાં ઉપદેશક પ્રવૃત્તિ કરે તો ઘણા યોગ્ય જીવોને તે શ્રુતના વચનોથી કેવી ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ તેનો બોધ થાય નહિ; પરંતુ અપરિણતિની પ્રાપ્તિ થાય. વળી, કોઈ શ્રોતા કાંઈક બુદ્ધિવાળા હોય, અને વક્તા અપ્રસિદ્ધ એવા નયને પલ્લવિત કરવાનો પ્રયત્ન કરે, તો તે નયોના વર્ણનથી તેને કાંઈક કાંઈક બોધ પણ થાય; પરંતુ ગંભીર એવા ઋજુસૂત્રાદિ ચાર નયોના તાત્પર્યને જાણીને પરમાર્થને ન પ્રાપ્ત કરી શકે અને અતિપરિણતિ થાય, તો ઉચિત વ્યવહારમાર્ગનો ત્યાગ કરીને નિશ્ચયપ્રધાન આત્માની વિચારણા કરવામાં યત્ન કરે, અને આત્મહિત સાધી શકે નહીં. અર્થાત્ નયોની વાતો કાંઈક સમજી શકે તેવી મતિ હોવા છતાં ઋજુસૂત્રાદિ ચાર નયોરૂપ નિશ્ચયનય અને નૈગમાદિ ત્રણ નયોરૂપ વ્યવહારનયના પરમાર્થને સમજી શકે તેવી મતિ નહિ હોવાથી, નિશ્ચયનયનું અવલંબન લઈને વ્યવહારની આચરણાનો ત્યાગ કરે, અને ઉચિત વ્યવહારનો ત્યાગ કરે તેથી આત્મહિત સાધી શકે નહિ.

આ રીતે કાલિકશ્રુતમાં નયો પલ્લવિત કરવાથી જીવો અતિપરિણત કે અપરિણત થાય તેવું જણાવાથી બુદ્ધિમાન એવા આર્યરક્ષિતસૂરિજીએ નયો ઉતારવાનું છોડીને ચરણકરણાનુયોગઆદિ જે ચાર વિભાગ કર્યા છે તે યોગ્ય કરેલ છે.

આ કથનથી એ ફલિત થાય કે ગાથા-૩૭ માં કહેલ કે ઉત્તાનમતિથી પદાર્થોને પલ્લવિત કરવામાં ઉપદેશકનું ઈષ્ટ થતું નથી, પરંતુ જે રીતે શ્રોતાને હિત થાય તે રીતે સુગુરુ પ્રજ્ઞાપનીય એવા શિષ્યને શાસ્ત્રપદાર્થોમાં ક્યાંક ભ્રમ થયો હોય તો માર્ગ ઉપર લાવવા પ્રયત્ન કરીને હિત કરી શકે; જેમ કે કાલિકશ્રુતમાં આર્યરક્ષિતસૂરિજીએ શાસ્ત્રને પલ્લવિત કરવાનો માર્ગ બંધ કરીને હવે પછી થનારા યોગ્ય જીવોને ઉચિત બોધ થાય તે માટે ચાર અનુયોગો પૃથક્ કરેલ છે.

અહીં વિશેષ એ છે કે નૈગમઆદિ સાત નયોમાં પ્રથમના નૈગમાદિ ત્રણ નયો વ્યવહારનય ઉપર જીવે છે અને પછીના ઋજુસૂત્રાદિ ચાર નયો નિશ્ચયનય ઉપર જીવે છે, અને તેને સામે રાખીને, પૂ. યશોવિજયજી મહારાજ સાહેબે ૩૫૦ ગાથાના સ્તવનની ૧૬ મી ઢાળમાં ૧૩ થી ૧૬ ગાથામાં કહેલ

છે કે કાલિકશ્રુતમાં સર્વ નયો પલ્લવિત કરવામાં આવે તો કેટલાક જીવો અપરિણતિને કારણે, તો કેટલાક જીવો અતિપરિણતિના કારણે માર્ગનો ત્યાગ કરે, માટે કાલિકશ્રુતમાં નયો ઉતારવાનો નિષેધ કર્યો છે; અને શ્રોતાવિશેષને આશ્રયીને નયો ઉતારવા જેવા જણાય તો પ્રાયઃ નૈગમઆદિ ત્રણ નયો ઉતારવા. આનાથી ઊલટું બોટિક શુદ્ધનયને મુખ્યરૂપે કહે છે, તે તેની ઊંધી રીત છે. ॥૪૨॥

**અવતરણિકા :-**

**ગાથા-૩૪ માં કહેલ કે કોઈક પ્રજ્ઞાપનીય સાધુ શાસ્ત્રના વિષયવિભાગમાં મોહ પામે તો, જે દૃષ્ટિથી તે શાસ્ત્રના વિષયવિભાગને યોજે છે, તેનાથી અન્ય દૃષ્ટિના પક્ષપાતને સ્થાપન કરીને સુશીલ ગુરુ તેને યથાર્થ બોધ કરાવે છે. ત્યાર પછી ગાથા-૩૭ માં કહ્યું કે તે પ્રજ્ઞાપનીય સાધુ પણ તે અર્થને તે પ્રકારે જાણે છે. ત્યારપછી કહ્યું કે જો ગુરુ વિસ્તાર કરવાની મતિથી નયોને પલ્લવિત કરે તો શિષ્યનું હિત થતું નથી; કેમ કે જે વિષયવિભાગમાં શિષ્ય મોહ પામ્યો છે, તે શિષ્યને જે દૃષ્ટિનો બોધ છે, તેનાથી અન્ય દૃષ્ટિનો બોધ કરાવવો એ તેના મોહના નિવર્તન માટેનો ઉચિત ઉપાય છે. તેથી સુશીલ ગુરુએ તે શિષ્યને અન્ય દૃષ્ટિમાં પક્ષપાત થાય તેવો ઉપદેશ આપવો જોઈએ. તેના બદલે જો ગુરુ જે સ્થાનમાં શિષ્ય ભ્રમ પામ્યો હોય તેને દૂર કરવાને બદલે નયોનો વિસ્તાર કરે તો શિષ્યનું હિત થાય નહીં. તે કથનને દૃષ્ટાંતથી સમજાવવા માટે ગાથા-૩૮-૩૯માં યુક્તિ આપી કે આપાતરમ્ય મૂઢનયવાળું બોટિક આદિનું વચન કોઈ પલ્લવિત કરે તો તેનાથી શ્રોતાનું હિત થતું નથી; કેમ કે તેથી શ્રોતાને અતિપરિણતિ કે અપરિણતિ થવાથી અહિત થાય છે, માટે આર્યરક્ષિતસૂરિજીએ કાલિકશ્રુતને મૂઢનયવાળું કર્યું છે. આમ છતાં કાલિકશ્રુતને મૂઢનયવાળું કરવાનો પરમાર્થ શું છે તેનો વિચાર કર્યા વગર ઉપદેશક નયોને પલ્લવિત કરે તો શ્રોતાને ઉપકાર થતો નથી. આ કથન ગાથા-૪૨ સુધી કર્યું તેથી ફલિત થયું કે જેમ બોટિકનું વચન નયથી પલ્લવિત કરવું ઉચિત નથી તેમ પ્રજ્ઞાપનીય સાધુ વિષયવિભાગમાં મોહ પામતા હોય તો તેમને બોધ કરાવવા માટે સુગુરુ અન્યતર પક્ષપાત બતાવે તે ઉચિત છે, પણ વિસ્તારની મતિથી બધા દૃષ્ટિકોણો બતાવે તે ઉચિત નથી; કેમ કે તેમ કરવાથી શિષ્યનું હિત થાય નહીં. વળી, બીજું પણ શું કહે છે, જેથી ઉચિત સ્થાને શાસ્ત્રના તત્ત્વને જોડીને પ્રજ્ઞાપનીય સાધુ હિત સાધી શકે ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**वक्कत्थाइदिसाए, अण्णेसु वि एवमागमत्थेसु ।**
**पडिवज्जइ भावत्थं, निउणेणं पन्नविज्जंतो ॥४३॥**

वाक्यार्थादिदिशा अन्येष्वप्येवमागमार्थेषु ।
प्रतिपद्यते भावार्थं निपुणेन प्रज्ञाप्यमानः ॥४३॥

* '**अण्णेसु वि**' માં '**अपि**' થી એ કહેવું છે કે શિષ્યને સૂત્રના વિષયવિભાગમાં મતિમોહ થયો હોય તે સ્થાનમાં તો ગુરુ જે અર્થ બતાવે છે તેમાં તો પ્રજ્ઞાપ્યમાન સુસાધુ ભાવાર્થ પ્રાપ્ત કરે છે, પરંતુ વાક્યાર્થ આદિ દિશાથી અન્ય પણ આગમાર્થમાં પ્રજ્ઞાપ્યમાન એવા સુસાધુ ભાવાર્થને પ્રાપ્ત કરે છે.

**ગાથાર્થ :-**

**એ રીતે=ગાથા-૩૭ માં કહ્યું કે વિષયવિભાગમાં મોહ પામેલા પ્રજ્ઞાપનીય સાધુને સુશીલ ગુરુ જ્યારે ઉપદેશ આપે ત્યારે તે સાધુ ગુરુએ બતાવેલ નિરવશેષ પ્રજ્ઞાપનને સમ્યક્ જાણે છે એ રીતે, અન્ય પણ આગમ અર્થમાં=પૂર્વમાં કહ્યું તે સાત પ્રકારના સૂત્રના વિષયવિભાગના જે સ્થાનમાં મતિમોહ થયો હોય તેના કરતા અન્ય પણ આગમ અર્થમાં, નિપુણ એવા ગુરુ વડે પ્રજ્ઞાપ્યમાન એવા સુસાધુ વાક્યાર્થ આદિ દિશાથી ભાવાર્થને પ્રાપ્ત કરે છે=ઐદંપર્યાર્થને પ્રાપ્ત કરે છે. ॥૪૩॥**

**ભાવાર્થ :- પ્રજ્ઞાપનીય સાધુને ઐદંપર્યાર્થ દ્વારા બોધ :**

શાસ્ત્રનો વિષયવિભાગ અતિગંભીર હોવાથી શાસ્ત્રવચનથી ભાવિતમતિવાળા એવા સુસાધુ પણ ક્યારેક મતિમોહને પામીને શાસ્ત્રના વિષયવિભાગનું વિપરીત યોજન કરે છે, અને તે પ્રમાણે વિપરીત પ્રવૃત્તિ કરીને પોતાનું હિત સાધી શકતા નથી. તે વખતે તેને જોઈને ગુણિયલ ગુરુ તેમનો મતિમોહ દૂર થાય તે રીતે શાસ્ત્રના વિષયવિભાગને બતાવે છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું. વળી, એ રીતે વાક્યાર્થ આદિ દિશાથી=વાક્યાર્થ, મહાવાક્યાર્થ, ઐદંપર્યાર્થને બતાવવાના માર્ગથી, શિષ્યને ઉચિત બોધ કરાવે છે, જેથી તે સાધુ માત્ર પદાર્થનો બોધ કરીને શાસ્ત્રના પરમાર્થને જાણ્યા વગર પ્રવૃત્તિ કરતા હોય તો, તે પ્રવૃત્તિથી નિવર્તન પામીને શાસ્ત્રવચનના ઐદંપર્યાર્થને પ્રાપ્ત કરીને હિતમાં પ્રવૃત્તિ કરી શકે; કેમ કે શાસ્ત્રના દરેક વચનનો ઐદંપર્યાર્થ હાથમાં ન આવે તો યોગ્ય સાધુ પણ હિત સાધી શકે નહિ.

જેમ કે શાસ્ત્રનું વચન છે કે "**मा हिंस्यात् सर्वभूतानि**" "કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં" આ પ્રકારનો બોધ એ પદાર્થબોધ છે. આ પદાર્થબોધ માત્રને લઈને હિંસાની નિવૃત્તિ અને અહિંસાની પ્રવૃત્તિ કરવા કોઈ ઇચ્છે, તો સાધુની વિહારઆદિ કે લોચઆદિની ક્રિયા પણ તેને હિંસારૂપ ભાસે, અને શ્રાવકની જિનમંદિરના નિર્માણની ક્રિયા કે પૂજાની ક્રિયા પણ હિંસારૂપ ભાસે. આ સ્થાનમાં સુગુરુ '**मा हिंस्यात् सर्वभूतानि**' એ સૂત્રના પદાર્થબોધવાળા શિષ્યને તેના ભ્રમના નિવારણ માટે વાક્યાર્થ, મહાવાક્યાર્થનો બોધ કરાવીને તે વચનના ઐદંપર્યાર્થને બતાવે છે, જેથી શિષ્ય તે વચનને ઉચિત સ્થાને જોડીને હિતમાં પ્રવૃત્તિ કરી શકે અને અહિતથી નિવૃત્તિ કરી શકે. તે આ રીતે-

**પદાર્થ બોધ :** "**मा हिंस्यात् सर्वभूतानि**" એ સૂત્રનો "કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં." આ અર્થનો બોધ થાય છે, તે પદાર્થબોધ છે.

**વાક્યાર્થ બોધ :** આ પદાર્થબોધ કર્યા પછી ચાલનારૂપ વાક્યાર્થબોધ કરાવવામાં આવે છે. "**मा हिंस्यात् सर्वभूतानि**" સૂત્રનું તાત્પર્ય શું છે ? એ પ્રકારની જિજ્ઞાસાથી શંકાનું ઉદ્ભાવન કરવું તે ચાલના છે, અને તે વાક્યાર્થ બોધરૂપ છે. અહીં શંકા ઉદ્ભવે છે કે "**मा हिंस्यात् सर्वभूतानि**" સૂત્ર અનુસાર તો સાધુ વિહાર, લોચ, તપ, ઉપદેશ આદિ કરી શકે નહિ; કેમ કે સૂત્ર અનુસાર તો ભગવાન કોઈ પણ જીવની હિંસા કરવાનો નિષેધ કરે છે, જ્યારે વિહારની ક્રિયામાં વાયુકાયની હિંસા થાય છે, માટે સાધુ વિહાર કરી શકે નહીં. લોચની અને તપની ક્રિયામાં પણ સાધુને કષ્ટ થાય છે, તેથી તે પણ હિંસારૂપ છે, માટે સાધુ લોચ અને તપ પણ કરી શકે નહિ. પરંતુ ભગવાને તો શાસ્ત્રમાં સાધુને હિંસા કરવાનો

નિષેધ કર્યા પછી પણ વિહાર કરવાનો અને તપ-સંયમમાં પ્રયત્ન કરવાનો કહેલ છે. તેથી સૂત્રનું તાત્પર્ય શું છે એ પ્રકારની શંકાનું ઉદ્‌ભાવન તે ચાલના છે, અને તે વાક્યાર્થ બોધરૂપ છે.

**મહાવાક્યાર્થ બોધ :** આ પ્રકારની ચાલનારૂપ શંકાનું જે સમાધાન કરવામાં આવે તે ચાલનાના પ્રત્યવસ્થાનરૂપ છે, જેને મહાવાક્યાર્થ કહેવાય છે. પ્રસ્તુતમાં પ્રત્યવસ્થાન એ છે કે વિહારઆદિથી સાધુ સર્વક્ષેત્રમાં નિર્લેપભાવે રહી શકે છે, અને લોચ, તપ આદિથી સાધુ સમભાવની વૃદ્ધિ કરી શકે છે અને સાધુને પોતાના દેહ પ્રત્યેનું મમત્વ ઘટે છે. તેથી વિહાર, લોચ, તપ આદિ વિવેકી સાધુ માટે શુભભાવનો હેતુ છે. તેથી વિવેકી સાધુના વિહારાદિમાં થતી હિંસા શુભભાવનો હેતુ હોવાથી ફળથી અહિંસા છે; અને ભગવાને જે અશુભ ભાવનો હેતુ હોય તેવી હિંસાનો નિષેધ કર્યો છે. તેથી **"मा हिंस्यात् सर्वभूतानि"** સૂત્રથી વિહાર આદિના નિષેધની પ્રાપ્તિ થતી નથી. આ પ્રકારનો જે બોધ કરાવવામાં આવે છે તે મહાવાક્યાર્થરૂપ છે.

**ઐદંપર્યાર્થ બોધ :** આ રીતે મહાવાક્યાર્થનો બોધ કર્યા પછી ઐદંપર્યાર્થ બતાવવામાં આવે છે કે જે જે પ્રવૃત્તિ ભગવાનના વચન અનુસાર છે તે તે સર્વ પ્રવૃત્તિ વીતરાગતાનું કારણ હોવાથી અહિંસારૂપ છે, અને જે પ્રવૃત્તિ ભગવાનના વચનથી નિરપેક્ષ છે તે પ્રવૃત્તિમાં બાહ્યથી અહિંસા દેખાતી હોય તોપણ આત્માના અશુભ ભાવરૂપ હોવાથી હિંસા છે. તેથી ભગવાનની આજ્ઞા અનુસાર પ્રવૃત્તિ કરવી એ **"मा हिंस्यात् सर्वभूतानि"** સૂત્રનો ઐદંપર્યાર્થ બોધ છે. આ રીતે જે જે સ્થાનમાં પ્રજ્ઞાપનીય સાધુ માત્ર પદાર્થનો બોધ કરીને વિપરીત પ્રવૃત્તિ કરતા હોય તે તે સ્થાનમાં નિપુણ એવા ગુરુ વાક્યાર્થ આદિ દ્વારા તે સાધુને ઐદંપર્યાર્થનો બોધ કરાવે છે, જેથી પ્રજ્ઞાપનીય સાધુ હિતમાં પ્રવૃત્તિ કરીને આત્મહિત સાધી શકે છે. ॥૪૩॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં સ્થાપન કર્યું કે સુગુરુ પ્રજ્ઞાપનીય સાધુને વિષયવિભાગમાં ભ્રમ થયો હોય તો અન્યતરના પક્ષપાતને કહીને તેને સમ્યક્ બોધ કરાવે, અને સૂત્રોના માત્ર પદાર્થનો અર્થ કરીને વિપરીત પ્રવૃત્તિ કરતા હોય તો વાક્યાર્થાદિ દિશા દ્વારા ઐદંપર્યાર્થનો બોધ કરાવે, જેથી તે સાધુ શાસ્ત્રના વિષયવિભાગને સમ્યક્ જોડે અને શાસ્ત્રવચનોના ઐદંપર્યાર્થને જાણે, અને ઉચિત પ્રવૃત્તિ કરીને હિત સાધી શકે. હવે જે સાધુ પ્રજ્ઞાપનીય નથી, તેને પ્રજ્ઞાપનીય જાણીને સુગુરુ પ્રકૃતિથી મધુર પણ વચન કહે તો શું થાય ? તે વ્યતિરેકથી બતાવે છે –**

**ગાથા :-**

**जो न य पन्नवणिज्जो, गुरुवयणं तस्स पगइमहुरं पि ।**
**पित्तज्जरगहिअस्स व, गुडखंडं कडुअमाभाइ ॥४४॥**

यो न च प्रज्ञापनीयः गुरुवचनं तस्य प्रकृतिमधुरमपि ।
पितज्वरगृहीतस्येव गुडखण्डं कटुकमाभाति ॥४४॥

**ગાથાર્થ :-**

**પિત્તજ્વરથી ગૃહિત=પિત્તજ્વરવાળાને, ગોળ-ખાંડ જેમ કડવા લાગે છે, તેમ જે સાધુ પ્રજ્ઞાપનીય નથી તેને ગુરુનું પ્રકૃતિથી મધુર પણ વચન કડવું લાગે છે. ॥૪૪॥**

✱ '**पगइमहुरं पि**' માં '**अपि**' થી એ કહેવું છે કે ગુરુનું પ્રકૃતિથી અમધુર વચન તો કડવું લાગે છે, પણ પ્રકૃતિથી મધુર વચન પણ કડવું લાગે છે.

**ભાવાર્થ :-**

શરીરમાં પિત્તના ઉદ્રેકને કારણે કોઈને તાવ આવતો હોય ત્યારે તેને ગોળ-ખાંડ જે પૂર્વમાં પ્રિય લાગતાં હતાં તે પણ કડવાં લાગે છે તે રીતે જે સાધુનું ચિત્ત અવિચારક રીતે પોતાની માન્યતા પ્રત્યે બદ્ધ આગ્રહવાળું છે તેવા સાધુને આત્મકલ્યાણમાં અત્યંત ઉપકારક એવું મધુર પણ ગુરુનું વચન ઉપકારક લાગતું નથી, પરંતુ જ્યાં પોતાની મતિ નિવેશવાળી છે ત્યાં સૂત્રને જોડવા માટે યત્ન કરે છે; અને તેવા સાધુ સંયમની કઠોર આચરણા કરતા હોય તોપણ પરમાર્થથી દુરંત સંસારમાં ભટકનારા છે. માટે બાહ્ય આચરણા સારી પાળતા હોય તોપણ અપ્રજ્ઞાપનીયતા દોષને કારણે તે ભાવસાધુ નથી. ॥૪૪॥

## ત્રીજું લક્ષણ – 'ઉત્તમશ્રદ્ધા'

**અવતરણિકા :-**

**ગાથા-૩-૪માં ચારિત્રીનાં સાત લક્ષણો બતાવ્યાં, ત્યારપછી ગાથા-૫ થી ૩૦ સુધી ચારિત્રીનું પ્રથમ લક્ષણ માર્ગાનુસારીભાવ બતાવ્યું, ત્યારપછી ગાથા-૩૧થી ૪૪માં માર્ગાનુસારિતાથી ભાવિતમતિવાળા સાધુ પ્રજ્ઞાપનીય છે, તેથી ચારિત્રીનું બીજું લક્ષણ 'પ્રજ્ઞાપનીયતા' સ્પષ્ટ કર્યું. હવે પ્રજ્ઞાપનીય સાધુમાં ઉત્તમશ્રદ્ધા હોય છે તે બતાવવા માટે ચારિત્રીનું ત્રીજું લક્ષણ 'ઉત્તમશ્રદ્ધા' છે, તે ગાથા-૪૫થી બતાવે છે –**

**ગાથા :-**

**पन्नवणिज्जस्स पुणो, उत्तमसद्धा हवे फलं जीसे ।**
**विहिसेवा य अतत्ती, सुदेसणा खलिअपरिसुद्धी ॥४५॥**

प्रज्ञापनीयस्य पुनरुत्तमश्रद्धा भवेत्फलं यस्याः ।
विधिसेवा चातृप्तिः सुदेशना स्खलितपरिशुद्धिः ॥४५॥

**ગાથાર્થ :-**

**પ્રજ્ઞાપનીય સાધુને વળી ઉત્તમશ્રદ્ધા હોય છે, જેનું=ઉત્તમશ્રદ્ધાનું, ફળ : વિધિસેવા, અતૃપ્તિ, સુદેશના અને સ્ખલિતપરિશુદ્ધિ છે. ॥૪૫॥**

**ભાવાર્થ :-**

જે સાધુને ભાવથી ચારિત્રનો પરિણામ છે તે સાધુ હંમેશાં ભગવાનના વચન અનુસાર સર્વ ક્રિયાઓ કરે છે માટે માર્ગાનુસારી છે, અને માર્ગાનુસારી હોવાને કારણે પ્રજ્ઞાપનીય હોય છે. આથી કદાચ અનાભોગથી

ક્યાંક શાસ્ત્રનો વિપરીત બોધ થયો હોય તો સુગુરુ તેને યથાર્થ બોધ કરાવે છે. આવા પ્રજ્ઞાપનીય સાધુમાં ઉત્તમ કોટિની શ્રદ્ધા હોય છે અર્થાત્ એને ભગવાનના વચનમાં એવી ઉત્તમ કોટિની રુચિ છે કે જે શક્તિના પ્રકર્ષથી ભગવાનનાં વચનોને જાણવા માટે યત્ન કરાવે. અને ભગવાનનાં વચનો જાણીને તે પ્રકારે જીવનમાં ઉતારવા માટે યત્ન કરાવે. જોકે સમ્યગ્દષ્ટિને પણ ભગવાનના વચન પ્રત્યે સ્થિર શ્રદ્ધા હોય છે, તોપણ ભગવાનના વચન અનુસાર સંયમમાં ઉચિત પ્રવૃત્તિ કરાવે તેવી ઉત્તમશ્રદ્ધા જેવી ચારિત્રીને હોય છે, તેવી ઉત્તમશ્રદ્ધા સમ્યગ્દષ્ટિને નથી. ચારિત્રીની આ ઉત્તમશ્રદ્ધાનાં ચાર કાર્યો છે : (૧) વિધિસેવા, (૨) અતૃપ્તિ, (૩) સુદેશના અને (૪) સ્ખલિત પરિશુદ્ધિ.

(૧) **વિધિસેવા :** ભાવસાધુ ભગવાનના વચનનો યથાર્થ બોધ કરીને લેશ પણ પ્રમાદ વગર સર્વ ક્રિયાઓ વિધિપૂર્વક કરે છે, તે ઉત્તમશ્રદ્ધાનું કાર્ય છે.

(૨) **અતૃપ્તિ :** ઉત્તમશ્રદ્ધાવાળા મુનિ ભગવાનના વચનને જાણવા માટે અને જાણીને જીવનમાં ઉતારવા માટે સદા યત્નશીલ હોય છે, પરંતુ યત્કિંચિત્ બોધમાત્રમાં કે યત્કિંચિત્ આચરણામાત્રમાં તેમને સંતોષ થતો નથી. તેથી આવી ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ દીક્ષા લીધા પછી શક્તિના પ્રકર્ષથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં સદા અતૃપ્તિવાળા હોય છે, તે ઉત્તમશ્રદ્ધાનું કાર્ય છે.

(૩) **સુદેશના :** ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ પ્રતિદિન ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા ક્રમે કરીને પ્રાયઃ શાસ્ત્રના પરમાર્થને જાણનારા બને છે, અને શાસ્ત્રના પરમાર્થનું જ્ઞાન થયા પછી તેમને જ્ઞાન થાય છે કે ભગવાને આ સન્માર્ગનું સ્થાપન કરીને જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે, જેના ફળરૂપે આજે હું સંયમના ઉત્તમ ભાવોને પામ્યો છું. ભગવાનનું મારા ઉપર આ મહાન ઋણ છે. જો ભગવાને આ માર્ગ ન સ્થાપ્યો હોત તો આજે હું ભાવથી કેવો દરિદ્રી હોત ! તેથી પોતાને જે ભગવાનનો માર્ગ મળ્યો છે તેનું ઋણ અદા કરવા અર્થે, ભગવાનનો માર્ગ જગતમાં કેમ પ્રતિષ્ઠાને પામે, જેથી પોતાની જેમ અન્ય જીવો પણ ભગવાનના શાસનને પામીને હિત સાધે, તેવા આશયથી ગીતાર્થ થયા પછી તે સાધુ યોગ્ય જીવોને સુદેશના આપે છે, તે ઉત્તમશ્રદ્ધાનું કાર્ય છે.

વળી, સાધુ સુદેશના આપવા સમર્થ થયા ન હોય, છતાં વિચાર્યા વગર યત્કિંચિત્ બોધમાત્રના બળથી ઉપદેશમાં પ્રવૃત્તિ કરે તો તેઓમાં ઉત્તમશ્રદ્ધા નથી; કેમ કે ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ દેશનાની શક્તિ પ્રગટ થયા પછી જ સુદેશના આપીને સન્માર્ગનો વિસ્તાર કરે છે, અને અનિષ્પન્ન ભૂમિકાવાળા સાધુ બીજાના કલ્યાણના આશયથી પણ ઉપદેશમાં પ્રવૃત્તિ કરતા હોય તોપણ જીવોના હિતને બદલે અહિતનું કારણ બને. તેથી ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ તેવું કરતા નથી.

(૪) **સ્ખલિત પરિશુદ્ધિ :** આ રીતે ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ વિધિપૂર્વક આચારો પાળતા હોય અને શક્તિના પ્રકર્ષથી અતૃપ્તિને કારણે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં યત્ન કરતા હોય અને નિષ્પન્ન થયા પછી સુદેશના પણ આપતા હોય, આમ છતાં, અનાભોગથી પણ ક્યારેક વિધિમાં સ્ખલના થઈ હોય કે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં સ્ખલના થઈ હોય કે દેશનામાં પણ ક્યાંક સ્ખલના થઈ હોય, તો શાસ્ત્રવિધિ અનુસાર તેની અવશ્ય શુદ્ધિ કરે છે; કેમ કે તેઓ જાણે છે કે સારી રીતે સેવાયેલો

પણ સંયમધર્મ સ્ખલનાવાળો હોય અને શુદ્ધિ ન કરવામાં આવે તો વિરાધિત ચારિત્ર બને, અને વિરાધિત ચારિત્રવાળા જીવો સંસારનો શીઘ્ર ઉચ્છેદ કરી શકતા નથી. માટે સુસાધુ થયેલી સ્ખલનાની શુદ્ધિ કરીને ચારિત્રની વિશુદ્ધિ કરે તે ઉત્તમશ્રદ્ધાનું કાર્ય છે. ॥૪૫॥

## ઉત્તમશ્રદ્ધાનું પ્રથમ કાર્ય – 'વિધિસેવા'

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં બતાવ્યું કે પ્રજ્ઞાપનીય સાધુને ઉત્તમશ્રદ્ધા હોય છે અને તે ઉત્તમશ્રદ્ધાનાં ચાર કાર્યો બતાવ્યાં. હવે ઉત્તમશ્રદ્ધાનું પ્રથમ કાર્ય 'વિધિસેવા' ગાથા-૪૬ થી ૬૫ સુધી બતાવે છે –**

**ગાથા :-**

**सद्धालू सत्तिजुओ, विहिसारं चेव सेवए किरियं ।**
**तत्पक्खवायहीणो, ण हवे दव्वाइदोसे वि ॥४६॥**

श्रद्धालुः शक्तियुतो विधिसारमेव सेवते क्रियाम् ।
तत्पक्षपातहीनो न भवेद् द्रव्यादिदोषेऽपि ॥४६॥

**ગાથાર્થ :-**

**શ્રદ્ધાળુ અને શક્તિથી યુક્ત એવા સાધુ=વિધિપૂર્વક સેવવાની શક્તિથી યુક્ત એવા સાધુ, સાધ્વાચારની ક્રિયાને વિધિસાર જ=વિધિઅનુસાર જ સેવે છે, દ્રવ્યાદિ દોષમાં પણ તેના પક્ષપાતથી હીન=વિધિના પક્ષપાતથી હીન થતા નથી. ॥૪૬॥**

* '**द्रव्यादिदोषेऽपि**'માં '**अपि**'થી એ કહેવું છે કે દ્રવ્યાદિદોષો ન હોય તો તો સાધુ વિધિના પક્ષપાતથી હીન થતા નથી, પણ દ્રવ્યાદિદોષોમાં પણ સાધુ વિધિના પક્ષપાતથી હીન થતા નથી.

**ભાવાર્થ :-**

સંયમ ગ્રહણ કર્યા પછી ભાવથી સંયમી સાધુમાં ઉત્તમશ્રદ્ધા હોય છે અને તેમની ઈન્દ્રિયો અને મન સંવૃત હોય છે. વળી, વિધિપૂર્વક ક્રિયા કરવાની શક્તિથી પણ તેઓ યુક્ત હોય છે. તેથી આવા સાધુ સંયમની સર્વ ક્રિયાઓ વિધિપૂર્વક સેવે છે, છતાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ પ્રતિકૂળ હોય તો બાહ્ય રીતે સમ્યક્ વિધિનું પાલન અસંભવ બને, તોપણ ઉત્તમશ્રદ્ધાવાળા સાધુમાં વિધિ સેવવાનો પક્ષપાત લેશ પણ હીન થતો નથી. તેથી વિપરીત દ્રવ્ય, ક્ષેત્ર અને કાળમાં પણ જેટલી વિધિ સેવી શકાય તેમ હોય તેટલી વિધિ સેવવામાં તેઓ લેશ પણ પ્રમાદ કરતા નથી; અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળનું વૈકલ્ય ન હોય તો, ઉત્તમશ્રદ્ધાવાળા સાધુને જેમ વિધિ સેવવાનો અંતરંગ પરિણામ છે, તેમ વિધિપૂર્વકની બાહ્ય આચરણા પણ હોય છે. ॥૪૬॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ઉત્તમશ્રદ્ધાવાળા મુનિ વિધિસાર ક્રિયા સેવે છે અને દ્રવ્યાદિના દોષમાં પણ વિધિના પક્ષપાતથી હીન થતા નથી. તે વાત દૃષ્ટાંતથી બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**जह सम्ममुट्ठिआणं, समरे कंडाइणा भडाईणं ।**
**भावो न परावत्तइ, एमेव महाणुभावस्स ॥४७॥**

यथा सम्यगुत्थितानां समरे काण्डादिना भटादीनां ।
भावो न परावर्तते एवमेव महानुभावस्य ॥४७॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે સમ્યગ્ ઉત્થિત એવા સુભટોને યુદ્ધમાં શરીરમાં લાગેલાં બાણાદિ વડે ભાવ=શત્રુની સામે યુદ્ધ કરવાનો પરિણામ, પરાવર્તન પામતો નથી, એ રીતે જ મહાનુભાવને=ભગવાનની આજ્ઞાના પાલનમાં અત્યંત રસિક એવા સાધુને પણ જાણવું. (દ્રવ્યાદિના વૈષમ્યમાં પણ વિધિ સેવવાનો ભાવ પરાવર્તન પામતો નથી.) ॥૪૭॥**

**ટીકા :-**

**यथा सम्यक्=स्वौचित्यानतिलङ्घनेन, उत्थितानां उन्मीलिताध्यवसायानाम्, भटादीनां=सुभटादीनां, समरे-संग्रामे, काण्डादिना=शरीरलग्नबाणादिना भावः=प्रतिज्ञातव्यवसायः, न परावर्त्तते=नान्यथा भवति, प्रत्युत स्वाम्याज्ञापालनपरायणत्वेन रतिकेलिकुपितकान्ताकर्णोत्पलताडनादिवत् प्रमोदायैव भवति, एवमेव महानुभावस्य=वीतरागाज्ञापालनेऽत्यन्तरसिकस्य साधोर्द्रव्यादिवैषम्येऽपि न भावः परावर्त्तते, किन्तु प्रवर्द्धत इति द्रष्टव्यम् । सुभटदृष्टान्तेन द्रव्यवैषम्ये भावाविच्छित्तिर्निदर्शिता, आदिना सौराष्ट्रादिदेशोत्पन्नानामपि धीराणां मगधादिदेशगमनेऽपि धैर्याविचलनवत् सुभिक्ष इव दुर्भिक्षेऽपि दानशूराणां दानव्यसनाक्षोभवत् बुभुक्षादिव्यसनेऽपि सिंहादीनां तृणाद्यग्रासवत् क्षेत्रादिवैषम्येऽपि भावाऽविच्छित्तिर्भावनीया ॥ ( उपदेशरहस्य ॥८८॥ )**

**ભાવાર્થ :-**

જે સુભટો સ્વામીને અત્યંત વફાદાર હોય છે તેઓને યુદ્ધભૂમિમાં પોતાના ઔચિત્યનું ઉલ્લંઘન કરવાનો પરિણામ હોતો નથી, અને તેવા સમ્યગ્ ઉત્થિત સુભટો શત્રુ સામે યુદ્ધ કરતા હોય ત્યારે શત્રુનું બાણ શરીર ઉપર લાગે તો તે પીડાથી વ્યાકુળ તો થતા નથી, પરંતુ વિશેષ પ્રકારના ઉત્સાહથી શત્રુની સામે યુદ્ધ કરવા માટે કટિબદ્ધ થાય છે. તે રીતે ભગવાનની આજ્ઞાના પાલનમાં અત્યંત રસિક એવા સાધુને, સંયમને અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ ન હોય તોપણ ભગવાનની આજ્ઞાના પાલનનો પરિણામ લેશ પણ પરાવર્તન પામતો નથી, પરંતુ વિષમ સ્થિતિમાં વિશેષ પ્રકારનો યતનાનો પરિણામ વૃદ્ધિવાળો થાય છે. ટીકામાં સુભટના દૃષ્ટાંતથી, દેશાંતરગમનમાં ધૈર્યવાળાના દૃષ્ટાંતથી, દાનશૂરાના દૃષ્ટાંતથી, અને ભૂખ્યા પણ સિંહના દૃષ્ટાંતથી ભાવસાધુના વિધિસેવના પરિણામની નિવૃત્તિ થતી નથી, તેમ બતાવેલ છે. ॥૪૭॥

**અવતરણિકા :-**

ઉત્તમશ્રદ્ધાવાળા સાધુને વિધિપૂર્વક ક્રિયા સેવવાનો પક્ષપાત વિષમ સંજોગોમાં પણ હીન થતો નથી, તેમાં બીજું દૃષ્ટાંત બતાવે છે –

ગાથા :-

**मालइगुणण्णुणो महुअरस्स तप्पक्खवायहीणत्तं ।**
**पडिबंधे वि न कइआ, एमेव मुणिस्स सुहजोगे ॥४८॥**

मालतीगुणज्ञस्य मधुकरस्य तत्पक्षपातहीनत्वम् ।
प्रतिबन्धेऽपि न कदाचिदेवमेव मुनेः शुभयोगे ॥४८॥

ગાથાર્થ :-

**જેમ માલતીપુષ્પના ગુણને જાણનાર એવા ભ્રમરને પ્રતિબંધમાં પણ=માલતીપુષ્પની અપ્રાપ્તિમાં પણ, માલતીના પુષ્પ પ્રત્યેનો પક્ષપાત ક્યારેય હીન થતો નથી, એ રીતે જ શુભ યોગમાં મુનિનો પણ. (પક્ષપાત હીન થતો નથી). ॥૪૮॥**

ટીકા :-

**मालतीगुणज्ञस्य=मालतीपरिमलचारिमानुभवैकमग्नचेतसः, मधुकरस्य=भ्रमरस्य, प्रतिबन्धेऽपि=कुतोऽपि हेतोस्तदप्राप्तावपि तत्र=मालत्यां यः पक्षपातो=बहुमाननैरन्तर्यात्मा तद्धीनत्वं=तद्विकलत्वं कदाचिदपि न भवति, एवमेव मुनेश्चरणपरिणामवतः शुभयोगे स्वाध्यायध्यान-विनयवैयावृत्त्यमानादिरूपे द्रव्यवैषम्यरूपे प्रतिबन्धेऽपि पक्षपातहीनत्वं न भवति, यथाशक्त्यनु-ष्ठानेन मातृस्थानानासेवनेन च तत्रैव चेतसः प्रतिबन्धात् । (उपदेशरहस्य ॥८९॥)**

ભાવાર્થ :-

ભમરાને માલતીપુષ્પની ગંધ અત્યંત પ્રિય હોય છે; છતાં એવા કોઈક સંયોગોમાં માલતીપુષ્પ ન મળે તોપણ ભમરાને માલતીપુષ્પ પ્રત્યેનો પક્ષપાત ક્યારેય ઓછો થતો નથી. એ રીતે ચારિત્રના પરિણામવાળા મુનિને દ્રવ્યનું વૈષમ્ય ઉત્પન્ન થાય ત્યારે સ્વાધ્યાય આદિ પ્રવૃત્તિ ન કરી શકે તોપણ સ્વાધ્યાય, ધ્યાન, વિનય, વૈયાવચ્ચ આદિરૂપ શુભ યોગમાં લેશ પણ પક્ષપાત ઓછો થતો નથી, અને વિષમ સંયોગોમાં પણ શક્તિ અનુસાર સ્વાધ્યાય આદિમાં યત્ન કરે છે; પરંતુ અંતરંગ રીતે માયા કરીને મનને સમજાવતા નથી કે સંયોગ વિષમ છે તેથી સ્વાધ્યાય થતો નથી. મુનિ વિષમ સંયોગોમાં પણ શક્તિને ગોપવ્યા વિના જે કાંઈ સંભવિત છે તેમાં સુદૃઢ યત્ન કરે છે; કેમ કે જેમ ભમરાને માલતીના પુષ્પની સુગંધ પ્રત્યે પક્ષપાત છે, તેમ સુસાધુને નિર્જરાના ઉપાયભૂત સ્વાધ્યાય આદિમાં અત્યંત પક્ષપાત છે. ॥૪૮॥

અવતરણિકા :-

**ગાથા-૪૬માં સ્થાપન કર્યું કે દ્રવ્યાદિના દોષમાં પણ ઉત્તમશ્રદ્ધાવાળા સાધુને વિધિશુદ્ધ ક્રિયા કરવાનો પક્ષપાત હીન થતો નથી. ત્યાં પ્રશ્ન થાય કે ઉત્તમશ્રદ્ધાવાળા મુનિને વિધિનો પક્ષપાત હોવા છતાં પણ સંયોગની વિષમતાને કારણે પ્રવૃત્તિ થતી નથી ત્યારે ફળની પ્રાપ્તિ કેમ થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે; કેમ કે વિધિપૂર્વક કરવાની ઇચ્છાથી ફળ મળતું નથી, પરંતુ વિધિપૂર્વક કરવાની ઇચ્છા થયા પછી તે પ્રમાણે પ્રવૃત્તિ થાય તો ફળ મળે છે. આ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –**

ગાથા :-

**अपयट्टो वि पयट्टो, भावेणं एस जेण तस्सत्ती ।**
**अक्खलिआ निविडाओ, कम्मखओवसमजोगाओ ॥४९॥**

अप्रवृत्तोऽपि प्रवृत्तो भावेनैष येन तत्शक्तिः ।
अस्खलितान्निबिडात्कर्मक्षयोपशमयोगात् ॥४९॥

ગાથાર્થ :-

**અપ્રવૃત્ત એવા પણ આ=વિષમ સંયોગોના કારણે અપ્રવૃત્ત એવા પણ ભાવસાધુ, ભાવથી પ્રવૃત્ત છે; જે કારણથી તેની શક્તિ=સદ્પ્રવૃત્તિની શક્તિ, નિબિડ એવા કર્મના ક્ષયોપશમના યોગથી અસ્ખલિત છે. ॥૪૯॥**

ટીકા :-

**अप्रवृत्तोऽपि प्रतिबन्धात् द्रव्यक्रियामव्यापृतोऽपि, भावेन=परमार्थेन प्रवृत्त एष=शुभभाववान् येन कारणेन तच्छक्तिः=सत्प्रवृत्तिशक्तिः अस्खलिता=अव्याहता, निबिडात्=वज्राश्मवद् दुर्भेदात् कर्मक्षयोपशमयोगात्=सत्प्रवृत्तिप्रतिपन्थिचारित्रमोहनीयकर्मक्षयोपशमसम्बन्धात् । इत्थं चात्र शक्ये शक्त्यस्फोरणविनाकृतः शुभभाव एव स्वगतनिर्ज्जरालाभहेतुरबाह्यत्वाच्चैतत्फलस्य बाह्य प्रवृत्त्यभावेऽपि न क्षतिरिति फलितम् ॥९०॥**

ભાવાર્થ :-

જે સાધુને ઉત્તમશ્રદ્ધા છે તે સાધુ શક્તિના પ્રકર્ષથી સ્વાધ્યાય આદિ શુભ યોગમાં સદા પ્રવૃત્ત છે. આમ છતાં કોઈક દ્રવ્યાદિ સામગ્રીના વૈકલ્યના કારણે સ્વાધ્યાય આદિ ક્રિયા કરી શકે નહીં, તોપણ સ્વાધ્યાય આદિ કરવાનો પરિણામ તે સાધુમાં પરમાર્થથી જ્વલંત વર્તે છે. તેથી જે કાંઈ સ્વાધ્યાયાદિ સંભવિત છે તે સ્વાધ્યાય આદિમાં તે સાધુ યત્ન કરે છે, તેથી પરમાર્થથી સ્વશક્તિ અનુસાર ઉચિત પ્રવૃત્તિમાં તે સાધુ યત્નવાળા છે; કેમ કે વજ્રના પત્થર જેવા ભેદી ન શકાય તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમભાવને કારણે=ચારિત્રમોહનીયના ક્ષયોપશમભાવને કારણે સત્પ્રવૃત્તિ કરવાનો પરિણામ તે સાધુમાં લેશ પણ સ્ખલના પામતો નથી.

આનાથી એ ફલિત થાય કે જે સાધુ બાહ્યથી શક્ય હોય તે સર્વમાં યત્ન કરતા હોય અને અંતરંગ રીતે પૂર્ણ વિધિ પ્રમાણે કરવાના પરિણામવાળા હોય, તો ઉત્તરોત્તર ચારિત્રની વૃદ્ધિ થાય તેવી નિર્જરા થાય છે. જેમ જીરણ શેઠમાં ભગવાનને વિવેકપૂર્વક દાન આપવાનો પરિણામ વર્તતો હતો, છતાં ભગવાનના આગમનના અભાવને કારણે દાનની પ્રવૃત્તિ ન થઈ, તોપણ ભાવદાનના પરિણામથી નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થઈ. તેમ બાહ્ય સંયોગોની વિકલતાને કારણે સુસાધુ બાહ્ય પ્રવૃત્તિ ન કરી શકે તોપણ વિધિશુદ્ધ ક્રિયાનો અસ્ખલિત પરિણામ હોવાથી ચારિત્રના ફળરૂપ નિર્જરાની પ્રાપ્તિ થાય છે. ॥૪૯॥

**અવતરણિકા :-**

ગાથા-૪૭ થી ૪૯માં દૃષ્ટાંતથી બતાવ્યું કે ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ વિધિમાં પક્ષપાતવાળા હોવાથી દ્રવ્યાદિના દોષમાં બાહ્યથી અપ્રવૃત્ત હોવા છતાં પણ ભાવથી વિધિમાં પ્રવૃત્ત છે. તે વાતને અન્ય દૃષ્ટાંતોથી દૃઢ કરવા માટે કહે છે –

**ગાથા :-**

निरुओ भुज्जरसन्नू, किंचि अवत्थं गओ असुहमन्नं ।
भुंजइ तम्मि न रज्जइ, सुहभोअणलालसो धणिअं ॥५०॥

नीरुजो भोज्यरसज्ञः कांचिदवस्थां गतोऽशुभमन्नम् ।
भुनक्ति तस्मिन्न रज्यते शुभभोजनलालसो बाढम् ॥५०॥

**ગાથાર્થ :-**

**નિરોગી, ભોજ્ય પદાર્થના રસને જાણનારો, કોઈક અવસ્થાને પામેલો=કોઈક વિષમ અવસ્થાને પામેલો પુરુષ, અશુભ અન્નને વાપરે છે, પરંતુ અત્યંત શુભ ભોજનની લાલસાવાળો એવો તે તેમાં= અશુભ ભોજનમાં, રાગ કરતો નથી=ગૃદ્ધિને કરતો નથી. ॥૫૦॥**

**ટીકા :-**

नीरुजो-ज्वरादिरुजारहितो भोज्यानि-खण्डखाद्यादीनि तेषां रसमास्वादविशेषं जानातीति भोज्यरसज्ञः, कामप्यवस्थां-दुष्कालदारिद्र्यादिदशां गतः-प्राप्तः सन्नशुभमनिष्टमन्नं भोजनं भुञ्जानो न तस्मिन्नशुभान्ने रज्यति-गृद्धिमुपैति ।

तथाहि संभवत्येतत् कदाचित्

सुहभत्तलालिओवि हु, दुक्कालदारिद्दभिहुओ पुरिसो ।
भक्कडयभस्क्षाई, भुंजइ तह कंडुयं कंटिं ॥१॥

कडुयरसं च गुयारं, अरणिदलाइं कुडिज्झराईयं ।
भुञ्जइ जणो छुहत्तो, तरुछल्ली हिल्लिझिल्लाइ ॥ त्ति ॥

नचासौ तेषु गुद्धिमाधत्ते शुभभोजनलालसो-विशिष्टाहारलम्पटो 'लङ्घयाम्येतां कुदशां ततः सुभिक्षं प्राप्य पुनरपि शोभनमाहारं भोक्ष्ये इति मनोरथवान् 'धणियं'ति बाढमिति । ( धर्मरत्न प्र. गा. ९२ )

एवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह –

**ગાથા :-**

इय सुद्धचरणरसिओ, सेवंतो दव्वओ विरुद्धंपि ।
सद्धागुणेण एसो, न भावचरणं अइक्कमइ ॥५१॥

एवं शुद्धचरणरसिकः सेवमानो द्रव्यतो विरुद्धमपि ।
श्रद्धागुणेनैष न भावचरणमतिक्रामति ॥५१॥

ગાથાર્થ :-

**એ રીતે=ગાથા-૫૦માં દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, શુદ્ધ ચારિત્રના રસિક, દ્રવ્યથી=બાહ્ય આચરણાથી, વિરુદ્ધ પણ=નિત્યવાસાદિરૂપ વિરુદ્ધ પણ, સેવતા એવા આ=ભાવસાધુ, શ્રદ્ધાગુણના કારણે ભાવ-ચારિત્રનું અતિક્રમણ કરતા નથી. ॥૫૧॥**

ટીકા :-

इति=एवं कुभक्तभोगदृष्टान्तेन शुद्धचरणरसिको-निष्कलङ्कसंयमपालनोत्साहवान् सेवमानो द्रव्यतो-बाह्यवृत्त्या विरुद्धमागमनिषिद्धं नित्यवासादिकम्, अपिशब्दादेकाकित्वमपि श्रद्धागुणे-नसंयमाराधनलालसत्वपरिणामेन न-नैव भावचरणं-पारमार्थिकचारित्रमतिक्रामति-अतिचरति श्रीसंगमसूरिवत् ।

तथा चोक्तम् –

दव्वाइया न पायं, सोहणभावस्स हुंति विग्धकरा ।
बज्झकिरियाउ वि तहा, हवंति लोएवि सिद्धमिणं ॥१॥
दइयाकन्नुप्पलताडनं व सुहडस्स निव्वुइं कुणइ ।
पहुणो आणाए पत्थियस्स कंडंपि लग्गंतं ॥२॥
जह चेव सदेसंमि, तह परदेसेवि चलइ नहु सत्तं ।
मणवंछियंमि कज्जे, आरद्धे धीरपुरिसाणं ॥३॥
कालोवि हु दुब्भिक्खाइलक्खणो न खलु दाणसूराणं ।
भिंदइ आसारयणं, अवि अहिययरं विसोहेइ ॥४॥
एवं चिय भव्वस्सवि, चरित्तिणो न हि महाणुभावस्स ।
सुहसामायारिगओ, भावो परियत्तइ कयावि ॥५॥

किञ्च –

जो होज्जउ असमत्थो, रोगेण व पिल्लिओ झुरियदेहो ।
सव्वमवि जहा भणियं, कयाइ न तरिज्ज काउं जे ॥६॥
सोवि य नियपरक्कमववसायधिईबलं अगूहंतो ।
मुत्तूण कुडचरियं, जइ जयए तो अवस्स जई ॥७॥ इति ।

श्रीसंगमसूरिकथा पुनरेवम् –

इह सिरिसंगमसूरि, दूरीकयसयलगुरुपमायभरो ।
अन्नाणदारुदारुणदवहुयवहसरिससमयधरो ॥१॥
पइसमयमुत्तरुत्तरविसुद्धपरिणामहणियपावोहो ।
नगनगरगाममाइसु, नवकप्पपकप्पियविहारो ॥२॥

अइतिव्वपवरसद्धावसपरिणयसुद्धभावचारित्तो ।
जंघाबलपरिहीणो, कुल्लागपुरंमि विहियठिई ॥३॥
वट्टंते दुब्भिक्खे, कयजणदुक्खे कयावि सो भयवं ।
पवयणमायापरिपालणुज्जयं उज्जयविहारं ॥४॥
आहिंडिय बहुदेसं, अवधारिय सयलदेसबहुभासं ।
सीहं नामणगारं गणाहिवत्ते निरूवेइ ॥५॥
भणइ य जइवि महायस ! सय तं मुणसि सयलकरणिज्जं ।
आयारु त्ति विचिंतिय इय वुच्चसि तहवि अम्हेहिं ॥६॥
उल्लसिरपवरसद्धो चरणभरं दुद्धरं धरिज्ज सया ।
सीयंतं सीसगणं मिउमहुरगिराइ सारिज्जा ॥७॥

जओ –

जीहाएवि लिहंतो, न भद्दओ जत्थ सारणा नत्थि ।
दंडेणवि ताडन्तो, स भद्दओ सारणा जत्थ ॥८॥
जह सीसाइं निकिंतइ, कोई सरणागयाण जंतूणं ।
एवं सारणियाणं, आयरिओ असारओ गच्छे ॥९॥

तथा –

दव्वाइअपडिबद्धो अममो विहरिज्ज विविहदेसेसु ।
अनिययविहारया जं जईण सुत्ते विणिद्दिट्ठा ॥१०॥

तथाहि –

अनिएयवासो समुदाणचारिया, अन्नायउंछं पइरिक्कया य ।
अप्पोवही कलहविवज्जणा य, विहारचरिया इसिणं पसत्था ॥११॥
इच्चाइ कहिय वुत्तो, सो एवं वच्छ ! विहर अन्नत्थ ।
मा ओमे इत्थ ठिओ, सीसगणो एस सीइज्जा ॥१२॥
एगागीवि अहं पुण, पहीणजंघाबलो अबलदेहो ।
अनलो विहरिउमन्नत्थ तो इहं चेव ठाइस्सं ॥१३॥
इय भणिय मुणी वुत्ता, वच्छा ! सच्छासया सयाकालं ।
कुलवहुनाएण इमं, मा मुंचिज्जह कयावि तुमे ॥१४॥
तिण्णुच्चिय भवजलही, एयपसाया सुहेण तुब्भेहिं ।
संपइ इमिणा सद्धिं, कुणह विहारं महाभागा ! ॥१५॥
इह सुणिय सुमुणिवइणो, ते मुणिणो सूरिचरणठवियसिरा ।
मुंचंता गुरुविरहुत्थसोयउप्पन्नअंसुभरं ॥१६॥
पडिपुन्नमन्नुभररुद्धकंठउट्ठिंतगग्गरगिरिल्ला ।
गुरुवयणं पडिकूलिउमचयंता दुक्खसंतत्ता ॥१७॥
कहमवि नमिउं गुरुणो, अवराहपए खमाविउं नियए ।
ओमाइदोसरहिए देसे पत्ता विहारेण ॥१८॥
संगमगुरूवि खित्तं, नवभागीकाउ कायनिरविक्खो ।
वीसुं वसहीगोयरवियारभूमाइसु जएइ ॥१९॥

सुद्धिकए गुरुपासे, कयावि सीहेण पेसिओ दत्तो ।
सो पुव्ववसहिसंठियसूरिं दट्ठुं विचिंतेइ ॥२०॥
कारणवसा न कीरइ, खित्ते अवरावरे जइ विहारो ।
नवनववसहिविहारो, कीस एएहिं परिचत्तो ? ॥२१॥
ता एस सिढिलचरणो, खणंपि न खमो इमेण संवासो ।
एवं चिंतिय वीसुं, समीववसहीइ सो ठाइ ॥२२॥
भिक्खासमए गुरुणा, सह हिंडन्तो विसिट्ठमाहारं ।
दुब्भिक्खवसा अलहंतओ य, जाओ तत्थ कसिणवयणो ॥२३॥
तं तह निएवि सूरी, कम्मिवि ईसरगिहे गओ तत्थ ।
रेवइदोसेणेगो, सया रुयंतो सिसू अत्थि ॥२४॥
सो दाउं चप्पुडियं, गुरुणा भणिओ य बाल ! मा रुयसु ।
गुरुतेयं असहन्ती, झडत्ति सा रेवई नट्ठा ॥२५॥
जाओ बालो सुत्थो, तज्जणगो गहिय मोयगे पत्तो ।
गुरुणा करुणानिहिणा, दवाविया ते उ दत्तस्स ॥२६॥
अह मुणिपहुणा भणियं, तं गच्छसु दत्त ! संपयं वसहिं ।
अहयंपि आगमिस्सं, पडिपुन्नं काउ समुयाणं ॥२७॥
सड्ढगिहमेगमिमिणा, चिराउ मह दंसियं सयं अहुणा ।
सेसेसु गमी दत्तो, इय चिंतंतो गओ वसहिं ॥२८॥
गुरुणोवि अंतपंतं, गहिउं सुचिरेण आगया वसहिं ।
पन्नगबिलनाएणं, भुंजंति तयं समयविहिणा ॥२९॥
आवस्सयवेलाए, आलोइय सूरिणो समुवविट्ठा ।
सो निसियंतो गुरुणा, आलोइसु संममिय वुत्तो ॥३०॥
स भणइ तुब्भेहिं चिय, सह परिभमिओ म्हि किमिह वियडेमि ।
आह गुरूसिसुविसयं, सुहुमं नणु धाइपिंडं ति ॥३१॥
दत्तो तओ दुरप्पा, अणप्पसंकप्पकप्पणाभिहओ ।
लिंबुक्कडकडुयगिराइ, मुणिवरं पइ इमं भणइ ॥३२॥
राईसरिसवमित्ताणि, परिच्छिद्दाणि पिच्छसि ।
अप्पणो बिल्लमित्ताणि, पासंतोवि न पाससि ? ॥३३॥
इय भणिय गओ एसो, नियवसहिं तयणु तस्स सिक्खत्थं ।
पुरदेवयाइ सिग्घं विउव्वियं दुद्दिणं गरुयं ॥३४॥
फुडफुट्टमाणबंभंडभंडरवविरसजलहराराव ।
सो निसुणंतो भयभरखलंतवयणो भणइ सूरिं ॥३५॥
भयवं ! बीहेमि अहं, आह गुरु एहि मम सयासंमि ।
स भणइ तिमिरभरेणं, दिसिविदिसिं नेव पिच्छामि ॥३६॥
दीवसिहं व जलंतिं, नियंगुलिं खेललद्धिणा काउं ।
दंसेऊण य गुरुणा, सो वुत्तो वच्छ ! एहि इओ ॥३७॥
तं दट्ठुं स दुट्ठप्पा, जंपइ दीवोवि अत्थि किमिमस्स ? ।
तो पच्चक्खीहोउं, एवं वुत्तो स देवीए ॥३८॥
हा ! दुट्ठसेह ! निन्नेह ! देहगेहाइमुक्कपडिबन्धे ।
मुणिनाहंमि इमंमिवि, एवं चिंतेसि निलज्ज ! ॥३९॥

वसहिविहारकमेणं, पुणोवि इत्थ ट्ठियं सुगुरुमेयं ।
पाविट्ठ ! दुट्ठऽधम्मिट्ठ ! मन्नसि सिथिलचारित्तं ॥४०॥
अंतपंतभोयणपरंपि कप्पेसि मुद्ध ! रसगिद्धं ।
धिद्धी लद्धिसमिद्धंपि दीवजुत्तं पयंपेसि ॥४१॥
दव्वाइदोसवसओ, बीयपयठिएवि सुद्धसद्धाए ।
भावचरित्तपवित्ते, किह अवमन्नसि इमे गुरुणो ? ॥४२॥
इय अणुसिट्ठो, सो देवयाइ संजायगरुयअणुतावो ।
गुरुपयलग्गो खामइ, पुणो पुणो निययमवराहं ॥४३॥
आलोइयाइयारो, दत्तो गुरुदत्तविहियपच्छित्तो ।
विणउज्जुओ सुनिम्मलचारित्ताराहगो जाओ ॥४४॥
संगमसूरीवि चिरं, विहिसेवावल्लिपल्लवणमेहो ।
निरुवमसमाहिजुत्तो, सुगइं पत्तो गयकिलेसो ॥४५॥
इत्थं विशुद्धविधिसेवनतत्परस्य, श्रीसंगमस्य सुगुरोश्चरित्रं निशम्य ।
द्रव्यादिदोषनिहता अपि साधुलोकाः, श्रद्धां विधत्त चरणे प्रवरां पवित्रे ॥४६॥

॥ इति संगमसूरिकथा ॥ ( धर्मरत्नप्रकरणम् गाथा-९३ )

**ભાવાર્થ :-**

કોઈ પુરુષ રોગાદિ રહિત શરીરવાળો હોય, સુંદર ભોજનના ગુણોને જાણનારો હોય અને તેને સુંદર ભોજન કરવાની લાલસા પણ હોય, આમ છતાં દુષ્કાળ હોય કે દરિદ્ર અવસ્થા પ્રાપ્ત થયેલી હોય અને તેના કારણે તેને સુંદર ભોજન ન મળતું હોય તો તુચ્છ અને અસાર ભોજન પણ કરીને શરીરને ટકાવે છે, છતાં તુચ્છ અને અસાર ભોજનમાં તેને લેશ પણ રાગ થતો નથી. તેવી રીતે મોક્ષની એક કામનાવાળા મુનિ શુદ્ધ આચરણાના રસિક હોય છે; છતાં કોઈક એવા સંયોગોને કારણે બાહ્યથી સ્થિરવાસ કે એકાકીવાસ કરતા હોય તોપણ સંયમઆરાધનાની લાલસાના પરિણામરૂપ શ્રદ્ધાગુણ હોવાને કારણે તેમાં આસક્ત થતા નથી અને પારમાર્થિક ચારિત્રના પરિણામરૂપ ભાવચારિત્રનું અતિક્રમણ કરતા નથી. જેમ સંગમસૂરિ જંઘાબળ ક્ષીણ થવાના કારણે નિત્યવાસ કરીને રહેલા હોવા છતાં પોતાની શક્તિ પ્રમાણે એક નગરમાં રહીને દર મહિને સ્થાન ફેરવીને નવકલ્પી વિહાર કરતા હતા. તેથી ભગવાનની આજ્ઞાના પાલનનો અધ્યવસાય જીવંત હતો, અને સ્વશક્તિ અનુસાર એક જ નગરમાં સ્થાનના પરાવર્તનરૂપ નવકલ્પી વિહારને કારણે વસ્તુતઃ એક નગરમાં નિવાસરૂપ નિત્યવાસ હોવા છતાં લેશપણ ક્ષેત્રનો પ્રતિબંધ નહિ થવાથી સર્વત્ર અપ્રતિબદ્ધ માનસરૂપ ભાવચારિત્રનો અતિક્રમ થયો નહિ. ॥૫૦-૫૧॥

**અવતરણિકા :-**

**ગાથા-૫૦-૫૧માં દૃષ્ટાંતથી બતાવ્યું કે દ્રવ્યથી વિપરીત આચરણામાં પણ શ્રદ્ધાગુણને કારણે સાધુના ભાવચારિત્રનો પરિણામ અતિક્રમ થતો નથી. તે રીતે તેવા સંયોગોમાં આત્મરક્ષા માટે બાહ્યથી વિપરીત પ્રવૃત્તિ દેખાતી હોય તોપણ ઉત્તમશ્રદ્ધાવાળા સાધુની છકાયના પાલનની પ્રતિજ્ઞામાં હાનિ થતી નથી, તે બતાવવા માટે કહે છે –**

ગાથા :-

**अवहपइन्नाजणिअं, भावं पालेउमायरक्खाए ।**
**तीए चेव ण हाणी, सुअकेवलिणा जओ भणिअं ॥५२॥**

अवधप्रतिज्ञाजातं भावं पालयितुमात्मरक्षयो ।
तस्या एव न हानिः श्रुतकेवलिना यतो भणितम् ॥५२॥

ગાથાર્થ :-

**અવધની પ્રતિજ્ઞાથી થયેલા ભાવનું પાલન કરવા માટે (કરાતી) આત્મરક્ષાથી, તેની જ=અવધની પ્રતિજ્ઞાની જ, હાનિ થતી નથી; જે કારણથી શ્રુતકેવળી વડે કહેવાયું છે. ॥૫૨॥**

ભાવાર્થ :-

ગાથા-૫૦-૫૧માં સ્થાપન કર્યું એ રીતે સાધુ વિપરીત સંયોગોમાં સંગમસૂરિની જેમ નિત્યવાસ કે એકાકીવાસ કરે તોપણ ભાવચારિત્રના પરિણામનો અતિક્રમ થતો નથી. તેથી એ ફલિત થયું કે ભગવાને ચારિત્ર માટે જે ઉચિત આચરણા કહી છે તે આચરણા સમ્યગ્ કરનારને જેમ ભાવચારિત્ર છે, તેમ વિષમ સંયોગોમાં વિપરીત આચરણા કરનારને પણ ભાવચારિત્ર છે. વસ્તુતઃ સાધુએ સંયમ લીધું ત્યારે અહિંસારૂપ પહેલું મહાવ્રત ગ્રહણ કરેલ છે, તેથી "કોઈ જીવનો વધ નહીં કરું" તેવી તેની પ્રતિજ્ઞા છે; અને તે પ્રતિજ્ઞાનો નિર્વાહ સમભાવનાં પરિણામથી જ થાય છે અને સમભાવનો પરિણામ નાશ પામે તો બાહ્ય હિંસા ન થાય તોપણ ભાવથી હિંસા છે તેથી સાધુ વિહાર આદિ કરતા હોય ત્યારે કોઈ હિંસક પ્રાણી સામેથી આવતું હોય અને તેનાથી આત્મરક્ષા કરવામાં ન આવે તો દુર્ધ્યાન થવાની સંભાવના હોય ત્યારે સમભાવ ખંડિત થવાનો સંભવ છે. તેથી અવધની પ્રતિજ્ઞાથી થયેલા ભાવરૂપ સમભાવના રક્ષણના ઉપાયભૂત દુર્ધ્યાનના પરિહાર અર્થે દેહની રક્ષા માટે સાધુ વૃક્ષાદિ ઉપર ચડી જાય તોપણ અવધની પ્રતિજ્ઞાની હાનિ થતી નથી; કેમ કે અવધની પ્રતિજ્ઞાનો આશય "સર્વજીવો પ્રત્યે સમભાવ પ્રગટ કરવાનો હતો." અને વૃક્ષ ઉપર ચડીને દેહની રક્ષા કરવી અને દુર્ધ્યાન અટકાવવું એ સમભાવના પરિણામને જિવાડવાનો ઉપાય છે, માટે પ્રતિજ્ઞાની હાનિ થતી નથી.

જે કારણથી શ્રુતકેવળી એવા ભદ્રબાહુસ્વામીએ કહેલું છે, જે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૫૨॥

અવતરણિકા :-

**પૂર્વગાથામાં કહ્યું કે સાધુ ષટ્કાયના પાલનની પ્રતિજ્ઞાના ભાવના રક્ષણ માટે હિંસક પ્રાણી આદિથી દેહનું રક્ષણ કરવા માટે વિપરીત પ્રવૃત્તિ કરે તોપણ પ્રતિજ્ઞાની હાનિ થતી નથી, અને ગાથાના અંતમાં કહ્યું કે જે કારણથી શ્રુતકેવળી એવા ભદ્રબાહુસ્વામીએ કહેલું છે, તે ભદ્રબાહુસ્વામીએ કહેલું કથન ગાથા-૫૩ થી ૬૪માં બતાવે છે –**

**ગાથા :-**

**चिक्खिल्लवालसावयसरेणुकंटगतणे बहुअजले अ ।**
**लोगो वि निच्छइ पहे, को णु विसेसो भयंतस्स ॥५३॥**
कर्दमव्यालश्वापदसरेणुकण्टकतृणान् बहुजलांश्च ।
लोकोऽपि नेच्छति पथः को नु विशेषो भदन्तस्य ॥५३॥

**ગાથાર્થ :-**

**કાદવ, સર્પ, જંગલી પશુ, ધૂળ, કાંટા અને તૃણવાળા અને બહુ પાણીવાળા એવા માર્ગને લોક પણ ઇચ્છતો નથી, તો લોકથી ભદન્તનો=સાધુનો શું વિશેષ છે ? (કે જે કારણથી આમ કહેવાય છે=સાધુને દેહરક્ષા માટે, તેવા માર્ગનું વર્જન કરીને, જેમાં જીવોની હિંસા થતી હોય તેવા માર્ગમાંથી જવા છતાં પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી, એમ કહેવાય છે). ॥૫૩॥**

**ટીકા :-**

**चिक्खल्लव्यालश्वापदसरेणुकण्टकतृणान् बहुजलांश्च सोपद्रवान् पथःमार्गान् लोकोऽपि नेच्छत्येव, अतः को नु विशेषो ? लोकात् सकाशाद्भदन्तस्य, येनैवमुच्यते इति । ( ओघनि. गा. ४९ )**

**ભાવાર્થ :-**

ઓઘનિર્યુક્તિમાં આ ગાથા-૪૯ મી છે, અને તેની પૂર્વની ઓઘનિર્યુક્તિની ૪૮મી ગાથા સાથે ઓઘનિર્યુક્તિની ૪૯ મી ગાથાનો સંબંધ આ પ્રમાણે છે-

ઓઘનિર્યુક્તિની ૪૮મી ગાથામાં કહેલ છે કે સાધુને સંયમનિમિત્તે દેહ ધારણ કરવાનો છે, અને દેહનો અભાવ થાય તો સંયમનું પાલન થઈ શકે નહીં. તેથી તેવા કોઈ વિષમ સંયોગોમાં ધર્મકાયરૂપ દેહનું પરિપાલન કરવા માટે સાધુ એવા પથમાંથી પણ જાય કે જેથી બાહ્ય રીતે હિંસાની પણ પ્રાપ્તિ થાય; છતાં ધર્મકાયના રક્ષણ માટે કરાયેલી તે હિંસા પરમાર્થથી હિંસા થતી નથી. ત્યાં શંકા કરતાં કહે છે કે જે સ્થાન ઘણા કાદવવાળું હોય, સર્પ આદિ હિંસક પ્રાણીથી આક્રાન્ત હોય અને ધૂળ-કાંટા આદિથી વ્યાપ્ત હોય અથવા ઘણા જળનો ઉપદ્રવ હોય, તેવા ઉપદ્રવવાળા માર્ગમાંથી લોક પણ જતો નથી, પરંતુ અન્ય જીવોની હિંસાની ઉપેક્ષા કરીને પણ નિરુપદ્રવ પથમાંથી જાય છે. તે રીતે સાધુ પણ આવા ઉપદ્રવવાળા પથને છોડીને બીજા જીવોની હિંસા થાય તેવા માર્ગમાંથી જાય તો લોકો કરતાં સાધુમાં શું ભેદ છે ? અર્થાત્ કોઈ ભેદ નથી. આ પ્રકારનો શંકાકારનો આશય છે, અને એ શંકા કરીને શંકાકારને એ કહેવું છે કે સાધુએ તો પોતાના દેહના ભોગે પણ જીવરક્ષા માટે યત્ન કરવો જોઈએ, જેથી છકાયના પાલનની પ્રતિજ્ઞા સુરક્ષિત રહે; પરંતુ લોકોની જેમ નિરુપદ્રવ માર્ગમાં જવાથી જીવોની હિંસા થતી હોય તો ઉપદ્રવવાળા માર્ગને છોડીને ઉપદ્રવ વગરના માર્ગમાંથી વિહાર કરવો ઉચિત નથી. ॥૫૩॥

**અવતરણિકા :-**

**उच्यते –**

**પૂર્વગાથામાં પૂર્વપક્ષ દ્વારા કરાયેલી શંકાનું સમાધાન આપતાં ગ્રંથકાર કહે છે –**

ગાથા :-

**जयणमजयणं च गिही, सचित्तमीसे परित्तणंते अ ।**
**न विजाणंति ण यासिं, अवहपइन्ना अह विसेसो ॥५४॥**

यतनामयतनां च गृहिणः सच्चित्तमिश्रे प्रत्येकानन्ते च ।
न विजानन्ति न चैषावधप्रतिज्ञाऽथ विशेषः ॥५४॥

ગાથાર્થ :-

**સચિત્ત, મિશ્ર, પ્રત્યેક અને અનંતકાયના વિષયમાં ગૃહસ્થો યતના-અયતનાને જાણતા નથી, અને તેઓને=ગૃહસ્થોને અવધની પ્રતિજ્ઞા નથી. આથી કરીને વિશેષ છે=સાધુ અને ગૃહસ્થમાં ભેદ છે. ॥૫૪॥**

ટીકા :-

**यतनामयतनां च गृहिणो न जानन्ति, क्व ?-सचित्तादौ, न च 'एतेषां' गृहिणां 'अवधप्रतिज्ञा' वधनिवृत्तिः, अत एव विशेषः । ( ओघनि. गा. ५० )**

ભાવાર્થ :-

સાધુએ છકાયના અવધની પ્રતિજ્ઞા ગ્રહણ કરેલી છે અને તે અવધની પ્રતિજ્ઞાનું પાલન સમભાવના પરિણામથી થાય છે. તેથી સાધુ સર્વ જીવો પ્રત્યે સમભાવના પરિણામવાળા હોય છે અને સર્વ પુદ્ગલો પ્રત્યે પણ સમભાવના પરિણામવાળા હોય છે, અને સમભાવની વૃદ્ધિ અર્થે છકાયના જીવોનું પાલન કરે છે અને ધ્યાન-અધ્યયનમાં પણ સુદૃઢ યત્ન કરે છે. આ સર્વમાં સહાયક એવી તેઓની કાયા છે, તેથી સાધુ સમભાવની વૃદ્ધિના સાધનરૂપે પોતાના દેહનું રક્ષણ કરે છે, પરંતુ ગૃહસ્થની જેમ દેહના મમત્વથી દેહનું રક્ષણ કરતા નથી. વળી, સાધુને વિષમ સંજોગોમાં એમ જણાય કે આ ધર્મની કાયાનું રક્ષણ થશે તો તે કાયાના બળથી સંયમપાલન દ્વારા અને ધ્યાન-અધ્યયન દ્વારા સમભાવની વૃદ્ધિ થશે અને તેનાથી કર્મબંધની પ્રાપ્તિ અટકશે, અને કર્મબંધની પ્રાપ્તિ અટકે તો જ ભવપરંપરા ઘટશે; અને આ ધર્મની કાયાના રક્ષણનો અન્ય ઉપાય નથી આવું જણાય તો તે સાધુ જીવાકુલ ભૂમિમાંથી પણ જઈને દેહનું રક્ષણ કરે.

વળી, ઉપદ્રવવાળો માર્ગ છોડીને જીવાકુલ ભૂમિમાંથી જતી વખતે પણ સાધુ શક્ય એટલી યતના કરે છે, જે કંઈ હિંસા થાય છે તે અશક્ય પરિહારરૂપ છે. જો તે સાધુ જીવાકુલ ભૂમિ છોડીને ઉપદ્રવવાળી ભૂમિમાંથી જાય તો સ્થૂલથી દેખાય કે જીવાકુલ ભૂમિમાંથી નહીં જવાના કારણે તે જીવોની હિંસા થઈ નહીં અને અહિંસાનું પાલન થયું, તોપણ તે વિષમ સ્થાનમાં જવાથી તે સાધુના પ્રાણનો નાશ થાય અને તે સાધુને આર્તધ્યાન થાય તો દુર્ગતિની પ્રાપ્તિ થાય, જેથી તે સાધુને અધિક ભવપરંપરાની પ્રાપ્તિ થાય, જેમાં અવિરતિને કારણે તે સાધુને ઘણી હિંસાની પ્રાપ્તિ થાય. તેથી જીવાકુલ ભૂમિમાં જવાથી સાધુથી જે હિંસા થાય છે તેના કરતાં આર્તધ્યાન અને પ્રાણનાશથી દુર્ગતિઓમાં પરિભ્રમણ કરીને તે સાધુને

ઘણી હિંસાની પ્રાપ્તિ થાય છે. માટે વિવેકી સાધુ હિંસાના અનુબંધના નિવારણ અર્થે યતનાપૂર્વક જીવાકુલ ભૂમિમાંથી જઈને પણ પોતાની ધર્મકાયાનું રક્ષણ કરે છે.

વળી, ગૃહસ્થ તો છકાયના અવધના પરિણામવાળા નથી, અને જીવાકુલ ભૂમિમાંથી ગમન વખતે યતના-અયતના પણ જાણતા નથી, ફક્ત દેહની અનુકૂળતાના આશયથી ઉપદ્રવવાળાં સ્થાનો છોડીને જીવાકુલ ભૂમિમાંથી જાય છે. તેથી સાધુ અને ગૃહસ્થનો ભેદ છે; કેમ કે સાધુ ધર્મની વૃદ્ધિ અર્થે નિરુપદ્રવ સ્થાનમાંથી જાય છે, અને ગૃહસ્થ દેહના મમત્વથી નિરુપદ્રવ સ્થાનમાંથી જાય છે. ॥૫૪॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે વિષમમાર્ગને છોડીને જીવાકુલ ભૂમિમાંથી ગૃહસ્થ અને સાધુ બન્ને જાય છે છતાં તે બેમાં ભેદ છે. તે ભેદને અધિક સ્પષ્ટ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**अवि अ जणो मरणभया, परिस्समभयाउ ते विविज्जेइ ।**
**ते गुणदयापरिणया, मुक्खत्थमिसी परिहरंति ॥५५॥**

अपि च जनो मरणभयात्परिश्रमभयात्तु तान्विवर्जयति ।
तान् गुणदयापरिणता मोक्षार्थमृषयः परिहरन्ति ॥५५॥

**ગાથાર્થ :-**

**અને વળી, લોક મરણના ભયથી અને પરિશ્રમના ભયથી તે=તેનો=ઉપદ્રવવાળા પથોનો, ત્યાગ કરે છે, જ્યારે ગુણ અને દયાની પરિણતિવાળા ઋષિઓ મોક્ષ માટે તે=તેનો=ઉપદ્રવવાળા પથોનો પરિહાર કરે છે. ॥૫૫॥**

**ટીકા :-**

**कण्ठ्या । 'अपि च' इति अनेनाभ्युच्चयमाह, नवरं 'ते'त्ति सापायन् पथः । ( ओघनि. गा. ५१ )**

**ભાવાર્થ :-**

ગૃહસ્થ ઉપદ્રવવાળો માર્ગ હોય તો પોતાના મરણના ભયથી અથવા ઉપદ્રવવાળા માર્ગમાં જવાથી પોતાને થતા પરિશ્રમના ભયથી તેનો ત્યાગ કરીને ઉપદ્રવરહિત માર્ગમાંથી જાય છે, પછી તે માર્ગ જીવાકુલ હોય કે જીવાકુલ ન પણ હોય. વળી, જો તે માર્ગ જીવાકુલ હોય તોપણ ગૃહસ્થ સાધુ જેવી યતનાથી જતા નથી.

વળી, સાધુ મોક્ષના અર્થી છે, સમતાના પરિણામવાળા છે અને છકાયના જીવો પ્રત્યે દયાની પરિણતિવાળા છે, તેથી તે પરિણતિનું રક્ષણ કરવા અર્થે તેઓ ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ માર્ગે પણ જાય છે. વળી, પોતાની ભૂમિકા અનુસાર સાધુને જણાય કે જો ઉપદ્રવવાળા સ્થાનમાંથી જવાથી દેહનો અભાવ થાય તો સંયમનું પાલન થઈ શકશે નહિ, અને આ દેહનું રક્ષણ કરાશે તો મોક્ષપ્રાપ્તિનું

પ્રબળ કારણ થશે; ત્યારે ઉપદ્રવવાળો માર્ગ છોડીને નિરુપદ્રવ માર્ગે જાય છે; અને તે નિરુપદ્રવ માર્ગ ક્વચિત્ જીવાકુલ હોય તો તે જીવોના રક્ષણ માટે શક્ય એટલો બધો યત્ન સાધુ કરે છે, છતાં જ્યાં જીવરક્ષા શક્ય નથી ત્યાં જીવોની હિંસા થવા છતાં જીવરક્ષા માટે સમ્યગ્ યતનાનો પરિણામ સાધુને છે, તેથી સાધુની ગમનની ક્રિયા સંયમવૃદ્ધિનું કારણ બને છે.

વળી, સાધુ જે નિરુપદ્રવ સ્થાનથી ગમન કરે છે તે મોક્ષના અર્થી છે, સમતાના પરિણામવાળા છે, જીવો પ્રત્યે દયાના પરિણામ છે. આથી સ્પષ્ટ છે કે જે જીવોનું રક્ષણ શક્ય નથી તે જીવોનો માત્ર નાશ થાય છે, અને તે વિનાશ પણ રક્ષણની ઉપેક્ષાને કારણે થયો નથી પરંતુ રક્ષણ કરવું અશક્ય હોવાથી થાય છે. તેથી સાધુની ગમનક્રિયામાં જે જીવોનો વિનાશ થાય છે તે જીવો પ્રત્યે પણ સાધુને દયાનો પરિણામ છે; કેમ કે સાધુ ષટ્કાયના પાલનમાં અપ્રમાદભાવવાળા છે; સ્થાન ક્વચિત્ જીવાકુલ ન હોય અર્થાત્ જીવરહિત હોય, તોપણ સાધુ સમ્યગ્ યતનાપૂર્વક જ તે સ્થાનથી ગમન કરે છે, આ રીતે જીવાકુલ કે જીવરહિત નિરુપદ્રવ સ્થાનથી જતા ગૃહસ્થ અને સાધુ બન્ને બાહ્ય રીતે સમાન ગમનની પ્રવૃત્તિ કરતા હોય તોપણ પરિણામથી તે બન્ને વચ્ચે મોટો ભેદ છે. ॥૫૫॥

**અવતરણિકા :-**

**इतश्च साधोः प्राणातिपातापत्तावपि गृहिणा सह वैधुर्यमित्याह –**

**ભાવાર્થ :-**

**ગાથા-૫૪માં કહ્યું કે સાધુ યતના-અયતના જાણે છે અને અવધની પ્રતિજ્ઞાવાળા છે, અને ગૃહસ્થ યતના-અયતના જાણતા નથી અને અવધની પ્રતિજ્ઞાવાળા નથી, માટે ગૃહસ્થના અને સાધુના ગમનથી સમાન બાહ્ય હિંસા થતી હોય તોપણ ગૃહસ્થની હિંસા અને સાધુની હિંસામાં ભેદ છે. વળી, ગાથા-૫૫ માં બતાવ્યું કે લોકો મરણના ભયથી અને પરિશ્રમના ભયથી ઉપદ્રવવાળા માર્ગનો ત્યાગ કરે છે, અને સાધુ મોક્ષ માટે ઉપદ્રવવાળા માર્ગનો ત્યાગ કરે છે. આ રીતે સાધુની ગમનક્રિયામાં જીવહિંસાની પ્રાપ્તિ થવા છતાં ગૃહસ્થ સાથે વિસદૃશતા છે=સમાનતા નથી, તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**अविसिट्ठंमि वि जोगंमि, बाहिरे होइ विहुरया इहरा ।**
**सुद्धस्स उ संपत्ती, अफला जं देसिआ समए ॥५६॥**

अविशिष्टेऽपि योगे बाह्ये भवति विधुरतेतरथा ।
शुद्धस्य तु सम्प्राप्तिरफला यद्देशिता समये ॥५६॥

**ગાથાર્થ :-**

**સાધુના અને ગૃહસ્થના પ્રાણાતિપાતઆદિ બાહ્ય વ્યાપારરૂપ યોગ સમાન હોવા છતાં પણ વિધુરતા છે=વિસદૃશતા છે અર્થાત્ સાધુથી થતી હિંસામાં અને ગૃહસ્થથી થતી હિંસામાં વિસદૃશતા છે. ઈતરથા=એવું ન માનો તો, શુદ્ધને=સાધ્વાચારની ક્રિયામાં શુદ્ધ આચારવાળા સાધુને, સંપ્રાપ્તિ= પ્રાણાતિપાતઆદિની પ્રાપ્તિ, અફળ=કર્મબંધરૂપ ફળ રહિત, જે કારણથી સમયમાં=શાસ્ત્રમાં કહેવાયેલી છે, તેનો વિરોધ થાય. ॥૫૬॥**

**ટીકા :-**

**इह 'अविशिष्टेऽपि' तुल्येऽपि 'योगे' प्राणातिपातादिव्यापारे 'बाह्ये' बहिर्वर्त्तिनि भवति 'विधुरता' वैधुर्यं=विसदृशता, इत्थं चैतदभ्युपगन्तव्यम्, इतरथा शुद्धस्य-साधोः 'संप्राप्तिः' प्राणातिपातापत्तिः 'अफला' निष्फला यतः प्रदर्शिता 'समये' सिद्धान्ते तद्विरुध्यते, तस्मादेतदेवमेवाभ्युपगन्तव्यं बाह्यप्राणातिपातव्यापारः शुद्धस्य साधोर्न बन्धाय भवतीति ॥ ( ओघनि. गा. ५२ )**

**ભાવાર્થ :- ગમનની ક્રિયા સમાન હોવા છતાં ગૃહસ્થને કર્મબંધ અને સાધુને કર્મબંધનો અભાવ :**

ઉપદ્રવવાળા માર્ગને છોડીને લોકો નિરુપદ્રવ માર્ગમાંથી જાય છે ત્યારે તેઓના ગમનથી પ્રાણાતિપાતઆદિ બાહ્ય વ્યાપાર થાય છે તેના જેવો પ્રાણાતિપાતાદિનો બાહ્ય વ્યાપાર સાધુથી પણ થતો હોય, તોપણ તેમાં સમાનતા નથી; કેમ કે તે પ્રાણાતિપાતઆદિ વ્યાપારથી ગૃહસ્થને કર્મબંધ થાય છે અને સાધુને કર્મબંધ થતો નથી. જો એવું ન માનવામાં આવે તો, શાસ્ત્રમાં જે કહ્યું છે કે "ભગવાનની આજ્ઞા અનુસાર ચારિત્રાચારની શુદ્ધ ક્રિયા કરનાર સાધુની પ્રાણાતિપાતની ક્રિયા અફલ છે અર્થાત્ તે સાધુને તેનાથી લેશ પણ કર્મબંધ થતો નથી" તે કથનનો વિરોધ થાય.

આનાથી એ ફલિત થયું કે પરિપૂર્ણ યતનાપરાયણ એવા સાધુ મોક્ષ માટે ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ જીવાકુલ ભૂમિમાંથી જતા હોય તોપણ, તેના કારણે જે કાંઈ હિંસા થાય, તે હિંસાકૃત લેશ પણ કર્મબંધ થતો નથી; કેમ કે તેમને હિંસાનો અધ્યવસાય નથી, એટલું જ નહીં પણ સંયમવૃદ્ધિમાં અપ્રમાદભાવથી યત્ન છે, અને સંયમવૃદ્ધિમાં અપ્રમાદભાવના યત્નથી કર્મબંધ થાય નહીં. ॥૫૬॥

**અવતરણિકા :-**

**तथा चाह –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે કહે છે –**

**ભાવાર્થ :-**

**तथा च**=અને તે રીતે=પૂર્વગાથામાં બતાવ્યું કે ગૃહસ્થથી અને સાધુથી સમાન હિંસા થઈ હોવા છતાં તે હિંસાકૃત કર્મબંધ ગૃહસ્થને થાય છે અને યતનાશુદ્ધ સાધુને લેશ પણ કર્મબંધ થતો નથી. તે અન્ય યુક્તિથી પણ ગાથામાં બતાવે છે –

**ગાથા :-**

**इक्कंमि वि पाणिवहंमि, देसिअं सुमहदंतरं समए ।**
**एमेव णिज्जरफला, परिणामवसा बहुविहीआ ॥५७॥**

एकस्मिन्नपि प्राणिवधे देशितं सुमहदन्तरं समये ।
एवमेव निर्जरफला परिणामवशाद् बहुविधाः ॥५७॥

**ગાથાર્થ :-**

**સમયમાં=શાસ્ત્રમાં, એક પણ=તુલ્ય પણ, પ્રાણીવધમાં, સુમહદ્ અંતર=ઘણું અંતર, કહેવાયું છે. એ રીતે જ=સમાન હિંસામાં અધ્યવસાયના ભેદથી ઘણો મોટો ભેદ છે એ રીતે જ, બહુ પ્રકારે પરિણામના ભેદથી નિર્જરારૂપ ફળભેદો છે. ॥૫૭॥**

**ટીકા :-**

'एकस्मिन्नपि' तुल्येऽपि प्राणिवधे 'दर्शितं' प्रतिपादितं सुमहदन्तरं, क्व ? 'समये' सिद्धान्ते, तथाहि-यथा द्वौ पुरुषौ प्राणिवधप्रवृत्तौ, तयोश्च न तुल्यो बन्धो, यस्तत्रातीवसंक्लिष्टपरिणतिः स सप्तम्यां पृथिव्यामुत्पद्यते, अपरस्तु नातिसंक्लिष्टपरिणतिः स द्वितीयनरकादावपीति । इयं तावद्विसदृशता बन्धमङ्गीकृत्य इदानीं निर्जरामङ्गीकृत्य विशदृशतां दर्शयन्नाह-एवमेव निर्जरा फलविशेषा अपि परिणामवशाद् 'बहुविधा' बहुप्रकारा विशिष्ट-विशिष्टतर-विशिष्टतमाः । ( ओघ नि. गा. ५३ )

**ભાવાર્થ :- સમાન હિંસા હોવા છતાં ભાવના ભેદથી કર્મબંધમાં ભેદ અને નિર્જરામાં ભેદ :**

બે પુરુષો સમાન હિંસા કરતા હોય, તેમાં એકને અતિસંક્લિષ્ટ પરિણામ થાય તો સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે, અને બીજાને તેવો અતિસંક્લિષ્ટ પરિણામ ન થાય, તેથી બીજી આદિ નરકમાં ઉત્પન્ન થાય છે. ઓઘનિર્યુક્તિ શાસ્ત્રના આ કથનથી નક્કી થાય છે કે બાહ્ય હિંસાના ભેદથી કર્મબંધની તરતમતા નથી, પરંતુ સમાન હિંસામાં પણ અધ્યવસાયના ભેદથી કર્મબંધરૂપ ફળમાં તરતમતા છે. એ રીતે કોઈ બે જીવો વિધિશુદ્ધ સમાન ધર્મઅનુષ્ઠાન કરતા હોય અને તેમાં સમાન હિંસા થતી હોય, તોપણ અધ્યવસાયના ભેદથી એકને તે ધર્માનુષ્ઠાનથી ઘણી નિર્જરા થાય છે તો બીજાને અલ્પ નિર્જરા થાય છે. તેથી નિર્જરારૂપ ફળની પ્રાપ્તિમાં પણ માત્ર બાહ્ય આચરણાઓ નિયામક નથી, પરંતુ તે બાહ્યઆચરણાજન્ય અધ્યવસાય નિયામક છે. તેથી જે અનુષ્ઠાનમાં બાહ્ય રીતે સમાન હિંસા થતી હોય તેવા પણ મોક્ષાર્થે કરાતા વિશુદ્ધ અનુષ્ઠાનમાં અધ્યવસાયના ભેદથી નિર્જરાનો ભેદ પડે છે.

જે જીવો મોક્ષના અર્થી છે, વિધિશુદ્ધ અનુષ્ઠાન કરવાની ઈચ્છાવાળા છે અને કાંઈક વિધિમાં યત્ન પણ કરે છે, પરંતુ વિધિશુદ્ધ અનુષ્ઠાન કરી શકતા નથી, તેઓને જે નિર્જરા થાય છે તેના કરતાં જે જીવો તે અનુષ્ઠાન વિધિશુદ્ધ કરે છે તેમને વિશિષ્ટ નિર્જરા થાય છે; તો વળી અન્ય કોઈ જીવને તે અનુષ્ઠાન વિધિશુદ્ધ સમાન અધ્યવસાયના ભેદના કારણે વિશિષ્ટતર નિર્જરા થાય છે, તો વળી અન્ય કોઈ જીવને તે અનુષ્ઠાનતા વિધિશુદ્ધતા સમાન છતાં અધ્યવસાયના વિશેષ પ્રકર્ષના કારણે વિશિષ્ટતમ નિર્જરા થાય છે.

આ કથનથી એ ફલિત થયું કે કર્મબંધ અને કર્મનિર્જરા પ્રત્યે અધ્યવસાય જ નિયામક છે, બાહ્ય આચરણા અધ્યવસાયને પેદા કરવાનું અવલંબનમાત્ર છે. આથી ગાથા-૫૬ માં કહ્યું કે ગૃહસ્થ અને સાધુ બન્નેની ગમનાદિની બાહ્ય આચરણા સમાન હોવા છતાં ગૃહસ્થ તે બાહ્ય આચરણાને અવલંબીને કર્મબંધને અનુકૂળ પરિણામ કરે છે તેથી કર્મબંધ થાય છે, અને તેની તે જ આચરણામાં સાધુનો અધ્યવસાય સંયમને અવલંબીને પ્રવર્તતો હોવાથી તેમને લેશપણ કર્મબંધ થતો નથી; કેમ કે સાધુની અને ગૃહસ્થની સમાન

ગમનાદિની પ્રવૃત્તિમાં બાહ્ય રીતે સમાન હિંસા થઈ હોવા છતાં, ગૃહસ્થ પોતાના ભૌતિક સ્વાર્થ માટે પ્રવૃત્તિ કરે છે તેથી તેને કર્મબંધ થાય છે, અને સાધુ તે જ પ્રવૃત્તિ મોક્ષ માટે કરે છે તેથી તેને કર્મબંધ થતો નથી, પરંતુ નિર્જરા થાય છે.

આમ, બાહ્ય રીતે સમાન પ્રવૃત્તિ અને સમાન હિંસા દેખાતી હોવા છતાં ગૃહસ્થ તે પ્રવૃત્તિ કરે છે ત્યારે જેટલો ક્લિષ્ટ ભાવ હોય છે તેટલો તેને કર્મબંધ થાય છે. વળી, તે જ પ્રવૃત્તિ ગૃહસ્થને સાધુની જેમ સંયમવૃદ્ધિનું કારણ નહિ હોવાથી કર્મનિર્જરાનું કારણ બનતી નથી, જ્યારે સાધુને તે જ પ્રવૃત્તિ સંયમવૃદ્ધિનું કારણ હોવાથી કર્મનિર્જરાનું કારણ બને છે. ॥૫૭॥

**અવતરણિકા :-**

**एकां प्राणिजातिमङ्गीकृत्यान्तरमुक्तम्, अधुना सकलव्यक्त्याश्रयमन्तरं प्रतिपिपादयिषुराह –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વગાથામાં એક પ્રાણીજાતિને આશ્રયીને=સમાન જીવહિંસારૂપ પ્રાણીજાતને આશ્રયીને, થતી હિંસાથી કર્મબંધ અને કર્મનિર્જરામાં અંતર બતાવ્યું, હવે સકલ વ્યક્તિરૂપ પ્રવૃત્તિને આશ્રયીને=સંસારની અને ધર્મની સકલ વ્યક્તિરૂપ સર્વપ્રવૃત્તિને આશ્રયીને, કર્મબંધ અને કર્મનિર્જરામાં અંતર બતાવવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે –**

**ગાથા :-**

**जे जत्तिआ य हेऊ, भवस्स ते चेव तत्तिआ मुक्खे ।**
**गणणाईआ लोगा, दुण्ह वि पुन्ना भवे तुल्ला ॥५८॥**

ये यावन्तश्च हेतवो भवस्य त एव तावन्तो मोक्षे ।
गणनातीता लोका द्वयोरपि पूर्णा भवेयुस्तुल्याः ॥५८॥

**ગાથાર્થ :-**

**जे जत्तिआ य भवस्स हेऊ=જે અને જેટલા ભવના હેતુઓ છે. ते चेव तत्तिआ मुक्खे=તે જ તેટલા મોક્ષના હેતુઓ છે, दुण्ह वि गणणाईआ लोगा पुन्ना भवे=બન્નેના પણ અર્થાત્ ભવના અને મોક્ષના બન્નેના પણ હેતુઓ સંખ્યાથી ગણનાતીત એટલા લોકાકાશો પૂર્ણ થાય तुल्ला=ભવ અને મોક્ષના હેતુની સંખ્યા તુલ્ય છે. ॥૫૮॥**

**ટીકા :-**

**ये हेतवो यावन्तो-यावन्मात्रा 'भवस्य' संसारस्य निमित्तं त एव नान्ये तावन्मात्रा एव मोक्षस्य हेतवो-निमित्तानि । कियन्मात्रकास्ते अत आह-गणनाया अतीताः-सङ्ख्याया अतिक्रान्ताः, के ?- लोकाः 'द्वयोरपि' भवमोक्षयोः संबन्धिनां हेतूनामसङ्ख्येया लोकाः 'पूर्णाः' भृताः, तत्र पूर्णा एकहेतुन्यूना अपि भवन्त्यत आह-तुल्याः, कथम्भूताः ? क्रियाविशेषणं 'तुल्याः' सदृशा इत्यर्थः । ननु तुल्यग्रहणमेव कस्मात् केवलं न कृतं ? येन पुनः पूर्णग्रहणं क्रियते, भण्णति पडिवयणं**

**तुल्लगहणेण केवलेणं संवलिआणं संसारमोक्खहेऊणं लोका तुल्लत्ति कस्सवि बुद्धी होज्जा तो पुण्णग्गहणंपि कीरइ, दोण्हवि पुण्णत्ति जया भरिअत्ति नेयव्वा । इयमत्र भावना-सर्व एव ये त्रैलोक्योदरविवरवर्त्तिनो भावा रागद्वेषमोहात्मनां पुंसां संसारहेतवो भवन्ति त एव रागादिरहितानां श्रद्धामतामज्ञानपरिहारेण मोक्षहेतवो भवन्तीति । एवं तावत्प्रमाणमिदमुक्तम् । ( ओघनि. गा. ५४ )**

**ભાવાર્થ :-**

સંસારના પરિભ્રમણનું કારણ બને તે સંસારના હેતુ કહેવાય, મોક્ષની પ્રાપ્તિમાં કારણ બને તે મોક્ષના હેતુ કહેવાય; અને સંસારના પરિભ્રમણના કારણભૂત જે હેતુઓ જેટલી સંખ્યામાં છે, તે જ હેતુઓ તેટલી જ સંખ્યામાં મોક્ષની પ્રાપ્તિમાં કારણભૂત હેતુઓ છે. આ કથનથી એ પ્રાપ્ત થાય કે સંસારની કોઈપણ બાહ્ય પ્રવૃત્તિ કર્મબંધ દ્વારા સંસારનું કારણ છે, અને તે જ બાહ્ય પ્રવૃત્તિ નિર્જરા દ્વારા મોક્ષનું કારણ છે; અને તે રીતે ધર્મની કોઈપણ આચરણા નિર્જરા દ્વારા મોક્ષનું કારણ છે, અને ધર્મની તે જ આચરણા કર્મબંધ દ્વારા સંસારનું કારણ છે. આથી બાહ્ય આચરણારૂપ જેટલી સંસારની પ્રવૃત્તિ અને ધર્મની પ્રવૃત્તિ છે, તે સર્વ પ્રવૃત્તિ અધ્યવસાયના ભેદથી સંસારનું કારણ બને છે અને અધ્યવસાયના ભેદથી મોક્ષનું કારણ બને છે. વળી, સંસારના હેતુઓ અને મોક્ષના હેતુઓ સંખ્યાથી ગણનાતીત છે અર્થાત્ ગણના થઈ શકે તેટલી માત્રાના નથી. આમ છતાં સંખ્યાનો કંઈક બોધ થાય તે માટે ઉપમાથી બતાવે છે-

૧૪ રાજલોક પ્રમાણ લોક છે અને તે લોકના એકએક આકાશપ્રદેશ ઉપર કલ્પનાથી એક એક હેતુને મૂકવામાં આવે તો આખો ચૌદ રાજલોક ભરાઈ જાય તે એક લોક હેતુથી પૂર્ણ કહેવાય; અને તે લોક જેવા જ બીજા અસંખ્યાત લોકની સંખ્યાને ગ્રહણ કરીને તે દરેક લોકના એક એક પ્રદેશમાં એક એક હેતુ મૂકવામાં આવે તો અંખ્યાતલોક પણ હેતુઓથી પૂર્ણ ભરાઈ જાય અને જે સંખ્યા પ્રાપ્ત થાય તેટલી સંખ્યા પ્રમાણ ભવના હેતુઓ છે, અને તે જ સર્વે ભવના હેતુઓ મોક્ષના પણ હેતુઓ છે. તેથી ભવના હેતુઓની અને મોક્ષના હેતુઓની સંખ્યા પણ સમાન છે. બન્નેના પણ અર્થાત્ ભવના અને મોક્ષના હેતુઓ સંખ્યાથી અસંખ્યાતલોક પૂર્ણ છે ત્યાં એક હેતુથી ન્યૂન પણ પૂર્ણ ગણાય છે, આથી કરીને મૂળ ગાથામાં કહે છે- 'તુલ્ય છે' અર્થાત્ એક હેતુથી પણ ન્યૂન નથી, અને તે જ 'તુલ્ય' પદાર્થ ટીકામાં સ્પષ્ટ કરે છે.

કેવા પ્રકારના છે ? અર્થાત્ અસંખ્યાતલોક પૂર્ણ કેવા પ્રકારનો છે ? એ પ્રકારની શંકામાં 'તુલ્ય' ક્રિયાવિશેષણ બતાવે છે- તુલ્ય છે=સદશ છે અર્થાત્ ભવના અને મોક્ષના હેતુઓ અસંખ્યાત લોકાકાશોપૂર્ણ એવા સંખ્યામાં સદશ છે.

આશય એ છે કે સંસારના અને મોક્ષના બંનેના હેતુઓની સંખ્યાથી અસંખ્ય લોકાકાશો 'પૂર્ણ' છે, તેમ કહેવા છતાં 'તુલ્ય' કેમ કહ્યું ? એમ શંકા થાય; કેમ કે પૂર્ણ કહેવાથી તુલ્યતાની પ્રાપ્તિ થઈ જાય છે. તેનો ઉત્તર આપતાં ટીકાકાર કહે છે કે ભવના હેતુઓથી અસંખ્યાત લોકાકાશો પૂર્ણ છે અને મોક્ષના હેતુઓથી પણ અસંખ્યાત લોકાકાશો પૂર્ણ છે. આમ છતાં તુલ્ય ન કહેવામાં આવે તો ભવના હેતુઓ કરતાં મોક્ષના હેતુઓમાં એક હેતુની ન્યૂનતા હોય અથવા મોક્ષના હેતુઓ કરતાં ભવના હેતુઓમાં એક હેતુની ન્યૂનતા હોય તોપણ અસંખ્યાત લોકાકાશો પૂર્ણ છે તેવો અર્થ થઈ શકે છે. જેમ ઋષભદેવ

ભગવાન અને શ્રેયાંસકુમાર પૂર્વભવમાં સાથે અનશન કરીને ૩૩ સાગરોપમના આયુષ્યવાળા સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે, તેથી દેવભવમાં બંનેનું આયુષ્ય ૩૩ સાગરોપમનું હતું. આમ છતાં શ્રેયાંસકુમારના આયુષ્ય કરતાં ઋષભદેવ ભગવાનનું દેવભવનું ૩૩ સાગરોપમનું આયુષ્ય કંઈક ન્યૂન હતું, તેથી શ્રેયાંસકુમાર કરતાં ઋષભદેવ ભગવાનનો જન્મ કંઈક વહેલો થયો હતો, તોપણ એમ કહેવાય કે ઋષભદેવ ભગવાન અને શ્રેયાંસકુમાર બન્ને ૩૩ સાગરોપમના દેવઆયુષ્યનો ભોગ પૂર્ણ કરીને મનુષ્યરૂપે જન્મ્યા. તે રીતે સંસારના હેતુઓ કરતાં મોક્ષના હેતુઓમાં એકાદ હેતુની ન્યૂનતા કે અધિકતા હોય તોપણ બંનેના હેતુઓથી અસંખ્યાત લોકાકાશો પૂર્ણ છે તેમ કહી શકાય; પણ તુલ્ય કહેવાથી એ ફલિત થયું કે સંસારના અને મોક્ષના હેતુઓની સંખ્યામાં એક પણ સંખ્યાની વિષમતા નથી.

ઓઘનિર્યુક્તિ ગાથા-૫૪ની ટીકામાં '**ननु......नेयव्वा**' નો ભાવાર્થ :

**ननु** થી શંકા કરે છે કે ગાથામાં કેવળ 'તુલ્ય' જ ગ્રહણ કેમ ન કર્યું ? જે કારણથી વળી, પૂર્ણ પણ ગ્રહણ કરાય છે ? શંકાકારનો આશય એ છે કે સંસાર અને મોક્ષના હેતુઓ તુલ્ય છે તેમ કહેવાથી પૂર્ણ કહેવાની જરૂર નથી. આમ છતાં, ગાથામાં કેમ કહ્યું કે સંસારના અને મોક્ષના હેતુઓથી લોક પૂર્ણ છે ? અર્થાત્ ''અસંખ્યાત લોકાકાશો પૂર્ણ છે'' એમ કહેવાની જરૂરત રહેતી નથી; કેમ કે સંસારના અને મોક્ષના હેતુઓની સંખ્યા તુલ્ય કહેવાથી જ બન્નેના હેતુઓથી અસંખ્યાત લોકાકાશો પૂર્ણ છે, એ અર્થ પ્રાપ્ત થઈ જાય છે.

તેનો ઉત્તર આપતાં પ્રતિવચન કહેવાય છે-

સંવલિત એવા સંસાર અને મોક્ષના હેતુઓ કેવળ તુલ્ય ગ્રહણ વડે કરીને લોકતુલ્ય છે અર્થાત્ સંસાર અને મોક્ષ બન્નેના હેતુઓ અસંખ્યાત લોકતુલ્ય છે=અસંખ્યાત લોકની સંખ્યા તુલ્ય છે એ પ્રમાણે કોઈને બુદ્ધિ થાય, તે કારણથી પૂર્ણ પણ ગ્રહણ કરાય છે. બન્નેથી પણ=સંસારના હેતુઓથી અને મોક્ષના હેતુઓથી પણ પૂર્ણ છે, એ પ્રમાણે જાણવું.

આશય એ છે કે બન્નેના હેતુઓથી અસંખ્યાત લોકાકાશો પૂર્ણ ભરાયેલાં છે તેમ ન કહેવામાં આવે, અને એમ કહેવામાં આવે કે સંસારના અને મોક્ષના હેતુઓ અસંખ્ય લોકતુલ્ય છે, તો કોઈને એવી બુદ્ધિ થાય કે અસંખ્યાત લોકની સંખ્યા સમાન અસંખ્યાતા સંસારના અને મોક્ષના હેતુઓ છે, અને પૂર્ણ કહેવાથી એ પ્રાપ્ત થાય કે અસંખ્યાત લોકની સંખ્યા સમાન સંસાર અને મોક્ષના હેતુ નથી, પરંતુ અસંખ્યાત લોકના જેટલા આકાશપ્રદેશ છે તેની સંખ્યા તુલ્ય સંસારના અને મોક્ષના હેતુઓ છે; કેમ કે અસંખ્યાતલોક બન્નેના હેતુથી પૂર્ણ છે એમ કહેવાથી એ અર્થ પ્રાપ્ત થાય કે અસંખ્યાત લોકાકાશો અંતર્ગત દરેક લોકના એક એક આકાશપ્રદેશ પર એક એક હેતુને કલ્પનાથી મૂકવામાં આવે તો તે અસંખ્યાત લોકાકાશો પૂર્ણ ભરાઈ જાય.

આનાથી એ પ્રાપ્ત થયું કે રાગ-દ્વેષ અને મોહવાળા જીવોને ત્રણ લોકમાં રહેલા પદાર્થો સંસારના હેતુઓ થાય છે, અને ભગવાનના વચનની શ્રદ્ધાવાળા રાગાદિ રહિત એવા સાધુઓને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરતા હોય તો તે જ પદાર્થો મોક્ષના હેતુઓ થાય છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૫૩ માં પ્રશ્ન કર્યો કે સંસારી જીવો પણ ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ માર્ગથી જાય છે, અને સાધુ પણ ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ માર્ગથી જાય છે, તેથી બંનેની પ્રવૃત્તિ સમાન હોવા છતાં લોક કરતાં સાધુનો શું ભેદ છે ? તેનું સમાધાન ગાથા-૫૪ થી ૫૭ સુધી આપ્યું હવે તેની જ પુષ્ટિ પ્રસ્તુત ગાથાથી પણ થાય છે. તે આ રીતે-

જેટલા હેતુ સંસારના છે તેટલા જ હેતુ મોક્ષના છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે લોક ઉપદ્રવવાળા માર્ગને ઇચ્છતા નથી તેમ સાધુ પણ ઉપદ્રવવાળા માર્ગને ઇચ્છતા નથી, અને બન્ને નિરુપદ્રવ પથથી જાય છે. તેથી બન્નેની ક્રિયા સમાન છે; તોપણ રાગ-દ્વેષથી આકુળ એવા લોકની તે પ્રવૃત્તિ સંસારનો હેતુ છે અને ભગવાનના વચનની રુચિવાળા, રાગાદિથી રહિત, યતનાપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરનારા એવા મુનિની તે જ પ્રવૃત્તિ મોક્ષનો હેતુ છે. ॥૫૮॥

**અવતરણિકા :-**

**एवं तावत्प्रमाणमिदमुक्तम्, इदानीं येषाममी त्रैलोक्यापन्ना पदार्था बन्धहेतवो भवन्ति न भवन्ति च येषां तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૫૮માં કહ્યું એ રીતે, તેટલા પ્રમાણવાળું=અસંખ્યાત લોકાકાશોના અસંખ્ય અસંખ્ય પ્રદેશોની સંખ્યાના પ્રમાણવાળું, આ=ભવના અને મોક્ષના હેતુઓનું પ્રમાણ કહેવાયું. હવે જેઓને ત્રણ લોકમાં રહેલા આ પદાર્થો=ભાવો બંધના હેતુઓ થાય છે, અને જેઓને બંધના હેતુઓ નથી થતા, તેને કહે છે –**

**ગાથા :-**

**इरिआवहमाईआ, जे चेव हवंति कम्मबंधाय ।**
**अजयाणं ते चेव उ, जयाणं णिव्वाणगमणाय ॥५९॥**
ईर्यापथाद्या य एव भवन्ति कर्मबन्धनाय ।
अयतानां त एव यतानां निर्वाणगमनाय ॥५९॥

**ગાથાર્થ :-**

**જે જ ઈર્યાપથ આદિ વ્યાપારો અયતનાવાળાઓને કર્મબંધ માટે થાય છે, તે જ ઇર્યાપથ આદિ વ્યાપારો યતનવાળાઓને મોક્ષગમન માટે થાય છે. ॥૫૯॥**

**ટીકા :-**

**'ईर गतिप्रेरणयोः' ईरणमीर्या, पथि ईर्या, ईर्यापथं-गमनागमनमित्यर्थः, ईया पथमादौ येषां ते ईर्यापथाद्याः, आदिशब्दादुष्टवागादिव्यापारा गृह्यन्ते, ईर्यापथाद्या व्यापारा य एव भवन्ति**

**'कम्मबंधाय' कर्मबन्धनिमित्तं-कर्मबन्धहेतवः, केषाम् ? 'अयतानाम्' अयत्नपराणां पुरुषाणां, त एव ईर्यापथाद्या व्यापारा 'यतानां' यत्नवतां 'निर्वाणगमनाय' मोक्षगमनाय भवन्ति ॥ ( ओघनि. गा. ५५ )**

**ભાવાર્થ :-**

અયતનાવાળા જીવોને ગમન આદિ ચેષ્ટા કે વાણીની ચેષ્ટા કે મનની ચેષ્ટા, કર્મબંધ માટે થાય છે, અને યતનાવાળા જીવોને તે જ ગમન આદિ ચેષ્ટા મોક્ષનું કારણ બને છે. આશય એ છે કે જીવને માટે ઉચિત પ્રવૃત્તિ મોક્ષનું કારણ છે અને અનુચિત પ્રવૃત્તિ કર્મબંધનું કારણ છે. ઉચિત પ્રવૃત્તિ એ છે કે પોતાની ભૂમિકા પ્રમાણે રાગાદિને વશ થયા વગર કોઈના અહિતનું કારણ ન બને તે રીતે મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવી. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ માર્ગમાંથી જાય છે ત્યારે, રાગાદિથી આકુળ થયા વગર સમભાવની વૃદ્ધિના ઉપાયભૂત યતનાપૂર્વક ગમન કરતા હોય છે, તેથી તેમની તે ગમનની ક્રિયા સમભાવની વૃદ્ધિનું કારણ હોવાથી મોક્ષનું કારણ બને છે. વળી, સંસારી જીવો ઉપદ્રવવાળા માર્ગને છોડીને તે જ પ્રકારના નિરુપદ્રવ માર્ગમાંથી જતા હોય ત્યારે, તેઓની તે ગમનની ક્રિયા સંસારના કોઈક આશયથી અયતનાપૂર્વક પ્રવર્તતી હોય છે, તેથી કર્મબંધનું કારણ બને છે.

અહીં યતના શબ્દથી બહિરંગ અને અંતરંગ યતના ગ્રહણ કરવાની છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ ગમન કરતા હોય ત્યારે કોઈ જીવને લેશ પણ પીડા ન થાય તદ્અર્થે અત્યંત ઉપયોગપૂર્વક ઈર્યાસમિતિમાં યત્ન કરે છે જે બહિરંગ યતના છે, અને ગમનક્રિયા સંયમવૃદ્ધિનું કારણ બને તે રીતે કરે છે તે અંતરંગ યતના છે. જો સંયમવૃદ્ધિનું કારણ ન હોય તેવી ગમન આદિ ક્રિયા સાધુ કરતા હોય, અને ઈર્યાસમિતિમાં સુદઢ યત્ન હોય, તોપણ તે ક્રિયા અંતરંગ યતનાવાળી નહીં હોવાથી કર્મબંધનું કારણ છે.

તે રીતે સાધુ કોઈ વચનપ્રયોગ કરતા હોય ત્યારે, કોઈ જીવની હિંસા ન થાય તે અર્થે 'મુહપત્તિ'નો ઉપયોગ રાખીને બોલતા હોય, અને પોતાનું વચન કોઈને પણ પીડાકારક ન થાય તેવું બોલતા હોય, તે બહિરંગ યતના છે; અને સ્વ-પરના હિતના પરિણામને લક્ષ્ય કરીને સંયમવૃદ્ધિનું કારણ બને તે રીતે ઉપયુક્ત થઈને વચનપ્રયોગ કરે, તે અંતરંગ યતના છે. જો વચનપ્રયોગમાં સંયમને અનુકૂળ અંતરંગ યતના ન હોય, અને માત્ર બાહ્ય રીતે કોઈ જીવની હિંસા ન થાય તેના માટે વચનપ્રયોગકાળમાં મુખવસ્ત્રિકા રાખીને બોલે, અને વચન પણ કોઈને પીડાકારક ન હોય તેવાં નિરવદ્ય વચન બોલે, તોપણ અંતરંગ યતના ન હોય તો કર્મબંધની પ્રાપ્તિ થાય છે. જેમ કોઈ સાધુ ઉપદેશની ક્રિયા કરતા હોય, અને ભગવાનના વચન પ્રમાણે જ પદાર્થ સમજાવતા હોય, તેથી તે વચનપ્રયોગો સાવદ્યરૂપે નથી; આમ છતાં અંતરંગ રીતે માનાદિ કષાયને વશ થઈને તે ઉપદેશની પ્રવૃત્તિ કરતા હોય, તો તે વચનપ્રયોગથી પણ કર્મબંધ થાય છે; કેમ કે બહિરંગ યતના હોવા છતાં અંતરંગ યતના નથી.

તે રીતે સાધુ સંયમની કોઈપણ ક્રિયા કરતાં પૂર્વે વિધિનું સ્મરણ કરે, અને તે વિધિના સ્મરણપૂર્વક વાચિક અને કાયિક ક્રિયામાં યત્ન કરે, અને તે વિધિ અનુસાર તેમાં માનસયત્ન કરે, તો તે મનોયોગના

વિષયમાં બહિરંગ યતના છે; અને સાધુનું લક્ષ્ય અસંગભાવ છે, અને તે લક્ષ્યને અનુરૂપ સંયમવૃદ્ધિનું કારણ બને તે રીતે ઉપયુક્ત થઈને મનોયોગ પ્રવર્તાવે, તો તે અંતરંગ યતના છે.

જે ક્રિયામાં મનોયોગ, વચનયોગ અને કાયયોગની બહિરંગ અને અંતરંગ યતના બન્ને વર્તતી હોય તે ક્રિયા પરિપૂર્ણ વિશુદ્ધ બને છે, અને જે ક્રિયામાં બહિરંગ યતના હોવા છતાં અંતરંગ યતના ન હોય કે અંતરંગ યતના હોવા છતાં બહિરંગ યતના ન હોય, તો તે ક્રિયા વિધિશુદ્ધ બનતી નથી. ॥૫૯॥

**અવતરણિકા :-**

**एवं तावत्साधोर्गृहस्थेन सह तुल्येऽपि व्यापारे विसदृशतोक्ता, इदानीं सजातीयमेव साधुमाश्रित्य विसदृशतामुपदर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૫૩ થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, ગૃહસ્થના અને સાધુના સમાન પણ વ્યાપારમાં વિસદૃશતા બતાવાઈ અર્થાત્ ગૃહસ્થને જે વ્યાપારથી કર્મબંધ થાય છે તે જ વ્યાપારથી સાધુને કર્મની નિર્જરા થાય છે, એ રૂપ વિસદૃશતા બતાવાઈ. હવે સજાતીય=સમાન ધર્મવાળા જ એવા સાધુને આશ્રયીને વિસદૃશતાને બતાવતાં કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૫૩ થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે ગૃહસ્થ ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ માર્ગમાં જતાં હોય કે સાધુ ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ માર્ગમાં જતા હોય, અને તે બંનેની ગમનની ક્રિયા બાહ્ય રીતે સમાન હોય, તોપણ ગૃહસ્થને તે વ્યાપારથી કર્મબંધ થાય છે અને સાધુને તે જ વ્યાપારથી કર્મનિર્જરા થાય છે. હવે કોઈક સાધુ જે ક્રિયા કરે છે તે જ ક્રિયા અન્ય સાધુ કરતા હોય, અને તેઓની બન્નેની પ્રવૃત્તિ બાહ્ય રીતે સમાન હોય, તો એક સાધુને કર્મબંધ થાય છે અને અન્ય સાધુને નિર્જરા થાય છે, એ રૂપ વિસદૃશતાને બતાવતાં ગ્રંથકાર કહે છે –

**ગાથા :**

**एगंतेण णिसेहो, जोगेसु ण देसिओ विही वा वि ।**
**दलिअं पप्प णिसेहो, हुज्ज विही वा जहा रोगे ॥६०॥**

एकान्तेन निषेधो योगेषु न देशितो विधिर्वापि ।
दलिकं प्राप्य निषेधो भवेद्विधिर्वा यथा रोगे ॥६०॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે રોગમાં એકાંત વિધિ-નિષેધ નથી, તે પ્રમાણે યોગોમાં=ગમન-આદિ વ્યાપારમાં, એકાંતથી નિષેધ કહેવાયો નથી અથવા વિધિ પણ કહેવાઈ નથી, 'દલિક'ને=દ્રવ્યને આશ્રયીને નિષેધ થાય અથવા વિધિ થાય. ॥૬૦॥**

**ટીકા :-**

एकान्तेन निषेधः 'योगेषु' गमनादिव्यापारेषु 'न देशितः' नोपदिष्टः 'विधिर्वा' अनुज्ञा वा क्वचित्स्वाध्यायादौ न दर्शिता, किन्तु 'दलिअं' द्रव्यं वस्तु वा 'प्राप्य' विज्ञाय निषेधो भवेत्, तस्यैव वा 'विधिर्भवेत्' अनुष्ठानं भवेदिति । अयमत्र भावः-कस्यचित्साधोराचार्यादिप्रयोजनादिना सचित्तेऽपि पथि व्रजतो गमनमनुज्ञायते, कारणिकत्वात्, नाकारणिकस्य, दृष्टान्तमाह- 'जहा रोगे'त्ति यथा 'रोगे' ज्वरादौ परिपाचनभोजनादेः प्रतिषेधः क्रियते, जीर्णज्वरे तु तस्यैव विधिरित्यतः साधूच्यते-वस्त्वन्तरमवाप्य विधिः प्रतिषेधो वा विधीयते । अथवाऽन्यथा व्याख्यायते-इहोक्तं-'अखिलाः पदार्था आत्मनः संसारहेतवो मोक्षहेतवश्च' ततश्च न केवलं त एव यान्यपि सम्यग्दर्शन-ज्ञानचारित्राणि तान्यपि संसारमोक्षयोः कारणानीति, तथा चाह-'एगंतेण निसेहो०' एकान्तेन निषेधः सम्यग्दर्शनादिदानेषु, तत्प्रख्यापकशास्त्रोपदेशेषु न दर्शितो विधिर्वा न दर्शित इति संटङ्कः किन्तु 'दलिकं प्राप्य' पात्रविशेषं प्राप्य कदाचिद् दीयते कदाचिन्न, एतदुक्तं भवति-प्रशमादिगुणसमन्विताय दीयमानानि मोक्षाय, विपर्ययेण भवाय, तदाशातनात्, यथा ज्वरादौ तरुणे सत्यपथ्यं पश्चात्तु पथ्यमिति तदेव । ( ओघनि. गा. ५६ )

**ભાવાર્થ :-**

સાધુને શાસ્ત્રમાં ગમન, સ્વાધ્યાય, તપ કે ધ્યાનાદિની પ્રવૃત્તિમાં એકાંતથી નિષેધ કહેવાયો નથી કે એકાંતે તે પ્રકારનો વ્યાપાર કરવાની વિધિ પણ કહેવાઈ નથી, પરંતુ દ્રવ્યને અથવા વસ્તુને આશ્રયીને ગમન-સ્વાધ્યાયઆદિ ક્રિયાનો નિષેધ કહેવાયો છે, અથવા ગમન-સ્વાધ્યાયઆદિ ક્રિયાની વિધિ કહેવાઈ છે. તાત્પર્ય એ છે કે આચાર્યઆદિના પ્રયોજનથી સચિત્ત પણ પથમાં સાધુને જવાની અનુજ્ઞા છે; કેમ કે આચાર્યઆદિના પ્રયોજનને માટે તે પથમાંથી ગયા વગર તે કામ થાય તેમ નથી; અને સચિત્ત પથમાંથી ગયા વગર આચાર્યાદિના પ્રયોજનની સિદ્ધિ થાય તેમ હોય, તો તે સચિત્ત પથમાંથી જવાની અનુજ્ઞા નથી. જેમ કે જ્વરાદિરોગમાં જ્વરના પરિપાચન માટેના ઔષધનો અને ભોજનાદિનો પ્રતિષેધ કરાય છે, અને જ્વર જીર્ણ થાય ત્યારે જ્વરના પરિપાચન માટે ઔષધની અને પથ્ય ભોજનઆદિની વિધિ કરાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે લાભ અને નુકસાનને આશ્રયીને વિધિ-નિષેધ નક્કી થાય છે. તેથી જે પ્રવૃત્તિ કરતી વખતે આચાર્યાદિની ભક્તિથી ઘણી નિર્જરા થતી હોય ત્યારે સચિત્ત પથમાંથી જવાની ક્રિયા આચાર્યાદિની ભક્તિની પોષક હોવાથી કર્મબંધનું કારણ નથી, અને તેની તે ક્રિયા પ્રમાદને વશ થઈને કરવામાં આવે તો કર્મબંધનું કારણ થાય છે. તે રીતે બળવાન યોગોનો નાશ કરે તેવી સ્વાધ્યાયની ક્રિયા, તપની ક્રિયા કે ધ્યાનની ક્રિયાનો શાસ્ત્રમાં નિષેધ છે, અને તે ક્રિયાઓ જ જ્યારે સંવેગની વૃદ્ધિ દ્વારા અત્યંત ઉચિત પ્રવૃત્તિનું કારણ બને ત્યારે તે કરવાની વિધિ છે.

ગાથાની અવતરણિકામાં સમાન ધર્મવાળા બે સાધુઓને આશ્રયીને સમાન વ્યાપારમાં ફળની વિસદૃશતાને બતાવવાનું કથન કરેલ, અને પ્રસ્તુત ગાથાના અર્થથી સાક્ષાત્ તેવો અર્થ દેખાતો નથી, છતાં તે અર્થની પ્રાપ્તિ થાય છે, તે આ રીતે-

શાસ્ત્રમાં કોઈ બાહ્ય આચારની એકાંતે વિધિ નથી કે એકાંતે નિષેધ નથી. તેમ કહેવાથી અર્થથી એ પ્રાપ્ત થયું કે સ્વાધ્યાયાદિ એક સાધુ શાસ્ત્રવિધિ પ્રમાણે કરે છે, તો તેને કર્મની નિર્જરા થાય છે, અને તે સ્વાધ્યાયાદિનો જે સ્થાનમાં નિષેધ છે તે સ્થાનને આશ્રયીને અન્ય સાધુ સ્વાધ્યાયાદિ કરે છે, તો તેને કર્મબંધની પ્રાપ્તિ થાય છે. તેથી એ ફલિત થયું કે સમાન ક્રિયા કરનાર બે સાધુઓમાંથી એકને કર્મબંધ અને એકને કર્મનિર્જરાની પ્રાપ્તિરૂપ વિસદૃશ ફળ પ્રાપ્ત થાય છે.

**અથવા**

ગાથાનો અર્થ બીજી રીતે કરવા માટે ટીકામાં અવતરણિકાર્થ બીજી રીતે કરે છે-

પૂર્વમાં કહેલું કે જગત્વર્તી બધા પદાર્થો આત્મા માટે સંસારના હેતુ પણ છે, અને મોક્ષના હેતુ પણ છે. તેથી કેવળ તે જ=સંસારવર્તી પદાર્થો જ, ભવ અને મોક્ષના હેતુ છે તેમ નથી, પરંતુ જે મોક્ષના હેતુઓ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તે પણ સંસારના અને મોક્ષના હેતુઓ છે.

'**इति**' શબ્દ ગાથાની અન્ય પ્રકારની અવતરણિકાની સમાપ્તિ માટે છે.

અને તે રીતે=સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષનાં કારણ છે અને સંસારનાં પણ કારણ છે તે રીતે, કહે છે અર્થાત્ ગાથાનો અર્થ તે રીતે કરે છે-

સમ્યગ્દર્શન આદિના દાનમાં કે તેને કહેનારા શાસ્ત્રના ઉપદેશમાં એકાંતે નિષેધ કહેવાયેલો નથી કે વિધિ કહેવાઈ નથી, એ પ્રકારે **संटङ्क**=સંબંધ છે; પરંતુ દલિકને પ્રાપ્ત કરીને=દાન આપવાના કે ઉપદેશ આપવાના પાત્રવિશેષને પ્રાપ્ત કરીને, ક્યારેક સમ્યગ્દર્શન આદિનું દાન કરાય છે અથવા ક્યારેક સમ્યગ્દર્શન આદિનું દાન કરાતું નથી, અને ક્યારેક સમ્યગ્દર્શન આદિને કહેનારા શાસ્ત્રનો ઉપદેશ અપાય છે, તો વળી ક્યારેક સમ્યગ્દર્શન આદિને કહેનારા શાસ્ત્રનો ઉપદેશ અપાતો નથી. ઉપરના કથનનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે-

આ કહેવાયેલું થાય છે- પ્રશમાદિગુણથી સમન્વિત પાત્રને અપાતા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ કે સમ્યગ્દર્શનાદિનો ઉપદેશ મોક્ષને માટે થાય છે, અને પ્રશમાદિગુણથી રહિત એવા જીવને અપાતા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ કે સમ્યગ્દર્શનાદિનો ઉપદેશ વિપરીત ક્રિયારૂપ હોવાથી ભવ માટે થાય છે અર્થાત્ આપનારને ભવની પ્રાપ્તિનું કારણ બને છે; કેમ કે તેની આશાતના થાય છે અર્થાત્ રત્નત્રયીની આશાતના થાય છે. જેમ નવો=ખીલેલી અવસ્થાવાળો જ્વર, હોતે છતે જે અપથ્ય છે, તે જ વળી, પશ્ચાત્=જ્વર મંદ થાય ત્યારે પથ્ય છે.

તાત્પર્ય એ છે કે યોગ્ય જીવને સમ્યગ્દર્શન ઉચ્ચરાવવાની ક્રિયા કરાવવામાં આવે કે સૂત્રઅધ્યયન કરાવવામાં આવે કે સંયમ આપીને ચારિત્રનું પાલન કરાવવામાં આવે, તો તે રત્નત્રયીના આચારથી યોગ્ય જીવની પરિણતિની શુદ્ધિ થાય છે. તેથી ભગવાનના વચન અનુસાર જીવની યોગ્યતાનો વિચાર કરીને જે સાધુ રત્નત્રયીનું દાન કરે તે સાધુને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. તે જ રીતે, ભગવાનના વચન અનુસાર રત્નત્રયીને કહેનારા શાસ્ત્રનો ઉપદેશ યોગ્ય જીવને આપે તો તે ઉપદેશની ક્રિયાથી તે સાધુને નિર્જરા થાય છે; કેમ કે ભગવાનના વચન અનુસાર જીવની યોગ્યતાનો નિર્ણય કરીને એકાંતે જીવની

હિતની બુદ્ધિથી, સાધુ રત્નત્રયીનો ઉપદેશ આપે કે રત્નત્રયીનું પ્રદાન કરે તો તે રત્નત્રયીની આરાધનાસ્વરૂપ છે, તેનાથી પોતાના આત્મામાં રત્નત્રયીની વૃદ્ધિ થાય, પરંતુ અયોગ્ય જીવને આશ્રયીને શાસ્ત્રમાં રત્નત્રયીનું દાન કરવાના વિષયમાં અને રત્નત્રયીને બતાવનારા શાસ્ત્રના ઉપદેશના વિષયમાં નિષેધ છે. આમ છતાં, જે સાધુ એટલું જ વિચારે કે આપણે તો સર્વ જીવોને રત્નત્રયીની ક્રિયામાં જોડવા માટે યત્ન કરવો જોઈએ અને સર્વજીવોને રત્નત્રયીનો ઉપદેશ આપવો જોઈએ, તો તે સાધુ અયોગ્ય જીવોને રત્નત્રયીનું દાન કરીને કે રત્નત્રયીનો ઉપદેશ આપીને રત્નત્રયીની આશાતના કરીને ભવમાં ભટકે છે. ॥૬૦॥

**અવતરણિકા :-**

**अथैकमेव वस्त्वासेव्यमानं बन्धाय मोक्षाय च कथं भवति ? तदाह –**

**અવતરણિકાર્થ :-**

**સેવાતી એવી એક જ વસ્તુ બંધ માટે અને મોક્ષ માટે કેવી રીતે થાય છે ? તેને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથાઓમાં સ્થાપન કર્યું કે સમાન પ્રવૃત્તિમાં કોઈકને બંધ થાય છે તો કોઈકને નિર્જરા થાય છે, તે ભિન્ન ભિન્ન જીવોને આશ્રયીને કહેલ. હવે તે એક જ વસ્તુ એક જ જીવને આશ્રયીને બંધ અને મોક્ષ માટે કઈ રીતે સંગત થાય ? તેને પ્રસ્તુત ગાથામાં બતાવે છે –

**ગાથા :-**

**जंमि णिसेविज्जंते, अइआरो हुज्ज कस्सइ कया वि ।**
**तेणेव य तस्स पुणो, कयाइ सोही हविज्जाहि ॥६१॥**
यस्मिन्निषेव्यमानेऽतिचारो भवेत्कस्यचित्कदापि ।
तेनैव तस्य पुनः कदाचिच्छुद्धिर्भवेत् ॥६१॥

**ગાથાર્થ :-**

**જે વસ્તુ સેવાયે છતે કોઈકને ક્યારેક અતિચાર થાય છે, તો તેને વળી તેના વડે જ ક્યારેક શુદ્ધિ થાય છે. ॥૬૧॥**

**ટીકા :-**

**'यस्मिन्' वस्तुनि क्रोधादौ निषेव्यमाणे 'अतिचारः' स्खलना भवति 'कस्यँचित्' साधोः 'कदाचित्' 'कस्याञ्चिदवस्थायां 'तेनैव' क्रोधादिना तस्यैव पुनः कदाचिच्छुद्धिरपि भवेत्, चण्डरुद्रसाधोरिव, तेन हि रुषा स्वशिष्यो दण्डकेन ताडितः, तं च रुधिरार्द्रं दृष्ट्वा पश्चात्तापवान् संवृत्तः चिन्तयति च धिग्मां यस्यैवंविधः क्रोध इति विशुद्धपरिणामस्यापूर्वकरणं क्षपकश्रेणिः केवलोदयः संवृत्त इति । ( ओघनि. गा. ५७ )**

**ભાવાર્થ :-**

જેમ ચંડરુદ્રાચાર્યને પોતાની 'ચંડ' પ્રવૃત્તિના કારણે ક્યારેક શિષ્યાદિ પ્રત્યે કુપિત થતા હતા ત્યારે ક્રોધથી અતિચારની પ્રાપ્તિ થતી હતી; તે જ ચંડરુદ્રાચાર્યને ક્રોધથી પોતાના શિષ્યને દાંડા વડે તાડન કર્યું ત્યારે રુધિરથી યુક્ત એવા શિષ્યને જોઈને પશ્ચાત્તાપના પરિણામવાળા થયા, ત્યારે અપૂર્વકરણ, ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેથી જે ક્રોધનો ઉદય પૂર્વમાં સંયમની મલિનતાનું કારણ હતો તે જ ક્રોધનો ઉદય પશ્ચાત્તાપના પરિણામથી ક્ષપકશ્રેણીનું કારણ બન્યો. તેથી સેવાતી એવી એક જ વસ્તુ ક્યારેક કર્મબંધ માટે થાય છે અને તે જ વસ્તુ ક્યારેક મોક્ષ માટે થાય છે.

આનાથી એ ફલિત થયું કે જે કાષાયિક ભાવો જીવને અતિચારનું કારણ બની સંસાર પેદા કરે છે, તે જ કાષાયિક ભાવો તે જ જીવને ક્યારેક પશ્ચાત્તાપની નિષ્પત્તિ દ્વારા મોક્ષનું પણ કારણ બને છે. તેથી મલિન ભાવોના ફળમાં પણ અનેકાંત છે. ॥૬૧॥

**અવતરણિકા :-**

**बाह्यं व्यापारमङ्गीकृत्य विसदृशतोक्ता, अथ बाह्योऽपि व्यापारो यथा बन्धहेतुर्न स्यात्तथाऽऽह –**

**અવતરણિકાર્થ :-**

**બાહ્ય વ્યાપારને આશ્રયીને વિસદશતા બતાવી. હવે બાહ્ય પણ વ્યાપાર જે રીતે બંધનો હેતુ ન થાય તે રીતે બતાવે છે –**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી બાહ્ય વ્યાપારને આશ્રયીને વિસદશતા બતાવી. તેથી એ પ્રાપ્ત થયું કે એક જ બાહ્ય વ્યાપાર ક્યારેક બંધનો હેતુ થાય છે તો ક્યારેક મોક્ષનું કારણ પણ બને છે. આ કથન બાહ્ય વ્યાપારને અવલંબીને એક જીવને થતા અધ્યવસાયના ભેદના કારણે છે. હવે બાહ્ય વ્યાપાર જે રીતે બંધનું કારણ નથી તે રીતે વસ્તુસ્થિતિ બતાવે છે. આ કથન બાહ્ય વ્યાપાર સાથે પરિણામનો સંબંધ જોડ્યા વિના માત્ર બાહ્ય ક્રિયાને સામે રાખીને, તે બાહ્ય ક્રિયા કર્મબંધનો હેતુ નથી, તે વાત નિશ્ચયનયની સૂક્ષ્મદષ્ટિથી બતાવે છે –

**ગાથા :-**

**अणुमित्तो वि न कस्सइ, बंधो परवत्थुपच्चओ भणिओ ।**
**तह वि खलु जयंति जई, परिणामविसोहिमिच्छंता ॥६२॥**

अणुमात्रोऽपि न कस्यचिद् बन्धः परवस्तुप्रत्ययो भणितः ।
तथापि खलु यतन्ते यतयः परिणामविशोधिमिच्छन्तः ॥६२॥

**ગાથાર્થ :-**

***પરવસ્તુ પ્રત્યયી અણુમાત્ર પણ કોઈને બંધ થતો નથી, તોપણ પરિણામની વિશુદ્ધિ ઇચ્છતા સાધુઓ યતનાને કરે છે. ॥૬૨॥***

**ટીકા :-**

**'अणुमात्रोऽपि' स्वल्पोऽपि बंधो न कस्यचित् 'परवस्तुप्रत्ययाद्' बाह्यवस्तुनिमित्तात्सकाशात् 'भणितः' उक्तः किन्त्वात्मपरिणामादेवेत्यभिप्रायः । आह-यद्येवं न तर्हि पृथिव्यादियतना कार्या ? उच्यते, यद्यपि बाह्यवस्तुनिमित्तो बन्धो न भवति तथाऽपि यतनां विदधति पृथिव्यादौ मुनयः परिणामविशुद्धिं 'इच्छन्तः' अभिलषन्तः, एतदुक्तं भवति-यदि पृथिव्यादिकाययतना न विधीयते ततो नैवेयं स्यात् । ( ओघनि. गा. ५८ )**

**ભાવાર્થ :-**

કોઈપણ પ્રવૃત્તિથી કોઈ જીવની હિંસા થાય તો તે હિંસારૂપ કાર્ય અન્ય વ્યક્તિમાં થયેલું છે, અને તે હિંસારૂપ કાર્યથી હિંસા કરનાર વ્યક્તિને લેશપણ કર્મબંધ થતો નથી, પરંતુ તે કાર્યકાળમાં વર્તતા પોતાના અધ્યવસાયને આશ્રયીને કર્મબંધ કે નિર્જરા થાય છે. તેથી ભગવાનના શાસનના પરમાર્થને જાણનારા સાધુઓ જાણે છે કે મારા કાયયોગથી કોઈ જીવનો પ્રાણનાશ થાય તો તે પ્રાણનાશની ક્રિયારૂપ કાર્ય બાહ્ય અન્ય જીવમાં થયેલું હોવાથી તન્નિમિત્તક લેશ પણ કર્મબંધ મને થશે નહિ, તોપણ કર્મનિર્જરાને અનુકૂળ અધ્યવસાય સ્ફુરણ કરવા અર્થે પૃથ્વીઆદિ જીવોના વિષયમાં તેઓ યતના કરે છે. આ રીતે જીવને અધ્યવસાયથી જ બંધ છે અને અધ્યવસાયથી જ અબંધ છે. આમ છતાં અબંધના અધ્યવસાયને જિવાડવા માટે ઉચિત યતના એ જ ઉપાય છે, માટે મુનિઓ યતના કરે છે.

આનાથી એ ફલિત થયું કે ઉપદ્રવવાળા માર્ગને છોડીને નિરુપદ્રવ માર્ગથી ગૃહસ્થ અને સાધુ બન્ને જાય, અને તે નિરુપદ્રવ માર્ગ જીવાકુલ હોય તો ગૃહસ્થના ગમનથી અને સાધુના ગમનથી બાહ્યથી સમાન હિંસા પણ કદાચ થાય, ત્યારે જો બાહ્ય હિંસાકૃત બંધ થતો હોય તો સાધુ અને ગૃહસ્થને સમાન કર્મબંધની પ્રાપ્તિ થાય; પરંતુ બાહ્ય હિંસાથી કર્મબંધ થતો નથી. પરંતુ નિરુપદ્રવ એવા માર્ગમાંથી ગમન વખતે ગૃહસ્થને અશુભ ભાવ છે તેથી તેને કર્મબંધ થાય છે, અને સાધુને ગમન વખતે સંયમવૃદ્ધિને અનુકૂળ શુભ ભાવ છે, તેથી સાધુને કર્મબંધ થતો નથી પરંતુ કર્મની નિર્જરા થાય છે. ॥૬૨॥

**અવતરણિકા :-**

**यस्तु हिंसायां वर्त्तते तस्य परिणाम एव न शुद्धः, इत्याह च –**

**અવતરણિકાર્થ :-**

**જે વળી, હિંસામાં વર્તે છે તેને પરિણામ જ શુદ્ધ નથી, એ પ્રમાણે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે 'પરવસ્તુ પ્રત્યયી અણુમાત્ર પણ બંધ થતો નથી.' તેથી કોઈપણ જીવની હિંસા થાય તો હિંસા કરનાર જીવને તન્નિમિત્તક લેશ પણ કર્મબંધ થતો નથી. ત્યાં પ્રશ્ન થાય કે કર્મબંધ કે કર્મનિર્જરા જીવના અધ્યવસાયથી થાય છે અને બાહ્ય હિંસાથી કર્મબંધ થતો નથી કે બાહ્ય અહિંસાથી કર્મનિર્જરા થતી નથી, તો પછી સાધુ હિંસામાં વર્તે તો શું વાંધો ? તેના નિવારણ અર્થે કહે છે- જે

સાધુ હિંસામાં વર્તે છે તેના પરિણામ જ શુદ્ધ નથી. માટે અશુદ્ધ પરિણામને કારણે તે સાધુને કર્મબંધ થાય છે, એમ ગાથામાં બતાવે છે –

**ગાથા :-**

**जो पुण हिंसाययणाइएसु वट्टइ तस्स नणु परिणामो ।**
**दुट्ठो ण य तं लिंगं, होइ विसुद्धस्स जोगस्स ॥६३॥**
यः पुनर्हिंसायतनादिकेषु वर्तते तस्य ननु परिणामः ।
दुष्टो न च तल्लिङ्गं भवति विशुद्धस्य योगस्य ॥६३॥

**ગાથાર્થ :-**

**જે વળી હિંસાના આયતનમાં=હિંસાનાં સ્થાનોમાં, વર્તે છે તેનો પરિણામ દુષ્ટ છે, અને તે=હિંસાના સ્થાનમાં વર્તવું તે, વિશુદ્ધ યોગનું લિંગ નથી. ॥૬૩॥**

**ટીકા :-**

**यस्तु पुनः 'हिंसायतनेषु' व्यापत्तिधामसु वर्तते तस्य ननु परिणामो दुष्ट एव भवति, न च तद्धिंसास्थानवर्त्तित्वं ''लिङ्गं'' चिह्नं भवति 'विशुद्धस्य योगस्य' मनोवाक्कायरूपस्य । ( ओघनि. गा. ५९ )**

**ગાથા :-**

**तम्हा सया विसुद्धं, परिणामं इच्छया सुविहिएणं ।**
**हिंसाययणा सव्वे, परिहरिअव्वा पयत्तेणं ॥६४॥**
तस्मात्सदा विशुद्धं परिणाममिच्छता सुविहितेन ।
हिंसायतनानि सर्वाणि परिहर्तव्यानि प्रयत्नेन ॥६४॥

**ગાથાર્થ :-**

**તે કારણથી=હિંસાસ્થાનમાં કરાતો યત્ન વિશુદ્ધયોગનું લિંગ નથી તે કારણથી, વિશુદ્ધ પરિણામને ઈચ્છતા એવા સુવિહિત સાધુએ હિંસાનાં સર્વ આયતનો=હિંસાનાં સર્વ સ્થાનો, સદા પ્રયત્નથી વર્જવાં જોઈએ. ॥૬૪॥**

**ટીકા :-**

**तस्मात् 'सदा' अजस्रं विशुद्धं परिणाममिच्छता सुविहितेन, किं कर्तव्यं ? हिंसायतनानि सर्वाणि वर्जनीयानि प्रयत्नतः । ( ओघनि. गा. ६० )**

**ભાવાર્થ :-**

પૂર્વગાથાઓમાં બતાવ્યું કે પરવસ્તુ નિમિત્તક અણુમાત્ર પણ કર્મબંધ થતો નથી. આ પ્રકારનાં શાસ્ત્રવચન સાંભળીને મુગ્ધ સાધુને વિચાર થાય કે નિર્દોષ ભિક્ષાઆદિમાં યતના કરવામાં ન આવે તો તેનાથી જે હિંસા થાય તે નિમિત્તક કર્મબંધ થઈ શકે નહિ, પરંતુ અધ્યવસાયથી જ કર્મબંધ થઈ શકે;

તેથી નિર્દોષ ભિક્ષાઆદિ માટે યત્ન કરીને સમય બગાડવા કરતાં સ્વાધ્યાય-ધ્યાન આદિમાં યત્ન કરીને હું મારા અધ્યવસાયોની શુદ્ધિ કરું તો નિર્જરાની પ્રાપ્તિ થશે. પરંતુ આ વિચાર યોગ્ય નથી; કેમ કે જે સાધુ આવું વિચારે કે 'આહારઆદિ ગ્રહણમાં જે હિંસા થઈ છે તે હિંસા તો હિંસ્યમાન જીવમાં વર્તે છે, અને તન્નિમિત્તક લેશ પણ કર્મબંધ મને થાય નહિ, અને મારો અધ્યવસાય તો સ્વાધ્યાય આદિથી વિશુદ્ધ છે;' આમ વિચારી હિંસાનાં સ્થાનોમાં વર્તે છે, તે સાધુનો પરિણામ દુષ્ટ છે; કેમ કે વિશુદ્ધ યોગનું તે લિંગ નથી અર્થાત્ હિંસાનાં સ્થાનોમાં વર્તવું તે વિશુદ્ધ યોગનું લિંગ નથી.

આશય એ છે કે અધ્યવસાયની શુદ્ધિ માટે જેમ ધ્યાન-અધ્યયનમાં યત્ન આવશ્યક છે, તેમ હિંસાનાં સ્થાનોનું વર્જન પણ આવશ્યક છે, અને જે સાધુ નિર્દોષ ભિક્ષાચર્યાદિમાં યત્ન કરતા નથી તે સાધુ હિંસાનાં સ્થાનોમાં વર્તે છે. તેથી તે સાધુને ધ્યાન-સ્વાધ્યાય આદિમાં ઉપયોગ હોવા છતાં હિંસાનાં સ્થાનોના વર્જનમાં ઉપેક્ષાનો અધ્યવસાય પણ સાથે વર્તતો હોવાથી પરિણામોની શુદ્ધિ નથી. માટે વિશુદ્ધ પરિણામ ઇચ્છતા સાધુએ સર્વપ્રયત્નોથી હંમેશાં સર્વ હિંસાનાં સ્થાનોના પરિહારમાં યત્ન કરવો જોઈએ. ॥૬૩-૬૪॥

**અવતરણિકા :-**

**ગાથા-૪૫માં ઉત્તમશ્રદ્ધાનાં ચાર કાર્યો બતાવ્યાં, તેમાં પહેલું કાર્ય વિધિસેવા છે અને તે વિધિસેવાનું જ નિરૂપણ ગાથા-૪૬ થી ૬૪માં કર્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે –**

**ગાથા :-**

**एएण पबंधेणं, विहिसेवालक्खणाइ सद्धाए ।**
**भावजइत्तं भणिअं, अइपसंगो फुडो इहरा ॥६५॥**

एतेन प्रबन्धेन विधिसेवालक्षणया श्रद्धया ।
भावयतित्वं भणितमतिप्रसङ्गः स्फुट इतरथा ॥६५॥

**ગાથાર્થ :-**

**આટલા પ્રબન્ધથી=ગાથા-૪૬ થી ૬૪ સુધી વર્ણન કરાયું એટલા પ્રબન્ધથી, વિધિસેવા લક્ષણવાળી શ્રદ્ધાથી ભાવસાધુપણું કહેવાયું છે. ઈતરથા=વિધિસેવા લક્ષણવાળી શ્રદ્ધાથી ભાવસાધુપણું છે તેમ ન માનો તો સ્પષ્ટ અતિપ્રસંગ છે અર્થાત્ જે સાધુઓ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સંયમમાં યત્ન કરતા નથી તેઓને પણ ભાવસાધુ માનવાનો સ્પષ્ટ અતિપ્રસંગ છે. ॥૬૫॥**

**ભાવાર્થ :-**

ભાવસાધુનું ઉત્તમશ્રદ્ધા લક્ષણ ગાથા-૪૫માં બતાવ્યું અને તેના સ્વરૂપનો સમ્યક્ બોધ કરાવવા અર્થે તે ઉત્તમશ્રદ્ધાનાં ચાર કાર્યો બતાવ્યાં. તેમાં ઉત્તમશ્રદ્ધાનું પ્રથમ કાર્ય વિધિસેવા છે, જેનું નિરૂપણ ગાથા-૪૬ થી અત્યારસુધી કર્યું. હવે તેનો ફલિતાર્થ બતાવતાં કહે છે કે વિધિપૂર્વક શાસ્ત્રાનુસારી ક્રિયા કરે તેવી શ્રદ્ધાથી યુક્ત ભાવસાધુપણું શાસ્ત્રોમાં કહેવાયું છે. તેથી એ ફલિત થાય કે જે સાધુઓ સંયમ લઈને શક્તિના પ્રકર્ષથી વિધિપૂર્વક શાસ્ત્રાનુસારી ક્રિયાઓમાં શ્રદ્ધાપૂર્વક યત્ન કરતા નથી, તેઓમાં ભાવસાધુપણું નથી; અને જો વિધિપૂર્વક ક્રિયાયુક્ત શ્રદ્ધાથી જ ભાવસાધુપણું છે તેમ ન માનો, પરંતુ ભગવાનના વચનમાં

સ્થિર શ્રદ્ધામાત્રથી ભાવસાધુપણું છે તેમ માનો, તો જે સાધુ પ્રમાદવશ સમ્યગ્ક્રિયાઓ કરતા નથી તેવા સંવિગ્નપાક્ષિકને પણ ભાવસાધુ માનવાનો અતિપ્રસંગ આવે; કેમ કે સંવિગ્નપાક્ષિકને પણ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે.

વસ્તુતઃ શાસ્ત્રવિધિ પ્રમાણે સુદૃઢ યત્ન કરાવે તેવી ઉત્તમશ્રદ્ધા સંવિગ્નપાક્ષિકમાં નથી, માટે તેઓ ભાવસાધુ નથી. વળી, ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધામાત્રથી ભાવસાધુપણું સ્વીકારવામાં આવે તો સંવિગ્નપાક્ષિકની જેમ સમ્યગ્દૃષ્ટિને અને શ્રાવકને પણ ભાવસાધુ માનવાનો અતિપ્રસંગ આવે.

અહીં વિશેષ એ છે કે ભગવાનના વચનમાં સ્થિરશ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિ, સંવિગ્નપાક્ષિક, શ્રાવક અને સુસાધુને અવશ્ય હોય છે, પરંતુ ઉત્તમશ્રદ્ધા તો માત્ર સુસાધુને જ હોય છે.

ઉત્તમશ્રદ્ધા એટલે જેવો બોધ છે તેવી જ પ્રવૃત્તિ કરે, પરંતુ બોધથી અને રુચિથી લેશ પણ અન્યથા પ્રવૃત્તિ ન કરે.

સ્થિરશ્રદ્ધા એટલે ભગવાનના વચનમાં લેશ પણ શંકાનો અભાવ. જેમ અગ્નિમાં હાથ નાખવાથી દઝાશે તેમાં વિકલ્પ નથી, તેમ ભગવાનના વચનથી જે કાંઈ વિપરીત પ્રવૃત્તિ થશે તેનાથી અવશ્ય મારું અહિત થશે, અને ભગવાનના વચન અનુસાર પ્રવૃત્તિ જ એકાંતે મારું હિત કરશે, તેવી નિશ્ચલ માન્યતા, તે સ્થિર શ્રદ્ધા. ॥૬૫॥

## ઉત્તમશ્રદ્ધાનું બીજું કાર્ય – 'અતૃપ્તિ'

**અવતરણિકા :-**

**ભાવસાધુનું ત્રીજું લક્ષણ ઉત્તમશ્રદ્ધા છે અને ઉત્તમશ્રદ્ધાનાં ચાર કાર્યો છે, જેમાં પ્રથમ વિધિસેવા કાર્ય છે, જેનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. હવે ઉત્તમશ્રદ્ધાનું બીજું કાર્ય અતૃપ્તિ છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**पाउणइ णेव तित्तिं, सद्धालू नाणचरणकज्जेसु ।**
**वेयावच्चतवाइसु, अपुव्वगहणे य उज्जमइ ॥६६॥**
प्राप्नोति नैव तृप्तिं श्रद्धालुर्ज्ञानचरणकार्येषु ।
वैयावृत्त्यतपः आदिषु अपूर्वग्रहणे चोद्यच्छति ॥६६॥

**ગાથાર્થ :-**

**શ્રદ્ધાળુ સાધુ જ્ઞાન અને ચરણનાં કાર્યોમાં અર્થાત્ કૃત્યોમાં=જ્ઞાન અને ચરણની નિષ્પત્તિનાં કારણોમાં, તૃપ્તિ પામતા જ નથી, વૈયાવચ્ચ-તપ આદિમાં અને અપૂર્વ ગ્રહણમાં=નવા નવા શ્રુતજ્ઞાનમાં ઉદ્યમ કરે છે. ॥૬૬॥**

* અહીં '**कार्येषु**' માં '**कार्य**' શબ્દ કૃત્ય અર્થમાં વપરાયેલો છે, ફળ અર્થમાં નથી.

* અહીં '**आदिषु**' માં '**आदि**' પદથી સાધ્વાચારની અન્ય ક્રિયાઓ ગ્રહણ કરવાની છે.

**ભાવાર્થ :-**

ભાવસાધુનું ઉત્તમશ્રદ્ધા લક્ષણ છે, અને જેનામાં ભગવાનના વચન પ્રત્યે ઉત્તમશ્રદ્ધા હોય તેવા સાધુ ભગવાને બતાવેલાં શ્રુતજ્ઞાનનાં કારણોમાં અને તે શ્રુત અનુસાર ચારિત્ર નિષ્પત્તિનાં કારણોમાં તૃપ્તિને પામતા નથી. આથી આવા સાધુ પોતાની શક્તિ અનુસાર ચારિત્રની વૃદ્ધિમાં કારણભૂત એવા વૈયાવચ્ચ-તપાદિમાં શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરે છે, અને અપૂર્વ અપૂર્વ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શક્તિના પ્રકર્ષથી યત્ન કરે છે.

આશય એ છે કે ભાવથી સંયમના પરિણામવાળા સાધુ, મારે માત્ર વૈયાવચ્ચ કરવી છે એટલા આશયમાત્રથી વૈયાવચ્ચ કરતા નથી, પરંતુ ભગવાનના વચનનું સ્મરણ કરીને વિધિપૂર્વક વૈયાવચ્ચમાં તે રીતે યત્ન કરે છે, કે જેથી પોતે જે મહાત્માની વૈયાવચ્ચ કરે છે તેમના અવલંબનથી પોતાનામાં ગુણોની વૃદ્ધિ થાય, પોતાને નિર્લેપદશા અધિક અધિકતર થતી જાય અને ઉચિત કૃત્યો ઉચિત રીતે કરવાની શક્તિનો સંચય થાય, જેથી તે ક્રિયા ક્રમે કરીને પૂર્ણ ઔચિત્યરૂપ અસંગભાવમાં પર્યવસાન પામે. વળી, શક્તિને ગોપવ્યા વગર તપમાં યત્ન કરે, જેથી શરીર પ્રત્યેનું મમત્વ ઘટે, આહારસંજ્ઞાનું શમન થાય અને ઇન્દ્રિયો ઉત્પથમાં જતી અટકે, તથા તપના સેવનને કારણે ઇન્દ્રિયો શાંત થયેલી હોવાથી યોગમાર્ગની પ્રવૃત્તિ સુસ્થિર થાય. વળી, સાધુ ચારિત્રાચારની પડિલેહણઆદિ અન્ય ક્રિયાઓ પણ તે રીતે કરે કે જેથી તે ક્રિયાના બળથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય; કેમ કે ચારિત્રાચારની સર્વ ક્રિયાઓ સમભાવની વૃદ્ધિ થાય તે માટે કરવા ભગવાને કહેલ છે.

વળી, જેમ ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ ચારિત્રાચારના કારણોવાળી પ્રવૃત્તિઓમાં ઉદ્યમવાળા છે, તેમ સંવેગનું કારણ બને તેવા અપૂર્વ અપૂર્વ શ્રુતગ્રહણમાં પણ ઉદ્યમવાળા છે. આનાથી એ ફલિત થયું કે સાધુ ક્યારેય જ્ઞાનના અને ચારિત્રના ઉપાયોમાં તૃપ્તિને પામતા નથી. ॥૬૬॥

**અવતરણિકા :-**

**શ્રદ્ધાળુ સાધુ જ્ઞાન અને ચારિત્રના ઉપાયમાં તૃપ્તિને પામતા નથી, એમ પૂર્વગાથામાં કહ્યું. હવે શ્રદ્ધાળુ સાધુ જ્ઞાન અને ચારિત્રના ઉપાયમાં કેમ તૃપ્તિને પામતા નથી ? તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**दुग्गययरवररयणलाहतुल्लं खु धम्मकिच्चं ति ।**
**अहिआहिअलाभत्थी, अणुवरइच्छो हवइ तंमि ॥६७॥**

दुर्गततरवररत्नलाभतुल्यं खलु धर्मकृत्यमिति ।
अधिकाधिकलाभार्थी अनुपरतेच्छो भवति तस्मिन् ॥६७॥

**ગાથાર્થ :-**

**दुर्गततरवररत्नलाभतुल्यं=અત્યંત દરિદ્ર પુરુષને વરરત્ન=શ્રેષ્ઠ રત્નના લાભ તુલ્ય ખરેખર ધર્મકૃત્ય છે=ચારિત્ર અને જ્ઞાનનાં કૃત્યો છે. એથી કરીને અધિક અધિક લાભના અર્થી એવા સાધુ તેમાં= ધર્મકૃત્યમાં, અનુપરત ઇચ્છાવાળા હોય છે=વિરામ ન પામે એવી અસ્ખલિત ઇચ્છાવાળા હોય છે. ॥૬૭॥**

**ભાવાર્થ :-**

જેમ સંસારમાં કોઈ અતિ દરિદ્ર હોય અને શ્રેષ્ઠરત્નની પ્રાપ્તિ થતી હોય તો તે મેળવવા માટે તે અવશ્ય પ્રયત્ન કરે છે, અને તે શ્રેષ્ઠરત્નને પ્રાપ્ત કર્યા પછી પણ અધિક અધિક રત્ન મેળવવાનો અર્થી હોય છે, પરંતુ થોડાં શ્રેષ્ઠરત્નો પ્રાપ્ત કરીને ક્યારેય પણ તૃપ્તિને પામતો નથી. તેમ જીવ સંસારમાં ભાવથી અતિ દરિદ્ર છે. તેથી શ્રેષ્ઠરત્ન જેવા ધર્મકૃત્યોની પ્રાપ્તિ થતી હોય તો વિવેકી જીવ તેના માટે અવશ્ય પ્રયત્ન કરે છે, અને તે ધર્મકૃત્યોને પ્રાપ્ત કર્યા પછી પણ અધિક અધિક ધર્મકૃત્યોના લાભનો અર્થી હોય છે, પરંતુ થોડાં ધર્મકૃત્યો કરીને ક્યારેય પણ તેની ઇચ્છા શાંત થતી નથી. તેથી આવા જીવો સંયમ ગ્રહણ કરે છે ત્યારે તેમને સમ્યગ્ જ્ઞાન છે કે ''સંસારમાં હું ભાવથી અતિ દરિદ્ર હતો, તેથી અત્યારસુધી મારો આત્મા ચાર ગતિના પરિભ્રમણની વિડંબનાને પામ્યો છે. એટલું જ નહિ પણ ચારે ગતિમાં મોટે ભાગે મને અશુભ ભાવોની પ્રાપ્તિ થઈ, અને હવે શ્રેષ્ઠરત્નના લાભ જેવા ધર્મકૃત્યની મને પ્રાપ્તિ થઈ છે, જેના કારણે મારું ભાવદરિદ્રપણું ગયું છે. માટે જેમ જેમ હું ધર્મકૃત્યનું સેવન કરીશ તેમ તેમ સમતાની પરિણતિરૂપ શ્રેષ્ઠ રત્નો મને અધિક અધિક પ્રાપ્ત થશે, અને મારી તે સમતા પ્રકર્ષને પામીને અસંગભાવની પ્રાપ્તિનું કારણ બનશે. તે અસંગભાવ ધ્યાનમાં સુદૃઢ યત્ન કરાવીને કેવલજ્ઞાનની પ્રાપ્તિનું કારણ બનશે જેથી સંસારથી પાર પામીને શાશ્વતકાળ માટે મને સુખની પ્રાપ્તિ થશે. માટે લેશ પણ ક્યાંય સંગ રાખ્યા વગર હું શક્તિના પ્રકર્ષથી સર્વત્ર ઉચિત અનુષ્ઠાનમાં યત્ન કરું, જેથી આ સંસારનો ઉચ્છેદ થાય.

આ રીતે સાધુ ઉચિત ધર્મકૃત્યમાં અનુપરત ઇચ્છાવાળા હોય છે અર્થાત્ ધર્મકૃત્યમાં વિરામ ન પામે એવી અસ્ખલિત ઇચ્છાવાળા હોય છે. ॥૬૭॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં ઉત્તમશ્રદ્ધાવાળા સાધુને ધર્મકૃત્યમાં ઇચ્છા શાંત થતી નથી તેમ બતાવ્યું. હવે તેને દૃઢ કરવા માટે દૃષ્ટાંતથી કહે છે –**

**ગાથા :-**

**छुहिअस्स जहा खणमवि, विच्छिज्जइ णेव भोअणे इच्छा ।**
**एवं मोक्खत्थीणं, छिज्जइ इच्छा ण कज्जंमि ॥६८॥**

क्षुधितस्य यथा क्षणमपि विच्छिद्यते नैव भोजने इच्छा ।
एवं मोक्षार्थिनां छिद्यते इच्छा न कार्ये ॥६८॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે ક્ષુધિતને ક્ષણભર પણ ભોજનના વિષયમાં ઇચ્છાનો વિચ્છેદ થતો નથી જ, એ રીતે મોક્ષાર્થી એવા સાધુને કાર્યમાં=મોક્ષના ઉપાયભૂત કૃત્યમાં, ઇચ્છા વિચ્છેદ પામતી નથી. ॥૬૮॥**

**અવતરણિકા :-**

સાધુની ઉત્તમશ્રદ્ધાનું અતૃપ્તિરૂપ બીજું કાર્ય ગાથા-૬૬થી બતાવવાનું શરૂ કર્યું. હવે તેનું નિગમન કરે છે –

**ગાથા :-**

**इत्तो चेव असंगं, हवइ अणुट्ठाणमो पहाणयरं ।**
**तम्मत्तगुणट्ठाई, संगो तित्ती उ एगत्था ॥६९॥**
इतश्चैवाऽसङ्गं भवत्यनुष्ठानं प्रधानतरम् ।
तन्मात्रगुणस्थायी सङ्गस्तृप्तिस्तु एकार्थौ ॥६९॥

**ગાથાર્થ :-**

**આનાથી જ=ધર્મકૃત્યોમાં અનુપરત ઈચ્છાથી જ, પ્રધાનતર એવું અસંગઅનુષ્ઠાન થાય છે. (તૃપ્તિ) તન્માત્રગુણસ્થાયી=જે ગુણસ્થાનક પોતે પ્રાપ્ત કર્યું છે તે ગુણસ્થાનકમાત્રમાં રાખનાર છે=આગળના ગુણસ્થાનકમાં જવા માટે પ્રતિબંધક છે. વળી, સંગ અને તૃપ્તિ એકાર્થવાચી છે. ॥૬૯॥**

* ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે તન્માત્રગુણસ્થાયી છે, ત્યાં 'તૃપ્તિ' શબ્દ અધ્યાહાર છે, અને ત્યારપછી કહ્યું કે 'સંગ અને તૃપ્તિ' એકાર્થવાચી છે, એ કથન તન્માત્રગુણસ્થાયીમાં હેતુઅર્થક છે.

**ભાવાર્થ :- સંગ અને તૃપ્તિ એકાર્થવાચી : સંયમમાં તૃપ્તિદોષથી ઉત્તરના યોગમાર્ગમાં ગમનનો અવરોધ :**

ગાથા-૬૬ થી ૬૮ સુધી યુક્તિથી અને દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે ઉત્તમશ્રદ્ધાવાળા સાધુને ધર્મકૃત્યોની ઈચ્છા ક્યારેય શાંત થતી નથી, અને જે સાધુને આવા પ્રકારની ઉત્તમશ્રદ્ધા છે તે સાધુ શક્તિના પ્રકર્ષથી જે જે અનુષ્ઠાનોમાં પોતાનું સામર્થ્ય છે તે તે સર્વ અનુષ્ઠાનો શાસ્ત્રવિધિ અનુસાર સતત સેવે છે. આ પ્રકારે શાસ્ત્ર અનુસાર અનુષ્ઠાન કરવાથી ક્રમે કરીને સાધુને પ્રધાનતર એવું અસંગઅનુષ્ઠાન પ્રગટ થાય છે અર્થાત્ વર્તમાનમાં જે અનુષ્ઠાન સેવે છે તે વચનઅનુષ્ઠાન છે, અને વચનઅનુષ્ઠાનમાં ગૌણ રીતે અસંગભાવ છે. તેથી તે વચનઅનુષ્ઠાનમાંથી અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રધાનતર અસંગભાવ પ્રાપ્ત થાય છે.

જે સાધુ અધિક અધિક ધર્મકૃત્ય કરવા વિષયક અતૃપ્ત નથી, પરંતુ પોતાને પ્રાપ્ત અનુષ્ઠાનમાં તૃપ્ત છે અને પ્રમાદ વગર ગ્રહણ કરાયેલા વ્રતની આચરણાઓ કરે છે, તેમને તે ક્રિયાઓથી અસંગઅનુષ્ઠાન કેમ પ્રગટ થતું નથી ? એ બતાવવા માટે કહે છે-

જે સાધુને પોતાના ઉચિત અનુષ્ઠાનમાં તૃપ્તિ છે, તેથી પોતાની શક્તિના પ્રકર્ષથી પ્રતિદિન અધિક અધિક તપ-સંયમમાં ઉદ્યમવાળા થતા નથી કે નવા નવા શ્રુતનો અભ્યાસ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરવા યત્ન કરતા નથી, તેવા સાધુ જે ભૂમિકામાં છે તે ભૂમિકામાં અવસ્થિત રહે છે; કેમ કે પોતાને પ્રાપ્ત થયેલા સંયમમાં તેમને તૃપ્તિ છે, તેથી પોતે સ્વીકારેલાં વ્રતોની ઉચિત ક્રિયાઓ કરીને સંતોષ માને છે, પરંતુ પ્રતિદિન શક્તિસંચય કરીને અધિક અધિક અનુષ્ઠાનનું સેવન કરવા માટે યત્ન કરતા નથી.

તેમનું તે અનુષ્ઠાન તૃપ્તિ દોષવાળું છે, અને તૃપ્તિદોષવાળું અનુષ્ઠાન તેમને તન્માત્રગુણસ્થાનકમાં અવસ્થિત રાખનાર છે, પરંતુ ક્રમે કરીને પ્રધાનતર એવા અસંગઅનુષ્ઠાનનું કારણ બનતું નથી; કેમ કે સંગ અને તૃપ્તિ એકાર્થવાચી છે. તેથી જે સાધુને પોતાને પ્રાપ્ત થયેલ સંયમસ્થાનમાં તૃપ્તિ છે, તેમનું અનુષ્ઠાન સંગના દોષવાળું હોવાથી, તૃપ્તિરૂપ સંગ અસંગભાવ તરફ જવામાં પ્રતિબંધક છે. તેથી તે અનુષ્ઠાન સેવીને તેઓ અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરી શકતા નથી.

અહીં વિશેષ એ છે કે કોઈ સાધક આત્મા શાસ્ત્રવિધિ પ્રમાણે સાધુધર્મનું પરિભાવન કરીને સંયમને અનુકૂળ પોતાનું ચિત્ત સંપન્ન થાય ત્યારપછી પોતાના સંયોગ પ્રમાણે સ્વજનો આદિ સાથે ઔચિત્યનો વિચાર કરીને શાસ્ત્રવિધિ અનુસાર સંયમ ગ્રહણ કરે, તો આવા જીવને સંયમ ગ્રહણ કરવાની સાથે જ પ્રાયઃ ભાવથી સંયમની પ્રાપ્તિ થાય છે. સંયમની ભાવથી પ્રાપ્તિ થવાથી આવા સાધુ મન-વચન-કાયા દ્વારા સંસારના ભાવોથી ગુપ્ત છે, તેથી તેમની ઈન્દ્રિયોને બાહ્ય કોઈ વિષયો અડતા નથી અને પ્રતિદિન સમિતિપૂર્વક સાધ્વાચારની સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે. કદાચ આ ક્રિયાઓ અપ્રમત્ત ભાવથી કરતા હોય અને ક્રિયામાં વિધિની સ્ખલના પણ ન થતી હોય અને તેમને સંતોષ હોય કે "મને ભગવાનનું શાસન મળ્યું છે, સંયમ મળ્યું છે અને સંસારના ભાવો પણ મને અડતા નથી", આ રીતે પોતાનાં ઉચિત કૃત્યો કરીને સંતોષ અનુભવે, તો આવા સાધુનું પણ વચનઅનુષ્ઠાન સંગદોષવાળું છે અર્થાત્ સંયમ ગ્રહણ કર્યા પછી નિર્લેપતાનો પ્રકર્ષ કરવા માટે અપ્રમાદભાવથી નવું નવું શ્રુત ભણવા માટે યત્ન કરતા નથી કે શ્રુતસંપન્ન એવા આચાર્યાદિની વૈયાવચ્ચ કરીને ઘણી નિર્જરા કરી શકે તેવું સામર્થ્ય હોવા છતાં વૈયાવચ્ચમાં યત્ન કરતા નથી, એવા સાધુને પોતાને પ્રાપ્ત થયેલી ભૂમિકામાં તૃપ્તિ હોવાથી તેમનું વચનઅનુષ્ઠાન સંગદોષવાળું છે. આવી સંગદોષવાળી વચનઅનુષ્ઠાનની ક્રિયા અસંગઅનુષ્ઠાનનું કારણ બનતી નથી, અને અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ વગર વીતરાગતા આદિ પ્રગટે નહિ. તેથી મોક્ષના અર્થી સાધુએ જેમ સંયમ ગ્રહણ કરવામાં અપ્રમાદ કેળવવાનો છે, તેમ સંયમ ગ્રહણ કર્યા પછી સમિતિ-ગુપ્તિમાં પણ અપ્રમાદ કરવાનો છે. એટલું જ નહિ પણ નવું નવું શ્રુત અધ્યયન કરીને અને શ્રુતધર એવા આચાર્યાદિની વૈયાવચ્ચ કરીને શક્તિના પ્રકર્ષથી ઉપર ઉપરનાં ધર્મકૃત્યો સેવવામાં અપ્રમાદ કરવાનો છે, જેથી વચનઅનુષ્ઠાન ક્રમે કરીને પ્રધાનતર એવા અસંગઅનુષ્ઠાનનું કારણ બને. ॥૬૯॥

## ઉત્તમશ્રદ્ધાનું ત્રીજું કાર્ય – 'દેશના'

**અવતરણિકા :-**

**ઉત્તમશ્રદ્ધાનું ત્રીજું કાર્ય વિશુદ્ધ દેશના છે, તેને બતાવે છે –**

**ગાથા :-**

**सुपरिचिअआगमत्थो अवगयपत्तो सुहगुरुअणुण्णाओ ।**
**मज्झत्थो हिअकंखी, सुविसुद्धं देसणं कुणइ ॥७०॥**

सुपरिचितागमार्थो अवगतपात्रो शुभगुर्वनुज्ञातः ।
मध्यस्थो हितकांक्षी सुविशुद्धां देशनां करोति ॥७०॥

**ગાથાર્થ :-**

**સુપરિચિત આગમઅર્થવાળા, દેશના જેને આપવાની છે તે પાત્રને જાણનારા, સુંદર ગુરુથી દેશના માટે અનુજ્ઞા અપાયેલા, મધ્યસ્થ, હિતના કાંક્ષી=શ્રોતાના હિતના કાંક્ષી, સુવિશુદ્ધ દેશનાને કરે છે. ॥૭૦॥**

**ભાવાર્થ :-**

ઉત્તમશ્રદ્ધાનું ત્રીજું કાર્ય વિશુદ્ધ દેશના કેવા સાધુ કરે, તે બતાવવા અર્થે વિશુદ્ધ દેશના કરનાર સાધુનાં પાંચ વિશેષણો બતાવે છે.

**(i) સુપરિચિત આગમઅર્થવાળા :** જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા ગ્રહણ કરીને સુપરિચિત આગમઅર્થવાળા છે તેઓ દેશનાના અધિકારી છે. તે સાધુ સિવાયના અન્ય સાધુ દેશના આપે તો અનધિકારી પ્રવૃત્તિ હોવાથી તેમની દેશના સુદેશના બની શકે નહિ.

**(ii) દેશના જેને આપવાની છે તે પાત્રને જાણનારા :** દેશના માટે જેમ આગમના અર્થોનો પરિચય આવશ્યક છે તેમ જેને ઉપદેશ આપવાનો છે તે પાત્ર કેવું છે તેનો પણ બોધ આવશ્યક છે, જેથી તેની ભૂમિકા પ્રમાણે ઉચિત ઉપદેશ આપવાથી ભગવાનના શાસનના પરમાર્થને સ્વભૂમિકા પ્રમાણે તે પ્રાપ્ત કરી શકે. પાત્રનો બોધ ન હોય તો શાસ્ત્રના પદાર્થોનો પણ અસ્થાને વિનિયોગ થવાથી શ્રોતાના હિતને બદલે અહિતનું પણ કારણ બને અથવા તેની યોગ્યતા અનુસાર ઉપદેશ નહિ હોવાથી તેના ઉપર ઉપકાર થાય નહિ. તેથી પાત્રનો જેને બોધ નથી તે સાધુ દેશના માટે અધિકારી નથી.

**(iii) સુંદર ગુરુથી દેશના માટે અનુજ્ઞા અપાયેલા :** દેશના આપવા માટે જેમ આગમઅર્થનો બોધ આવશ્યક છે, પાત્રનો બોધ આવશ્યક છે, તેમ દેશના આપવા માટે ઉત્તમ ગુરુની અનુજ્ઞા પણ આવશ્યક છે, અને જ્યાં સુધી અનુજ્ઞા ન મળે ત્યાં સુધી તે સાધુ દેશના આપવા માટે અધિકારી નથી.

જેમ કે વજ્રસ્વામી બાલ્યવયમાં જ શાસ્ત્રના ગંભીર પદાર્થો સમજાવી શકે તેવા હતા. તેમની તે પરિસ્થિતિનો બોધ સહવર્તી સાધુઓને થાય છે ત્યારે તેઓ ગુરુને કહે છે કે ''અમારા આ વાચનાચાર્ય થાઓ.'' ત્યારે ગુરુએ કહ્યું કે ''અત્યારે નહિ, ઉચિતકાળે આ તમારા વાચનાચાર્ય થશે.'' તેથી જ્યાં સુધી ગુરુએ તેમને અનુજ્ઞા આપી નથી ત્યાં સુધી સમર્થ એવા વજ્રસ્વામી પણ વાચના માટે અધિકારી બન્યા ન હતા. તેમ ઉત્તમ ગુરુની અનુજ્ઞા મળ્યા પછી સાધુને દેશના આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

**(iv) મધ્યસ્થ :** વળી, ''સર્વજ્ઞના વચનને મારે યથાર્થ કહેવા છે'' તેવા મધ્યસ્થ પરિણતિવાળા સાધુ ઉપદેશ આપવા માટે અધિકારી છે. જે ઉપદેશક શાસ્ત્રના પરમાર્થોને જાણતા હોય છતાં કોઈ સ્થાનમાં પોતાનો નિર્ણય સ્પષ્ટ ન હોય તો અનિર્ણિત પદાર્થને સ્વચ્છંદપણે શીઘ્ર બોલતા નથી પરંતુ મધ્યસ્થભાવ રાખે છે, અને કોઈ પૂછે તોપણ કહે કે તત્ત્વ બહુશ્રુત જાણે. આવા મધ્યસ્થ ભાવ રાખનારા સાધુ પદાર્થ શાસ્ત્રવચનથી જે પ્રમાણે તેમને દેખાતો હોય તે પ્રમાણે જ કહે છે, અને જે મધ્યસ્થ નથી તેઓ પોતાની હીનતા ન દેખાય તદ્અર્થે પણ યથાતથા કહે છે અથવા વિચાર્યા વગર પણ શીઘ્ર બોલે છે.

(v) **હિતના કાંક્ષી :** વળી, દેશના આપનાર જેમ મધ્યસ્થ હોવા જોઈએ તેમ દેશના સાંભળવા આવનાર શ્રોતાઓના હિતના કાંક્ષી હોવા જોઈએ. ઉપદેશક સાધુ શ્રોતાની યોગ્યતાનો વિચાર કરીને જે રીતે તેનું હિત થાય તે રીતે દેશના આપે. જો કોઈ મંદબુદ્ધિવાળો શ્રોતા હોય અને લાયક જીવ હોય તો તેને પરમાર્થનો બોધ કરાવવા અર્થે અનેક વખત પણ સમજાવે, અને તેને બોધ થાય ત્યારે એમ ન કહે કે તારી બુદ્ધિ અતિમંદ છે, પરંતુ તેને ઉત્સાહ પેદા કરાવવા અર્થે એમ જ કહે કે ''પરમાર્થની પ્રાપ્તિ અતિદુર્લભ છે. તને આટલા પ્રયત્નથી પણ પરમાર્થ પ્રાપ્ત થયો છે, માટે પરમાર્થને જાણીને હિત સાધવામાં પ્રમાદ ન કરવો જોઈએ,'' એ પ્રકારની પ્રેરણા કરે; કેમ કે શ્રોતાના હિતના અર્થી જે રીતે શ્રોતાનું અધિક હિત થાય તે રીતે પ્રવૃત્તિ કરે. જે સાધુ આવા પ્રકારની હિતની કાંક્ષાવાળા નથી તેમની દેશના સુવિશુદ્ધ બને નહિ, અને ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ શક્તિ હોય તો આવી સુપરિશુદ્ધ દેશના અવશ્ય કરે. જો શક્તિ હોવા છતાં દેશનામાં થતા શ્રમ આદિનો વિચાર કરીને દેશનાની ઉપેક્ષા કરે, અને પોતાના અન્ય ઉચિત અનુષ્ઠાનમાં સુદૃઢ યત્ન કરતા હોય, તોપણ ઉત્તમશ્રદ્ધાના ત્રીજા કાર્યરૂપ સુદેશનાનો અભાવ હોવાથી તેઓ સુસાધુ નથી. II૭૦II

## (i) દેશનાના અધિકારી – 'સુપરિચિત આગમઅર્થવાળા'

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં ઉત્તમશ્રદ્ધાનું કાર્ય દેશના બતાવતાં કહ્યું કે સુપરિચિત આગમઅર્થવાળા દેશનાના અધિકારી છે. તેને દૃઢ કરવા માટે જે એવા નથી તે અનધિકારી છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ण परिचिआ जेण सुआ, समयत्था तस्स णत्थि अणुओगो ।**
**सो सत्तूपयणिट्ठो, जं भणिअं संमईइ इमं ॥७१॥**

न परिचिता येन श्रुताः समयार्थास्तस्य नास्त्यनुयोगः ।
स शत्रुपदनिष्ठो यद्भणितं सम्मताविदम् ॥७१॥

**ગાથાર્થ :-**

**જેમના વડે શ્રુતો=આગમો, અને શાસ્ત્રના અર્થો પરિચિત કરાયા નથી, તેમને=તે સાધુને, અનુયોગ નથી=વ્યાખ્યાન કરવાની અનુજ્ઞા નથી. (અને જો તે સાધુ દેશના કરે તો) તે સાધુ શત્રુપદમાં નિષ્ઠ છે=જિનશાસનના શત્રુસ્થાનમાં રહેલા છે, જે કારણથી 'સમ્મતિ તર્ક' ગ્રંથમાં આ= આગળમાં કહેવાશે એ, કહેવાયું છે. II૭૧II**

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે 'સમ્મતિ ગ્રંથ'માં આ કહેવાયું છે. તેથી હવે 'સમ્મતિ ગ્રંથ'ની ગાથા બતાવે છે –

ગાથા :-

**जह जह बहुस्सुओ संमओ अ सीसगणसंपरिवुडो य ।**
**अविणिच्छओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥७२॥**

यथा यथा बहुश्रुतः सम्मतश्च शिष्यगणसम्परिवृतश्च ।
अविनिश्चितश्च समये तथा तथा सिद्धान्तप्रत्यनीकः ॥७२॥

ગાથાર્થ :-

**શાસ્ત્રમાં અનિશ્ચિત અર્થવાળા, જેમ જેમ બહુશ્રુત અને બહુજનને સંમત અને શિષ્યગણથી પરિવરેલા છે, તેમ તેમ સિદ્ધાન્તના પ્રત્યનીક=સિદ્ધાન્તના શત્રુ છે. ॥૭૨॥**

ટીકા :-

**यथा यथा बहुश्रुतः=परिपठितबह्वागमः, संमतश्च=बहुमतः संसाराभिनन्दिनां गतानुगतिकप्रवाहपतितानां तदनुवर्त्तिनां चान्येषां, बाह्याडम्बरदर्शनमात्रोदितविस्मयानां मुग्धमतीनां च, च=पुनः शिष्यगणैर्विनेयवृन्दैः संपरिवृतः=समन्तात् परिवृतः, अविनिश्चतः=सम्यगपरिणतश्च प्रवचने, ऐदम्पर्याज्ञानाद्विरत्यप्रह्वाच्च, तथा तथा सिद्धान्तप्रत्यनीको रञ्जनकलादेयतापरध्यन्धनबाहुल्यहेतुयोगान्निःशङ्कमसत्प्रवृत्त्या यथास्थितसिद्धान्तस्य विपर्यासापादनात्, अतो नेदृदशगुर्वाश्रयणं युक्तं किन्तूक्तगुणवद्गुर्वाश्रयणमेव श्रेय इति भावः ॥१५३॥ (उपदेश रहस्य)**

ભાવાર્થ :-

જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી અપ્રમાદભાવથી સંયમમાં ઉત્થિત છે, શાસ્ત્ર અનુસાર ઉચિત ક્રિયાઓ પણ કરે છે, પરંતુ હજુ શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કરી શક્યા નથી અને શાસ્ત્રના અર્થોને યથાસ્થાને જોડી શકે તેવો બોધ કરી શક્યા નથી, તેવા સાધુને પણ દેશના આપવાનો અધિકાર નથી. આમ છતાં, કષાયને વશ થઈને કે પ્રમાદને વશ થઈને કે લોકોપકારની ઘેલી પરિણતિને વશ થઈને ઉપદેશમાં પ્રવૃત્તિ કરે, તો તેવા ઉપદેશકને 'સમ્મતિ ગ્રંથ'માં ભગવાનના શાસનના વૈરી કહ્યા છે; અને અહીં તેની સાક્ષી આપવા અર્થે 'સમ્મતિ ગ્રંથ'ની ગાથા ગ્રહણ કરીને ગાથા-૭૨ રૂપે કહેલ છે, જેનો અર્થ આ પ્રમાણે છે-

જે સાધુ શાસ્ત્રોના અર્થમાં અનિર્ણયવાળા છે, આમ છતાં, ઘણાં આગમો ભણેલા છે, તે સાધુ (૧) સંસારઅભિનંદી જીવોને ઉપદેશક તરીકે સંમત છે, વળી, (૨) સંસારઅભિનંદી જીવોથી અન્ય એવા જે જીવો ગતાનુગતિક પ્રવાહમાં પડેલા છે અને તે સાધુને અનુસરનારા છે એવા જીવોને તે સાધુ ઉપદેશક તરીકે સંમત છે, તથા (૩) બાહ્ય આડંબરના દર્શનમાત્રથી વિસ્મય પામેલા મુગ્ધમતિ જીવોને તે સાધુ ઉપદેશક તરીકે સંમત છે.

વળી, ઘણા શિષ્યોથી પરિવરેલા એવા પણ તે સાધુ, જો પ્રવચનના ઐદંપર્યાર્થના જ્ઞાન વગરના હોય તો તે સાધુ શાસ્ત્રના પરમાર્થને જાણનારા નથી. આમ છતાં જો તે ઉપદેશમાં પ્રવૃત્તિ કરે તો તેમનામાં વિરતિનો પરિણામ પણ નથી; કેમ કે અનેક જીવોના અહિતની જે પ્રવૃત્તિ કરતા હોય તેમનામાં વિરતિ સંભવે નહિ. તેથી આવા સાધુ ઉપદેશ આપીને ઘણા જીવોનો વિનાશ કરે છે, અને ઘણા શિષ્યોને જ્ઞાનનું

દાન કરીને પણ તેઓનો વિનાશ કરે છે. આવા સાધુ બાહ્ય આચાર સારી રીતે પાળતા હોય તોપણ તેમનામાં વિરતિનો પરિણામ નથી. તેથી તેવા સાધુના ઉપદેશમાં લોકોના રંજનની કલા છે, અને ઘણા જીવોની બુદ્ધિમાં વ્યામોહ કરે તેવી આદેયતા છે=લોકમાં ગ્રાહ્યતા છે. આથી આવા સાધુ નિઃશંકપણાથી ઉપદેશ આપવારૂપ અસદ્ પ્રવૃત્તિ કરીને શાસ્ત્રોનો વિનાશ કરે છે. માટે આવા ગુરુ આશ્રય કરવા યોગ્ય નથી, પરંતુ ગાથા-૭૦માં બતાવેલા ગુણોવાળા ગુરુનું આશ્રયણ કરવું એ જ શ્રેય છે.

અહીં વિશેષ એ છે કે જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ઉચિત વિધિપૂર્વક શાસ્ત્રના પરમાર્થનો બોધ કરી શકે એ પ્રકારે શાસ્ત્રો ભણ્યા નથી, છતાં ઉપર ઉપરથી ઘણાં શાસ્ત્રો ભણેલા હોય તેથી આ સાધુ બહુશ્રુત છે તેવું લોકોને જણાય, પરંતુ પરમાર્થથી બહુશ્રુત નથી, તેવા સાધુ ત્રણ પ્રકારના જીવોને સારા ઉપદેશક તરીકે સંમત થાય છે.

(૧) જે લોકો તત્ત્વના અર્થી નથી પણ સંસારના રસિયા છે, તેવા જીવોને આવા સાધુ પાસેથી પોતાને ઉપયોગી એવાં ઘણાં વચનો મળતાં હોવાથી તે લોકો તેવા ઉપદેશક પાસે આવતા હોય છે.

(૨) વળી, કેટલાક જીવો ગતાનુગતિક પ્રવાહમાં પડેલા હોય છે. આવા જીવો સ્વપ્રજ્ઞાથી કોની પાસેથી તત્ત્વ મેળવવું તેવો વિચાર કરતા નથી, પરંતુ લોકોનાં ટોળાંને જોઈને, ઘણા લોકો આ મહાત્મા પાસે આવે છે માટે આ મહાત્મા શાસ્ત્રને જાણનારા છે તેમ માનીને તેમને બહુશ્રુત તરીકે સ્વીકારે છે, પરંતુ સૂક્ષ્મપ્રજ્ઞાથી તત્ત્વને જોઈ શકતા નથી. તેથી ઐદંપર્યાર્થને નહિ જાણનારા એવા બહુશ્રુત આચાર્ય તેવા લોકોને ઉપદેશક તરીકે સંમત છે.

(૩) વળી, કેટલાક જીવો બાહ્ય આડંબરના દર્શનમાત્રથી વિસ્મય પામે તેવી મુગ્ધમતિવાળા છે. તેથી ઘણા લોકો અને ઘણા શિષ્યોના પરિવારને જોઈને, આ આચાર્ય તત્ત્વને બતાવનારા છે તેમ માને છે અને તેમના ભક્ત બને છે.

આવા ઉપદેશકો ઉપદેશની છટાના બળથી ઘણા શિષ્યોને પણ પ્રાપ્ત કરે તેથી ઘણા શિષ્યોના પરિવારવાળા પણ હોય, છતાં પ્રવચનના પરમાર્થને નહિ જાણનારા હોવાથી તેઓમાં શાસ્ત્રના ઐદંપર્યાર્થનું જ્ઞાન નથી. તેઓ વિરતિની પરિણતિ વગરના છે અને શાસ્ત્રવિરુદ્ધ એવી ઉપદેશની પ્રવૃત્તિ અને શિષ્ય બનાવવાની પ્રવૃત્તિ કરે છે. તેઓની પાસે જ્ઞાન-ક્રિયારૂપ મોક્ષમાર્ગ નથી અને ઉપદેશ આપે છે. તેથી તેઓ સિદ્ધાન્તના પ્રત્યનીક છે, તેઓમાં જેમ જેમ બાહ્યશક્તિ વધારે તેમ તેમ ભગવાનના શાસનના નાશના તેઓ પ્રબળ કારણ છે, તેથી સિદ્ધાન્તના મહાશત્રુ છે. માટે વિચારકે આવા ગુરુનો આશ્રય કરવો જોઈએ નહિ, પરંતુ ગાથા-૭૦માં બતાવ્યા તેવા ગુણવાન ગુરુનો આશ્રય કરવો જોઈએ. ॥૭૧-૭૨॥

**અવતરણિકા :-**

**ગાથા-૭૧-૭૨માં સ્થાપન કર્યું એ રીતે, જે સાધુ શાસ્ત્રના અર્થોને સમ્યગ્ જોડી શકતા નથી તે સાધુ ઘણાં શાસ્ત્રો ભણેલા હોય અને ઘણા શિષ્યોના પરિવારવાળા હોય તોપણ તે સાધુ દેશના માટે અધિકારી નથી, છતાં આવા સાધુ જો દેશના આપતા હોય તો તે ભગવાનના શાસનના શત્રુ છે. તેવી જ રીતે કોઈ સાધુ ઈતરશાસ્ત્રમાં કુશળ હોય પરંતુ સાવદ્ય અને નિરવદ્ય ભાષાના વિવેકને જાણતા ન હોય તોપણ દેશના આપવા માટે અધિકારી નથી, તે બતાવવા કહે છે –**

**ગાથા :-**

**भाषाइ जो विसेसं, न जाणए इयरसत्थकुसलो वि ।**
**मिच्छा तस्सुवएसो, महाणिसीहंमि जं भणिअं ॥७३॥**

भाषाया यो विशेषं, न जानाति इतरशास्त्रकुशलोऽपि ।
मिथ्या तस्योपदेशः, महानिशीथे यद्भणितम् ॥७३॥

**ગાથાર્થ :-**

**જે સાધુ ઈતર શાસ્ત્રમાં કુશળ પણ ભાષાના વિશેષને જાણતા નથી, તેમનો ઉપદેશ મિથ્યા છે, જે કારણથી 'મહાનિશીથ'માં કહેવાયું છે. ॥૭૩॥**

**ભાવાર્થ :-**

જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા શાસ્ત્રમાં કુશળ થયા હોય તે સાધુ ઉપદેશના અધિકારી છે. આમ છતાં, જો તે સાધુ શાસ્ત્રઅધ્યયન કર્યા પછી સાવદ્ય અને નિરવદ્ય ભાષાને કહેનારાં શાસ્ત્રોને છોડીને ઈતર શાસ્ત્રોમાં કુશળ હોય, પણ ભાષાના સાવદ્ય અને નિરવદ્યરૂપ વિવેકને જાણતા ન હોય, તેવા સાધુનો ઉપદેશ મિથ્યા છે અર્થાત્ કર્મબંધનું કારણ છે. તેવા પ્રકારના ઉપદેશને આપનાર સાધુમાં ઉત્તમશ્રદ્ધાના કાર્યરૂપ વિશુદ્ધ દેશના નથી, તેથી તેઓ સુસાધુ નથી.

આવા સાધુનો ઉપદેશ મિથ્યા કેમ છે ? તેમાં 'મહાનિશીથ' ગ્રંથની સાક્ષી સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૭૩॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે ભાષાના વિશેષને જે જાણતા નથી તેવા સાધુનો ઉપદેશ મિથ્યા છે. તેમાં સાક્ષીરૂપે 'મહાનિશીથ ગ્રંથ'નાં વચનો બતાવે છે –

**ગાથા :-**

**सावज्जणवज्जाणं, वयणाणं जो न जाणइ विसेसं ।**
**वुत्तुं पि तस्स ण खमं, किमंग पुण देसणं काउं ॥७४॥**

सावद्यानवद्यानां वचनानां यो न जानाति विशेषम् ।
वक्तुमपि तस्य न क्षमं किमङ्ग पुनर्देशनां कर्तुम् ॥७४॥

**ગાથાર્થ :-**

**જે સાધુ સાવદ્ય-અનવદ્ય વચનોના વિશેષને=ભેદને, જાણતા નથી, તેને=તે સાધુને, બોલવા માટે પણ અધિકાર નથી, તો વળી દેશના કરવા માટે શું કહેવું ? અર્થાત્ તે સાધુ દેશના આપવા માટે અધિકારી નથી. ॥૭૪॥**

**ભાવાર્થ :-**

જે સાધુ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયેલા હોય તે સાધુ આ ભાષા સાવદ્ય છે માટે સાધુથી બોલાય નહિ અને આ ભાષા અનવદ્ય છે=નિષ્પાપ છે માટે સાધુથી બોલી શકાય, એ પ્રકારના ભેદને જાણે છે. પરંતુ જે સાધુ આવા પ્રકારના ભેદને જાણતા નથી, તે સાધુ જ્યાં સુધી ગીતાર્થ ન થાય ત્યાં સુધી કોઈની સાથે બોલવા માટે પણ અધિકારી નથી, ફક્ત ગુરુને ઉચિત કૃત્યો વિષયક પૃચ્છા કરવા માટે બોલવાના અધિકારી છે. આમ છતાં તેવા સાધુ જો કોઈની પણ સાથે બોલે તો સાવદ્ય અને નિરવદ્ય ભાષાનું જ્ઞાન નહિ હોવાથી, તેમનાથી બોલાયેલી ભાષા ભગવાનના વચનથી નિરપેક્ષ હોવાથી સાવદ્યરૂપ બને છે, તેથી તેવા સાધુને બોલવાનો પણ અધિકાર નથી. આવા સાધુને જો બોલવાનો પણ અધિકાર ન હોય તો કોઈને ઉપદેશ આપવાનો અધિકાર ક્યાંથી હોય ? અર્થાત્ ઉપદેશ આપવાનો અધિકાર ન હોય, એ પ્રમાણે 'મહાનિશીથ' સૂત્રમાં કહેલ છે. ॥૭૪॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે વચનના સાવદ્ય-અનવદ્ય પ્રકારને જે સાધુ જાણતા નથી તેમને દેશના આપવાનો અધિકાર નથી. હવે વચનના સાવદ્ય-અનવદ્ય પ્રકારને નહિ જાણનાર સાધુને દેશના આપવાનો અધિકાર કેમ નથી, તે વાત યુક્તિથી બતાવે છે –**

**ગાથા :-**

**दाणपसंसणिसेहे, जह किर दुहओ वि भासणं विसमं ।**
**सक्कइ गीयत्थेहिं, सुआणुरूवं तु दोण्हं जं ॥७५॥**

दानप्रशंसानिषेधयोर्यथा किल द्विधापि भाषणं विषमम् ।
शक्यते गीतार्थैः श्रुतानुरूपं तु द्वयोर्यत् ॥७५॥

**ગાથાર્થ :-**

**जह=જે કારણથી, ખરેખર દાનની પ્રશંસાનું અને નિષેધનું બન્ને પ્રકારે પણ ભાષણ વિષમ છે; વળી, ગીતાર્થ વડે શ્રુતને અનુરૂપ બન્નેનું=દાનની પ્રશંસાનું અને દાનના નિષેધનું, જે=ભાષણ શક્ય છે, (તે કારણથી) ગીતાર્થ જ દેશનાના અધિકારી છે, અન્ય નહીં. એ પ્રકારનું પૂર્વગાથા સાથે 'યથા' થી જોડાણ છે. ॥૭૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે વચનના સાવદ્ય-નિરવદ્ય વિશેષને જે સાધુ જાણતા નથી તેમને દેશના આપવાનો અધિકાર નથી. તે વાતને યુક્તિથી પ્રસ્તુત ગાથામાં બતાવે છે- જેમ કોઈક સ્થાનને આશ્રયીને દાનની પ્રશંસા કરવામાં આવે તો તે સાવદ્યભાષા બને, અને દાનનો નિષેધ કરવામાં આવે તોપણ તે સાવદ્યભાષા બને; કેમ કે 'સૂયગડાંગ સૂત્ર'માં નીચે પ્રમાણે વચન છે :

"जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं ।
जे अ णं पडिसेहंति वितिच्छेयं कुणंति ते ॥"

તેથી દાનની પ્રશંસામાં પણ અને દાનના નિષેધમાં પણ કર્મબંધની પ્રાપ્તિરૂપ વિષમ સ્થિતિની પ્રાપ્તિ થાય. પરંતુ જો સાધુ ગીતાર્થ હોય તો શ્રુતને અનુરૂપ ઉચિત સ્થાનને આશ્રયીને દાનની પ્રશંસા કરે, અને ઉચિત સ્થાનને આશ્રયીને દાનનો નિષેધ કરે, તો તે બન્ને નિરવદ્ય ભાષા બને. તેથી દાનધર્મના ઉપદેશમાં પણ અગીતાર્થ સાધુ પ્રશંસા કરીને કે નિષેધ કરીને સાવદ્ય ભાષા બોલે છે, અને કર્મબંધની પ્રાપ્તિ કરે છે; અને ગીતાર્થ સાધુ શ્રુત અનુસારે તે દાનધર્મની પ્રશંસા કે નિષેધ કરીને નિર્જરાની પ્રાપ્તિ કરે છે. જેમ દાનના વિષયમાં વિકલ્પ પડે છે, તેમ શીલ, તપ કે ભાવધર્મના વિષયમાં પણ વિકલ્પો પડે છે. તે રીતે અન્ય પદાર્થોના નિરૂપણમાં પણ ઉચિત-અનુચિતનું જ્ઞાન ન હોય તો તે ઉપદેશની ક્રિયા સાવદ્ય બને છે; જ્યારે ગીતાર્થ સાધુ શ્રુત અનુસારી ઉચિત-અનુચિતનો નિર્ણય કરીને ઉચિત સ્થાને ઉચિત ઉપદેશ આપી શકે છે. તેથી જે સાધુ ગીતાર્થ નથી તેમને ઉપદેશ આપવાનો અધિકાર નથી, એ રીતે પૂર્વગાથા સાથે સંબંધ છે. ॥૭૫॥

**અવતરણિકા :-**

**ગાથા-૭૪માં કહ્યું કે જે સાધુ સાવદ્ય-અનવદ્ય ભાષાના ભેદને જાણતા નથી તેમને દેશના આપવાનો અધિકાર નથી. તે વાતને યુક્તિથી બતાવવા માટે કહ્યું કે દાનની પ્રશંસા અને દાનનો નિષેધ બન્નેમાં સાવદ્ય ભાષાની પ્રાપ્તિ થઈ શકે અને બંનેમાં નિરવદ્ય ભાષાની પ્રાપ્તિ પણ થઈ શકે, અને ગીતાર્થ ક્યારે દાનની પ્રશંસા થાય અને ક્યારે દાનનો નિષેધ થાય તેનો નિર્ણય કરી શકે છે, તેથી નિરવદ્ય ભાષા બોલી શકે છે. આ વાત ગાથા-૭૫માં બતાવી. હવે ગીતાર્થને કયું દાન પ્રશંસનીય છે અને કયા દાનનો પ્રતિષેધ કરે તો દોષ નથી, તે વાત ગાથા-૭૬/૭૭માં બતાવે છે –**

**ગાથા :-**

**पत्तंमि जं पदिन्नं, अणुकंपासंगयं च जं दाणं ।**
**जं च गुणंतरहेऊ, पसंसणिज्जं तयं होइ ॥७६॥**

पात्रे यत्प्रदत्तं अनुकम्पासङ्गतं च यद्दानम् ।
यच्च गुणान्तरहेतु प्रशंसनीयं च तत् भवति ॥७६॥

**ગાથાર્થ :-**

**પાત્રમાં જે=દાન, અપાયું છે અને જે દાન અનુકંપાથી યુક્ત છે અને જે ગુણાન્તરનો હેતુ છે, તે=દાન, પ્રશંસનીય છે. ॥૭૬॥**

**ભાવાર્થ :-**

ગીતાર્થ સાધુ કયા દાનની પ્રશંસા કરે તે વાત પ્રસ્તુત ગાથામાં બતાવે છે. ગાથા-૭૮માં દાનનાં ત્રણ પાત્રો બતાવશે. તે ત્રણ પાત્રોમાં જે દાન અપાયું હોય અને વળી તે દાન લેનારને માટે ગુણાન્તરનો હેતુ હોય, તેવા સુપાત્રદાનની ગીતાર્થો પ્રશંસા કરે, અન્યની નહિ. વળી, જે દાન અનુકંપાથી યુક્ત હોય અને જેના પ્રત્યે અનુકંપા કરી હોય તેના માટે ગુણાન્તરનો હેતુ હોય, તેવા અનુકંપાદાનની ગીતાર્થો પ્રશંસા કરે, અન્યની નહિ.

આશય એ છે કે દેશવિરતિધર, સર્વવિરતિધર અને અવિરત સમ્યગ્દષ્ટિ આ ત્રણ પ્રકારનાં સુપાત્રો છે. કોઈ વ્યક્તિ વિવેકપૂર્વક સુપાત્રમાં દાન કરે તો તે દાન પ્રશંસનીય છે અર્થાત્ ઉત્સર્ગથી સર્વવિરતિધરને સંયમવૃદ્ધિનું કારણ બને તેવું નિર્દોષ આહારનું દાન પ્રશંસનીય છે અને અપવાદથી સંયમને અનુરૂપ દોષિત આહારઆદિનું દાન પણ પ્રશંસનીય છે.

વળી, ગુણાન્તરનું કારણ બને તેવું અનુકંપાદાન પણ પ્રશંસનીય છે. જેમ આર્યસુહસ્તિમહારાજાએ ભિખારીને અનુકંપાથી વેશ આપીને ખાવાનું આપ્યું તે, અને ભગવાન મહાવીરે બ્રાહ્મણને વસ્ત્રદાન આપ્યું તે, ગુણાન્તરનો હેતુ હોવાથી પ્રશંસનીય છે; પરંતુ જે દાન ગુણાન્તરનો હેતુ નથી તેવું અનુકંપાદાન પ્રશંસનીય નથી. ગીતાર્થ કયા સંજોગોમાં કયું સુપાત્રદાન કે અનુકંપાદાન ગુણાન્તરનો હેતુ છે, તેનો નિર્ણય કરી શકે છે. માટે ગીતાર્થને દેશના આપવાનો અધિકાર છે, તેમ ગાથા-૭૪ સાથે સંબંધ છે.

અહીં વિશેષ એ છે કે જે સુપાત્રદાન છે તે સુપાત્રને ગુણવૃદ્ધિનું કારણ બને તેવું વિવેકવાળું દાન હોવાથી પ્રશંસનીય છે. વળી, અનુકંપાદાન પણ જેના ઉપર અનુકંપા કરવામાં આવી છે તેને ગુણાન્તરનો હેતુ હોવાથી પ્રશંસનીય છે. આર્યસુહસ્તિસૂરિએ સંપ્રતિ મહારાજાના જીવને દીક્ષા આપીને ખાવાનું આપ્યું તે બીજાધાનનું કારણ હોવાથી પ્રશંસનીય છે, અને ભગવાન મહાવીરે બ્રાહ્મણને વસ્ત્રનું દાન આપ્યું તે પણ બીજાધાનની પ્રાપ્તિ દ્વારા સમ્યક્ત્વ અને ક્રમે કરીને વિરતિનું કારણ હોવાથી પ્રશંસનીય છે. ॥૭૬॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં ગીતાર્થ કયા દાનની પ્રશંસા કરે તો દોષ નથી તે બતાવ્યું. હવે કયા દાનનો ગીતાર્થ નિષેધ કરે તો દોષ નથી, તે બતાવે છે –**

**ગાથા :-**

**अण्णस्स य पडिसेहे, सुत्तविरोहो ण लेसओवि भवे ।**
**जेणं परिणामवसा, वित्तिच्छेओ बहित्था व ॥७७॥**
अन्यस्य च प्रतिषेधे सूत्रविरोधो न लेशतोऽपि भवेत् ।
येन परिणामवशाद् वृत्तिच्छेदो बहित्था इव ॥७७॥

**ગાથાર્થ :-**

**અને અન્યના=પૂર્વગાથામાં જે દાન પ્રશંસનીય છે તેમ કહ્યું તેનાથી અન્યદાનના પ્રતિષેધમાં, લેશથી પણ સૂત્રનો વિરોધ થતો નથી.**

અહીં પ્રશ્ન થાય કે અન્યદાનનો પ્રતિષેધ કરવામાં આવે તો જેને દાન અપાતું હતું તેની આજીવિકાનો ઉચ્છેદ થશે. તેથી પ્રતિષેધ કરનારને કોઈકની આજીવિકાના ઉચ્છેદનું પાપ લાગશે. માટે અન્યદાનના પ્રતિષેધમાં લેશથી પણ સૂત્રનો વિરોધ નથી તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે-

**જે કારણથી બાહ્ય અર્થની જેમ પરિણામના વશથી વૃત્તિનો છેદ છે=આજીવિકાનો છેદ છે. ॥૭૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં ગીતાર્થ કેવા દાનની પ્રશંસા કરે તો દાનમાં થતી હિંસામાં અનુમોદના પ્રાપ્ત થાય નહિ, તે બતાવ્યું. હવે તેવા દાનથી જે અન્ય દાન છે, તે દાન શાસ્ત્રસંમત નથી; તેથી તેવા દાનનો નિષેધ કરવો એ ગીતાર્થ માટે આવશ્યક છે. તેથી ગીતાર્થ સાધુ આ દાન શાસ્ત્રસંમત નથી તેમ જાણીને તેનો નિષેધ કરે તો લેશથી પણ સૂત્રનો વિરોધ પ્રાપ્ત થાય નહિ.

આશય એ છે કે કોઈ યોગ્ય જીવ ગીતાર્થ સાધુને પૂછે કે આ દાન મારા માટે કર્તવ્ય છે કે નહીં ? તેવા વખતે જો તે દાન શાસ્ત્રનિષિદ્ધ હોય તો ગીતાર્થ અવશ્ય તેનો નિષેધ કરે. જો નિષેધ ન કરે તો ગીતાર્થના અનિષેધના કારણે તે ગૃહસ્થ તે દાનમાં પ્રવૃત્તિ કરીને જે અનુચિત પ્રવૃત્તિ કરશે, તેનાથી તેનું અહિત થશે, અને તે દાનથી જે અન્ય દોષો પોષાશે અથવા તે અનુચિત દાનની જે પરંપરા ચાલશે તેમાં ગીતાર્થની અનુમતિ પ્રાપ્ત થાય. તેથી તે દાન અહિતનું કારણ હોવાથી ગીતાર્થ અવશ્ય તેનો નિષેધ કરે જેથી અહિતની પ્રવૃત્તિ અટકે. માટે તેવા દાનના નિષેધમાં લેશથી પણ સૂત્રનો વિરોધ નથી, અને તેવા દાનના નિષેધનો ઉપદેશ સંપૂર્ણ નિરવદ્ય ભાષારૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે ગીતાર્થ તે દાનનો નિષેધ કરે તેથી ગૃહસ્થ તે દાનની પ્રવૃત્તિ કરે નહીં, અને તેના કારણે જે જીવોને આજીવિકાની પ્રાપ્તિ થતી હતી તેમની આજીવિકાનો ઉચ્છેદ થાય, અને તેમાં ગીતાર્થે દાનનો કરેલ નિષેધ કારણ બને. તેથી કોઈની આજીવિકાના ઉચ્છેદનું પાપ ગીતાર્થને પ્રાપ્ત થશે. માટે તે દાનનો નિષેધ સંપૂર્ણ નિરવદ્ય છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે-

જે જીવોની આજીવિકાનો ઉચ્છેદ થયો તે બાહ્ય અર્થની જેમ પરિણામના વશથી થયો છે, પરંતુ ગીતાર્થના અધ્યવસાયથી કે ગીતાર્થના પ્રયત્નથી થયો નથી. તેથી ગીતાર્થને દોષ લાગશે નહીં.

આશય એ છે કે જેમ કોઈ સાધુ સમ્યગ્ યતનાપૂર્વક ગમન કરતા હોય કે શાસ્ત્રવિધિ પ્રમાણે નદી ઊતરતા હોય ત્યારે કોઈ જીવની હિંસા થાય ત્યારે તે બાહ્ય હિંસાથી સાધુને કોઈ કર્મબંધ થતો નથી, પરંતુ સંયમવૃદ્ધિના ઉચિત અધ્યવસાયથી સાધુને નિર્જરા થાય છે; તેમ અનુચિત દાનના નિષેધમાં ઉપદેશક યત્ન કરે છે ત્યારે ઉપદેશક સાધુનો આશય સામેના જીવોની આજીવિકાના ઉચ્છેદનો નથી, પરંતુ પૃચ્છા કરનાર જીવ અનુચિત દાન કરીને પાપ ન બાંધે તેવો નિર્મળ અધ્યવસાય છે, અને તે નિર્મળ અધ્યવસાયથી અનુચિત દાનનો નિષેધ કરે છે. તે રીતે શ્રોતા પણ સામેના જીવોની આજીવિકાના ઉચ્છેદના આશયથી દાનની પ્રવૃત્તિથી નિવર્તન પામતા નથી, પરંતુ અનુચિત દાન આપવાથી દોષોની પુષ્ટિ ન થાય તદ્અર્થે દાનની પ્રવૃત્તિથી અટકે છે. તેથી ઉપદેશકના સમ્યગ્ ઉપદેશને પ્રાપ્ત કરીને શ્રોતાને અનુચિત દાનની પ્રવૃત્તિના પરિહારનો પરિણામ થયો, અને તેનાથી સામેના જીવોની આજીવિકાનો ઉચ્છેદ થાય, ત્યારે ઉપદેશકનો અને શ્રોતાનો આશય નિર્મળ છે. માટે ઉપદેશકની કે શ્રોતાની તે જીવોની આજીવિકાના ઉચ્છેદની પરિણતિ નહીં હોવાથી ઉપદેશકને કે શ્રોતાને તે પ્રવૃત્તિથી લેશ પણ કર્મબંધ થતો નથી.

જેમ ભગવાનના વચન અનુસાર સાધુ નદી ઊતરે છે ત્યારે ષટ્કાયના પાલનનો અધ્યવસાય હોવાથી લેશ પણ હિંસાનો અધ્યવસાય નથી. તેથી જે પાણીના જીવોની હિંસા થાય છે તે અશક્ય પરિહારરૂપ છે અને તે બાહ્ય હિંસાથી સાધુને લેશ પણ કર્મબંધ થતો નથી. તેમ અનુચિત દાનના નિષેધના અધ્યવસાયથી

ઉપદેશકની પ્રવૃત્તિ છે અને અનુચિત દાનના પરિહાર અર્થે શ્રોતાની દાનથી નિવૃત્તિ છે; અને અનુચિત પ્રવૃત્તિના નિવર્તન માટે કરાતા યત્નથી કોઈની આજીવિકાનો ઉચ્છેદ થાય તેનો પરિહાર અશક્ય છે. તેથી તે આજીવિકાના ઉચ્છેદથી ઉપદેશકને કે શ્રોતાને લેશ પણ કર્મબંધ થતો નથી. આ બતાવવા માટે ગાથામાં કહ્યું કે બાહ્ય અર્થની જેમ પરિણામના વશથી આજીવિકાનો ઉચ્છેદ છે અર્થાત્ બાહ્ય પદાર્થથી આત્માને લેશ પણ કર્મબંધ થતો નથી તેમ ઉચિત પ્રવૃત્તિ કરવાના પરિણામના વશથી કોઈની આજીવિકાનો ઉચ્છેદ થાય તો તે ઉચિત પ્રવૃત્તિ કરનારને લેશ પણ કર્મબંધ થતો નથી.

અહીં વિશેષ એ છે કે શાસ્ત્રમાં કહ્યું છે કે ''જે લોકો દાનની પ્રશંસા કરે છે તે પ્રાણીવધને ઇચ્છે છે અને જે લોકો દાનનો નિષેધ કરે છે તે આજીવિકાનો ઉચ્છેદ કરે છે''. તે શાસ્ત્રવચનથી એ અર્થ પ્રાપ્ત થાય કે સાધુ કોઈક સ્થાનમાં દાનની વિધિનો ઉપદેશ પણ ન કરી શકે કે દાનનો નિષેધ પણ ન કરી શકે; કેમ કે જો તે સ્થાનમાં દાનની પ્રશંસા કરે તો હિંસાની અનુમતિ પ્રાપ્ત થાય, અને નિષેધ કરે તો કોઈકની આજીવિકાના ઉચ્છેદનું પાપ પ્રાપ્ત થાય. તેથી આવા સ્થાનમાં સાધુએ દાનમાં વિધિ અને નિષેધ કરવાને બદલે મૌન રહેવું જ ઉચિત ગણાય, અને આવાં શાસ્ત્રવચનોને ગીતાર્થો જ યથાસ્થાને જોડી શકે.

વળી, ગાથા-૭૬માં બતાવ્યું તેવા પ્રકારનું દાન સાધુ માટે પ્રશંસનીય છે, અને તે સ્થાનમાં સાધુ પ્રશંસા ન કરે તો ઉચિત દાનની પ્રવૃત્તિ થાય નહીં, જેથી સત્પ્રવૃત્તિની વૃદ્ધિમાં સાધુને અંતરાયની પ્રાપ્તિ થાય. તેથી કયા સ્થાનમાં દાનની પ્રશંસા કરવી ઉચિત છે, તેનો નિર્ણય પણ ગીતાર્થ કરી શકે. વળી, પ્રસ્તુત ગાથામાં બતાવ્યું તેવા દાનનો નિષેધ ન કરવામાં આવે તો અનુચિત દાનની પ્રવૃત્તિથી જે ઉન્માર્ગ પ્રવર્તે તેની અનુમતિ સાધુને પ્રાપ્ત થાય; અને જો સાધુ ગીતાર્થ ન હોય તો તેવા અનુચિત દાનમાં પણ કોઈની આજીવિકાનો ઉચ્છેદ થશે તેવા ભયથી નિષેધ કરે નહીં, તો શ્રોતાઓને તે અનુચિત દાનની પ્રવૃત્તિથી જે અહિત થાય તેમાં ઉપદેશક નિમિત્ત બને. તેથી ગીતાર્થ નક્કી કરી શકે કે,

(i) આ સ્થાને દાનનો નિષેધ કરવો ઉચિત છે,

(ii) આ સ્થાને દાનની પ્રશંસા કરવી ઉચિત છે અને

(iii) આ સ્થાને મૌન રહેવું ઉચિત છે. માટે અગીતાર્થ સાધુને ઉપદેશ આપવાનો નિષેધ છે, એ પ્રકારનો પ્રસ્તુત ગાથાનો ધ્વનિ છે. ॥૭૭॥

**અવતરણિકા :-**

**ગાથા-૭૬માં કહેલ કે પાત્રમાં અપાયેલું દાન પ્રશંસનીય છે. તેથી પ્રશ્ન થાય કે દાન આપવા માટે પાત્ર કોણ છે ? તેથી કહે છે –**

**ગાથા :-**

**पत्तं च होइ तिविहं, दरसव्वजया य अजयसुद्दिट्ठी ।**
**पढमिल्लुअं च धम्मिअमहिगिच्च वयट्ठिओ लिंगी ॥७८॥**

पात्रं च भवति त्रिविधं दरसर्वयतो चायतसुदृष्टिः ।
प्राथमिकं च धार्मिकमधिकृत्य व्रतस्थितो लिङ्गी ॥७८॥

**અન્વયાર્થ :-**

**पत्तं च होइ तिविहं**=અને પાત્ર ત્રણ પ્રકારનાં છે : **दरसव्वजया**=દેશવિરતિધર, સર્વવિરતિધર **य**=અને **अजयसुद्दिट्ठि**=અવિરત સમ્યગ્દૃષ્ટિ, **पढमिल्लुअं च धम्मिअमहिगिच्च**=અને પ્રાથમિક ધાર્મિકને આશ્રયીને, **वयट्ठिओ लिंगी** વ્રતમાં રહેલ લિંગી, પાત્ર છે.

**ગાથાર્થ :-**

**અને પાત્ર ત્રણ પ્રકારનાં છે : દેશવિરતિધર, સર્વવિરતિધર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ; અને પ્રાથમિક ધાર્મિકને આશ્રયીને વ્રતમાં રહેલ લિંગી પાત્ર છે. ॥૭૮॥**

**ભાવાર્થ :- દાનને યોગ્ય પાત્રનું સ્વરૂપ :**

શ્રાવકને આશ્રયીને આ ત્રણ ભક્તિપાત્ર છે :

૧. દેશવિરતિવાળા શ્રાવક,

૨. સર્વવિરતિવાળા સાધુ અને

૩. અવિરતિવાળા સમ્યગ્દષ્ટિ.

શ્રાવક આ ત્રણની ભક્તિ કરે તો સુપાત્રદાનનો લાભ મળે છે, અને આદિધાર્મિકને આશ્રયીને વ્રતમાં રહેલ સંન્યાસીઓ ભક્તિપાત્ર છે. તેથી આદિધાર્મિક જીવો કોઈપણ દર્શનમાં રહેલા વ્રતવાળા સંન્યાસીને જોઈને તેમની ભક્તિ કરે તો તે સુપાત્રદાનરૂપ છે.

અહીં વિશેષ એ છે કે જૈનદર્શનને પામેલા વિવેકી શ્રાવક સુપાત્ર-કુપાત્રનો ભેદ કરી શકે છે, તેથી તેઓ સર્વ સંન્યાસીને સુપાત્રરૂપે સ્વીકારતા નથી, પરંતુ ભગવાનના શાસનમાં સ્થિર શ્રદ્ધાવાળા એવા અવિરત સમ્યગ્દૃષ્ટિને જઘન્ય ભક્તિપાત્ર માને છે, દેશવિરતિધરને મધ્યમ ભક્તિપાત્ર માને છે અને સર્વવિરતિધરને ઉત્તમ ભક્તિપાત્ર માને છે. આદિધાર્મિક જીવો તે પ્રકારનો વિભાગ કરી શકે તેવી બુદ્ધિવાળા નથી, તેથી આદિધાર્મિક જીવો સુપાત્ર અને કુપાત્રનો ભેદ કરવા યત્ન કરે તો અસ્થાને યોજનની આપત્તિ આવે. તેથી આદિધાર્મિક જીવો કોઈપણ સંન્યાસીને વ્રતમાં રહેલા જુએ તો આ સંન્યાસી ભક્તિપાત્ર છે તેવી બુદ્ધિ કરીને તેમની ભક્તિ કરે તે તેમના માટે ઉચિત છે. ॥૭૮॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં વિવેકી શ્રાવકને આશ્રયીને ત્રણ પ્રકારનાં પાત્રો બતાવ્યાં અને આદિધાર્મિકને આશ્રયીને વ્રતમાં રહેલા લિંગીમાત્રને પણ પાત્ર કહ્યું. હવે આ પાત્ર-અપાત્રના વિભાગમાં નિશ્ચયનય અને વ્યવહારનય શું કહે છે, તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**ववहारणएण पुणो, पत्तमपत्तं च होइ पविभत्तं ।**
**णिच्छयओ पुण बज्झं, पत्तमपत्तं च णो णिययं ॥७९॥**

व्यवहारनयेन पुनः पात्रमपात्रं च भवति प्रविभक्तम् ।
निश्चयतः पुनर्बाह्यं पात्रमपात्रं च नो नियतम् ।।७९।।

**ગાથાર્થ :-**

**વ્યવહારનયથી વળી પાત્ર અને અપાત્ર પ્રવિભક્ત થાય છે અર્થાત્ આ પાત્ર છે અને આ અપાત્ર છે એવો વિભાગ થાય છે. નિશ્ચયનયથી વળી બાહ્ય પાત્ર અને અપાત્ર નિયત નથી. ॥૭૯॥**

**ભાવાર્થ :- નિશ્ચયનયથી અને વ્યવહારનયથી દાન અર્થે પાત્ર-અપાત્રનો વિભાગ :**

પૂર્વગાથામાં શ્રાવકને આશ્રયીને જે ત્રણ પ્રકારનાં પાત્રો કહેલાં તેનાથી વિપરીત એવા મિથ્યાદૃષ્ટિ અને અન્યલિંગી સાધુ શ્રાવકને માટે અપાત્ર છે. આદિધાર્મિકને આશ્રયીને વ્રતમાં રહેલા લિંગીને પાત્ર કહ્યાં, તેના સિવાયના સર્વ આદિધાર્મિકને અપાત્ર છે. આ પ્રકારનો પાત્ર-અપાત્રનો વિભાગ વ્યવહારનય કરે છે. વળી, નિશ્ચયનય પાત્ર-અપાત્રનો વિભાગ પૂર્વમાં બતાવ્યું એ રીતે બાહ્યથી કરતો નથી; પરંતુ નિશ્ચયનયથી કોઈ મિથ્યાદૃષ્ટિ પણ ઘણા ગુણોવાળા હોય અને કોઈ જ્ઞાની આદિથી જાણ્યું હોય કે આ જીવ નજીકમાં મોક્ષગામી છે, તો તે ભક્તિપાત્ર બને છે; જ્યારે વ્યવહારનય તો તેવા મિથ્યાદૃષ્ટિને પણ અપાત્ર કહે છે.

વળી, વ્યવહારનયથી દાન આપવા માટે દેશવિરતિધર પાત્ર કરતાં સર્વવિરતિધર પાત્ર શ્રેષ્ઠ છે. આમ છતાં, ૧૮૦૦૦ સાધુની ભક્તિ કરવાના આશયથી શ્રાવક કેવલીને પૂછે છે, ત્યારે કેવલી કહે છે કે વિજયશેઠ અને વિજ્યાશેઠાણીની ભક્તિ કરવાથી ૧૮૦૦૦ સાધુના દાનનો લાભ મળશે. તે સ્થાનમાં દાનને માટે સર્વવિરતિધર પાત્ર કરતાં પણ દેશવિરતિધર એવાં વિજયશેઠ અને વિજ્યાશેઠાણી અધિક ભક્તિપાત્ર નિશ્ચયનયથી બને છે; જ્યારે વ્યવહારનય તો દેશવિરતિધર કરતાં સર્વવિરતિધરને ઉત્તમ પાત્ર કહે છે.

આનાથી એ ફલિત થાય કે જે પાત્રની ભક્તિ કરતાં વિશુદ્ધતર અધ્યવસાય થાય તેમ હોય, તે પાત્ર મિથ્યાદૃષ્ટિ હોવા છતાં નિશ્ચયનયથી ભક્તિને પાત્ર બને છે. તેથી સર્વવિરતિધર કરતાં હીન એવા દેશવિરતિધરની પણ ભક્તિ કરવાથી અધિક વિશુદ્ધતર ભાવ થાય તેમ હોય, તો નિશ્ચયનયથી સર્વવિરતિધર પાત્ર કરતાં દેશવિરતિધર પાત્ર શ્રેષ્ઠ ગણાય છે. આથી વ્યવહારનયથી અપાત્ર એવા પણ મિથ્યાદૃષ્ટિ આસન્નસિદ્ધિગામી છે એમ કેવલી આદિ પાસેથી જાણીને શ્રાવક તેની ભક્તિ કરે, ત્યારે તે સુપાત્રની ભક્તિ કરે છે, પરંતુ અપાત્રની ભક્તિ કરતા નથી, તેમ નિશ્ચયનય કહે છે.

અહીં વ્યવહારનયથી અને નિશ્ચયનયથી પાત્ર-અપાત્રની વિચારણા બતાવી. તેનાથી એ ફલિત થયું કે જ્યારે વ્યવહારનયનું સ્થાન હોય ત્યારે શ્રાવક માટે અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ત્રણ ભક્તિપાત્ર છે તેમ ગીતાર્થ કહે, અને કોઈ શ્રાવક અતિશયજ્ઞાની પાસેથી મિથ્યાદૃષ્ટિને પણ આસન્નસિદ્ધિગામી આદિ ભાવવાળો જાણીને તેની ભક્તિ કરતો હોય ત્યારે, ગીતાર્થ સાધુ નિશ્ચયનયની દૃષ્ટિથી તે શ્રાવક સુપાત્રની ભક્તિ કરે છે તેમ કહે છે, અને તેની પ્રશંસા પણ કરે છે; કેમ કે તે સ્થાનમાં નિશ્ચયનય પ્રધાન છે.

જો પ્રસ્તુત ગાથામાં નિશ્ચયનયથી અને વ્યવહારનયથી પાત્ર-અપાત્રનો ભેદ બતાવવામાં ન આવ્યો હોત તો વ્યવહારનયથી પાત્ર જ ભક્તિપાત્ર છે તેમ સ્થાપન થાય, વ્યવહારનયથી અપાત્ર એવા

મિથ્યાદષ્ટિની ભક્તિ પ્રશંસાપ્રાપ્ત થાય નહિ. વળી, નિશ્ચય-વ્યવહારથી તેના ભેદો બતાવ્યા; તેથી એ નક્કી થાય કે ગીતાર્થ સાધુ ઉચિત સ્થાને વ્યવહારનયને જોડીને અને ઉચિત સ્થાને નિશ્ચયનયને જોડીને પાત્ર-અપાત્રનો વિભાગ કરે, અને તે રીતે ગીતાર્થ સાધુ મિથ્યાદષ્ટિ એવા યોગ્ય જીવોની કરાયેલી ભક્તિને પણ પાત્રની ભક્તિ તરીકે સ્વીકારીને તે ભક્તિની પ્રશંસા પણ કરે. II૭૯II

**અવતરણિકા :-**

ગીતાર્થ માટે કયું દાન પ્રશંસનીય છે અને કયું દાન નિષેધ કરવા યોગ્ય છે તે ગાથા-૭૬-૭૭ માં બતાવ્યું. ત્યારપછી સુપાત્રદાન માટેનાં પાત્રો કોણ છે તેની ચર્ચા ગાથા-૭૮-૭૯ માં કરી. તેથી એ પ્રાપ્ત થાય કે અપાત્રમાં દાનનો નિષેધ કરવામાં ઉપદેશકને દોષ નથી; આમ છતાં અપાત્રમાં દાનના નિષેધને કહેનારા ભગવતીસૂત્રના વચનનું તાત્પર્ય શું છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**ગાથા :-**

**जं पुण अपत्तदाणे, पावं भणिअं धुवं भगवईए ।**
**तं खलु फुडं अपत्ते, पत्ताभिणिवेसमहिगिच्चा ॥८०॥**

यत्पुनरपात्रदाने पापं भणितं ध्रुवं भगवत्याम् ।
तत्खलु स्फुटमपात्रे पात्राभिनिवेशमधिकृत्य ॥८०॥

**ગાથાર્થ :-**

**જે વળી ભગવતીમાં અપાત્રદાન આપવામાં નિશ્ચે પાપ કહેવાયું છે, તે સ્પષ્ટ અપાત્રમાં પાત્રના અભિનિવેશને આશ્રયીને છે. II૮૦II**

**ગાથા :-**

**इहरा उ दाणधम्मे, संकुइए होइ पवयणुड्डाहो ।**
**मिच्छत्तमोहजणओ, इय एसा देसणा सुद्धा ॥८१॥**

इतरथा तु दानधर्मे संकुचिते भवति प्रवचनोड्डाहः ।
मिथ्यात्वमोहजनक इत्येषा देशना शुद्धा ॥८१॥

**ગાથાર્થ :-**

**ઈતરથા=અપાત્રમાં પાત્રના અભિનિવેશને આશ્રયીને અપાત્રમાં દાનનો નિષેધ જો ન સ્વીકારવામાં આવે, પરંતુ અપાત્રમાં દાનનો એકાંત નિષેધ સ્વીકારવામાં આવે, તો દાનધર્મમાં સંકોચ થયે છતે મિથ્યાત્વમોહનો જનક એવો પ્રવચનનો ઉડ્ડાહ=પ્રવચનનું હલકાપણું થાય. એ પ્રકારની=ગાથા-૭૫ થી અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારની, આ દેશના શુદ્ધ છે. II૮૧II**

**ભાવાર્થ :-**

ભગવતીસૂત્રમાં અપાત્રમાં કોઈ દાન આપે તો દાન આપનારને નક્કી પાપબંધ થાય તેમ કહ્યું છે. તેથી તેના તાત્પર્યને જાણ્યા વિના તે શાસ્ત્રવચનને આશ્રયીને સાધુ અપાત્રદાનનો એકાંતે નિષેધ કરે તો શું અનર્થ થાય, તે પ્રસ્તુત ગાથામાં કહે છે. ભગવતીસૂત્રમાં જે કહ્યું છે તેનો આશય એ છે કે જે સ્પષ્ટ અપાત્ર છે તેવું જાણવા છતાં પાત્રના અભિનિવેશથી અર્થાત્ 'આ પાત્ર છે' તેવી બુદ્ધિથી તેને દાન આપે તો કર્મબંધ થાય; જેમ કે કોઈ સાધુના વેશમાં હોય અને ભગવાનના વચનથી સ્પષ્ટ વિપરીત પ્રવૃત્તિ દેખાતી હોય, આમ છતાં સાધુનો વેશ છે માટે સુપાત્ર છે તેવી બુદ્ધિ કરીને તેને દાન આપે, તો નક્કી કર્મબંધ થાય, એ પ્રકારનો ભગવતીસૂત્રનો આશય છે. પરંતુ પોતાને ત્યાં સાધુ વહોરવા આવેલ છે અને આચારમાં શિથિલ છે, એવું જ્ઞાન હોવા છતાં, સ્પષ્ટરૂપે દેખાતા તે અપાત્રમાં પાત્રબુદ્ધિ કર્યા વગર દાન આપે તો પાપબંધ નથી.

વળી, અન્યદર્શનના સાધુ આવ્યા હોય અને પાત્રબુદ્ધિ વગર દાન આપે તોપણ કર્મબંધ નથી. જો એવું ન માનવામાં આવે, પરંતુ એવું માનવામાં આવે કે અપાત્રને દાન આપવાથી એકાંતે કર્મબંધ થાય છે, માટે અપાત્રને દાન અપાય નહીં, તો દાનધર્મનો સંકોચ થાય; અને દાનધર્મનો આવો સંકોચ જોઈને લોકોને થાય કે ભગવાનનું શાસન લોકોને દાન આપવાનો પણ નિષેધ કરે છે, માટે આ શાસન આપ્તપ્રણીત નથી, આવો પરિણામ મધ્યસ્થ વિચારકને થાય. તેથી આ પ્રકારના દાનધર્મના સંકોચના કારણે લોકોમાં મિથ્યાત્વમોહનીયનો જનક એવો પ્રવચનનો ઉડ્ડાહ થાય. માટે પાત્રબુદ્ધિ વગર અપાત્રને પણ દાન આપવામાં ભગવતીસૂત્રમાં નિષેધ નથી.

ગાથા-૭૫માં 'યથા'થી ગીતાર્થની શુદ્ધ દેશના કેવી હોય તે બતાવવાનું શરૂ કર્યું, તે અહીં પૂર્ણ થાય છે. તે બતાવવા માટે ગાથા-૮૧ ના ચોથા પાદમાં કહે છે-

આ પ્રકારની આ દેશના શુદ્ધ છે અર્થાત્ ગાથા-૭૫ થી અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારની દાનવિષયક દેશના શુદ્ધ છે; અને ગીતાર્થો શુદ્ધ દેશના કરી શકે છે, માટે ગીતાર્થ સિવાય અન્ય સાધુને દેશના આપવાનો અધિકાર નથી, એ પ્રકારનો ગાથા-૭૪ સાથે સંબંધ છે. ॥૮૦-૮૧॥

**અવતરણિકા :-**

**ગાથા-૭૪ માં કહ્યું કે ભાષાના સાવદ્ય-નિરવદ્ય સ્વરૂપને જે જાણતા નથી તેમને ઉપદેશ આપવાનો અધિકાર નથી. ત્યારપછી ગાથા-૭૫ થી ૮૧ સુધી દાનના દૃષ્ટાંતથી સમજાવ્યું કે ગીતાર્થ સિવાય અન્ય સાધુ દાનના વિષયમાં ઉચિત નિર્ણય કરી શકે નહીં, છતાં દાનની પ્રશંસા કરે કે દાનનો નિષેધ કરે, બન્ને રીતે તેને કર્મબંધની પ્રાપ્તિ થાય, પરંતુ ગીતાર્થ સાધુ દાનની પ્રશંસા કે દાનનો નિષેધ ઉચિત સ્થાને કરી શકે છે. તે રીતે શીલ આદિ વિષયોમાં પણ ગીતાર્થ સાધુ ઉચિત ઉપદેશ આપી શકે છે, અગીતાર્થ નહીં, તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**इयरेसु वि विसएसु, भासागुणदोसजाणओ एवं ।**
**भासइ सव्वं सम्मं, जह भणिअं खीणदोसेहिं ॥८२॥**

इतरेष्वपि विषयेषु भासागुणदोषज्ञायक एवम् ।
भाषते सर्वं सम्यक् यथा भणितं क्षीणदोषैः ॥८२॥

**ગાથાર્થ :-**

**એ રીતે=દાનમાં બતાવ્યું એ રીતે, ભાષાના ગુણ-દોષને જાણનારા ગીતાર્થ સાધુ ઇતર પણ વિષયોમાં=દાનથી ઇતર શીલ આદિ પણ વિષયોમાં, જે પ્રમાણે ક્ષીણદોષવાળા ભગવાન વડે કહેવાયું છે, તે પ્રમાણે સર્વ સમ્યક્ કહે છે. ॥૮૨॥**

**ભાવાર્થ :-**

જે સાધુ શાસ્ત્ર ભણીને કઈ ભાષા સાવદ્ય છે અને કઈ ભાષા નિરવદ્ય છે તેના ગુણદોષને જાણતા હોય, તેવા સાધુ ઉપદેશ આપવા માટે અધિકારી છે. તેથી દાન, શીલ, તપ, ભાવ એ ચાર ધર્મવિષયક કે શ્રાવકઆદિના ઉચિતકૃત્ય વિષયક કે અન્ય શાસ્ત્રીય પદાર્થવિષયક ઉપદેશ આપતી વખતે, જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે સર્વ સમ્યક્ કહે છે, તેથી તે ઉપદેશ એકાંતે સ્વ-પરના કલ્યાણનું કારણ બને છે; પરંતુ જે સાધુ ગાથા-૭૩ માં બતાવ્યું તે પ્રમાણે ઇતર શાસ્ત્રમાં કુશળ હોય, આમ છતાં ભાષાના વિશેષને જાણતા ન હોય, તો તેમનો ઉપદેશ સાવદ્ય પ્રવૃત્તિરૂપ હોવાથી કર્મબંધનું કારણ છે. તેથી તેવા ઉપદેશક સંયમની અન્ય ક્રિયાઓ સારી રીતે કરતા હોય તોપણ ઉત્તમશ્રદ્ધાનું કાર્ય વિશુદ્ધ દેશના તેમનામાં નથી માટે સુસાધુ નથી એ પ્રકારનો ગાથા-૭૦ સાથે સંબંધ છે. ॥૮૨॥

## (ii) દેશના માટે અધિકારી – 'સુંદર ગુરુથી દેશના માટે અનુજ્ઞા અપાયેલા'

**અવતરણિકા :-**

**ઉત્તમશ્રદ્ધાનું ત્રીજું કાર્ય વિશુદ્ધ દેશના કેવા સાધુ કરે તે બતાવવા અર્થે ગાથા-૭૦માં વિશુદ્ધ દેશના કરનાર સાધુનાં પાંચ વિશેષણો બતાવ્યાં. તેમાં પ્રથમ વિશેષણ હતું કે 'સુપરિચિત આગમઅર્થવાળા' સાધુ વિશુદ્ધ દેશનાને કરે; અને તે સુપરિચિત આગમઅર્થવાળા સાધુ કેવા હોય તેનો ગાથા-૭૧ થી ૮૨ સુધી વિસ્તાર કર્યો. હવે ક્રમપ્રાપ્ત અવગત પાત્રને=ઉપદેશને યોગ્ય શ્રોતારૂપ પાત્રને, જાણનારા સાધુ કેવા હોય છે તે બતાવવું જોઈએ. આમ છતાં અવગત પાત્ર વિશેષણ હિતકાંક્ષી સાથે સંબંધવાળું હોવાથી તે સ્થાનમાં તેનું વર્ણન કરશે. તેથી ક્રમપ્રાપ્ત 'अवगयपत्तो' વિશેષણને છોડી 'सुहगुरुअणुण्णाओ' અર્થાત્ શુભ ગુરુથી અનુજ્ઞાત વિશેષણનું તાત્પર્ય બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**गुरुणा य अणुण्णाओ, गुरुभावं देसउ लहुं जम्हा ।**
**सीसस्स हुंति सीसा, ण हुंति सीसा असीसस्स ॥८३॥**

गुरुणा चानुज्ञातो गुरुभावं देशयतु लघु यस्मात् ।
शिष्यस्य भवन्ति शिष्या न भवन्ति शिष्या अशिष्यस्य ॥८३॥

ગાથાર્થ :-

**અને ગુરુ વડે અનુજ્ઞા પામેલા શીઘ્ર ગુરુભાવને દેખાડે છે=પામે છે, જે કારણથી શિષ્યના *શિષ્યો થાય છે, અશિષ્યના શિષ્યો થતા નથી. ll૮૩ll***

ભાવાર્થ :-

**"गृणाति शास्त्रतत्त्वं इति गुरुः"** "શાસ્ત્રના તત્ત્વને યથાર્થ બતાવે તે ગુરુ" એ પ્રકારનો ગુરુ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે, અને "આત્માનું જે શાસન કરે અને દુર્ગતિમાં પડતા આત્માનું જે રક્ષણ કરે તે શાસ્ત્ર," એ પ્રકારનો શાસ્ત્ર શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે. શાસ્ત્રના તત્ત્વને યથાર્થ બતાવનાર ગુરુ ભાવથી ગુરુ છે, અને તેવા ગુરુને પૂર્ણપણે પરતંત્ર રહીને શાસ્ત્રના પરમાર્થને જાણવા યત્ન કરે અને ગુરુવચન અનુસાર શાસ્ત્રના વચનને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરે તે શિષ્ય કહેવાય.

વળી, જે ગુરુ શાસ્ત્રના વચનને યથાર્થ બતાવતા નથી તેઓ નામમાત્રથી ગુરુ છે, અને જે શિષ્ય યથાર્થ ગુરુગુણને ધારણ કરનારા એવા ગુરુને પૂર્ણપણે પરતંત્ર રહેતો નથી, શાસ્ત્રના પરમાર્થને જાણવા પ્રયત્ન કરતો નથી અને શાસ્ત્રવચનોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરતો નથી તે નામમાત્રથી શિષ્ય છે.

જે ગુરુ શાસ્ત્રતત્ત્વને જાણનારા હોય અને ભગવાનના વચનઅનુસાર સંયમયોગમાં યત્ન કરનારા હોય તેઓ નિઃસ્પૃહી હોય છે. તેઓ પર્ષદાના અર્થે કે વૈયાવચ્ચના અર્થે કોઈને દીક્ષા આપતા નથી, પરંતુ "યોગ્ય જીવ ભગવાનના વચનના પરમાર્થને પ્રાપ્ત કરીને આ સંસારથી પાર પામે" એ માટે દીક્ષા આપે છે, અને દીક્ષા આપીને શિષ્યની શક્તિ અનુસાર ઉચિત યોગોમાં શિષ્યને પ્રવર્તાવે છે; અને કલ્યાણના અર્થી એવા યોગ્ય જીવો આવા ગુણવાન ગુરુને પરતંત્ર થઈને શિષ્યભાવ સ્વીકારે છે, અને શિષ્યભાવને પામીને ઉચિત યોગોમાં પ્રવૃત્તિ કરીને નિર્જરાની પ્રાપ્તિ કરે છે, જેથી આત્મકલ્યાણની પ્રાપ્તિ થાય છે. વળી, જે શિષ્યમાં શાસ્ત્ર ભણવાની શક્તિ હોય તે શિષ્યને આવા ગુણવાન ગુરુ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા પોતાની શક્તિને અનુરૂપ શાસ્ત્રના પરમાર્થ બતાવે છે, અને શાસ્ત્રતત્ત્વને બતાવનારા ગુરુને જ્યારે એમ લાગે કે આ શિષ્ય શાસ્ત્રના પરમાર્થોને જાણે છે, અને જગતને પરમાર્થ આપવા માટે સમર્થ બન્યો છે, તેથી મારી જેમ ભગવાનનાં વચનો યોગ્ય જીવોને બતાવીને ઉપકાર કરશે, અને આ સંસારસાગરમાંથી તેમને તારશે, અને તેના ઉપદેશથી બોધ પામીને જે જીવો તેની પાસે દીક્ષા ગ્રહણ કરશે, તે નવદીક્ષિત સાધુઓના ગુરુભાવને અર્થાત્ ગુરુપણાને આ શિષ્ય અલ્પકાળમાં પ્રાપ્ત કરશે, ત્યારે તે શિષ્યને ગુણવાન ગુરુ દેશના આપવા માટે અનુજ્ઞા આપે છે, તે સિવાય અનુજ્ઞા આપતા નથી. આવા સુગુરુથી દેશના આપવા માટે અનુજ્ઞા અપાયેલો યોગ્ય શિષ્ય શીઘ્ર ગુરુભાવને દેખાડે છે અર્થાત્ જેમ શિષ્યને તેના ગુરુએ શાસ્ત્રતત્ત્વ બતાવીને તેના ઉપર ઉપકાર કર્યો તેથી તે ગુરુપણાને પામ્યો, તેમ આ શિષ્ય પણ ભગવાનના વચનનું યથાર્થ રહસ્ય પ્રાપ્ત કરીને યોગ્ય જીવોને સન્માર્ગ બતાવશે, અને આ સંસારસાગરથી તારશે, ત્યારે નવદીક્ષિત સાધુઓના ગુરુપણાને પ્રાપ્ત કરશે.

આનાથી એ ફલિત થયું કે ગુરુથી અનુજ્ઞાત એવો શિષ્ય ઘણા જીવોને પ્રતિબોધ કરીને પોતાના ગુરુની જેમ અલ્પકાળમાં ગુરુપણાને પ્રાપ્ત કરશે.

અહીં પ્રશ્ન થાય કે ગુરુથી અનુજ્ઞાત શિષ્ય શીઘ્ર ગુરુભાવને દેખાડે છે તેમ કેમ કહ્યું ? તેથી કહે છે-

'જે કારણથી શિષ્યના શિષ્યો થાય છે, અશિષ્યના શિષ્યો થતા નથી.' અર્થાત્ જે શિષ્ય ગુણવાન ગુરુને પરતંત્ર થઈને શાસ્ત્ર ભણીને સંપન્ન થાય છે તે શિષ્ય ભાવથી શિષ્ય છે, અને તેવા શિષ્યના શિષ્યો થાય છે; અને જે શિષ્ય ગુણવાન ગુરુને પરતંત્ર નથી અને ગુરુની અનુજ્ઞા વગર સ્વમતિ અનુસાર ઉપદેશ આદિમાં પ્રવૃત્તિ કરે છે તેઓ પરમાર્થથી શિષ્ય નથી, અને તેવા અશિષ્યના કોઈ શિષ્ય થતા નથી. આવા અશિષ્યના જે શિષ્યો થાય છે તે નામમાત્રથી શિષ્ય કહેવાય પણ પરમાર્થથી શિષ્ય કહેવાતા નથી; કેમ કે ગુણવાન ગુરુને પરતંત્ર થઈને તેણે શિષ્યભાવ પ્રાપ્ત કરેલ નથી. તેથી પરમાર્થથી પોતે જ અશિષ્ય છે, તેથી તેની પાસે કોઈ યોગ્ય જીવ દીક્ષા લેતા નથી; અને કદાચ કોઈ જીવ તેનો શિષ્ય થાય તો તે નામમાત્રથી શિષ્ય છે, પરમાર્થથી આવા અશિષ્યના કોઈ શિષ્યો થતા નથી.

આનાથી એ ફલિત થયું કે જે શિષ્ય ગુણવાન ગુરુને પરતંત્ર થઈને ગુરુ પાસેથી શાસ્ત્રના પરમાર્થને પ્રાપ્ત કરીને સંપન્ન થાય છે, તે શિષ્ય પરમાર્થથી શિષ્યભાવને પ્રાપ્ત કરે છે. આવા સંપન્ન થયેલા શિષ્ય : (૧) ગુરુભાવના આવિર્ભાવથી અનેક શિષ્યોને પ્રાપ્ત કરે છે, (૨) પોતાનામાં ગુરુભાવના આવિર્ભાવથી પોતાનું કલ્યાણ સાધી શકે છે, (૩) શિષ્યોને સંયમની ઉચિત પ્રવૃત્તિ કરાવીને નિર્જરાની પ્રાપ્તિ કરાવે છે અને (૪) યોગ્ય શિષ્યોને પોતાની જેમ ગુરુભાવને પ્રાપ્ત કરાવે છે. આ રીતે કલ્યાણની પરંપરાને વધારે છે. માટે ગુરુ વડે અનુજ્ઞા પામેલા શિષ્ય દેશના માટે અધિકારી છે, અન્ય નહિ, એ પ્રકારે ગાથા-૭૦ સાથે સંબંધ છે. ॥૮૩॥

## (iii) દેશના માટે અધિકારી – 'મધ્યસ્થ'

**અવતરણિકા :-**

**ગાથા-૭૦માં દેશનાના અધિકારી સાધુનાં પાંચ વિશેષણો બતાવ્યાં. હવે ક્રમપ્રાપ્ત 'મધ્યસ્થ' સાધુ દેશનાના અધિકારી છે, તે બતાવવા ગાથા-૮૪ થી ૯૨ સુધી કહે છે –**

**ગાથા :-**

**सत्थण्णुणा वि तीरइ, मज्झत्थेणेव सासिउं सव्वं ।**
**सच्छंदं नो जंपइ, जमेस आहच्च भणिअं च ॥८४॥**

शास्त्रज्ञेनापि शक्यते मध्यस्थेनैव शासितुं सर्वम् ।
स्वच्छन्दं नो जल्पति यदेष आहत्य भणितं च ॥८४॥

**ગાથાર્થ :-**

**શાસ્ત્રના જાણકાર પણ મધ્યસ્થ વડે જ સર્વને શાસન આપવું શક્ય છે સુયોગ્ય જીવોને શાસ્ત્રના પરમાર્થનો બોધ કરાવીને માર્ગમાં પ્રવર્તાવવું શાસ્ત્રજ્ઞ પણ મધ્યસ્થ વડે જ શક્ય છે; जम्=જે કારણથી एस=આ=મધ્યસ્થ, आहच्च=વિચાર્યા વગર શીઘ્ર, સ્વચ્છન્દ બોલતા નથી. भणिअं च=અને કહેવાયેલું છે=અન્ય શાસ્ત્રમાં કહેવાયેલું છે, જે સ્વયં ગ્રંથકાર આગળની ગાથાઓમાં કહેવાના છે. ॥૮૪॥**

**ભાવાર્થ :- મધ્યસ્થ સાધુ વિચાર્યા વગર શીઘ્ર, સ્વચ્છંદ બોલતા નથી :**

કોઈ સાધુ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા શાસ્ત્રના જાણનારા થયેલા હોય અને ગુણવાન ગુરુએ તેમને દેશના આપવાનો અધિકાર પણ આપેલો હોય; આમ છતાં તે મધ્યસ્થ ન હોય તો ભગવાનના વચનને યથાર્થ બતાવી શકે નહીં; પરંતુ પોતાને જે પદાર્થો પ્રત્યે પક્ષપાત હોય તે પ્રમાણે શાસ્ત્રોનું નિરૂપણ કરીને, સુદેશનાને બદલે કુદેશનાને કરે. તેથી ઉપદેશ આપવા માટે શાસ્ત્રના જાણકાર, છતાં રાગ-દ્વેષથી પર થઈને 'કેવળ સર્વજ્ઞના વચનને મારે યથાર્થ કહેવાં છે' તેવા મધ્યસ્થ પરિણતિવાળા આવશ્યક છે, અને તેવા જ ઉપદેશક લોકોને ભગવાનનાં વચનો યથાર્થ કહે છે. તેથી તે મધ્યસ્થ કેવા હોય તે બતાવવા માટે ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે-

જે કારણથી શાસ્ત્રના જાણનાર એવા મધ્યસ્થ સાધુ, **आहत्य** અર્થાત્ વિચાર્યા વગર શીઘ્ર સ્વચ્છન્દપણે બોલતા નથી. આશય એ છે કે મધ્યસ્થ સાધુ કોઈક સ્થાનમાં પોતે નિર્ણય ન કરી શકે ત્યાં સુધી વિચાર્યા વગર શીઘ્ર સ્વચ્છન્દપણે બોલતા નથી, તે વાત ધર્મરત્નપ્રકરણમાં કહેલ છે જે આગળની ગાથામાં ગ્રંથકાર કહે છે, તે બતાવવા માટે પ્રસ્તુત ગાથામાં '**भणितं च**' કહેલ છે. ॥૮૪॥

**અવતરણિકા :-**

**ननु सूत्रभणितं प्ररूपयतीत्युक्तम्, यत्पुनः सूत्रानुक्तं विवादपदं लोकानां तत्र पृच्छ्यमानानां गीतार्थनां किमुचितमित्याह** –

* '**ननु** થી .... **किमुचितमित्याह**' સુધીની અવતરણિકા ધર્મરત્નપ્રકરણ ગ્રંથમાં પૂર્વની ગાથા સાથેના સંબંધની અપેક્ષાએ છે, તેથી તેનો અવતરણિકાર્થ અહીં કરેલ નથી. અહીં પૂર્વગાથા સાથે '**भणितं च**'થી જે રીતે સંબંધ છે, તે રીતે અવતરણિકાર્થ કરેલ છે-

**અવતરણિકાર્થ :-**

**પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે "મધ્યસ્થ એવા ગીતાર્થો આહત્ય અર્થાત્ વિચાર્યા વિના શીઘ્ર સ્વચ્છન્દ મતિથી બોલતા નથી, અને કહેવાયું છે" તેથી હવે તે કથનને ગાથા-૮૫ થી ૮૭માં કહે છે.**

**ગાથા :-**

**जं च ण सुत्ते विहिअं, ण य पडिसिद्धं जणंमि चिररूढं ।**
**समइविगप्पियदोसा, तं पि ण दूसंति गीयत्था ॥८५॥**

यच्च न सूत्रे विहितं न च प्रतिषिद्धं जने चिररूढम् ।
स्वमतिविकल्पितदोषात्तदपि न दूषयन्ति गीतार्थाः ॥८५॥

**ગાથાર્થ :-**

**વળી, જે સૂત્રમાં વિહિત નથી અને પ્રતિષિદ્ધ નથી લોકોમાં ચિરરૂઢ છે, તેને પણ સ્વમતિવિકલ્પના દોષથી ગીતાર્થો દૂષિત કરતા નથી. ॥૮૫॥**

**ટીકા :**

इह चशब्दः पुनरर्थ इति यत् पुनरर्थजातमनुष्ठानं वा नैव सूत्रेसिद्धान्ते विहितं करणीयत्वेनोक्तं चैत्यवन्दनावश्यकादिवत्, न च प्रतिषिद्धं प्राणातिपातादिवत्, अथ जने-लोके चिररूढमज्ञातादिभावं स्वमतिविकल्पितदोषात् स्वाभिप्रायसंकल्पितदूषणात् तदपि, आस्तामागमोक्तं न दूषयन्ति न युक्तमेतदिति परस्य नोपदिशन्ति संसारवृद्धिभीरवो गीतार्थाः-विदितागमतत्त्वाः, यतस्ते एवं श्रीभगवत्युक्तं पर्यालोचयन्ति-

तथाहि-

"जे णं मद्दुया ! अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा अस्सुयं वा अपरिन्नायं वा बहुजणमज्झे आघवेइ पन्नवेइ परूवेइ दंसेइ निदंसेइ उवदंसेइ, से णं अरहंताणं आसायणाए वट्टइ, अरहंतपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ, केवलिपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ"त्ति । (धर्मरत्न प्रकरण गा. ९९)

**ટીકાર્થ :-**

અહીં=ગાથામાં 'च' શબ્દ પુનઃ અર્થમાં છે એથી જે વળી, અર્થજાત=પદાર્થ અથવા અનુષ્ઠાન, સૂત્રમાં=સિદ્ધાન્તમાં વિહિત નથી=ચૈત્યવંદન-આવશ્યકઆદિની જેમ કરણીયપણા વડે કહેવાયું નથી, અને પ્રાણાતિપાત આદિની જેમ પ્રતિષિદ્ધ નથી; લોકમાં ચિરરૂઢ છે, અજ્ઞાત આદિભાવવાળું છે=આદિભાવ જેનો અજ્ઞાત છે તેવું છે, તેને પણ સ્વમતિવિકલ્પિત દોષથી=સ્વઅભિપ્રાય વડે સંકલ્પિત એવા દૂષણથી, દૂષિત કરતા નથી અર્થાત્ આગમમાં કહેલું તો દૂષણ કરતા નથી પરંતુ અજ્ઞાત આદિભાવવાળા એવા ચિરરૂઢને પણ દૂષિત કરતા નથી અર્થાત્ 'આ યુક્ત નથી' એ પ્રમાણે પરને ઉપદેશ આપતા નથી.

કોણ દૂષિત કરતા નથી ? એ સ્પષ્ટ કરે છે–

સંસારવૃદ્ધિના ભીરુ એવા ગીતાર્થો=આગમનું તત્ત્વ જાણ્યું છે એવા ગીતાર્થો દૂષિત કરતા નથી, જે કારણથી તેઓ=ગીતાર્થો, ભગવતીસૂત્રમાં કહેવાયેલું એવું પર્યાલોચન કરે છે; અને તે ભગવતીનું કથન જ तथाहि થી બતાવે છે.

णं मदुया=હે મદ્રક, जे=જે સાધુ, अन्नायं=અજ્ઞાત=શાસ્ત્ર આદિથી નહિ જાણેલો, અથવા अदिट्ठं=નહિ જોયેલો=વિશેષ જ્ઞાન આદિથી નહિ જોયેલો, અથવા अस्सुयं=અશ્રુત=નહિ સાંભળેલો=ગુરુ આદિ પાસેથી નહિ સાંભળેલો, અથવા अपरिन्नायं=અપરિજ્ઞાત=શાસ્ત્ર આદિથી જાણ્યું હોય પણ આ આમ જ છે એ પ્રકારનો વિશેષ નિર્ણય થયો ન હોય એવો अट्ठं=અર્થ, અથવા हेउं=હેતુ, અથવા पसिणं=પ્રશ્ન, અથવા वागरणं=ઉત્તર=સમાધાન, બહુલોકમાં आघवेइ=બતાવે છે, પ્રજ્ઞાપના કરે છે, પ્રરૂપણા કરે છે, દેખાડે છે, અત્યંત દેખાડે છે, ઉપદર્શન કરે છે; से=તે=તે સાધુ અરિહંતોની આશાતનામાં વર્તે છે, અરિહંતપ્રજ્ઞપ્ત ધર્મની આશાતનામાં વર્તે છે, કેવલીઓની આશાતનામાં વર્તે છે, કેવલીપ્રજ્ઞપ્ત ધર્મની આશાતનામાં વર્તે છે. 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :- સૂત્રમાં વિહિત નથી અને પ્રતિષિદ્ધ નથી, લોકોમાં ચિરરૂઢ છે, તેને સ્વમતિવિકલ્પ દોષથી ગીતાર્થો દૂષિત કરતા નથી :**

પ્રસ્તુત ગાથાનો સંબંધ પૂર્વ ગાથા સાથે આ રીતે છે-

પ્રસ્તુત ગાથામાં કહ્યું કે ગીતાર્થો સૂત્રમાં જે વિહિત નથી, પ્રતિષિદ્ધ નથી અને લોકોમાં ચિરરૂઢ છે તે પદાર્થને સ્વમતિવિકલ્પ દોષથી દુષિત કરતા નથી. આથી એ ફલિત થયું કે શાસ્ત્ર જાણનારા એવા મધ્યસ્થ સાધુ સ્વચ્છન્દ રીતે બોલતા નથી; કેમ કે લોકમાં જે ચિરરૂઢ છે તે કદાચ સુવિહિતોની પરંપરાથી આવેલું હોય કે કદાચ પાસત્થાની પરંપરાથી પણ આવેલું હોય. જ્યાં સુધી લોકમાં ચાલતી પ્રવૃત્તિ સુવિહિત એવા ગીતાર્થથી પ્રવૃત્ત નથી એવો નિર્ણય ન થાય, ત્યાં સુધી તેને ગીતાર્થો પણ દૂષિત કરે નહિ; અને જો શાસ્ત્રના જાણનારા ગીતાર્થો લોકમાં ચાલી આવતી પ્રવૃત્તિ, સુવિહિત સાધુની પ્રવૃત્તિ છે કે પાસત્થાની પ્રવૃત્તિ છે, એવો નિર્ણય ન કરી શકે ત્યાં સુધી તે પ્રવૃત્તિને દૂષિત ન કરે તો તેમનામાં મધ્યસ્થતા રહી શકે છે, અન્યથા નહિ; કેમ કે મધ્યસ્થ સાધુ રાગ-દ્વેષને પરવશ થયા વિના સર્વજ્ઞના વચન અનુસાર નિર્ણિત પદાર્થ જ કહે છે. જો સ્વમતિ પ્રમાણે અનિર્ણિત પદાર્થની પ્રરૂપણા કરે તો સમભાવરૂપ મધ્યસ્થભાવ રહેતો નથી અને તીર્થંકરોની આશાતના થાય છે. તેથી કોઈક સ્થાનમાં નિર્ણય ન થઈ શકતો હોય, છતાં સ્વમતિ પ્રમાણે પ્રરૂપણા કરે તો શાસ્ત્રના જાણકાર પણ સાધુ મધ્યસ્થ નથી, તેથી સમ્યગ્ દેશના આપી શકતા નથી.

અહીં ભગવતીસૂત્રના ઉદ્ધરણનો અર્થ એ છે કે જે સાધુ ઘણાં શાસ્ત્રો ભણ્યા હોય, આમ છતાં કોઈ અર્થ અજ્ઞાત હોય તેને ઘણા લોક વચ્ચે કહે તો તે દોષરૂપ છે. તેવી રીતે કોઈ પદાર્થને સાધવા માટે હેતુ અજ્ઞાત હોય અને તે હેતુથી તે પદાર્થને સાધે તો તે પણ દોષરૂપ છે. વળી, શાસ્ત્રમાં ક્યાંય કથન ન હોય તેવો અજ્ઞાત પ્રશ્ન ઊભો કરીને લોકોની બુદ્ધિમાં વ્યામોહ કરાવે, કે અજ્ઞાત ઉત્તર આપીને લોકોની બુદ્ધિમાં વ્યામોહ પેદા કરાવે, તો તે સાધુ તીર્થંકરની, તીર્થંકરના બતાવેલા ધર્મની, કેવલીની અને કેવલીએ બતાવેલા ધર્મની આશાતના કરે છે.

જેમ હેતુ આદિથી પદાર્થ અજ્ઞાત હોય તો તેની પ્રરૂપણા કરવી ઉચિત નથી, તેમ કોઈ પદાર્થ જ્ઞાનવિશેષથી અદૃષ્ટ હોય તો તેવા અદૃષ્ટ પદાર્થની પણ પ્રરૂપણા કરવી ઉચિત નથી. વળી, જેમ અજ્ઞાત અને અદૃષ્ટ પદાર્થ કહેવો ઉચિત નથી, તેમ ગીતાર્થ આદિ પાસેથી સાંભળેલો ન હોય તેવો અર્થ પણ કહેવો ઉચિત નથી; પરન્તુ પોતાને જેનું અજ્ઞાન હોય અને પોતાની પાસે અતીન્દ્રિય જ્ઞાન ન હોવાથી તેવો અર્થ જોયેલો ન હોય, આમ છતાં સુવિહિત ગીતાર્થ પાસેથી તેવો અર્થ જાણ્યો હોય, તો કહેવામાં દોષ નથી; તે બતાવવા માટે 'અશ્રુત' વિશેષણ આપેલ છે. કદાચ પોતે ગીતાર્થ પાસેથી સાંભળેલું હોય, આમ છતાં તે અર્થનું યથાર્થ પરિજ્ઞાન ન થયું હોય, તો તેવા અપરિજ્ઞાત પદાર્થને પણ ઘણા લોકોમાં કહેવાનો નિષેધ છે. અહીં ઘણા લોક કહેવાથી એ અર્થ પ્રાપ્ત થાય કે ગીતાર્થ પણ કોઈ અજ્ઞાત અર્થની સંભાવના દેખાતી હોય તો અન્ય ગીતાર્થ પાસે યોગ્ય નિર્ણય કરવા માટે તેમને કહે તો દોષ નથી, પણ પર્ષદા આદિમાં ઘણા લોકની આગળ તેવી પ્રરૂપણા કરે તો તીર્થંકર આદિની આશાતના થાય. ।।૮૫।।

**ગાથા :-**

**संविग्गा गीयतमा, विहिरसिआ पुव्वसूरिणो आसी ।**
**तददूसिअमायरिअं, अणइसई को णिवारेइ ॥८६॥**

संविग्ना गीततमा विधिरसिकाः पूर्वसूरय आसन् ।
तददूषितमाचरितमनतिशयी को निवारयति ॥८६॥

**ગાથાર્થ :-**

**પૂર્વના સૂરિઓ સંવિગ્ન, ગીયતમા=ગીતાર્થતમ, વિધિરસિક, હતા. તેમનાથી=પૂર્વના સૂરિઓથી અદૂષિત અને આચરણ કરાયેલ એવા કૃત્યને અનતિશયી એવા કોણ નિવારણ કરે? અર્થાત્ પૂર્વાચાર્યોના તેવા કૃત્યની આશાતનાભીરુ કોઈ સાધુ નિવારણા કરે નહિ. ॥૮૬॥**

**ટીકા :-**

**'संविग्ना' मंक्षु मोक्षाभिलाषिणो 'गीयतम'त्ति पदैकदेशे पदप्रयोगो यथा भीमसेनो भीम इति, ततो गीता-गीतार्थाः तमापि प्रत्यये गीतार्थतमा इति भवत्यतिशयगीतार्था इति भावः, तत्काले बहुतमागमसद्भावात् । तथा विधिरसो विद्यते येषां ( ते ) विधिरसिका विधिबहुमानिनः संविग्नत्वादेव पूर्वसूरयश्चिरंतनमुनिनायका आसन्-अभूवन् तैरदूषितमनिषिद्धमाचरितं सर्वधार्मिकलोकव्यवहृतमनतिशयी-विशिष्टश्रुतावध्याद्यतिशयविकलः को निवारयति ? पूर्वपूर्वतरोत्तमाचार्याशातना भीरुर्न कश्चिदिति । ( धर्मरत्नप्रकरण गा. १०० )**

**ટીકાર્થ :**

'સંવિગ્ન' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે- '**मंक्षु**' ધાતુ મોક્ષાભિલાષીના અર્થમાં છે, તેથી સંવિગ્ન એટલે મોક્ષના અભિલાષવાળા.

**ગીયતમા** એ પદમાં પદના એક દેશમાં પદનો પ્રયોગ છે, જે પ્રમાણે ભીમસેન પદમાં ભીમ એ પ્રકારનો પ્રયોગ છે. તેથી 'ગીતા'નો અર્થ ગીતાર્થો એમ થાય, અને તેમાં '**तम**' પણ પ્રત્યય લાગવાના કારણે ગીતાર્થતમ એ પ્રકારનો શબ્દ થાય છે. તેથી 'ગીયતમા'નો અર્થ અતિશય ગીતાર્થો એ પ્રકારનો થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે પૂર્વના સૂરિઓ સંવિગ્ન અને ગીતાર્થતમ હતા; કેમ કે તે કાળમાં બહુતમ આગમનો સદ્ભાવ હતો. વળી તે પૂર્વના સૂરિઓ સંવિગ્ન હોવાથી જ વિધિરસિક હતા અર્થાત્ વિધિબહુમાનવાળા હતા; અને તે પૂર્વસૂરિઓ એટલે ચિરંતનમુનિના નાયકો, આવા સંવિગ્ન આદિ ગુણવાળા હતા. તેઓના વડે અદૂષિત=અનિષિદ્ધ અને આચરિત=સર્વધાર્મિક લોક વડે આચરણ કરાયેલ, અનતિશયી=વિશિષ્ટ શ્રુત, અવધિ આદિ અતિશયથી રહિત કોણ નિવારણ કરે ? અર્થાત્ કોઈ વિવેકી સાધુ નિવારણ કરે નહિ અર્થાત્ પૂર્વ પૂર્વતરના ઉત્તમ આચાર્યની આશાતનાનો ભીરુ કોઈ સાધુ તેઓ વડે અદૂષિત એવા આચરણનું નિવારણ કરે નહિ. ॥૮૬॥

**ભાવાર્થ :-**

ગાથા-૮૪માં કહેલ કે શાસ્ત્રના જાણકાર મધ્યસ્થ એવા સાધુ, આહત્ય અર્થાત્ વિચાર્યા વિના શીઘ્ર સ્વચ્છંદ બોલે નહિ. તેની પુષ્ટિ માટે પ્રસ્તુત ગાથા સાક્ષીરૂપે છે. પાપભીરુ અને મધ્યસ્થ એવા ગીતાર્થ સાધુ વિચારે કે પૂર્વના આચાર્યો સંવિગ્ન હતા અને તે કાળમાં ઘણાં આગમો હોવાથી અત્યારના ગીતાર્થો કરતાં તેઓ ગીતાર્થતમ હતા. વળી, વિધિમાં બહુમાનવાળા હતા. તેથી જે પ્રવૃત્તિ પરંપરાથી ચાલી આવે છે તે પ્રવૃત્તિને જ્યારે ગીતાર્થતમ સાધુઓએ દૂષિત કરી નથી અને સર્વ ધાર્મિક લોકો દ્વારા આચરાઈ છે, ત્યારે તેવી પ્રવૃત્તિને અનતિશય એવા મારા વડે કેમ નિવારણ કરી શકાય ? તેથી જ્યાં સુધી સ્પષ્ટ નિર્ણય થાય નહિ કે આ પ્રવૃત્તિ ગીતાર્થોને માન્ય નથી ત્યાં સુધી શાસ્ત્રના જાણનારા મધ્યસ્થ સાધુ તેને દૂષિત કરે નહિ, અને આવા મધ્યસ્થ સાધુ દેશનાના અધિકારી છે, એ પ્રકારનો સંબંધ ગાથા-૭૦ સાથે છે. ॥૮૬॥

**અવતરણિકા :-**

**तथैतदपि गीतार्थाः परिभावयन्ति –**

**અવતરણિકાર્થ :-**

**અને આ પણ ગીતાર્થો પરિભાવન કરે છે –**

ગાથા-૮૪માં કહ્યું કે મધ્યસ્થ ગીતાર્થો વિચાર્યા વગર શીઘ્ર સ્વચ્છંદ બોલતા નથી. તેને પુષ્ટ કરવા માટે કહે છે- ગાથા-૮૭માં બતાવાશે એ પણ ગીતાર્થો પરિભાવન કરે છે.

**ગાથા :-**

**अइसाहसमेअं जं, उस्सुत्तपरूवणा कडुविवागा ।**
**जाणंतेहि वि हिज्जइ, णिद्देसो सुत्तबज्झत्थे ॥८७॥**

अतिसाहसमेतद्यदुत्सूत्रप्ररूपणा कटुविपाका ।
जानानैरपि दीयते निर्देशः सूत्रबाह्यार्थे ॥८७॥

**અન્વયાર્થ :**

**उस्सुत्तपरूवणा कडुविवागा**=ઉત્સૂત્ર પ્રરૂપણા કટુ વિપાકવાળી છે, (**इति**=એ પ્રમાણે) **जाणंतेहि वि**=જાણનારા વડે પણ, **सुत्तबज्झत्थे**=સૂત્રબાહ્ય અર્થમાં, **णिद्देसो हिज्जइ**=નિશ્ચય અપાય છે, **जं एअं**=જે આ=સૂત્રબાહ્ય અર્થમાં ''આ આમ જ છે'' એમ લોક આગળ નિર્ણય કહેવાય છે એ, **अइसाहसम्**= અતિસાહસ છે.

**ગાથાર્થ :-**

**''ઉત્સૂત્ર પ્રરૂપણા કટુ વિપાકવાળી છે,'' (એ પ્રમાણે) જાણનારા વડે પણ, સૂત્રબાહ્ય અર્થમાં= શાસ્ત્રને માન્ય નથી એવા અર્થમાં, જે નિશ્ચય અપાય છે એ અતિસાહસ છે. ॥૮૭॥**

**ટીકા :-**

ज्वलज्जवालानलप्रवेशकारिनरसाहसादप्यधिकमतिसाहसमेतद्वर्त्तते यदुत्सूत्रप्ररूपणा=सूत्रनिरपेक्षदेशना कटुविपाका=दारुणफला जानानैरवबुध्यमानैरपि दीयते=वितीर्यते निर्देशो=निश्चयः सूत्रबाह्ये=जिनेन्द्रागमानुक्ते, अर्थे=वस्तुविचारे । किमुक्तं भवति ?

''दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो ।
भमिओ कोडाकोडिं, सागरसरिनामधिज्जाणं ॥१॥
उस्सुत्तमायरंतो, बंधइ कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च पवड्ढइ, मायामोसं च कुव्वइ य ॥२॥
उम्मग्गदेसओ मग्गनासओ गूढहिययमाइल्लो ।
सढसीलो य ससल्लो, तिरियाउं बंधए जीवो ॥३॥
उम्मग्गदेसणाए, चरणं नासंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु, नहु लब्भा तारिसा दट्ठुं ॥४॥''

इत्याद्यागमवचनानि श्रुत्वापि स्वाग्रहग्रहग्रस्तचेतसो यदन्यथाऽन्यथा व्याचक्षते विदधति च तन्महासाहसमेव, अनर्वापारासारसंसारपारावारोदरविवरभाविभूरिदुःखभाराङ्गीकारादिति । ( धर्मरत्नप्रकरण गा. १०१ )

**ટીકાર્થ :-**

ઉત્સૂત્ર પ્રરૂપણા=સૂત્રનિરપેક્ષ દેશના, કટુ વિપાકવાળી=દારુણ ફળવાળી છે, એ પ્રમાણે જાણનારા વડે પણ, સૂત્રબાહ્ય અર્થમાં=ભગવાનના આગમમાં નહિ કહેવાયેલા અર્થમાં, અર્થાત્ વસ્તુવિચારમાં, જે નિર્દેશ=નિશ્ચય અપાય છે, એ ભડભડતા અગ્નિમાં પ્રવેશ કરનાર મનુષ્યના સાહસથી પણ અધિક સાહસ વર્તે છે.

શું કહેવાયેલું થાય છે ? અર્થાત્ ઉપરના કથનથી શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરે છે-

એક દુર્ભાસિત વચન વડે મરીચિ દુઃખના સાગરને પામ્યા, સાગર સદૃશ નામધેય=નામવાળા, કોડાકોડી સાગરને ભમ્યા. ॥૧॥

* ''सागरसरिनामधिज्जाणं''ના સ્થાને આવશ્યક નિર્યુક્તિ ગાથા-૪૩૮માં ''सागरसरिनामधेज्जाणं'' છે=''सागरसदृशनामधेयानां'' એ પ્રમાણે સંસ્કૃતમાં છે.

ઉત્સૂત્રને આચરતો જીવ ચીકણાં કર્મને બાંધે છે, સંસારને વધારે છે અને માયામૃષાવાદને કરે છે. ॥૨॥

ઉન્માર્ગની દેશના કરનાર, માર્ગનો નાશ કરનાર, ગૂઢ હૃદયવાળો, માયાવાળો, શઠ સ્વભાવવાળો, અને શલ્યવાળો જીવ તિર્યંચ આયુષ્ય બાંધે છે. ॥૩॥

વ્યાપન્નદર્શનવાળા=સમ્યગ્દર્શન વિનાના સાધુવેશધારી, ઉન્માર્ગ દેશનાથી જિનેશ્વરોના ચરણનો= જિનેશ્વરોના ચારિત્રનો નાશ કરે છે. તેવાઓ=ભગવાનના ચારિત્રનો નાશ કરે તેવાઓ, જોવા માટે लब्भा=યોગ્ય, नहु=नैव=નથી જ. ॥૪॥

ઈત્યાદિ આગમવચનને સાંભળીને પણ સર્વઆગ્રહરૂપી ગ્રહથી ગ્રસ્ત ચિત્તવાળા જે અન્યથા અન્યથા કહે છે અને કરે છે=શાસ્ત્રથી વિપરીત વિપરીત કહે છે અને કરે છે, તે મહાસાહસ જ છે; કેમ કે **अनर्वापार**=જેનો પ્રારંભ અને અંત નથી એવા, **असार**=સાર વગરના, **संसारपारावार**=સંસારરૂપી સમુદ્ર, તેના ઉદરના વિવરમાં થનારા ઘણા દુઃખભારને અંગીકાર કરે છે. '**इति**' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :- ઉત્સૂત્ર ભાષણ અને ઉત્સૂત્ર આચરણાનાં ફળ :**

ગાથા-૮૪માં બતાવેલ કે ગીતાર્થો આહત્ય અર્થાત્ વિચાર્યા વિના શીઘ્ર સ્વચ્છંદ બોલતા નથી. તેની પુષ્ટિ કરવા માટે કહે છે-

ગીતાર્થો ધર્મરત્નપ્રકરણના આ શાસ્ત્રવચનોનું વારંવાર પરિભાવન કરે છે : કોઈ પુરુષ ભડભડતા અગ્નિમાં પ્રવેશ કરતો હોય તો તેનું તે કૃત્ય અતિસાહસભર્યું ગણાય, તેના કરતાં પણ ઉત્સૂત્ર ભાષણ કંઈ ગણું અતિસાહસ છે. જે સાધુઓ શાસ્ત્રવચનથી જાણે છે કે સૂત્રનિરપેક્ષ દેશના દારુણફળવાળી છે, તેમ છતાં ભગવાને કહેલા અર્થથી અન્ય અર્થના વિષયમાં 'આ આમ છે' એમ કહે છે, એ તેમનું અતિસાહસ છે.

આ કથનથી શું કહેવાયેલું થાય છે ? તે અતિ સ્પષ્ટ કરવા માટે ચાર ગાથાની સાક્ષી આપીને બતાવે છે –

(૧) પ્રથમ ગાથામાં કહે છે કે એક દુર્ભાસિત વચનથી મરીચિનો આત્મા એક કોડાકોડી સાગરોપમ ભમ્યો. તેથી એ ફલિત થાય કે જો મરીચિના ભવમાં ઉત્સૂત્ર ભાષણ થયું ન હોત તો તે મરીચિનો આત્મા શીઘ્ર સંસારનો પાર પામત, પણ આ ઉત્સૂત્ર ભાષણથી ભગવાન મહાવીરનો આત્મા કોડાકોડી સાગરોપમ સંસારમાં ભમ્યો.

(૨) બીજી ગાથામાં કહે છે કે ઉત્સૂત્રની આચરણા કરતો જીવ ચીકણાં કર્મને બાંધે છે, માયામૃષાવાદ સેવે છે અને સંસાર વધારે છે. આ કથન ઉત્સૂત્ર આચરણાને આશ્રયીને છે. "જે સાધુ સંયમ ગ્રહણ કરીને ભગવાનના વચનથી વિરુદ્ધ આચરણા કરે છે તે સાધુ ચીકણાં કર્મને બાંધે છે, અને તેવી વિપરીત આચરણાને કારણે પરિણામ નિઃશુક=નિર્ધ્વંસ બને તો દીર્ઘસંસાર થાય છે." આ પ્રકારનું શાસ્ત્રવચન વિચારવાથી સંયમયોગમાં સાધુને અપ્રમાદભાવ ઉલ્લસિત થાય છે અને ક્વચિત્ પ્રમાદ થયો હોય તોપણ તે પ્રમાદ પ્રત્યે જુગુપ્સા થાય છે, જેથી પરિણામની નિઃશુકતા થાય નહિ અને સંસારની વૃદ્ધિ થતી અટકે. તેથી ગીતાર્થો આ આગમવચનનું પરિભાવન કરે છે.

(૩) ત્રીજી ગાથામાં કહે છે કે ઉન્માર્ગની દેશના કરનારા તિર્યંચ આયુષ્ય બાંધે છે, વળી, માર્ગનો નાશ કરનારા પણ તિર્યંચ આયુષ્ય બાંધે છે. જેઓ માર્ગવિરુદ્ધ આચરણા કરે છે તેઓ માર્ગનો નાશ કરનારા છે. માટે જો તિર્યંચગતિમાં જવું ન હોય તો ઉત્સૂત્ર દેશના આપવી જોઈએ નહિ અને યથાતથા સંયમની આચરણા કરીને માર્ગનો નાશ કરવો જોઈએ નહિ. વળી, જેઓ ગૂઢ હૃદયવાળા છે, માયાવી છે, વક્ર સ્વભાવવાળા છે અને શલ્યવાળા છે, તેઓ પણ તિર્યંચ આયુ બાંધે છે. ગૂઢ હૃદયવાળાઆદિ ભાવો પોતાનામાં પ્રગટ ન થાય અને અપ્રમાદભાવ જાગ્રત થાય તે માટે ગીતાર્થો આ આગમવચનોનું વારંવાર ભાવન કરે છે.

(૪) ચોથી ગાથામાં કહે છે કે ઉન્માર્ગની દેશનાથી ભગવાને બતાવેલ ચારિત્રરૂપી માર્ગ નાશ પામે છે, ઉન્માર્ગની દેશના કરનાર સમ્યગ્દર્શનથી રહિત બને છે અને એવા સાધુ ચારિત્રની સારી આરાધના કરતા હોય તોપણ તેનું મુખ જોવા લાયક નથી. અનાભોગથી પણ ઉત્સૂત્ર દેશના થઈ ન જાય તે માટે ગીતાર્થો આ શાસ્ત્રવચનોનું વારંવાર પરિભાવન કરે છે.

જે સાધુ ઉપરની ચાર ગાથામાં કહેલાં આગમવચનનોના જાણકાર હોવા છતાં પોતાના આગ્રહને વશ થઈને અન્યથા બોલે છે કે અન્યથા આચરણા કરે છે, તે તેમનું અતિસાહસ છે; કેમ કે ભગવાનના વચનથી વિપરીત બોલવું કે વિપરીત આચરણા કરવી તે આદિ અને અંત વગરના અસાર એવા સંસારસમુદ્રના ઉદરના વિવરમાં થનારા ઘણા દુ:ખભારને સ્વીકારવા બરાબર છે અર્થાત્ ઘણી ખરાબ યોનિવાળા જન્મની પરંપરાને પ્રાપ્ત કરાવનાર છે. ॥૮૭॥

**અવતરણિકા :–**

**ગાથા-૭૦માં સુવિશુદ્ધ દેશના આપતા એવા ઉપદેશક સાધુનાં પાંચ વિશેષણો બતાવ્યાં. તેમાં ઉપદેશક મધ્યસ્થ હોવા જોઈએ તેનું વર્ણન ગાથા-૮૪થી બતાવવાનું શરૂ કરેલ, અને ગાથા-૮૪માં કહેલ કે શાસ્ત્રના જાણકાર પણ મધ્યસ્થ જ, સર્વ જીવોને ભગવાનના વચન અનુસાર ઉચિત અનુશાસન આપવા માટે સમર્થ બને છે; કેમ કે મધ્યસ્થ ઉપદેશક વિચાર્યા વિના શીઘ્ર સ્વચ્છંદમતિથી બોલતા નથી. તેની પુષ્ટિ ગાથા-૮૫થી ૮૭ સુધીમાં કરી. વળી, મધ્યસ્થ ઉપદેશક સાધુ શું કહે છે અને શું કહેતા નથી, તે ગાથા-૮૮થી ૯૨ સુધીમાં કહે છે –**

**ગાથા :-**

**णिययावासाईअं, गारवरसिआ गहित्तु मुद्धजणं ।**
**आलंबणं अपुट्ठं, पाडंति पमायगत्तंमि ॥८८॥**

नियतावासादिकं गारवरसिका गृहीत्वा मुग्धजनम् ।
आलम्बनमपुष्टं पातयन्ति प्रमादगर्ते ॥८८॥

**અન્વયાર્થ :-**

**गारवरसिआ**=ગારવરસિક એવા સાધુઓ, **अपुट्ठं आलंबणं णिययावासाइअं**=અપુષ્ટ આલંબનવાળા એવા નિયતવાસાદિકને **गहित्तु**=ગ્રહણ કરીને **मुद्धजणं**=મુગ્ધ લોકને **पमायगत्तंमि पाडंति**=પ્રમાદરૂપી ખાડામાં પાડે છે.

**ગાથાર્થ :-**

**ગારવરસિક એવા સાધુઓ, અપુષ્ટ આલંબનવાળા નિયતવાસાદિકને ગ્રહણ કરીને મુગ્ધલોકને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે. ॥૮૮॥**

* **नियतावासादि** માં **'आदि'** પદથી ચૈત્યની ભક્તિ, સાધ્વીએ લાવેલ આહાર અને વિગઈનું સેવન ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

જે સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી રસગારવ, ઋદ્ધિગારવ કે શાતાગારવમાંથી કોઈપણ ગારવને વશ થયા હોય તો અપુષ્ટ આલંબન લઈને નિયતવાસાદિકને ગ્રહણ કરે છે.

આશય એ છે કે વિહારઆદિ પ્રવૃત્તિઓમાં સારા સારા ભોજનની પ્રાપ્તિ દુર્લભ થાય. તેથી રસગારવને વશ થયેલા સાધુ કોઈક અપુષ્ટ=નબળું આલંબન લઈને વિચારે કે ભગવાને તો એકાંતે નવકલ્પી વિહાર કરવાનું કહ્યું નથી, પરંતુ કારણે સ્થિરવાસ કરવાનું પણ કહ્યું છે. વસ્તુતઃ આવા કોઈક સારા ભોજનાદિના નબળા આલંબનથી ભગવાને સ્થિરવાસ કરવાનું કહેલ નથી; આમ છતાં રસગારવને વશ થઈને તેઓ સ્થિરવાસ કરે છે, અને મુગ્ધ એવા પોતાના શિષ્યોને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે, અને આ સદ્આલંબન છે એવો ભ્રમ પેદા કરાવે છે. આ રીતે રસગારવને વશ થયેલ સાધુ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા હોય તોપણ, જે સ્થાનમાં ભગવાને નિયતવાસ કરવાનું કહ્યું નથી તે સ્થાનને આશ્રયીને નિયતવાસનો ઉપદેશ આપીને મુગ્ધ શિષ્યોને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે. માટે જે સાધુઓ મધ્યસ્થ છે તેઓ ઉપદેશના અધિકારી છે; પરંતુ શાસ્ત્રના જાણનારા પણ જેઓ રસગારવ આદિને વશ થયેલા છે તેઓ મધ્યસ્થ નહિ હોવાથી દેશના આપવા માટે અધિકારી નથી, એ પ્રકારનો પ્રસ્તુત ગાથાનો ધ્વનિ છે.

વળી, કોઈક સાધુ ઋદ્ધિગારવને વશ હોય તો વિચારે કે આ સ્થાનમાં રહેવાથી પોતાને માન-સન્માન સારા મળે છે અને આવા માન-સન્માન આદિ નિમિત્તને આશ્રયીને કોઈક અપુષ્ટ આલંબન લઈને સ્થિરવાસ કરે છે, અને મુગ્ધ શિષ્યોને અસ્થાને સ્થિરવાસ કરવાનો ઉપદેશ આપીને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે, અને આ સદ્આલંબન છે એવો ભ્રમ પેદા કરાવે છે.

વળી, કોઈક સાધુ શાતાના અર્થી હોય તો એવું વિચારે કે વારંવાર વિહારમાં તો શાંતિથી બેસી શકાય નહિ. માટે કોઈક અપુષ્ટ આલંબન લઈને શાતાગારવને વશ એવા તે સાધુ સ્થિરવાસ કરે છે, અને મુગ્ધજનોને અસ્થાને સ્થિરવાસ કરવાનો ઉપદેશ આપીને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે, અને આ સદ્આલંબન છે એવો ભ્રમ પેદા કરાવે છે.

આ રીતે પોતાના ગારવોને પોષવા માટે તેઓ પૂર્વના મહાપુરુષોએ અપવાદથી સેવેલા નિયતવાસાદિના દૃષ્ટાંતને આપે છે; જેમ કે સંગમાચાર્ય પણ સ્થિરવાસમાં રહ્યા હતા છતાં તેઓ સુસાધુ હતા, તેમ અમે પણ સ્થિરવાસ કરીએ એટલામાત્રથી અમારા સંયમનો નાશ થતો નથી. વળી, જે સાધુઓ ઋદ્ધિગારવના રસિયા છે, તેઓ વજ્રસ્વામીએ ચૈત્યભક્તિ માટે પુષ્પોથી ભક્તિ કરી હતી તે દૃષ્ટાંત આપીને, પોતે પણ જિનાલયો માટે શ્રાવકોને અનેક જાતની પ્રેરણા આપવામાં ધર્મ માનીને ઉપદેશ આપે છે, અને તે દ્વારા પોતાનામાં રહેલા ઋદ્ધિગારવને પુષ્ટ કરે છે, અને મુગ્ધજનોને આવો ઉપદેશ આપીને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે.

વળી, જે સાધુઓ રસગારવવાળા છે અને પોતે વિગઈઓના સેવન વગર પણ સંયમનું પાલન કરી શકે તેવા છે, તેઓ પણ અપવાદથી વિગઈ સેવનારા પૂર્વના મહાપુરુષોનાં દૃષ્ટાંત બતાવીને પોતાની અનુચિત પ્રવૃત્તિને પણ ઉચિત પ્રવૃત્તિ છે તેમ બતાવીને ભ્રમ પેદા કરાવે છે, અને મુગ્ધજનને તે પ્રમાણે ઉપદેશ આપીને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે.

આ રીતે રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવને વશ થયેલા સાધુ મધ્યસ્થ નહિ હોવાના કારણે મુગ્ધજનોને કહે છે કે ભગવાને આવા નિમિત્તને આશ્રયીને સ્થિરવાસ આદિ કરવાનું કહેલ છે, અને અમે પણ ભગવાનના વચન અનુસાર સ્થિરવાસ આદિ કરીએ છીએ. આ રીતે અપુષ્ટ આલંબનવાળા તે સાધુઓ અસ્થાને સ્થિરવાસનો ઉપદેશ આપીને માર્ગનો વિનાશ કરે છે. માટે ગીતાર્થ પણ સાધુ મધ્યસ્થ ન હોય તો સમ્યગ્ દેશના આપી શકતા નથી, તેમ ગાથા-૭૦ સાથે જોડાણ છે. ॥૮૮॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ગારવના રસિક એવા પ્રમાદી સાધુઓ અપુષ્ટ આલંબનવાળા નિયતવાસાદિકને ગ્રહણ કરીને મુગ્ધલોકોને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે. ત્યાં પ્રશ્ન થાય કે અપુષ્ટ આલંબન તેઓને કઈ રીતે પ્રાપ્ત થાય ? તેથી કહે છે –**

**ગાથા :-**

**आलंबणाण भरिओ, लोगो जीवस्स अजयकामस्स ।**
**जं जं पिच्छइ लोए, तं तं आलंबणं कुणइ ॥८९॥**

आलम्बनैर्भृतो लोको जीवस्यायतकामस्य ।
यद्यत्प्रेक्षते लोके तत्तदालम्बनं कुरुते ॥८९॥

**ગાથાર્થ :-**

**અયતનાની ઈચ્છાવાળા જીવને=સંયમયોગમાં સુદૃઢ યત્ન કરવાની ઈચ્છાના અભાવવાળા જીવને, લોક આલંબનથી ભરેલો છે. લોકમાં જે જે જુએ છે તે તે આલંબનને કરે છે. ॥૮૯॥**

**ટીકા :-**

**व्याख्या- 'आलम्बनानां' प्राग्निरूपितशब्दार्थानां 'लोकः' मनुष्यलोकः 'भृतः' पूर्णो जीवस्य 'अजउकामस्स'त्ति अयतितुकामस्य, तथा च अयतितुकामो यद् यत्पश्यति लोके नित्यवासादि तत् तदालम्बनं करोतीति गाथार्थः ॥ (आवश्यक निर्युक्ति गा. ११८८)**

**ભાવાર્થ :-**

જે સાધુઓ સંયમ લીધા પછી અપ્રમાદભાવથી સંયમમાં યતના કરવાની કામનાવાળા નથી અને ગારવને વશ થયા છે, તેવા સાધુને માટે આખો લોક આલંબનથી ભરેલો છે. તેથી જે જે નિયતવાસાદિનાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં દેખાતાં હોય તેમનું આલંબન લઈને મુગ્ધજીવોને પ્રમાદરૂપી ખાડામાં પાડે છે. આમ પૂર્વગાથા સાથે પ્રસ્તુત ગાથાનો સંબંધ છે. ॥૮૯॥

**અવતરણિકા :-**

**શાસ્ત્રના જાણકાર હોવા છતાં પ્રમાદને વશ થયેલા સાધુઓ, મધ્યસ્થતાગુણ નહિ હોવાના કારણે ઉપદેશમાં કઈ રીતે અનર્થ પેદા કરે છે, તે બતાવવા માટે કહે છે –**

ગાથા :-

**जो जं सेवइ दोसं, संणिहिपमुहं तु सो अभिणिविट्ठो ।**
**ठावेइ गुणमहेउं, अववायपयं पुरो काउं ॥९०॥**

यो यं सेवते दोषं सन्निधिप्रमुखं तु स अभिनिविष्टः ।
स्थापयति गुणमहेतुं अपवादपदं पुरः कृत्वा ॥९०॥

ગાથાર્થ :-

**જે સાધુ જે સન્નિધિ વગેરે દોષને સેવે છે, અભિનિવિષ્ટ એવો તે=સાધુ, અપવાદપદને આગળ કરીને અહેતુને=ગુણના અહેતુને, ગુણરૂપ સ્થાપન કરે છે. ॥૯૦॥**

ભાવાર્થ :-

જે સાધુઓ શાસ્ત્રને જાણનારા છે તેઓ ઉત્સર્ગ-અપવાદને પણ જાણે છે; આમ છતાં, મધ્યસ્થ પરિણતિ નહિ હોવાના કારણે પોતાની શાતાના અર્થે સન્નિધિ વગેરે દોષોનું સેવન કરે છે, અને પોતે જે દોષો સેવે છે તે યથાર્થ છે, સ્થાને છે, એ પ્રકારનો અભિનિવેશ તેઓમાં વર્તે છે. તેથી લોકો આગળ પોતે અનુચિત કરે છે તેવું ન દેખાય તે માટે અપવાદને આગળ કરીને અર્થાત્ ભગવાને અપવાદથી આવી પ્રવૃત્તિ કરવાનું કહ્યું છે તેમ કહીને, પોતે જે સન્નિધિ વગેરે દોષો સેવે છે, તે સંયમવૃદ્ધિના હેતુ નહિ હોવા છતાં સંયમવૃદ્ધિના હેતુ છે એમ સ્થાપન કરે છે. ભગવાને સંયમવૃદ્ધિનું કારણ હોય એવા સ્થાને અપવાદથી સન્નિધિ આદિ રાખવાનું કહ્યું છે, તેને અસ્થાને જોડીને, પોતાના પ્રમાદને ગુણરૂપે સ્થાપન કરીને વિપરીત ઉપદેશ આપીને તેઓ મુગ્ધ જીવોને પ્રમાદરૂપી ગર્તામાં પાડે છે. આમ ગાથા-૮૮ સાથે પ્રસ્તુત ગાથાનો સંબંધ છે.

અહીં સન્નિધિ દોષ એટલે સાધુને વાપરવાની કોઈપણ વસ્તુ ત્રણ પહોરના કાળથી અધિક રાખવાનો ઉત્સર્ગથી નિષેધ છે, તેથી આહાર-પાણી-ઔષધઆદિ કોઈપણ વસ્તુ ત્રણ પહોર પસાર થઈ ગયા હોય તો પરઠવી દેવી પડે. છતાં અપવાદથી ગુણનો હેતુ હોવાના કારણે સાધુને ઔષધઆદિ રાખવાની ભગવાનની અનુજ્ઞા છે, પરંતુ તેવું અપવાદનું કારણ ન હોય તો સન્નિધિ રાખવામાં દોષની પ્રાપ્તિ થાય. ॥૯૦॥

અવતરણિકા :-

**ગાથા-૮૮, ૮૯ અને ૯૦માં ગારવરસિક સાધુઓ અસ્થાને અપવાદને જોડીને દેશનાને પલટાવે છે તેનું વર્ણન કર્યું. હવે કેટલાક સાધુઓ આહારવિશુદ્ધિ આદિના પક્ષપાતવાળા હોય છે, તેથી અપવાદના સ્થાનમાં પણ=જ્યાં ભગવાને દોષિત આહાર લેવાની અનુજ્ઞા આપી છે એવાં સ્થાનોમાં પણ, ગીતાર્થોના પારતંત્ર્યને છોડીને પોતાની મતિ અનુસાર નિર્દોષ ભિક્ષા માટે યત્ન કરે છે. તે સાધુઓ પણ મધ્યસ્થ નહિ હોવાના કારણે કઈ રીતે દેશનાના અધિકારી નથી, તે બતાવવા માટે કહે છે –**

ગાથા :-

**परिहरइ जं च दोसं, सच्छंदविहारओ अभिणिविट्ठो ।**
**कप्पियसेवाए वि हु, लुंपइ तं कोइ पडिणीओ ॥९१॥**

परिहरति यं च दोषं, स्वच्छन्दविहारतोऽभिनिविष्टः ।
कल्पिकसेवायामपि खलु लुम्पति तं कश्चित्प्रत्यनीकः ॥९१॥

ગાથાર્થ :-

**અને અભિનિવિષ્ટ=પોતાની મતિ પ્રમાણે ચાલવાના આગ્રહવાળા, સ્વચ્છંદવિહારથી જે દોષનો પરિહાર કરે છે, ખરેખર કલ્પિકસેવામાં પણ=કલ્પિકપ્રતિસેવામાં પણ=અપવાદથી આચરવા યોગ્ય એવી દોષિત આહાર આદિરૂપ વિપરીત આચરણામાં પણ, તેને=દોષના પરિહારને=અપવાદિક આચરણામાં જે દોષનો પરિહાર છે તેને, કોઈક પ્રત્યનીક સાધુ=સ્વચ્છંદ વિહાર કરવાની મનોવૃત્તિવાળા હોવાથી પરમાર્થથી ભગવાનના શાસનના પ્રત્યનીક છે તેવા સાધુ, લોપ કરે છે=કલ્પિકપ્રતિસેવામાં જે દોષનો પરિહાર છે તેનો અપલાપ કરે છે અર્થાત્ કલ્પિકપ્રતિસેવાને પણ દોષરૂપ કહીને પોતાના સ્વચ્છંદ આચારને માર્ગરૂપે સ્થાપન કરે છે. ॥૯૧॥**

ભાવાર્થ :-

કેટલાક સાધુઓ વળી, શાસ્ત્ર ભણીને નિર્દોષ આહારઆદિમાં બદ્ધ આગ્રહવાળા હોય છે, અને તેથી ગીતાર્થની નિશ્રામાં રહીને સંવેગની વૃદ્ધિને કરનાર એવી અધ્યયનની પ્રવૃત્તિને છોડીને એકલા વિચરે છે, અને નિર્દોષ ભિક્ષા માટે યત્ન કરે છે. વળી, સ્વચ્છંદ વિહાર કરીને પોતે ભિક્ષાના જે દોષનો પરિહાર કરે છે તે દોષ, કલ્પિકપ્રતિસેવામાં ગીતાર્થ સેવતા હોય તો તે જોઈને તેઓ સહન કરી શકતા નથી. જોકે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાને સમ્યક્ પરિણમન પમાડવા આહારશુદ્ધિ આવશ્યક છે, પરંતુ સમુદાયમાં ઘણા સાધુઓ હોવાથી આહારશુદ્ધિની શક્યતા ન હોય ત્યારે અપવાદથી અશુદ્ધ ભિક્ષાની પણ ભગવાને અનુજ્ઞા આપી છે, જે કલ્પિકપ્રતિસેવારૂપ છે. આમ છતાં આવા પ્રત્યનીક સાધુ ઉપદેશમાં લોકોને કહે કે આ મહાત્માઓ સમુદાયમાં રહીને નિર્દોષ આહારના બદલે ભિક્ષાના દોષો સેવે છે, તેથી તેઓનું ચારિત્ર શુદ્ધ નથી; જ્યારે અમે નિર્દોષ ભિક્ષા અર્થે અને ચારિત્રની શુદ્ધિ અર્થે જ સમુદાયનો ત્યાગ કરીને એકલા વિહાર કરીએ છીએ. આ પ્રકારે શાસ્ત્રના પ્રત્યનીક એવા કોઈક સાધુઓ કલ્પિકપ્રતિસેવામાં તે દોષનો પરિહાર હોવા છતાં તેનો લોપ કરે છે, અને પોતાના સ્વચ્છંદ આચારને માર્ગરૂપે સ્થાપે છે.

આશય એ છે કે મોક્ષનું પ્રબળ કારણ સંવેગની વૃદ્ધિ છે અને સંવેગની વૃદ્ધિ માટે ગીતાર્થની નિશ્રામાં રહીને સાધુએ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાને ગ્રહણ કરવાની છે, અને ગ્રહણશિક્ષાને અને આસેવનશિક્ષાને સમ્યક્ પરિણમન પમાડવા માટે આહારશુદ્ધિનું શાસ્ત્રમાં વિધાન છે; પરંતુ સમુદાયમાં ઘણા સાધુઓ હોવાને કારણે આહારશુદ્ધિની શક્યતા ન હોય ત્યારે ગીતાર્થોને અપવાદથી અશુદ્ધ ભિક્ષાની ભગવાને અનુજ્ઞા આપી છે જે કલ્પિકસેવારૂપ છે, અને અપવાદથી સેવેલ કલ્પિકસેવાથી ગ્રહણ કરાયેલા

અશુદ્ધ આહારના બળથી પણ તે સાધુઓ ધ્યાન-અધ્યયનઆદિ દ્વારા સંવેગની વૃદ્ધિ કરીને સંયમની શુદ્ધિ કરે છે. આથી અપવાદથી ગ્રહણ કરાયેલ તે દોષિત ભિક્ષાથી સાધુઓને લેશ પણ કર્મબંધ થતો નથી, એટલું જ નહિ પણ અપવાદથી દોષિત ભિક્ષા ગ્રહણ કરવા છતાં ભગવાનની આજ્ઞાનું પાલન થતું હોવાથી તે દોષિત ભિક્ષા નિર્જરાનું કારણ બને છે. વળી, ગીતાર્થના સાંનિધ્યના બળથી, બાહ્ય ભિક્ષાના દોષ સેવવા છતાં, તે સાધુઓ અભિનવશ્રુતની પ્રાપ્તિ દ્વારા સંવેગના અતિશયને પામે છે, અને ઊંચા ઊંચા સંયમના કંડકોને પ્રાપ્ત કરે છે. આવા સાધુની અપવાદિક ઉચિત પ્રવૃત્તિઓનો જે સાધુઓ અપલાપ કરે છે તે સાધુઓ શાસનના પ્રત્યનીક છે, અને તેવા સાધુ મધ્યસ્થ પરિણતિવાળા નહિ હોવાથી ઉપદેશ આપવા માટે અનધિકારી છે. ॥૯૧॥

**અવતરણિકા :-**

**અપુષ્ટ આલંબનવાળા કેટલાક સાધુઓ રસગારવઆદિના વશથી નિયતવાસાદિક કરે છે, કેટલાક સાધુઓ સન્નિધિ દોષો સેવે છે, કેટલાક સાધુઓ અસ્થાને અપવાદને જોડીને પોતાના પ્રમાદને ગુણરૂપે સ્થાપે છે અને કેટલાક સાધુઓ ઉત્સર્ગ રુચિવાળા હોવાથી નિર્દોષ ભિક્ષા આદિમાં બદ્ધ આગ્રહવાળા બનીને, હિતકારી એવી કલ્પિકસેવાનો પણ અપલાપ કરીને પોતાના સ્વચ્છંદ માર્ગનું પોષણ કરે છે; અને આ રીતે આ સર્વ સાધુઓ મધ્યસ્થ નહિ હોવાના કારણે પોતાની વિપરીત પ્રવૃત્તિને પુષ્ટ કરવા માટે વિપરીત દેશના આપે છે અને માર્ગનો નાશ કરે છે.** આ પ્રમાણે ગાથા-૮૮થી ૯૧ સુધી બતાવ્યું. હવે મધ્યસ્થ ગીતાર્થો તે વિષયમાં શું કરે છે, તે બતાવે છે –

**ગાથા :-**

**तं पुण विसुद्धसद्धा, सुअसंवायं विणा ण संसंति ।**
**अवहीरिऊण नवरं, सुआणुरूवं परूविंति ॥९२॥**

तं पुनर्विशुद्धश्रद्धाः श्रुतसंवादं विना न शंसन्ति ।
अवधीर्य नवरं श्रुतानुरूपं प्ररूपयन्ति ॥९२॥

**ગાથાર્થ :-**

**વળી, તેને=અપવાદિક નિયતવાસાદિકને કે અપવાદિક સન્નિધિ વગેરે ગુણકારી પ્રવૃત્તિને, વિશુદ્ધ શ્રદ્ધાવાળા એવા સાધુઓ શ્રુતના સંવાદ વગર કહેતા નથી, કેવળ અવગણના કરીને= જે પ્રવૃત્તિમાં શ્રુતવચન ન મળતું હોય તેવી અનુચિત પ્રવૃત્તિની અવગણના કરીને શ્રુતઅનુરૂપ પ્રરૂપણા કરે છે. ॥૯૨॥**

**ભાવાર્થ :-**

ગાથા-૮૪માં બતાવેલ એવા શાસ્ત્રના જાણનારાઓ અને મધ્યસ્થ ગુણવાળા સાધુઓ વિશુદ્ધ શ્રદ્ધાવાળા હોય છે અર્થાત્ ભગવાનનાં વચનો જે સ્થાને જે પ્રકારે જે અર્થમાં કહેવાયેલાં છે, તે સ્થાને તે પ્રકારે તે અર્થમાં તે વચનોને સ્વીકારવાની અને સેવવાની રુચિવાળા હોય છે. તેથી આવા ગીતાર્થ

મધ્યસ્થ સાધુઓ જે પ્રવૃત્તિમાં ઉત્સર્ગથી કે અપવાદથી શ્રુતનું સંવાદિ વચન ન મળતું હોય તો તેની પ્રરૂપણા કરતા નથી, એટલું જ નહિ પણ તેની અવગણના કરીને જે કાંઈ શાસ્ત્રવચન અનુસાર ઉચિત પ્રવૃત્તિ હોય તેની પ્રરૂપણા કરે છે. આથી દેશના આપવા માટે જેમ શાસ્ત્રબોધ આવશ્યક છે તેમ મધ્યસ્થભાવ પણ આવશ્યક છે. ॥૯૨॥

## દેશના માટેના અધિકારી – (iv) 'હિતકાંક્ષી' અને (v) 'અવગત પાત્રવાળા'

**અવતરણિકા :-**

**ગાથા-૭૦માં ઉત્તમશ્રદ્ધાનું કાર્ય વિશુદ્ધ દેશના કેવા સાધુ કરે છે તે બતાવવા માટે પાંચ વિશેષણો બતાવ્યાં. તેમાં 'સુપરિચિત આગમવાળા' પ્રથમ વિશેષણ બતાવ્યું, ત્યારપછી 'અવગત પાત્ર' વિશેષણ ક્રમ પ્રાપ્ત હોવા છતાં તેને છોડીને 'સદ્ગુરુથી અનુજ્ઞાત' અને 'મધ્યસ્થ સાધુ' વિશુદ્ધ દેશના કરે છે તેનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત 'હિતકાંક્ષી' અને 'અવગત પાત્રવાળા' સાધુ વિશુદ્ધ દેશના કરે છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**उवइसइ धम्मगुज्झं, हिअकंखी अप्पणो परेसिं च ।**
**पत्तापत्तविवेगो, हिअकंखित्तं च णिव्वहइ ॥९३॥**

उपदिशति धर्मगुह्यं हितकाङ्क्षी आत्मनः परेषां च ।
पात्रापात्रविवेको हितकाङ्क्षित्वं च निर्वहति ॥९३॥

**ગાથાર્થ :-**

**પોતાના અને પરના હિતની કાંક્ષાવાળા સાધુ ધમ્મગુજ્ઝં=ધર્મગુહ્યનો=ધર્મના રહસ્યનો ઉપદેશ આપે છે, અને પાત્ર-અપાત્રના વિવેકવાળા સાધુ હિતકાંક્ષીપણાનો નિર્વાહ કરે છે. ॥૯૩॥**

**ભાવાર્થ :-**

જે સાધુ શાસ્ત્ર ભણીને મધ્યસ્થ પરિણતિવાળા બન્યા છે તેવા સાધુ પોતાના આત્માના હિતના અર્થી છે તેમ પરના હિતના પણ અર્થી છે, અને તેવા સાધુ ઉપદેશમાં ધર્મનાં રહસ્યો બતાવી શકે છે. આથી દેશના આપવાના અધિકારમાં જેમ શાસ્ત્રબોધ અને મધ્યસ્થ પરિણતિ આવશ્યક છે, તેમ સ્વ-પરનું હિત કરવાનો પરિણામ પણ આવશ્યક છે.

આશય એ છે કે ભગવાને શાસ્ત્રના પરમાર્થને જાણનાર સાધુને યોગ્ય જીવોને શાસ્ત્રનો પરમાર્થ બતાવવાની આજ્ઞા કરી છે. હિતની કાંક્ષાવાળા સાધુ જાણે છે કે ''ભગવાનની આજ્ઞા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે'' તેનું હિત થાય છે, અન્યનું નહિ. આથી હિતકાંક્ષાવાળા સાધુ ઉપદેશ આપતી વખતે ભગવાનના વચનનું સ્મરણ કરીને મોક્ષને અનુકૂળ, પોતાના ભાવોનો પ્રકર્ષ થાય એ રીતે ઉપદેશમાં પ્રવૃત્તિ કરે છે અને યોગ્ય જીવોને પણ ભગવાનના શાસનની સમ્યગ્ પ્રાપ્તિ થાય તે રીતે બોધ કરાવે છે. પરંતુ જે સાધુને ઉપદેશમાં અન્ય કોઈ આશય વર્તતો હોય તે સાધુ સ્વ-પરનું કલ્યાણ કરી શકતા નથી.

વળી, સ્વ-પરના હિતનો નિર્વાહ પાત્ર-અપાત્રના વિવેકથી થઈ શકે છે. શાસ્ત્રમાં જે પદાર્થો જે રીતે કહ્યા છે તે પદાર્થો તે રીતે કહી દેવા માત્રથી શ્રોતાનું હિત થતું નથી; પરંતુ પાત્રની શક્તિ, તેની રુચિ અને તેની યોગ્યાયોગ્યતાનો વિચાર કરીને તે પ્રમાણે ઉચિત ઉપદેશ આપવામાં આવે તો પાત્રનું હિત થાય છે, અને પાત્રનું હિત થાય તેની સમ્યક્ વિચારણા કરીને ઉપદેશ આપવામાં આવે તો જ ઉપદેશકનું પણ હિત થાય છે, અન્યથા ઉપદેશક પણ કર્મ બાંધે છે. તેથી ઉપદેશકે પાત્ર-અપાત્રનો વિવેક રાખવો જોઈએ, અને તે પ્રમાણે વિવેકપૂર્વક ઉપદેશ આપે તો સ્વ-પરના હિતનો નિર્વાહ થાય છે. ॥૯૩॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે પાત્ર-અપાત્રના વિવેકવાળા ઉપદેશક હિતકાંક્ષીપણાનો નિર્વાહ કરી શકે છે તે વાતને સ્પષ્ટ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**पत्तंमि देसणा खलु, णियमा कल्लाणसाहणं होइ ।**
**कुणइ अ अपत्तपत्ता, विणिवायसहस्सकोडीओ ॥९४॥**

पात्रे देशना खलु, नियमात्कल्याणसाधनं भवति ।
करोति चाऽपात्रप्राप्ता, विनिपातसहस्रकोटीः ॥९४॥

**ગાથાર્થ :-**

**ખરેખર પાત્રમાં દેશના, નિયમથી કલ્યાણનું સાધન થાય છે, અને અપાત્રમાં પ્રાપ્ત થયેલી દેશના હજારો-ક્રોડો વિનાશને પેદા કરે છે. ॥૯૪॥**

**ભાવાર્થ :- પાત્ર અને અપાત્રમાં અપાયેલ દેશનાનાં ફળ :**

દેશનાને યોગ્ય પાત્ર-અપાત્રના ગુણને જે સાધુ જાણે અને તે પ્રમાણે પાત્રને દેશના આપે તો તે દેશના નિયમથી પોતાના કલ્યાણનું કારણ તો બને છે, પણ પ્રાયઃ કરીને તે પાત્રને પણ કલ્યાણની પ્રાપ્તિનું કારણ બને છે. ક્વચિત્ એવું પણ બને કે પાત્ર જીવ કોઈ પ્રવૃત્તિમાં વ્યગ્ર હોય કે કોઈક મતિથી વાસિત હોય તો તત્કાળ તે દેશનાથી તેનું હિત ન પણ થાય, પણ ઉપદેશક માટે તો તે દેશના એકાંતે સ્વકલ્યાણનું કારણ બને છે; કેમ કે ઉપદેશકે ભગવાનની આજ્ઞા અનુસાર પાત્રને અનુરૂપ માત્ર તેના કલ્યાણ અર્થે દેશના આપી છે. આથી ઉપદેશકનો વિશુદ્ધ આશય હોવાથી તેનું એકાંતે કલ્યાણ થાય છે. જ્યારે શ્રોતાની ફળપ્રાપ્તિમાં અનેકાંત છે, છતાં તે દેશનાથી શ્રોતાનું અહિત થવાની તો સંભાવના રહેતી નથી; કેમ કે પાત્રનો વિચાર કરીને ઉપદેશક દેશના આપે છે.

વળી, અપાત્રમાં દેશના આપવામાં આવે તો ઉપદેશક તે અપાત્રનું તો અહિત કરે છે, પણ તે દેશના દ્વારા ઉપદેશક પોતાનું પણ અહિત કરે છે; કેમ કે અપાત્રમાં દેશના આપવાનો ભગવાને નિષેધ કર્યો છે. આમ છતાં, વિચાર્યા વગર જે સાધુ અપાત્રને ઉપદેશ આપે છે તે સાધુ પોતાના અને પરના કલ્યાણનો નિર્વાહ કરી શકતા નથી, પરંતુ સ્વપરના હિતના ઘાતક બને છે. ॥૯૪॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે અપાત્રમાં પ્રાપ્ત થયેલી દેશના હજારો વિનિપાતને કરે છે. તેથી અપાત્રમાં અપાયેલી દેશના નિષ્ફળ છે, તે બતાવીને અપાત્ર કોણ છે, તે બતાવે છે –

**ગાથા :-**

**विफला इमा अपत्ते, दुस्सण्णप्पा तओ जओ भणिआ ।**
***पढमे दुट्ठे बितिए, मूढे वुग्गाहिए तइए ॥९५॥***

विफलेयमपात्रे, दुःसंज्ञात्मानस्त्रयो यतो भणिताः ।
प्रथमो द्विष्टो द्वितीयो, मूढो व्युद्ग्राहितस्तृतीयः ॥९५॥

**ગાથાર્થ :-**

**આ=દેશના, અપાત્રમાં વિફળ છે=નિષ્ફળ છે. દુઃસંજ્ઞાવાળા=અપાત્રરૂપ ખરાબ સંજ્ઞાવાળા આત્માઓ ત્રણ છે, જે કારણથી કહેવાયું છે=કોઈક અન્ય ગ્રંથમાં ત્રણ પ્રકારના અપાત્રો કહેવાયા છે, જે ગાથાના ઉત્તરાર્ધમાં બતાવે છે. પ્રથમ દ્વેષવાળો, બીજો મૂઢ અને ત્રીજો વ્યુદ્ગ્રાહિત (આ ત્રણ અપાત્ર છે.) ॥૯૫॥**

**ભાવાર્થ :- દેશના માટે અપાત્ર જીવોનું સ્વરૂપ**

પૂર્વગાથામાં બતાવ્યું કે પાત્રમાં અપાયેલી દેશના કલ્યાણનું કારણ છે અને અપાત્રમાં અપાયેલી દેશના વિનાશનું કારણ છે. હવે ભગવાનના વચનરૂપ ઉત્તમ દેશના પણ અપાત્રમાં વિફળ છે અર્થાત્ તેનું કોઈ ફળ નથી તે બતાવે છે. વળી, દેશના માટે અપાત્ર જીવો કેટલા પ્રકારના છે, તે બતાવે છે-

દુઃસંજ્ઞાવાળા આત્માઓ ત્રણ છે અર્થાત્ અપાત્રરૂપ ખરાબ સંજ્ઞાવાળા જીવો ત્રણ પ્રકારના છે, અને તેમાં કોઈક ગ્રંથની સાક્ષી આપતાં કહે છે-

જે કારણથી ત્રણ અપાત્ર કહેવાયા છે :

**(૧) દ્વેષવાળા :-** સુદેશના સાંભળીને પણ જેને ભગવાનના તે વચન પ્રત્યે દ્વેષ થાય તેવો જીવ દેશના માટે અયોગ્ય છે.

**(૨) મૂઢ :-** આ બીજા પ્રકારના જીવો ભગવાનના વચન પ્રત્યે દ્વેષ થાય તેવા નથી, તોપણ તત્ત્વાતત્ત્વની વિચારણામાં મૂઢતાને ધારણ કરનારા છે અર્થાત્ જ્યાં સુધી તત્ત્વ પ્રત્યેની જિજ્ઞાસા થઈ ન હોય કે સામગ્રી મળે તોપણ જિજ્ઞાસા થાય તેમ ન હોય તેવા જીવો આત્માની વિચારણા કરવામાં મૂઢ હોય છે, અને તેવા જીવોને અપાયેલી દેશના પણ હિતનું કારણ બનતી નથી.

**(૩) વ્યુદ્ગ્રાહિત :-** આ ત્રીજા પ્રકારના જીવો સન્માર્ગ પ્રત્યે દ્વેષવાળા નથી, તત્ત્વાતત્ત્વની વિચારણા કરી શકે તેવા છે તેથી મૂઢ નથી; આમ છતાં, કોઈક ઉપદેશકથી વ્યુદ્ગ્રાહિત છે અર્થાત્ તે ઉપદેશકે તેવો વિપરીત બોધ કરાવીને તેની મતિને એવી વિપરીત બનાવી છે કે જેથી તત્ત્વને બતાવનારી ઉપદેશકની વાત પણ યથાર્થ વિચારવાને બદલે જે પ્રમાણે તેને વિપરીત ગ્રહ થયો હોય તે રીતે તે દેશનાને જોડવાનો

પ્રયત્ન કરે છે. આવા જીવો પણ પરમાર્થને પ્રાપ્ત કરી શકતા નથી. આ ત્રણે પ્રકારના જીવો દેશના માટે અપાત્ર છે. ॥૯૫॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં ત્રણ પ્રકારના અપાત્ર જીવો બતાવ્યા. હવે તે ત્રણ પ્રકારના અપાત્રમાં અપાયેલી દેશના કઈ રીતે વિનાશનું કારણ બને છે, તે સ્પષ્ટ કરવા માટે દૃષ્ટાંતથી બતાવે છે –**

**ગાથા :-**

**आमे घडे णिहित्तं, जहा जलं तं घडं विणासेइ ।**
**इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥९६॥**

आमे घटे निषिक्तं, यथा जलं तं घटं विनाशयति ।
इति सिद्धान्तरहस्यं, अल्पाधारं विनाशयति ॥९६॥

**ગાથાર્થ :-**

**જેમ કાચા ઘડામાં નંખાયેલું પાણી તે ઘટનો વિનાશ કરે છે, એ રીતે સિદ્ધાન્તનું રહસ્ય અલ્પઆધારવાળા પ્રાણીનો વિનાશ કરે છે. ॥૯૬॥**

**ટીકા :-**

**आमे घटे निषिक्तं सत् यथा जलं तं घटमामं विनाशयति, 'इय' एवं सिद्धान्तरहस्यमप्यल्पाधारं प्राणिनं विनाशयतीति गाथार्थः । (पञ्चवस्तुक० ॥९८२॥)**

**ભાવાર્થ :- અપાત્રમાં દેશનાથી થતા અનર્થનું સ્વરૂપ :**

જેમ કાચો ઘડો પાણી માટે અયોગ્ય છે, તેમ પૂર્વગાથામાં બતાવેલા ત્રણ પ્રકારના જીવો સિદ્ધાન્તના રહસ્યને આપવા માટે અયોગ્ય છે. કાચા ઘડામાં નંખાયેલું પાણી જેમ તે ઘડાનો વિનાશ કરે છે, તેમ અયોગ્ય જીવોને અપાયેલો ઉપદેશ તે અયોગ્ય જીવોનો વિનાશ કરે છે.

તે આ રીતે-

ઉપદેશક જો અયોગ્ય જીવોને ઉપદેશ આપે તો તે અયોગ્ય જીવોમાંથી જે જીવો દ્વેષ પ્રકૃતિવાળા છે તેમને તે ઉપદેશ પ્રત્યે દ્વેષ થાય છે. તેથી ભગવાનનું વચન તેમનામાં પરિણમન પામતું નથી, પણ દુર્ગતિનું કારણ બને છે. તેથી તે ઉપદેશ તેમનો વિનાશ કરે છે.

વળી, મૂઢ જીવોને ઉપદેશ આપવામાં આવે તો તેમની મૂઢતાને કારણે તેમને તે ઉપદેશ સમ્યગ્ પરિણમન પામતો નથી, પરંતુ તે ઉપદેશ પ્રત્યે તેમને અનાદરભાવ થવાથી કર્મબંધની પ્રાપ્તિ થાય છે, તેથી તે ઉપદેશ તે જીવનો વિનાશ કરે છે.

વળી, વ્યુદ્ગ્રાહિત જીવોને ઉપદેશ આપવામાં આવે તો કોઈક ઉપદેશકથી તેઓ વ્યુદ્ગ્રાહિત હોવાને કારણે આ ઉપદેશકના વચનને સમ્યગ્ જાણવા માટે યત્ન કરતા નથી, પરંતુ તેનાં પરમાર્થને બતાવનારાં વચનો પણ તેઓને અતત્ત્વરૂપે ભાસે છે. તેથી તેઓને અપાયેલો ઉપદેશ તે જીવોનો વિનાશ કરે છે.

આ રીતે આ ત્રણે પ્રકારના અપાત્ર જીવોને અપાયેલો ઉપદેશ તે જીવોના અહિતનું કારણ બને છે, માટે અપાત્રમાં દેશના આપવાનો નિષેધ છે. ॥૯૬॥

**અવતરણિકા :-**

**ગાથા-૯૨ થી ૯૬ સુધીમાં સ્થાપન કર્યું એ રીતે "પાત્રમાં દેશના આપવી જોઈએ પરંતુ અપાત્રમાં દેશના આપવી જોઈએ નહિ" એ અર્થ ફલિત થયો. ત્યાં કોઈને શંકા થાય કે પાત્રનો પક્ષપાત કરીને ઉપદેશ આપવામાં ભગવાનના વચનનો સંકોચ કરવા દ્વારા સર્વ જીવો પ્રત્યે તુલ્યપણારૂપ મધ્યસ્થભાવ રહેશે નહીં. તેનું નિરાકરણ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**ण य एवं संकोए, ण जुज्जए तत्थ पुण य तुल्लत्तं ।**
**जं तं मज्झत्थत्तं, अविक्खणओ सव्वतुल्लत्तं ॥९७॥**

न चैवं सङ्कोचे, न युज्यते तत्र पुनश्च तुल्यत्वम् ।
यत्तन्मध्यस्थत्वं, अपेक्षणतः सर्वतुल्यत्वम् ॥९७॥

**ગાથાર્થ :-**

**અને एवं=એ રીતે=પૂર્વમાં બતાવ્યું કે પાત્રમાં જ દેશના આપવી જોઈએ, અપાત્રમાં નહીં, એ રીતે, સંકોચ કરાયે છતે=પાત્રમાં જ દેશના આપવારૂપ સંકોચ કરાયે છતે, ત્યાં વળી=દેશનામાં વળી, તુલ્યપણું=સર્વ જીવો પ્રત્યે તુલ્યપણું, નથી ઘટતું એમ નહીં; જે કારણથી તે મધ્યસ્થપણું=દેશનાના વિષયમાં વર્તતું મધ્યસ્થપણું, અપેક્ષાથી જ=પાત્રમાં આપવારૂપ અને અપાત્રમાં નહીં આપવારૂપ અપેક્ષાથી જ, સર્વતુલ્યત્વરૂપ છે=સર્વ જીવો પ્રત્યે સમાન ભાવરૂપ છે. ॥૯૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથા-૯૩ થી ૯૬માં સ્થાપન કર્યું એ રીતે ઉપદેશકે પાત્રમાં દેશના આપવી જોઈએ પરંતુ અપાત્રમાં દેશના આપવી જોઈએ નહિ. આ પ્રમાણે ભગવાનનું વચન હોવાથી પાત્ર-અપાત્રનો નિર્ણય કરીને દેશના આપવામાં આવે તો જ ઉપદેશકની તે દેશના સુદેશના બને છે. ત્યાં કોઈને શંકા થાય કે આ રીતે દેશના આપવામાં સંકોચ કરવાથી સાધુનો મધ્યસ્થભાવ રહેશે નહીં, પરંતુ "આ જીવોને મારે દેશના આપવી છે, અન્ય જીવોને નહીં' એવો પક્ષપાતવાળો પરિણામ થશે, અને તેવો દેશનામાં પક્ષપાતનો પરિણામ કરવાથી સર્વ જીવો પ્રત્યે સમભાવના પરિણામરૂપ તુલ્યપણું સંગત થશે નહીં, અને તેમ કરવાથી ઉપદેશકના સમભાવના પરિણામનો નાશ થશે." તેને ગ્રંથકાર કહે છે કે આ રીતે દેશનામાં સર્વ જીવો પ્રત્યે તુલ્યપણું ઘટતું નથી એમ નહીં અર્થાત્ આ રીતે દેશના કરવાથી જ સર્વ જીવો પ્રત્યે તુલ્યત્વ સંગત છે; કેમ કે જે ઉપદેશકને બધા જીવો પ્રત્યે સમભાવ હોય તે ઉપદેશક સર્વ જીવોના હિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરે, અન્ય નહીં; અને આવા સમભાવવાળા સાધુ 'આ મારી દેશનાથી પાત્રનું હિત થશે તેવો નિર્ણય કરીને પાત્રના હિતને અર્થે દેશના આપે, અને અપાત્રનું અહિત થશે તેમ જાણી તેનું અહિત

ન થાય તેવા શુભ આશયથી જ તેને દેશના ન આપે. તેથી દેશનાના વિષયમાં મધ્યસ્થભાવનો પરિણામ યોગ્યને દેશના આપવાથી અને અયોગ્યને દેશના નહીં આપવાથી વહન થાય છે. તેના બદલે પાત્ર-અપાત્રનો વિચાર કર્યા વગર ભગવાનનું વચન સર્વ જીવોને સમાન રીતે આપવામાં આવે, તો કોઈક જીવોનું હિત અને કોઈક જીવોનું અહિત થાય, તેથી સર્વ જીવો પ્રત્યે તુલ્યત્વ રહેતું નથી; કેમ કે સર્વ જીવો પ્રત્યે તુલ્યભાવ હોય તો સર્વ જીવોના હિતને અનુકૂળ અને અહિતથી નિવૃત્તિને અનુકૂળ પ્રવૃત્તિ કરવી જોઈએ. ॥૯૭॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે પાત્ર-અપાત્રને વિચાર કરીને દેશનાનો સંકોચ કરવાથી જ સર્વ જીવો પ્રત્યે તુલ્યપણું ઘટે છે. તે વાતને પુષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**केऽयं पुरिसे इच्चाइ, वयणओ च्चिय ववट्ठियं एयं ।**
**इय देसणा विसुद्धा, इयरा मिच्छत्तगमणाई ॥९८॥**

कश्चायं पुरुष इत्यादिवचनत एव व्यवस्थितमेतत् ।
इति देशना विशुद्धा, इतरा मिथ्यात्वगमनादयः ॥९८॥

**ગાથાર્થ :-**

**केऽयं पुरिसे इच्चाइ वयणओ च्चिय=આ પુરુષ કોણ છે ? ઈત્યાદિ વચનથી જ एयं=આ=પાત્રને દેશના આપવી અને અપાત્રને દેશના ન આપવી એ, ववट्ठियं=વ્યવસ્થિત છે. इय=એથી કરીને देसणा=પાત્ર-અપાત્રના વિભાગવાળી દેશના विसुद्धा=વિશુદ્ધ છે. इयरा=ઈતર=પાત્ર-અપાત્રના વિભાગ વગરની દેશના, મિથ્યાત્વગમનઆદિરૂપ છે. ॥૯૮॥**

* **'मिथ्यात्वगमनादयः'** માં **आदि'** થી સંયમનો નાશ, આજ્ઞાનો ભંગ વગેરેનું ગ્રહણ કરવું.

* **'केऽयं पुरिसे इच्चाइ'** માં **'आदि'** શબ્દથી **'कं च णए त्ति'** નો સંગ્રહ કરવાનો છે.

અને તે આચારાંગ સૂત્રનો પાઠ આ પ્રમાણે છે-

"अवि य हणे अणाइयमाणे एत्थं पि जाण सेयं ति णत्थि केऽयं पुरिसे कं च णए त्ति" (सूत्रं १०३)

**ભાવાર્થ :- દેશનામાં પાત્ર-અપાત્રના વિભાગની શાસ્ત્રમર્યાદા :**

ઉપદેશકે ઉપદેશ આપતી વખતે આ કયો પુરુષ છે અને કયા નયથી વાસિત છે, ઈત્યાદિનો વિચાર કરીને ઉપદેશ આપવાનો છે, એ પ્રકારનું આચારાંગસૂત્રનું વચન વ્યવસ્થિત છે. તેનાથી પણ નક્કી થાય કે ઉપદેશકે બધા જીવોને ઉપદેશ આપવાનો નથી, પરંતુ આ કયો પુરુષ છે અર્થાત્ ઉપદેશ આપવા યોગ્ય પુરુષ છે ? કે ઉપદેશ આપવા માટે અયોગ્ય પુરુષ છે ? તેનો વિચાર કરીને ઉપદેશ આપવાનો છે. વળી, ઉપદેશ આપવા યોગ્ય પુરુષ પણ કયા નયથી વાસિત છે, તેનો પણ વિચાર કરવો જોઈએ; અને તેનો વિચાર કર્યા વગર દેશના આપવામાં આવે તો તેના સ્વદર્શનની માન્યતાનું સહસા ખંડન થવાથી તેને

વક્તા પ્રત્યે દ્વેષ થાય અને તત્ત્વ જાણવાનો અભિમુખભાવ પણ નાશ પામે. તેથી તેવા જીવોને તેઓ જે નયથી વાસિત હોય તેનો ખ્યાલ કરીને તેમને જે રીતે ઉપકારક થાય તે રીતે દેશના આપવી જોઈએ. આ પ્રકારનું આગમ વચન છે. એ વચન એ બતાવે છે કે બધા જીવોને સમાન દેશના આપવાની નથી, પરંતુ જે પાત્ર છે તેને દેશના આપવાની છે અને અપાત્રને દેશના આપવાની નથી. વળી, જે પાત્ર જે દર્શનથી વાસિત હોય તે પાત્રને તે દર્શનની નયદૃષ્ટિથી ઉપદેશ આપવો જોઈએ, જેથી શ્રોતા બુદ્ધિશાળી હોય અને સ્વદર્શનના રહસ્યને જાણતો હોય તો ઉપદેશકના વચનથી આવર્જિત થાય, અને વિશેષ વિશેષ તત્ત્વ જાણવા માટે અભિમુખ થાય; અને આ રીતે જ્યારે તેના દર્શનની નયદૃષ્ટિના તાત્પર્યને ઉપદેશકના વચનથી વિશેષ રીતે જાણીને પક્વબુદ્ધિવાળો થાય, ત્યારે તે દર્શનના નયથી વિપરીત નયની પણ યુક્તિપૂર્વક પ્રરૂપણા કરવી જોઈએ, જેથી તત્ત્વનો અર્થી એવો તે શ્રોતા મધ્યસ્થભાવથી બન્ને નયોની યુક્તિને જાણીને સ્યાદ્વાદની પ્રાપ્તિ કરે. આ રીતે દેશના આપનારાની વિશુદ્ધ દેશના છે.

જેઓ પાત્ર-અપાત્રનો વિચાર કરતા નથી અને શ્રોતા કયા દર્શનથી વાસિત મતિવાળો છે તેનો વિચાર કરતા નથી, અને માત્ર ભગવાનનું વચન જે રીતે કહેવાયું છે તે રીતે કહીને અપાત્ર જીવોને ભગવાનના વચન પ્રત્યે દ્વેષ પેદા કરાવે છે, અથવા તો પાત્ર પણ જીવોને જે દર્શનથી તેમની મતિ વાસિત હોય તેનો વિચાર કર્યા વગર તેનું ખંડન કરીને સ્યાદ્વાદનું સ્થાપન કરવા પ્રયત્ન કરે છે, જે સાંભળીને યોગ્ય પણ શ્રોતા એમ વિચારે કે આ ઉપદેશક સ્વદર્શનના પક્ષપાતી છે, તેથી આપણા દર્શનનું ખંડન કરીને મને પોતાનું દર્શન સ્વીકારવા અર્થે સમજાવે છે, પરંતુ સાચા પદાર્થને બતાવનાર નથી, તેઓ આ રીતે યોગ્ય શ્રોતાને પણ ભ્રમ પેદા કરાવીને જૈનશાસનથી વિમુખ કરીને મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે, અને અન્યના અહિતની પ્રવૃત્તિ કરીને પોતાના પણ સમભાવરૂપ ચારિત્રનો નાશ કરે છે, અને ભગવાનની આજ્ઞાની વિરાધના કરે છે. તેથી આવા ઉપદેશકની દેશના વિશુદ્ધ નથી, અને તેવા દેશના આપનારા સાધુ ચારિત્રની સુંદર આચરણા કરતા હોય તોપણ ભાવથી સાધુ નથી; કેમ કે ઉત્તમ શ્રદ્ધાનું કાર્ય સુદેશના તેમનામાં નથી. ॥૯૮॥

## (iv) ઉત્તમશ્રદ્ધાનું ચોથું કાર્ય – 'સ્ખલિતપરિશુદ્ધિ'

**અવતરણિકા :-**

**સાધુના લક્ષણમાં ઉત્તમશ્રદ્ધારૂપ બીજા લક્ષણનાં ચાર કાર્યો ગાથા-૪૫માં બતાવેલ, તે ચાર કાર્યોમાંથી ત્રણ કાર્યોનું સ્વરૂપ અત્યારસુધી બતાવ્યું. હવે ઉત્તમશ્રદ્ધાનું સ્ખલિતપરિશુદ્ધિ ચોથું કાર્ય બતાવે છે –**

**ગાથા :-**

**आउट्टिआइजणिअं, कयाइ चरणस्स कहवि अइआरं ।**
**णाऊण विअडणाए, सोहेंति मुणी विमलसद्धा ॥९९॥**

आकुट्टिकादिजनितं, कदाचिच्चरणस्य कथमप्यतिचारम् ।
ज्ञात्वा विकटनया, शोधयन्ति मुनयो विमलश्रद्धाः ॥९९॥

**ગાથાર્થ :-**

**ક્યારેક આકુટ્ટિકિઆદિજનિત ચારિત્રના અતિચારને કોઈ રીતે જાણીને, વિમલશ્રદ્ધાવાળા મુનિઓ વિકટનાથી=આલોચનાથી, શોધન કરે છે. ॥૯૯॥**

**ભાવાર્થ :-**

સાધુમાં ઉત્તમશ્રદ્ધા હોય છે અને તેથી શક્તિના પ્રકર્ષથી ભગવાનના વચનઅનુસાર દરેક ઉચિત પ્રવૃત્તિ કરતા હોય છે, અને પોતાના સંયમમાં ક્યાંય અતિચાર ન લાગે તે માટે અતિચારોનું સ્મરણ કરીને અતિચારના પરિહાર માટે પણ યત્ન કરતા હોય છે. આવા પણ સાધુઓને અનાદિભવઅભ્યસ્ત પ્રમાદને કારણે સંયમમાં અતિચાર લાગે તે પણ સંભવિત છે. તે સમયે તે ઉત્તમશ્રદ્ધાવાળા સાધુઓ ક્યારેક પણ અતિચાર લાગ્યો હોય તો તે અતિચારને કોઈક રીતે જાણીને અર્થાત્ સ્વયં જાણીને કે સહવર્તી સાધુની સારણાદિથી જાણીને, આકુટ્ટિકિઆદિ ચાર ભેદોમાંથી થયેલા તે અતિચારની શાસ્ત્રવિધિ અનુસાર આલોચનાથી અવશ્ય શુદ્ધિ કરે છે; અને જે સાધુઓ સંયમજીવનમાં અતિચાર લાગવા છતાં તે અતિચારને જાણવા માટે યત્ન કરતા નથી, અથવા જાણ્યા પછી આલોચના માટે યત્ન કરતા નથી, તેઓમાં નિર્મળશ્રદ્ધા=ઉત્તમશ્રદ્ધા, નથી.

જેમ વિવેકી પથિક કોઈક પ્રયોજને કંટકઆકીર્ણ ભૂમિમાંથી જતો હોય તો કાંટો ન લાગે તે રીતે ઉપયોગપૂર્વક ગમન કરે છે, છતાં ક્વચિત્ કાંટો લાગ્યો હોય તો તુરંત કાંટો નીકળે નહીં તોપણ લાગેલા કાંટાને યાદ રાખીને સ્થાને પહોંચ્યા પછી અવશ્ય કાઢે છે, પણ તે લાગેલા કાંટાની ઉપેક્ષા કરતો નથી; તેમ સંયમજીવનમાં યત્ન કરનાર સાધુને પણ ઉપયોગની સ્ખલના કરે તેવાં નિમિત્તો સંસારમાં ઘણાં વિદ્યમાન હોય છે, તેથી ભગવાનના વચન અનુસાર સુદૃઢ યત્ન કરનાર સાધુને પણ કોઈક નિમિત્તને પામીને સ્ખલના થાય તો કંટક તુલ્ય અતિચારની પ્રાપ્તિ થાય; અને જેમ શરીરમાં રહેલો કાંટો કાઢી નાંખવામાં ન આવે તો દેહનો વિનાશ કરે છે, તેમ ચારિત્રમાં લાગેલો અતિચાર જો શોધન કરીને કાઢી નાંખવામાં ન આવે તો ચારિત્રનો વિનાશ કરે છે. તેથી ઉત્તમશ્રદ્ધાવાળા મુનિઓ લાગેલા અતિચારને જાણીને જો તરત શુદ્ધ થાય તેવો હોય તો તેવા અતિચારને તરત દૂર કરે છે, અને જે અતિચારો ગુરુ પાસેથી આલોચના આદિના ક્રમથી શુદ્ધ થાય તેમ હોય તે અતિચારોને તે રીતે શુદ્ધ કરે છે. વળી, સાધુને જે અતિચાર લાગે છે તે આકુટ્ટિકિઆદિ ચાર ભેદવાળા છે, જેનું સ્વરૂપ ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૯૯॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે વિમલ શ્રદ્ધાવાળા સાધુ આકુટ્ટિકિઆદિજનિત અતિચારનું શોધન કરે છે. તેથી હવે અતિચારના આકુટ્ટિકિઆદિ ચાર ભેદ કહે છે –**

**ગાથા :-**

**आउट्टिआ उविच्चा, दप्पो पुण होइ वग्गणाइओ ।**
**विगहाइओ पमाओ, कप्पो पुण कारणे करणं ॥१००॥**

आकुट्टिका उपेत्य, दर्पः पुनर्भवति वल्गनादयः ।
विकथादयः प्रमादः, कल्पः पुनः कारणे करणम् ॥१००॥

**ગાથાર્થ**

**આકુટ્ટિકાને ઉવિચ્ચા=જાણીને=આ મારી પ્રવૃત્તિ ચારિત્રની પ્રતિજ્ઞાથી વિરુદ્ધ છે એમ જાણીને તે પ્રવૃત્તિ કરવી, દર્પ વળી વલ્ગનાદિ=સંયમજીવનની ઉચિત ક્રિયાઓ કરતી વખતે તે ઉચિત ક્રિયાને અનુરૂપ યત્ન ન કરતાં કૂદાકૂદ કરે, વિકથાદિ પ્રમાદ=સંયમની ક્રિયા કરતી વખતે ક્રિયામાં ઉપયોગને છોડીને અન્ય વાતચીતમાં ઉપયોગ પ્રવર્તાવે અથવા ઇન્દ્રિયોને અન્ય અન્ય વસ્તુ જોવામાં કે જાણવામાં પ્રવર્તાવે તે વિકથાદિ, વળી, કલ્પ=કારણે કરવું=તેવું અપવાદિક કારણ હોતે છતે સંયમની ઉત્સર્ગ આચરણાઓથી વિપરીતકૃત્યનું કરવું. ॥૧૦૦॥**

**ભાવાર્થ :- અતિચારના આકુટ્ટિકે આદિ ચાર ભેદો :**

ઉત્સર્ગથી ભગવાનની આજ્ઞા સાધુને સદા સંવૃતગાત્રવાળા, સંવૃતમનવાળા અને સંવૃતકાયાવાળા રહેવાની છે. તેથી મન, વચન, કાયાને સંવૃત રાખીને સમભાવની વૃદ્ધિ અર્થે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિઓમાં અપ્રમાદથી યત્ન કરવાની ભગવાનની આજ્ઞા છે. વળી, સાધુએ અપ્રમાદવૃદ્ધિ અર્થે નિર્દોષ ભિક્ષા-વસતિ આદિમાં ચર્યા કરવાની છે, અને તે પ્રવૃત્તિના કાળ સિવાય સતત ધ્યાન-અધ્યયનમાં વિશેષ યત્ન કરીને આત્માને સંયમના કંડકોમાં ઉલ્લસિત કરવાનો છે. તેથી કોઈ સાધુ અપ્રમાદપૂર્વક ધ્યાન-અધ્યયનમાં યત્ન કરતા હોય અને દેહના નિર્વાહ માટે ભિક્ષાદિમાં ઉચિત યત્ન કરતા હોય ત્યારે ઉત્સર્ગથી જે વિધિ છે તે સર્વ વિધિનું સેવન કરે છે. છતાં તેમાં કોઈપણ વિપરીત આચરણા થાય તો તે પ્રતિસેવના કહેવાય, જે પ્રતિસેવના અતિચારરૂપ છે, અને તે પ્રતિસેવનાના ચાર ભેદ છે.

(૧) આકુટ્ટિકા પ્રતિસેવના, (૨) દર્પ પ્રતિસેવના, (૩) પ્રમાદ પ્રતિસેવના (૪) કલ્પપ્રતિસેવના= અપવાદિક આચારથી કરાયેલી પ્રતિસેવના.

**(૧) આકુટ્ટિકા પ્રતિસેવના :**

'આ કૃત્ય મારી પ્રતિજ્ઞાથી વિરુદ્ધ છે' એમ જાણવા છતાં પણ તે કૃત્ય કરવાની બળવાન ઇચ્છાથી તે કૃત્ય થાય તો તે આકુટ્ટિકાથી થયેલી વિપરીત આચરણા છે. જેમ અઈમુત્તા મુનિ જાણતા હતા કે સાધુથી પાણીમાં પાતરું મૂકીને રમત કરાય નહીં તોપણ બાળકોને રમતા જોઈને તે પ્રકારે કરવાની બળવાન ઇચ્છાથી તે પ્રવૃત્તિ કરી તે આકુટ્ટિકા પ્રતિસેવના છે.

**(૨) દર્પ પ્રતિસેવના :**

સાધુ સંયમયોગની ઉચિત ક્રિયાઓ કરતા હોય ત્યારે પણ તેવા પ્રકારના રાગાદિના પરિણામને કારણે સંયમના કંડકને અનુકૂળ વૃદ્ધિની યતનાને છોડીને વલ્ગનાદિથી અર્થાત્ સંયમજીવનની ઉચિત ક્રિયાઓ કરતી વખતે તે ઉચિતક્રિયાને અનુરૂપ યત્ન ન કરતાં જલદી જલદી તે પ્રવૃત્તિ કરીને અન્ય પ્રવૃત્તિ કરવાના પરિણામથી કે શીઘ્ર તે ક્રિયા પૂરી કરવાના પરિણામથી, અતિચારોને સેવે; જેમ કે ગમનાદિ ક્રિયામાં ઈર્યા સમિતિથી વિપરીત આચરણા કરે, ભિક્ષા આદિમાં ગોચરીના ૪૭ દોષોના પરિહારથી

વિપરીત આચરણા કરે, સ્વાધ્યાય આદિમાં સંવેગની વૃદ્ધિને અનુકૂળ આચરણાથી વિપરીત આચરણા કરે તે સર્વ દર્પ પ્રતિસેવના છે. તે આ રીતે-

સાધુને સમભાવની વૃદ્ધિ થાય તે રીતે દરેક ઉચિત પ્રવૃત્તિ કરવાની ભગવાનની આજ્ઞા છે. આથી ભિક્ષા આદિ માટે જાય ત્યારે ભિક્ષા મળે તેવી ઇચ્છા થાય તો સમભાવનો નાશ થાય છે. તે ન થાય માટે સાધુ ભિક્ષા અર્થે જતી વખતે વિચારે કે ''ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને ભિક્ષા નહીં મળે તો તપની વૃદ્ધિ થશે.'' આ પ્રકારના પરિણામના બળથી યતનાપૂર્વક નિર્દોષ ભિક્ષા મળે તો પ્રાપ્તિમાં હર્ષ ન થાય, અને ઘણી યતના પછી પણ નિર્દોષ ભિક્ષા ન મળે તો દીનતા ન થાય, પરંતુ પ્રાપ્તિ અને અપ્રાપ્તિ પરત્વે સમભાવનો પરિણામ જીવંત રહે. આવા પરિણામવાળા સાધુ ગમનઆદિ કાળમાં સમિતિ-ગુપ્તિની સર્વ ઉચિત યતનાઓ કરે છે; કેમ કે સમભાવના પક્ષપાતી સાધુ સમભાવની વૃદ્ધિ થાય તે રીતે મન, વચન, કાયાના યોગોને સુદૃઢ પ્રવર્તાવે છે. આમ છતાં વલ્ગનાદિથી=શાસ્ત્રવિધિ અનુસાર ઉપયોગની ત્રુટિથી પ્રવૃત્તિ કરવામાં આવે તે દર્પ પ્રતિસેવના છે.

વળી, સાધુ અધ્યયન આદિમાં યત્ન કરતા હોય ત્યારે ''યોગીનું સર્વ જ્ઞાન સંવેગની વૃદ્ધિનું કારણ છે'' તે નિયમનું સ્મરણ કરીને સંવેગની વૃદ્ધિ થાય તે રીતે ઉપયુક્ત થઈને અધ્યયનની સર્વ વિધિમાં યત્ન કરે. આમ છતાં તેવા પ્રકારના કષાયને વશ થઈને યથાતથા ભણવાની વિધિમાં યત્ન થાય તો તે દર્પ પ્રતિસેવના છે. જોકે ''ગુરુતત્ત્વવિનિશ્ચય'' ગ્રંથમાં બીજા ઉલ્લાસમાં ગાથા ક્રમાંક ૧૮-૧૯માં દર્પના દશ ભેદો બતાવ્યા છે, તેમાં પ્રથમ 'ધાવન' ભેદ લીધેલ છે. ધાવનનો અર્થ દોડવું થાય છે, પરંતુ અર્થથી એ પ્રાપ્ત થાય છે કે જેમ સંયમની ક્રિયામાં યતના વગર દોડવું એ ધાવન છે, તેમ સ્વાધ્યાય આદિમાં સંવેગની વૃદ્ધિને અનુકૂળ યતના વગર પ્રવૃત્તિ કરવી તે પણ 'ધાવન' છે; અને દર્પના દશ ભેદોમાં સર્વપ્રતિસેવનાનો સંગ્રહ છે. તેથી તેવા પ્રકારના રાગના વશથી કોઈપણ સેવના થાય તેનો દર્પમાં સમાવેશ થાય છે.

આકુટ્ટિકામાં ''આ પ્રવૃત્તિ વ્રતથી વિરુદ્ધ છે'' તેમ જાણવા છતાં તે પ્રવૃત્તિ કરાવે તેવો બળવાન રાગનો પરિણામ હોય છે, અને દર્પમાં સંયમની પ્રવૃત્તિ હોવા છતાં સંયમની સમ્યગ્ યતનાને છોડીને ધાવન-વલ્ગનાદિપૂર્વક સંયમની પ્રતિસેવના કરાવે તેવો રાગનો પરિણામ હોય છે.

**(૩) પ્રમાદ પ્રતિસેવના :**

પ્રમાદ પ્રતિસેવના વિકથાદિ પરિણામ છે. સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી સમભાવને જિવાડવા અને સમભાવની વૃદ્ધિ કરવા સ્વાધ્યાયઆદિ ઉચિત ક્રિયાઓમાં યત્ન કરતા હોય છે; આમ છતાં પ્રમાદથી સમભાવનું કારણ ન હોય તેવી નિરર્થક વાતો કે નિરર્થક પ્રવૃત્તિઓ કરવામાં આવે તો તે પ્રમાદથી સેવાયેલ પ્રતિસેવના છે. જેનું કોઈ પ્રયોજન નથી તેવું જોવું, જાણવું તેમાં પ્રમાદને વશ થઈને સાધુ પ્રયત્ન કરતા હોય અથવા ઉચિત ક્રિયાઓમાં સમભાવને અનુકૂળ શક્તિ અનુસાર યત્ન ન કરતા હોય, પરંતુ પ્રમાદવશ યથાતથા કરતા હોય, તો તેવી સર્વ પ્રવૃત્તિઓનું કારણ જીવમાં વર્તતો તેવો રાગાદિનો પરિણામ છે, અને તેવા રાગાદિથી થતી સર્વ પ્રવૃત્તિઓ પ્રમાદથી થતી પ્રતિસેવના છે.

**(૪) કલ્પ પ્રતિસેવના :**

કલ્પ એટલે આચાર. ઉત્સર્ગમાર્ગથી સાધુને જે રીતે આચરણા કરવાનું કહ્યું હોય તેનાથી વિપરીત આચરણા કારણે સાધુને અપવાદથી કરવાની છે. તે અપવાદથી કરાયેલી વિપરીત આચરણા કલ્પિકા પ્રતિસેવના છે. જોકે અપવાદથી કરાયેલી વિપરીત આચરણા રત્નત્રયીની વૃદ્ધિનું કારણ હોય છે, તેથી ભગવાનની આજ્ઞા છે; તોપણ તે પ્રતિસેવના કર્યા પછી તેમાં પણ કોઈ સૂક્ષ્મ દોષ રહી ન જાય, અને તે પ્રતિસેવના કરવા પ્રત્યે લેશ પણ વલણ ન રહે, અને ઉત્સર્ગમાર્ગ પ્રત્યે જ રુચિ જીવંત રહે, તદ્અર્થે કલ્પ પ્રતિસેવના કર્યા પછી પણ 'આ કલ્પ પ્રતિસેવના છે' તેમ ગુરુને નિવેદન કરીને તેની પણ શુદ્ધિ કરવાની શાસ્ત્રમર્યાદા છે. આ કલ્પ પ્રતિસેવનાના ૨૪ ભેદો ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથના બીજા ઉલ્લાસમાં ગાથા-૨૦-૨૧માં બતાવ્યા છે. તે ભેદો બતાવ્યા પછી તે અતિચારોની આલોચના ગીતાર્થો ધારણા વ્યવહારમાં કઈ રીતે કરે છે તે બતાવેલ છે. તેથી એ ફલિત થાય કે આ ૨૪ પ્રકારની કલ્પ પ્રતિસેવના સંયમની વૃદ્ધિનું કારણ હોવાથી દોષરૂપ નથી, તોપણ ગીતાર્થસાધુ આચાર્ય પાસે તે રીતે નિવેદન કરે છે કે "મેં આ કલ્પિકા અતિચાર સેવ્યો છે, અને તેને અનુરૂપ જ શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત આપો." તેથી ઉત્સર્ગમાર્ગથી વિરુદ્ધ અપવાદથી પણ કોઈ પ્રતિસેવના થઈ હોય તો તે કલ્પિકા પ્રતિસેવના છે, અને તેને અતિચારરૂપે ગ્રહણ કરેલ છે.

વિમલ શ્રદ્ધાવાળા સાધુ આકુટ્ટિકાદિ ચાર ભેદોમાંથી કોઈપણ ભેદવાળી પ્રતિસેવના પોતાનાથી થઈ હોય તો તેની આલોચનાથી શુદ્ધિ કરે છે, અને જે સાધુ આ રીતે શુદ્ધિ કરે છે તેમાં કારણભૂત તેની ઉત્તમશ્રદ્ધા છે, તે પ્રકારનો આ ગાથાનો પૂર્વગાથા સાથે સંબંધ છે.

સંક્ષેપથી એ ભાવ છે કે કલ્પ પ્રતિસેવના તે અપવાદમાર્ગ છે તેથી દોષરૂપ નથી. દર્પ પ્રતિસેવનામાં સંયમને મલિન કરે તેવા રાગાદિ ભાવ છે જે દોષરૂપ છે, પણ આ દોષ પ્રાથમિક કક્ષાનો છે, અને પ્રમાદ પ્રતિસેવનામાં દર્પિકા પ્રતિસેવનાથી અધિક સંયમને મલિન કરે તેવા રાગાદિભાવ છે. અર્થાત્ દર્પ પ્રતિસેવના કરતાં પ્રમાદ પ્રતિસેવનામાં અધિક દોષ છે, અને આકુટ્ટિકા પ્રતિસેવનામાં વ્રત નિરપેક્ષ પરિણામ હોવાથી વિશેષ પ્રકારના રાગાદિ ભાવ છે, જે સૌથી અધિક દોષરૂપ છે. ॥૧૦૦॥

## યતિનું ચોથું લક્ષણ – 'ક્રિયામાં અપ્રમાદ'

**અવતરણિકા :-**

**ગાથા-૩ અને ૪ માં યતિનાં સાત લક્ષણો બતાવેલ, જેમાંથી ત્રણ લક્ષણોનું વર્ણન અત્યાર સુધી કર્યું. હવે યતિનું ચોથું લક્ષણ 'ક્રિયામાં અપ્રમાદ'નું વર્ણન કરે છે –**

**ગાથા :-**

**सद्धालू अपमत्तो हविज्जा किरियासु जेण तेणेव ।**
**किरियाणं साफल्लं, जं भणियं धम्मरयणंमि ॥१०१॥**

श्रद्धालुरप्रमत्तो भवेत्क्रियासु येन तेनैव ।
क्रियाणां साफल्यं यद् भणितं धर्मरत्ने ॥१०१॥

**ગાથાર્થ :-**

**જે કારણથી શ્રદ્ધાળુ ક્રિયામાં અપ્રમત્ત થાય તે કારણથી જ ક્રિયાનું સાફલ્ય છે; જે કારણથી ધર્મરત્નમાં કહેવાયું છે. ॥૧૦૧॥**

**ભાવાર્થ :- અપ્રમાદથી કરાયેલી ક્રિયાથી જ ગુણસ્થાનકની વૃદ્ધિ :**

પૂર્વમાં ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ કેવા હોય તે બતાવ્યું અને આવા ઉત્તમશ્રદ્ધાવાળા સાધુ સંયમયોગની સર્વ ક્રિયાઓ અત્યંત ઉપયોગપૂર્વક સંવેગની વૃદ્ધિ કરાવે તે રીતે અપ્રમાદભાવથી કરે છે. આ રીતે સંયમની સર્વ ક્રિયાઓ અપ્રમાદભાવથી કરવાના કારણે તે સાધુ સંયમના ઉપર ઉપરના કંડકોની પ્રાપ્તિને કરે છે, તેથી તેની ક્રિયા સફળ છે.

ગ્રંથકારે ક્રિયાના સાફલ્યનો આ અર્થ કર્યો તેની સાક્ષીરૂપે કહે છે કે જે કારણથી 'ધર્મરત્નપ્રકરણ'માં કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૧૦૧॥

**અવતરણિકા :-**

**प्रमादस्यैव विशेषतोऽपायहेतुतामाह –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વગાથા-૧૦૧માં કહ્યું કે 'ઉત્તમશ્રદ્ધાવાળા' સાધુ 'ક્રિયામાં અપ્રમાદભાવવાળા' હોય છે. તેમાં અંતે કહ્યું કે ધર્મરત્નપ્રકરણ ગ્રંથમાં કહેવાયું છે. તેથી હવે ગાથા-૧૦૨ થી ૧૦૫ સુધી ધર્મરત્નપ્રકરણ ગ્રંથમાં કહેલી ગાથાઓ બતાવે છે.**

**અહીં જે અવતરણિકા આપી છે તે અવતરણિકા ધર્મરત્નપ્રકરણ ગ્રંથની છે, અને તે અવતરણિકા ધર્મરત્નપ્રકરણ ગ્રંથમાં પ્રસ્તુત ગાથાની પૂર્વની ગાથામાં "પ્રમાદ અનર્થનો હેતુ છે" તેમ બતાવેલ તેને આશ્રયીને છે તે પ્રમાણે પ્રમાદની જ વિશેષથી અપાયહેતુતાને કહે છે –**

**ગાથા :-**

**पव्वज्जं विज्जं पि व, साहंतो होइ जो पमाइल्लो ।**
**तस्स ण सिज्झइ एसा, करेइ गरुअं च अवयारं ॥१०२॥**

प्रव्रज्यां विद्यामिव, साधयन्भवति यः प्रमादवान् ।
तस्य न सिद्ध्यत्येषा, करोति गुरुकं चाऽपकारम् ॥१०२॥

**ગાથાર્થ :-**

**વિદ્યાની જેમ પ્રવ્રજ્યાને સાધતા જે સાધુ પ્રમાદવાળા થાય છે, તેને=તે સાધુને, આ=પ્રવ્રજ્યા સિદ્ધ થતી નથી=ક્ષયોપશમભાવરૂપે પ્રગટ થતી નથી, અને મોટા અપકારને કરે છે. ॥૧૦૨॥**

ટીકા :-

प्रव्रज्यां-जिनदीक्षां विद्यामिव-स्त्रीदेवताधिष्ठितामिव साधयन् भवति यः 'पमाइल्लु'त्ति प्रमादवान् ''आल्विल्लोल्लालवन्तमन्तेत्तेरमणा मतोः'' इति वचनात्, तस्य प्रमादवतो न सिध्यति=न फलदानाय संपद्यते, एषा पारमेश्वरी, दीक्षा विद्येव, चकारस्य भिन्नक्रमत्वात् करोति च गुरुं-महान्तमपकारमनर्थमिति । भावार्थः पुनरयम्-यथाऽत्र प्रमादवतः साधकस्य विद्या फलदा न भवति, ग्रहसंक्रमादिकमनर्थं च सम्पादयति, तथा शीतलविहारिणो जिनदीक्षापि न केवलं सुगतिसम्पत्तये न भवति, किन्तु देवदुर्गतिं दीर्घभवभ्रमणापायं च विदधाति आर्यमङ्गोरिव ।

उक्तं च-

''सीयलविहारओ खलु, भगवंतासायणा निओएण ।
तत्तो भवो सुदीहो, किलेसबहुलो जओ भणियं ॥
तित्थयरपवयणसुयं, आयरियं गणहरं महिड्ढीयं ।
आसायंतो बहुसो, अणंतसंसारिओ भणिओ'' ॥ त्ति ॥
तस्मादप्रमादिना साधुना भवितव्यमिति ।

आर्यमङ्गुकथा चैवम्-

इह अज्जमंगुसूरी, ससमयपरसमयकणयकसवट्टो ।
बहुभत्तिजुत्तसुस्सूससिस्ससुत्तत्थदाणपरो ॥१॥
सद्धम्मदेसणाए, पडिबोहियभवियलोयसन्दोहो ।
कइयावि विहारेणं, पत्तो महुराइ नयरीए ॥२॥
सो गाढपमायपिसायगहियहियओ विमुक्कतवचरणो ।
गारवतिगपडिबद्धो, सड्ढेसु ममत्तसंजुत्तो ॥३॥
अणवरयभत्तजणदिज्जमाणरुइरन्नवत्थलोभेण ।
वुत्थो तहिं चिय चिरं, दूरुज्झियउज्जुयविहारो ॥४॥
दढसिढिलियसामन्नो, निस्सामन्नं पमायमचइत्ता ।
कालेण मरिय जाओ, जक्खो तत्थेव निद्धमणे ॥५॥
मुणिउं नियनाणेणं, पुव्वभवं तो विचिंतए एवं ।
हा हा ! पावेण मए, पमायमयमत्तचित्तेण ॥६॥
पडिपुन्नपुन्नलब्भं, दोगच्चहरं महानिहाणं व ।
लद्धंपि जिणमयमिणं, कहं नु विहलत्तमुवणीयं ? ॥७॥
माणुस्सखित्तजाईपमुहं लद्धंपि धम्मसामग्गिं ।
हा हा ! पमायभट्ठं, इत्तो कत्तो लहिस्सामि ? ॥८॥
हा ! जीव ! पाव ! तइया इड्ढीरसगारवाण विरसत्तं ।
सत्थत्थजाणगेणवि हयास ! नहु लक्खियं तइया ॥९॥
चउदसपुव्वधरा वि हु, पमायओ जंति णंतकाएसु ।
एयंपि हहा ! हा ! पावजीव, न तए तया सरियं ? ॥१०॥
धिद्धी मइ सुहमत्तं, धिद्धी मह बहुयसत्थकुसलत्तं ।
धिद्धी परोवएसप्पहाणपंडिच्चमच्चन्तं ॥११॥

एवं पमायदुव्विलसियं नियं जायपरमनिव्वेओ ।
निंदन्तो दिवसाइं गमेइ सो गुत्ति वत्तु व्व ॥१२॥
अह तेण पएसेणं, वियारभूमीइं गच्छमाणे ते ।
दद्ठूण नियविणेए, तेसिं पडिबोहणनिमित्तं ॥१३॥
जक्खपडिमामुहाओ, दीहं निस्सारिउं ठिओ जीहं ।
तं च पलोइय मुणिणो, आसन्ना होउ इय बिंति ॥१४॥
जो कोइ इत्थ देवो, जक्खो रक्खो व किंनरो वा वि ।
सो पयडं चिय पभणउ, न किंपि एवं वयं मुणिमो ॥१५॥
तो सविसायं जक्खो, जंपइ भो ! भो ! तवस्सिणो ! सो हं ।
तुम्ह गुरू किरियाए, सुपमत्तो अज्जमंगु त्ति ॥१६॥
साहूहिवि पडिभणियं, विसन्नहियएहिं हा सुयनिहाण ! ।
किह देवदुग्गइमिमं, पत्तो सि अहो ! महच्छरियं ॥१७॥
जक्खोवि आह न इमं, चुज्जं इह साहुणो महाभागा ! ।
एसच्चिय होइ गई, पमायवससिढिलचरणाणं ॥१८॥
ओसन्नविहारीणं, इड्ढीरससायगारवगुरूणं ।
उम्मुक्कसाहुकिरियाभराण अम्हारिसाण फुडं ॥१९॥
इय मज्झ कुदेवत्तं, भो भो मुणिणो ! वियाणिउं संमं ।
जइ सुगईए कज्जं, जइ भीया कुगइगमणाओ ॥२०॥
ता गयसयलपमाया, विहारकरणुज्जुया चरणजुत्ता ।
गारवरहिया अममा, होह सया तिव्वतवकलिया ॥२१॥
भो ! भो ! देवाणुप्पिय ! सम्मं पडिबोहिया तए अम्हे ।
इय जंपिय ते मुणिणो, पडिवन्ना संजमुज्जोयं ॥२२॥
इति सूरिरार्यमङ्गुर्मङ्गुलफलमलभत प्रमादवशात् ।
तत् सद्यः शुभमतयः, सदोद्यता भवत चरणभरे ॥२३॥

**ટીકાર્થ :-**

વિદ્યાની જેમ=સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત એવી વિદ્યાની જેમ, પ્રવ્રજ્યાને=જિનદીક્ષાને, સાધતો=આરાધતો એવો, જે=સાધુ, પ્રમાદવાળો થાય છે, તેને=પ્રમાદવાળા તેને, આ=પારમેશ્વરી દીક્ષા, ફળ આપવા માટે થતી નથી=નિર્જરારૂપ ફળ આપવા માટે સમર્થ થતી નથી, અથવા ભાવથી ચારિત્રની પ્રાપ્તિરૂપ ફળ આપવા માટે સમર્થ થતી નથી, અને ગુરુ અપકારને=મોટા અનર્થને, કરે છે.

અહીં મૂળ ગાથામાં 'पमाइल्लो' શબ્દ છે, તેનો અર્થ પ્રમાદવાન કર્યો; કેમ કે आल्विल्लोल्ला-लवन्तमन्तौ.....मतो''માં आलु इत्यादि प्रत्ययो 'मतु' અર્થમાં છે એવું વ્યાકરણનું વચન છે. તેથી 'पमाइल्लो' નો અર્થ 'પ્રમાદવાન' કરેલ છે.

ગાથામાં 'गरुअं' પછી 'च' છે. તે 'च'કારનું ભિન્નક્રમપણું હોવાથી અર્થાત્ ભિન્ન સ્થાને યોજન હોવાથી 'करेइ च गरुअं' એમ યોજન કરવાનું છે. તેથી ટીકામાં 'करोति च गुरुं' એમ યોજન કરેલ છે.

'अनर्थम्' પછી 'इति' છે, તે ગાથાના અર્થને બતાવનાર ટીકાની સમાપ્તિ માટે છે.

**વળી, આ=આગળમાં કહે છે એ, ભાવાર્થ છે=ગાથાનો તાત્પર્યાર્થ છે. જે પ્રમાણે અહીં=સંસારમાં, પ્રમાદવાળા સાધકને વિદ્યા ફળ દેનારી થતી નથી=સિદ્ધ થતી નથી, અને ગ્રહસંક્રમાદિ અનર્થને સંપાદન કરે છે અર્થાત્ વિદ્યાસાધકના શરીરમાં ગાંડપણના સંક્રમણ આદિરૂપ અનર્થને પેદા કરે છે, તે પ્રમાણે શીતલ વિહારવાળા અર્થાત્ શિથિલ આચારવાળા સાધુઓને જિનદીક્ષા પણ સુગતિની પ્રાપ્તિ માટે કેવળ નથી થતી એમ નહિ, પરંતુ આર્યમંગુ આચાર્યની જેમ દેવદુર્ગતિ અને દીર્ઘ ભવભ્રમણરૂપ અપાયને=અનર્થને કરે છે.**

**અને કહ્યું છે=શિથિલ આચારવાળા સાધુને દીક્ષા ભવભ્રમણ માટે થાય છે એમ કહ્યું તેનો અર્થ આ પ્રમાણે છે-**

**શીતલવિહારથી=સંયમના શિથિલ આચારથી, ખરેખર નિયોગથી=નક્કી, ભગવાનની આશાતના છે. તેનાથી=ભગવાનની આશાતનાથી, ક્લેશબહુલ=ઘણા ક્લેશવાળો, સુદીર્ઘ ભવ છે; જે કારણથી કહેવાયું છે- તીર્થંકર, પ્રવચન અને શ્રુતની, આચાર્યની, ગણધરની અને મહર્ધિકની આશાતના કરતો બહુધા=પ્રાયઃ અનંત સંસારી કહેવાયો છે. 'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. તે કારણથી=શિથિલ આચારવાળો દીક્ષા લઈને સદ્ગતિ પામતો નથી, પરંતુ ખરાબ દેવપણાને અને દીર્ઘ ભવભ્રમણને પ્રાપ્ત કરે છે, તે કારણથી, સાધુએ અપ્રમાદી થવું જોઈએ. 'इति' શબ્દ ગાથાના ભાવાર્થની સમાપ્તિ માટે છે.**

**અને આર્યમંગૂની કથા આ પ્રમાણે છે :**

## આર્યમંગૂ આચાર્યની કથા

સ્વસમય, પરસમયરૂપ સુવર્ણને કસવા માટે કસોટીપત્થર જેવા આર્યમંગૂસૂરિ, અહીં=ભરતક્ષેત્રમાં હતા. વળી, બહુ ભક્તિથી યુક્ત, શુશ્રૂષા ગુણવાળા શિષ્યોને સૂત્ર અને અર્થ આપવામાં તત્પર હતા. ॥૧॥

આનાથી એ ફલિત થયું કે આર્યમંગૂસૂરિ સ્વદર્શન અને પરદર્શનના પરમાર્થને જાણનારા હતા અને ઘણા જીવોને બોધ પમાડીને યોગ્ય શિષ્યો બનાવ્યા હતા. તે શિષ્યો ગુરુ પ્રત્યે ભક્તિવાળા હતા અને તત્ત્વ સાંભળવામાં જિજ્ઞાસાવાળા હતા. તેવા શિષ્યોને સૂત્ર-અર્થ આપવામાં તે આચાર્ય અત્યંત અપ્રમાદી હતા.

સદ્ધર્મદેશનાથી ભવ્યલોકોના સમૂહને પ્રતિબોધ કરનારા હતા અને ક્યારેક વિહારથી મથુરાનગરીમાં પ્રાપ્ત થયા=મથુરાનગરીમાં આવ્યા. ॥૨॥

આનાથી એ ફલિત થયું કે મથુરાનગરીમાં આર્યમંગૂસૂરિ આવ્યા ત્યાં સુધી અત્યંત અપ્રમાદથી શિષ્યો પર અને લોકો પર ઉપકાર કરતા હતા. ત્યારપછી,

ગાઢ પ્રમાદરૂપી પિશાચથી ગૃહીત થયેલા હૃદયવાળા, તપ-ચારિત્ર મૂકી દીધાં છે એવા અર્થાત્ ભાવથી તપ અને ચારિત્રમાં ઉદ્યમ વગરના એવા તે આર્યમંગૂસૂરિ ત્રણ ગારવમાં પ્રતિબંધવાળા અને શ્રાવકોમાં મમત્વના પરિણામવાળા થયા. ॥૩॥

અનવરત ભક્ત લોકોથી અપાતાં રુચિકર એવાં અન્ન અને વસ્ત્રના લોભથી લાંબા સમય સુધી ત્યાં જ રહ્યા અને ઉદ્યતવિહારનો ત્યાગ કર્યો=સંયમમાં અપ્રમાદભાવનો ત્યાગ કર્યો. ॥૪॥

દઢ=અત્યંત, શિથિલ ચારિત્રવાળા, જેનાથી સંયમનો નાશ થાય એવા પ્રમાદને નહિ છોડીને કાળે કરીને મરણ પામીને ત્યાં જ=મથુરાનગરીમાં જ, ખાળ પાસે યક્ષ થયા. ।।પ।।

નિજ=પોતાના જ્ઞાન વડે પૂર્વભવને જાણીને, ત્યાર પછી આ પ્રમાણે વિચારે છે– ‘‘હા, હા, પાપી અને પ્રમાદમય મત્તચિત્તવાળા એવા મારા વડે પૂર્વપુણ્યથી પ્રાપ્ત થયેલ, દુર્ગતિને હરનાર, મહાનિધાન સમાન પણ આ જિનમત કેમ વિફલપણાને પ્રાપ્ત કરાયો ? ।।૬-૭।।

મનુષ્યક્ષેત્ર-જાતિપ્રમુખ પ્રાપ્ત થયેલી પણ ધર્મસામગ્રી હા હા પ્રમાદથી નાશ પામી ! હવે તે આનાથી=આ દેવભવથી, કેવી રીતે પ્રાપ્ત કરીશ ? ।।૮।।

હે જીવ, હે પાપી, **हयास्**=દુર્ભાગી, ત્યારે શાસ્ત્રાર્થ જાણનારા એવા પણ તારા વડે ઋદ્ધિ-રસ-ગારવના વિરસપણાને લક્ષમાં લેવાયું નહિ. ।।૯।।

ચૌદપૂર્વધરો પણ પ્રમાદથી અનંતકાયમાં=નિગોદમાં જાય છે. હહા ! હે પાપી જીવ ! એ પણ ત્યારે તારા વડે સ્મરણ કરાયું નહિ ! ।।૧૦।।

**धिद्धी मइ सुहमत्तं ( शुभमर्त्यं=शुभमनुष्यत्वं )**=ધિક્કાર થાઓ મારા શુભ મનુષ્યપણાને, ધિક્કાર થાઓ મારા બહુ શાસ્ત્રના કુશલપણાને, ધિક્કાર થાઓ મારા અત્યંત પરોપદેશપ્રધાન પાંડિત્યને ! ।।૧૧।।

આ પ્રમાણે પ્રમાદથી દુરવિલસિત એવા પોતાની નિંદાને કરતો, થયેલા પરમનિર્વેદવાળો એવો તે યક્ષ બેડીને પામેલાની જેમ દિવસો પસાર કરે છે. ।।૧૨।।

હવે તે પ્રદેશથી સ્થંડિલભૂમિએ જતા પોતાના શિષ્યોને જોઈને, તેઓના પ્રતિબોધના નિમિત્તે જક્ષની પ્રતિમાના મુખથી જીભને દીર્ઘ બહાર કાઢીને તે રહ્યો, અને તેને જોઈને મુનિઓ આસન્ન થઈને=નજીક જઈને, આ પ્રમાણે કહે છે- ।।૧૩-૧૪।।

અહીં જે કોઈ દેવ, જક્ષ, રાક્ષસ અથવા કિન્નર હોય તે પ્રગટ જ કહે. આ રીતે અમે કાંઈ જાણતા નથી. ।।૧૫।।

તેથી સવિષાદ=ખેદસહિત, જક્ષ કહે છે : રે, રે, તપસ્વીઓ ! તે હું તમારો ગુરુ ક્રિયામાં સુપ્રમત્ત=અત્યંત પ્રમત્ત, આર્યમંગૂ છું. **‘त्ति’** શબ્દ જક્ષના કથનની સમાપ્તિ માટે છે. ।।૧૬।।

વિષાદપૂર્ણ હૃદયથી સાધુઓ વડે પણ પ્રતિકથન કરાયું : ‘હા ! શ્રુતના નિધાન ! આ દેવદુર્ગતપણાને કેમ પ્રાપ્ત થયા છો ? અહો ! મહાન આશ્ચર્ય છે ! ।।૧૭।।

જક્ષ પણ કહે : આ આશ્ચર્ય નથી. અહીં=સંસારમાં, મહાભાગ્યશાળી પણ પ્રમાદવશ શિથિલ આચારવાળા સાધુઓની આવી જ ગતિ થાય છે. ।।૧૮।।

અવસન્નવિહારીઓ એવા=શિથિલાચારીઓ એવા, ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવથી ભારે એવા, મૂકી દીધો છે સાધુક્રિયાઓનો ભાર જેમણે એવા અમારા જેવાની સ્પષ્ટ આવી જ ગતિ થાય છે. ।।૧૯।।

ભો ભો મુનિઓ ! મારા આ કુદેવત્વને સમ્યગ્ જાણીને જો સુગતિનું કાર્ય હોય, જો કુગતિના ગમનથી ભય પામ્યા હો, તો સંપૂર્ણ પ્રમાદથી રહિત, વિહારકરણથી યુક્ત, ચરણથી યુક્ત, ગારવથી રહિત, અમમ=મમતા રહિત, સદા તીવ્ર તપથી યુક્ત થાઓ. ॥૨૦-૨૧॥

ભો ભો દેવાનુપ્રિય ! તારા વડે અમે સમ્યગ્ પ્રતિબોધ કરાયા. એ પ્રમાણે બોલીને તે મુનિઓએ સંયમમાં ઉદ્યમને સ્વીકાર્યો. ॥૨૨॥

એ પ્રમાણે સૂરિ આર્યમંગૂ પ્રમાદના વશથી મંગુલ ફળને=ખરાબ ફળને પામ્યા. તેથી શુભમતિવાળા ચરણભારમાં=ચારિત્રની આચરણામાં, સદા શીઘ્ર ઉદ્યત થાઓ. ॥૨૩॥

**ભાવાર્થ :-**

ગાથા-૧૦૧માં કહેલ કે ક્રિયામાં જે સાધુ અપ્રમત છે, તેવા સાધુની ક્રિયા સફળ છે. તેની પુષ્ટિરૂપે ધર્મરત્નપ્રકરણની આ સાક્ષીગાથા છે. તેનાથી એ સિદ્ધ થાય કે વિદ્યાસાધકની જેમ જે સાધુ અપ્રમાદથી ક્રિયામાં યત્ન કરે છે, તેને આ પ્રવ્રજ્યા નિર્લેપદશાનું કારણ થાય છે; અને જે લોકો સંયમ ગ્રહણ કર્યા પછી સ્વશક્તિ અનુસાર અપ્રમાદભાવથી યત્ન કરતા નથી, તેઓને આ સંયમગ્રહણથી જ અનર્થ પણ થાય છે. માટે "ક્રિયામાં અપ્રમાદભાવ" એ સાધુનું ચોથું લક્ષણ છે. ॥૧૦૨॥

**અવતરણિકા :-**

**प्रमादस्यैव युक्त्यन्तरेण निषेधमाह –**

**અવતરણિકાર્થ :-**

**બીજી યુક્તિથી પ્રમાદના નિષેધને બતાવે છે –**

**પ્રમાદ વિશેષથી અનર્થનો હેતુ કઈ રીતે છે ? તે બતાવનારી ધર્મરત્નપ્રકરણમાં પૂર્વની ગાથા-૧૦૨ હતી. તેમ પ્રસ્તુત ગાથા પણ ધર્મરત્નપ્રકરણની છે, અને આ ગાથામાં, સાધુએ સંયમની નિષ્પત્તિ માટે ક્રિયામાં અપ્રમાદ કરવો જોઈએ, તે બતાવવા માટે પ્રમાદના નિષેધને કહે છે –**

**ગાથા :-**

**पडिलेहणाइचिट्ठा, छक्कायविघाइणी पमत्तस्स ।**
**भणिआ सुअंमि तम्हा, अपमाई सुविहिओ हुज्जा ॥१०३॥**

प्रतिलेखनादिचेष्टा षट्कायविघातिनी प्रमत्तस्य ।
भणिता श्रुते तस्मादप्रमादी सुविहितो भवेत् ॥१०३॥

**ગાથાર્થ :-**

**શ્રુતમાં=આગમમાં, પ્રમત્ત સાધુની પ્રતિલેખનાદિ ચેષ્ટા છકાયના વિઘાતને કરનારી કહેવાઈ છે, તે કારણથી અપ્રમાદી સાધુ સુવિહિત થાય છે=સુસાધુ થાય છે. ॥૧૦૩॥**

**ટીકા :-**

प्रत्युपेक्षणा प्रतिलेखना, आदिशब्दाद् गमनादिपरिग्रहः, चेष्टा क्रिया व्यापार इत्येकोऽर्थः, षट्कायविघातिनी प्रमत्तस्य साधोर्भणितोक्ता श्रुते-सिद्धान्ते,

तद्यथा-

"पडिलेहणं कुणंतो, मिहो कहं कुणइ जणवयकहं वा ॥
देइ व पच्चक्खाणं, वाएइ सयं पडिच्छइ वा ॥१॥
पुढवीआउक्काए, तेऊवाऊवणस्सइतसाणं ।
पडिलेहणापमत्तो, छण्हंपि विराहओ होई ॥२॥
घडगाइपलोट्टणया, मट्टी अगणी य बीयकुंथाई ।
उदगगया व तसेयर ओमुय संघट्ट झामणया ॥३॥
इय दव्वओ उ छण्हं विराहओ भावओ इहरहावि ।
उवउत्तो पुण साहू, संपत्तीए अवहओ य ॥४॥ इत्यादि" ॥

तस्मात्सर्वव्यापारेष्वप्रमादी सुविहितः, शोभनं विहितमनुष्ठानं यस्य स सुविहितो भवेज्जायेतेति। (धर्मरत्नप्रकरण गाथा ११२)

**ટીકાર્થ :-**

પ્રત્યુપેક્ષણા એ પ્રતિલેખના છે અને પડિલેહણાદિમાં આદિ શબ્દથી ગમનઆદિ ક્રિયાનું ગ્રહણ કરવું, અને શ્લોકમાં ચેષ્ટા શબ્દ છે તે ચેષ્ટા=ક્રિયા=વ્યાપાર એ એક અર્થને બતાવે છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રતિલેખન-ગમનઆદિ ચેષ્ટા એટલે ક્રિયા કે વ્યાપાર એ પડિલેહણાદિ ચેષ્ટા છે; અને સિદ્ધાન્તમાં તે ચેષ્ટા પ્રમત્તસાધુની છકાયના વિઘાતને કરનારી કહેવાઈ છે; અને તેમાં જ '**तद्यथा**' થી ઓઘનિર્યુક્તિનો સાક્ષીપાઠ આપે છે-

પડિલેહણાને કરતો સાધુ પરસ્પર કથા કહે, જનપદને કહે અથવા પચ્ચક્ખાણ આપે અથવા સ્વયં વાંચન કરે અથવા બીજાને સૂત્રો આપે, તેવો પડિલેહણમાં પ્રમત્ત સાધુ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ અને ત્રસ કાયના છએ પણ જીવોનો વિરાધક થાય છે. ॥૧-૨॥ (ઓઘનિ. ૨૭૩-૨૭૪)

સાધુ કોઈક કુંભાર આદિની વસતિમાં ઊતર્યા હોય અને અનુપયોગથી પડિલેહણ કરતા હોય તો કઈ રીતે છ કાયની વિરાધના થાય, તે બતાવે છે-

ઘડા આદિના પલોટ્ટણથી=પડિલેહણ કરતાં ઘડા આદિને ધક્કો લાગવાથી, પાણીના ઘડા આદિ પડવાથી, પાણીથી ભરાયેલો ઘડો ઢોળાવાથી, માટી (પૃથ્વી), અગ્નિ, બીજ (વનસ્પતિ) અને કુંથું આદિ (ત્રસ) જીવોની હિંસા થાય, અને તે ઘડામાં રહેલા પોરાઆદિ (ત્રસ) જીવોની હિંસા થાય અને ઈતર=વનસ્પતિની હિંસા થાય.

**ओमुय**=ઉલ્મૂકને=અગ્નિના ઊંબાડિયાને સંઘટ્ટ થાય અને **झामणया**=ઉલ્મૂકના ચાલનથી=ઊંબાડિયાના હાલવાથી વસ્ત્રાદિ સળગે તો સંયમની અને આત્માની વિરાધના થાય. ॥૩॥ (ઓઘનિ. ૨૭૫)

**इय**=આ રીતે, સાધુ દ્રવ્યથી છજીવનો વિરાધક થાય, અને ઈતરથા પણ=દ્રવ્યથી કોઈ વિરાધના ન થઈ હોય તોપણ, **भावओ**=ભાવથી વિરાધક થાય=પ્રમાદથી પડિલેહણ કરનાર સાધુ છકાય જીવનો ભાવથી વિરાધક થાય.

**पुण साहू**=વળી ઉપયોગવાળો સાધુ વિરાધનાની પ્રાપ્તિમાં **अवहओ**=અવધક છે=છકાય જીવની વિરાધના નહીં કરનારો છે. **इत्यादि** શબ્દથી આવા અન્ય પાઠોનો સંગ્રહ જાણવો. ॥૪॥ (ઓઘનિ.૨૭૬)

**तस्मात्** તે કારણથી, સર્વ વ્યાપારોમાં અપ્રમાદી સાધુ સુવિહિત છે=સુંદર વિહિત અનુષ્ઠાન છે જેનું એવો તે સુવિહિત છે. '**इति**' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :- ક્રિયામાં પ્રમાદી સાધુને ષટ્કાયની વિરાધના :**

શાસ્ત્રમાં કહ્યું છે કે પડિલેહણ આદિ સાધ્વાચારની કોઈપણ ક્રિયામાં સાધુ પ્રમાદથી યત્ન કરતા હોય તો છકાય જીવની વિરાધનાનો સંભવ છે, અને ક્વચિત્ દ્રવ્યથી કોઈપણ જીવની વિરાધના ન થાય તોપણ ભાવથી તે છકાય જીવની વિરાધનાવાળા છે. તેથી કોઈ જીવની હિંસા થાય કે ન થાય તોપણ સાધુની કોઈપણ ક્રિયામાં અત્યંત ઉપયુક્ત થઈને યત્ન ન હોય, તો છકાયની વિરાધનાકૃત કર્મબંધ સાધુને અવશ્ય થાય છે. માટે જે સાધુ સર્વવ્યાપારમાં અપ્રમાદી છે તે સાધુ જ સુવિહિત છે અર્થાત્ તે સાધુ સંયમના સુદૃઢ અનુષ્ઠાનવાળા છે. ॥૧૦૩॥

**અવતરણિકા :-**

**अथ कीदृगप्रमादी स्यादित्याह -**

**હવે કેવા સાધુ અપ્રમાદી થાય ? તે કહે છે –**

**ગાથા :-**

**रक्खइ वएसु खलिअं, उवउत्तो होइ समिइगुत्तीसु ।**
**वज्जइ अवज्जहेउं, पमायचरिअं सुथिरचित्तो ॥१०४॥**

रक्षति व्रतेषु स्खलितं, उपयुक्तो भवति समितिगुप्तिषु ।
वर्जयत्यवद्यहेतुं, प्रमादचरितं सुस्थिरचित्तः ॥१०४॥

**ગાથાર્થ :-**

**સુસ્થિરચિત્તવાળા વ્રતમાં સ્ખલિતની રક્ષા કરે છે=સ્ખલનાઓનો પરિહાર કરે છે, સમિતિ-ગુપ્તિમાં ઉપયુક્ત છે, અવદ્યના હેતુ=સાવદ્ય પ્રવૃત્તિના હેતુ, એવી પ્રમાદઆચરણાને વર્જન કરે છે. તે સાધુ અપ્રમાદી છે, એમ અન્વય છે. ॥૧૦૪॥**

**ટીકા :-**

**रक्षति-अकरणवुद्ध्या परिहरति व्रतेषु विषयभूतेषु स्खलितमतिचारम् । तत्र प्राणातिपातविरतौ त्रसस्थावरजन्तूनां संघट्टनपरितापनापद्रावणानि न करोति । मृषावादविरतौ सूक्ष्ममनाभोगादिना बादरं वञ्चनाभिसंधिनाऽलीकं न भाषते । अदत्तादानविरतौ सूक्ष्मं स्थानाद्यननुज्ञाप्य न करोति, बादरं स्वामिजीवतीर्थकरगुरुभिरननुज्ञातं नादत्ते नापि परिभुङ्क्ते । चतुर्थव्रते-**

''वसहिकहनिसिज्जिंदियकुडुंतरपुव्वकीलियपणीए ।
अइमायाहारविभूसणाइं नव बंभगुत्तीओ ॥''

इति नवगुप्तिसनाथं ब्रह्मचर्यं पालयति । पञ्चमव्रते सूक्ष्मं बालादिममत्वं न करोति, बादरमनेषणीयाहारादि न गृह्णाति, ''परिग्गहोऽणेसणग्गहणे'' इत्याप्तवचनात् । उपकरणं वा न मूर्छया समधिकं धारयति, ''मुच्छा परिग्गहो वुत्तो'' इति वचनात् । रात्रिभक्तविरतौ सूक्ष्मं शुष्कसंनिधिमपि न रक्षति, बादरं तु- ''दिवागहियं दिवाभुत्तं, दिवागहियं राओभुत्तं, राओगहियं दिवाभुत्तं, राओगहियं राओभुत्तं'' इति चतुर्विधामपि रात्रिभुक्तिं न करोति, एवं सर्वव्रतेषु स्खलितं रक्षति । तथोपयुक्तो-दत्तावधानो भवति समितिषु प्रवीचाररूपासु ।

उक्तं च-

''समिओ नियमा गुत्तो, गुत्तो समियत्तणंमि भइयव्वो ।
कुसलवइमुदीरंतो जं वइगुत्तोवि समिओ वि ॥''

गुप्तिष्वप्रवीचारप्रवीचाररूपासु उपयुक्तता चासु प्रवचनमात्रध्ययनोक्तविधिना विज्ञेया । किं बहुना, वर्जयत्यवद्यहेतुं-परिहरति पापकारणं प्रमादचरितं सुस्थिरचित्त इति स्पष्टार्थमेवेति । ( धर्मरत्न प्रकरण गाथा ११३ )

**ટીકાર્થ :-**

સાધુ અકરણબુદ્ધિથી=ફરી પાપ નહિ કરવાના પરિણામથી, વ્રતના વિષયભૂતમાં સ્ખલિત થયેલા અતિચારોનો પરિહાર કરે છે. ત્યાં=પાંચ મહાવ્રતોના વિષયમાં પ્રાણાતિપાતવિરતિવિષયક ત્રસ-સ્થાવર જંતુનાં સંઘટ્ટન, પરિતાપના, અપદ્રાવણા કરતા નથી. મૃષાવાદવિરતિવિષયક અનાભોગાદિથી સૂક્ષ્મ અને વંચના અભિસંધિથી=ઠગવાના અધ્યવસાયથી બાદર અલીક=જૂઠું બોલતા નથી. અદત્તાદાનવિરતિ વિષયક સૂક્ષ્મ અતિચારનું વર્જન કરતા, સ્થાનાદિને અનુજ્ઞા વગર ગ્રહણ કરતા નથી અર્થાત્ જેની વસતિમાં ઊતર્યા હોય તેની યાચના કરીને લીધેલી વસતિ કરતાં લેશ પણ અધિક વસતિનો ઉપયોગ, તેના માલિકની અનુજ્ઞા લીધા વિના સાધુ કરતા નથી, તે અદત્તાદાનના સૂક્ષ્મ અતિચારનું વર્જન છે. બાદર અતિચાર તે સ્વામી, જીવ, તીર્થંકર અને ગુરુ વડે અનનુજ્ઞાત તે ગ્રહણ કરતા નથી અને પરિભોગ પણ કરતા નથી અર્થાત્ સ્વામી આદિ ચાર અદત્તાદાનના દોષોનું સેવન બાદર અતિચાર છે, અને તેનો સાધુ પરિહાર કરે છે.

ચતુર્થવ્રતમાં 'વસહિ' ઈત્યાદિ ગાથામાં કહેલ નવગુપ્તિથી યુક્ત બ્રહ્મચર્યનું સાધુ પાલન કરે છે. વસહિ ઈત્યાદિ ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

વસતિ, કથા, નિષદ્યા, ઈન્દ્રિય, કુડ્યંતર=દિવાલ અંતર, પૂર્વક્રીડિત, પ્રણીત, અતિમાત્ર આહારવિભૂષાદિ નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ છે.

(૧) વસહિ=વસતિ=સ્ત્રી, નપુંસક, પશુ આદિથી યુક્ત વસતિમાં સાધુ ન ઊતરે એ બ્રહ્મચર્યની ગુપ્તિ છે.

(૨) કથા=સ્ત્રીકથા સાધુ ન કરે.

(૩) નિષદ્યા=સ્ત્રીના બેઠેલા આસન ઉપર સાધુ તુરત ન બેસે.

(૪) ઈન્દ્રિય=સાધુ ઈન્દ્રિયો સંવૃત કરીને બેસે, જેથી કામના વિકારો ન ઊઠે.

(૫) કુડ્યંતર=પોતે ઊતરેલા સ્થાનની દીવાલની પાછળ સ્ત્રી-પુરુષની વાત સંભળાય તેવા સ્થાનમાં સાધુ ન ઊતરે.

(૬) **पुव्वकीलिय**=પૂર્વમાં કરેલી કામક્રીડાનું સ્મરણ સાધુ ન કરે.

(૭) પ્રણીત=ઇન્દ્રિયોને આહ્લાદ કરે તેવું ભોજન સાધુ ન કરે.

(૮) અતિમાત્ર આહાર=પૂર્ણ ઉદરપ્રમાણ આહાર સાધુ ન કરે.

(૯) વિભૂષા=શરીરને સુશોભિત કરે તેવાં વસ્ત્રો સાધુ ધારણ ન કરે.

આ પ્રકારની નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ છે.

સાધુ પાંચમા વ્રતમાં બાલાદિના મમત્વરૂપ સૂક્ષ્મ અતિચારને કરતા નથી, અને બાદર અતિચારરૂપ અનેષણીય આહાર આદિ=દોષિતભિક્ષા આદિ ગ્રહણ કરતા નથી.

અહીં પ્રશ્ન થાય કે અનેષણીય આહારને પરિગ્રહનો અતિચાર કેમ કહ્યો ? તેથી કહે છે- અનેષણીયનું ગ્રહણ પરિગ્રહ છે, એ પ્રકારનું આપ્તવચન હોવાથી અનેષણીય આહાર આદિ પાંચમા વ્રતનો બાદર અતિચાર છે.

અથવા તો મૂર્ચ્છાથી અધિક ઉપકરણને સાધુ ધારણ કરતા નથી.

અહીં પ્રશ્ન થાય કે મૂર્ચ્છાથી અધિક ઉપકરણ ધારણ કરે તે પાંચમા વ્રતનો બાદર અતિચાર કેમ કહ્યો ? તેથી કહે છે- 'મૂર્ચ્છા પરિગ્રહ કહેવાયો છે' એ પ્રકારનું વચન હોવાથી મૂર્ચ્છાથી ગ્રહણ કરાયેલું ઉપકરણ પાંચમા વ્રતનો બાદર અતિચાર છે.

સાધુ રાત્રિભોજનની વિરતિમાં શુષ્કસંનિધિ પણ રાખતો નથી, એ સૂક્ષ્મ અતિચારનો પરિહાર છે.

**રાત્રિભોજનની વિરતિમાં સૂક્ષ્મ-બાદર અતિચારની ચતુર્ભંગી :**

(૧) દિવસમાં ગૃહીત દિવસમાં પણ રાગ-દ્વેષથી વાપરવું.

(૨) દિવસમાં ગૃહીત રાત્રિમાં વાપરવું.

(૩) રાત્રિમાં ગૃહીત દિવસમાં વાપરવું.

(૪) રાત્રિમાં ગૃહીત રાત્રિમાં વાપરવું.

એ ચારે પણ પ્રકારનું રાત્રિભોજન સાધુ કરતા નથી, એ રાત્રિભોજનના બાદર અતિચારના વર્જનરૂપ છે,

આ રીતે=પૂર્વમાં બતાવ્યું એ રીતે, સર્વ વ્રતોમાં=છએ વ્રતોમાં, સ્ખલિતની=સ્ખલનાની સાધુ રક્ષા કરે છે=અતિચારનું વર્જન કરે છે, અને પ્રવીચારરૂપ=પ્રવૃત્તિરૂપ, સમિતિઓમાં ઉપયુક્ત=દત્ત અવધાન-વાળા=અત્યંત ઉપયોગવાળા હોય છે.

પૂર્વમાં કહ્યું કે પ્રવીચારરૂપ સમિતિમાં અપ્રમાદી સાધુ ઉપયોગવાળા હોય છે. તેમાં **'उक्तं च'** થી સાક્ષી આપે છે-

સમિતિવાળા નિયમા ગુપ્ત હોય, ગુપ્તની સમિતિમાં ભજના જાણવી=વિકલ્પ જાણવો અર્થાત્ ગુપ્તિવાળા સમિતિવાળા હોય પણ અને ન પણ હોય, એવી ભજના જાણવી.

અહીં પ્રશ્ન થાય કે સમિતિવાળા નિયમા ગુપ્ત કેમ હોય ? તેથી કહે છે-

જે કારણથી કુશલ વચનને ઉદીરણા કરતા=કુશલ વચનને બોલતા, વચનગુપ્ત પણ છે અને સમિતિવાળા પણ છે=ભાષાસમિતિવાળા પણ છે.

**આ ગાથાથી એ ફલિત થયું કે અપ્રમાદી સાધુ સમિતિઓમાં ઉપયોગવાળા હોય છે; કેમ કે અપ્રમાદી સાધુ હંમેશાં સંવૃત ભાવવાળા હોય છે તેથી ગુપ્તિવાળા હોય છે, અને ગુપ્તિવાળા કોઈપણ પ્રવૃત્તિ કરે તો ઉપયોગપૂર્વક કરે. તે અર્થને બતાવવા માટે પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે કુશલ વચનની ઉદીરણા કરતા વચનગુપ્ત પણ છે અને સમિતિવાળા પણ છે. તેથી અર્થથી એ ફલિત થયું કે અપ્રમાદી સાધુ ગુપ્ત હોવાના કારણે સમિતિમાં અત્યંત ઉપયુક્ત હોય છે. તેથી પ્રસ્તુત ઉદ્ધરણથી અપ્રમાદી સાધુ સમિતિમાં અત્યંત ઉપયુક્ત હોય છે તેની પુષ્ટિ થાય છે.**

**અને અપ્રવીચાર-પ્રવીચારરૂપ આ ગુપ્તિમાં ઉપયુક્તતા પ્રવચનમાતાને કહેનાર અધ્યયનમાં કહેવાયેલી વિધિ વડે જાણવી.**

**વધારે શું કહેવું ? અવદ્યહેતુનું વર્જન કરે છે=પાપનું કારણ એવી પ્રમાદઆચરણાનો સુસ્થિરચિત્તવાળા સાધુ ત્યાગ કરે છે, એ પ્રમાણે સ્પષ્ટ અર્થ જ છે=એ પ્રમાણે પ્રસ્તુત ગાથાનો સ્પષ્ટ અર્થ છે. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :- પાંચ મહાવ્રતના અતિચારો :**

અપ્રમાદી સાધુ હંમેશાં પાંચ મહાવ્રતો અને છઠ્ઠા રાત્રિભોજન વિરમણવ્રત વિષયક સૂક્ષ્મ અને બાદર અતિચારનો પરિહાર કરે છે.

પ્રથમ પ્રાણાતિપાતવિરમણ મહાવ્રતમાં પોતાની કોઈપણ પ્રવૃત્તિથી ત્રસ અને સ્થાવર જીવને સંઘટ્ટન, પરિતાપન કે અપદ્રાવણ ન થાય તે રીતે મન, વચન અને કાયાની સુદૃઢ પ્રવૃત્તિ કરે છે, જેથી પ્રથમ મહાવ્રતના અતિચારોથી રક્ષણ થાય છે.

બીજા મૃષાવાદવિરમણ મહાવ્રતમાં અનાભોગઆદિથી મૃષાવાદ ન લાગે તે રીતે ઉપયુક્ત થઈને બોલે છે. જેમ પોતાને કોઈ પ્રવૃત્તિમાં ઊંઘ આવતી હોય અને કોઈ કહે કે ''ઊંઘે છે ?'' ત્યારે તે કહે કે ''નથી ઊંઘતો''. તે અનાભોગથી કે સહસાત્કારથી બોલાયું હોય તો બીજા મહાવ્રતમાં સૂક્ષ્મ અતિચાર છે, જો બીજાને ઠગવાના આશયથી બોલાયું હોય તો તે બાદર અતિચાર છે, અને આવા અતિચારોને જાણીને અપ્રમાદી સાધુ તે અતિચારોનો પરિહાર કરે છે.

ત્રીજા અદત્તાદાનવિરમણ મહાવ્રતમાં અનાભોગ આદિથી અતિચાર ન લાગે તે રીતે સાધુ પ્રવૃત્તિ કરે છે. જેમ યાચના કરીને જેટલી વસતિ લીધી હોય તેનાથી લેશ પણ અધિક વસતિનો ઉપયોગ માલિકને પૂછ્યા વગર અનાભોગથી પણ કરે તો ત્રીજા અદત્તાદાનવિરમણ મહાવ્રતમાં સૂક્ષ્મ અતિચાર લાગે. સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરુઅદત્ત એ ચારે પ્રકારના અદત્તાદાનમાંથી કોઈપણ અદત્તાદાનને સેવે તો બાદર અતિચાર લાગે. અપ્રમાદી સાધુ સૂક્ષ્મ અને બાદર અતિચારને જાણીને અપ્રમાદભાવથી તે અતિચારોનો પરિહાર કરે છે.

ચોથા મહાવ્રતમાં બ્રહ્મચર્યની નવ વાડમાં ક્યાંય સ્ખલના ન થાય તે રીતે યત્ન કરે છે.

પાંચમા પરિગ્રહવિરમણ મહાવ્રતમાં અનાભોગ આદિથી અતિચાર ન લાગે તે રીતે સાધુ પ્રવૃત્તિ કરે છે. જેમ બાળક આદિને કાલુંઘેલું બોલતો જોઈને અનાભોગાદિથી સહેજ પણ મમત્વ થાય તો પાંચમા અપરિગ્રહ મહાવ્રતમાં સૂક્ષ્મ અતિચાર લાગે. વળી, ભિક્ષા-વસ્ત્ર-પાત્ર આદિ કંઈપણ અનેષણીય ગ્રહણ કરે=દોષિત ગ્રહણ કરે કે મૂર્च્છાથી અધિક ઉપકરણ ગ્રહણ કરે તો પાંચમા વ્રતમાં બાદર અતિચાર લાગે. અપ્રમાદી સાધુ અત્યંત ગુપ્ત થઈને પાંચમા મહાવ્રતના અતિચારોના પરિહાર માટે યત્ન કરે છે.

રાત્રિભોજનની વિરતિમાં સૂકા પદાર્થો પોતાની પાસે રાખે તો સૂક્ષ્મ અતિચાર લાગે. દિવસગૃહીત દિવસભુક્ત, આદિ ચાર વિકલ્પોથી બાદર અતિચાર લાગે. તે આ રીતે-

(૧) દિવસે લાવેલો આહાર હોય અને દિવસે જ રાગથી કે દ્વેષથી વાપરે તો રાત્રિભોજનવિરમણવ્રતમાં અતિચાર લાગે છે; કેમ કે રાગ કે દ્વેષથી વાપરવાથી સંયમની મલિનતા થાય છે.

(૨) દિવસમાં લાવેલો આહાર હોય અને રાત્રે વાપરતા હોય તોપણ રાત્રિભોજનવિરમણવ્રતમાં અતિચાર લાગે છે. અહીં દિવસમાં ગ્રહણ કરાયેલું અનાભોગ કે સાહસાત્કારથી લગભગ વેળાએ ખાધેલું ગ્રહણ કરવું, જે અતિચારરૂપ છે, અને રાત્રે ખાતા હોય તો છઠ્ઠું રાત્રિભોજનવિરમણવ્રત નાશ પામે છે.

(૩) રાત્રે ગ્રહણ કરેલું હોય અને દિવસે ખાધું હોય. જેમ સવારમાં સૂર્યોદય પહેલાં કે નવકારશી પહેલાં ગ્રહણ કરેલું હોય તો તે રાત્રિગૃહીત અન્ન છે, અને દિવસના તેનો ઉપયોગ કરે તોપણ રાત્રિભોજનવિરમણવ્રતમાં અતિચાર લાગે છે.

(૪) રાત્રે ગ્રહણ કર્યું હોય અને રાત્રે ખાધું હોય. જેમ સાંજના સમયે લગભગ વેળાએ આહાર ગ્રહણ કર્યો હોય તો તે રાત્રિગૃહીતમાં આવે, અને લગભગ વેળાએ વાપર્યું હોય તો તે રાત્રિભુક્તમાં આવે. આ રીતે રાત્રિગૃહીત અને રાત્રિભુક્ત હોય તોપણ રાત્રિભોજનવિરમણવ્રતમાં અતિચાર લાગે છે.

આ ચારેય વિકલ્પોથી લાગતા બાદર અતિચારનો સાધુ પરિહાર કરે છે. વળી, વચનથી અને કાયાથી કોઈપણ પ્રવૃત્તિ કરવાની હોય તો અપ્રમાદી સાધુ સમિતિમાં ઉપયુક્ત થઈને યત્ન કરે છે. તે સમિતિ પ્રવૃત્તિઆત્મક છે તે બતાવવા માટે પ્રવીચારરૂપ સમિતિ કહેલ છે. જ્યારે ગુપ્તિ અપ્રવૃત્તિઆત્મક અને પ્રવૃત્તિઆત્મક બન્ને છે, તે બતાવવા માટે અપ્રવીચાર-પ્રવીચારરૂપ ગુપ્તિ કહેલ છે. અપ્રમાદી સાધુ શાસ્ત્રવચન અનુસાર ગુપ્તિઓમાં ઉપયુક્ત હોય છે અર્થાત્ ક્ષણભર પણ પ્રમાદ વગર સમભાવની વૃદ્ધિ થાય તે રીતે ધ્યાન-અધ્યયનમાં પ્રવૃત્ત હોય ત્યારે અપ્રવીચારરૂપ ગુપ્તિઓ વર્તતી હોય છે; અને કોઈક કારણસર બોલવાનો પ્રસંગ હોય કે કોઈક કારણસર કાયાથી પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ હોય ત્યારે આત્માને અત્યંત સંવૃત કરીને અર્થાત્ કર્મબંધને અનુકૂળ કોઈ પ્રમાદભાવ ન ઊઠે તે રીતે ઉપયુક્ત થઈને તે કાયિક કે વાચિક ક્રિયા કરતા હોય તો તે કાયિક કે વાચિક ક્રિયાને આશ્રયીને સમિતિવાળા પણ છે, અને તે ક્રિયાકાળમાં ક્રિયાના બળથી આત્માને ગુપ્ત રાખે છે, તેથી પ્રવીચારરૂપ ગુપ્તિવાળા પણ છે. ॥૧૦૪॥

**અવતરણિકા :-**

વળી, અપ્રમાદી સાધુનું જ વિશેષ સ્વરૂપ બતાવે છે –

**ગાથા :-**

**कालंमि अणूणहिअं, किरियंतरविरहिओ जहासुत्तं ।**
**आयरइ सव्वकिरियं, अपमाई जो इह चरित्ती ॥१०५॥**

कालेऽन्यूनाधिकां, क्रियान्तरविरहितो यथासूत्रम् ।
आचरति सर्वां क्रियामप्रमादी य इह चारित्री ॥१०५॥

**અન્વયાર્થ :-**

**इह**=અહીં=સંયમજીવનમાં **किरियंतरविरहिओ**=ક્રિયાન્તરથી વિરહિત એવો **जो अपमाइ**=જે અપ્રમાદી સાધુ, **कालंमि**=ઉચિત કાળમાં **अणूणहिअं सव्वकिरियं**=અન્યૂન અનધિક સર્વક્રિયાને **जहासुत्तं**=યથાસૂત્ર= સૂત્ર અનુસારે **आचरितं**=આચરે છે **चरित्ती**=તે ચારિત્રી છે.

**ગાથાર્થ :-**

**અહીં=સંયમજીવનમાં, ક્રિયાન્તરથી વિરહિત એવો જે અપ્રમાદી સાધુ ઉચિત કાળમાં અન્યૂન અનધિક સર્વક્રિયાને સૂત્ર અનુસારે આચરે છે, તે ચારિત્રી છે. ॥૧૦૫॥**

* મૂળગાથામાં '**जो**' શબ્દ છે, તેથી '**सो**' અધ્યાહાર છે. તેથી **सो चरित्ती** એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય. ॥૧૦૫॥

**ટીકા :-**

**काले-अवसरे यो यस्याः प्रत्युपेक्षणादिक्रियायाः प्रस्तावस्तस्मिन्नित्यर्थः, कालमन्तरेण कृष्यादयोऽपि नेष्टसिद्धये स्युरित्यतः काले सर्वां क्रियां करोतीति योगः । कथंभूताम् ? अन्यूनाधिकां- न प्रमादातिशयादूनां नापि शून्यचित्ततया समधिकां करोति, अवसन्नताप्रसङ्गात् ।**

यदाहुः श्रीभद्रबाहुस्वामिपादाः-

**आवस्सयाइयाइं न करे, अहवा विहीणमहियाइं ।**
**गुरुवयणबलाइ तहा, भणिओ एसो उ ओसन्नो ॥**

**तथा 'क्रियान्तरविरहित' इति । एकस्याः क्रियाया द्वितीया क्रिया क्रियान्तरम्, तेन विरहितः, प्रत्युपेक्षणादि कुर्वन्न स्वाध्यायं करोति, स्वाध्यायं कुर्वन्न वस्त्रपात्रादिपरिकर्म गमनादि वेति । अत एवोक्तमार्षे-**

**इंदियत्थे विसज्जित्ता, सज्झायं चेव पंचहा ।**
**तम्मुत्ती तत्पुरक्कारे, उवउत्ते रियं रिए ( संजए इरिअं रिए ) ॥**

'यथासूत्रम्' इति सूत्रस्यानतिक्रमेण यथासूत्रम् । तत् पुनः-

सूत्तं गणहररइयं, तहेव पत्तेयबुद्धरइयं च ।

सुयकेवलिणा रइयं, अभिन्नदसपुव्विणा रइयं ॥ इति

**एषां च निश्चयतः सम्यग्दृष्टित्वेन सद्भूतार्थवादित्वाद्, अन्यग्रथितमपि तदनुयायि प्रमाणमेव, न पुनः शेषमिति, आचरति सर्वक्रियामप्रमादी य इह चारित्रीति सुगममेवेति ॥११४॥ धर्मरत्न-प्रकरण ॥**

**ટીકાર્થ :-**

કાલમાં=અવસરમાં=જે પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાનો પ્રસ્તાવ છે તેમાં સર્વક્રિયાને કરે છે, એ પ્રમાણે સંબંધ છે. અહીં પ્રશ્ન થાય કે "कालंमि" કેમ કહ્યું ? તેથી કહે છે-

કાળ વગર ખેતી આદિ પણ ઈષ્ટસિદ્ધિ માટે થતાં નથી. એથી કરીને સાધુ પ્રત્યુપેક્ષણાદિક સર્વક્રિયાઓ કાળે કરે છે, તેમ કહેલ છે. કેવા પ્રકારની ક્રિયા કરે છે ? એથી કહે છે-

અન્યૂન અનધિક=ન્યૂન પણ નહિ અને અધિક પણ નહિ તેવી ક્રિયા કરે છે. તે જ સ્પષ્ટ કરે છે- પ્રમાદના અતિશયથી ન્યૂન કરતા નથી, વળી, શૂન્યચિત્તપણાને કારણે અધિક કરતા નથી; કેમ કે ન્યૂન કે અધિક કરે તો અવસન્નતાનો પ્રસંગ છે=શિથિલાચારીપણાનો પ્રસંગ છે=ક્રિયામાં સિદાતા છે.

જે કારણથી શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે-

આવશ્યક આદિ ક્રિયાઓ ન કરે અથવા હીન કરે કે અધિક કરે અને ગુરુવચનના બળથી=દબાણથી કરે, આ=આવા સાધુ અવસન્ન કહેવાયા છે અર્થાત્ શિથિલ આચારવાળા કહેવાયા છે.

મૂળ ગાથાના "कालंमि अणूणहिअं"નો અર્થ પૂર્વમાં બતાવ્યો. હવે "किरियंतरविरहिओ"નો અર્થ કરે છે-

અને "ક્રિયાન્તરથી વિરહિત" અપ્રમાદી ચારિત્રી છે.

ક્રિયાન્તર વિરહિતનો અર્થ સ્પષ્ટ કરે છે- એક ક્રિયાથી બીજી ક્રિયા એટલે ક્રિયાન્તર. તેનાથી રહિત ક્રિયાન્તરવિરહિત. ક્રિયાન્તર વિરહિતનો સમાસ ખોલીને હવે અપ્રમાદી સાધુ કેવા પ્રકારની ક્રિયાન્તરને કરતા નથી, એ બતાવે છે-

પ્રત્યુપેક્ષણાદિ કરતા સ્વાધ્યાયને કરતા નથી, સ્વાધ્યાયને કરતા વસ્ત્રપાત્રાદિ પડિલેહણ અથવા ગમનાદિ કરતા નથી. આથી કરીને જ=અપ્રમાદી સાધુ ક્રિયાન્તરવિરહિત હોય છે આથી કરીને જ, આર્ષમાં=આગમમાં કહેવાયું છે-

इंदियत्थे=ઇન્દ્રિયોના અર્થોને અને પાંચ પ્રકારના સ્વાધ્યાયને વર્જન કરીને तम्मुत्ती=તન્મૂર્તિ=ઈર્યાની મૂર્તિ=ઈર્યાસમિતિમાં જ પ્રવૃત્ત શરીરવાળા, तत्पुरक्कारे=ઉપયોગથી ઈર્યાસમિતિને જ પુરસ્કાર કરનારા= ઈર્યાસમિતિમાં જ યત્ન કરનારા, संजए=સંયમવાળા, इरिअं रिए=ઈર્યાસમિતિમાં પ્રયત્ન કરે છે.

* उवउत्ते रियं रिए ના સ્થાને "संजए इरिअं रिए" પાઠ ઉત્તરાધ્યયન સૂત્રમાં (અ. ૨૪ ગા. ૮) છે અને તે પ્રમાણે અહીં અર્થ કરેલ છે.

ગાથા-૧૦૫માં "कालंमि अणूणहिअं किरयंतरविरहिओ" સુધીનું વર્ણન ઉપર કર્યું. હવે 'जहासुत्तं'થી ગાથાના અવશિષ્ટ ભાગનું વર્ણન કરે છે-

**'यथासूत्रम्' એટલે સૂત્રના અનતિક્રમથી=સૂત્રના ઉલ્લંઘન વગર, જે અપ્રમાદી અહીં=લોકમાં સર્વક્રિયાને આચરે છે, તે ચારિત્રી છે. એ પ્રમાણે ટીકામાં નીચે યોજન છે. પરંતુ અર્થ સુગમ છે, માટે અવશિષ્ટ ભાગની ટીકા કરી નથી.**

**'जहासुत्तं'નો જે અર્થ પૂર્વમાં કર્યો તેના તાત્પર્યને સ્પષ્ટ કરવા માટે કહે છે-**

**'तत् पुनः' તે=સૂત્ર, વળી શું છે ? તે બતાવે છે–**

**ગણધરરચિત સૂત્ર છે અને तहेव=તે પ્રમાણે જ=જે પ્રમાણે ગણધરરચિત છે તે પ્રકારે જ, અભિન્નદસપૂર્વીથી રચિત છે, પ્રત્યેકબુદ્ધરચિત છે, શ્રુતકેવલીથી રચિત છે.**

**'इति' ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**અને=એઓનું=ગણધરાદિ સૂત્રરચનારાઓનું, નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિપણું હોવાના કારણે સદ્ભૂતાર્થ-વાદીપણું હોવાથી પ્રમાણ જ છે=તેઓનું રચેલું સૂત્ર પ્રમાણ જ છે, અને અન્યથી રચાયેલું પણ તેઓના સૂત્રને અનુસરનારું પણ પ્રમાણ જ છે, વળી શેષ નહિ.**

**'शेषमिति' શબ્દમાં 'इति' શબ્દ 'यथासूत्रम्'ના તાત્પર્યની સમાપ્તિ માટે છે અને 'सुगममेव' શબ્દ પછી 'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :- અપ્રમાદી સાધુનું સ્વરૂપ :**

અપ્રમાદી સાધુ દરેક ક્રિયા ઉચિત કાળે કરે છે અને જે ક્રિયા કરે છે તે પણ ન્યૂન કે અધિક કરતા નથી; કેમ કે જે ક્રિયા કરવાની છે તેનાથી ન્યૂન કરે તો પ્રમાદભાવ પોષાય અને ઉપયોગની શૂન્યતાનો કારણે તે ક્રિયા ફરી કરે અર્થાત્ અધિક કરે તો તે ક્રિયાથી નિર્જરાની પ્રાપ્તિ થાય નહિ. ઉપયોગની શૂન્યતા તે દોષ છે, તેથી સાધુ ન્યૂન કે અધિક ક્રિયા કરતા નથી. વળી, અપ્રમાદી સાધુ ક્રિયાકાળમાં અન્ય ક્રિયામાં મનોયોગ, વચનયોગ કે કાયયોગ પ્રવર્તાવતા નથી, પરંતુ જે સમયે જે ક્રિયા ઉચિત હોય તે ક્રિયામાં જ સૂત્ર અનુસાર મન, વચન અને કાયયોગને પ્રવર્તાવતા હોય છે.

વળી, કોઈ સાધુ સંયમયોગમાં અપ્રમાદભાવથી યત્ન કરતા હોય અને દેહમાં જ્વરરૂપ મધ્યમ વિઘ્ન આવે તો સંયમયોગની ક્રિયાઓ શિથિલ થાય, અને તે શિથિલતા દૂર કરવા માટે કલ્યાણના અર્થી સાધુ 'હું દેહથી પૃથગ્ છું' ઈત્યાદિ ભાવનાઓ દ્વારા સંયમની શિથિલતાને દૂર કરવા યત્ન કરે; આમ છતાં, જ્વરની પ્રબળતાને કારણે સંયમયોગમાં સુદૃઢ યત્ન થઈ શકે નહિ તો હિતાહાર-મિતાહાર દ્વારા રોગને દૂર કરવા પણ યત્ન કરે, જેથી સંયમયોગની પ્રવૃત્તિમાં થતી સ્ખલનાઓ દૂર થાય.

અહીં વિશેષ એ છે કે સાધુ અંત, પ્રાંત અને તુચ્છ આહાર કરીને સંયમમાં યત્ન કરતા હોય છે, તેના કારણે પણ રોગ થવાની સંભાવના રહે છે; અને શરીરમાં થયેલ રોગ યોગમાર્ગની પ્રવૃત્તિને બાધ કરે તો યોગમાર્ગની પ્રવૃત્તિમાં તે મધ્યમ વિઘ્ન છે. જ્યારે તે વિઘ્ન યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધ કરતું

જણાય ત્યારે સાધુ હિતાહાર-મિતાહાર દ્વારા તે રોગને દૂર કરીને સંયમયોગની પ્રવૃત્તિને દૃઢ કરવા યત્ન કરે છે.

વળી, અપ્રમાદી સાધુ દરેક ક્રિયા માત્ર બાહ્ય આચરણાથી સૂત્ર અનુસાર કરતા નથી, પરંતુ અંતરંગ રીતે સમભાવનું કારણ બને તે રીતે કરે છે, જેથી ક્રિયાઓ દ્વારા તેઓના સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે.

વળી, 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની સાક્ષી આપી અને બતાવ્યું કે સાધુ ગમનઆદિ ક્રિયા કરતા હોય ત્યારે પાંચેય ઇન્દ્રિયો કોઈ વિષય સાથે જોડાય નહિ તે રીતે સંવૃત રાખે છે, અને પાંચ પ્રકારના સ્વાધ્યાયમાંથી કોઈપણ પ્રકારના સ્વાધ્યાયમાં મન ત્યારે ઉપયુક્ત ન બને તે રીતે યત્ન કરે છે; કેમ કે કોઈપણ અન્ય ક્રિયામાં જો ઉપયોગ હોય તો ઈર્યાસમિતિનું સમ્યગ્ પાલન થઈ શકે નહિ. તેથી એ ફલિત થાય કે અપ્રમાદી સાધુ ઈર્યાની મૂર્તિરૂપ હોય છે અને તેમનું મન ઈર્યાસમિતિને આગળ કરીને પ્રવર્તે છે. તેથી તેઓ મન-વચન-કાયાના ત્રણેય યોગોથી ગુપ્ત થઈને જગતના જીવમાત્ર પ્રત્યે આત્મવત્ બુદ્ધિ ઉલ્લસિત થાય તે રીતે ભૂમિને જોતા જોતા ગમન કરે છે.

અપ્રમાદી સાધુ જે રીતે ઈર્યાસમિતિનું સમ્યગ્ પાલન કરીને ગમનની ક્રિયા કરે છે તે રીતે સંયમની સર્વ ક્રિયાઓ પણ અપ્રમાદભાવથી કરે છે. આથી અપ્રમાદી સાધુ સૂવાની ક્રિયા પણ સંયમની વૃદ્ધિ થાય તે રીતે કરે છે, પરંતુ પ્રમાદભાવ પોષાય તે રીતે કરતા નથી, એમ અર્થથી ફલિત થાય છે. ॥૧૦૫॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૦૧માં કહ્યું કે શ્રદ્ધાળુ સાધુ ક્રિયામાં અપ્રમત્ત હોય છે અને તેની પુષ્ટિ માટે ધર્મરત્નપ્રકરણની સાક્ષી આપતાં ગાથા-૧૦૨માં કહ્યું કે જે સાધુ પ્રમાદવાળા હોય તેને વિદ્યાસાધકની જેમ અનર્થની પ્રાપ્તિ થાય છે, તેથી સાધુએ પ્રમાદ કરવો જોઈએ નહીં. તેની પુષ્ટિ કરવા માટે ગાથા-૧૦૩માં કહ્યું કે જે સાધુ પ્રમાદી છે તે છકાયના વિરાધક છે, માટે પણ સાધુએ પ્રમાદ કરવો જોઈએ નહીં. તેથી પ્રશ્ન થાય કે અપ્રમાદી સાધુ કેવા હોય ? માટે તે વાત ગાથા-૧૦૪-૧૦૫માં બતાવી. હવે સાધુનો અપ્રમાદભાવ મોક્ષનું કારણ કઈ રીતે થાય છે ? તે દૃષ્ટાંતથી બતાવે છે –**

**ગાથા :-**

**जह णिव्विग्घं सिग्घं, गमणं मग्गन्नुणो णगरलाभे ।**
**हेऊ तह सिवलाभे, णिच्चं अपमायपरिवुड्ढी ॥१०६॥**

यथा निर्विघ्नं शीघ्रं गमनं मार्गज्ञस्य नगरलाभे ।
हेतुस्तथा शिवलाभे नित्यमप्रमादपरिवृद्धिः ॥१०६॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે માર્ગના જાણનારનું નિર્વિઘ્ન શીઘ્ર ગમન નગરલાભમાં=ઇષ્ટસ્થાનની પ્રાપ્તિમાં, હેતુ છે, તે પ્રમાણે નિત્ય અપ્રમાદની પરિવૃદ્ધિ=સંયમયોગમાં દરેક ક્રિયાવિષયક અપ્રમાદની વૃદ્ધિ, શિવલાભમાં=મોક્ષની પ્રાપ્તિમાં, હેતુ છે. ॥૧૦૬॥**

**ટીકા :-**

**यथा निर्विघ्नं व्याक्षेपत्यागनेन शीघ्रमविलम्बेन गमनं मार्गज्ञस्य=पथः प्रध्वरवक्रादिप्रदेशवेत्तुः नगरलाभे हेतुः, तथा नित्यं=सर्वदाऽप्रमादपरिवृद्धिः प्रव्रज्याप्रतिपत्तिकालादारभ्योत्तरोत्तरगुणस्थानारोहणक्रमेण प्रवर्द्धमानपरिणामरूपा शिवलाभे हेतुः, अत एव यावन्तं कालं न मूलोत्तरगुणस्खलना तावानेव कालो निश्चयतः प्रव्रज्यापर्यायः परिगण्यते, तदुक्तमुपदेशमालायाम्**

''न तहिं दिवसा पक्खा मासा वरिसा व से गणिज्जंति ।
जे मूलउत्तरगुणा अक्खलिआ ते गणिज्जंति ॥'' ( ४७९ )

**इत्थं चाप्रमत्ततैव सर्वत्र भगवता प्रशस्तेत्युपपन्नम् ( उपदेशरहस्य गा. १८४ )**

**ટીકાર્થ :-**

**જે પ્રમાણે વ્યાક્ષેપના ત્યાગથી નિર્વિઘ્ન માર્ગના જાણનારનું=માર્ગના પ્રધ્વર-વક્રઆદિ પ્રદેશના જાણનારનું=સીધા અને વળાંકઆદિ સ્થાનના જાણનારનું, શીઘ્ર=અવિલંબથી, ગમન નગરની પ્રાપ્તિમાં હેતુ છે; તે પ્રમાણે નિત્ય=સર્વદા, અપ્રમાદની પરિવૃદ્ધિ=પ્રવ્રજ્યાના સ્વીકારના કાળથી માંડીને ઉત્તરોત્તર ગુણ-સ્થાનકના આરોહણના ક્રમથી પ્રવર્ધમાન પરિણામરૂપ અપ્રમાદની પરિવૃદ્ધિ, શિવલાભમાં=મોક્ષની પ્રાપ્તિમાં, હેતુ છે. આથી જ=નિત્ય અપ્રમાદની પરિવૃદ્ધિ શિવલાભમાં હેતુ છે આથી જ, જેટલા કાળ સુધી મૂળ-ઉત્તરગુણની સ્ખલના નથી, તેટલો જ કાળ નિશ્ચયથી=નિશ્ચયનયથી પ્રવ્રજ્યાનો પર્યાય ગણાય છે, તે=નિશ્ચયનયથી સ્ખલના વગરનો કાળ પ્રવ્રજ્યાપર્યાય છે તે, ઉપદેશમાળામાં કહેવાયું છે.**

से=તેના=પ્રવ્રજિતના, तहिं=પ્રવ્રજ્યામાં, દિવસ, પક્ષ, માસ અથવા વર્ષ ગણાતાં નથી, મૂળ-ઉત્તરગુણ અસ્ખલિત એવા જે દિવસ આદિ છે, તે ગણાય છે=દીક્ષાના પર્યાય તરીકે ગણાય છે.

**અને આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, અપ્રમત્તતા જ સર્વત્ર=સંયમની સર્વક્રિયામાં, ભગવાન વડે પ્રશંસા કરાઈ છે, એ પ્રમાણે ઉપપન્ન થયું અર્થાત્ એ પ્રમાણે પ્રાપ્ત થયું.**

**ભાવાર્થ :- સંયમની ક્રિયામાં કરાતા અપ્રમાદનું ફળ :**

જેમ કોઈ મુસાફર માર્ગનો કયો રસ્તો સીધો નગર તરફ જનારો છે અને કયા કયા સ્થાને વળાંક લઈને નગર તરફ જનારો છે, તે સર્વ જાણતો હોય, અને કોઈ જાતના વ્યાક્ષેપ વગર જતો હોય, તો તેની ગમનની ક્રિયા શીઘ્ર ઈષ્ટ નગરની પ્રાપ્તિનું કારણ છે; તેમ જે સાધુ પ્રવ્રજ્યા ગ્રહણ કરે ત્યારથી માંડીને સંયમના ઉપર ઉપરના કંડકોના આરોહણરૂપ ગુણસ્થાનકના ચડવાના ક્રમથી પ્રવર્ધમાન પરિણામવાળા હોય, તો તેનામાં સદા અપ્રમાદની વૃદ્ધિ વર્તે છે, અને તેવા સાધુની અપ્રમાદની વૃદ્ધિ મોક્ષપ્રાપ્તિનો હેતુ છે.

આશય એ છે કે દીક્ષા ગ્રહણ કર્યા પછી સાધુ મનની, વચનની અને કાયાની દરેક પ્રવૃત્તિ ભગવાનના વચનનું સ્મરણ કરીને, જે કાળમાં જે યોગ સેવવાનો હોય તે કાળે તે યોગને અત્યંત વિધિપૂર્વક સેવતા હોય, તો દીક્ષાગ્રહણથી માંડીને પ્રતિ ક્ષણ સંયમના કંડકોની વૃદ્ધિને પામે છે, અને તે સંયમના કંડકોની વૃદ્ધિ મોક્ષપ્રાપ્તિનું કારણ છે; પરંતુ સંયમ ગ્રહણ કર્યા પછી અત્યંત અપ્રમાદભાવથી સંયમની ક્રિયા ન કરતા હોય તો તે સર્વક્રિયા મોક્ષલાભનો હેતુ નથી.

તેની જ પુષ્ટિ કરવા માટે કહે છે કે સંયમ ગ્રહણ કર્યા પછી સાધુનો જેટલો કાળ મૂળ-ઉત્તરગુણની સ્ખલના વિના પસાર થયો, તેટલો જ કાળ નિશ્ચયનયથી પ્રવ્રજ્યાનો પર્યાય ગણાય છે. તેથી એ ફલિત થાય કે સાધુ જેટલો કાળ મૂળ-ઉત્તરગુણમાં સ્ખલના વગર પ્રયત્ન કરે છે તેટલો કાળ સર્વ પાપોનો નાશ કરવામાં યત્ન કરે છે; કેમ કે પ્રવ્રજ્યા એ સર્વ પાપોના પ્રાયશ્ચિત્તરૂપ છે, અને પ્રમાદથી જેટલો કાળ પ્રવ્રજ્યામાં યત્ન કરતા નથી તેટલો કાળ પાપનો નાશ કરતા નથી, આથી પાપના નાશને અનુકૂળ એવો પ્રવ્રજ્યાનો પર્યાય તેટલો કાળ નથી. તેથી તેટલો કાળ સાધુ મોક્ષગમનના યત્નવાળા નથી; અને જેટલો કાળ અપ્રમાદભાવથી યત્ન કરે છે, તેટલો કાળ મોક્ષગમનના યત્નવાળા છે. ॥૧૦૬॥

**અવતરણિકા :-**

**સંયમમાં કરાયેલો અપ્રમાદ મોક્ષનું કારણ બને છે તે વાત પૂર્વગાથામાં બતાવી. હવે કોઈ સાધુના કર્મોમાં અશુભ અનુબંધ હોય તો તેનો પણ નાશ અપ્રમાદથી થઈ શકે છે, તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**कम्माणं अपमाया, अणुबंधावणयणं च होज्जाहि ।**
**( अर्थतः ) तत्तो अकरणणियमो, दुक्खक्खयकारणं होइ ॥१०७॥**

कर्मणामप्रमादादनुबन्धापनयनं च भवेत् ।
ततोऽकरणनियमो दुःखक्षयकारणं भवति ॥१०७॥

**ગાથાર્થ :-**

**અને અપ્રમાદથી=સંયમ ગ્રહણ કર્યા પછી સંયમયોગમાં કરાયેલા અપ્રમાદથી, કર્મોના અનુબંધનું અપનયન થાય છે. તેનાથી=કર્મોના અનુબંધના અપનયનથી, અકરણનો નિયમ=પાપના અકરણનો નિયમ, દુઃખક્ષયનું કારણ થાય છે=સંસારક્ષયનું કારણ થાય છે. ॥૧૦૭॥**

**ભાવાર્થ :-**

જીવ અનાદિ કાળથી સંસારની પ્રવૃત્તિ કરીને અવિરતિઆપાદક કર્મોની અનુબંધશક્તિનો સંચય કરે છે. આવો જીવ કોઈક નિમિત્તને પામીને સંયમ ગ્રહણ કરે તોપણ અવિરતિઆપાદક કર્મોની અનુબંધશક્તિ હોવાથી પાત થવાનો ભય રહે છે. આમ છતાં સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી સંયમની સર્વ ઉચિત ક્રિયાઓમાં અપ્રમાદ કરે તો તેનાં ઉદયમાં આવતાં અવિરતિઆપાદક કર્મો નાશ પામે છે, અને સત્તામાં રહેલાં અવિરતિઆપાદક કર્મોની અનુબંધશક્તિ દૂર થાય છે. તેથી સત્તામાં રહેલાં અવિરતિઆપાદક કર્મો અનુબંધશક્તિ વગરનાં થયેલાં હોવાથી તે જીવમાં પાપના અકરણનો નિયમ પ્રગટે છે. પાપના અકરણનો નિયમ, સંસાર ચલાવે અને જીવને કદર્થના કરે તેવાં દુઃખ આપનારાં કર્મોના ક્ષયનું કારણ બને છે. તેથી સંયમ ગ્રહણ કર્યા પછી સાધુએ અપ્રમાદપૂર્વક સંયમમાં યત્ન કરવો જોઈએ, જેથી કર્મોમાં સંસારના પ્રવાહને ચલાવે તેવી શક્તિનો નાશ થાય, અને જીવમાં સદા માટે પાપ નહિ કરવાનો પરિણામ પ્રગટે, અને તે પરિણામને કારણે દુઃખ પેદા કરનારાં એવાં સર્વ કર્મોનો ક્ષય થાય. ॥૧૦૭॥

**અવતરણિકા :-**

સંયમ ગ્રહણ કર્યા પછી કોઈ સાધુ અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરતા હોય તો તેના કારણે સત્તામાં રહેલાં કર્મોના અનુબંધનો વિચ્છેદ થાય; છતાં જો સત્તામાં રહેલાં સર્વ કર્મોની અનુબંધશક્તિ દૂર ન થાય તો મોક્ષમાર્ગમાં અપ્રમાદથી કરાતી પ્રવૃત્તિમાં કંટક, જ્વર અને દિગ્મોહ જેવાં પ્રતિબંધક કર્મોના વિપાકથી યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્ન આવે. તેથી અપ્રમાદથી સંયમમાં યત્ન કરનાર સાધુનો યોગમાર્ગ અસ્ખલિત પ્રવર્તી શકતો નથી. તેથી ગાથા-૧૦૬માં કહેલ કે 'સંયમમાં કરાયેલ અપ્રમાદ શીઘ્ર મોક્ષલાભનો હેતુ છે' તે કઈ રીતે સંગત થાય ? એથી કહે છે –

**ગાથા :-**

**पडिबंधाओ वि अओ, कंटगजरमोहसंनिभाओ अ ।**
**हवइ अणुबंधविगमा, पयाणभंगो ण दीहयरो ॥१०८॥**

प्रतिबन्धादप्यतः कण्टकज्वरमोहसन्निभाच्च ।
भवत्यनुबन्धविगमात्प्रयाणभङ्गो न दीर्घतरः ॥१०८॥

**ગાથાર્થ :-**

**अ=અને, अओ=આનાથી=સંયમયોગમાં કરાયેલા અપ્રમાદથી, अणुबंधविगमा=અનુબંધના વિગમનને કારણે, કંટક, જ્વર અને દિગ્મોહ જેવા પ્રતિબંધથી પણ दीहयरो=દીર્ઘતર પ્રયાણભંગ, ण हवइ=થતો નથી. ॥૧૦૮॥**

**ભાવાર્થ :- સંયમયોગમાં પ્રવૃત્તને વિઘ્નો :**

સંયમ ગ્રહણ કર્યા પછી કોઈ સાધુ અપ્રમાદભાવથી સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય તો સત્તામાં રહેલાં કર્મોની અનુબંધશક્તિનો વિચ્છેદ થાય છે. આમ છતાં આવા અપ્રમાદી સાધુને પણ કર્મના ઉદયથી કંટક જેવાં જઘન્ય વિઘ્ન, જ્વર જેવાં મધ્યમ વિઘ્ન અને દિગ્મોહ=દિશાચૂક જેવાં મિથ્યાત્વ મોહનીયના ઉદયરૂપ ઉત્કટ વિઘ્ન આવે તો સંયમનો પ્રતિબંધ થાય છે અર્થાત્ સંયમનો પરિણામ અટકી જાય છે અને મોક્ષમાર્ગની પ્રવૃત્તિ સ્ખલના પામે છે; પરંતુ ત્યારે પણ પૂર્વમાં સેવાયેલા અપ્રમાદના કારણે અનુબંધશક્તિનું વિગમન થયું હોવાથી, ત્રણે પ્રકારનાં વિઘ્નોમાંથી કોઈપણ વિઘ્નથી થયેલો પ્રયાણભંગ દીર્ઘતર કાળ માટે થતો નથી; અને કર્મના ઉદયથી આવેલાં વિઘ્નોના કારણે સંયમયોગની પ્રવૃત્તિ અલ્પકાળ માટે સ્ખલિત થઈ હોવા છતાં, વિઘ્નને દૂર કરવા માટે ઉચિત યત્ન કરવાથી પૂર્વમાં સેવાયેલા અપ્રમાદના કારણે અપ્રમાદભાવના સંસ્કારો જાગૃત થાય છે, અને તેથી રત્નત્રયીની પ્રવૃત્તિ ફરી શરૂ થાય છે, જેનાથી સંસારનો ઉચ્છેદ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી અપ્રમાદથી યત્ન કરતા નથી, તેઓમાં વર્તતા પ્રમાદભાવથી તેઓ સત્તામાં રહેલા કર્મની અનુબંધશક્તિનો નાશ કરતા નથી. તેથી તે સાધુને જો કંટકઆદિ ત્રણ વિઘ્નોમાંથી કોઈપણ વિઘ્ન આવે તો પાત થાય છે, અને તે પાત દીર્ઘતર પ્રયાણભંગનું કારણ બને તેવી સંભાવના રહે છે; કેમ કે સંયમ ગ્રહણ કર્યા પછી પણ તે સાધુએ અપ્રમાદભાવના

સંસ્કારો પાડ્યા નથી, તેથી પાત થયા પછી શીઘ્ર રત્નત્રયીની પ્રવૃત્તિ ફરી શરૂ થવાની સંભાવના ઓછી રહે છે.

વળી, જે સાધુ અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરે છે તે સાધુનાં કર્મોની અનુબંધશક્તિ મોટે ભાગે નાશ પામે છે. તેથી ત્રણમાંથી કોઈપણ વિઘ્ન આવે તો સંયમની પ્રવૃત્તિ અલ્પકાળ માટે અટકે, પણ દીર્ઘતર પ્રયાણભંગ થતો નથી. માટે કલ્યાણના અર્થી સાધુએ સંયમ ગ્રહણ કર્યા પછી અપ્રમાદથી સંયમમાં યત્ન કરવો જોઈએ, જેથી કોઈપણ વિઘ્નથી સંયમની પ્રવૃત્તિ અટકે તોપણ દીર્ઘ સંસારપરિભ્રમણ થાય નહિ.

સંયમયોગમાં પ્રવૃત્તને જે ત્રણ પ્રકારનાં વિઘ્ન આવી શકે છે, તે આ રીતે-

**(૧) કંટકતુલ્ય-જઘન્ય વિઘ્ન :** અનાદિકાળથી જીવનો સુખશીલ સ્વભાવ છે. તેથી સંયમ ગ્રહણ કર્યા પછી કોઈક નિમિત્તને પામીને સંયમનું કષ્ટમય જીવન અસહ્ય લાગે તો સમભાવ માટેનો તેનો યત્ન સ્ખલના પામે છે અને સુખશીલ સ્વભાવને કારણે સંયમમાં અરતિ થાય છે.

આ અરતિ દૂર કરવા વિવેકી સાધુ કંટક જેવાં સંયમનાં બાહ્ય કષ્ટોને દૂર કરવા અર્થે તિતિક્ષાભાવના કરે કે "આ બાહ્ય કષ્ટો શરીરને બાધા કરે છે મને બાધા કરતાં નથી. કેવળ દેહ પ્રત્યેના મમત્વના કારણે મારી મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્ન થાય છે. આ મમત્વભાવ દૂર કરી સંયમયોગમાં સ્થિર થાઉં." આ રીતે બાહ્ય કષ્ટો પ્રત્યે નિરપેક્ષ પરિણામ થાય તે પ્રકારે આત્માને ભાવિત કરે, જે તિતિક્ષાભાવના છે. આ તિતિક્ષાભાવનાથી બાહ્ય કષ્ટો પ્રત્યે નિરપેક્ષ પરિણામ થવાથી અને સુખશીલ સ્વભાવ દૂર થવાથી સંયમયોગની પ્રવૃત્તિ અસ્ખલિત થાય છે.

**(૨) જ્વરતુલ્ય-મધ્યમ વિઘ્ન :** જેમ નગર તરફ જનાર મુસાફરને શરીરમાં જ્વર હોય તો ગમનક્રિયા સ્ખલના પામે છે, તેમ સંયમયોગમાં દૃઢ યત્ન કરનાર સાધુને પણ શરીરમાં રોગાદિ ઉત્પન્ન થાય તો જડતાના કારણે સમતાના પરિણામની વૃદ્ધિમાં દૃઢ યત્ન થઈ શકતો નથી. તે વખતે વિવેકી સાધુ શરીરનાં વિષમ સંજોગોમાં પણ વીર્ય શિથિલ ન થાય તદ્અર્થે "હું દેહથી પૃથક્ છું. આ જ્વર દેહને બાધા કરે છે, મને બાધા કરતો નથી." આમ વિચારીને સાધુ રોગાદિ પ્રત્યે ઉપેક્ષા કરીને સમતાની વૃદ્ધિના ઉપાયમાં દૃઢ યત્ન કરે તો આ વિઘ્નનો જય કરી શકે છે.

વળી, તે પ્રકારની ભાવનાથી પણ જો સાધુનો દૃઢ ઉપયોગ સંયમયોગમાં પ્રવર્તી ન શકે તો રોગના શમન અર્થે "હિતાહાર-મિતાહાર" દ્વારા અને અંતે ઔષધ દ્વારા રોગને દૂર કરવા પણ યત્ન કરે, જેથી સંયમયોગની પ્રવૃત્તિ અસ્ખલિત થાય.

**(૩) દિગ્મોહતુલ્ય - ઉત્કૃષ્ટ વિઘ્ન :** જેમ કોઈ મુસાફર કોઈ નગર તરફ જતો હોય અને તે નગરની દિશામાં તેને મોહ પેદા થાય અર્થાત્ આ દિશા સાચી છે કે નહિ ? તેવો સંશય પેદા થાય, તો ગમનનો ઉત્સાહ થતો નથી; તેમ સંયમ ગ્રહણ કર્યા પછી મોહના પરિણામવાળા સાધુ બાહ્ય રીતે સંયમમાં યત્ન કરતા હોય તોપણ લક્ષને અભિમુખ તેમની ક્રિયા થઈ નથી. વળી, તેને શંકા થાય કે મારી આ સંયમની પ્રવૃત્તિ નિર્જરાનું કારણ થઈને મોક્ષનું કારણ થશે કે નહિ ? અને સંયમના ઉપર ઉપરના કંડકોની વૃદ્ધિ માટે અપેક્ષિત ભાવોને પોતે જોઈ ન શકે, તેથી કઈ દિશામાં જવું તેનો નિર્ણય ન થઈ શકવાને કારણે તેમને ગમનનો ઉત્સાહ થતો નથી.

જેમ મુસાફરને દિશાનો મોહ થાય ત્યારે જાણકારને પૃચ્છા કરીને 'આ દિશા ઈષ્ટ નગર તરફ જનાર છે' તેવો નિર્ણય થાય તો ગમનનો ઉત્સાહ થાય; તેમ સાધુને પણ મિથ્યાત્વના ઉદયથી ઉચિત દિશામાં યત્ન કરવામાં ભ્રમ થાય ત્યારે, ગીતાર્થગુરુને પોતાને થયેલા ભ્રમ વિષે પૃચ્છા કરે, અને તેમના વચનને પરતંત્ર થઈને યોગમાર્ગમાં યત્ન કરે, તો ઉચિત ક્રિયાઓથી અપેક્ષિત ભાવો થાય છે; જેથી પોતાની દિશા સાચી છે તેવો સ્થિર નિર્ણય થાય છે અને ફરી ગમનનો ઉત્સાહ પ્રગટે છે, અને સ્ખલના પામેલી ચારિત્રની પ્રવૃત્તિનો ફરી પ્રારંભ થાય છે.

અહીં વિશેષ એ છે કે દિગ્મોહના વિષયમાં અર્હદ્દત્તનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. તે સ્થાનમાં ચારિત્રની પ્રવૃત્તિ એક ભવને આશ્રયીને ગ્રહણ કરેલ નથી પરંતુ મોક્ષરૂપ ફળપ્રાપ્તિ સુધીની ગ્રહણ કરેલ છે. અર્હદ્દત્તના દૃષ્ટાંતમાં અર્હદ્દત્ત સંયમ ગ્રહણ કર્યા પછી સંયમયોગમાં સમ્યગ્ યત્ન કરીને સંયમ પાળે છે; આમ છતાં સંયમપાલનના કાળમાં ગુરુ પ્રત્યે તેને અલ્પ દ્વેષ થયેલ, જેના કારણે દુર્લભબોધિ કર્મ બંધાયું, અને અન્ય ભવમાં જ્યારે તે વિપાકમાં આવ્યું ત્યારે તેની મોક્ષમાર્ગની પ્રવૃત્તિ સ્ખલના પામી, જે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ પોતાના ભાઈ દ્વારા પ્રતિબોધ પામ્યા ત્યાર પછી શરૂ થઈ.

જે સાધુ આ ભવમાં સમ્યગ્ ચારિત્ર પાળે છે અને છતાં કેવળજ્ઞાન ન પામે તો દેવભવમાં જાય છે, તોપણ તેઓની મોક્ષમાર્ગની પ્રવૃત્તિ સ્ખલના પામતી નથી. જેમ ઈષ્ટનગરમાં જનાર મુસાફર થાક લાગે ત્યારે શક્તિસંચય માટે સૂએ છે, તે કોઈ વિઘ્ન નથી, તેમ સંયમની શક્તિના સંચય માટે પ્રાપ્ત થયેલા દેવભવમાં તે સાધુ શક્તિસંચય કરીને ફરી મનુષ્યભવને પામીને વિશેષથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. તેથી એક ભવમાં યોગમાર્ગ પૂર્ણ ન સેવી શકે અને દેવભવમાં જાય તેવા સાધુને આશ્રયીને આ ત્રણ વિઘ્નો છે તેમ કહેલ નથી, પરંતુ જે સાધુની મોક્ષની પ્રવૃત્તિ શરૂ થયા પછી કંટક, જ્વર કે દિગ્મોહ જેવાં ત્રણ વિઘ્નોમાંથી કોઈપણ વિઘ્ન આવે અને ગીતાર્થગુરુને આધીન થઈ ઉચિત ઉપાય દ્વારા તે વિઘ્નોને દૂર કરે તો અલ્પકાળ માટે સ્ખલના પામેલી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ તે જ ભવમાં ફરી શરૂ થાય છે. ॥૧૦૮॥

**અવતરણિકા :-**

**જે સાધુ અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરે છે તેને કંટક-જ્વર આદિ વિઘ્નોથી પ્રયાણભંગ થાય તોપણ દીર્ઘતર પ્રયાણભંગ થતો નથી એમ પૂર્વગાથામાં કહ્યું. દીર્ઘતર પ્રયાણભંગ કેમ થતો નથી ? તે યુક્તિથી બતાવે છે –**

**ગાથા :-**

**खाओवसमिगभावे, दढजत्तकयं सुहं अणुट्ठाणं ।**
**परिवडिअं पि य हुज्जा, पुणो वि तब्भाववुड्ढिकरं ॥१०९॥**

क्षायोपशमिकभावे दृढयत्नकृतं शुभमनुष्ठानम् ।
प्रतिपतितमपि च भवेत्पुनरपि तद्भाववृद्धिकरम् ॥१०९॥

**ગાથાર્થ :-**

**ક્ષાયોપશમિક ભાવ હોતે છતે=મિથ્યાત્વમોહનીયનો અને તે અનુષ્ઠાનની વિધિના બોધના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષાયોપશમિકભાવ હોતે છતે, દૃઢ યત્નથી કરાયેલું જે શુભ અનુષ્ઠાન, તે પ્રતિપતિત પણ=ભ્રષ્ટ પણ, તે ભાવની ફરી પણ વૃદ્ધિને કરનારું થાય જ છે. ॥૧૦૯॥**

* અહીં ગાથામાં "**यद्**" અને "**तद्**" અધ્યાહાર છે.

* '**परिवडिअं पि य**' માં '**य**' શબ્દ છે તેના સ્થાને પંચાશકમાં '**हु**' શબ્દ છે અને તે અવધારણ અર્થમાં છે અર્થાત્ '**एव**'ના અર્થમાં છે અને તેનો અન્વય '**हुज्जा**' પછી છે.

* '**प्रतिपतितमपि**' માં '**अपि**' થી એ કહેવું છે કે તેવા પ્રકારના દોષથી ભ્રષ્ટ ન થયું હોય તો તો ફરી તદ્ભાવની વૃદ્ધિને કરનારું છે, પણ ભ્રષ્ટ થયું હોય તોપણ ફરી તદ્ભાવની વૃદ્ધિને કરનારું છે.

**ટીકા :-**

**'खाओवे'त्यादि, क्षायोपशमिकभावे-मिथ्यात्वमोहनीयादिकर्मविगमविशेषविहितात्मपरिणामे सति, न तु लाभाद्यर्थित्वलक्षणौदयकिभावे, दृढयत्नकृतं-परमादरविहितं, शुभं-प्रशस्तं, अनुष्ठानम्-आचरणं चैत्यवन्दनादि, इह यत्तदिति विशेषो दृश्यः प्रतिपतितमपि-तथाविधकर्मदोषाद् भ्रष्टमपि, आस्तामप्रतिपतितम्, हुशब्दोऽवधारणार्थः, तत्प्रयोगश्च दर्शयिष्यते, जायत एव-भवत्येव, पुनरपि-भूयोऽपि, किंभूतं जायत इत्याह-यस्मिन् भावे क्षायोपशमिके वर्तमाने तच्छुभमनुष्ठानं विहितं तद्भावस्य-तस्याध्यवसायस्य वृद्धिकरं-वर्धनकारि तद्भाववृद्धिकरम्, अतः शुभभावस्य मोक्षहेतो-र्वृद्धिकरत्वाद्वन्दनायां प्रयत्नः संगत एवेति गाथार्थः ॥२४॥ ( पंचाशक ३ गाथा २४ )**

**ટીકાર્થ :-**

**ક્ષાયોપશમિકભાવ હોતે છતે=મિથ્યાત્વમોહનીય આદિ કર્મના વિગમનવિશેષથી થયેલ આત્મપરિણામ હોતે છતે, પરંતુ લાભાદિ અર્થીપણારૂપ ઔદયિકભાવ નહિ દૃઢ યત્નથી કરાયેલું=પરમ આદરથી કરાયેલું, જે શુભ=પ્રશસ્ત એવું, ચૈત્યવંદન આદિ આચરણરૂપ અનુષ્ઠાન, તે પ્રતિપતિત પણ=તેવા પ્રકારના કર્મના દોષથી ભ્રષ્ટ પણ, તદ્ભાવની વૃદ્ધિને ફરી પણ કરનારું થાય છે.**

**કેવા પ્રકારનું ફરી થાય છે ? એથી કરીને કહે છે-**

**જે ક્ષાયોપશમિકભાવ વર્તમાન હોતે છતે તે શુભ અનુષ્ઠાન કરાયું તે ભાવની=તે અધ્યવસાયની, વૃદ્ધિને કરનારું=વર્ધનને કરનારું=તદ્ભાવની વૃદ્ધિને કરનારું, થાય છે.**

**'अतः'=આથી=મોક્ષના હેતુ એવા શુભભાવની વૃદ્ધિ કરનારું હોવાથી વંદનામાં=ચૈત્યવંદનમાં, પ્રયત્ન સંગત જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે.**

**ભાવાર્થ :-**

જે સાધુ સંયમ ગ્રહણ કરીને મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમભાવમાં વર્તતા હોય, અને તે સાથે સંયમના ઉચિત આચારવિષયક શાસ્ત્રાનુસારી બોધના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમભાવમાં

વર્તતા હોય, એવા સાધુને ભગવાનના વચન પ્રત્યે સ્થિર રુચિ છે, અને ઉચિત આચારના વિષયમાં સૂક્ષ્મબોધ છે. આવા સાધુ પોતાને ઉચિત એવા શુભ અનુષ્ઠાનમાં દૃઢ યત્ન કરતા હોય તો તે દૃઢ યત્નથી ક્ષયોપશમભાવનું ચારિત્ર તેમનામાં વર્તે છે, અને તે દૃઢ યત્નના કારણે ચારિત્રમોહનીયકર્મની અનુબંધશક્તિનું વિગમન થાય છે. આમ છતાં કંટક, જ્વર કે દિગ્મોહ જેવાં વિઘ્ન પ્રાપ્ત થાય અને ચારિત્રના પરિણામથી તે સાધુ ભ્રષ્ટ થાય, તોપણ તે વિઘ્નની પ્રાપ્તિ પહેલાં સંયમમાં અપ્રમાદભાવથી જે યત્ન કરેલ છે, અને તેનાથી આત્મા ઉપર ચારિત્રના જે સંસ્કારો પડેલા છે, તે સંસ્કારોનો નાશ થતો નથી. તેથી જેવાં તે વિઘ્નો દૂર થાય કે તરત જ તે સાધુ, પૂર્વમાં ચારિત્રના જે પરિણામો પામેલ તેનાથી ઉપર ઉપરના ચારિત્રના પરિણામોની વૃદ્ધિને પામે છે; કેમ કે કંટકઆદિ વિઘ્નો દૂર થવાથી ફરીથી તે સાધુ અપ્રમાદભાવથી ચારિત્રમાં યત્ન કરે છે અર્થાત્ પૂર્વમાં પ્રગટ થયેલા ચારિત્રને પ્રગટ કરવા માટે ફરી યત્ન કરવો પડતો નથી, પરંતુ ફરીથી તે સાધુ અપ્રમાદભાવથી ચારિત્રમાં યત્ન કરે છે ત્યારે, પૂર્વમાં ચારિત્રના જે સંસ્કારો પડેલા તેની વૃદ્ધિ થાય છે. તેથી વર્તમાનમાં કિંચિત્ કાળ માટે મોક્ષમાર્ગમાં જે પ્રયાણભંગ થયેલ તે દીર્ઘતર રહેતો નથી પરંતુ મોક્ષમાર્ગ તરફ ફરી શીઘ્ર પ્રયાણ શરૂ થઈ જાય છે.

આનાથી એ ફલિત થાય કે સંયમ ગ્રહણ કર્યા પછી દર્શનમોહનીય અને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમવાળા સાધુ ઉચિત ક્રિયાઓમાં દૃઢ યત્ન કરે તો ભાવથી ચારિત્રનો પરિણામ પ્રગટ થાય છે, અને કોઈ વિઘ્નને કારણે અલ્પકાળ માટે ચારિત્રનો પરિણામ ચાલ્યો જાય તોપણ ફરી અપ્રમાદભાવના સંસ્કારો જાગૃત થાય છે, અને પૂર્વના પ્રાપ્ત થયેલા સંયમસ્થાનથી આગળના સંયમસ્થાન તરફ જવાનો યત્ન શરૂ થઈ જાય છે. તેથી જે સાધુ અપ્રમાદથી સંયમમાં યત્ન કરે છે તેને પ્રાયઃ વિઘ્ન વગર મોક્ષ સુધી અપ્રમાદભાવની વૃદ્ધિ થાય છે, અને વિઘ્નને કારણે તેને અલ્પકાળ માટે પ્રયાણભંગ થાય તોપણ ફરી અપ્રમાદભાવના સંસ્કારો જાગૃત થવાથી પુનઃ મોક્ષમાર્ગ તરફ પ્રયાણ શરૂ થાય છે, તેથી દીર્ઘતર પ્રયાણભંગ નથી તેમ કહેલ છે. આથી મોક્ષના અર્થી સાધકે સંયમ ગ્રહણ કર્યા પછી સંયમમાં અપ્રમાદભાવ કેળવવો ઉચિત છે.

અહીં વિશેષ એ છે કે જેમ કોઈને ન્યાયની સૂક્ષ્મ યુક્તિ ઉપદેશક પાસેથી પ્રાપ્ત થયેલ હોય અને ઉપદેશકાળમાં સૂક્ષ્મ પદાર્થ દેખાયો હોય અને પછી તે બોધ સ્પષ્ટ સ્મૃતિમાં આવતો ન હોય, તો કિંચિત્ કાળ માટે તે બોધવિષયક યત્ન સ્ખલના પામે છે, તેથી ફરી ફરી તેને યાદ કરે તોપણ તે સૂક્ષ્મ પદાર્થ ન દેખાય તેવું પણ બને. આમ છતાં, તે જ પદાર્થ ફરી ઉપદેશક પાસેથી જાણવા યત્ન કરે ત્યારે, જે સૂક્ષ્મ પદાર્થનો બોધ થયેલ તેના કરતાં પણ તે પદાર્થવિષયક ફરી શ્રવણ કરવાથી પૂર્વ કરતાં પણ અધિક સૂક્ષ્મ બોધ થાય છે, તે અનુભવસિદ્ધ છે. તેમ ચારિત્રના સેવનથી જે અસંમોહભાવનું સંવેદન થયેલ અને વિઘ્નના કારણે કિંચિત્કાળ માટે ચારિત્રની પ્રવૃત્તિ સ્ખલના પામેલ, છતાં પણ પુનઃ તે ચારિત્રની પ્રવૃત્તિ ઉત્થિત થાય ત્યારે, પૂર્વે ચારિત્રના સેવનથી જે અસંમોહભાવનું વેદન થયેલ તેના કરતાં પણ અધિક વિશેષ પ્રકારના અસંમોહભાવનું વેદન થાય છે. ॥૧૦૯॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૦૧માં ભાવચારિત્રવાળા સાધુ ક્રિયામાં અપ્રમાદવાળા હોય તેનું યુક્તિથી સ્થાપન કર્યું. હવે ભાવચારિત્રવાળા સાધુ, પૂર્વના ઋષિઓએ અપ્રમાદભાવનું સેવન કઈ રીતે કરેલ તેનું ચિંતન કરે, કે જેથી પોતાના જીવનમાં પણ અપ્રમાદભાવ આવે, તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**अज्जमहागिरिचरिअं, भावंतो माणसंमि उज्जमइ ।**
**अणिगूहियणियथामं, अपमायस्सेस कसवट्टो ॥११०॥**

आर्यमहागिरिचरितं भावयन्मानसे उद्यच्छति ।
अनिगूहितनिजस्थामाऽप्रमादस्यैष कषपट्टः ॥११०॥

**ગાથાર્થ :-**

**પોતાનું વીર્ય જેમણે ગોપવ્યું નથી એવા આર્યમહાગિરિના ચરિત્રને માનસમાં ભાવન કરતા સાધુ ઉદ્યમવાળા થાય છે=સંયમમાં અપ્રમાદભાવથી ઉદ્યમવાળા થાય છે. આર્યમહાગિરિના ચરિત્રનું ભાવન, અપ્રમાદનો કષપટ્ટ=કસોટીપત્થર છે. ॥૧૧૦॥**

**ભાવાર્થ :- અપ્રમાદભાવને ઉલ્લસિત કરવા આર્યમહાગિરિનું ચરિત્ર કસોટી પત્થરરૂપ :**

આર્યમહાગિરિના કાળમાં જિનકલ્પનો વિચ્છેદ થયેલો. આમ છતાં શાસ્ત્ર ભણીને સંપન્ન થયેલા એવા આર્યમહાગિરિ જિનકલ્પીની નજીકની ભૂમિકામાં યત્ન કરી શકે તેવા સામર્થ્યવાળા હતા, અને તેથી 'વચનગુરુતા'ને સ્વીકારીને અત્યંત અપ્રમાદભાવથી જિનકલ્પીની જેમ ગચ્છમાં જ એકાંત સ્થાનમાં રહીને ધ્યાનમાં યત્ન કરતા હતા. તેઓ ત્રીજા પહોરમાં આહાર-નિહાર આદિ કરતા અને બાકીના સાતે પહોર ધ્યાનમાં સુદૃઢ યત્ન કરીને આત્માને તત્ત્વથી ભાવિત કરતા હતા. સાધનાકાળના અંત સમયમાં 'પાદપોપગમન' અનશન કરીને તેઓએ અત્યંત અપ્રમાદભાવની વૃદ્ધિ કરેલ. તેથી સાધુએ તેમના 'અનિગૂહિતબળવીર્ય'ના પ્રસંગનું ભાવન કરીને આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ, જેથી સ્વશક્તિ અનુસાર સંયમયોગમાં અપ્રમાદભાવ ઉલ્લસિત થાય. આ રીતે આર્યમહાગિરિના ચરિત્રનું ભાવન એ અપ્રમાદનો કસોટીપત્થર છે. તે આ રીતે-

જેમ કસોટીપત્થર ઉપર સુવર્ણને કસવામાં આવે તો તેમાં સોનું કેટલા ટકા છે અને મિશ્રણ કેટલું છે તેનું જ્ઞાન થાય, તેમ સાધુ પોતાનામાં વર્તતા અપ્રમાદભાવના નિર્ણય માટે આર્યમહાગિરિના ચરિત્રનું ભાવન કરે છે; કેમ કે આર્યમહાગિરિના ચરિત્રનું ભાવન, અપ્રમાદનો નિર્ણય કરવા માટે કસોટીપત્થર છે.

આશય એ છે કે જે સાધુ આર્યમહાગિરિના અપ્રમાદભાવનું અત્યંત ભાવન કરી શકે તે પોતાનામાં પણ પોતાની શક્તિ અનુસાર અત્યંત અપ્રમાદભાવ પ્રગટાવી શકે; અને જે સાધુ આર્યમહાગિરિના અપ્રમાદભાવનું ભાવન કરવા યત્ન કરે, છતાં તેમના અપ્રમાદભાવથી પોતે અત્યંત ભાવન ન થઈ શકે, તો તે પોતાનામાં સ્વશક્તિ અનુસાર અપ્રમાદભાવ પ્રગટાવી શકે નહિ, પણ કંઈક ઓછો અપ્રમાદભાવ પ્રગટે. તેથી જેમ સોનાને કસોટીપત્થર પર કસવાથી નિર્ણય થાય કે આમાં સોનું કેટલું છે તેમ પોતાનામાં પ્રગટ થયેલો અપ્રમાદભાવ કેટલો છે તેનો નિર્ણય કરવા માટે આર્યમહાગિરિના અપ્રમાદભાવનું ભાવન કસોટીપત્થર છે. ॥૧૧૦॥

**અવતરણિકા :-**

પૂર્વમાં સાધુ કેવી રીતે અપ્રમાદ કરે છે તે બતાવ્યું અને અપ્રમાદની વૃદ્ધિ અર્થે કઈ રીતે આર્યમહાગિરિના દૃષ્ટાંતનું ભાવન કરે છે તે બતાવ્યું. હવે જે સાધુ સંયમની ઉચિત ક્રિયાઓમાં શક્તિને અનુરૂપ શાસ્ત્રવિધિ પ્રમાણે યત્ન કરતા નથી, તેઓમાં ચારિત્ર નથી, તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**संजमजोगेसु सया, जे पुण संतविरिया वि सीअंति ।**
**कह ते विसुद्धचरणा, बाहिरकरणालसा हुंति ? ॥१११॥**
**(इति क्रियास्वप्रमत्ततास्वरूपं चतुर्थलक्षणम्)**
संयमयोगेषु सदा ये पुनः सद्वीर्या अपि सीदन्ति ।
कथं ते विशुद्धचरणा बाह्यकरणालसा भवन्ति ॥१११॥

**ગાથાર્થ :-**

**વળી વિદ્યમાન વીર્યવાળા પણ જેઓ સંયમયોગમાં સર્વકાલ સિદાય છે, બાહ્ય ક્રિયા કરવામાં આળસવાળા એવા તે વિશુદ્ધ ચરિત્રવાળા કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. ॥૧૧૧॥**

**ટીકા :-**

**व्याख्या- 'संयमयोगेषु' पृथिव्यादिसंरक्षणादिव्यापारेषु 'सदा' सर्वकालं ये पुनः प्राणिनः 'संतविरियावि सीयंति'त्ति विद्यमानसामर्थ्या अपि नोत्सहन्ते, कथं ते विशुद्धचरणा भवन्तीति योगः ?, नैवेत्यर्थः, बाह्यकरणालसाः सन्तः-प्रत्युपेक्षणादिबाह्यचेष्टारहिता इति गाथार्थः । (आवश्यक गा. ११७०)**

**ભાવાર્થ :-**

જે સાધુઓ વિદ્યમાન સામર્થ્યવાળા હોવા છતાં પણ સંયમ ગ્રહણ કર્યા પછી સર્વ ઉચિત ક્રિયાઓમાં શાસ્ત્રવિધિ અનુસાર સદા પ્રયત્ન કરતા નથી, તેઓ બાહ્ય ઉચિત પ્રવૃત્તિ કરવામાં આળસવાળા છે. અને પડિલેહણ આદિ ક્રિયાઓ પણ યથા તથા કરે છે. તેવા સાધુઓમાં વિશુદ્ધ ચારિત્ર નથી. તેથી વિશુદ્ધ ચારિત્રના અર્થી સાધુએ શક્તિને ગોપવ્યા વિના સર્વ ઉચિત ક્રિયાઓમાં શાસ્ત્ર અનુસાર અપ્રમાદભાવ કરવો જોઈએ.

અહીં સર્વ કાલ=સદા કહેવાથી એ કહેવું છે કે સંયમયોગમાં અપ્રમાદથી યત્ન કરનાર સાધુઓ પણ ક્યારેક પ્રમાદને વશ થઈને પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓ વિધિપૂર્વક ન કરે તેવું બને; આમ છતાં ક્યારેક થયેલી સ્ખલનાની આલોચનાથી જેઓ શુદ્ધિ કરે છે તેઓમાં વિશુદ્ધ ચારિત્ર છે; પરંતુ જેઓ સદા સંયમયોગમાં પ્રમાદવાળા છે તેઓમાં વિશુદ્ધ ચારિત્ર નથી, તે બતાવવા માટે સદાનો પ્રયોગ કરેલ છે. ॥૧૧૧॥

## યતિનું પાંચમું લક્ષણ – 'શક્ય અનુષ્ઠાનમાં પ્રારંભ'

**અવતરણિકા :-**

ગાથા-૩-૪માં સાધુનાં સાત લક્ષણો બતાવેલ. તેમાં પ્રથમ ચાર લક્ષણનું વર્ણન પૂરું થયું. હવે પાંચમું લક્ષણ "શક્ય અનુષ્ઠાનમાં પ્રારંભ" બતાવે છે –

**ગાથા :-**

**अणुबंधजुअं कुसलो, णिव्वोढुं अप्पणो अ अपमायं ।**
**आयगुरुलिंगपच्चय-सुद्धं सक्कं चिय कुणंतो ॥११२॥**
अनुबन्धयुतं कुशलो निर्वोढुमात्मनश्चाप्रमादम् ।
आत्मगुरुलिङ्गप्रत्ययशुद्धं शक्यमेव कुर्वन् ॥११२॥

**ગાથાર્થ :-**

**પોતાના જ અપ્રમાદને વહન કરવા માટે આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યયથી શુદ્ધ, અનુબંધયુક્ત, શક્ય જ અનુષ્ઠાનને કરતા સાધુ કુશલ છે. ॥૧૧૨॥**

✻ '**अप्पणो**' પછી '**अ**' શબ્દ '**एव**' ના અર્થમાં છે.

**ભાવાર્થ :- આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યયથી અનુષ્ઠાનમાં ઉદ્યમ કરવાની વિધિ :**

સંયમ ગ્રહણ કર્યા પછી જે અનુષ્ઠાનથી વિશેષ નિર્જરા થાય તે અનુષ્ઠાન સાધુએ સેવવાનું છે. આ અનુષ્ઠાનના સેવનથી પોતાને વિશેષ નિર્જરા થશે કે નહિ તેનો નિર્ણય કરવા માટે ત્રણ ઉપાય છે :

(૧) **આત્મપ્રત્યય :** સાધુને પોતાને એમ લાગે કે શાસ્ત્રમાં જે રીતે અનુષ્ઠાનનું સ્વરૂપ બતાવ્યું છે તે રીતે શાસ્ત્રવિધિ જાણ્યા પછી તે અનુષ્ઠાન કરવા માટે હું સમર્થ છું, અને વિધિઅનુસાર કરીને હું નિર્લેપતા સંપન્ન કરી શકીશ, તો તે અનુષ્ઠાન કરવાનો નિર્ણય કરે, તો તે અનુષ્ઠાન પોતાની પ્રતીતિથી શુદ્ધ છે. તેથી તે અનુષ્ઠાનને આત્મપ્રત્યયથી શુદ્ધ અનુષ્ઠાન જાણવું.

(૨) **ગુરુપ્રત્યય :** વળી, ગુરુને એમ લાગે કે આ અનુષ્ઠાન કરવા માટે આ શિષ્યની યોગ્યતા છે તેથી તે શિષ્ય તે અનુષ્ઠાન કરવા માટે અધિકારી છે, ત્યારે તેને તેની ભૂમિકા અનુસાર તે અનુષ્ઠાન કરવા માટે કહે, તો તે અનુષ્ઠાન ગુરુની પ્રતીતિથી શુદ્ધ અનુષ્ઠાન છે અર્થાત્ તે અનુષ્ઠાન ગુરુપ્રત્યયથી શુદ્ધ અનુષ્ઠાન જાણવું.

(૩) **લિંગપ્રત્યય :** વળી, પોતાની પ્રતીતિ અને ગુરુની પ્રતીતિથી તે અનુષ્ઠાન કરવા માટે શિષ્ય ઉત્થિત થાય, તે સમયે કોઈક મંગલનાં સૂચક બાહ્ય ચિહ્નોની પ્રાપ્તિ થાય, અને શિષ્યને નિર્ણય થાય કે "જે અનુષ્ઠાન કરવા હું ઇચ્છું છું તેમાં હું સફળ થઈશ", તેથી તે અનુષ્ઠાન કરવાનો નિર્ણય કરે, તો તે અનુષ્ઠાન લિંગપ્રત્યયથી શુદ્ધ અનુષ્ઠાન જાણવું. જો કોઈક અમંગલનાં સૂચક બાહ્ય ચિહ્નોની પ્રાપ્તિ થાય તો શાસ્ત્રમાં નિષેધ હોવાથી તેવા અનુષ્ઠાનનો આરંભ કરે નહિ.

આ રીતે આત્મપ્રત્યય આદિ ત્રણ પ્રત્યયથી શુદ્ધ અનુષ્ઠાન હોય, અને તે અનુષ્ઠાન પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષફળમાં પર્યવસન પામે તેવું અનુબંધયુક્ત હોય, અર્થાત્ વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધરૂપ ત્રણ શુદ્ધિથી યુક્ત હોય, તો તેવા અનુષ્ઠાનનું સેવન કરનાર સાધુ કુશળ છે; કેમ કે પોતાના અપ્રમાદભાવને વહન કરવા માટે આવું શુદ્ધ અનુષ્ઠાન સેવવામાં આવે તો અપ્રમાદભાવની વૃદ્ધિ થાય છે.

વળી, કોઈ સાધુ સદ્અનુષ્ઠાનનું માહાત્મ્ય સાંભળીને, પોતાની શક્તિનું પર્યાલોચન કર્યા વિના, આત્મપ્રત્યય આદિ ત્રણ પ્રત્યયથી તે અનુષ્ઠાન શુદ્ધ છે કે નહિ તેનો પણ વિચાર કર્યા વગર, રાભસિક વૃત્તિથી તે અનુષ્ઠાન સ્વીકારે, અને કદાચ બાહ્ય આચરણાથી શુદ્ધ પણ તે અનુષ્ઠાનનું સેવન કરે; આમ છતાં પોતાની શક્તિને અનુરૂપ અનુષ્ઠાન નહિ હોવાથી સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ આત્મભાવોને ઉલ્લસિત કરી શકે નહિ, તેથી તે અનુષ્ઠાન અનુબંધયુક્ત બને નહિ; કેમ કે માટે તેવા અનુષ્ઠાનના સેવનથી સંયમના કંડકોની વૃદ્ધિ નહિ થવાથી, અપ્રમાદભાવની વૃદ્ધિ થતી નથી અને કર્મની નિર્જરા થતી નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે અપ્રમાદભાવની વૃદ્ધિના અર્થી સાધુએ પોતાનાથી શક્ય હોય તેવા અનુષ્ઠાનનો પ્રારંભ કરવો જોઈએ જેથી કર્મની નિર્જરા થાય. વળી, પોતાનાથી શક્ય હોય એવું પણ અનુષ્ઠાન આત્મપ્રત્યયઆદિથી શુદ્ધ ન જણાય તો પાત થવાની સંભાવના હોવાથી એવા અનુષ્ઠાનનો પ્રારંભ કરવો જોઈએ નહિ. તેમ છતાં જો આવા અનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આવે તો તે સાધુ કુશળ ગણાય નહિ. ॥૧૧૨॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે અનુબંધયુક્ત અને શક્ય જ અનુષ્ઠાનને કરતો સાધુ કુશળ છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે પોતાની શક્તિ ન હોય તોપણ ભાવના અતિશયમાં આવીને દુષ્કર કાર્ય કરવા માટે સાધુ યત્ન કરે તો શું વાંધો ? તેથી કહે છે –**

**ગાથા :-**

**सहसा असक्कचारी, पउरपमायंमि जो पडइ पच्छा ।**
**खलमित्तव्व ण किरिया, सलाहणिज्जा हवे तस्स ॥११३॥**

सहसाऽशक्यचारी प्रचुरप्रमादे यः पतति पश्चात् ।
खलमित्रीव न क्रिया श्लाघनीया भवेत्तस्य ॥११३॥

**ગાથાર્થ :-**

**જે સાધુ સહસા અશક્યચારી છે, પાછળથી પ્રચુર પ્રમાદમાં પડે છે, તેની ખલમિત્રના જેવી ક્રિયા પ્રશંસનીય નથી. ॥૧૧૩॥**

**ભાવાર્થ :-**

જે અનુષ્ઠાન સેવીને અધિક નિર્જરા થાય તે અનુષ્ઠાનનું સેવન સાધુએ કરવું જોઈએ અને તેના માટે પોતાની શક્તિનો વિચાર કરીને તેણે અનુષ્ઠાનનો સ્વીકાર કરવો જોઈએ. વળી જો પોતાની શક્તિનો વિચાર કર્યા વગર સાધુ ભાવના અતિશયમાં આવીને પોતાની શક્તિથી ઉપરની ભૂમિકાના અનુષ્ઠાનને સહસા સ્વીકારે, અને કદાચ બાહ્ય રીતે તે અનુષ્ઠાન કરે, તોપણ તે અનુષ્ઠાનથી ઉચિત ભાવની વૃદ્ધિ નહિ થવાને કારણે તે સાધુ અશક્યચારી છે તેમ કહેવાય. આવા અશક્ય અનુષ્ઠાનને કરનારા સાધુ તે અનુષ્ઠાનનું સેવન કરે છે પણ તેના દ્વારા સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી, તેથી પાછળથી તે અત્યંત પ્રમાદમાં પડે છે. આથી દુષ્કર એવી પણ તેની ક્રિયા ખલમિત્રના જેવી હોવાથી પ્રશંસનીય નથી અર્થાત્ જેમ ખલમિત્ર પાછળથી ગમે ત્યારે અહિતનું કારણ બને તેવો હોય છે, તેમ ઉત્સાહના વેગથી અશક્ય અનુષ્ઠાનનું સેવન કિંચિત્ કાળ થાય, તોપણ પાછળથી પ્રમાદમાં નાખીને ઘણું અહિત કરે તેવું છે, માટે યોગ્ય નથી. તેથી મોક્ષના અર્થી સાધુએ જે અનુષ્ઠાન સેવીને પોતે નિર્જરા કરી શકે અને અંતરંગ રીતે સંવેગના ભાવની વૃદ્ધિ કરી શકે, તેવા શક્ય અનુષ્ઠાનમાં પ્રયત્ન કરવો જોઈએ. ॥૧૧૩॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે જે સાધુ અશક્ય અનુષ્ઠાન કરે છે તે પાછળથી પ્રમાદમાં પડે છે, માટે તેની ક્રિયા પ્રશંસનીય નથી. આ કથનને દૃઢ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**दव्वाइनाणनिउणं, अवमन्नंतो गुरुं असक्कचारि जो ।**
**सिवभूइव्व कुणंतो, हिंडइ संसाररन्नंमि ॥११४॥**

द्रव्यादिज्ञाननिपुणमवमन्यमानो गुरुमशक्यचारि यः ।
शिवभूतिरिव कुर्वन् हिण्डति संसारारण्ये ॥११४॥

**ગાથાર્થ :-**

**દ્રવ્યાદિ જ્ઞાનમાં નિપુણ એવા ગુરુની અવજ્ઞા કરતા, (અને) અશક્યચારીને કરતા=અશક્યચારી અનુષ્ઠાનને કરતા, જે સાધુ છે તે સાધુ શિવભૂતિની જેમ સંસારઅરણ્યમાં ભટકે છે. ॥૧૧૪॥**

**ભાવાર્થ :- શક્તિ કરતા વધુ ઉપરની ભૂમિકાના અનુષ્ઠાનને સ્વીકારવાથી થતા અનર્થમાં શિવભૂતિનું દૃષ્ટાંત**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે કયા શિષ્યે કયું અનુષ્ઠાન કરવું ઉચિત છે તે ગીતાર્થ સાધુ જાણે છે, અને તે ગીતાર્થના વચન અનુસાર ઉચિત અનુષ્ઠાનનું સેવન જો શિષ્ય કરે તો તે અનુષ્ઠાન અપ્રમાદભાવથી થાય અને શિષ્યને ઘણી નિર્જરા થાય. પરંતુ જે સાધુમાં વક્રતા છે તે દ્રવ્યાદિકના જાણકાર એવા ગીતાર્થગુરુની અવજ્ઞા કરીને, પોતાની શક્તિનો વિચાર કર્યા વગર રાભસિક વૃત્તિથી "જે અનુષ્ઠાન સર્વશ્રેષ્ઠ હોય તે મારે કરવું છે" તેવો વિચાર કરીને પોતાની શક્તિથી ઉપરની ભૂમિકાના અનુષ્ઠાનને સ્વીકારે, તો તે સાધુ શિવભૂતિની જેમ સંસારઅટવીમાં ભટકે છે. શિવભૂતિનો તે પ્રસંગ આ પ્રમાણે છે-

રાજાએ વહોરાવેલ રત્નકંબલ પ્રત્યે શિવભૂતિને મમતા થવાથી તે રત્નકંબલને સાચવીને રાખતા હતા. ગુરુએ તેની આ મમતાના પરિહાર અર્થે તેમની ગેરહાજરીમાં રત્નકંબલના ટુકડા કરીને પરઠવી દીધી, જેના કારણે ગુરુ પ્રત્યે ચિત્તમાં થયેલા ઈષદ્ દ્વેષને કારણે વાચનામાં ચાલતા જિનકલ્પના પ્રસંગમાં શિવભૂતિને જિનકલ્પ પ્રત્યેનો બદ્ધ આગ્રહ પેદા થયો. તેથી તેણે પોતાના સંઘયણબળનો અને કાળદોષથી પોતાની ક્ષીણ થયેલી શક્તિનો પણ વિચાર કર્યા વગર વસ્ત્રનો ત્યાગ કરીને જિનકલ્પની જેમ કઠોર ચર્યા સેવવાનો યત્ન કર્યો; પરંતુ પોતાની શક્તિથી ઉપરની ભૂમિકાનું તે અનુષ્ઠાન હોવાથી સંયમના ઉપરના કંડકોમાં જવાનો યત્ન સ્ખલના પામ્યો, અને ભગવાનના વચનથી નિરપેક્ષ રહીને સ્વમતિ પ્રમાણે કરવાનો અભિનિવેશ થયો, જેથી ચારિત્રનો નાશ થયો અને મિથ્યાત્વની પણ પ્રાપ્તિ થઈ, જેથી સંસારપરિભ્રમણરૂપ ફળ પ્રાપ્ત થયું. માટે આરાધક સાધુએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે પોતાને માટે જે ઉચિત અનુષ્ઠાન હોય તેનો ગીતાર્થ પાસે નિર્ણય કરીને તેમાં યત્ન કરવો જોઈએ, પરંતુ ઉપરની ભૂમિકાનું અનુષ્ઠાન શ્રેષ્ઠ છે એવો દુરાગ્રહ રાખીને ગીતાર્થ ગુરુની અવજ્ઞા કરીને પોતાની મતિ પ્રમાણે અનુષ્ઠાનમાં યત્ન કરવો જોઈએ નહીં. ॥૧૧૪॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૧૨માં કહ્યું કે સાધુ અપ્રમાદની વૃદ્ધિ માટે અનુબંધવાળું શક્ય અનુષ્ઠાન કરે છે અને ગાથા-૧૧૩-૧૧૪માં કહ્યું કે અશક્ય આરંભવાળી ક્રિયાથી અનર્થ થાય છે. તેથી જિજ્ઞાસા થાય કે શક્ય આરંભ શેના કારણે થાય છે ? અને અશક્ય આરંભ શેના કારણે થાય છે ? તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**हवइ असक्कारंभो, अत्तुक्करिसजणएण कम्मेणं ।**
**निउणेण साणुबंधं, णज्जइ पुण एसणिज्जं च ॥११५॥**

भवत्यशक्यारम्भ आत्मोत्कर्षजनकेन कर्मणा ।
निपुणेन सानुबन्धं ज्ञायते पुनरेषणीयं च ॥११५॥

**ગાથાર્થ :-**

**આત્મઉત્કર્ષજનક એવાં કર્મો વડે કરીને અશક્ય આરંભ થાય છે. વળી, નિપુણ એવા સાધક વડે એષણીય=કરવા યોગ્ય અને સાનુબંધ અનુષ્ઠાન જણાય છે. ॥૧૧૫॥**

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે કાર્યનો અર્થી જેનાથી ફળ પ્રાપ્ત થાય તેવા અનુષ્ઠાનમાં યત્ન કરે, તેમ મોક્ષનો અર્થી જે અનુષ્ઠાન સેવીને મોક્ષને અનુકૂળ ભાવ કરી શકે તેવા અનુષ્ઠાનમાં યત્ન કરે એ ઉચિત ગણાય; પરંતુ જે સાધુ "હું કંઈક અધિક કરી શકું છું." એવા મિથ્યાભિમાનને વશ થઈને=આત્માના ઉત્કર્ષને કરનાર એવી મોહની પરિણતિને વશ થઈને, પોતાની શક્તિનો વિચાર કર્યા વગર અશક્ય અનુષ્ઠાનનો આરંભ કરે છે, તે સાધુ તે અનુષ્ઠાન પોતાની શક્તિને અનુરૂપ નહિ હોવાથી તે અનુષ્ઠાનથી સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ આત્મભાવોને ઉલ્લસિત કરી શકતા નથી, અને અનુષ્ઠાનનું સેવન કષ્ટદાયી જણાતાં

પ્રમાદમાં પડે છે, જેના કારણે સંયમથી પાત થવાની પણ સંભાવના છે. આથી ગાથા-૧૧૩માં કહ્યું કે જે સાધુ અશક્ય અનુષ્ઠાન કરે છે તે પાછળથી પ્રચુર પ્રમાદમાં પડે છે. માટે વિચારકે કર્મના ઉદયથી અશક્ય અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ થાય છે એમ જાણીને અશક્ય અનુષ્ઠાનમાં યત્ન કરવો જોઈએ નહિ.

વળી, જે નિપુણ વિચારક છે તે ''આત્મકલ્યાણ માટે કયું અનુષ્ઠાન કરવા યોગ્ય છે અર્થાત્ કર્તવ્યરૂપ છે અને સાનુબંધ છે'', તેનો વિચાર કરીને શક્ય અનુષ્ઠાનનો આરંભ કરે છે.

અહીં કર્તવ્યરૂપ અનુષ્ઠાન એ છે કે જે પોતાની ભૂમિકા પ્રમાણે શક્ય હોય, મોક્ષનું કારણ હોય અને બળવાન યોગોનો વ્યાઘાત કરનાર ન હોય. જેમ ઉપવાસઆદિ તપ બળવાન એવા સ્વાધ્યાય આદિ યોગનો વ્યાઘાત કરનાર ન હોય તો કર્તવ્ય બને.

વળી, સાનુબંધ અનુષ્ઠાન એ છે કે ઉત્સાહમાં આવીને અનુષ્ઠાન શરૂ કર્યા પછી શારીરિક આદિ ક્ષીણતા ન થાય તો ઉત્તરકાળમાં પણ સંયમયોગોની શક્તિ ક્ષીણ ન થાય અને સંયમની હાનિ ન થાય. જેમ કોઈ જીવ ઉત્સાહમાં આવીને પોતાની શક્તિ અનુસાર તપ કરતો હોય અને સ્વાધ્યાય આદિનો તત્કાલ વ્યાઘાત પણ થતો ન હોય, આમ છતાં જો તે તપથી શરીરમાં ક્ષીણતા આવે અને ઉત્તરમાં શારીરિક ક્ષીણતાના કારણે સ્વાધ્યાય સ્ખલના પામે અને સંવેગની વૃદ્ધિ થતી અટકે, તો તે અનુષ્ઠાન સાનુબંધ અનુષ્ઠાન કહેવાય નહિ; પરંતુ સાનુબંધ અનુષ્ઠાન તેને કહેવાય જેથી સ્વાધ્યાય-સંવેગ વૃદ્ધિ પામે અને જે અધિક અધિક નિર્લેપતાનું કારણ હોય.

નિપુણપ્રજ્ઞાવાળા જીવો પોતે જે ધર્મઅનુષ્ઠાન સેવવા ઇચ્છતા હોય તે અનુષ્ઠાન પોતાની ભૂમિકા પ્રમાણે કર્તવ્ય છે કે નહિ અને પોતે તે ધર્મઅનુષ્ઠાન સાનુબંધ કરી શકશે કે નહિ તેવો નિર્ણય પ્રથમ કરે છે, અને ગીતાર્થગુરુ પાસેથી પણ તે ઉચિત છે કે નહીં તેનું જ્ઞાન કરીને તેમના વચન અનુસાર તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે, જેથી તે અનુષ્ઠાન એકાંત કલ્યાણનું કારણ બને છે. **॥૧૧૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે કર્મના દોષથી જીવ અશકચ અનુષ્ઠાનનો આરંભ કરે છે. હવે આત્મકલ્યાણના માર્ગમાં શકચ અનુષ્ઠાનનો આરંભ બહુફળવાળો છે, તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**संघयणादणुरूवे, सक्कारंभें अ साहए बहुअं ।**
**चरणं निवडइ न पुणो, असंजमे तेणिमो गरूओ ॥११६॥**

संहननाद्यनुरूपे, शक्यारम्भे च साधयति बहुकम् ।
चरणं निपतति न पुनरसंयमे तेनायं गुरुकः ॥११६॥

**ગાથાર્થ :-**

**અને સંઘયણ આદિને અનુરૂપ શકચ આરંભ હોતે છતે સાધુ ઘણું ચારિત્ર સાધે છે, વળી, અસંયમમાં પડતા નથી, તે કારણથી શકચ આરંભ ગુરુક છે=મહાફળવાળો છે. ॥૧૧૬॥**

**ભાવાર્થ :- શક્ય અનુષ્ઠાનના આરંભથી લાભ :**

જે સાધુ પોતાના સંઘયણ આદિનું સમ્યક્ પર્યાલોચન કરીને અનુષ્ઠાન સ્વીકારે અને અપ્રમાદભાવથી યત્ન કરે તો ઘણા સંયમની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે; અને તેના બદલે પોતાની શક્તિ કે સંઘયણનો વિચાર કર્યા વગર ઉપરની ભૂમિકાનું અનુષ્ઠાન સ્વીકારે અને તત્કાલ અપ્રમાદભાવથી યત્ન પણ કરે તોપણ શક્તિનો અભાવ હોવાને કારણે અસંયમમાં પડે છે. તેથી આરાધક સાધુ માટે શક્ય આરંભ મહાફળવાળું છે. ॥૧૧૬॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે જે સાધુ સંઘયણ આદિને અનુરૂપ શક્ય આરંભ કરે છે તે ઘણું સંયમ સાધી શકે છે. ત્યાં જિજ્ઞાસા થાય કે સંઘયણ આદિનું આલંબન કોને હિતકારી બને ? અને કોને અહિતકારી બને ? તેથી કહે છે –**

**ગાથા :-**

**संघयणाईआलंबणं तु सिढिलाण जं चरणघाई ।**
**सक्कारंभाण तयं, तव्वुड्ढिकरं जओ भणियं ॥११७॥**

संहननाद्यालम्बनं तु शिथिलानां यच्चरणघाति ।
शक्यारम्भाणां तत्तद्वृद्धिकरं यतो भणितम् ॥११७॥

**ગાથાર્થ :-**

**શિથિલ પરિણામવાળા સાધુઓનું જે સંઘયણ આદિનું આલંબન ચરણઘાતી છે=ચરિત્રનો નાશ કરનાર છે, તે=સંઘયણઆદિનું આલંબન, શક્ય આરંભ કરનારા સાધુઓનું, તેની=સંયમની, વૃદ્ધિને કરનારું છે; જે કારણથી કહેવાયું છે. ॥૧૧૭॥**

**ભાવાર્થ :- શિથિલાચારીને નબળા સંઘયણ આદિનું આલંબન સંયમપાતનું કારણ :**

જે જીવો સંયમ ગ્રહણ કર્યા પછી સંયમની ક્રિયાઓથી સંવેગની પરિણતિને ઉલ્લસિત કરી શકતા નથી, તેમને તે ક્રિયાઓ દ્વારા સંયમના સુખનું આસ્વાદન થતું નથી; અને દરેક જીવ સુખનો અર્થી તો છે. તેથી જે સાધુઓને સંવેગનું સુખ પ્રાપ્ત થતું નથી, તે સાધુઓમાંથી કેટલાક સાધુઓ પ્રાયઃ શાતાના સુખના અર્થી બને છે અને કષ્ટમય સંયમની ક્રિયામાં શિથિલ પરિણામવાળા બને છે. તેથી તેઓ વર્તમાનનું નબળું સંઘયણ અને વિષમ દેશકાળ આદિના નબળા આલંબનને ગ્રહણ કરી પોતાના શરીરને અનુકૂળ રહે તે રીતે પોતાની શિથિલ પ્રવૃત્તિને પોષે છે. આવા શિથિલ આચારવાળા સાધુઓનું સંઘયણ આદિનું આલંબન ચારિત્રનો નાશ કરનાર બને છે; અને જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે અને લબ્ધલક્ષ્યવાળા છે, તેઓ કયા અનુષ્ઠાનથી પોતાનું લક્ષ્ય પોતે પ્રાપ્ત કરી શકશે તેનો વિચાર કરીને શક્ય અનુષ્ઠાનનો આરંભ કરે છે, પણ અશક્ય અનુષ્ઠાનનો આરંભ કરતા નથી. વળી, તેઓ પોતાનું સંઘયણ કેવું છે, દેશકાળ કેવા છે તે સર્વનો વિચાર કરીને પોતાનાથી શક્ય હોય તેવા અનુષ્ઠાનનો આરંભ કરે છે. તેવા

વિવેકી સાધુઓ જે સંઘયણ આદિનું આલંબન લે છે, તે તેઓની ચારિત્રવૃદ્ધિનું કારણ બને છે, જે કારણથી ઉપદેશમાળામાં કહેવાયું છે જે આગળની ગાથામાં ગ્રંથકાર બતાવે છે. ॥૧૧૭॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે શિથિલાચારીને સંઘયણ આદિનું આલંબન ચારિત્રના ઘાતને કરનારું છે. તેમાં સાક્ષીરૂપે ઉપદેશમાળાની ગાથા બતાવે છે –

**ગાથા :-**

**संघयणकालबलदूसमारयालंबणाइ घित्तूणं ।**
**सव्वं चिय णियमधुरं, णिरुज्जमा उ पमुच्चंति ॥११८॥**
संहननकालबलदूषमारकालम्बनानि गृहीत्वा ।
सर्वामेव नियमधुरां निरुद्यमास्तु प्रमुञ्चन्ति ॥११८॥

**ગાથાર્થ :-**

**સંઘયણનું આલંબન, કાળનું આલંબન, બળનું આલંબન, દુષમઆરાનું આલંબન ગ્રહણ કરીને નિરુધમવાળા સાધુઓ વળી, સર્વ જ નિયમધુરાને=સંયમધુરાને મૂકે છે. ॥૧૧૮॥**

**ટીકા :-**

**'संघयण०' गाहा, संहनन-काल-बल-दुष्षमारकाऽऽलम्बनानि गृहीत्वा, यदुत किमद्य क्रियते ! नास्ति शारीरी शक्तिरिति संहननालम्बनं, नायं कालो दुर्भिक्षत्वान्नास्ति बलं मानसं धृतिरहितत्वात्, तथा दुष्षमा वर्त्तते, क्लिष्टा चेयमाख्याता भगवता प्रागेव, तथा किं कुर्मो रोगाक्रान्ता वयम्, एवम्भूतान्यालम्बनान्यलीकावष्टम्भान्यादाय, किं ? सर्वामेव=कर्तुं शक्यामपि नियमधुरां= संयमभारोद्वहनलक्षणां निरुद्यमात्=शैथिल्यात् प्रकर्षेण मुञ्चन्ति=प्रमुञ्चन्तीति ॥२९३॥ (उपदेश-माला)**

* પ્રસ્તુત ગાથામાં શિથિલાચારી સાધુ સંઘયણ આદિના આલંબનથી સંયમની ધુરાને મૂકે છે તેટલું જ કથન કર્યું છે. આમ છતાં પૂર્વગાથામાં કહેલ કે શિથિલાચારીઓને સંઘયણ આદિનું આલંબન ચારિત્રનું નાશક છે, અને શક્ય આરંભકને સંઘયણ આદિનું આલંબન ચારિત્રની વૃદ્ધિને કરનારું છે. તેથી તે પદાર્થને સ્પષ્ટ કરવા માટે ભાવાર્થમાં શિથિલાચારી અને શક્યઆરંભક બન્નેનું યોજન કરેલ છે.

**ભાવાર્થ :-**

જે સાધુઓ યોગમાર્ગમાં શિથિલ પરિણામવાળા છે, તેઓ વિચારે છે કે વર્તમાનમાં સંઘયણ નબળું છે તેથી પોતાની શારીરિક શક્તિ નથી. આમ વિચારી છતી શક્તિએ નબળા સંઘયણનું અવલંબન લઈને જેઓ શક્તિ અનુસાર પણ સંયમમાં ઉદ્યમ કરતા નથી, પરંતુ ઉચિત સંયમક્રિયામાં પ્રમાદનો આશ્રય કરે છે, તેમનું સંયમ નાશ પામે છે. તેને બદલે જે સાધુઓ શક્ય આરંભ કરનારા છે, તેઓ આ જ

સંઘયણનું આલંબન લઈને પોતાની શારીરિક શક્તિને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનમાં યત્ન કરે છે, તેમના સંયમની વૃદ્ધિ થાય છે.

વળી, કેટલાક સાધુઓ શિથિલ પરિણામવાળા હોવાને કારણે વિચારે છે કે આ દુર્ભિક્ષકાળ છે માટે ભગવાને અપવાદથી દોષિત આહારઆદિની અનુજ્ઞા આપેલી છે. આ પ્રકારનું આલંબન લઈને નિર્દોષ ભિક્ષાનો ઉદ્યમ કરતા નથી, તેથી સંયમનો નાશ કરે છે. તેને બદલે જે સાધુઓ શક્ય આરંભ કરનારા છે તેઓ કાળ દુર્ભિક્ષ હોય તો વિચારે કે જ્યાં સુધી સંયમમાં ઉદ્યમની શિથિલતા ન થતી હોય ત્યાં સુધી ભગવાને નિર્દોષ આહારઆદિની ગવેષણા માટે આજ્ઞા કરી છે. તેથી ''ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહિ મળે તો તપની વૃદ્ધિ થશે'', એ પ્રકારે આત્માને ભાવિત કરીને સમતાની વૃદ્ધિમાં ઉદ્યમ કરે છે. આમ છતાં ભિક્ષા ન મળે અને તપની વૃદ્ધિમાં યત્ન કરવાથી સંયમયોગમાં યત્ન સિદાતો જણાય ત્યારે ભગવાનની આજ્ઞા વિચારી સંયમયોગમાં દૃઢ યત્નના અર્થી એવા સાધુ દોષિત આહાર પણ યતનાપૂર્વક ગ્રહણ કરે છે. આ પ્રકારે ભગવાનના વચનનું અવલંબન લઈને યતનાપૂર્વક દોષિત આહાર ગ્રહણ કરે તેવા સાધુઓને કાળનું આલંબન પણ સંયમવૃદ્ધિનું કારણ બને છે.

વળી, ''પ્રાયઃ કરીને પાંચમા આરાના સાધુઓમાં માનસધૃતિબળ ઓછું હોય છે, તેથી પૂર્વના મહાત્માઓની જેમ અભિગ્રહ આદિ કરી શકતા નથી'' એ પ્રકારે શાસ્ત્રવચન છે. આ શાસ્ત્રવચનનું અવલંબન લઈને સંયમમાં શિથિલ પરિણામવાળા સાધુ પોતાની શારીરિક શક્તિ અનુસાર શક્ય અભિગ્રહ ગ્રહણ કરવામાં પણ યત્ન કરતા નથી, અને શક્તિ હોવા છતાં શાતાના અર્થી બનીને અભિગ્રહની ઉપેક્ષા કરે છે અને પોતાના સંયમના પરિણામનો નાશ કરે છે. તેને બદલે જે સાધુ શક્ય આરંભ કરનારા છે તેઓ આ શાસ્ત્રવચનનું અવલંબન લઈને વિચારે છે કે પાંચમા આરાના જીવોમાં ધૃતિબળ ઓછું છે માટે મારા ધૃતિબળનો નાશ ન થાય એવું શક્ય અનુષ્ઠાન મારે કરવું જોઈએ. એમ વિચારીને પોતાની શક્તિને ગોપવ્યા વિના શક્ય અનુષ્ઠાનમાં ધૃતિને ફોરવે છે, જેથી વર્તમાનમાં અલ્પ ધૃતિ હોવા છતાં શક્તિ અનુસાર તે ધૃતિના બળથી જ સંયમની વૃદ્ધિ કરે છે.

વળી, કેટલાક શિથિલાચારવાળા સાધુઓ વિચારે કે વર્તમાનમાં દુષમ આરો છે અને ભગવાને આ કાળને ક્લિષ્ટ કાળ કહ્યો છે અને અમે પણ રોગથી આક્રાન્ત છીએ, એમ વિચારીને પોતાની શક્તિ સમભાવની વૃદ્ધિમાં ફોરવવાને બદલે ક્લિષ્ટ કાળનું અવલંબન લઈને સંયમની ઉચિત ક્રિયાઓમાં પ્રમાદ કરે છે, અને પોતાની શરીર આદિની શક્તિ હોવા છતાં સંયમના ભારને વહન કરતા નથી, તેઓ સંયમનો નાશ કરે છે. તેને બદલે જે સાધુઓ શક્ય આરંભ કરનારા છે તેઓ શાસ્ત્રવચનનું અવલંબન લઈને વિચારે છે કે આ દુષમ આરો છે તેથી સંયમ માટે ઘણા વિપરીત સંયોગો પ્રાપ્ત થાય છે, માટે તેવા સંયોગોમાં પણ હું શક્તિને ગોપવ્યા વિના ઉચિત યત્ન કરું. તેમ વિચારીને પોતાનું શરીર રોગથી આક્રાન્ત હોય તોપણ શક્તિને ગોપવ્યા વિના શક્તિ અનુસાર શક્ય અનુષ્ઠાન કરીને પોતાના સંયમસ્થાનની વૃદ્ધિ થાય તે રીતે અપ્રમાદભાવ કરે છે, જેથી રોગના કારણે પણ તેમના સંયમમાં હાનિ થતી નથી. ॥૧૧૮॥

**અવતરણિકા :-**

बुद्धिमता पुनरेतदालोच्य यद् विधेयं तदाह –

**અવતરણિકાર્થ :-**

સંયમ ગ્રહણ કર્યા પછી સંયમની વૃદ્ધિનો ઉચિત ઉપાય વિચારી શકે તે બુદ્ધિમાન કહેવાય, અને તેવા બુદ્ધિમાન સાધુએ વર્તમાનમાં સંઘયણ આદિનો હ્રાસ જોઈને, સંઘયણ આદિ આલંબનનું આલોચન કરીને શું કરવું જોઈએ ? કે જેથી સંયમનો નાશ ન થાય, તે બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

**कालस्स य परिहाणी, संजमजुग्गाइ नत्थि खित्ताइं ।**
**जयणाइ वट्टिअव्वं, ण उ जयणा भंजए अंगं ॥११९॥**
**( इति शक्यानुष्ठानारम्भस्वरूपं पञ्चमं लक्षणम् ।)**
कालस्य च परिहाणिः संयमयोग्यानि न सन्ति क्षेत्राणि ।
यतनया वर्तितव्यं न हु यतना भनक्त्यङ्गम् ॥११९॥

**ગાથાર્થ :-**

**અને કાળની પરિહાણી છે, સંયમયોગ્ય ક્ષેત્રો નથી, યતના વડે વર્તવું જોઈએ, યતના સંયમરૂપી શરીરનો નાશ કરતી નથી. ॥૧૧૯॥**

**ટીકા :-**

**'कालस्स य' गाहा, कालस्य वर्त्तमानरूपस्य परिहाणिर्ह्रासः, चशब्दात् तद्ध्रासेन द्रव्य-क्षेत्र-भावानामपि, अत एवाह-संयमयोग्यानि न सन्त्यधुना क्षेत्राणि, अतो यतनया आगमोक्तगुणदोषा-श्रयणपरिहारलक्षणया वर्त्तितव्यं=यापनीयम् । यतो न हु नैव यतना क्रियमाणा भनक्ति विनाशयत्यङ्गं प्रक्रमात् संयमशरीरमिति ॥२९४॥ ( उपदेशमाला )**

**ભાવાર્થ :-**

જે સાધુ સંસારથી ભય પામેલા છે અને સંસારથી છૂટવાના ઉચિત ઉપાયોને શાસ્ત્ર અનુસાર વિચારે છે, તેવા સાધુએ વર્તમાનમાં વિષમ સંયોગોમાં શું કરવું જોઈએ ? કે જેથી ચારિત્રરૂપી સંયમનો નાશ ન થાય, અને તેનો યોગમાર્ગ અસ્ખલિત રીતે મોક્ષમાર્ગમાં પ્રવર્તે, તે માટે પ્રસ્તુત ગાથામાં ગ્રંથકાર કહે છે-

વર્તમાનમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ ચારેની હાનિ છે અર્થાત્ સંયમનો અનુકૂળ એવાં દ્રવ્યો દુર્લભ છે, સંયમની વૃદ્ધિમાં સહાયક થાય એવું ક્ષેત્ર નથી, કાળ પણ એવો છે કે જે કાળમાં અતિશય જ્ઞાની કે વિશિષ્ટ શ્રુતધરની પ્રાપ્તિ થાય નહિ. આથી સંયમની વૃદ્ધિ કરવી અતિદુષ્કર છે. વળી, જીવના પરિણામો પણ પૂર્વના ઋષિઓ જેવા નથી; કેમ કે પૂર્વના ઋષિઓ સંયમ ગ્રહણ કર્યા પછી આખી જિંદગી નિરતિચાર ચારિત્રનું વહન કરનારા હતા, જ્યારે અત્યારે યતના કરનારા સાધુઓ પણ તેવા ઉત્તમ ભાવોવાળા નથી, કે યથોચિત યત્ન કરી શકે. આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારેયની વર્તમાનમાં હાનિ વર્તે છે.

આમ છતાં જે સાધુઓ આગમમાં કહેલા ગુણોનું આશ્રયણ કરે છે અને દોષના પરિહાર માટે યત્ન કરે છે, તેઓનું સંયમરૂપી શરીર સુરક્ષિત રહે છે. ॥૧૧૯॥

## યતિનું છઠ્ઠું લક્ષણ – 'ગુરુ ગુણનો અનુરાગ'

**અવતરણિકા :-**

ગાથા-૩ અને ૪માં યતિનાં સાત લક્ષણો બતાવેલ, તેમાંથી પાંચ લક્ષણોનું વર્ણન અત્યાર સુધી કર્યું. હવે યતિનું છઠ્ઠું લક્ષણ "ગુરુ ગુણના અનુરાગ"નું વર્ણન કરે છે –

**ગાથા :-**

**जायइ गुणेसु रागो, पढमं संपत्तदंसणस्सेव ।**
**किं पुण संजमगुणओ, अहिए ता तंमि वत्तव्वं ॥१२०॥**
जायते गुणेषु रागः प्रथमं सम्प्राप्तदर्शनस्यैव ।
किं पुनः संयमगुणतोऽधिके तस्मात्तस्मिन्वर्तितव्यम् ॥१२०॥

**ગાથાર્થ :-**

**સંપ્રાપ્ત દર્શનવાળાને જ ગુણોમાં રાગ પ્રથમ થાય છે. સંયમગુણથી અધિક એવા સાધુમાં વળી, શું કહેવું ? અર્થાત્ તેમનામાં ગુણનો રાગ હોય જ. તે કારણથી=સાધુમાં ગુણનો રાગ હોય જ તે કારણથી, સાધુએ તેમાં=ગુણરાગમાં વર્તવું જોઈએ=યત્ન કરવો જોઈએ. ॥૧૨૦॥**

**ભાવાર્થ :-**

જીવ સમ્યગ્દર્શન પામે છે ત્યારે ગુણ તેને તત્ત્વરૂપે દેખાય છે અને પૂર્ણ ગુણસ્વરૂપ મોક્ષ તેને સારભૂત લાગે છે. તેથી મોક્ષના ઉપાયભૂત કોઈપણ ગુણ કોઈપણ જીવમાં દેખાય તો તેના પ્રત્યે તેને બહુમાન થાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂર્વેના જીવો યોગમાર્ગમાં આવેલા હોય તોપણ સ્પષ્ટ તત્ત્વને જોઈ શકતા નથી, તેથી તેઓનો ગુણરાગ નહિવત્ જેવો હોય છે, જ્યારે સમ્યગ્દષ્ટિ તો મોક્ષને અનુકૂળ ગુણોને જ સારરૂપે જોઈ શકે છે, તેથી તેને ગુણો પ્રત્યે અત્યંત રાગ પ્રગટે છે. આવો અત્યંત રાગ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારે જ પ્રથમ થાય છે, પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે આવો અત્યંત રાગ થતો નથી. તે બતાવવા માટે કહ્યું કે સંપ્રાપ્ત સમ્યગ્દર્શનવાળાને જ ગુણોમાં રાગ પ્રથમ થાય છે; કેમ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી જ ગુણોની સાચી પિછાન થાય છે. ત્યારપછી દેશવિરતિધર, સર્વવિરતિધર આદિને ગુણો પ્રત્યે અધિક અધિક રાગ હોય છે; કેમ કે સમ્યગ્દષ્ટિને તો અવિરતિનો ઉદય હોવાથી ગુણોના પક્ષપાતમાત્રરૂપ રાગ હોય છે, જ્યારે દેશવિરતિધર, સર્વવિરતિધરને તો ઉત્તર ઉત્તરની ગુણનિષ્પત્તિની ભૂમિકામાં યત્ન કરાવે તેવો ગુણોનો રાગ છે. તેથી કહ્યું કે "સંયમગુણથી અધિક એવા ચારિત્રીમાં તો નક્કી ગુણનો રાગ હોય જ." તેથી સંયમ ગ્રહણ કરેલ છે તેવા સાધુએ તો સતત ગુણરાગમાં જ યત્ન કરવો જોઈએ અર્થાત્ પૂર્વના મહાપુરુષોએ જે રીતે ગુણવૃદ્ધિ કરી, તેનું વારંવાર સ્મરણ કરીને ઉપર ઉપરના સંયમના કંડકોની પ્રાપ્તિ થાય તે રીતે ગુણના રાગમાં યત્ન કરવો જોઈએ. ॥૧૨૦॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે સમ્યગ્દષ્ટિ કરતાં સંયમગુણથી અધિક એવા સાધુમાં નક્કી ગુણનો રાગ હોય. તેથી હવે સુસાધુ કઈ રીતે ગુણરાગમાં યત્ન કરે છે, તે બતાવે છે –

**ગાથા :-**

**गुणवुड्डीइ परग्गय-गुणरत्तो गुणलवं पि संसेइ ।**
**तं चेव पुरो काउं, तग्गयदोसं उवेहेइ ॥१२१॥**

गुणवृद्ध्यै परगतगुणरक्तो गुणलवमपि शंसति ।
तमेव पुरस्कृत्य तद्गतदोषमुपेक्षते ॥१२१॥

**ગાથાર્થ :-**

**પરગત ગુણોમાં રક્ત એવા સાધુ, ગુણવૃદ્ધિ માટે ગુણલવની પણ=અલ્પગુણની પણ પ્રશંસા કરે છે, તેને જ=ગુણલવને જ આગળ કરીને, તદ્ગત દોષની=ગુણવાનમાં રહેલા દોષની, ઉપેક્ષા કરે છે. ॥૧૨૧॥**

**ભાવાર્થ :-**

ભાવથી સંયમવાળા સાધુને મોક્ષ પ્રત્યે અત્યંત પક્ષપાત હોય છે અને તેના કારણે મોક્ષના ઉપાયભૂત ગુણો પ્રત્યે અત્યંત પક્ષપાત હોય છે. આવા સાધુ શક્તિના પ્રકર્ષથી ગુણોમાં યત્ન કરે છે, તોપણ એટલામાત્રથી તેમને સંતોષ થતો નથી. તેથી પરગત કોઈપણ મોક્ષને અનુકૂળ ગુણો દેખાય તો પોતાનામાં તે ગુણો આવિર્ભાવ પામે, અને તે ગુણોની પોતાનામાં વૃદ્ધિ થાય તે માટે પરના ગુણલવની પણ અનુમોદના કરે છે; કેમ કે ગુણોની અનુમોદનાના કાળમાં વર્તતા ગુણોના પક્ષપાતના ભાવના કારણે ગુણવૃદ્ધિમાં પ્રતિબંધક એવાં પોતાનાં કર્મોની નિર્જરા થાય છે, જે ગુણવૃદ્ધિનું કારણ બને છે. આથી આવા સાધુ પરમાં રહેલા નાના પણ ગુણને આગળ કરીને તેનામાં રહેલા દોષોની ઉપેક્ષા કરે છે.

આશય એ છે કે સામાન્યથી જીવનો સ્વભાવ જ એવો છે કે પરગત દોષો જોઈને તેના પ્રત્યે દ્વેષ થાય, પરંતુ પરગત દોષો જોઈને તે જીવ પ્રત્યે દ્વેષ થાય તો તેવા દોષો જન્માંતરમાં પોતાને પ્રાપ્ત થાય છે, અને પરગત ગુણોને જોઈને તેના પ્રત્યે રાગ થાય તો જન્માંતરમાં તેવા ગુણોની પ્રાપ્તિ પોતાને થાય છે. તેથી મોક્ષના અર્થી સાધુએ પરમાં અલ્પ પણ ગુણ દેખાય તો તેને જ આગળ કરીને તેની પ્રશંસા કરવી જોઈએ, અને ગુણવાનમાં રહેલા દોષોની ઉપેક્ષા કરવી જોઈએ. ॥૧૨૧॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે પરગત દોષની ઉપેક્ષા કરીને ગુણવૃદ્ધિ માટે સાધુ પરમાં રહેલા નાના ગુણની પણ પ્રશંસા કરે છે. તેમાં વીરભગવાનનું દૃષ્ટાંત બતાવે છે –

**ગાથા :-**

**जह अइमुत्तयमुणिणो, पुरोकयं आगमेसिभद्दत्तं ।**
**थेराण पुरो न पुणो, वयखलिअं वीरणाहेणं ॥१२२॥**

यथा अतिमुक्तकमुनेः पुरस्कृतं आगमिष्यद्भद्रत्वम् ।
स्थविराणां पुरो न पुनर्व्रतस्खलितं वीरनाथेन ॥१२२॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે વીરભગવાન વડે સ્થવિરોની આગળ અઈમુત્તામુનિનું ભાવિ=ભદ્રપણું આગળ કરાયું પરંતુ વ્રતસ્ખલિતપણું નહિ=વ્રતનો અતિચાર નહિ. ॥૧૨૨॥**

* '**वयखलिअं**' શબ્દ ભાવ અર્થમાં છે. તેથી '**व्रतस्खलिततत्वम्**' અર્થ કરવાનો છે.

* '**वयखलिअं**' માં '**खलिअ**' શબ્દ નપુંસકલિંગ અપરાધના અર્થમાં છે, તેથી **वयखलिअं** નો અર્થ વ્રતનો અતિચાર થાય છે.

**ભાવાર્થ :-**

અઈમુત્તામુનિએ નાની ઉંમરમાં સંયમ ગ્રહણ કરેલ. એક વખત વર્ષાકાળમાં પાણીથી ભરાયેલા ખાબોચિયામાં પોતાની સમાન વયવાળા છોકરાઓને કાગળની નાવ તરાવતા જોઈને પોતાની પાસે રહેલા પાતરાને નાવની જેમ તરાવવા લાગ્યા, અને નાવ તરાવતા તે અઈમુત્તામુનિ ગૌતમસ્વામીને જોઈને લજ્જા પામ્યા. ત્યારબાદ લજ્જા પામેલ એવા તે અઈમુત્તામુનિ ભગવાનના સમોવસરણમાં ભગવાનની સન્મુખ 'ઈરિયાવહી સૂત્ર'નો પાઠ કરતાં કેવળજ્ઞાનને પામ્યા. આ પ્રમાણે અઈમુત્તામુનિની કથા ભરહેસર-વૃત્તિમાં છે.

વળી, 'ઉપદેશરહસ્ય'માં પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબે કહ્યું છે કે "અઈમુત્તામુનિને પાણીમાં પાતરાને નાવની જેમ તરાવતા જોઈને સ્થવિરોએ વિચાર કર્યો કે આ બાળક સંયમને યોગ્ય નથી." અને સ્થવિરો વીરભગવાન પાસે આવે છે ત્યારે વીરભગવાન સ્થવિરોને કહે છે કે "આ બાળકનું નજીકમાં કલ્યાણ થવાનું છે માટે તેનો અનાદર કરશો નહિ, પણ તેનું મહાનિધાનની જેમ પાલન કરજો." તેથી જેમ વીરભગવાને અઈમુત્તામુનિમાં રહેલા વ્રતની સ્ખલનાની ઉપેક્ષા કરીને તેમનામાં રહેલી ભાવિભદ્રકતાને આગળ કરીને તેમની પ્રશંસા કરી, તેમ ગુણના રાગી સાધુ પરગત દોષની ઉપેક્ષા કરીને પરમાં રહેલ ગુણની પ્રશંસા કરે છે, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ॥૧૨૨॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૨૧માં કહ્યું કે સાધુ ગુણવૃદ્ધિ માટે પરગત દોષની ઉપેક્ષા કરીને પરમાં રહેલા ગુણલવની પણ પ્રશંસા કરે છે, અને તેની પુષ્ટિ વીરભગવાનના દૃષ્ટાંતથી ગાથા-૧૨૨માં કરી. હવે તે કથનને અતિદૃઢ કરવા માટે પાસત્થા આદિમાં રહેલા ગુણલેશને આશ્રયીને અપવાદથી વંદનની વિધિ છે તે બતાવે છે –**

**ગાથા :-**

**एत्तो च्चिय किइकम्मे, अहिगिच्चालंबणं सुअब्भुदयं ।**
**गुणलेसो वि अहिगओ, जं भणियं कप्पभासंमि ॥१२३॥**

एतस्मादेव कृतिकर्माधिकृत्यालम्बनं स्वभ्युदयम् ।
गुणलेशोप्यधिगतो, यद् भणितं कल्पभाष्ये ॥१२३॥

**ગાથાર્થ :-**

**આ જ કારણથી=ગુણવૃદ્ધિ માટે સાધુ પરગત દોષની ઉપેક્ષા કરીને પરગત ગુણલવની પ્રશંસા કરે છે આ જ કારણથી, કૃતિકર્મને આશ્રયીને=સાધુની વંદનક્રિયાને આશ્રયીને, સુઅભ્યુદયવાળું આલંબન ગુણલેશ પણ સ્વીકારાયું છે, જે કારણથી 'કલ્પભાષ્ય'માં કહેવાયું છે. ॥૧૨૩॥**

* અહીં સુઅભ્યુદયનો સમાસ 'સુંદર અભ્યુદય છે જેનાથી તે સુઅભ્યુદય' એમ કરીને આલંબનનું વિશેષણ ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૧માં કહ્યું કે સાધુમાં રહેલો ગુણનો અનુરાગ, તેને કોઈપણ જીવમાં મોક્ષમાર્ગને અનુકૂળ ગુણલેશ દેખાય તો તેનામાં રહેલા દોષોની ઉપેક્ષા કરીને તે અલ્પગુણની પણ પ્રશંસા કરાવે છે. આ જ કારણથી શાસ્ત્રમાં કૃતિકર્મને આશ્રયીને અપવાદ બતાવેલો છે. તે આ રીતે-

સંયમી સાધુમાં સાધુના ગુણો દેખાય ત્યારે તેને ઉત્સર્ગથી વંદન કરવાની વિધિ છે. આમ છતાં કોઈ સાધુમાં પ્રમાદઆદિ દોષ વર્તતા હોય, તેથી તેનામાં સંયમનો પરિણામ નથી તેમ નક્કી થાય તોપણ, તે સાધુમાં મોક્ષમાર્ગને અનુકૂળ જે કાંઈ થોડા ગુણો દેખાય, તે ગુણોનું આલંબન લેવું તે પોતાના માટે સુઅભ્યુદયનું કારણ છે. તેથી શાસ્ત્રકારે તે પ્રમાદી સાધુમાં રહેલો ગુણલેશ પણ અપવાદથી વંદન યોગ્ય સ્વીકારેલ છે અર્થાત્ તે પ્રમાદી સાધુમાં મોક્ષમાર્ગને અનુકૂળ રહેલા કોઈપણ ગુણને સામે રાખીને વંદન કરવામાં આવે તો વંદન કરનારને માટે તે ગુણોનું આલંબન અભ્યુદયનું કારણ છે અર્થાત્ પોતાનામાં ગુણવૃદ્ધિનું કારણ છે. ॥૧૨૩॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે જે કારણથી 'કલ્પભાષ્ય'માં કહ્યું છે. તેથી કલ્પભાષ્યની ગાથા કહે છે –**

**ગાથા :-**

**दंसणनाणचरित्तं, तवविणयं जत्थ जत्तिअं पासे ।**
**जिणपन्नत्तं भत्तीइ, पूअए तं तहिं भावं ॥१२४॥**

दर्शनज्ञानचारित्रं तपो विनयं यत्र यावत्पश्येत् ।
जिनप्रज्ञप्तं भक्त्या पूजयेत्तं तत्र भावम् ॥१२४॥

**ગાથાર્થ :-**

**જે પાસત્થા આદિમાં જેટલું દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય દેખાય તેમાં=તે પાસત્થા આદિમાં, જિનપ્રજ્ઞપ્ત એવા તે ભાવને ભક્તિથી પૂજે અર્થાત્ વંદન કરે. ॥૧૨૪॥**

**ટીકા :-**

**दर्शनं च-निःशङ्कितादिगुणोपेतं सम्यक्त्वं, ज्ञानं च-आचारादि श्रुतं, चारित्रं च-मूलोत्तरगुणानुपालनात्मकं, दर्शन-ज्ञान-चारित्रम्, द्वन्द्वैकवद्भावः । एवं तपश्च-अनशनादि, विनयश्चअभ्युत्थानादिः, तपो-विनयम् । एतद् दर्शनादि 'यत्र' पार्श्वस्थादौ पुरुषे 'यावद्' यत्परिमाणं स्वल्पं बहुं वा जानीयात् तत्र तमेव भावं जिनप्रज्ञप्तं स्वचेतसि व्यवस्थाप्य तावत्यैव 'भक्त्या' कृतिकर्मादिलक्षणया पूजयेत् ॥४५५३॥ ( बृ.क. गाथा ४५५३ )**

**ટીકાર્થ :-**

**दर्शनं च=નિઃશંકિતાઆદિ ગુણથી યુક્ત સમ્યક્ત્વ, ज्ञानं च=આચારાદિ શ્રુતરૂપ જ્ઞાન અને चारित्रं च=મૂલ-ઉત્તરગુણના અનુપાલનરૂપ ચારિત્ર, અને મૂળ ગાથામાં દ્વન્દ્વસમાસ હોવાને કારણે એકવદ્ ભાવ છે, તેથી દર્શન-જ્ઞાન-ચારિત્રનો એકવચનમાં પ્રયોગ છે; એ રીતે=જેમ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં એકવદ્ ભાવ છે તેથી એકવચનમાં પ્રયોગ છે એ રીતે, અનશનઆદિરૂપ તપ અને અભ્યુત્થાનઆદિરૂપ વિનય અર્થાત્ ગુણવાન પ્રત્યે અભ્યુત્થાનઆદિ ક્રિયારૂપ વિનય અને આ બન્નેનો=તપ અને વિનય બન્નેનો દ્વન્દ્વ સમાસ હોવાથી 'तपो-विनयम्' એકવચનનો પ્રયોગ છે; આ દર્શન આદિ જે પાસત્થાદિ પુરુષમાં જેટલા પરિમાણવાળું અર્થાત્ સ્વલ્પ કે ઘણું જણાય, તેમાં=તે પાસત્થામાં, તે જ જિનપ્રજ્ઞપ્તભાવને સ્વચિત્તમાં સ્થાપન કરીને તેટલી જ કૃતિકર્માદિરૂપ ભક્તિથી પૂજા કરવી જોઈએ.**

* '**पासत्थाआदि**' માં '**आदि**' શબ્દથી અવસન્ન વગેરેનું ગ્રહણ કરવું.

* '**कृतिकर्मादिलक्षणया**' માં '**आदि**' શબ્દથી વસતિ આપવી વગેરેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :- પાસત્થા આદિ સાધુમાં રહેલા અલ્પગુણને આશ્રયીને વંદનાદિ વિષયક ઉચિત આચરણા :**

ગાથા-૧૨૧માં ગ્રંથકારે કહેલ કે સુસાધુ કોઈપણ જીવમાં થોડો પણ ગુણ દેખાય તો તે જીવમાં રહેલા દોષોની ઉપેક્ષા કરીને તેનામાં રહેલા ગુણને આગળ કરીને તેની પ્રશંસા કરે છે. આ કારણથી વંદનને આશ્રયીને પણ ગુણલેશને શાસ્ત્રકારોએ સ્વીકાર્યું છે, એ વાત ગાથા-૧૨૩માં બતાવી. અહીં તેને પુષ્ટ કરવા માટે કલ્પભાષ્યની સાક્ષી આપી છે. કલ્પભાષ્યની ગાથાનો અર્થ એ છે કે કોઈ સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી પાસત્થા આદિ ભાવોમાં વર્તતા હોય, આમ છતાં તેના હૈયામાં ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધા હોય તો તેમનામાં સમ્યગ્દર્શન ગુણ છે, અને આચારાંગઆદિ શાસ્ત્રો ભણેલો હોય તો સમ્યગ્જ્ઞાન પણ છે, અને મૂળ-ઉત્તરગુણોનું જેટલા અંશમાં પાલન કરતા હોય તેટલા અંશમાં તેનામાં ચારિત્ર પણ છે. વળી, ભગવાનના વચન અનુસાર તપ કે વિનય કરતા હોય તો તેટલા અંશમાં તેનામાં તપ કે વિનયગુણ પણ છે. આ રીતે દર્શન આદિ ગુણોમાંથી જે કોઈપણ ગુણો અલ્પ કે અધિક પ્રમાણમાં તેનામાં હોય, તે ગુણોને લિંગ દ્વારા જાણીને તેને બુદ્ધિમાં ઉપસ્થિત કરીને તેટલી જ વિશેષ ભક્તિથી

પાસત્થા આદિને વંદન કરવું જોઈએ; કેમ કે કાળ વિષમ છે અને મોક્ષને અનુકૂળ ભાવો ઘણા દુર્લભ છે. તેથી કોઈપણ જીવમાં થોડો પણ મોક્ષમાર્ગને અનુકૂળ ગુણ દેખાય તો ગુણના પક્ષપાતી જીવને તેના પ્રત્યે અવશ્ય ભક્તિ થાય, અને તેમ કરવાથી ભગવાનની આજ્ઞાનું પાલન થાય.

અહીં વિશેષ એ છે કે ચારિત્રના પરિણામથી યુક્ત સાધુ ઉત્સર્ગથી વંદનીય છે, અન્ય નહિ; તોપણ દેશપાસત્થાને વંદન અપવાદથી ભગવાને કહેલ છે. તેથી જો દેશપાસત્થા આદિને વંદન કરવામાં ન આવે તો ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન થાય. વળી, કોઈ સાધુ સર્વથા ગુણથી રહિત હોય અર્થાત્ સર્વપાસત્થા હોય તો તેમને ઉત્સર્ગથી કે અપવાદથી વંદન કરવાનું નથી; આમ છતાં જ્યારે તેનાથી કોઈક અનર્થ થવાની સંભાવના હોય ત્યારે તેમને પણ અપવાદથી વંદન કરવાની વિધિ છે, પરંતુ તે સાધુ વંદનીય છે તેવી બુદ્ધિથી વંદન કરવાનું નથી, અને તે વંદન પંચકહાનિના ક્રમથી કરવાનું છે. વળી કલ્પભાષ્યમાં બતાવેલ અપવાદિક વંદન જેવું આ વંદન નથી, ફક્ત સર્વપાસત્થાદિથી થતા અનર્થના નિવારણ માટે આ વંદન છે; જ્યારે કલ્પભાષ્યમાં બતાવેલ અપવાદિક વંદન કર્તવ્ય છે. તેથી દેશપાસત્થાદિમાં પૂર્ણ ગુણો નહિ હોવા છતાં તેનામાં જેટલા ગુણો રહેલા હોય તેને સામે રાખીને તેટલા જ બહુમાનથી વંદન કરવાનું ભગવાને કહેલ છે. ॥૧૨૪॥

**અવતરણિકા :-**

**સાધુમાં ગુણનો રાગ હોય છે તેથી કોઈ પણ જીવમાં મોક્ષમાર્ગને અનુકૂળ કોઈપણ ગુણ દેખાય તો અવશ્ય તેની પ્રશંસા કરે તે વાત પૂર્વગાથામાં સ્થાપન કરી. તેને દૃઢ કરવા માટે વીરભગવાનનું દૃષ્ટાંત બતાવે છે –**

**ગાથા :-**

**परगुणसंसा उचिया, अनण्णसाहारणत्तणेण तहा ।**
**जह विहिआ जिणवइणा, गुणनिहिणा गोअमाईणं ॥१२५॥**

परगुणशंसा उचिता अनन्यासाधारणत्वेन तथा ।
यथा विहिता जिनपतिना गुणनिधिना गौतमादीनाम् ॥१२५॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે ગુણનિધિ એવા જિનપતિ વડે=વીર ભગવાન વડે, ગૌતમ આદિની પ્રશંસા કરાઈ, તે પ્રમાણે અનન્ય એવા અસાધારણ ગુણ વડે પરગુણની પ્રશંસા સાધુને ઉચિત છે. ॥૧૨૫॥**

**ભાવાર્થ :-**

ભગવાન વીતરાગ અને સર્વજ્ઞ હતા, ભગવાનથી ગૌતમઆદિ મુનિઓ ગુણથી ન્યૂન હતા, છતાં ગૌતમઆદિ સાધુઓની સંયમની અપ્રમત્તતાની પ્રશંસા જે પ્રમાણે ભગવાન કરતા હતા, તે પ્રમાણે સુસાધુ પણ કોઈ જીવમાં અનન્ય એવો અસાધારણ ગુણ દેખાય તો તેની પ્રશંસા કરે તે ઉચિત છે; પરંતુ પોતાની સાથે સંબંધ સારો છે કે પોતાની ભક્તિ કરે છે કે પોતાની સારી ભક્તિ કરશે તેવા આશયથી સાધુ

પ્રશંસા કરે નહિ. ગુણવાન સાધુમાં કે ગુણવાન શ્રાવકમાં રહેલા અસાધારણ ગુણો જોઈને કોઈ સાધુને હૈયામાં આદર થાય અને તેના કારણે તેની પ્રશંસા કરે તો પોતાનામાં રહેલો ગુણના રાગરૂપ ગુણ વૃદ્ધિ પામે છે. તેથી સાધુએ પરગત ગુણોની પ્રશંસામાં ઉદ્યમ કરવો ઉચિત છે. ॥૧૨૫॥

**અવતરણિકા :-**

**સુસાધુને પરગત ગુણોને ગ્રહણ કરવાનો પરિણામ અને સ્વદોષોને જોવાનો પરિણામ કેવો છે તે બતાવવા માટે પૂર્વમાં સુસાધુને પરગતગુણો પ્રત્યેનો પ્રશંસાનો પરિણામ કેવો હોય ? તે બતાવ્યું. હવે તે બતાવીને ગુણહીન પ્રત્યે લેશ પણ પ્રતિબંધ કેમ થતો નથી ? તે ગાથા-૧૨૬ થી ૧૨૮માં બતાવે છે –**

**ગાથા :-**

**परगुणगहणावेसो, भावचरित्तिस्स जह भवे पवरो ।**
**दोसलवेण वि निअए जहा गुणे निग्गुणे गुणइ ॥१२६॥**

परगुणग्रहणावेशो भावचरित्रिणो यथा भवेत्प्रवरः ।
दोषलवेनापि निजकान् यथा गुणान् निर्गुणान् गुणयति ॥१२६॥

**ગાથાર્થ :-**

**જે કારણથી ભાવચારિત્રીને પારકાના ગુણ ગ્રહણ કરવાનો આવેશ પ્રવર હોય છે=પ્રકૃષ્ટ હોય છે, (અને) જે કારણથી દોષલવથી પણ પોતાના ગુણને નિર્ગુણ જાણે છે, (તે કારણથી શું ? તે આગળની ગાથામાં બતાવશે). ॥૧૨૬॥**

**ભાવાર્થ :- પરના ગુણવિષયક અને પોતાના દોષવિષયક સાધુની ઉચિત આચરણા :**

ભાવચારિત્રી મોક્ષનો અર્થી છે અને મોક્ષના ઉપાયભૂત ગુણો પ્રત્યે તેને બદ્ધ રાગ છે, તેથી શક્તિના પ્રકર્ષથી ગુણવૃદ્ધિ માટે યત્ન કરે છે. ગુણવૃદ્ધિ માટે જેમ સદ્અનુષ્ઠાન કારણ છે તેમ પરગત રહેલા ગુણોનો રાગ પણ કારણ છે. તેથી ભાવચારિત્રીને પારકાના ગુણોને ગ્રહણ કરવાનો પરિણામ પ્રકર્ષવાળો હોય છે.

વળી, મોક્ષની પ્રાપ્તિમાં દોષો પ્રતિબંધક છે. આથી મોક્ષના અર્થી એવા ભાવસાધુ પોતાનામાં થોડાક પણ દોષ દેખાય તો પોતાનામાં જે અન્ય ગુણો રહેલા છે તેને પણ નિર્ગુણ જાણે છે અર્થાત્ તે વિચારે છે કે પોતાનો શાસ્ત્રઅભ્યાસ, મોક્ષની ઇચ્છા આદિ સર્વ ગુણો નિરર્થક છે; કેમ કે શાસ્ત્રનો અભ્યાસ દોષ કાઢવા માટે સમર્થ છે, છતાં તે શાસ્ત્રઅભ્યાસથી મારામાં રહેલા દોષો હું કાઢી શકતો નથી. તેથી મારો શાસ્ત્રઅભ્યાસ નિરર્થક છે. વળી, મારી મોક્ષની ઇચ્છા પણ નિરર્થક છે; કેમ કે મોક્ષની ઇચ્છા હંમેશાં દોષોના ઉચ્છેદમાં યત્ન કરાવે છે, જ્યારે મારામાં હજુ દોષો વર્તે છે, તે બતાવે છે કે મારામાં મોક્ષની ઇચ્છા પારમાર્થિક નથી. આ રીતે ભાવચારિત્રી પોતાનામાં રહેલા ગુણોને પણ અસાર ગણીને તેને સારભૂત કરવા માટે પોતાનામાં વર્તતા અલ્પદોષનો પણ ઉચ્છેદ કરવા માટે બળ સંચિત કરે છે, અને તેના કારણે ભાવચારિત્રીને ગુણહીન પ્રત્યે પ્રતિબંધ થતો નથી, તે વાત આગળની ગાથામાં બતાવશે. ॥૧૨૬॥

**અવતરણિકા :-**

ભાવચારિત્રી પારકા ગુણોના અત્યંત પક્ષપાતવાળા હોય છે અને પોતાના દોષલવને પણ સહન કરી શકતા નથી, તેને કારણે ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે તેમને પ્રતિબંધ થતો નથી; કેમ કે ગુણહીન પ્રત્યે પ્રતિબંધ એ દોષરૂપ છે. જે ચારિત્રી પોતાના દોષને સહન કરી શકતા ન હોય અને જે ચારિત્રીને પારકાના ગુણોનો પક્ષપાત હોય તે ક્યારેય ગુણહીન પ્રત્યે પ્રતિબંધ ન કરે, તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**पडिबंधस्स न हेऊ, णियमा एयस्स होइ गुणहीणो ।**
**सयणो वा सीसो वा, गणिव्वओ वा जओ भणिअं ॥१२७॥**

प्रतिबन्धस्य न हेतुर्नियमादेतस्य भवति गुणहीनः ।
स्वजनो वा शिष्यो वा गणिच्चको वा यतो भणितम् ॥१२७॥

**ગાથાર્થ :-**

**આને=ભાવચારિત્રીને સ્વજન, શિષ્ય કે એક ગણમાં રહેલા ગુણહીન સાધુ, પ્રતિબંધના હેતુ નિયમથી થતા નથી, જે કારણથી કહેવાયું છે. ॥૧૨૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે ભાવચારિત્રીને પારકાના ગુણો પ્રત્યે પક્ષપાત હોય છે અને પોતાના દોષોને સહન કરી શકતા નથી. તેથી સંયમ ગ્રહણ કર્યા પૂર્વે કોઈ પોતાનું સ્વજન હોય અને તે ગુણહીન હોય તો તેના પ્રત્યે સંયમ ગ્રહણ કર્યા પછી તેમને રાગ થતો નથી; કેમ કે ગુણહીન પ્રત્યે રાગ કરવો તે દોષરૂપ છે, અને જેમને પોતાના દોષ સહન થતા ન હોય અને ગુણનો જ પક્ષપાત હોય તેવા સાધુ ગુણહીન પ્રત્યે રાગ કેવી રીતે રાખી શકે ?

જેમ ગુણહીન એવા સ્વજન પ્રત્યે રાગ ન થાય તેમ પોતાનો શિષ્ય હોય કે એક ગણમાં રહેલ અન્ય સાધુ હોય, પણ ગુણહીન હોય તો તેના પ્રત્યે પણ રાગ થાય નહિ. ગુણહીન એવા સ્વજનાદિના પ્રતિબંધના અભાવના કારણે સુસાધુને તેઓ પ્રત્યે કે અન્ય સાધુ પ્રત્યે ઉચિત પ્રવૃત્તિ કરવામાં વ્યાઘાત થતો નથી.

આશય એ છે કે જે સાધુને ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે લેશ પણ પ્રતિબંધ થાય તો ઉચિત પ્રવૃત્તિનો વ્યાઘાત થઈ શકે. જેમ જમાલી પ્રત્યેના પ્રતિબંધના કારણે પ્રિયદર્શનાને જમાલીનાં માર્ગવિરુદ્ધ વચનો પણ માર્ગરૂપે દેખાતાં હતાં, તેમ જે સાધુને ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે પ્રતિબંધ હોય તો તેમની અનુચિત પ્રવૃત્તિ પણ ઉચિતરૂપ જણાય. ભાવચારિત્રીને ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે પ્રતિબંધ હોતો નથી, તેથી તેઓના હિત માટે તેઓની સાથે ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે, અને સ્વજનાદિના પ્રતિબંધના અભાવને કારણે સ્વજનાદિનો અનુચિત પક્ષપાત કરતા નથી. તેથી અન્ય સાધુ પ્રત્યે ઉચિત પ્રવૃત્તિ કરવામાં વ્યાઘાત થતો નથી. ॥૧૨૭॥

**અવતરણિકા :-**

किमित्यत आह –

**અવતરણિકાર્થ :-**

પૂર્વગાથાના અંતે કહ્યું કે જે કારણથી કહેવાયું છે. શું કહેવાયું છે ? તે હવે કહે છે –

**ગાથા :-**

**सीसो सज्झिलओ वा, गणिव्वओ वा न सोग्गइं णेइ ।**
**जे तत्थ नाणदंसण-चरणा ते सग्गईमग्गो ॥१२८॥**

शिष्यः धर्मभ्राता वा गणिच्चको वा न सुगतिं नयति ।
यानि तत्र ज्ञानदर्शनचारित्राणि तानि सुगतिमार्गः ॥१२८॥

**ગાથાર્થ :-**

**શિષ્ય અથવા સજ્ઝિલકો=ધર્મભાઈ અથવા એક ગણમાં રહેલા સાધુ સદ્‌ગતિમાં લઈ જતા નથી, પરંતુ ત્યાં=સંયમજીવનમાં, જે જ્ઞાન, દર્શન, ચારિત્ર છે, તે સુગતિનો માર્ગ છે. ॥૧૨૮॥**

**ટીકા :-**

**शिष्यः सज्झिलको वा-धर्म्मभ्राता गणिच्चको वा-एकगणस्थो न सुगतिं नयति, किन्तु यानि तत्र ज्ञानदर्शनचरणानि परिशुद्धानि तानि सुगतिमार्ग इति गाथार्थः ॥ ( पंचवस्तुक गाथा ७०१ )**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૬-૧૨૭થી સ્થાપન કર્યું કે ભાવચારિત્રી પરગુણ ગ્રહણ કરવાના પ્રબળ અભિલાષવાળા હોય છે અને પોતાના દોષોને સહન કરી શકતા નથી, આ કારણે ગુણહીન એવા પોતાના સ્વજનાદિ પ્રત્યે પણ તેમને પ્રતિબંધ થતો નથી; અને તેમાં સાક્ષીરૂપે પંચવસ્તુકની ગાથા આપે છે. આ ગાથા બતાવે છે કે "પોતાનો શિષ્ય હોય, પોતાના ગુરુનો શિષ્ય હોય અર્થાત્ ધર્મભાઈ હોય કે એક ગણમાં રહેલા સાધુ હોય તે સુગતિમાં લઈ જતા નથી, પરંતુ પરિશુદ્ધ એવા જ્ઞાન, દર્શન અને ચારિત્રના પરિણામો સુગતિનો માર્ગ છે." તેથી ભાવચારિત્રી સુગતિમાં જવાના અર્થી હોવાથી સુગતિમાં લઈ જવામાં કારણ ન હોય તેવા ગુણહીન શિષ્યાદિ પ્રત્યે પ્રતિબંધ રાખતા નથી, પરંતુ રત્નત્રયીની વૃદ્ધિના ઉપાયભૂત એવા પરમાં રહેલા ગુણોને ગ્રહણ કરવા પ્રયત્ન કરે છે, અને સુગતિમાં જવા માટે વિઘ્નભૂત એવા પોતાનામાં રહેલા દોષોને કાઢવા પ્રયત્ન કરે છે, જેથી પરિશુદ્ધ થયેલી રત્નત્રયી શીઘ્ર સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષની પ્રાપ્તિ કરાવે. ॥૧૨૮॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથા-૧૨૭-૧૨૮થી કહ્યું કે શિષ્યાદિ સુગતિમાં લઈ જતા નથી, તેથી ભાવચારિત્રીને ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે પ્રતિબંધ હોતો નથી. ત્યાં પ્રશ્ન થાય કે ભવિતવ્યતાના યોગે પોતાના શિષ્યાદિ ગુણહીન હોય તો ભાવચારિત્રી તેના પ્રત્યે પ્રતિબંધ ન કરે તો શું ઉચિત કૃત્ય કરે ? જેથી પોતાના સંયમની વૃદ્ધિ થાય ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**करुणावसेण नवरं, ठावइ मग्गंमि तं पि गुणहीणं ।**
**अच्चंताजुग्गं पुण, अरत्तदुट्ठो उवेहेइ ॥१२९॥**

करुणावशेन नवरं स्थापयति मार्गे तमपि गुणहीनम् ।
अत्यन्तायोग्यं पुनररक्तद्विष्ट उपेक्षेत ॥१२९॥

**ગાથાર્થ :-**

**કેવળ કરુણાના વશથી ગુણહીન એવા તેને પણ=સ્વજનશિષ્યાદિને પણ, માર્ગમાં સ્થાપન કરે છે. વળી, अरक्तद्विष्ट મધ્યસ્થ એવા સાધુ, અત્યંત અયોગ્યની ઉપેક્ષા કરે છે. ॥૧૨૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે ભાવચારિત્રી ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે પ્રતિબંધ કરતા નથી. તેથી હવે સ્વજનાદિ પ્રત્યે શું ઉચિત કૃત્યો કરે છે, તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે-

પોતાનો શિષ્ય, સ્વજન કે એક ગણનો સાધુ સંયમયોગમાં અત્યંત પ્રમાદી હોય તેથી ગુણહીન દેખાય ત્યારે, ભાવચારિત્રી વિચારે કે જો મારામાં શક્તિ હોય તો મારે ગુણહીન એવા સ્વજનાદિને મોક્ષમાર્ગમાં લાવવા યત્ન કરવો જોઈએ. તેથી ભાવચારિત્રી કરુણાવશ ઉચિત અવસર જોઈને જે રીતે સ્વજનાદિ ઉપર ઉપકાર થાય તે રીતે તેમને માર્ગમાં લાવવા યત્ન કરે, પરન્તુ તેઓની પ્રમાદની પ્રવૃત્તિ જોઈને તેમના પ્રત્યે દ્વેષ ન કરે, વળી સ્વજનાદિના સંબંધની બુદ્ધિથી રાગ પણ ન કરે; છતાં સર્વ ઉચિત પ્રયત્નો કર્યા પછી પણ તેઓ અત્યંત અયોગ્ય દેખાય તો દ્વેષ કર્યા વિના તેમની ઉપેક્ષા કરે. અર્થાત્ ભાવચારિત્રી વિચારે કે 'આ સંસારનું સ્વરૂપ એવું છે કે જીવો કર્મને વશ થઈને હિતમાં પ્રવૃત્તિ કરતા નથી પણ અહિતમાં પ્રવૃત્તિ કરે છે, આથી મારા પ્રયત્નથી પણ આ સ્વજનાદિ માર્ગમાં આવે તેમ દેખાતું નથી. તેથી તેઓના નિમિત્તને પામીને મને ક્લેશ ન થાય તે રીતે મધ્યસ્થભાવથી જે ઉચિત કર્તવ્ય હોય તે મારે કરવું જોઈએ. જેમ વજ્રાચાર્યે તીર્થયાત્રા માટે જવા નીકળેલા પોતાના શિષ્યોની અસંયમની પ્રવૃત્તિ જોઈને તેમને સમજાવવા માટે યત્ન કર્યો, છતાં તેમના સદ્‌ઉપદેશથી તે શિષ્યો પાછા ન વળ્યા અને અવિધિથી તીર્થયાત્રા માટે ગયા ત્યારે વજ્રાચાર્ય ભગવાનના વચનનું સ્મરણ કરીને વિધિપૂર્વક તેઓની પાછળ ગયા, અને સાધુવેષમાં અનુચિત પ્રવૃત્તિ દ્વારા પોતાના શિષ્યોનું અહિત ન થાય તે માટે વેષ પાછો લેવા પ્રયત્ન કર્યો. અર્થાત્ શિષ્યોની અનુચિત પ્રવૃત્તિની ઉપેક્ષા ન કરી, પરંતુ શિષ્યોની પાછળ પાછળ જઈને તેમનો વેષ લેવા પ્રયત્ન કર્યો, અને એક સાધુનો વેશ લઈ પણ લીધો; અને અન્ય સાધુઓ જલદી જલદી ભાગી ગયા છતાં તે નિમિત્તને પામીને વજ્રાચાર્યે કોઈ ક્લેશ કર્યો નહિ, પણ મધ્યસ્થભાવથી ઉચિત કૃત્યમાં યત્ન કર્યો, તેથી અંતે કેવળજ્ઞાન પામ્યા. (વિશેષ આ કથા માટે 'પ્રતિમાશતકગ્રંથ' જુઓ.) ॥૧૨૯॥

**અવતરણિકા :-**

ગાથા-૧૨૬ થી ૧૨૯ સુધી સ્થાપન કર્યું કે ભાવચારિત્રી પારકાના ગુણગ્રહણના અતિશય પરિણામવાળા હોય છે, અને પોતાના લેશ પણ દોષને સહન કરતા નથી, તેથી ગુણહીન એવા સ્વજનાદિ પ્રત્યે પ્રતિબંધ રહેતો નથી, પરંતુ ગુણહીન એવા સ્વજનાદિ સુધરે તેવા જણાય તો કરુણા થાય છે અને અત્યંત અયોગ્ય જણાય તો ઉપેક્ષા થાય છે. હવે ભાવચારિત્રીમાં રહેલો ગુણરાગ ગુણવાન ગુરુના પારતંત્ર્યનું કારણ છે, તે બતાવે છે –

**ગાથા :-**

**गुणरागी य पवट्टइ, गुणरयणनिहीण पारतंतंमि ।**
**सव्वेसु वि कज्जेसु, सासणमालिन्नमिहरा उ ॥१३०॥**

गुणरागी च प्रवर्तते गुणरत्ननिधीनां पारतन्त्र्ये ।
सर्वेष्वपि कार्येषु शासनमालिन्यमितरथा तु ॥१३०॥

**ગાથાર્થ :-**

**ગુણરાગી એવો ભાવચારિત્રી સર્વ પણ કાર્યોમાં ગુણરત્નના નિધિ એવા ગુરુના પારતંત્ર્યમાં પ્રવર્તે છે. ઈતરથા વળી=જો ગુણવાનના પારતંત્ર્યમાં ન વર્તે તો, શાસનમાલિન્ય થાય. ॥૧૩૦॥**

* '**सव्वेसु वि कज्जेसु**' માં '**अपि**' થી એ કહેવું છે કે ગુણરાગી એવા ભાવચારિત્રી માત્ર એકાદ કાર્યમાં ગુણવાન ગુરુને પરતંત્ર નથી, પરંતુ સર્વ પણ કાર્યોમાં ગુરુને પરતંત્ર છે.

**ભાવાર્થ :-**

ભાવચારિત્રીને ગુણોનો અત્યંત રાગ હોય છે. તેથી જેમ પારકા ગુણને ગ્રહણ કરવા માટે અતિશય યત્ન હોય છે, તેમ ગુણવાન એવા ગીતાર્થગુરુને પરતંત્ર રહીને સર્વ પણ કાર્યોમાં પ્રયત્ન કરવાનો પરિણામ હોય છે; કેમ કે જો સાધુ ગુણરાગી હોય અને સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય, આમ છતાં સર્વ કાર્યોમાં ગુણવાન ગુરુને પરતંત્ર ન હોય તો શાસનનું માલિન્ય થાય છે. તે આ રીતે-

કોઈક જૈનેતર પ્રાજ્ઞ જિજ્ઞાસુ તત્ત્વની ગવેષણા અર્થે ગીતાર્થગુરુ પાસે આવે અને જુએ કે આ ગીતાર્થગુરુ પાસે રહેલા સાધુઓ સ્વમતિ અનુસાર સર્વ કાર્ય કરે છે, તો તત્ત્વના અર્થી એવા પ્રાજ્ઞને લાગે કે આ દર્શન આપ્તપુરુષથી પ્રણીત લાગતું નથી. જો આપ્તપુરુષથી પ્રણીત હોય તો આ દર્શનને અનુસરનારા સાધુઓ ગુણવાન ગુરુના પારતંત્ર્ય વગર આ રીતે પ્રવૃત્તિ કરે નહિ. તેથી ભગવાનનું શાસન આપ્તપુરુષથી પ્રણીત હોવા છતાં, તે પ્રાજ્ઞ તત્ત્વજિજ્ઞાસુને આ શાસન અનાપ્તપુરુષથી પ્રણીત હોય તેવી બુદ્ધિ કરવામાં, સ્વમતિ અનુસાર કાર્ય કરતા સાધુઓ કારણ બને છે. માટે ભગવાનના શાસનનું માલિન્ય થાય છે. તેથી ગુણરાગી એવા સાધુ ક્યારેય ગુણવાન ગુરુના પારતંત્ર્ય વગર પ્રવૃત્તિ કરે નહિ. ॥૧૩૦॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે ગુણરાગી એવો ચારિત્રી ગુણવાન ગુરુને પરતંત્ર રહે છે. તેની પુષ્ટિ કરવા માટે શાસ્ત્રવચન બતાવે છે –

**ગાથા :-**

**तेण 'खमासमणाणं, हत्थेणं'ति य भणंति समयविऊ ।**
**अवि अत्तलद्धिजुत्ता, सव्वत्थ वि पुण्णमज्जाया ॥१३१॥**

तेन "क्षमाश्रमणानां हस्तेन" इति च भणन्ति समयविदः ।
अप्यात्मलब्धियुक्ताः सर्वत्रापि पूर्णमर्यादाः ॥१३१॥

**ગાથાર્થ :-**

**અને તે કારણથી=પૂર્વગાથામાં કહ્યું કે ગુણરાગી એવા સાધુ સર્વ કાર્યોમાં ગુણવાન ગુરુને પરતંત્ર રહીને પ્રવૃત્તિ કરે છે, તે કારણથી, સર્વત્ર પણ પૂર્ણ મર્યાદાવાળા, આત્મલબ્ધિથી યુક્ત પણ સમયના જાણનારાઓ, 'ક્ષમાશ્રમણના હસ્તથી'='ક્ષમાશ્રમણ એવા પોતાના પૂર્વજ ગીતાર્થગુરુના હાથે હું દીક્ષા આપું છું' એ પ્રમાણે બોલે છે. ॥૧૩૧॥**

'**अत्तलद्धिजुत्ता अवि**' માં '**अपि**' થી એ કહેવું છે કે જેઓ આત્મલબ્ધિથી યુક્ત નથી તેઓ તો ગીતાર્થગુરુને પરતંત્ર છે, પરંતુ આત્મલબ્ધિથી યુક્ત પણ ગીતાર્થગુરુને પરતંત્ર છે.

'**सर्वत्रापि**' માં '**अपि**' થી એ કહેવું છે કે માત્ર એકાદ કાર્યમાં પૂર્ણ મર્યાદાવાળા નથી પરંતુ સર્વ પણ કાર્યમાં પૂર્ણ મર્યાદાવાળા છે.

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે ગુણરાગી સાધુ સર્વ પણ કાર્ય ગુણવાન ગુરુને પરતંત્ર રહીને કરે છે. તેથી તે પારતંત્ર્યને જીવંત રાખવા માટે તે સાધુઓ સર્વત્ર પણ શાસ્ત્રની પૂર્ણ મર્યાદાવાળા હોય છે, અને યોગ્ય જીવોને માર્ગનો ઉપદેશ આપીને સંયમને અભિમુખ કરીને દીક્ષા આપવાને અનુકૂળ એવી આત્મલબ્ધિવાળા હોય તોપણ, કોઈ યોગ્ય જીવને પ્રતિબોધ કરીને સંસારથી તારવાના આશયમાત્રથી દીક્ષા આપે ત્યારે 'હું દીક્ષા આપું છું' એવી બુદ્ધિ કરતા નથી, પણ "ગુણવાનની અનુજ્ઞાથી તેઓને પરતંત્ર રહીને હું દીક્ષા આપું છું તેવી બુદ્ધિ કરવા અર્થે, 'ક્ષમાશ્રમણ હસ્તેન'=ક્ષમાશ્રમણ એવા ગુણવાન ગુરુના હસ્તે હું દીક્ષા આપું છું" એવી બુદ્ધિ કરે છે, જેથી પોતાનામાં 'હું ગુણવાન ગુરુને પરતંત્ર છું' એવો પરિણામ જીવંત રહે છે. આ રીતે ગુણવાન ગુરુને પરતંત્ર રહીને ભગવાનના વચન અનુસાર પોતે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા બને એવા આશયને જીવંત રાખવા માટે ગુણરાગી સાધુ '**क्षमाश्रमणानां हस्तेन**' એમ ઉચ્ચાર કરે છે.

અહીં 'આત્મલબ્ધિયુક્ત પણ' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુઓ યોગ્ય જીવને સંવેગ પેદા કરાવી શકે એવી લબ્ધિવાળા છે, અને સંવેગને પામેલ યોગ્ય જીવ દીક્ષા ગ્રહણ કરે તો સમ્યગ્ અનુશાસન આપીને યોગમાર્ગમાં પ્રવર્તાવી શકે એવી લબ્ધિવાળા છે, અર્થાત્ તેમનો યોગક્ષેમ કરી શકે તેવી લબ્ધિવાળા

છે, તેવા પણ શાસ્ત્રના જાણનારા, 'હું આને દીક્ષા આપું છું' તેવી બુદ્ધિ ન થાય, પરંતુ ગીતાર્થને પરતંત્ર રહીને હું આ કાર્ય કરું છું તેવી બુદ્ધિ કરવા અર્થે **'क्षमाश्रमणानां हस्तेन'** એમ કહે છે. ॥૧૩૧॥

**અવતરણિકા :-**

**સંયમીને ગુણરાગ કેવો હોય છે તે વાત ગાથા-૧૨૦ થી ૧૩૧ સુધી બતાવી. હવે તે કથનનું ગાથા-૧૩૨ થી ૧૩૫ સુધી નિગમન કરતાં=ફલિતાર્થ બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**ण वहइ जो गुणरायं, दोसलवं कड्ढिउं गुणड्ढे वि ।**
**तस्स णियमा चरित्तं, नत्थि त्ति भणंति समयन्नू ॥१३२॥**

न वहति यो गुणरागं दोषलवं, कर्षयित्वा गुणाढ्येऽपि ।
तस्य नियमाच्चारित्रं, नास्तीति भणन्ति समयज्ञाः ॥१३२॥

**ગાથાર્થ :-**

**ગુણાઢ્યમાં પણ=ઘણા ગુણોથી યુક્તમાં પણ, દોષલવનું ગ્રહણ કરીને, જે=જે સાધુ, ગુણરાગને વહન કરતા નથી, તેને=તે સાધુને, નિયમથી ચારિત્ર=ભાવચારિત્ર, નથી, એ પ્રમાણે શાસ્ત્રના જાણનારાઓ કહે છે. ॥૧૩૨॥**

**ભાવાર્થ :-**

કોઈ જીવમાં ઘણા ગુણો હોય, છતાં તેનામાં કોઈ નાનો દોષ દેખાય અને તેને જોઈને તે જીવમાં વર્તતા ગુણો પ્રત્યે જે સાધુને રાગ થતો નથી, તે સાધુમાં નિયમથી ચારિત્ર નથી, તેમ શાસ્ત્રના જાણનારાઓ કહે છે. જેમ મહાત્મા ચંડરુદ્રાચાર્ય ભગવાનના શાસનના પરમાર્થને જાણનારા હતા અને અનેક શિષ્યોને પરમાર્થ બતાવીને તેમને સંયમયોગમાં પ્રવર્તાવી શકે તેવા ગુણોવાળા પણ હતા. આમ છતાં તેમનામાં વર્તતા ચંડસ્વભાવરૂપ દોષલવને આગળ કરીને જે સાધુને તેમનામાં વર્તતા અન્યગુણો પ્રત્યે રાગ થતો નથી, તે સાધુને નક્કી ભાવથી ચારિત્ર નથી. આવા સાધુ વિચારે કે 'આ મહાત્મા આટલાં શાસ્ત્રો ભણેલા છે અને મહાસંવેગને પેદા કરાવી શકે તેવી દેશના પણ આપે છે, છતાં પોતાના ચંડ સ્વભાવને છોડતા નથી, તેથી તેમનામાં રહેલા ગુણો ખાલી દેખાવના છે, પરમાર્થથી નથી.' આવી બુદ્ધિ કરીને તેમનામાં વર્તતા ગુણો પ્રત્યે જે સાધુને રાગ થતો નથી, તે સાધુમાં ઉત્તમ ગુણરાગરૂપ સાધુનું લક્ષણ નથી. એટલું જ નહિ તે સાધુ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય તોપણ ભાવથી ચારિત્રી નથી, એમ શાસ્ત્રના જાણનારાઓ કહે છે. ॥૧૩૨॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં નિગમન કરતાં બતાવ્યું કે ઘણા ગુણવાળામાં દોષલવને જોઈને જેને ગુણરાગ થતો નથી, તે સાધુમાં નિયમા ચારિત્ર નથી. હવે કોઈ સાધુને જેમ જગતના પદાર્થો પ્રત્યે મધ્યસ્થભાવ છે, તેમ ગુણવાળા પ્રત્યે રાગ નથી અને દોષવાળા પ્રત્યે દ્વેષ નથી પણ બંને પ્રત્યે મધ્યસ્થભાવ છે, તેવા સાધુને પણ નિયમા ચારિત્ર નથી, અને જેને ગુણમાં દ્વેષ છે તેને તો સુતરામ્ ચારિત્ર નથી, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**गुणदोसाण य भणियं, मज्झत्थत्तं पि निचियमविवेए ।**
**गुणदोसो पुण लीला, मोहमहारायआणाए ॥१३३॥**

गुणदोषयोश्च भणितं, मध्यस्थत्वमपि निचितमविवेके ।
गुणद्वेषः पुनर्लीला, मोहमहाराजाज्ञायाः ॥१३३॥

**ગાથાર્થ :-**

**અને ગુણદોષમાં મધ્યસ્થપણું પણ નિચિત અવિવેક હોતે છતે કહેવાયું છે. વળી, ગુણમાં દ્વેષ મોહમહારાજાની આજ્ઞાની લીલા છે. ॥૧૩૩॥**

* '**मज्झत्थत्तं पि**' માં '**अपि**' થી એ કહેવું છે કે ગુણવાનમાં દોષલવને આગળ કરીને જે ગુણનો રાગ કરતા નથી તે તો અત્યંત અવિવેકને કારણે જ, છે પરંતુ મધ્યસ્થપણું પણ અત્યંત અવિવેકને કારણે કહેવાયું છે.

**ભાવાર્થ :- ગુણદોષમાં મધ્યસ્થપણું દોષરૂપ; ગુણદ્વેષમાં મહામોહની પરવશતા :**

સાધુમાં વર્તતા ગુણરાગનું વર્ણન કર્યા પછી તેનું નિગમન કરતાં ગાથા-૧૩૨માં બતાવ્યું કે જેમ ઘણા ગુણવાળામાં દોષલવને આગળ કરીને જે સાધુને તે ગુણવાન વ્યક્તિમાં વર્તતા ગુણનો રાગ થતો નથી તેનામાં નિયમથી ચારિત્ર નથી; તેમ જે સાધુને ગુણવાન પ્રત્યે રાગ નથી અને દોષવાળા પ્રત્યે દ્વેષ નથી, પરંતુ ગુણવાનના ગુણો પ્રત્યે અને દોષવાળાના દોષો પ્રત્યે મધ્યસ્થભાવ છે, તે સાધુમાં પણ અત્યંત અવિવેક છે. તેથી તે સાધુમાં પણ નિયમથી ચારિત્ર નથી.

વસ્તુતઃ સાધુએ જગતના પદાર્થો પ્રત્યે મધ્યસ્થતા રાખવાની છે, અને જ્યાં સુધી વીતરાગતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ગુણો પ્રત્યે રાગ અને દોષો પ્રત્યે દ્વેષ રાખવાનો છે, અને ગુણવૃદ્ધિ માટે ગુણવાનને જોઈને તેના પ્રત્યે બહુમાનભાવ કરવાનો છે. તેના બદલે જે સાધુ ગુણ-દોષ પ્રત્યે મધ્યસ્થભાવ ધારણ કરે છે તે સાધુમાં નિયમથી ચારિત્ર નથી. વળી, જે સાધુને ગુણમાં દ્વેષ વર્તે છે તે સાધુમાં તો સુતરામ્ ચારિત્ર નથી; કેમ કે જીવ અનાદિકાળથી ગુણ પ્રત્યેના દ્વેષના કારણે સંસારમાં પરિભ્રમણ કરે છે અને મોહરાજાની આજ્ઞાને પરતંત્ર થઈને પ્રવૃત્તિ કરે છે, તેમ આ સાધુ પણ મોહને પરતંત્ર થઈને ગુણમાં દ્વેષ કરે છે.

અહીં વિશેષ એ છે કે સંયમ ગ્રહણ કરીને સંયમમાં ઉત્થિત થયેલા સાધુ પણ ક્યારેક પ્રમાદને વશ થઈને સંયમયોગમાં સિદાતા હોય ત્યારે ગુણવાન ગીતાર્થગુરુ તેમને વારંવાર સારણા-વારણા કરે છે; ત્યારે કોઈક ક્લિષ્ટ કર્મના ઉદયથી સારણા-વારણા કરનાર એવા ગુણવાન ગીતાર્થગુરુ પ્રત્યે તેમને દ્વેષ થાય છે; કેમ કે પ્રમાદને વશ થયેલા તે સાધુને પોતાની મનસ્વી પ્રવૃત્તિમાં ગુણવાન ગુરુ વિઘ્નભૂત જણાય છે. તેથી તેઓની સારણા-વારણાદિરૂપ ઉચિત પ્રવૃત્તિ પણ પોતાને ગમતી નથી અને તેમનામાં વર્તતા ગુણો પ્રત્યે પણ તેમને દ્વેષ થાય છે. તેવા સાધુમાં નિયમથી ચારિત્ર સંભવે નહિ. ॥૧૩૩॥

**અવતરણિકા :-**

ચારિત્રીના લક્ષણરૂપ ગુણરાગના નિગમનનો પ્રારંભ ગાથા-૧૩૨થી શરૂ કરેલ. ત્યાં પ્રથમ બતાવ્યું કે દોષલવને જોઈને જેને ગુણાઢ્ય સાધુમાં રાગ થતો નથી તેનામાં નિયમથી ચારિત્ર નથી, ગુણદોષમાં જેને મધ્યસ્થપણું છે તેનામાં પણ નિયમથી ચારિત્ર નથી અને જેને ગુણમાં દ્વેષ છે, તેનામાં તો સુતરામ્ ચારિત્ર નથી. હવે જે સાધુને ગુણમાં રાગ છે, આમ છતાં સ્વજનાદિ ઉપરના રાગ કરતાં ગુણવાનમાં અધિક રાગ નથી, તેનામાં પણ ચારિત્ર નથી. તે બતાવવા કહે છે –

**ગાથા :-**

**सयणप्पमुहेहिंतो, जस्स गुणड्ढंमि णाहिओ रागो ।**
**तस्स न दंसणसुद्धी, कत्तो चरणं च निव्वाणं ॥१३४॥**

स्वजनप्रमुखेभ्यो, यस्य गुणाढ्ये नाधिको रागः ।
तस्य न दर्शनशुद्धिः, कुतश्चरणं च निर्वाणम् ॥१३४॥

**ગાથાર્થ :-**

**જેને=જે સાધુને, ગુણાઢ્યમાં સ્વજન વગેરેથી અધિક રાગ નથી, તેને=તે સાધુને, દર્શનશુદ્ધિ નથી=સમ્યગ્દર્શન નથી, તો ચારિત્ર તો ક્યાંથી હોય ? અને નિર્વાણની પ્રાપ્તિ ક્યાંથી થાય ? અર્થાત્ ચારિત્ર નથી અને નિર્વાણની પ્રાપ્તિ નથી. ॥૧૩૪॥**

**ભાવાર્થ :- અધિક ગુણવાનમાં સ્વજનથી અધિક રાગના અભાવમાં સમ્યગ્દર્શનનો અભાવ :**

જે સાધુને ગુણનો રાગ છે, આમ છતાં પોતાના સ્વજનાદિ કરતાં ગુણવાનમાં અધિક રાગ નથી, તે સાધુ ભગવાનના વચનની શ્રદ્ધાવાળા હોય અને ભગવાનના વચન અનુસાર દર્શનાચારને પાળતા હોય, તોપણ તેનામાં સમ્યગ્દર્શનની શુદ્ધિ નથી અર્થાત્ ભાવથી સમ્યગ્દર્શન નથી; કેમ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી મોક્ષની બળવાન ઈચ્છા પ્રગટે છે, અને મોક્ષ ગુણના પ્રકર્ષવાળી જીવની અવસ્થા છે, તેથી જેને ગુણના પ્રકર્ષવાળી અવસ્થા પ્રત્યે રાગ હોય તેને ગુણવાન પ્રત્યે અનન્ય રાગ હોય છે. તેથી ગુણવાનને જોઈને જેવી પ્રીતિ તેને થાય છે, તેવી પ્રીતિ પ્રીતિપાત્ર સ્વજન પ્રત્યે પણ હોતી નથી; અને જેને ગુણવાન પ્રત્યે તેવી બળવાન પ્રીતિ નથી તેનામાં નિયમા સમ્યગ્દર્શન નથી અર્થાત્ ભાવથી સમ્યક્ત્વ નથી. જેનામાં ભાવથી સમ્યક્ત્વ ન હોય તેનામાં ચારિત્ર ક્યાંથી હોય? અર્થાત્ ભાવથી ચારિત્ર ન હોય; અને જેનામાં ભાવથી ચારિત્ર ન હોય તેવા સાધુ ચારિત્રાચારની ક્રિયાઓ કરતા હોય તોપણ તે ક્રિયાથી તેમનો મોક્ષ ન થાય. માટે ચારિત્રના અર્થીએ સ્વજનઆદિ ઉપરના રાગ કરતાં અધિક રાગ ગુણવાન પુરુષોમાં રાખવો જોઈએ, જેથી પોતાનામાં ગુણોની વૃદ્ધિ થાય. ॥૧૩૪॥

**અવતરણિકા :-**

**गुणानुरागस्यैव फलमाह –**

**અવતરણિકાર્થ :-**

ગુણાનુરાગના જ ફળને કહે છે –

ભાવચારિત્રીમાં ગુણોનો રાગ કેવો હોય છે તેનું વર્ણન કર્યા પછી ગાથા-૧૩૨થી તે સર્વ કથનનું નિગમન કરવાનું શરૂ કરેલ. હવે તે નિગમનરૂપે સાધુમાં રહેલા ગુણરાગના જ ફળને બતાવે છે –

**ગાથા :-**

**उत्तमगुणाणुराया, कालाईदोसओ अपत्ता वि ।**
**गुणसंपया परत्थ वि, न दुल्लहा होइ भव्वाणं ॥१३५॥**
**(इत्युत्तमगुणानुरागस्वरूपं षष्ठलक्षणम् ।)**
उत्तमगुणानुरागात्कालादिदोषतोऽप्राप्तापि ।
गुणसम्पत्परत्रापि न दुर्लभा भवति भव्यानाम् ॥१३५॥

**ગાથાર્થ :-**

**ઉત્તમ ગુણોના અનુરાગથી, કાલાદિ દોષના કારણે અપ્રાપ્ત પણ ગુણની સંપત્તિ પરત્રપણ= પરભવમાં પણ, ભવ્ય જીવોને દુર્લભ નથી. ॥૧૩૫॥**

* **कालाईदोसओ** માં **'आदि'** પદથી સંઘયણ આદિને ગ્રહણ કરવાનું છે.

* **'अपत्ता वि'** માં **'अपि'** થી એ કહેવું છે કે પ્રાપ્ત થયેલી ગુણસંપત્તિ તો ભવ્ય જીવને પરભવમાં દુર્લભ નથી, પરંતુ વર્તમાનમાં નહિ પ્રાપ્ત થયેલી ગુણસંપત્તિ પણ પરભવમાં દુર્લભ નથી.

* **'परत्थ वि'** માં **'अपि'** શબ્દ સંભાવનાના અર્થમાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગુણરાગમાં યત્ન કરનાર સાધુને પરભવમાં ગુણોની પ્રાપ્તિ થવાની સંભાવના છે.

**ટીકા :-**

**उत्तमा-उत्कृष्टा गुणा-ज्ञानादयस्तेष्वनुरागः-प्रीतिप्रकर्षस्तस्माद्धेतोः कालो दुःषमादिरूपः, आदिशब्दात् संहननादिपरिग्रहः, त एव दोषा-दूषणानि विघ्नकारित्वात्, ततोऽप्राप्ता अपि, आस्तां तावत्प्राप्तेत्यपेरर्थः, गुणसंपत्-परिपूर्णधर्मसामग्री वर्त्तमानजन्मनीति गम्यते, परत्रेति भाविभवे, अपिः संभावने, संभवति एतद्, नैव दुर्लभा-दुरापा भवति भव्यानां-मुक्तिगमनयोग्यानामिति । (धर्मरत्नप्रकरण गाथा. १२५)**

**ટીકાર્થ :-**

ઉત્તમ=ઉત્કૃષ્ટ એવા જ્ઞાનાદિ ગુણો, તેમાં અનુરાગ=પ્રીતિનો પ્રકર્ષ, તેનાથી કાલાદિ દોષને કારણે વર્તમાન જન્મમાં અપ્રાપ્ત પણ ગુણસંપત્તિ=પરિપૂર્ણ ધર્મસામગ્રી, પરત્ર=ભાવિ ભવમાં, ભવ્ય જીવોને= મુક્તિગમનયોગ્ય જીવોને, દુર્લભ=દુષ્પ્રાપ્ય નથી જ થતી. અહીં 'काल' શબ્દથી દુષમાદિ આરો ગ્રહણ કરવાનો છે, અને 'आदि' શબ્દથી સંઘયણ આદિ ગ્રહણ કરવાનાં છે. કાલાદિ જ દોષો છે=દૂષણો છે; કેમ કે યોગમાર્ગમાં વિઘ્નકારી છે. વસ્તુતઃ કાલાદિ એ સ્વયં દોષો નથી પરંતુ યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નકારી હોવાથી દોષો છે.

**ભાવાર્થ :- ગુણરાગનું ફળ :**

જે સાધુ ઉત્તમ ગુણરાગને ધારણ કરે છે, તે સાધુ પોતાની શક્તિ અનુસાર ગુણનિષ્પત્તિના ઉપાયરૂપ ઉચિત અનુષ્ઠાનોમાં અવશ્ય યત્ન કરે છે; અને જે અનુષ્ઠાન કરવાની પોતાની શક્તિ નથી તે અનુષ્ઠાન પ્રત્યે પણ બદ્ધરાગવાળા હોય છે. વળી, કોઈપણ જીવમાં મોક્ષમાર્ગને અનુકૂળ નાનો પણ ગુણ દેખાય તો અવશ્ય તેની પ્રશંસા કરે છે. આવા સાધુને કાલાદિ દોષના કારણે વિશેષ પ્રકારના જ્ઞાનાદિ ગુણો કદાચ આ ભવમાં પ્રાપ્ત થયા ન હોય, તોપણ પરભવમાં તેવી ઉત્તમ ગુણસંપત્તિ તેમને દુર્લભ નથી; કેમ કે ગુણરાગને કારણે ગુણ પ્રત્યેની રુચિના સંસ્કારો પડે છે. વળી ગુણરાગથી બંધાયેલું પુણ્યાનુબંધીપુણ્ય જન્માંતરમાં ગુણરાગની પ્રાપ્તિને અનુકૂળ ઉત્તમ સામગ્રી પ્રાપ્ત કરાવે છે, અને જન્માંતરમાં તે સામગ્રીને પામીને ભૂતકાળમાં જેમણે ગુણનો રાગ કેળવ્યો છે તેવા જીવોને પ્રાયઃ ગુણનો પક્ષપાત ફરી પ્રગટે છે. તેથી પુણ્યાનુબંધીપુણ્યથી પ્રાપ્ત થયેલ સંઘયણ આદિ બળને કારણે આવા જીવો જન્માંતરમાં ગુણનિષ્પત્તિનાં ઉચિત અનુષ્ઠાનોમાં યત્ન પણ કરે છે. તેથી કહ્યું કે આવા જીવોને બીજા ભવમાં ગુણસંપત્તિ દુર્લભ નથી.

અહીં બીજા ભવમાં અવશ્ય ગુણસંપત્તિ પ્રાપ્ત થશે એમ ન કહેતાં બીજા ભવમાં ઉત્તમ ગુણસંપત્તિ દુર્લભ નથી એમ કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે ઉત્તમ ગુણરાગવાળા જીવોને પણ બીજા ભવમાં પ્રમાદઆપાદક એવું કોઈક બળવાન કર્મ વિપાકમાં આવે, અને તેને પરવશ થઈને જીવ પ્રમાદ કરે તો તે ગુણસંપત્તિ પ્રાપ્ત ન પણ થાય. આમ છતાં તેનામાં રહેલો ઉત્તમ ગુણોનો અનુરાગ જન્માંતરમાં ગુણસપંત્તિને સુલભ કરે છે. માટે ઉત્તમ ગુણસંપત્તિના અર્થી સાધુએ ઉત્તમ ગુણોનો અનુરાગ કેળવવા યત્ન કરવો જોઈએ. ॥૧૩૫॥

## યતિનું સાતમું લક્ષણ – 'ગુરુઆજ્ઞાનું પરમ આરાધન'

**અવતરણિકા :-**

ગાથા-૩ અને ૪માં યતિનાં સાત લક્ષણો બતાવેલ, તેમાંથી છ લક્ષણોનું વર્ણન અત્યારસુધી કર્યું. હવે યતિના સાતમા લક્ષણ "ગુરુઆજ્ઞાનું પરમ આરાધન"નું વર્ણન કરે છે –

**ગાથા :-**

**गुणरत्तस्स य मुणिणो, गुरुआणाराहणं हवे णियमा ।**
**बहुगुणरयणनिहाणा, तओ ण अहिओ जओ को वि ॥१३६॥**

गुणरक्तस्य च मुने-र्गुर्वाज्ञाराधनं भवेन्नियमात् ।
बहुगुणरत्ननिधानात्ततो नाधिको यतः कोऽपि ॥१३६॥

**ગાથાર્થ :-**

**અને ગુણરાગવાળા મુનિને નિયમથી ગુરુઆજ્ઞાનું આરાધન હોય છે, જે કારણથી બહુ ગુણરત્નના નિધાન એવા તેનાથી=ગુરુથી અધિક કોઈપણ નથી. ॥૧૩૬॥**

**ભાવાર્થ :-**

ગુણરાગી મુનિ હંમેશાં ગુણવાન એવા ગુરુની આજ્ઞા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે; કેમ કે ઘણા ગુણરત્નના સ્થાનરૂપ એવા તે ગુરુથી તેને માટે અધિક કોઈપણ વસ્તુ નથી.

આશય એ છે કે જે ગુરુ ગીતાર્થ છે અને સંવિગ્ન છે, તેવા ગુરુ સર્વ પ્રવૃત્તિમાં શિષ્યને સર્વજ્ઞના વચન અનુસાર યત્ન કરવા આજ્ઞા કરે છે, પરંતુ મનસ્વીપણાથી કોઈ આજ્ઞા કરતા નથી. તેથી આવા ગુણવાન ગુરુથી અધિક કોઈ વસ્તુ નથી કે જે સાધુ માટે હિતનું કારણ બને. તેથી તેવા ગુરુ જે કાંઈ આજ્ઞા કરે તે આજ્ઞા તેના કલ્યાણનું કારણ છે. માટે ગુણના રાગી એવા સાધુ ક્યારેય પણ તે ગુરુથી અધિક કોઈપણ વસ્તુને પોતાના હિતનું કારણ માનતા નથી, પણ આ ગુરુ મારા માટે એકાંતે હિતકારી છે તેમ માને છે. તેથી ગુણરાગી સાધુને નિયમથી ગુરુઆજ્ઞાનું આરાધન હોય છે. ॥૧૩૬॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે સાધુને બહુગુણરત્નના નિધાન એવા ગુરુથી અધિક કોઈ પણ નથી. તે વાતને દૃઢ કરવા માટે કહે છે –**

**ગાથા :**

**तिण्हं दुप्पडिआरं, अम्मापिउणो तहेव भट्टिस्स ।**
**धम्मायरियस्स पुणो, भणिअं गुरुणो विसेसेउं ॥१३७॥**

त्रयाणां दुष्प्रतिकारमम्बापित्रोस्तथैव भर्तुः ।
धर्माचार्यस्य पुनर्भणितं गुरोर्विशिष्य ॥१३७॥

**ગાથાર્થ :-**

**ત્રણનો દુષ્પ્રતિકાર કહેવાયો છે=ત્રણના વચનનો પ્રતિકાર કરવો ઉચિત નથી તેમ કહેવાયું છે : ૧. માતા-પિતાનો, ૨. તે પ્રમાણે જ ભર્તાનો=પાલનપોષણ કરનાર રાજા આદિનો, ૩. વળી, વિશેષ કરીને ધર્માચાર્ય એવા ગુરુનો દુષ્પ્રતિકાર કહેવાયો છે. ॥૧૩૭॥**

**ભાવાર્થ :- ત્રણ દુષ્પ્રતિકાર્ય : માતા-પિતા, સ્વામી અને વિશેષથી ધર્માચાર્ય :**

કૃતજ્ઞતા ગુણને જીવંત રાખવા માટે શાસ્ત્રકારોએ ત્રણના વચનનો પ્રતિકાર કરવો ઉચિત નથી અર્થાત્ તેમના વચનનું પાલન કરવું જોઈએ, એમ કહેલ છે.

૧. માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું જોઈએ,

૨. જે પોતાનું પાલનપોષણ કરનાર હોય તેવા રાજા વગેરેની આજ્ઞાનું પાલન કરવું જોઈએ અને

૩. વિશેષ કરીને વળી ધર્માચાર્ય એવા ગુરુની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

વિવેકી જીવ ક્યારેય માતા-પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે નહિ; કેમ કે માતા-પિતાએ પાલનપોષણ કરીને બાળકને મોટો કર્યો છે. જેમ માતા-પિતાએ પાલનપોષણ કરીને બાળકને મોટો કર્યો છે તેમ સારા

રાજા વગેરે પણ પોતાને આશ્રિત પ્રજાનું પુત્રની જેમ પાલનપોષણ કરે છે, તેથી વિવેકી જીવ રાજાના વચનનો ક્યારેય પ્રતિકાર કરે નહિ. આ બન્નેના ઉપકાર કરતાં પણ, એકાંતે મોક્ષમાર્ગમાં પ્રવર્તાવનાર એવા ગુરુના વચનનો વિવેકી જીવ ક્યારેય પ્રતિકાર કરે નહિ; કેમ કે માતા-પિતા કે સ્વામી તો માત્ર આ લોકની અપેક્ષાએ જ ઉપકારી છે, જ્યારે ધર્માચાર્ય એવા ગુરુ તો સર્વજ્ઞના વચન અનુસાર આલોક અને પરલોકમાં એકાંતે હિતકારી થાય એ રીતે યોગમાર્ગમાં શિષ્યને પ્રવર્તાવે છે. તેથી ગુણવાન એવા શિષ્ય ક્યારેય પણ ગુરુના વચનનો પ્રતિકાર કરે નહિ. તેથી એ ફલિત થાય કે ગુણમાં રક્ત એવા મુનિને નિયમથી ગુણવાન ગુરુની આજ્ઞાનું આરાધન હોય છે, એ રીતે પૂર્વગાથા સાથે આ ગાથાનો સંબંધ છે.

અહીં વિશેષ એ છે કે માતા-પિતા કે ભર્તા આલોકના ઉપકારી હોવાથી તેમના વચનનું ઉલ્લંઘન કરવું વિવેકી જીવને ઉચિત નથી, છતાં જો ધર્મપુરુષાર્થમાં બાધક બને એવી તેમની આજ્ઞા હોય તો વિવેકી જીવ તેમના વચનનું પાલન ન કરે તોપણ કોઈ દોષ નથી; જ્યારે ધર્માચાર્ય એવા ગુરુનું વચન તો એકાંતે આલોક અને પરલોકના હિતને કરનારું છે, તેથી તેમના વચનનો પ્રતિકાર તો ક્યારેય વિવેકી જીવ કરે નહિ. તે બતાવવા માટે અહીં કહ્યું કે માતા-પિતા અને ભર્તા કરતાં વિશેષથી ધર્માચાર્ય એવા ગુરુના વચનનો પ્રતિકાર કરવો ઉચિત નથી. ॥૧૩૭॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે વિશેષે કરીને ધર્માચાર્ય એવા ગુરુનો દુષ્પ્રતિકાર કહેવાયો છે. તેમાં યુક્તિ આપે છે –**

**ગાથા :-**

**अणवत्थाई दोसा, गुरुआणाविराहणे जहा हुंति ।**
**हुंति य कयन्नुआए, (कयणुण्णाए) गुणा गरिट्ठा जओ भणिया ॥१३८॥**

अनवस्थादयो दोषा, गुर्वाज्ञाविराधने यथा भवन्ति ।
भवन्ति च कृतज्ञतया (कृतानुज्ञया) गुणा गरिष्ठा यतो भणिताः ॥१३८॥

**અન્વયાર્થ :-**

**जहा**=જે કારણથી **गुरुआणाविराहणे**=ગુરુઆજ્ઞાની વિરાધનામાં **अणवत्थाई दोसा हुंति** અનવસ્થાદિ દોષો થાય છે **य**=અને **जओ** જે કારણથી **कयन्नुआए**=કૃતઅનુજ્ઞાથી=પાલન કરાયેલી આજ્ઞાથી, **भणिया**=કહેવાયેલા, **गुणा गरिट्ठा**=ગરિષ્ઠ ગુણો, થાય છે, તે કારણથી વિશેષે કરીને ધર્માચાર્ય એવા ગુરુનો દુષ્પ્રતિકાર કહેવાયો છે, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે.

**ગાથાર્થ :-**

**જે કારણથી ગુરુઆજ્ઞાની વિરાધનામાં અનવસ્થાદિ દોષો થાય છે, અને જે કારણથી કૃતઅનુજ્ઞાથી કહેવાયેલા ગરિષ્ઠ ગુણો થાય છે, તે કારણથી વિશેષે કરીને ધર્માચાર્ય એવા ગુરુનો દુષ્પ્રતિકાર કહેવાયો છે, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ॥૧૩૮॥**

* '**अनवस्थादयो**' માં '**आदि**' પદથી તીર્થંકરની આજ્ઞાનો ભંગ, મિથ્યાત્વ અને સંયમની વિરાધના ગ્રહણ કરવાનાં છે.

* '**कयन्नुआए**' ના સ્થાને '**कयणुण्णाए**' એ પાઠ વધુ સંગત લાગે છે. **कयणुण्णाए**=કૃતઅનુજ્ઞાથી અર્થાત્ કરાયેલી અનુજ્ઞાથી=પાલન કરાયેલી અનુજ્ઞાથી, એ પ્રમાણે અર્થ જાણવો.

**ભાવાર્થ :-**

સર્વજ્ઞવચનાનુસારી આજ્ઞા કરનાર ગીતાર્થગુરુની આજ્ઞાનું પાલન જો શિષ્ય ન કરે તો તેને જોઈને અન્ય શિષ્યો પણ તેનું અનુસરણ કરે, અને તે રીતે ગુરુની આજ્ઞાની વિરાધનાની પરંપરા ચાલે, તેથી અનવસ્થા દોષની પ્રાપ્તિ થાય.

વળી, ગીતાર્થગુરુ જે કાંઈ આજ્ઞા કરે છે તે સર્વજ્ઞના વચન અનુસાર શિષ્યના હિત માટે કરે છે; છતાં જે શિષ્ય તેમની આજ્ઞાનું પાલન કરતા નથી, તે શિષ્યને તીર્થંકરની આજ્ઞાના ભંગનો દોષ લાગે છે; કેમ કે તીર્થંકરની આજ્ઞા છે કે સંયમ ગ્રહણ કર્યા પછી ગીતાર્થગુરુને પરતંત્ર રહેવું. તેમ છતાં તે સાધુ ગીતાર્થગુરુની આજ્ઞાને પરતંત્ર રહેવાને બદલે મનસ્વીપણે યત્ન કરે તો તીર્થંકરની આજ્ઞાભંગના દોષની પ્રાપ્તિ થાય.

વળી, ગુણવાન ગુરુની આજ્ઞા સર્વજ્ઞના વચન અનુસાર હોવા છતાં જે સાધુને તે આજ્ઞા પ્રત્યે અરુચિ થાય કે ઉપેક્ષા થાય તો મિથ્યાત્વની પ્રાપ્તિ થાય; કેમ કે તે ભગવાનના વચન પ્રત્યે ઉપેક્ષા છે કે અરુચિ છે. તેથી જે સાધુ ગુરુઆજ્ઞાની વિરાધના કરે છે, તે મિથ્યાત્વના ઉદયરૂપ છે.

વળી, ગુરુઆજ્ઞા સંયમની વૃદ્ધિને અનુકૂળ હોવા છતાં જે શિષ્યો તેનું પાલન કરતા નથી તેમને સંયમની વિરાધનાની પણ પ્રાપ્તિ છે.

વળી, ગુરુની આજ્ઞાના પાલનથી શાસ્ત્રમાં કહેવાયેલા ગરિષ્ઠ ગુણો=શ્રેષ્ઠ ગુણોની પ્રાપ્તિ થાય છે. તેથી વિશેષ કરીને ધર્માચાર્ય એવા ગુરુના વચનનો પ્રતિકાર દુષ્કર છે, એ પ્રકારનું પૂર્વગાથા સાથે પ્રસ્તુત ગાથાનું જોડાણ છે.

અહીં ગાથામાં કહ્યું કે કહેવાયેલા ગરિષ્ઠ ગુણો આજ્ઞાપાલનથી થાય છે. તે ગુણો સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૧૩૮॥

**અવતરણિકા :-**

**પૂર્વની ગાથામાં કહ્યું કે ગુરુઆજ્ઞાના પાલનથી કહેવાયેલા ગરિષ્ઠ ગુણો પ્રાપ્ત થાય છે. તેથી ગુરુઆજ્ઞાના પાલનથી ક્યા ગરિષ્ઠ ગુણો પ્રાપ્ત થાય છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।**
**धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥१३९॥**

ज्ञानस्य भवति भागी, स्थिरतरको दर्शने चारित्रे च ।
धन्या यावत्कथया, गुरुकुलवासं न मुञ्चन्ति ॥१३९॥

**ગાથાર્થ :-**

**જ્ઞાનના ભાગી=જ્ઞાનના ભાજન થાય છે, અને દર્શન અને ચારિત્રમાં સ્થિરતર થાય છે. (તે કારણથી) ધન્ય=ધર્મધન પામનારા યાવજ્જીવ ગુરુકુળવાસને મૂકતા નથી. ॥૧૩૯॥**

**ટીકા :-**

**'णाणे'त्यादि, ज्ञानस्य-श्रुतज्ञानादेः भवति-स्यात् भागी-भाजनं, गुरुकुले वसन्निति प्रकृतं, प्रत्यहं वाचनादिभावात्, तथा स्थिरतरकः-पूर्वप्रतिपन्नदर्शनोऽपि सन्नतिशयस्थिरो भवति दर्शने-सम्यक्त्वे, अन्वहं स्वसमयपरसमयतत्त्वश्रवणात्, तथा चरित्रे-चरणे स्थिरतरो भवति, अनुवेलं वारणादिभावात्, (सारणादिभावात्) चशब्दः समुच्चये, यत एवं ततो धन्या-धर्मधनं लब्धारः यावत्कथं-यावज्जीवं गुरुकुलवासं-गुरुगृहनिवसनं न मुञ्चन्ति-न त्यजन्ति । इति गाथार्थः (पञ्चाशक ११ गाथा १६)**

**ટીકાર્થ :-**

ગુરુકુળવાસમાં વસતા સાધુ શ્રુતજ્ઞાનાદિરૂપ જ્ઞાનના ભાગી=ભાજન થાય છે; કેમ કે ગુરુકુળવાસમાં દરરોજ વાચનાદિનો સદ્ભાવ છે; અને પ્રતિદિન સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રના તત્ત્વનું શ્રવણ થવાથી= ગુરુકુળવાસમાં રહેવાથી ગીતાર્થગુરુ પાસેથી પ્રતિદિન સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રના તત્ત્વનું શ્રવણ થવાથી, દર્શનવાળા દર્શનમાં=સમ્યક્ત્વમાં, અતિશય સ્થિર થાય છે; અને ચારિત્રમાં સ્થિરતર થાય છે; કેમ કે દરેક વખતે સારણાદિનો સદ્ભાવ છે=ગુરુકુળવાસમાં સારણા-વારણા આદિ કરાય છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. અર્થાત્ જ્ઞાનનો ભાગી થાય છે તેની સાથે દર્શન-ચારિત્રમાં સ્થિરતરતાનો સમુચ્ચય થાય છે. જે કારણથી આમ છે=ગુરુકુળવાસમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થાય છે એમ છે, તે કારણથી ધર્મધનને પ્રાપ્ત કરનારા એવા ધન્ય જીવો યાવજ્જીવ ગુરુકુળવાસને છોડતા નથી.

* અહીં '**वारणादिभावात्**' ના સ્થાને '**सारणादिभावात्**' પાઠ હોવાની સંભાવના છે.

**ભાવાર્થ :- ગુરુઆજ્ઞાનું ફળ :**

ગુરુકુળવાસમાં રહેવાથી જ્ઞાન-દર્શન-ચારિત્રના જે કાંઈ ગુણો પ્રાપ્ત થાય છે તે ગુરુકુળવાસમાં રહેવામાત્રથી પ્રાપ્ત થતા નથી, પણ ગુણવાન એવા ગુરુની આજ્ઞાના આરાધનથી પ્રાપ્ત થાય છે. તેથી પૂર્વની ગાથામાં કહ્યું કે ગુરુઆજ્ઞાની આરાધનામાં કહેવાયેલા ગરિષ્ઠ ગુણો પ્રાપ્ત થાય છે, અને તે ગુણો પ્રસ્તુત ગાથામાં બતાવે છે.

જે સાધુ ગુરુકુળવાસમાં રહે છે અને ગુરુઆજ્ઞાને પરતંત્ર થઈને સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે, તેને નવા નવા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને દર્શન-ચારિત્રની પણ વૃદ્ધિ થાય છે. માટે ગુણના અર્થી સાધુ ક્યારેય ગુરુકુળવાસ ત્યજે નહિ.

અહીં '**श्रुतज्ञानादि**' માં આદિ પદથી માર્ગાનુસારી મતિવિશેષ અને અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનનું ગ્રહણ કરવાનું છે; કેમ કે ગુણવાન ગુરુના પારતંત્ર્યથી ચંડરુદ્રાચાર્યના શિષ્યની જેમ કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકે છે. ॥૧૩૯॥

**અવતરણિકા :-**

ગાથા-૧૩૮માં ગુરુઆજ્ઞાની આરાધનાથી ગરિષ્ઠ ગુણો પ્રાપ્ત થાય છે તે બતાવ્યું અને ગાથા-૧૩૯માં ગુરુઆજ્ઞાથી ગરિષ્ઠ ગુણોની પ્રાપ્તિરૂપ રત્નત્રયીની વૃદ્ધિ કઈ રીતે થાય છે તે બતાવ્યું. હવે તેની પુષ્ટિ કરવા માટે સંયમના સર્વગુણોનું મૂળ ગુરુકુળવાસ છે તે બતાવીને, ગુરુની આજ્ઞાનું પાલન એકાંતે સર્વગુણોનું મૂળ કારણ છે, તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**सव्वगुणमूलभूओ, भणिओ आयारपढमसुत्तंमि ।**
**गुरुकुलवासो तत्थ य, दोसा वि गुणा जओ भणिअं ॥१४०॥**

सर्वगुणमूलभूतो, भणित आचारप्रथमसूत्रे ।
गुरुकुलवासस्तत्र च दोषा अपि गुणा यतो भणितम् ॥१४०॥

**ગાથાર્થ :-**

**આચારના પ્રથમ સૂત્રમાં સર્વગુણનો મૂળભૂત ગુરુકુળવાસ કહેવાયો છે, અને ત્યાં=ગુરુકુળવાસમાં, દોષો પણ ગુણો છે; જે કારણથી કહેવાયું છે. ॥૧૪૦॥**

**ભાવાર્થ :- સર્વગુણની પ્રાપ્તિનો આધાર ગુરુકુળવાસ :**

સાધુજીવનના આચારને બતાવવા આચારાંગસૂત્રની રચના કરાઈ છે અને તે આચારાંગનું પ્રથમ સૂત્ર અર્થથી એ બતાવે છે કે સર્વ ગુણોની નિષ્પત્તિનું મૂળ ગુરુકુળવાસ છે.

અહીં આચારાંગનું પ્રથમ સૂત્ર એ છે કે "**सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं**" 'હે આયુષ્યમાન્ ! તે ભગવાન વડે આ પ્રમાણે=જે આગળમાં કહેવાય છે એ પ્રમાણે, કહેવાયેલું મારા વડે સંભળાયેલું છે.' આનો અર્થ એ થાય કે શિષ્યને સંબોધીને આચારાંગસૂત્રની રચના કરનાર સુધર્માસ્વામી કહે છે કે 'આગળમાં જે હું કહું છું તે પ્રમાણે ભગવાન વડે કહેવાયેલું મારા વડે સંભળાયેલું છે.' આનાથી સાક્ષાત્ ગુરુકુળવાસ જ સર્વગુણોની નિષ્પત્તિનું મૂળ છે એવો ઉલ્લેખ જણાતો નથી, છતાં સુધર્માસ્વામી કહે છે કે 'ભગવાન પાસેથી મેં સાંભળેલું છે.' આમ બતાવીને આ સૂત્રરચના દ્વારા સૂત્રકારને એ બતાવવું છે કે 'મોક્ષમાં જનારા સાધુએ ગુરુકુળવાસમાં રહેવું જોઈએ અને ગુણવાન ગુરુને પરતંત્ર રહેવું જોઈએ.' જેમ સુધર્માસ્વામી ભગવાનને પરતંત્ર રહ્યા તેથી તેમને તત્ત્વની પ્રાપ્તિ થઈ, તેમ જે સાધુ ગુરુકુળવાસમાં રહેશે અને ગુરુને પરતંત્ર થશે તેમને તત્ત્વની પ્રાપ્તિ થશે. વળી, જેમ સુધર્માસ્વામીને ભગવાન પાસેથી યોગમાર્ગ પ્રાપ્ત થયો તેમ યોગમાર્ગને સેવનારા ગુણવાન ગુરુ પાસેથી શિષ્યને પણ યોગમાર્ગ પ્રાપ્ત થશે; પરંતુ જો શિષ્ય ગુણવાન ગુરુના પારતંત્ર્યને સ્વીકારવાનું છોડીને શાસ્ત્રમાં બતાવાયેલી આચારસંહિતાનું પાલન કરે તોપણ કલ્યાણ થાય નહિ; કેમ કે સર્વકલ્યાણનું મૂળ ગુણવાન ગુરુનું પારતંત્ર્ય છે. આ રીતે પ્રથમ સૂત્રમાં સર્વ આચારોમાં બળવાન આચાર ગુરુપારતંત્ર્ય છે, એમ બતાવ્યું છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે ગુરુકુળવાસમાં રહેવાથી સંયમની શુદ્ધિના ઉપાયભૂત ભિક્ષા આદિના દોષોનો પરિહાર ન થતો હોય તો ગુરુકુળવાસ સંયમને કઈ રીતે ઉપકારી થઈ શકે ? અર્થાત્ થઈ ન

શકે. તેથી સંયમની શુદ્ધિ સચવાતી હોય તો ગુરુકુળવાસ ઇષ્ટ છે અન્યથા નહિ. એવી કોઈને મતિ થાય તેના નિરાકરણ માટે કહે છે-

ગુરુકુળવાસમાં થતા દોષ પણ ગુણ છે, જે કારણથી કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવશે.

આશય એ છે કે ભિક્ષા આદિના દોષો પ્રમાદથી સેવાતા હોય તો સંયમનાશનું કારણ છે, પરંતુ જ્ઞાનાદિની વૃદ્ધિના ઉપાયરૂપે ભિક્ષાદિ દોષોનું સેવન કરવું પડતું હોય તો સ્થૂલ દૃષ્ટિથી તે દોષો છે, પરમાર્થથી તો જ્ઞાનાદિની વૃદ્ધિને અનુકૂળ એવી ઉચિત આચરણા છે. તેથી ગુરુકુળવાસમાં રહીને ગીતાર્થની આજ્ઞા અનુસાર અપવાદથી કોઈ વિપરીત આચરણા દેખાતી હોય તોપણ પરમાર્થથી ગુણવૃદ્ધિનું કારણ હોવાથી તે ગુણ છે, દોષ નથી. તે બતાવવા માટે કહ્યું કે ગુરુકુળવાસમાં દોષો પણ ગુણ છે. ॥૧૪૦॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે સર્વ આચારનું મૂળ ગુરુકુળવાસ છે અને ગુરુકુળવાસમાં દોષો પણ ગુણ છે. તેમાં હેતુ કહ્યો કે "જે કારણથી કહેવાયું છે" અને તે કહેવાયેલું હવે બતાવે છે –**

**ગાથા :-**

**एयस्स परिच्चाया, सुद्धुंछाई वि ण चेव हिययाणि ।**
**कम्माइ वि परिसुद्धं, गुरुआणावत्तिणो बिंति ॥१४१॥**

एतस्य परित्यागात्, शुद्धोञ्छादीन्यपि नैव हितदानि ।
कर्माद्यपि परिशुद्धं, गुर्वाज्ञावर्तिनो ब्रुवन्ति ॥१४१॥

**ગાથાર્થ :-**

**આના=ગુરુકુળવાસના પરિત્યાગથી, શુદ્ધ ઉંછાદિ પણ=શુદ્ધ ભિક્ષાદિ પણ, હિતને કરનારી નથી જ. શાસ્ત્રકારો, ગુરુઆજ્ઞાવર્તીના કર્માદિને પણ=આધાકર્માદિને પણ પરિશુદ્ધ કહે છે=સંયમ-વૃદ્ધિનો હેતુ કહે છે. ॥૧૪૧॥**

* **'सुद्धुंछाई वि'** માં **'आदि'** પદથી શુદ્ધ વસતિ, શુદ્ધ પાત્ર આદિનું ગ્રહણ કરવું.

ઉંછ એટલે વીણવાની ક્રિયા અને શુદ્ધ ઉંછ એટલે સંયમમાં દોષો ન લાગે તે રીતે ભિક્ષાના દોષોના પરિહારપૂર્વક આહારને વીણવાની ક્રિયા=આહારની ગવેષણાની ક્રિયા.

**ભાવાર્થ :- ગુણવાન ગુરુના પારતંત્ર્યના ત્યાગમાં સંયમની સર્વ ક્રિયા વિફળ :**

કોઈ સાધુ, ગુરુકુળવાસમાં બાહ્ય આચારોની શુદ્ધિ થતી નથી એવા અધ્યવસાયથી પણ ગુરુકુળવાસનો ત્યાગ કરે, અને નિર્દોષ ભિક્ષાચર્યા આદિ સાધ્વાચારોને સારી રીતે પાળવા યત્ન કરે, તોપણ તે આચારોના પાલનથી સાધુનું હિત થતું નથી; કેમ કે ગુણવાન એવા ગુરુને પરતંત્ર થવું એ સર્વ આચારોમાં પ્રથમ આચાર છે, અને તે આચારનો જે લોપ કરે છે તેને અન્ય આચારો પણ ગુણકારી થતા નથી.

વળી, ગુણવાન એવા ગીતાર્થના સાંનિધ્યમાં નવું નવું શ્રુતઅધ્યયન થાય છે, જેથી પ્રતિદિન સંવેગની વૃદ્ધિ થાય છે, અને ગુણવાન એવા મહાત્માઓની ભક્તિ કરીને ગુણવૃદ્ધિ થાય છે. તેને બદલે જે સાધુ ગુણવૃદ્ધિના કારણભૂત એવા ગુરુકુળવાસને છોડીને માત્ર ભિક્ષાશુદ્ધિઆદિ બાહ્યઆચારોમાં યત્ન કરે છે, તે સાધુને નવા નવા શ્રુતની પ્રાપ્તિ દ્વારા થનારી સંવેગની વૃદ્ધિનો અભાવ પ્રાપ્ત થાય છે, તેથી તેના સંયમનો નાશ થાય છે. માટે ગુણવાન ગુરુના પરિત્યાગથી શુદ્ધ સાધ્વાચારની ક્રિયા પણ હિતને કરનારી નથી.

જે સાધુ ગુણવાન ગુરુને આજ્ઞાવર્તી છે, તે સાધુ શ્રુતઅધ્યયન અને સ્વાધ્યાયઆદિની વૃદ્ધિમાં ઉપષ્ટંભક એવા આધાકર્માદિ દોષોનું સેવન કરે તોપણ ગુણવાન ગુરુની આજ્ઞા અનુસાર તે પ્રવૃત્તિ હોવાથી શાસ્ત્રકારો તે આધાકર્મીને પણ પરિશુદ્ધ કહે છે; કેમ કે તે સંયમવૃદ્ધિનું કારણ બને છે. ॥૧૪૧॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૪૦માં બતાવ્યું કે ગુરુકુળવાસ સર્વગુણના આધારભૂત છે અને ગુરુકુળવાસમાં ભિક્ષાદિદોષો પણ ગુણને કરનારા છે, અને તેની પુષ્ટિ ગાથા-૧૪૧માં કરી. હવે તેને દૃઢ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**आयत्तया महागुणो, कालो विसमो सपक्खया दोसा ।**
**आइमतिगभंगेण वि, गहणं भणिअं पकप्पंमि ॥१४२॥**

आयत्तता महागुणः, कालो विषमः स्वपक्षजा दोषाः ।
आदिमत्रिकभङ्गेनापि, ग्रहणं भणितं प्रकल्पे ॥१४२॥

**ગાથાર્થ :-**

**आयत्तया=આધીનતા=ગુણવાનની આધીનતા, મહાનગુણ છે, કાળ વિષમ છે, સ્વપક્ષથી થનારા દોષો છે, પ્રકલ્પગ્રંથમાં પ્રથમના ત્રણ ભાંગાથી પણ ગ્રહણ=આહારઆદિનું ગ્રહણ કહેવાયું છે. ॥૧૪૨॥**

**ભાવાર્થ :- ગુણવાન ગુરુના પારતંત્ર્યમાં ભિક્ષાદિ દોષોમાં પણ સંયમની શુદ્ધિ :**

યોગમાર્ગની નિષ્પત્તિમાં ગુણવાનને આધીન રહેવું એ મહાનગુણ છે. તેથી સંયમ ગ્રહણ કર્યા પછી ગુણવાન એવા ગુરુને આધીન થવું એ સાધુનો પ્રથમ આચાર છે.

વળી, વર્તમાન કાળ વિષમ છે. તેથી જો ગુણવાનને પરતંત્ર રહેવામાં ન આવે તો કાળના દોષના કારણે પણ સંયમ વિનાશ પામવાનો સંભવ છે. માટે ગુરુકુળવાસમાં રહીને સાધુએ સંયમમાં ઉદ્યમ કરવો જોઈએ.

વળી, વિષમકાળને કારણે સ્વપક્ષથી થનારા દોષો પણ ઘણા છે અર્થાત્ જો સાધુ ગુરુકુળવાસમાં ન રહે અને એકલવિહારી બનીને નિર્દોષ ભિક્ષા આદિમાં યત્ન કરતા હોય તો સ્વપક્ષના અન્ય પ્રમાદી સાધુઓના નિમિત્તને પામીને પોતાને પણ સંયમમાં શિથિલતાદિ દોષોની પ્રાપ્તિ થાય. માટે સ્વપક્ષના દોષોથી બચવા માટે પણ આરાધક સાધુએ ગુરુકુળવાસનો ત્યાગ કરવો જોઈએ નહિ.

અહીં પ્રશ્ન થાય કે ગુણવાનને પરતંત્ર થવું એ ગુણ છે, કાળના દોષના કારણે એકલા રહેવું ઉચિત નથી અને સ્વપક્ષથી થનારા દોષોને કારણે પણ એકલા રહેવું ઉચિત નથી; આમ છતાં સમુદાયમાં નિર્દોષ ભિક્ષાઆદિ સંભવિત ન હોય. તેથી સંયમની શુદ્ધિ કરવા અર્થે કોઈ સાધુ સમુદાયનો ત્યાગ કરીને સંયમશુદ્ધિમાં યત્ન કરે તો શું વાંધો ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે-

ભિક્ષાચર્યાના વિષયમાં કારણ અને યતનાને આશ્રયીને ચાર ભાંગા થાય છે, અને તેમાંથી પ્રથમના ત્રણ ભાંગાથી પણ આહારઆદિના ગ્રહણની અનુજ્ઞા સાધુને 'પ્રકલ્પગ્રંથ'માં આપી છે. તેથી એ પ્રાપ્ત થાય કે દોષનું સેવન કરવું પડે તો તે કરવું પણ ગુરુકુળવાસનો ત્યાગ કરવો ઉચિત નથી, એ 'પ્રકલ્પગ્રંથ'થી ફલિત થાય છે. તે ચાર ભાંગા આ પ્રમાણે છે :

(૧) કારણે યતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે,

(૨) કારણે યતના વગર અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે,

(૩) નિષ્કારણ યતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે અને

(૪) નિષ્કારણ અયતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે.

આ ચાર ભાંગામાં પ્રથમ ભાંગો શુદ્ધ છે. તેથી એ ફલિત થાય કે સાધુને નિર્દોષ ભિક્ષાઆદિમાં ઉત્સર્ગથી યત્ન કરવાનો છે, આમ છતાં ઉત્સર્ગથી સંયમનો નિર્વાહ થતો ન હોય તો અપવાદથી દોષિત આહાર પણ ગ્રહણ કરે, અને તે દોષિત આહારગ્રહણ પણ ભિક્ષાની અપ્રાપ્તિના કારણે હોવાથી અને યતનાપૂર્વક હોવાથી સંયમની શુદ્ધિ રહે છે. તેથી પ્રથમ ભાંગો શુદ્ધ છે; પરંતુ બાકીના ત્રણ ભાંગાથી આહાર ગ્રહણ કરે તો સંયમની શુદ્ધિ રહે નહિ. આમ છતાં ગુરુકુળવાસને છોડીને એકલા રહીને નિર્દોષ આહારઆદિની શુદ્ધિમાં યત્ન કરવો તેના કરતાં વિષમકાળમાં પ્રથમના ત્રણ ભાંગાથી પણ આહાર ગ્રહણ કરીને સમુદાયમાં રહે. વળી, તે ચાર ભાંગા આ પ્રમાણે છે-

(૧) કારણે યતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે.

આ પ્રથમ ભાંગો શુદ્ધ છે. કોઈ સાધુ સમુદાયમાં રહીને અપ્રમાદભાવથી નિર્દોષ ભિક્ષાઆદિમાં યત્ન કરે, પરંતુ નિર્દોષ ભિક્ષાઆદિની અપ્રાપ્તિના કારણે સંયમમાં ઉદ્યમ થઈ શકતો ન હોય ત્યારે શાસ્ત્રવિધિ અનુસાર યતનાથી દોષિત આહાર લાવે તો કોઈ દોષ નથી, જે ચાર ભાંગામાંથી પ્રથમ ભાંગા રૂપ છે, અને આ પ્રથમ ભાંગો સંયમશુદ્ધિનું કારણ છે, તેમ પ્રકલ્પગ્રંથમાં કહ્યું છે.

(૨) કારણે યતના વગર અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે.

આ બીજો ભાંગો યતના વગર દોષિત આહારઆદિના ગ્રહણરૂપ હોવાથી શુદ્ધ નથી. કોઈ સાધુ સમુદાયમાં રહીને અપ્રમાદભાવથી નિર્દોષ ભિક્ષાઆદિમાં યત્ન કરે, પરંતુ જ્યારે નિર્દોષ ભિક્ષાઆદિની અપ્રાપ્તિથી સંયમમાં ઉદ્યમ થઈ શકતો નથી, ત્યારે ભિક્ષાની અપ્રાપ્તિના કારણે શાસ્ત્રવિધિ અનુસાર યતનાપૂર્વક દોષિત આહાર ગ્રહણ કરવાને બદલે યતના વગર દોષિત આહાર લાવે તો તે દોષરૂપ છે. અહીં બીજા ભાંગામાં સમ્યગ્ યતના નથી તેથી તે અશુદ્ધ ભાંગો છે, આમ છતાં પ્રકલ્પગ્રંથમાં તે ભાંગાથી ભિક્ષા લાવવાની અનુજ્ઞા આપેલ છે; કેમ કે વિષમકાળમાં દોષિત આહાર ગ્રહણ કરીને પણ ગુરુકુળવાસમાં રહેવું ઉચિત છે.

(૩) નિષ્કારણ યતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે.

ત્રીજો ભાંગો નિષ્કારણ યતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણરૂપ હોવાથી શુદ્ધ ભાંગો નથી. કોઈ સાધુ સમુદાયમાં રહીને નિર્દોષ ભિક્ષાઆદિની ગવેષણા કરવામાં પ્રમાદી હોય, તેથી નિર્દોષ ભિક્ષાઆદિની ગવેષણા કર્યા વિના, નિષ્કારણ, અશુદ્ધ આહારને શાસ્ત્રવિધિ અનુસાર યતનાપૂર્વક ગ્રહણ કરે, તોપણ દોષરૂપ છે. અહીં ત્રીજા ભાંગામાં સમ્યગ્ યતનાપૂર્વક આહાર ગ્રહણ કરે છે, પરંતુ અશુદ્ધ આહાર ગ્રહણનું કોઈ કારણ નહિ હોવા છતાં દોષિત આહાર ગ્રહણ કરે છે, તેથી તે અશુદ્ધ ભાંગો છે. આમ છતાં પ્રકલ્પગ્રંથમાં ગુરુકુળવાસમાં રહેનારા સાધુને આ ત્રીજા ભાંગાથી પણ ભિક્ષા લાવવાની અનુજ્ઞા આપેલ છે; કેમ કે વિષમકાળમાં, યતનાથી નિષ્કારણ દોષિત આહાર ગ્રહણ કરીને પણ ગુરુકુળવાસમા રહેવું વધુ ઉચિત છે.

(૪) નિષ્કારણ અયતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરે.

ચોથો ભાંગો નિષ્કારણ અયતનાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણરૂપ હોવાથી શુદ્ધ ભાંગો નથી. કોઈ સાધુ સમુદાયમાં રહીને નિર્દોષ ભિક્ષાઆદિની ગવેષણા માટે યત્ન કરે તો નિર્દોષ ભિક્ષાઆદિ પ્રાપ્ત થાય તેમ છે, આમ છતાં પ્રમાદી હોવાના કારણે નિર્દોષ ભિક્ષાઆદિની ગવેષણા કરવામાં યત્ન કરતા નથી. વળી, અશુદ્ધ આહાર આદિ ગ્રહણનું કોઈ કારણ ન હોવા છતાં નિષ્કારણ દોષિત આહાર ગ્રહણ કરે છે. વળી, દોષિત ગ્રહણ કરવામાં શાસ્ત્રવિધિ અનુસાર સમ્યગ્ યતના પણ કરતા નથી. તેઓની નિષ્કારણ યતના વગરની દોષિત ભિક્ષા આદિનું ગ્રહણ સંયમનાશનું કારણ બને છે. તેથી પ્રકલ્પગ્રંથમાં આ ચોથા ભાંગાથી આહારઆદિ ગ્રહણ કરવાની અનુજ્ઞા આપેલ નથી.

પ્રથમના ત્રણ ભાંગાથી અશુદ્ધ આહાર આદિ ગ્રહણ કરીને પણ સાધુ સમુદાયમાં રહે તેમ પ્રકલ્પગ્રંથમાં કહ્યું છે. પ્રથમ ભાંગો શુદ્ધ છે, જ્યારે બીજા અને ત્રીજા ભાંગામાં સંયમની શુદ્ધિ પૂર્ણ નથી. બીજા ભાંગામાં યતના વગર અશુદ્ધ આહાર આદિનું ગ્રહણ છે, તેથી બીજો ભાંગો દોષિત છે, જ્યારે ત્રીજા ભાંગામાં યતનાપૂર્વક નિષ્કારણ અશુદ્ધ આહાર આદિનું ગ્રહણ છે, તેથી ત્રીજો ભાંગો પણ દોષિત છે. આમ છતાં, બીજા અને ત્રીજા ભાંગામાં વ્રતસાપેક્ષતા હોવાથી સંયમનો નાશ થતો નથી પરંતુ અતિચારની પ્રાપ્તિ થાય છે, અને આરાધક સાધુ તે દોષોનું સેવન કરીને પણ અતિચારની શુદ્ધિ કરે તો સંયમ શુદ્ધ થઈ શકે. તેથી ગુરુકુળવાસ છોડીને નિર્દોષ ભિક્ષાઆદિ ગ્રહણ કરવા કરતાં આ ત્રણ ભાંગાથી દોષિત આહાર ગ્રહણ કરીને પણ ગુરુકુળવાસમાં રહેનારા સાધુને ભલા કહ્યા છે. ચોથો ભાંગો સંયમનાશનું કારણ છે. તેથી તેના સેવનનો નિષેધ છે. ગુરુકુળવાસમાં રહીને પ્રથમના ત્રણ ભાંગાથી પણ યત્ન કરીને સંયમનું રક્ષણ કરવું ઉચિત છે, પરંતુ નિર્દોષ ભિક્ષાઆદિના અર્થે ગુરુકુળવાસનો ત્યાગ કરીને સ્વચ્છંદપણે વિચરવું ઉચિત નથી. ॥૧૪૨॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૪૦માં ગુરુકુળવાસ એ સર્વગુણોની નિષ્પત્તિનું મૂળ છે, તેમ બતાવીને અન્વયથી તેની પુષ્ટિ ગાથા-૧૪૧-૧૪૨માં કરી. હવે ગુરુકુળવાસ એ સર્વગુણોની નિષ્પત્તિનું મૂળ છે તેની પુષ્ટિ વ્યતિરેકથી કરતાં કહે છે –**

**ગાથા :-**

**गुरुआणाए चाए, जिणवरआणा न होइ णियमेणं ।**
**सच्छंदविहाराणं हरिभद्देणं जओ भणिअं ॥१४३॥**
गुर्वाज्ञायास्त्यागे, जिनवराज्ञा न भवति नियमेन ।
स्वछन्दविहाराणां, हरिभद्रेण यतो भणितम् ॥१४३॥

**ગાથાર્થ :-**

**ગુરુઆજ્ઞાના ત્યાગમાં સ્વચ્છંદવિહારીઓને જિનેશ્વરની આજ્ઞા નિયમથી હોતી નથી, જે કારણથી હરિભદ્રસૂરિ વડે કહેવાયું છે. ॥૧૪૩॥**

**ભાવાર્થ :- ગુણવાનગુરુની આજ્ઞાના ત્યાગમાં ભગવાનની આજ્ઞાનો ત્યાગ :**

જે સાધુ ભિક્ષાદિમાં થતા દોષોના પરિહાર અર્થે કે અન્ય કારણે ગુરુઆજ્ઞાનો ત્યાગ કરીને ગુરુકુળવાસનો ત્યાગ કરે છે અને સ્વચ્છંદ વિચરે છે, તે સંયમની બાહ્ય ક્રિયાઓ સારી રીતે કરતા હોય તોપણ તેમની આચરણામાં ભગવાનની આજ્ઞાનું નિયમથી પાલન નથી; કેમ કે ભગવાનની સર્વ આજ્ઞાઓનું મૂળ ગુણવાન એવા ગીતાર્થ ગુરુને પરતંત્ર થઈને સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરવી એ છે.

સ્વચ્છંદવિહારીઓને ભગવાનની આજ્ઞા નથી, તેમાં સાક્ષીરૂપે હરિભદ્રસૂરિનું વચન સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૧૪૩॥

**અવતરણિકા :-**

**अथ गुरुकुलवासमोचने दोषोपदर्शनेन तदाज्ञाया एव प्रकृष्टत्वसमर्थनायाह –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વગાથામાં કહ્યું કે જે કારણથી હરિભદ્રસૂરિ વડે કહેવાયું છે. તેથી હરિભદ્રસૂરિ વડે જે કહેવાયું છે તે પંચાશક ૧૧ની ગાથા-૧૪થી બતાવે છે, અને તે પંચાશકની ગાથામાં કરાયેલી અવતરણિકાનો અર્થ આ પ્રમાણે છે –**

**ગુરુકુળવાસના ત્યાગમાં દોષ બતાવવા દ્વારા, ગુરુકુળવાસની આજ્ઞાના જ પ્રકૃષ્ટપણાના સમર્થન માટે અર્થાત્ પ્રકૃષ્ટ ધર્મપણાના સમર્થન માટે કહે છે –**

**ગાથા :-**

**एअम्मि परिच्चत्ते, आणा खलु भगवओ परिच्चत्ता ।**
**तीए अ परिचाए, दुण्ह वि लोगाण चाओ त्ति ॥१४४॥**
एतस्मिन्परित्यक्ते, आज्ञा खलु भगवतः परित्यक्ता ।
तस्याश्च परित्यागे, द्वयोरपि लोकयोस्त्यागरिति ॥१४४॥

**ગાથાર્થ :-**

**આનો ત્યાગ કરાયે છતે=ગુરુકુળવાસનો ત્યાગ કરાયે છતે, ભગવાનની આજ્ઞા પરિત્યાગ કરાઈ જ, અને તેના પરિત્યાગમાં=ભગવાનની આજ્ઞાના પરિત્યાગમાં, બન્ને પણ લોકનો=આલોક અને પરલોક બન્ને પણ લોકનો, ત્યાગ થયો=આલોક અને પરલોક બન્ને પણ લોક વિપરીત પ્રવૃત્તિથી વિનાશ કરાયા. ॥૧૪૪॥**

**ટીકા :-**

**'एयंमी'त्यादि, एतस्मिन् गुरुकुले परित्यक्ते आज्ञा-उपदेशः खलुरवधारणार्थः, प्रयोगश्चास्य दर्शयिष्यते, भगवतो-जिनस्य परित्यक्तैव, तदत्यागरूपत्वात्तस्याः, ततः किमित्याह-तस्याश्च भगवदाज्ञायाः पुनः परित्यागेविमोचने सति द्वयोरपि-उभयोरपि, आस्तामेकस्य, लोकयोः भवयोरित्यर्थः, त्यागो-भ्रंशो भवति, विशिष्टनियामकाभावेनोभयलोकविरुद्धप्रवृत्तेः, इतिशब्दो वाक्यार्थसमाप्तौ । इति गाथार्थः ॥ ( पञ्चाशक ११ गाथा ॥१४॥)**

**ટીકાર્થ :-**

આ=ગુરુકુળવાસ, ત્યાગ કરાયે છતે, ભગવાનની આજ્ઞા=ભગવાનનો ઉપદેશ, ત્યાગ કરાયો જ; કેમ કે તેનું=ભગવાનની આજ્ઞાનું, તદ્અત્યાગરૂપપણું છે=ગુરુકુળવાસનું અત્યાગરૂપપણું છે.

તેનાથી શું ?=ભગવાનની આજ્ઞાના ત્યાગથી શું ફળ પ્રાપ્ત થાય ?=એથી કરીને કહે છે-

અને તેનો=ભગવાનની આજ્ઞાનો, વળી પરિત્યાગ કરાયે છતે બન્ને લોકનો ત્યાગ=ભ્રંશ થાય છે=બન્ને લોક નિષ્ફળ થાય છે; કેમ કે વિશિષ્ટ નિયામકના અભાવને કારણે=ઉભયલોકના હિતને અનુકૂળ એવી પ્રવૃત્તિમાં ગુણવાન એવા ગીતાર્થ ગુરુરૂપ વિશિષ્ટ નિયામકના અભાવને કારણે, ઉભયલોક વિરુદ્ધ પ્રવૃત્તિ થાય છે=સંયમના પરિણામ વગરની ભિક્ષાવૃત્તિરૂપ આલોક વિરુદ્ધ અસાર પ્રવૃત્તિ થાય છે, અને આજ્ઞા વિરાધનાના ફળરૂપ અનર્થની પ્રાપ્તિ થાય તેવી પરલોક વિરુદ્ધ પ્રવૃત્તિ થાય છે. ॥૧૪૪॥

'इति' શબ્દ=ગાથામાં રહેલો इति શબ્દ, વાક્યાર્થની સમાપ્તિમાં છે. इति=એ પ્રકારે ગાથાનો અર્થ છે. (પંચાશક-૧૧, ગાથા-૧૪)

**ભાવાર્થ :-**

કોઈ સાધુ નિર્દોષ ભિક્ષાઆદિ અર્થે કે અન્ય કારણે ગુરુકુળવાસનો ત્યાગ કરે તો તેણે ભગવાનની આજ્ઞાનો ત્યાગ કર્યો છે, તેમ ગાથાના પૂર્વાર્ધમાં બતાવીને પૂ. હરિભદ્રસૂરિજીએ પંચાશક ૧૧ની ગાથા-૧૪ની અવતરણિકામાં કહેલ તે પ્રમાણે ગુરુકુળવાસના ત્યાગમાં દોષ બતાવાયો. ત્યારપછી ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે ભગવાનની આજ્ઞાનો ત્યાગ કરાયે છતે ઉભયલોકનો ત્યાગ કરાયો. તેથી એ ફલિત થયું કે ઉભયલોકના હિત માટે પણ ગુરુકુળવાસના સેવનની ભગવાનની પ્રકૃષ્ટ આજ્ઞા છે, બાહ્ય આચારપાલન માત્ર નહિ.

આથી પંચાશક ૧૧ની ગાથા-૧૪ની અવતરણિકામાં કહેલ કે ભગવાનની આજ્ઞાના પ્રકૃષ્ટપણાના સમર્થન માટે કહે છે અને તેથી એ સિદ્ધ થયું કે ગુરુકુળવાસના અત્યાગરૂપ ભગવાનની આજ્ઞા, તે પ્રકૃષ્ટ આજ્ઞા છે, અને તેનું પાલન થતું હોય તો અન્ય દોષો સેવાતા હોય તોપણ ભગવાનની આજ્ઞાનો ત્યાગ નથી. જોકે અન્ય દોષો સેવવા તે ભગવાનની આજ્ઞા નથી, આમ છતાં પ્રમાદને વશ થઈને દોષો થઈ જતા હોય અને પ્રકૃષ્ટ આજ્ઞાનું પાલન થતું હોય, તો તે સાધુની પ્રવૃત્તિ ઉભયલોકનો નાશ થાય તેવી નથી; પરંતુ જે સાધુ ગુરુકુળવાસને છોડીને નિર્દોષ ભિક્ષાઆદિમાં યત્ન કરતા હોય તેણે ઉભયલોકનો નાશ કરે તેવી પ્રવૃત્તિ કરી છે. માટે ભગવાનની સર્વઆજ્ઞામાં ગુરુકુળવાસની આજ્ઞા પ્રકૃષ્ટ આજ્ઞા છે, તેનું સમર્થન પ્રસ્તુત ગાથામાં કરેલ છે. ॥૧૪૪॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ગુરુની આજ્ઞાનો ત્યાગ કરાયે છતે ભગવાનની આજ્ઞાનો ત્યાગ થયો. ત્યાં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં ગ્રામભોજી અને રાજાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. તે દૃષ્ટાંતથી એ ફલિત થાય કે ગુરુઆજ્ઞાથી સાધર્મિકસાધુની ભક્તિ આદિના કામ માટે જનાર સાધુ વચ્ચે કોઈ ગામમાં કોઈ ગ્લાન સાધુ કે ગ્લાન પાસત્થાની વૈયાવચ્ચ માટે રોકાઈ જાય, અને તેના કારણે જે સાધર્મિકસાધુની ભક્તિના કાર્ય અર્થે ગુરુએ જવાની આજ્ઞા કરેલ તેનું પાલન વિલંબથી થાય, કે ન પણ થાય, છતાં ગુરુઆજ્ઞાને છોડીને ગ્લાનની વૈયાવચ્ચ માટે રોકાયેલા તે સાધુને, ગ્રામભોજી અને રાજાના દૃષ્ટાંતથી ઓઘનિર્યુક્તિ ભાષ્યની ૪૩ આદિ ગાથામાં આરાધક કહેલ છે. તેની જેમ નિર્દોષ ભિક્ષાઆદિરૂપ ભગવાનની આજ્ઞાના આરાધન અર્થે કોઈ સાધુ ગુરુકુળવાસ છોડીને એકાકી વિહાર કરે તો તેને પણ આરાધક માનવો જોઈએ, એ પ્રકારની શંકા કરીને તેના નિરાકરણ માટે કહે છે –**

**ગાથા :-**

**णणु एवं कह भणिओ, दिट्ठंतो गामभोइनरवइणो ।**
**भन्नइ अपत्तविसए, गुरुणो भग्गा न भावाणा ॥१४५॥**

नन्वेवं कथं भणितो दृष्टान्तो ग्रामभोगिनरपतेः ।
भण्यतेऽपात्रविषये, गुरोर्भग्ना न भावाज्ञा ॥१४५॥

**ગાથાર્થ :-**

**'ननु'થી પૂર્વપક્ષી કહે છે- આ રીતે=પૂર્વગાથામાં કહ્યું કે ગુરુની આજ્ઞા જેણે છોડી છે તેણે ભગવાનની આજ્ઞા છોડી છે એ રીતે, ગ્રામભોજી નરપતિનું દૃષ્ટાંત=ગ્રામઅધ્યક્ષ અને રાજાનું દૃષ્ટાંત, कह भणिओ=કેમ કહેવાયું ? અર્થાત્ ઓઘનિર્યુક્તિ ગ્રંથમાં કેમ કહેવાયું ?**

**તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે-**

**भन्नइ=કહેવાય છે=જવાબ અપાય છે. अपत्तविसए=અપાત્રના વિષયમાં=સ્વચ્છંદ મતિવાળા અપાત્રના વિષયમાં, ગુરુઆજ્ઞાના ભંગમાં તીર્થંકરની આજ્ઞાનો ભંગ કહેવાયો છે, પરંતુ ગ્રામભોજી અને રાજાનું દૃષ્ટાંત કહેવાયું છે તે સ્થાનમાં દ્રવ્યથી ગુરુની આજ્ઞાનું પાલન નહિ હોવા છતાં गुरुणो भग्गा न भावाणा=ગુરુની ભાવઆજ્ઞાનો ભંગ નથી. ॥૧૪૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે ગુરુઆજ્ઞાનો ત્યાગ કરાયે છતે ભગવાનની આજ્ઞાનો ત્યાગ થયો. તે કથનમાં ગ્રંથકારને ઓઘનિર્યુક્તિ ગ્રંથમાં કહેલ ગ્રામભોજી અને નરપતિના દૃષ્ટાંતનું સ્મરણ થયું અને તેની સાથે સ્થૂલદૃષ્ટિથી પૂર્વના કથનનો વિરોધ જણાયો. છતાં પરમાર્થથી વિરોધ નથી તે બતાવવા માટે ગાથાના પૂર્વાર્ધમાં શંકા કરી કે જો ગુરુઆજ્ઞાના ભંગમાં ભગવાનની આજ્ઞાનો ભંગ હોય તો ગ્રામભોજી અને નરપતિનું દૃષ્ટાંત જે ઓઘનિર્યુક્તિમાં આપેલ છે તે સંગત થાય નહિ. આ પ્રકારની શંકા કરીને ગાથાના ઉત્તરાર્ધથી ઉત્તર આપે છે કે અપાત્રના વિષયમાં ગુરુઆજ્ઞાના ભંગમાં તીર્થંકરની આજ્ઞાનો ભંગ છે.

આશય એ છે કે જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ગુણવાન ગુરુને પરતંત્ર રહેતા નથી તે સાધુ સર્વ આચારના મૂળભૂત એવી ભગવાનની આજ્ઞાનો લોપ કરે છે, અને તેવા સાધુ સ્વચ્છંદમતિથી નિર્દોષ ભિક્ષાઆદિના અર્થે એકાકી વિચરે તોપણ તે આરાધક નથી; પરંતુ જે સાધુ ગુણવાન ગુરુને પરતંત્ર છે અને ભગવાનની આજ્ઞા અનુસાર ગુણવાન ગુરુની નિશ્રામાં રહીને રત્નત્રયીની વૃદ્ધિ માટે યત્ન કરે છે, તે આરાધક છે. આવા સાધુ ગુણવાન ગુરુની આજ્ઞાથી સાધર્મિકસાધુના કાર્ય અર્થે ગ્રામાન્તર જઈ રહ્યા હોય, અને ગુણવાન ગુરુએ પણ આ સાધુ ગીતાર્થ છે એમ જાણીને આગાઢ કારણે અર્થાત્ અનિવાર્ય કારણે એકાકી જવાની આજ્ઞા આપેલ હોય ત્યારે માર્ગમાં જતાં શું શું કરવું ઉચિત છે તે સર્વ તે સાધુ ભગવાનની આજ્ઞા અનુસાર કરે છે. તેથી માર્ગમાં જતાં કોઈ ગ્લાન સાધુ એકાકી પ્રાપ્ત થાય અને તેની સંભાળ કરનાર કોઈ ન હોય તો તે વખતે ભગવાનના વચન અનુસાર શું ઉચિત કૃત્ય છે તેનું સ્મરણ કરીને પોતે ઉચિત કૃત્ય કરે છે. આવા સમયે ગુરુને પૃચ્છા કરવાનો અવસર નથી, પરંતુ ઉચિત કૃત્ય કરવાનો અવસર છે. માટે બાહ્યથી જે કાર્ય ગુરુએ સોંપેલું તે કાર્યરૂપ આજ્ઞાનું પાલન વિલંબથી થાય કે કદાચ ન પણ થાય, તોપણ ગુરુની ભાવઆજ્ઞાનું પાલન થાય છે; કેમ કે ભગવાનની આજ્ઞા છે કે "જે ગ્લાનની વૈયાવચ્ચ કરે છે તે મારી વૈયાવચ્ચ કરે છે." તેથી માર્ગમાં જતાં જો કોઈ સાધુ ગ્લાન છે એમ જણાય તો ગુરુઆજ્ઞા જે સાધર્મિકસાધુની વૈયાવચ્ચ કરવા જવાની હતી, તેના કરતાં ગ્લાનની વૈયાવચ્ચ કરવાની ભગવાનની આજ્ઞા બળવાન છે, માટે સ્થૂલથી ગુરુઆજ્ઞાનું પાલન નહિ જણાવા છતાં ગુરુની ભાવઆજ્ઞાનું પાલન છે. વસ્તુતઃ ગુરુની ભાવઆજ્ઞા ઉચિતકાળે ઉચિત પ્રવૃત્તિ કરવાની છે. તેથી ગ્લાનસાધુની વૈયાવચ્ચમાં ગુરુની ભાવઆજ્ઞાનું પાલન છે.

વળી, જે સાધુ ભગવાનની આજ્ઞાનો લોપ કરીને બાહ્ય શુદ્ધ આચરણાને પ્રધાન કરીને સંવેગના અનન્ય ઉપાયરૂપ એવી જ્ઞાનાદિની વૃદ્ધિને ગૌણ કરીને એકાકી વિચરે છે, તેવા સાધુ ચારિત્ર માટે અપાત્ર છે; અને તેવા અપાત્ર સાધુ ગુરુઆજ્ઞાથી નિરપેક્ષ રહીને નિર્દોષ ભિક્ષાચર્યાઆદિ માટે યત્ન કરે તો તેણે ભગવાનની આજ્ઞાનો ભંગ કર્યો તે કહેવાયું છે.

ગ્રંથકારને ગ્રામભોજી અને નરપતિના જે દૃષ્ટાંતનું સ્મરણ થયું, તે આ રીતે છે-

કોઈ રાજા યાત્રાએ જવા માટે નીકળ્યો. તેણે સેવકને આજ્ઞા કરી કે અમુક ગામમાં હું રોકાઈશ, માટે તે ગામમાં મારા માટે નિવાસ કરવાના સ્થાનની વ્યવસ્થા કરવી. આથી તે સેવક તે ગામના અધ્યક્ષને રાજાની આજ્ઞા જણાવે છે. ગામના અધ્યક્ષે ગામના માણસોને કહ્યું કે એક નિવાસ રાજા માટે અને એક

નિવાસ મારા માટે તે ગામમાં બનાવો. ગામના માણસોએ વિચાર્યું કે ''રાજા તો માત્ર એક દિવસ જ અહીં રહેશે, માટે રાજા અર્થે સુંદર ચિત્રોથી ભરપૂર એવું સુંદર આવાસ બનાવવાનું કોઈ પ્રયોજન નથી'' તેથી રાજા માટે તૃણનો આવાસ બનાવ્યો; જ્યારે ગ્રામઅધ્યક્ષ તો અહીં રહેનાર છે, તેથી ગ્રામઅધ્યક્ષ માટે ચાર સુંદર શાળાવાળો સુંદર આવાસ બનાવ્યો. રાજા તે ગામમાં આવ્યા ત્યારે સુંદર નિવાસ તરફ જવા લાગ્યા, ત્યારે ગામના માણસોએ કહ્યું કે આ આપનો આવાસ નથી, આપનો આવાસ તો આ બીજો છે. તેથી રાજાએ પૂછ્યું કે ''આ સુંદર આવાસ કોનો છે ?'' ગ્રામજનોએ કહ્યું કે ''આ સુંદર આવાસ ગ્રામાધ્યક્ષનો છે.'' તેથી રાજા ગુસ્સે થયો અને ગ્રામાધ્યક્ષ પાસેથી ગામ લઈ લીધું અને ગામના લોકોને દંડ કર્યો.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે :

દૃષ્ટાંતમાં ગ્રામાધ્યક્ષ ને સ્થાને આચાર્ય છે, રાજાને સ્થાને તીર્થંકર છે અને ગ્રામજનોને સ્થાને સાધુઓ છે. અહીં રાજાનો આવાસ તૃણનો કરાયો અને ગ્રામાધ્યક્ષનો આવાસ સુંદર કરાયો તેથી રાજા વડે ગ્રામજનો અને ગ્રામાધ્યક્ષને દંડ કરાયો, તેમ તીર્થંકરની આજ્ઞાના અતિક્રમમાં આચાર્યને અને સાધુઓને સંસારપરિભ્રમણરૂપ દંડની પ્રાપ્તિ થાય.

આ દૃષ્ટાંત ઓઘનિર્યુક્તિમાં વિપરીત રીતે પણ બતાવેલ છે અને તે સ્થાનમાં ગ્રામજનોએ રાજા માટે સુંદર આવાસ બનાવ્યો અને ગ્રામાધ્યક્ષ માટે સામાન્ય આવાસ બનાવ્યો. રાજા પોતાના માટે સુંદર આવાસ જોઈને ખુશ થયો તેથી રાજાએ ખુશ થઈને ગ્રામાધ્યક્ષને અન્ય ગામ આપ્યું અને ગ્રામજનોનો કર પણ માફ કર્યો. તે રીતે જે સાધુઓ તીર્થંકર સંબંધી આજ્ઞા પાળે છે તેણે આચાર્યની આજ્ઞાનું પાલન કર્યું છે. ગ્રામજનોએ સુંદર આવાસ રાજા માટે બનાવ્યો અને રાજાના ગયા પછી તે સુંદર આવાસનો ઉપભોગ ગ્રામાધ્યક્ષને પ્રાપ્ત થયો, તેમ તીર્થંકરની આજ્ઞા પાળવાથી આચાર્યની આજ્ઞાનું પણ પાલન થયું; કેમ કે જો રાજા માટે સુંદર આવાસ કરવામાં ન આવત તો અનર્થની પ્રાપ્તિ થાત, તેમ તીર્થંકરની આજ્ઞાનું પાલન ન કરવામાં આવે તો સંસારના પરિભ્રમણરૂપ અનર્થની પ્રાપ્તિ થાય. પરંતુ જે સાધુ તીર્થંકરની આજ્ઞાનું સ્મરણ કરીને ગ્લાનની વૈયાવચ્ચ કરે છે તે સાધુએ ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું છે, તેથી તેને અનર્થની પ્રાપ્તિ થવાની નથી, પણ હિતની જ પ્રાપ્તિ છે; કેમ કે આચાર્યની ભાવઆજ્ઞાના પાલનનું ફળ તેને અવશ્ય પ્રાપ્ત થાય છે. ॥૧૪૫॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ગ્રામભોજી અને નરપતિના દૃષ્ટાન્તથી ગ્લાનની વૈયાવચ્ચ કરનાર સાધુ ગુરુની ભાવઆજ્ઞાનું પાલન કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે ગુરુની આજ્ઞા પ્રમાણે તો કાર્ય થયું નથી, છતાં ગુરુની ભાવઆજ્ઞાનું પાલન કર્યું છે તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –**

**ગાથા :-**

**तित्थयरवयणकरणे, आयरिआणं पए कयं होइ ।**
**एत्तो च्चिय भणिअमिणं, इयरेअरभावसंवेहा ॥१४६॥**

तीर्थकरवचनकरणे, आचार्याणां प्रागेव कृतं भवति ।
इत एव भणितमिदमितरेतरभावसंवेधात् ॥१४६॥

**અન્વયાર્થ :-**

**तित्थयरवयणकरणे**=તીર્થંકરના વચનના કરણમાં, **आयरिआणं**=આચાર્યનું **पए**=પૂર્વમાં જ, **कयं होइ**=કરાયેલું=વચન પાલન કરાયેલું છે. **एत्तो च्चिय** આથી જ=તીર્થંકરની આજ્ઞાના પાલનમાં આચાર્યની આજ્ઞાનું પાલન છે આથી જ, **इयरेअरभावसंवेहा**=ઇતર ઇતરના ભાવના સંવેધથી=તીર્થંકર અને ભાવાચાર્યરૂપ ઇતર ઇતરના ભાવના સંવેધથી **इणं**=આ=ગાથા-૪૭-૪૮માં બતાવાશે એ, **भणिअं**=કહેવાયેલું છે=શાસ્ત્રમાં કહેવાયેલું છે.

**ગાથાર્થ :-**

**તીર્થંકરના વચનના કરણમાં આચાર્યનું પૂર્વમાં જ વચન પાલન કરાયેલું છે. આથી જ તીર્થંકર અને ભાવાચાર્યરૂપ ઇતર ઇતરના ભાવના સંવેધથી ગાથા-૪૭-૪૮માં બતાવાશે એ શાસ્ત્રમાં કહેવાયેલું છે. ॥૧૪૬॥**

* **'पए'** શબ્દનો અર્થ **'प्रागेव'** એ પ્રમાણે ઓઘનિર્યુક્તિ ભાષ્યની ગાથા-૪૭માં કરેલ છે અને પ્રસ્તુત ગાથાનો પૂર્વાર્ધ ઓઘનિર્યુક્તિ ગાથા-૪૭ ના પૂર્વાર્ધરૂપ જ છે.

**ભાવાર્થ : તીર્થંકરની આજ્ઞાના પાલનમાં આચાર્યની આજ્ઞાના પાલનનો અંતર્ભાવ :**

કોઈ સાધુ ગીતાર્થગુરુની આજ્ઞાથી ગચ્છના અન્ય સાધુના કોઈ કાર્ય અર્થે અન્ય ગામમાં જતા હોય અને માર્ગમાં કોઈક ગ્લાન સાધુની વૈયાવચ્ચ કરવા માટે રોકાય ત્યારે તીર્થંકરની આજ્ઞાનું પાલન થયેલું હોવાના કારણે આચાર્યની આજ્ઞાનું પાલન પૂર્વમાં જ થયેલું ગણાય.

આશય એ છે કે આચાર્યની આજ્ઞા નિર્જરા થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરવારૂપ હોય છે, અને માર્ગમાં ગ્લાન સાધુની વૈયાવચ્ચ માટે તે સાધુ તીર્થંકરની આજ્ઞાનું સ્મરણ કરીને રોકાય છે, તે પણ ઉચિત પ્રવૃત્તિ કરવારૂપ છે. તેથી ગ્લાનની વૈયાવચ્ચ માટે રોકાવું તે પણ આચાર્યની આજ્ઞાના પાલનરૂપ છે, તે બતાવવા માટે અહીં કહ્યું કે આચાર્યની આજ્ઞાના પાલન અર્થે ગયેલ તે સાધુને તે આચાર્યે જે કાર્ય બતાવેલ તે કાર્ય તે કરે તેના પૂર્વે જ તીર્થંકરની આજ્ઞાનું પાલન કરવાના કારણે આચાર્યની આજ્ઞાનું પાલન થઈ જાય છે. માટે તે સાધુ આચાર્યે બતાવેલ કાર્ય કદાચ ન કરી શકે તોપણ તેણે આચાર્યની ભાવઆજ્ઞાનો ભંગ કરેલ નથી, તેમ પૂર્વગાથામાં કહેલ છે.

હવે તીર્થંકરની આજ્ઞાના પાલનથી આચાર્યની આજ્ઞાનું પાલન થઈ જાય છે, તેની પુષ્ટિ કરવા અર્થે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે-

આથી જ=તીર્થંકરની આજ્ઞાના પાલનથી આચાર્યની આજ્ઞાનું પાલન થઈ જાય છે આથી જ, ઈતર ઈતર ભાવના સંવેધથી આ=વક્ષ્ય=આગળમાં કહેવાયેલું છે.

આશય એ છે કે તીર્થંકર અને ભાવાચાર્ય એ બન્નેના ભાવોનો પરસ્પર સંવેધ છે અર્થાત્ "જે તીર્થંકર કહે છે તે ભાવાચાર્ય કહે છે અને જે ભાવાચાર્ય કહે છે તે તીર્થંકર કહે છે." આ પ્રકારનો તીર્થંકર અને ભાવાચાર્યના ભાવોનો સંવેધ છે, અને આવો સંવેધ હોવાના કારણો **इदम्**=આ=ગાથા-૧૪૭-૧૪૮માં કહેવાશે એ શાસ્ત્રમાં કહેવાયેલું છે. ॥૧૪૬॥

**અવતતરણિકા :-**

**પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે તીર્થંકરની આજ્ઞા અને ભાવાચાર્યની આજ્ઞાનો પરસ્પર સંવેધ હોવાને કારણે આ=વક્ષ્ય=આગળમાં કહેવાયું છે. તેથી તે વક્ષ્યમાણ કથનને જ ગાથા-૧૪૭-૧૪૮થી બતાવે છે –**

**ગાથા :-**

**जिणकप्पाइपवित्ती, गुरुआणाए विरोहिणी न जहा ।**
**तह कज्जंतरगमणे, विसेसकज्जस्स पडिबंधो ॥१४७॥**

जिनकल्पादिप्रवृत्तिर्गुर्वाज्ञाया विरोधिनी न यथा ।
तथा कार्यान्तरगमने, विशेषकार्यस्य प्रतिबन्धः ॥१४७॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે જિનકલ્પાદિની પ્રવૃત્તિ ગુરુઆજ્ઞાની વિરોધી નથી, તે પ્રમાણે કાર્યાન્તરગમનમાં વિશેષ કાર્યનો પ્રતિબંધ=નિષેધ નથી. ॥૧૪૭॥**

* ગાથાના પૂર્વાર્ધમાં રહેલા '**न**' નું યોજન ઉત્તરાર્ધ સાથે પણ છે.

**ભાવાર્થ :-**

ગુરુની આજ્ઞા લઈને જિનકલ્પ સ્વીકાર્યા પછી જિનકલ્પીઆદિ સાધુઓ જિનકલ્પાદિની ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તે સર્વ પ્રવૃત્તિવિષયક ગુરુને પૃચ્છા કરતા નથી, તોપણ તેઓની જિનકલ્પાદિની આચરણાઓ ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી ગુરુઆજ્ઞાથી વિરોધી નથી, પણ ગુરુઆજ્ઞાના પાલનરૂપ જ છે. તે રીતે ગુરુએ બતાવેલ અન્ય કાર્ય અર્થે સાધુ જતા હોય ત્યારે માર્ગમાં જતાં ગ્લાનની વૈયાવચ્ચરૂપ વિશેષ કાર્ય પ્રાપ્ત થાય તો તેનો પ્રતિબંધ થતો નથી અર્થાત્ ગુરુએ પૂર્વે બતાવેલા કાર્યના કારણે ગ્લાન સાધુની વૈયાવચ્ચનું કાર્ય કરવાનો નિષેધ પ્રાપ્ત થતો નથી. વળી, ગ્લાન સાધુની વૈયાવચ્ચના કાર્ય અર્થે રોકાઈ જાય તેના કારણે ગુરુએ બતાવેલ કાર્ય વિલંબથી થાય કે કદાચ ન પણ થાય, તોપણ ગુરુઆજ્ઞાનો ભંગ થતો નથી. વસ્તુતઃ ગુરુની ભાવઆજ્ઞાનું પાલન થાય છે; કેમ કે ગુરુની ભાવઆજ્ઞા ઉચિતકાળે ઉચિતપ્રવૃત્તિ કરવારૂપ છે, અને માર્ગમાં જતાં ગ્લાન સાધુની વૈયાવચ્ચ કરવી તે ઉચિતકાર્યરૂપ હોવાથી ત્યારે ગ્લાનની વૈયાવચ્ચ કરવામાં આવે તો ગુરુની ભાવઆજ્ઞાનું પાલન થાય છે. ॥૧૪૭॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૪૬ના ઉત્તરાર્ધમાં કહેલ કે ઇતર ઇતરના ભાવના સંવેધના કારણે આ કહેવાયેલું છે. તેથી હવે ઇતર ઇતરના ભાવના સંવેધને બતાવે છે –**

**ગાથા :-**

**भावस्स हु णिक्खेवे, जिणगुरुआणाण होइ तुल्लत्तं ।**
**सरिसं णासा भणियं, महाणिसीहंम्मि फुडमेयं ॥१४८॥**

भावस्य खलु निक्षेपे, जिनगुर्वाज्ञयोर्भवति तुल्यत्वम् ।
सदृशं न्यासाद् भणितं, महानिशीथे स्फुटमेतत् ॥१४८॥

**ગાથાર્થ :-**

**ભાવના નિક્ષેપામાં જ જિન અને ગુરુની આજ્ઞાનું તુલ્યપણું છે. महाणिसीहम्मि=મહાનિશીથમાં, णासा=ન્યાસથી=ભાવનિક્ષેપાના ન્યાસથી, एयं=आणं=આજ્ઞા=જિન અને ગુરુની આજ્ઞા, फुडम् सरिसं भणियं=સ્પષ્ટ સદૃશ કહેવાયેલી છે. ॥૧૪૮॥**

* અહીં ગાથાર્થના ઉત્તરાર્ધમાં **एयं** શબ્દ **आणं** નાં અર્થમાં છે, તેથી ગાથામાં નપુંસકલિંગ ગ્રહણ કરેલ છે, અને **आणं** નો અર્થ આજ્ઞા થાય છે અને તે ગુજરાતીમાં સ્ત્રીલિંગમાં લખાય છે, તેથી ગાથામાં '**एयं**' શબ્દ નપુંસકલિંગ હોવા છતાં 'આજ્ઞા' એ પ્રમાણે સ્ત્રીલિંગમાં લખેલ છે.

**ભાવાર્થ :- ભાવાચાર્યની અને તીર્થંકરની આજ્ઞાનું તુલ્યપણું :**

મહાનિશીથસૂત્રમાં ચાર નિક્ષેપા બતાવીને ભાવનિક્ષેપાને આશ્રયીને જે ગુરુ છે તેમની અને તીર્થંકરની આજ્ઞા સમાન છે તેમ બતાવેલ છે. મહાનિશીથસૂત્રનાં તે વચનો આ પ્રમાણે છે.

''से भयवं तित्थयरसंतियं आणं नाइक्कमिज्जा उदाहु आयरियसंतियं ? गोयमा ! चउव्विहा आयरिआ पण्णत्ता, तं०-नामायरिया १ ठवणायरिया २ दव्वायरिया ३ भावायरिया य ४ । तत्थ णं जे ते भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतियं आणं नाइक्कमिज्ज''त्ति । (महानिशीथ सूत्र अ.५)

મહાનિશીથસૂત્રમાં પ્રશ્ન કર્યો કે તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઈએ ? કે આચાર્યની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઈએ ? આનો ઉત્તર આપતાં ભગવાને કહ્યું કે ''હે ગૌતમ ! ચાર પ્રકારના આચાર્યો છે :

૧. નામાચાર્ય
૨. સ્થાપનાચાર્ય
૩. દ્રવ્યાચાર્ય
૪. ભાવાચાર્ય

આ ચાર આચાર્યોમાં જેઓ ભાવાચાર્ય છે તેઓ તીર્થંકર સમાન જ જાણવા. તેથી તેમની આજ્ઞાનું અતિક્રમણ કરવું જોઈએ નહિ.

આ કથનથી એ ફલિત થાય કે ભાવાચાર્ય અને તીર્થંકર બન્નેની આજ્ઞા સમાન છે. ભાવાચાર્યની આજ્ઞા તીર્થંકરની આજ્ઞાથી ક્યારેય વિપરીત હોતી નથી. આથી ભાવાચાર્યને તીર્થંકરની સમાન કહ્યા છે. ભાવાચાર્યની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું જોઈએ નહિ, તેમ બતાવીને એ કહેવું છે કે તીર્થંકરની આજ્ઞા અને ભાવાચાર્યની આજ્ઞા એક છે.

આ કથનમાં ભાવાચાર્ય તીર્થંકર સમાન છે તેમ બતાવ્યું. તેથી એ ફલિત થાય કે ભાવાચાર્ય અને તીર્થંકરના ભાવોનો પરસ્પર સંવેધ છે. તેથી ગાથા-૧૪૬માં કહ્યું કે તીર્થંકર અને ભાવાચાર્યના ભાવોનો પરસ્પર સંવેધ હોવાને કારણે ગાથા-૧૪૭માં આ કહ્યું છે="કાર્યાન્તરના ગમનમાં વિશેષ કાર્યનો પ્રતિબંધ નથી" એ કહ્યું છે, એ વાત સંગત થાય છે. ।।૧૪૮।।

**અવતરણિકા :-**

**ભાવસાધુનું સાતમું લક્ષણ ગુરુઆજ્ઞાનું પાલન છે. તેની પુષ્ટિ કરતાં ગાથા-૧૩૭માં ધર્માચાર્યનો પ્રતિકાર દુષ્કર છે તેમ બતાવ્યું, અને ગાથા-૧૩૮માં ધર્માચાર્યની આજ્ઞાના ઉલ્લંઘનમાં દોષો પ્રાપ્ત થાય છે અને તેમની આજ્ઞાના પાલનમાં ગુણો પ્રાપ્ત થાય છે તે બતાવ્યું, અને ગાથા-૧૩૯માં ગુરુઆજ્ઞાના પાલનમાં કયા કયા ગુણો પ્રાપ્ત થાય છે તે બતાવ્યું. તેથી વિચારકને એમ લાગે કે ગુરુકુળવાસમાં રહીને ગુણવાનને પરતંત્ર થવાથી જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય, પરંતુ જે ગુણથી પૂર્ણ છે તેઓએ શા માટે ગુરુકુળવાસમાં રહીને ગુણવાનને પરતંત્ર રહેવું જોઈએ ? એ બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**गुणपुण्णस्स वि वुत्तो, गोअमणाएण गुरुकुले वासो ।**
**विणयसुदंसणरागा, किमंग पुण वच्चमिअरस्स ॥१४९॥**

गुणपूर्णस्याप्युक्तो गौतमज्ञातेन गुरुकुले वासः ।
विनयसुदर्शनरागात्किमङ्ग पुनर्वाच्यमितरस्य ॥१४९॥

**અન્વયાર્થ :-**

**गुणपुण्णस्स**=ગુણપૂર્ણને પણ=ગુણપૂર્ણ એવા સાધુને પણ, **गोअमणाएण**=ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી **विणयसुदंसणरागा**=વિનયનું પાલન અને સુદર્શનનો રાગ થતો હોવાથી, **गुरुकुले वासो वुत्तो**=ગુરુકુળમાં વાસ કહેવાયો છે. **किमंग पुण वच्चमिअरस्स**=વળી, ઇતરનું શું કહેવું ?=વળી, ઇતરને તો અવશ્ય ગુરુકુળમાં વાસ કરવો જોઈએ.

**ગાથાર્થ :-**

**ગુણપૂર્ણને પણ ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી વિનયનું પાલન અને સુદર્શનનો રાગ થતો હોવાથી ગુરુકુળમાં વાસ કહેવાયો છે. વળી, ઇતરનું શું કહેવું ? ।।૧૪૯।।**

**ભાવાર્થ :- ગુણથી પૂર્ણ એવા ગૌતમઆદિ મહામુનિઓને પણ ગુરુકુળવાસથી થતો ઉપકાર :**

ગૌતમસ્વામી ઉત્કૃષ્ટ ૧૪ પૂર્વી હતા. તેમને ગુરુના સાન્નિધ્યથી જ જ્ઞાનાદિની વૃદ્ધિ થાય તેવું ન હતું, છતાં તેમણે ગુરુકુળવાસ છોડ્યો નથી. તેમના દૃષ્ટાંતથી ગુણપૂર્ણ એવા સાધુને પણ ગુરુકુળમાં વાસ કરવાનું શાસ્ત્રમાં કહેવાયું છે; કેમ કે ગુણવાન એવા ગુરુની આજ્ઞામાં રહેવાથી વિનયનું પાલન થાય છે. વળી ગુણપૂર્ણ એવા પણ સાધુને ગુણસંપન્ન એવા ગુરુના દર્શનમાં રાગ હોય છે. તેથી ગુણવાન સાધુ ગૌતમસ્વામીનું દૃષ્ટાંત લઈને અવશ્ય ગુરુકુળવાસમાં રહે છે. ગૌતમસ્વામી ઉત્કૃષ્ટ ૧૪ પૂર્વી હોવા છતાં

ભગવાન સાથે રહેતા હતા અને ભગવાનની આજ્ઞા અનુસાર પ્રવૃત્તિ કરીને વિનયનું પાલન કરતા હતા. તેમને ગુણથી પૂર્ણ એવા ભગવાનના દર્શન પ્રત્યે રાગ હતો અને વળી તે રાગ ભગવાનને પરતંત્ર રહેવાથી પુષ્ટ બનતો હતો, જે ગૌતમસ્વામી માટે પરમકલ્યાણનું કારણ હતું. તેથી ગુણપૂર્ણ એવા પણ ગૌતમસ્વામીને ગુણવાન ગુરુનું પારતંત્ર્ય કલ્યાણનું કારણ બન્યું, તેમ ગુણપૂર્ણ એવા સાધુને પણ ગુણવાન ગુરુનું પારતંત્ર્ય કલ્યાણનું કારણ છે, તો પછી જે સાધુ હજુ ગુણથી પૂર્ણ નથી, તેવા સાધુએ તો વિશેષે કરીને ગુરુકુળવાસનું સેવન કરવું જોઈએ; કેમ કે ગુણવાનના પારતંત્ર્યના સ્વીકારથી જ ગુણોની વૃદ્ધિ થાય છે. માટે ભાવસાધુ હંમેશાં ગુણવાન ગુરુની આજ્ઞાને પરતંત્ર હોય છે. ॥૧૪૯॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે ગુણથી પૂર્ણ એવા ગુણવાન સાધુએ પણ ગુરુકુળવાસ છોડવો જોઈએ નહિ. તેની પુષ્ટિ કરવા અર્થે હવે બાહ્ય આચારોમાં ક્વચિત્ દોષો સેવવા પડતા હોય તોપણ સાધુએ ગુરુકુળવાસ છોડવો જોઈએ નહિ, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ण य मोत्तव्वो एसो, कुलवधुणाएण समयभणिएणं ।**
**बज्झाभावे वि इहं, संवेगो देसणाईहिं ॥१५०॥**

न च मोक्तव्य एष कुलवधूज्ञातेन समयभणितेन ।
बाह्याभावेऽपीह संवेगो देशनादिभिः ॥१५०॥

**ગાથાર્થ :-**

**અને શાસ્ત્રમાં કહેવાયેલા કુળવધૂના દૃષ્ટાન્તથી બાહ્યના અભાવમાં પણ=બાહ્ય આચરણાના સમ્યક્ પાલનના અભાવમાં પણ, આ=ગુરુકુળવાસ મૂકવો જોઈએ નહિ=સાધુએ ગુરુકુળવાસનો ત્યાગ કરવો જોઈએ નહિ.**

કેમ ગુરુકુળવાસનો ત્યાગ કરવો જોઈએ નહિ ? તેથી કહે છે-

**અહીં=ગુરુકુળવાસમાં દેશનાદિથી સંવેગ થાય છે. ॥૧૫૦॥**

* "**देशनादिभिः**" માં '**आदि**' પદથી ગીતાર્થ ગુરુ આદિથી સારણા-વારણાદિકથી સંવેગની પ્રાપ્તિ થાય છે અને અન્ય સાધુઓના સંયમપાલનને જોઈને પણ સંવેગની પ્રાપ્તિ થાય છે, તે સર્વનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહેવાથી શાસ્ત્રઅધ્યયનથી, ગુણવાનની ભક્તિથી અને સારણા-વારણાદિકની પ્રાપ્તિથી સંવેગનો પરિણામ પ્રગટે છે, પ્રગટેલો સંવેગનો પરિણામ વૃદ્ધિવાળો થાય છે અને પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ બને છે. તેથી સમુદાયમાં ઘણા સાધુ હોવાથી ક્વચિત્ નિર્દોષ ભિક્ષાઆદિ બાહ્ય આચારનું સમ્યક્ પાલન ન થાય તોપણ કોઈ દોષ નથી; કેમ કે બાહ્ય આચારો કર્મબંધ પ્રત્યે કે નિર્જરા પ્રત્યે સાક્ષાત્ કારણ નથી, પરંતુ જીવનો પરિણામ કર્મબંધ પ્રત્યે કે નિર્જરા પ્રત્યે સાક્ષાત્ કારણ છે. વળી,

ઉચિત બાહ્ય આચરણા નિર્જરાના પરિણામને પેદા કરવામાં સહાયક છે અને અનુચિત બાહ્ય આચરણા કર્મબંધને અનુકૂળ પરિણામ પેદા કરવામાં સહાયક છે. તેથી નિર્જરાના અર્થી સાધુ ગુરુકુળવાસમાં રહીને શાસ્ત્રઅધ્યયન દ્વારા સંવેગની વૃદ્ધિ કરી શકતા હોય તો તથાવિધ સંયોગને વશ બાહ્ય આચારનું પાલન સમ્યક્ ન થાય તોપણ અંતઃવૃત્તિ સંવેગના પરિણામથી નિર્જરા થાય છે, અને સમ્યક્ યતનાપરાયણ સાધુને વિપરીત બાહ્ય આચરણાથી લેશ પણ કર્મબંધ થતો નથી. તેથી કલ્યાણના અર્થી સાધુએ શાસ્ત્રમાં બતાવેલા કુળવધૂના દૃષ્ટાંતથી ગુરુકુળવાસ છોડવો જોઈએ નહિ. ॥૧૫૦॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે કુળવધૂના દૃષ્ટાંતથી સાધુએ ગુરુકુળવાસ મૂકવો જોઈએ નહિ. તે કથનને પુષ્ટ કરવા માટે ગુરુકુળવાસમાં સાધુને કયા કયા લાભો થાય છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**खंताइगुणुक्करिसो, सुविहियसंगेण बंभगुत्ती य ।**
**गुरुवेयावच्चेण य, होइ महाणिज्जरालाहो ॥१५१॥**

क्षान्त्यादिगुणोत्कर्षः, सुविहितसङ्गेन ब्रह्मगुप्तिश्च ।
गुरुवैयावृत्त्येन च, भवति महानिर्जरालाभः ॥१५१॥

**ગાથાર્થ :-**

**સુવિહિતના સંગથી=શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત યતનાપરાયણ એવા સાધુઓના સંગથી, ક્ષમાદિ ગુણોનો ઉત્કર્ષ થાય છે અને બ્રહ્મગુપ્તિનું પાલન થાય છે, અને ગુરુની વૈયાવચ્ચ કરવાથી=અધિક ગુણવાળા સાધુઓની વૈયાવચ્ચ કરવાથી, મહાનિર્જરાનો લાભ થાય છે. ॥૧૫૧॥**

**ભાવાર્થ :- ગુરુકુળવાસમાં થતા ગુણોનું સ્વરૂપ :**

પૂર્વગાથામાં બતાવ્યું કે ગુરુકુળવાસમાં દેશનાદિ દ્વારા સંવેગની વૃદ્ધિ થાય છે. તેની જેમ ગુરુકુળવાસમાં રહેવાથી અન્ય કયા કયા લાભો થાય છે, તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે-

ગુરુકુળવાસમાં વસતા સાધુઓ ભગવાને બતાવેલ વિધિ પ્રમાણે ક્રિયાઓ કરનારા હોય છે. તેથી તેઓના સંગથી ગુરુકુળવાસમાં વસનાર સાધુના ક્ષમાદિ ગુણોનો ઉત્કર્ષ થાય છે; કેમ કે સુવિહિત સાધુઓમાં વર્તતા ક્ષમાઆદિ ગુણોને જોઈને પોતાને પણ ક્ષમાઆદિ ગુણોમાં યત્ન કરવાનો ઉત્સાહ થાય છે. તેથી તેઓના સાંનિધ્યથી પોતાનામાં પણ ક્ષમાઆદિ ગુણો વૃદ્ધિ પામે છે.

વળી, સુવિહિત સાધુઓ બ્રહ્મચર્યને સ્થિર કરવા માટે બ્રહ્મચર્યની વાડોના પાલનમાં અતિશય યત્ન કરતા હોય છે. તેથી તેઓના સંગથી તેઓનો બ્રહ્મચર્યની વાડોના પાલનમાં કરાતો યત્ન જોઈને ગુણવાન સાધુને બ્રહ્મચર્યની વાડોના પાલનમાં યત્ન કરવાનો ઉત્સાહ થાય છે. તેથી ગુરુકુળમાં રહેલા સાધુને બ્રહ્મગુપ્તિની પ્રાપ્તિ થાય છે.

વળી, સુવિહિત સાધુઓના ગચ્છમાં દીર્ઘસંયમપર્યાયને પાળીને ઘણી ગુણસંપત્તિને પામેલા અનેક વડીલ ગુરુઓ હોય છે, અને તેઓની ભક્તિ કરવાથી ગુરુકુળવાસમાં વસનાર સાધુને સ્વશક્તિ અનુસાર વૈયાવચ્ચ કરવાનો ઉત્સાહ થાય છે, અને તેવા ગુણવાન સાધુઓની વૈયાવચ્ચ કરીને મહાનિર્જરાની પ્રાપ્તિ કરે છે. આ રીતે અનેક ગુણોનું સ્થાન સુવિહિત સાધુઓના સમુદાયરૂપ ગુરુકુળવાસ છે. માટે કલ્યાણના અર્થી સાધુએ કુળવધૂના દૃષ્ટાંતથી ગુરુકુળવાસ છોડવો જોઈએ નહિ, એ પ્રમાણે પૂર્વગાથા સાથે સંબંધ છે. ॥૧૫૧॥

**અવતરણિકા :-**

**સુવિહિતોના સમુદાયરૂપ ગુરુકુળવાસમાં રહેવાથી કયા કયા લાભો થાય છે તે ગાથા-૧૫૦-૧૫૧માં બતાવ્યું. હવે તેવા ગુણના સમુદાયવાળા ગચ્છનો ત્યાગ કરવામાં શું શું અનર્થો થાય છે તે બતાવીને સુવિહિતના સમુદાયરૂપ ગુરુકુળવાસનો ત્યાગ સુસાધુએ કરવો જોઈએ નહિ, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :**

**मूढो इमस्स चाए, एएहिं गुणेहि वंचिओ होइ ।**
**एगागिविहारेण य, णस्सइ भणिअं च ओहंमि ॥१५२॥**

मूढोऽस्य त्यागे एतैर्गुणैर्वञ्चितो भवति ।
एकाकिविहारेण च, नश्यति भणितं चौघे ॥१५२॥

**ગાથાર્થ :-**

**મૂઢ=હિતાહિતનો વિચાર કરવામાં મોહ પામેલા સાધુ, આના ત્યાગમાં=ગુણશાળી ગુરુકુળવાસના ત્યાગમાં, આ ગુણો વડે=ગાથા-૧૫૦-૧૫૧માં બતાવાયા એ ગુણો વડે, વંચિત થાય છે, અને એકાકી વિહાર વડે નાશ પામે છે; અને ઓઘમાં=ઓઘનિર્યુક્તિમાં કહેવાયું છે='એકાકી વિહાર દ્વારા સાધુ નાશ પામે છે' એમ કહેવાયું છે. ॥૧૫૨॥**

**ભાવાર્થ :- ગુરુકુળવાસના ત્યાગથી થતા દોષો :**

સંયમ ગ્રહણ કર્યા પછી જે સાધુ તત્ત્વને જોવામાં મૂઢ છે અને માત્ર બાહ્ય આચારની શુદ્ધિમાં તત્ત્વને જોનાર છે, તેવા સાધુ ગુણસંપન્ન એવા ગુરુકુળવાસનો ત્યાગ કરીને નિર્દોષ ભિક્ષામાં યત્ન કરે છે; પરંતુ સમુદાયમાં થતા સંવેગની વૃદ્ધિને અને ક્ષમાદિ ગુણોને જોતા નથી. આવા સાધુ ગુરુકુળવાસનો ત્યાગ કરીને ક્ષમાદિ ગુણોથી અને સંવેગની વૃદ્ધિથી વંચિત રહે છે અને આ રીતે ગાથા-૧૫૧-૧૫૨માં બતાવેલા લાભથી વંચિત થયેલા સાધુ માત્ર સ્થૂલ આચારમાં રત રહીને એકાકી વિહાર કરે છે, અને તેના કારણે નાશ પામે છે અર્થાત્ સાધુપણું નષ્ટ થવાથી ભાવથી સંયમનો નાશ થાય છે. માત્ર બાહ્ય આચરણા કોઈ કલ્યાણનું કારણ બનતી નથી અને એકાકી વિહારથી તે સાધુ કઈ રીતે નાશ પામે છે તે વાત ઓઘનિર્યુક્તિમાં કહેલ છે. તે ઓઘનિર્યુક્તિનું કથન ગ્રંથકાર સ્વયં આગળની ગાથામાં બતાવે છે. ॥૧૫૨॥

**અવતરણિકા :**

પૂર્વગાથામાં કહ્યું કે એકાકી વિહાર દ્વારા સાધુ નાશ પામે છે, એ પ્રમાણે ઓઘનિર્યુક્તિમાં કહેવાયું છે. એ ઓઘનિર્યુક્તિની ગાથા બતાવે છે –

**ગાથા :**

**जह सागरंमि मीणा, संखोहं सागरस्स असहंता ।**
**निंति तओ सुहकामी, निग्गयमित्ता विणस्संति ॥१५३॥**
यथा सागरे मीनाः संक्षोभं सागरस्यासहमानाः ।
निर्गच्छन्ति ततः सुखकामिनो निर्गतमात्रा विनश्यन्ति ॥१५३॥
**एवं गच्छसमुद्दे, सारणमाईहिं चोइआ संता ।**
**निंति तओ सुहकामी, मीणा व जहा विणस्संति ॥१५४॥**
एवं गच्छसमुद्रे, सारणादिभिश्चोदितास्सन्तः ।
निर्गच्छन्ति ततः सुखकामिनो मीना इव यथा विनश्यन्ति ॥१५४॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે સાગરના ક્ષોભને નહિ સહન કરતા સુખની કામનાવાળા સાગરમાં રહેલા માછલાઓ, તેનાથી=સાગરથી નીકળે છે, અને નીકળેલા માત્ર વિનાશ પામે છે, એ રીતે ગચ્છરૂપ સમુદ્રમાં સારણાદિ વડે પ્રેરણા કરાયેલા છતાં સુખકામનાવાળા સાધુ, તેનાથી=ગચ્છથી નીકળે છે. અને માછલાની જેમ તે પ્રકારે વિનાશ પામે છે=જેમ માછલા પાણી વગર વિનાશ પામે છે, તે પ્રકારે સારણાદિ વગર તે સાધુઓ સંયમના પરિણામ વગરના થાય છે. ॥૧૫૩-૧૫૪॥**

* ગાથા-૧૫૪માં '**मीणा व जहा विणस्संति**' છે તેના સ્થાને '**मीणा व तहा विणस्संति**' પાઠ હોવો જોઈએ.

**ટીકા :-**

**यथा 'सागरे' समुद्रे 'मीनाः' मत्स्याः संक्षोभं सागरस्य असहमाना निर्गच्छन्ति ततः समुद्रात् 'सुखकामिनः' सुखाभिलाषिणो, निर्गतमात्राश्च विनश्यन्ति ॥**

**एवं गच्छसमुद्रे सारणा एव वीचयस्ताभिस्त्याजिताः सन्तो निर्गच्छन्ति ततो गच्छसमुद्रात्सुखाभिलाषिणो मीना इव मीना यथा तथा विनश्यन्ति ॥ ( ओघनि. गा. ११७-११८ )**

**ભાવાર્થ :-**

સમુદ્રમાં ભરતી વગેરે આવે છે ત્યારે ક્ષોભ થાય છે, અને તે ક્ષોભથી વ્યાકુળ થયેલા માછલાઓ સુખની કામનાથી સમુદ્રને છોડીને બહાર નીકળે છે અને સમુદ્રથી બહાર નીકળવામાત્રથી વિનાશ પામે છે; કેમ કે પાણી વગર માછલાઓ જીવી શકે નહિ.

તેવી રીતે ગચ્છરૂપી સમુદ્રમાં સુવિહિત સાધુઓની સારણાદિક પ્રેરણાથી ક્ષોભ પામેલા જે સાધુઓ સારણાદિની પીડારહિત સુખે રહેવાના અભિલાષથી ગચ્છને છોડે છે, તેઓ માછલાની જેમ વિનાશ પામે છે; કેમ કે પાણી વિના જેમ માછલા રહી શકે નહિ તેમ સારણાદિ વિના સંયમનો પરિણામ રહી શકે નહિ. તેથી સંયમના પરિણામ વગરના સાધુ દુરંત સંસારના પરિભ્રમણની પ્રાપ્તિરૂપ વિનાશને પામે છે. ॥૧૫૩-૧૫૪॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૫૩-૧૫૪માં એકાકી વિહારથી સાધુ નાશ પામે છે તેનું સ્થાપન ઓઘનિર્યુક્તિના વચનથી કર્યું. હવે આચારાંગસૂત્રના વચનથી ગુરુકુળવાસમાં દોષોથી બચાય છે, તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**भणिआ आयारंमि वि, दिट्ठा दोसेण णावरियन्ति ।**
**'तद्दिट्ठीए' इच्चाइ-वयणओ गुरुकुलं गुरुअं ॥१५५॥**

भणिता आचाराङ्गेऽपि दृष्टा दोषेण नाऽऽव्रियन्ते ।
तद्दृष्ट्या' इत्यादिवचनतो गुरुकुलं गुरुकम् ॥१५५॥

**અન્વયાર્થ :-**

**आयारंमि वि**=આચારાંગમાં પણ, **'तद्दिट्ठीए' इच्चाइ-वयणओ**='તદ્દૃષ્ટિથી' ઇત્યાદિ વચનથી, **दिट्ठा**=ગુરુ વડે જોવાયેલા સાધુઓ, **दोसेण**=દોષથી, **णावरियन्ति**=આવરણ પામતા નથી. (**इति**=એ પ્રમાણે) **भणिआ**=કહેવાયા છે=સાધુઓ દોષથી આવરણ પામતા નથી એ પ્રમાણે કહેવાયા છે. (**ततः**=તેથી) **गुरुकुलं गुरुअं**=ગુરુકુળવાસ શ્રેષ્ઠ છે.

**ગાથાર્થ :-**

**આચારાંગમાં પણ, 'તદ્દૃષ્ટિથી' ઈત્યાદિ વચનથી, ગુરુ વડે જોવાયેલા સાધુઓ, દોષથી આવરણ પામતા નથી એ પ્રમાણે કહેવાયા છે. તેથી ગુરુકુળવાસ શ્રેષ્ઠ છે. ॥૧૫૫॥**

**ભાવાર્થ :- ગુરુકુળવાસમાં થતા લાભોનું સ્વરૂપ :**

સુધર્માસ્વામી કહે છે કે એકલા વિહાર કરનાર અવ્યક્તને=અગીતાર્થને સતત દોષો થાય છે અને આચાર્યની પાસે રહેનારને ઘણા ગુણો થાય છે. આચાર્યની પાસે રહેનારા સાધુએ શું કરવું જોઈએ તે આચારાંગસૂત્રમાં "**तद्दिट्ठीए तम्मोत्तीए तप्पुरक्कारे तस्सण्णी तण्णिवेसणे जयंविहारी चित्तणिवाई पंथणिज्झाई पलिबाहिरे पासीय पाणे गच्छेज्जा**" આ પ્રમાણે છે-

**(i) तद्दिट्ठीए** - જે આચાર્યની પાસે સાધુ વર્તતા હોય તે આચાર્યની દૃષ્ટિથી=તે આચાર્યના સૂચનથી હેય-ઉપાદેયમાં સતત પ્રયત્ન કરવો જોઈએ, જેથી ઉચિત પ્રવૃત્તિ કરવાથી ગુણની વૃદ્ધિ થાય અને અનુચિત પ્રવૃત્તિ ન કરવાથી દોષો અટકે.

**(ii) तम्मोत्तीए** - આચાર્યે સૂચન કર્યા પ્રમાણે કોઈ પદાર્થ પ્રત્યે રાગભાવ ન થાય અને કોઈ પદાર્થ પ્રત્યે સંગભાવ ન થાય તે રીતે સાધુએ મુક્તિથી=નિર્લેપતાથી સદા યત્ન કરવો જોઈએ.

**(iii) तप्पुरक्कारे** - સર્વકાર્યમાં આચાર્યને આગળ કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ=કોઈપણ કાર્ય કરવું હોય તો આચાર્યને પૂછવું અને આચાર્ય જે પ્રમાણે કહે તે પ્રમાણે સર્વ કાર્ય કરવાં.

**(iv) तस्सण्णी** - તેમની સંજ્ઞાવાળા થવું અર્થાત્ આચાર્યની સંજ્ઞા=આચાર્યનું જ્ઞાન તદ્‌વાન= આચાર્યના સર્વ કાર્યમાં થવું જોઈએ અર્થાત્ આચાર્યના જ્ઞાન પ્રમાણે સર્વ કાર્યો કરવાં જોઈએ, પરંતુ સ્વમતિથી કોઈ કાર્ય કરવું જોઈએ નહીં. આશય એ છે કે કોઈપણ કાર્યવિષયક આચાર્યને પૃચ્છા કરી હોય અને આચાર્યે જે વિધિપૂર્વક તે કાર્ય કરવાનું કહ્યું હોય તે વિધિ પ્રમાણે જ તે કાર્ય થવું જોઈએ, પણ સ્વમતિ પ્રમાણે તે કાર્યવિષયક કોઈ યત્ન કરવો જોઈએ નહીં.

**(v) तण्णिवेसणे** - તેનું=ગુરુનું **निवेसण**=સ્થાન છે જેને એવો આ=**तण्णिवेसणे**=સદા ગુરુકુળવાસી થાય, સદા ગુરુની સાથે વસનારો થાય, પરંતુ પોતાની ઇચ્છા પ્રમાણે વસનારો ન થાય.

ગુરુકુળવાસમાં વસતો સાધુ કેવો થાય તે બતાવે છે-

**(vi) जयंविहारी** - યતનાપૂર્વક વિહરણ કરવાના સ્વભાવવાળો થાય અર્થાત્ પ્રત્યુપેક્ષણાદિ સર્વ ક્રિયાઓ યતનાપૂર્વક કરવાવાળો થાય.

**(vii) चित्तणिवाई** - ચિત્ત એટલે આચાર્યનો અભિપ્રાય, તેમના અભિપ્રાયથી ક્રિયામાં પ્રયત્ન કરવાના સ્વભાવવાળો થાય અર્થાત્ સર્વક્રિયાઓ આચાર્યના અભિપ્રાય અનુસાર જ કરે.

**(viii) पंथणिज्झाई** - ગુરુ કોઈ કાર્ય માટે ગયા હોય તો તેઓના આગમનને જોનારો થાય અર્થાત્ ગુરુના આગમનનો સમય થાય અને ગુરુ આવે ત્યારે ગુરુની ઉચિત ભક્તિ અર્થે ઊભો થઈને સર્વકૃત્યો કરે.

**(ix) पलिबाहिरे** - કાર્ય ન હોય ત્યારે ગુરુના અવગ્રહની બહાર બેસે, જે ઉચિત વિનયરૂપ છે.

**(x) पासिय पाणे गच्छेज्जा** - કોઈક કાર્ય માટે ગુરુ વડે મોકલાયેલો, પ્રાણીઓને જોતો ઈર્યાસમિતિપૂર્વક જાય.

આ પ્રકારના આચારાંગના વચનથી આચાર્યની સાથે વસવાથી સંયમવિરાધનાદિ કોઈ દોષો થતા નથી અને ઘણા ગુણો થાય છે. તેથી સાધુને માટે ગુરુકુળવાસ શ્રેષ્ઠ છે, તે પ્રમાણે આચારાંગના વચનથી નક્કી થાય છે. **॥૧૫૫॥**

**અવતરણિકા :-**

**ઓઘનિર્યુક્તિ અને આચારાંગસૂત્રના વચનથી સ્થાપન કર્યું કે ગુરુકુળવાસમાં સંયમ સુરક્ષિત રહે છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં નિપુણ સહાય ન મળે તો એકલા પણ વિહારની અનુજ્ઞા છે. તેથી કોઈ સાધુ સમુદાયમાં નિર્દોષ ભિક્ષા આદિનું પાલન ન થતું હોય તો સંયમની શુદ્ધિ અર્થે ગચ્છને છોડીને એકાકી વિહાર કરે તો શું વાંધો ? એ શંકાના નિવારણ અર્થે એકાકી વિહારને કહેનાર સૂત્ર ગીતાર્થ વિષયક જ છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :**

**जं पुण 'न यालभिज्जा', इच्चाईसुत्तमेगचारित्ते ।**
**तं पुण विसेसविसयं, सुनिउणबुद्धीहि दट्ठव्वं ॥१५६॥**
यत्पुनः 'न च चालभेत्' इत्यादिसूत्रमेकचारित्वे ।
तत्पुनर्विशेषविषयं, सुनिपुणबुद्धिभिर्द्रष्टव्यम् ॥१५६॥

**ગાથાર્થ :-**

**જે વળી 'न यालभिज्जा' ઇત્યાદિ સૂત્ર એકાકી વિહારમાં છે, તે સુનિપુણ બુદ્ધિ વડે વિશેષ વિષયવાળું જાણવું. ॥૧૫૬॥**

**ભાવાર્થ :-**

દશવૈકાલિકસૂત્રમાં **'न यालभिज्जा'** સૂત્ર આ પ્રમાણે છે-

**''न चालभेत् निपुणं सहायं गुणाधिकं वा गुणतः समं वा ।**
**एकोपि पापानि विवर्जयन् विहरेत् कामेष्वसञ्जमानः ॥''** (दशवैकालिकसूत्र બીજી ચૂલિકા ગા. ૧૦)

તેનો અર્થ આ પ્રમાણે છે-

સાધુ ગુણાધિક અથવા ગુણથી સમાન એવી નિપુણ સહાય ન મેળવે તો પાપને ત્યાગ કરતો અને કામોમાં=વિષયોમાં, આસક્ત નહિ થતો એકલો પણ વિહરે.

સમુદાયમાં તપ-સંયમમાં ઉદ્યત સાધુઓ ન હોય તો, પોતાનાથી અધિક ગુણવાળા સાધુઓ ન મળે અને પોતાની સમાન ગુણવાળા સાધુઓ પણ ન મળે તેવું બને. તે સમુદાયમાં સુસાધુની નિપુણ સહાય નથી, ત્યારે સુસાધુ વિષયોમાં અનાસક્ત રહેતો અને પાપોનો ત્યાગ કરતો એકાકી પણ વિહરે.

દશવૈકાલિકસૂત્રના આ વચનથી ભિક્ષાઆદિની શુદ્ધિ અર્થે કોઈ સાધુ એકાકી વિચરે તો કોઈ વિરોધ નથી; કેમ કે ગચ્છમાં નિર્દોષ ભિક્ષા માટે યત્ન કરનારા સાધુઓ નથી. આ પ્રકારની કોઈને મતિ થાય, તેને સામે રાખીને ગ્રંથકાર કહે છે : **'न यालभिज्जा'** સૂત્રમાં એકાકી વિહારનું કહેવાયું છે તે સર્વ સાધુ માટે નથી, પરંતુ વિશેષ વિષયવાળું છે અર્થાત્ ગીતાર્થસાધુના વિષયવાળું છે, એ વાત સુનિપુણ બુદ્ધિથી જોવી.

આશય એ છે કે દશવૈકાલિકસૂત્રમાં ''પાપનો ત્યાગ કરતો અને કામોમાં અનાસક્ત રહેતો સાધુ એકાકી વિચરે'' તેમ કહ્યું છે. તેનો નિપુણ બુદ્ધિથી વિચાર કરવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે ગીતાર્થ સિવાય અન્ય સાધુ ગીતાર્થની સહાય વગર પાપનું વર્જન કરી શકે નહિ અને કામમાં અનાસક્ત રહી શકે નહિ. તેથી દશવૈકાલિકસૂત્રમાં ''પાપને વર્જતો અને કામમાં અનાસક્ત રહેતો સાધુ એકાકી વિચરે'' તેમ કહ્યું, તેનાથી અર્થથી એ નક્કી થાય છે કે આ સૂત્ર ગીતાર્થને આશ્રયીને છે, સર્વ સાધુને આશ્રયીને નથી, અને આ વાત નિપુણ બુદ્ધિથી વિચારવી જોઈએ. **॥૧૫૬॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે "ન યાલભિજ્જા સૂત્ર વિશેષ વિષયવાળું છે અને નિપુણ બુદ્ધિથી જોવું." તેથી હવે નિપુણ બુદ્ધિથી તે સૂત્રને જોવામાં આવે તો તે સૂત્ર વિશેષ વિષયવાળું કઈ રીતે પ્રાપ્ત થાય છે, તે બતાવે છે –

**ગાથા :-**

**पावं विवज्जयंतो, कामेसु तहा असज्जमाणो अ ।**
**तत्थुत्तो एसो पुण, गीयत्थो चेव संभवइ ॥१५७॥**

पापं विवर्जयन् कामेषु तथाऽसज्जमानश्च ।
तत्रोक्त एष पुनः गीतार्थ एव सम्भवति ॥१५७॥

**ગાથાર્થ :-**

**પાપને વર્જન કરતો અને કામમાં અનાસક્ત રહેતો, ત્યાં='ન યાલભિજ્જા' સૂત્રમાં, કહેવાયેલો= એકાકી વિહારનો અધિકારી કહેવાયેલો, વળી, આ=પાપને વર્જન કરતો અને કામમાં અનાસક્ત રહેતો એવો એકાકી વિહારનો અધિકારી સાધુ, ગીતાર્થ જ સંભવે છે. ॥૧૫૭॥**

**ભાવાર્થ :- પાપનું વર્જન અને અસંગભાવ ગીતાર્થને જ સંભવિત :**

**'ન યાલભિજ્જા'** સૂત્રમાં એકાકી વિહારના અધિકારી સાધુનાં બે વિશેષણો આપ્યાં છે - (૧) પાપનું વર્જન કરતા સાધુ (૨) વિષયોમાં અનાસક્ત રહેતા સાધુ.

પાપનું વિવર્જન કરવું એટલે ભગવાનના વચન અનુસાર મન, વચન અને કાયાના યોગોને ઉચિત પ્રવૃત્તિમાં યતનાપૂર્વક પ્રવર્તાવીને સંયમના કંડકોની વૃદ્ધિ માટે યત્ન કરવો.

વિષયોમાં અનાસક્ત રહેવું એટલે પાંચે ઇન્દ્રિયોને સંવૃત રાખીને વીતરાગતાને અનુકૂળ સંવેગની વૃદ્ધિ માટે યત્ન કરવો.

જે સાધુ ગીતાર્થ નથી તે શાસ્ત્રવચનનું અવલંબન લઈને બાહ્ય નિર્દોષ ભિક્ષાચર્યામાં યત્ન કરે કે ચારિત્રની પડિલેહણ આદિની ક્રિયાઓ શાસ્ત્રવિધિ અનુસાર કરે તે સંભવે; પરંતુ મન, વચન અને કાયાને સંવૃત રાખીને યોગમાર્ગમાં સુદૃઢ યત્ન કરવા માટે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા આદિમાં યત્ન કરી શકે નહિ. તેથી બાહ્ય રીતે આચારો શુદ્ધ પાળતા હોય તોપણ સંવેગના પરિણામ વગર સાધુ સંયમનું રક્ષણ કરી શકે નહિ કે સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે નહિ.

વળી, બાહ્ય રીતે સાધ્વાચાર સારા પાળતા હોય તોપણ ભગવાનના વચન અનુસાર ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપ ઉચિત બળવાન યોગને ગૌણ કરીને અને નિર્દોષ ભિક્ષાચર્યાઆદિ અબળવાન યોગને સેવનાર તે સાધુ અસપત્નયોગવાળા નથી, તેથી ભાવથી ચારિત્રી નથી. જ્યારે ગીતાર્થ સાધુ તો જે યોગ બળવાન હોય તે યોગને તે કાળે સેવીને અસપત્નયોગની આરાધના કરે છે, અને જે સાધુ અસપત્નયોગને આરાધી શકે તે સાધુ પાપનું વર્જન કરી શકે અને કામનો ત્યાગ કરી શકે. અસપત્નયોગને આરાધવા

માટે ગીતાર્થતા આવશ્યક છે. તેથી '**न यालभिज्जा**' સૂત્ર વિશેષ વિષયવાળું છે અર્થાત્ ગીતાર્થ વિષયવાળું છે, તેમ પૂર્વગાથા સાથે સંબંધ છે.

અહીં વિશેષ એ છે કે અસપત્નયોગ એટલે જે કાળે જે યોગ સેવવાથી અધિક નિર્જરા થાય તે કાળે તે યોગને સેવવામાં આવે તો તે યોગ અન્ય યોગનો વિરોધી નથી; અને અધિક નિર્જરાના કારણને બદલે અલ્પ નિર્જરાના કારણભૂત એવા અબળવાન યોગને સેવવામાં આવે તો તે યોગ બળવાન યોગનો વ્યાઘાતક હોવાથી સપત્નયોગ છે. વળી, સપત્નયોગનું સેવન અવિવેકથી થાય છે અને અવિવેકથી કરાયેલી પ્રવૃત્તિ ચારિત્રશુદ્ધિનું કારણ થાય નહિ; અને અગીતાર્થ સાધુ કયો યોગ મારી શુદ્ધિનું કારણ બનશે અને કયો યોગ મારી શુદ્ધિનું કારણ બનશે નહિ તેનો નિર્ણય કરી શકે નહિ. તેથી અગીતાર્થને ગીતાર્થની નિશ્રાથી જ ચારિત્રની શુદ્ધિ સંભવે. માટે અગીતાર્થને આશ્રયીને '**न यालभिज्जा**' સૂત્ર નથી. ॥૧૫૭॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૫૭માં " 'न यालभिज्जा' સૂત્ર ગીતાર્થવિષયક છે" એમ બતાવીને હવે "અગીતાર્થ પાપનું વિવર્જન કરી શકે નહિ અને કામમાં અનાસક્ત રહી શકે નહિ" તે દશવૈકાલિકના વચનથી બતાવીને અને "અગીતાર્થને એકાકી વિહારનો નિષેધ કર્યો છે" તે બતાવીને 'न यालभिज्जा' સૂત્ર અગીતાર્થવિષયક નથી તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**णागीओ 'अन्नाणी, किं काहि' च्चाइवयणओ णेओ ।**
**अवियत्तस्स विहारो, अवि य णिसिद्धो फुडं समए ॥१५८॥**

'नागीतो' 'अज्ञानी किं करिष्यति ?' इत्यादिवचनतो ज्ञेयः ।
अव्यक्तस्य विहारोऽपि च निषिद्धः स्फुटं समये ॥१५८॥

**અન્વયાર્થ :-**

**'अन्नाणी किं काहि' च्चाइवयणओ**=અજ્ઞાની શું કરશે ? ઇત્યાદિ વચનથી, **णागीओ णेओ**= અગીતાર્થ ન જાણવો=અગીતાર્થ પાપનું વર્જન કરે અને કામમાં અનાસક્ત રહે એમ ન જાણવું; **य**=અને **अवियत्तस्स**=અગીતાર્થનો, **विहारो**=વિહાર, **अवि**=પણ, **समए**=શાસ્ત્રમાં, **फुडं**=સ્પષ્ટ, **णिसिद्धो**=નિષિદ્ધ છે. (તેથી '**न यालभिज्जा**' સૂત્ર અગીતાર્થને આશ્રયીને સંગત નથી.) ॥૧૫૮॥

**ગાથાર્થ :-**

**અજ્ઞાની શું કરશે ? ઇત્યાદિ વચનથી અગીતાર્થ પાપનું વર્જન કરે અને કામમાં અનાસક્ત રહે એમ ન જાણવું; અને અગીતાર્થનો વિહાર પણ શાસ્ત્રમાં સ્પષ્ટ નિષેધ છે. ॥૧૫૮॥**

**ભાવાર્થ :- અગીતાર્થને એકાકી વિહારનો નિષેધ :**

અજ્ઞાની શું કરશે ? ઇત્યાદિ દશવૈકાલિકના વચનથી અગીતાર્થ પાપનું વર્જન કરી શકતા નથી એમ જાણવું. દશવૈકાલિકની પૂર્ણગાથા આ પ્રમાણે છે-

**पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।**
**अन्नाणी किं काही, किंवा नाहीइ छेयपावगं ॥१०॥**

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે-

**'પ્રથમ જ્ઞાન અને પછી દયા' આ રીતે=જ્ઞાનપૂર્વકની દયાનું પાલન કરવામાં આવે એ રીતે, સર્વ સંયમ રહે છે. અજ્ઞાની શું કરશે ?=અજ્ઞાની સંયમની ઉચિત પ્રવૃત્તિ કરી શકશે નહિ અથવા छेय पावगं=નિપુણ હિતને અને પાપને કેવી રીતે જાણશે ?**

આ પ્રકારના દશવૈકાલિકના વચનથી નક્કી થાય છે કે ગીતાર્થસાધુ જ્ઞાનવાળા હોય છે, અને જ્ઞાનથી નિયંત્રિત ઉચિત ક્રિયા કરે તે દયા છે અર્થાત્ ષટ્કાયપાલનની યતના છે, અને જ્ઞાનપૂર્વકની દયાથી સંયમ ટકે છે.

વળી, જે ગીતાર્થ નથી તેઓ સમ્યગ્જ્ઞાનવાળા નહિ હોવાથી પડિલેહણઆદિ ક્રિયા કરતા હોય કે ભિક્ષાની શુદ્ધિમાં યત્ન કરતા હોય તોપણ ગુરુ-લાઘવનું જ્ઞાન નહિ હોવાથી જ્ઞાન વગરના છે, અને ગુરુ-લાઘવના બોધથી રહિત એવા જ્ઞાનથી જે પ્રવૃત્તિ કરે છે, ત્યાં બાહ્ય જીવરક્ષા હોવા છતાં પારમાર્થિક દયા નથી, માટે સંયમ નથી. તેથી દશવૈકાલિકની ગાથા-૧૦ના ઉત્તરાર્ધમાં કહે છે-

''અજ્ઞાની શું કરશે ? અથવા અજ્ઞાની નિપુણ હિતને અને હિતથી વિપરીત એવા પાપને કઈ રીતે જાણશે ? અર્થાત્ અજ્ઞાની નિપુણ હિતને જાણતા નથી અને પાપને જાણતા નથી. તેથી હિતને અનુકૂળ પ્રવૃત્તિ કરી શકતા નથી અને પાપનું વર્જન કરી શકતા નથી.

ગાથા-૧૫૮ના પૂર્વાર્ધમાં બતાવ્યું કે દશવૈકાલિકના વચનથી અગીતાર્થ સાધુ પાપનું વર્જન કરી શકતા નથી, માટે અગીતાર્થ **'न यालभिज्जा'** સૂત્રના વચનથી એકાકી વિહારના અધિકારી નથી. વળી, અગીતાર્થના વિહારનો સ્પષ્ટ નિષેધ શાસ્ત્રમાં છે, તેથી પણ **'न यालभिज्जा'** સૂત્રને અવલંબીને અગીતાર્થ એકાકી વિહાર કરી શકે નહિ, તે વાત ગાથાના ઉત્તરાર્ધથી બતાવેલ છે. ॥૧૫૮॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૫૮ના ઉત્તરાર્ધમાં કહ્યું કે અવ્યક્તનો=અગીતાર્થનો વિહાર પણ શાસ્ત્રમાં સ્પષ્ટ નિષેધ કરાયેલો છે. હવે તે શાસ્ત્રવચન બતાવે છે –**

**ગાથા :-**

**गीयत्थो अ विहारो, बीओ गीयत्थनीसिओ भणिओ ।**
**एत्तो तइअविहारो, नाणुन्नाओ जिणवरेहिं ॥१५९॥**

गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थनिश्रितो भणितः ।
इतस्तृतीयो विहारो, नानुज्ञातो जिनवरैः ॥१५९॥

**ગાથાર્થ :-**

**અને ગીતાર્થ વિહાર, બીજો ગીતાર્થ-નિશ્રિત વિહાર કહેવાયો છે. આનાથી ત્રીજો વિહાર જિનેશ્વરો વડે અનુજ્ઞાત નથી. ॥૧૫૯॥**

**ટીકા :-**

गीतः-परिज्ञातोऽर्थो यैस्ते गीतार्थाः-जिनकल्पिकादयः, तेषां स्वातन्त्र्येण यद् विहरणं स गीतार्थो नाम प्रथमो विहारः । तथा गीतार्थस्य-आचार्योपाध्यायलक्षणस्य निश्रिताः-परतन्त्रा यद् गच्छवासिनो विहरन्ति स गीतार्थनिश्रितो नाम द्वितीयो विहारो भणितः । इत ऊर्द्धमगीतार्थस्य स्वच्छन्दविहारितारूपस्तृतीयो विहारो नानुज्ञातः 'जिनवरैः' भगवद्भिस्तीर्थकरैरिति ॥ (बृहत्कल्प ॥६८८॥)

**ટીકાર્થ :-**

ગીતાર્થનો અર્થ કરે છે : ગીત=પરિજ્ઞાત અર્થ છે જેઓ વડે તે જિનકલ્પદાદિ ગીતાર્થો. તેઓનું સ્વતંત્રથી જે વિહરણ તે ગીતાર્થ નામનો પ્રથમ વિહાર છે; અને આચાર્ય, ઉપાધ્યાય લક્ષણ ગીતાર્થને નિશ્રિત=પરતંત્ર જે ગચ્છવાસીઓ વિહરે છે તે ગીતાર્થનિશ્રિત નામનો બીજો વિહાર કહેવાયો છે. આનાથી ઊર્ધ્વ=આનાથી ઉપર અગીતાર્થનો સ્વચ્છંદવિહારિતારૂપ ત્રીજો વિહાર, જિનેશ્વરો વડે=તીર્થંકરો વડે અનુજ્ઞાત નથી.

બૃહત્ કલ્પભાષ્યમાં સંયમી સાધુને બે પ્રકારના વિહારો કહ્યા છે. તે બે વિહારો કરનારા સાધુ સુસાધુ છે અને અગીતાર્થને સ્વચ્છંદવિહારિતારૂપ ત્રીજા વિહારરૂપે ભગવાને અનુજ્ઞા આપી નથી. તેથી અગીતાર્થ સાધુ એકાકી વિહાર કરે તો સંયમજીવન રહે નહીં; કેમ કે ભગવાનની આજ્ઞા વગરનું તેમનું વિહરણ છે. ॥૧૫૯॥

**અવતરણિકા :-**

इतश्चागमवचनादिदं विशेषविषयं मन्तव्यमित्यत आह –

**અવતરણિકાર્થ :**

આ આગમવચનથી=ગાથા-૧૬૦થી ૧૬૩માં બતાવશે એ આગમવચનથી, આ='न यालभिज्जा' ઈત્યાદિ સૂત્ર વિશેષ વિષયવાળું જાણવું. એથી કહે છે=એથી તે આગમવચનને કહે છે –

**ગાથા :-**

**एगागियस्स दोसा, इत्थीसाणे तहेव पडिणीए ।**
**भिक्खविसोहि महव्वय, तम्हा, सबिइज्जए गमणं ॥१६०॥**

एकाकिनो दोषाः स्त्रीशुनि तथैव प्रत्यनीकः ।
भिक्षाविशोधिर्महाव्रतानि, तस्मात् सद्वितीयेन गमनम् ॥१६०॥

ગાથાર્થ :-

**એકાકી સાધુને સ્ત્રીવિષયક, શ્વાનવિષયક, પ્રત્યનીક વિષયક, ભિક્ષાની વિશુદ્ધિ વિષયક અને મહાવ્રત વિષયક દોષો થાય છે. તે કારણથી સદ્વિતીયનું=બીજા સાધુ સહિતનું ગમન છે. ॥૧૬૦॥**

ટીકા :-

'एगागियस्से'ति एकाकिनः-असहायस्त विहरतः सतः दोषा-दूषणानि भवन्ति, तद्यथा- 'इत्थीसाणे'त्ति स्त्रीशुनि, अयं च समाहारद्वन्द्वः, ततश्च स्त्रीविषये श्वविषये च, तत्र स्त्रीविषये ''विहवा पउत्थवइया, पयारमलहंति दट्ठुमेगागिं । दारपिहणे य गहणं, इच्छमणिच्छे य दोसा उ ॥१॥'' तथा श्वा-कौलेयकः, तद्दोषश्च तेनैकस्य परिभवः, तथैवेति समुच्चयार्थः, प्रत्यनीके-साधुप्रद्विष्टविषये, स ह्येकाकिनमभिभवेत् 'भिक्ख-विसोहिमहव्वय'त्ति इह सप्तमीबहुवचनदर्शनात् भिक्षाविशुद्धौ विषये दोषा महाव्रतेषु च, तत्र युगपद्गृहत्रयस्य भिक्षाग्रहणे एकस्योपयोगकरणेऽन्यगृहद्वये तत्कर-णेऽशक्तत्वात्तदशुद्धिः, तत एव च प्राणातिपातविरमणविराधना, निमित्तप्रश्ने च निःशंकतया तद्भणने मृषावादः, विप्रकीर्णद्रव्यदर्शने जिघृक्षादिभावाददत्तादानं, स्त्रीमुखनिरीक्षणादौ मैथुनं, तत्र स्नेहात्परिग्रह इति, यस्मादेतेऽसहायस्य दोषास्तस्मात् 'सबिइज्जए'त्ति सद्वितीयस्य सप्तमीष-ष्ठ्योरभेदात् गमनं-भिक्षार्थमटनं, यदि च भिक्षाटनमपि ससहायस्यैव युक्तं तदा सुतरां विहारः ससहास्यैव युज्यते, ससहायो हि सर्वानेतान् प्रायः परिहर्तुं प्रभुर्भवतीति ॥ ( पञ्चाशक-११ ॥३१॥ )

ટીકાર્થ :-

એકાકીને=અસહાય સાધુને, વિહાર કરતાં જે દોષો થાય છે તે આ પ્રમાણે- સ્ત્રી અને શ્વાનમાં, અને આ સમાહારદ્વન્દ્વ છે, તેથી સ્ત્રીવિષયમાં અને શ્વાનવિષયમાં,

तत्र=તેમાં સ્ત્રીવિષયમાં દોષો બતાવે છે : વિધવા, જેનો પતિ પરદેશ ગયો છે, અને જે સ્ત્રીને બહાર જવા માટે મળતું નથી; આ ત્રણ પ્રકારની સ્ત્રીઓ એકાકી સાધુને જોઈને દરવાજો બંધ કરીને ગ્રહણ કરે, અને સાધુ તે સ્ત્રીને ઇચ્છે તો સંયમ ભ્રષ્ટ થાય અને અસ્વીકાર કરે તો શાસનની હિલના થાય.

અને શ્વાનના દોષો બતાવે છે – તેના વડે=કૂતરા વડે એકલા સાધુનો પરાભવ થાય.

મૂળ ગાથામાં 'तहेव' શબ્દ સમુચ્ચય અર્થમાં છે, અને પ્રત્યનીકમાં=સાધુ પ્રત્યેના દ્વેષવાળાના વિષયમાં દોષો થાય. તે દોષો સ્પષ્ટ કરે છે : તે=પ્રત્યનીક એકાકી સાધુનો અભિભવ કરે=પરાભવ કરે.

ભિક્ષાની વિશુદ્ધિના વિષયમાં અને મહાવ્રતોના વિષયમાં દોષો થાય છે, અને તે દોષો સ્પષ્ટ કરે છે - એક સાથે ત્રણ ગૃહની ભિક્ષાના ગ્રહણમાં, એકના ઉપયોગકરણમાં અન્ય ગૃહદ્વયમાં તેના કરણમાં= ઉપયોગ કરવામાં અશક્તપણું હોવાથી=એકલા સાધુથી અશક્તપણું હોવાથી, તેની અશુદ્ધિ=ભિક્ષાની અશુદ્ધિ છે, અને તેથી જ=ભિક્ષાની અશુદ્ધિ છે તેથી જ, પ્રાણાતિપાત વિરમણની વિરાધના થાય છે=પહેલા મહાવ્રતની વિરાધના થાય છે; અને નિમિત્તના પ્રશ્નમાં=કોઈ ગૃહસ્થ નિમિત્તશાસ્ત્રનો પ્રશ્ન કરે તેમાં, નિઃશંકપણાથી તેના કથનમાં=નિમિત્તના કથનમાં, મૃષાવાદ દોષ છે=બીજા મહાવ્રતની વિરાધના છે. છૂટા પડેલા દ્રવ્યના દર્શનમાં તેને ગ્રહણ કરવાની ભાવનાથી અદત્તાદાન=ત્રીજા મહાવ્રતની વિરાધના છે. સ્ત્રીમુખ

**નિરીક્ષણાદિમાં મૈથુન છે=ચોથા મહાવ્રતની વિરાધના છે. ત્યાં=સ્ત્રી આદિના વિષયમાં, સ્નેહ થવાથી પરિગ્રહમાં=પાંચમાં મહાવ્રતમાં વિરાધના છે. 'इति' શબ્દ પાંચ મહાવ્રતોના દોષોની સમાપ્તિ માટે છે. જે કારણથી અસહાયને=એકાકી સાધુને આ દોષો થાય છે=પૂર્વમાં વર્ણન કર્યું એ દોષો થાય છે તે કારણથી બીજા સાધુ સહિત ભિક્ષા માટે ગમન છે; અને જો ભિક્ષાઅટન પણ સસહાયને જ યુક્ત હોય તો સસહાયને જ વિહાર અત્યંત યુક્ત છે, જે કારણથી સહાયવાળો સાધુ આ સર્વ દોષોને પ્રાયઃ પરિહરવા સમર્થ થાય છે. 'इति' ટીકાની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહેલ કે આ આગમવચનથી **'न यालभिज्जा'** સૂત્ર વિશેષવિષયવાળું=ગીતાર્થ વિષયવાળું જાણવું. તે કથન પ્રસ્તુત ગાથાથી આ પ્રમાણે વ્યક્ત થાય છે-

પ્રસ્તુત ગાથાથી એ બતાવ્યું કે ગોચરી અર્થે પણ સાધુને એકાકી જવામાં સ્ત્રીવિષયક, શ્વાનવિષયક, પ્રત્યનીક વિષયક, ભિક્ષાની વિશુદ્ધિ વિષયક અને મહાવ્રત વિષયક દોષોની પ્રાપ્તિ થાય છે. તેથી સાધુએ વિહાર તો હંમેશાં અન્ય સાધુઓની સહાયથી જ કરવો જોઈએ. આ રીતે પ્રસ્તુત ગાથાથી સાધુને એકાકી વિહારનો સ્પષ્ટ નિષેધ પ્રાપ્ત થાય છે.

આમ છતાં ગાથા-૧૫૯માં બતાવ્યું એ **'न यालभिज्जा'** સૂત્રથી સાધુને એકાકી જવાની પણ અનુજ્ઞા આપી છે. તેથી એ ફલિત થાય કે એકાકી વિહારમાં થતા દોષોનો પરિહાર ગીતાર્થ સાધુ કરી શકે અને પોતાને નિપુણ સહાય ન મળે ત્યારે એકાકી વિહાર કરે, પરંતુ તે સિવાય ગીતાર્થ સાધુ પણ એકાકી વિહાર કરે નહિ. જ્યારે અગીતાર્થ સાધુ તો પ્રસ્તુત ગાથામાં બતાવેલા દોષોનો પરિહાર કરી શકે નહિ. માટે અગીતાર્થ સાધુએ તો બીજાની સહાયથી જ ગમન કરવું જોઈએ. ॥૧૬૦॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં 'न यालभिज्जा' સૂત્ર વિશેષવિષયવાળું છે તે આગમવચનથી બતાવ્યું, જે આગમવચન પંચાશક-૧૧ ગાથા-૩૧માં બતાવેલ છે. હવે 'न यालभिज्जा' સૂત્ર ગીતાર્થવિષયવાળું છે તે બતાવવા માટે અન્ય આગમવચનોને ગ્રહણ કરીને બતાવે છે, અને તે આગમવચનો પંચાશક ૧૧, ગાથા-૨૭, ૨૮, ૨૯ રૂપે પણ છે –**

**ગાથા :**

**जाओ अ अजाओ य, दुविहो कप्पो य होइ विन्नेओ ।**
**इक्किक्को पुण दुविहो, समत्तकप्पो य असमत्तो ॥१६१॥**
जातश्चाऽजातश्च द्विविधः कल्पश्च भवति विज्ञेयः ।
एकैकः पुनर्द्विविधः समाप्तकल्पश्चाऽसमाप्तः ॥१६१॥
**गीयत्थजायकप्पो, अगीओ पुण भवे अजाओ अ ।**
**पणगं समत्तकप्पो, तदूणगो होइ असमत्तो ॥१६२॥**

गीतार्थो जातकल्पोऽगीतः पुनर्भवेदजातश्च ।
पञ्चकं समाप्तकल्पस्तदूनको भवत्यसमाप्तः ॥१६२॥

**उउबद्धे वासासु उ, सत्त समत्तो तदूणगो इयरो ।**
**असमत्ताजायाणं, ओहेण न होइ आभव्वं ॥१६३॥**

ऋतुबद्धे, वर्षासु तु सप्त समाप्तस्तदूनक इतरः ।
असमाप्तजातानामोघेन न भवत्याभाव्यम् ॥१६३॥

**અન્વયાર્થ :-**

**जाओ अ अजाओ य**=જાત અને અજાત **दुविहो कप्पो य होइ विन्नेओ**=બે પ્રકારનો કલ્પ વિજ્ઞેય છે, **इक्किक्को पुण दुविहो, समत्तकप्पो य असमत्तो**=(i) એક એક વળી બે પ્રકારના સમાપ્તકલ્પ અને (ii) અસમાપ્તકલ્પ. ॥૧૬૧॥

**गीयत्थजायकप्पो**=ગીતાર્થ જાતકલ્પ છે, **अगीओ पुण भवे अजाओ अ**=અને વળી, અગીતાર્થ અજાત છે=અજાતકલ્પ છે. **उउबद्धे**=ચોમાસા સિવાયના આઠ મહિનામાં **पणगं**=પંચક=પાંચ સાધુનો સમુદાય **समत्तकप्पो**=સમાપ્તકલ્પ છે, **तदूणगो होइ असमत्तो**=પાંચ સાધુઓથી ન્યૂન સમુદાય અસમાપ્ત છે=અસમાપ્તકલ્પ છે. **वासासु उ**=વળી વર્ષાઋતુમાં **सत्त**=સાત સાધુઓનો સમુદાય **समत्तो**=સમાપ્તકલ્પ છે, **तदूणगो**=સાત સાધુથી ન્યૂન સાધુનો સમુદાય **इयरो**=અસમાપ્તકલ્પ છે. **असमत्ताजायाणं** અસમાપ્તકલ્પ અને અગીતાર્થોનું **ओहेण**=સામાન્યથી **न होइ आभव्वं**=આભાવ્ય થતું નથી=વસ્ત્ર-પાત્રાદિ કંઈ પણ તે ક્ષેત્રમાં ગ્રહણ કરવું કલ્પતું નથી. ॥૧૬૨-૧૬૩॥

**ગાથાર્થ :-**

**જાત અને અજાત બે પ્રકારનો કલ્પ વિજ્ઞેય છે. એક એક વળી બે બે પ્રકારના, સમાપ્તકલ્પ અને અસમાપ્તકલ્પ. ॥૧૬૧॥**

પૂર્વગાથામાં બે પ્રકારના કલ્પ બતાવ્યા અને તે બન્નેમાં પણ બે બે ભેદ બતાવ્યા. તેમાં જાતકલ્પ એટલે શું અને અજાતકલ્પ એટલે શું ? અને સમાપ્તકલ્પ એટલે શું અને અસમાપ્તકલ્પ એટલે શું ? તે હવે પછીની ગાથામાં સ્પષ્ટ કરે છે-

**ગીતાર્થ જાતકલ્પ છે, અને વળી, અગીતાર્થ અજાતકલ્પ છે. ચોમાસા સિવાયના આઠ મહિનામાં પાંચ સાધુનો સમુદાય સમાપ્તકલ્પ છે, પાંચ સાધુથી ન્યૂન સમુદાય અસમાપ્તકલ્પ છે. વળી, વર્ષાઋતુમાં સાત સાધુનો સમુદાય સમાપ્તકલ્પ છે, સાત સાધુથી ન્યૂન સાધુનો સમુદાય અસમાપ્તકલ્પ છે. અસમાપ્તકલ્પનું અને અગીતાર્થોનું સામાન્યથી આભાવ્ય થતું નથી. ॥૧૬૨-૧૬૩॥**

**ટીકા :-**

'जाओ' इत्यादि, 'गीयत्थो' इत्यादि, 'उउ' इत्यादि, तत्र जाता-निष्पन्नाः श्रुतसंपदुपेततया लब्धात्मलाभाः साधवस्तदव्यतिरेकात्कल्पोऽपि जात उच्यते, एतद्विपरीतः-पुनरजातः, चशब्दौ समुच्चयार्थौ, द्विविध एव-द्विधैव कल्पः-समाचारः तुशब्दोऽवधारणार्थो नियोजित एव भवति स्यात्

ज्ञातव्यो-बोद्धव्यः, एकैकः-प्रत्येकं अपिचेति पुनरर्थः द्विविधो-द्विधा, समाप्तकल्पःपरिपूर्णसमाचारः चशब्दः समुच्चयार्थो नियोक्ष्यते च असमाप्तश्च-अपरिपूर्णश्च, कल्प इति प्रक्रमगम्य इति ॥२७॥ जातादीनामेव लक्षणमुच्यते, गीतार्थसाधुसंबन्धित्वाद् गीतार्थो यो विहारः स जातकल्पोऽभिधीयते, अगीतः खलु-अगीतार्थसाधुसंबन्धी पुनः भवेत्-स्यात् अजातस्तु-अजातकल्प एव, तथा 'पणगं'ति साधुपञ्चकं तदव्यतिरेकात् कल्पोऽपि समाप्तकल्पो नाम विहारो भवति 'ऋतुबद्ध' इत्यस्येह संबन्धात् अवर्षासु, तथा तदूनकः-पञ्चकन्यूनो द्वित्रिचतुराणां साधूनामित्यर्थः भवति-स्यात् असमाप्तःअसमाप्तकल्प ऋतुबद्ध एवेति ॥२८॥ 'उउबद्धे' इति योजितमेव, वर्षासु तु-वर्षाकाले पुनः सप्त साधवः, सप्तानामित्यर्थः, समाप्तः-समाप्तकल्पो भवति, तदूनकः-तेभ्यो न्यूनतराणामित्यर्थः, इतरः-असमाप्तकल्पो वर्षास्वेव, यच्च वर्षासु सप्तानां विहारवर्णनं तत्किल वर्षासु तेषां ग्लानत्वादिसंभवे सहायस्यान्यत आगमनासंभवादल्पसहायता मा भूदितिहेतोरिति विहारप्ररूपणा, ततश्चासमाप्ताजातानां असमाप्तकल्पाजातकल्पवतां साधूनां ओघेन-उत्सर्गेण न भवति-नास्ति आभाव्यं-क्षेत्रतद्गतशिष्यभक्तपानवस्त्रपात्रादिकमागमप्रसिद्धं, तत्रेयमाभाव्यव्यवस्था-"मासो वा चउरो वा खेत्तं साहम्मियाण आभवति । सोऽवि य पुव्वपविट्ठो तत्त (जात) समत्तो असोया य ॥१॥ जं इंदखेडखेत्तं राया वा जत्थ सिट्ठिणो जुत्तं । तं मोत्तुमन्नखेत्तं पंचक्कोसं जतीणेयं ॥२॥" इत्यादि ॥२९॥ (पञ्चाशक गाथा-२७-२८-२९)

**અવતરણિકા :-**

ગાથા-૧૬૧થી ૧૬૨ સુધીના કથનનું નિગમન કરીને તેનાથી 'न यालभिज्जा' સૂત્ર ગીતાર્થવિષયવાળું છે, તે બતાવતાં કહે છે –

**ગાથા :-**

**ता गीयंमि इमं खलु, तयन्नलाभंतरायविसयंति ।**
**सुत्तं अवगंतव्वं, णिउणेहिं तंतणीईए ॥१६४॥**

तस्माद् गीते इदं खलु तदन्यलाभान्तरायविषयमिति ।
सूत्रमवगन्तव्यं निपुणैस्तन्त्रनीत्या ॥१६४॥

**અન્વયાર્થ :-**

**ता**=તે કારણથી, **तयन्नलाभंतरायविसयंति तु इमं खलु सुत्तं**=ગીતાર્થથી અન્ય એવા ગુણવાળા સાધુના લાભમાં અંતરાયવિષયવાળું જ આ સૂત્ર, **गीयंमि**=ગીતાર્થવિષયવાળું **णिउणेहिं**=નિપુણ પ્રજ્ઞાવાળા સાધુએ **तंतणीईए**=તંત્રનીતિથી **अवगंतव्वं**=જાણવું. ॥૧૬૪॥

**ગાથાર્થ :-**

**તે કારણથી ગીતાર્થથી અન્ય એવા ગુણવાળા સાધુના લાભમાં અંતરાયવિષયવાળું જ આ સૂત્ર ગીતાર્થવિષયવાળું નિપુણપ્રજ્ઞાવાળા સાધુએ તંત્રનીતિથી જાણવું. ॥૧૬૪॥**

**ટીકા :-**

**'ता' इत्यादि, 'ता' इति यस्मादेतान्यागमनवचनानि सामान्यसाधोरेकाकित्वनिषेधकानि सन्ति तस्मात् गीते-गीतार्थसाधुविषये इदं-'एगोवि पावाइं विवज्जयंतो' इत्येतत्सूत्रमवगन्तव्यमिति योगः, खलुरवधारणार्थः, स च योक्ष्यते, अथ गीतार्थविषयं किमिदं साधुसामान्यत एव ?, नेत्याह-तस्माद्-गीतार्थसाधोरन्ये-अपरे ये गुणवत्साधवस्तेषां यो लाभः-प्राप्तिस्तत्र योऽन्तरायो-विघ्नः स एव विषयो-गोचरो यस्य तत्तथा, अतस्तदन्यलाभान्तरायविषयमेव, गीतार्थस्यापि साध्वन्तराप्राप्तावे-काकित्वानुज्ञानपरमिदमिति भावः, अन्यथा ससहायतैव युक्ता, यतोऽभिधीयते- ''कालंमि संकि-लिट्ठे छक्कायदयावरोऽपि संविग्गो । जयजोगीणमलंभे पणगऽन्नयरेण संवसइ ॥१॥'' पार्श्वस्थाव-सन्नकुशीलसंसक्तयथाच्छन्दाभिधानानां पञ्चानां साधूनामेकतरेण सह वसतीत्यर्थः, इतिशब्दः प्राग्वत्, सूत्रं-'न या लभे'-इत्यादिवृत्तरूपमवगन्तव्यं-अवसेयं निपुणैः-सुबुद्धिभिः तन्त्रयुक्त्या आगमिकोपपत्त्योक्तरूपया । इति गाथार्थः ( पञ्चाशक ११-३३ )**

**ભાવાર્થ :-**




કલ્પ એટલે સાધુનો આચાર. શાસ્ત્રમાં કલ્પ બે પ્રકારના કહ્યા છે :

(૧) જાતકલ્પ અને (૨) અજાતકલ્પ.

(૧) **જાતકલ્પ :** જાત=ગીતાર્થ, તેનો કલ્પ=તેનો આચાર, એટલે ગીતાર્થનો આચાર.

શ્રુત ભણીને નિષ્પન્ન થયેલા ગીતાર્થ સાધુને જાત કહેવાય, અને તેનાથી અભિન્ન એવો આચાર તે પણ જાત કહેવાય=ગીતાર્થ કહેવાય. તેનાથી એ પ્રાપ્ત થાય કે ગીતાર્થનો જે આચાર તે ગીતાર્થરૂપ છે અને તે ગીતાર્થને અહીં 'જાતકલ્પ' રૂપે કહેલ છે.

(૨) **અજાતકલ્પ :** અજાત=અગીતાર્થ, તેનો કલ્પ=તેનો આચાર, એટલે અગીતાર્થનો આચાર. શ્રુત ભણીને નિષ્પન્ન નહિ થયેલા અગીતાર્થ સાધુને 'અજાત' કહેવાય, અને તેનાથી અભિન્ન એવો આચાર તે પણ 'અજાત' કહેવાય=અગીતાર્થ કહેવાય. તેનાથી એ પ્રાપ્ત થાય કે અગીતાર્થનો જે આચાર તે અગીતાર્થરૂપ છે અને તે અગીતાર્થને અહીં 'અજાતકલ્પ' રૂપે કહેલ છે.

જાતકલ્પ અને અજાતકલ્પ એ બન્નેના બે બે ભેદ છે :

જાતકલ્પના બે ભેદ : (૧) સમાપ્ત જાતકલ્પ અને
(૨) અસમાપ્ત જાતકલ્પ.

અજાતકલ્પના બે ભેદ : (૧) સમાપ્ત અજાતકલ્પ અને
(૨) અસમાપ્ત અજાતકલ્પ.

**જાતકલ્પ :-**

**(i) સમાપ્ત જાતકલ્પ :** ચોમાસામાં કોઈ એક સમુદાયમાં ઓછામાં ઓછા સાત સાધુનો સમુદાય હોય, તેમાં ઓછામાં ઓછા એક ગીતાર્થ સાધુ હોય તો 'સમાપ્ત જાતકલ્પ' કહેવાય.

વળી, ચોમાસા સિવાયના શેષકાળમાં કોઈ એક સમુદાયમાં ઓછામાં ઓછા પાંચ સાધુનો સમુદાય હોય, તેમાં ઓછામાં ઓછા એક ગીતાર્થ સાધુ હોય તો 'સમાપ્ત જાતકલ્પ' કહેવાય.

**(ii) અસમાપ્ત જાતકલ્પ :** ચોમાસામાં કોઈ એક સમુદાયમાં સાત સાધુથી ઓછો સમુદાય હોય, અને તેમાં ઓછામાં ઓછા એક ગીતાર્થ સાધુ હોય તો 'અસમાપ્ત જાતકલ્પ' કહેવાય છે.

વળી, ચોમાસા સિવાયના શેષકાળમાં કોઈ એક સમુદાયમાં પાંચ સાધુથી ઓછો સમુદાય હોય, અને તેમાં ઓછામાં ઓછા એક ગીતાર્થ હોય તો 'અસમાપ્ત જાતકલ્પ' કહેવાય.

**અજાતકલ્પ :-**

**(i) સમાપ્ત અજાતકલ્પ :** ચોમાસામાં કોઈ એક સમુદાયમાં ઓછામાં ઓછા સાત સાધુનો સમુદાય હોય, પરંતુ તેમાં એક પણ ગીતાર્થ સાધુ ન હોય અર્થાત્ બધા અગીતાર્થ સાધુ હોય, તો તેને 'સમાપ્ત અજાતકલ્પ' કહેવાય.

વળી, ચોમાસા સિવાયના શેષકાળમાં કોઈ એક સમુદાયમાં ઓછામાં ઓછા પાંચ સાધુનો સમુદાય હોય, અને તેમાં એક પણ ગીતાર્થ ન હોય તો તેને 'સમાપ્ત અજાતકલ્પ' કહેવાય.

**(ii) અસમાપ્ત અજાતકલ્પ :** ચોમાસામાં કોઈ એક સમુદાયમાં સાત સાધુથી ઓછો સમુદાય હોય, અને તેમાં એક પણ ગીતાર્થ સાધુ ન હોય અર્થાત્ બધા અગીતાર્થ સાધુ હોય, તો તેને 'અસમાપ્ત અજાતકલ્પ' કહેવાય.

વળી, ચોમાસા સિવાયના શેષકાળમાં કોઈ એક સમુદાયમાં પાંચ સાધુથી ઓછો સમુદાય હોય, અને તેમાં એક પણ ગીતાર્થ સાધુ ન હોય અર્થાત્ બધા અગીતાર્થ સાધુ હોય, તો તેને 'અસમાપ્ત અજાતકલ્પ' કહેવાય.

આ રીતે જાત-અજાત અને સમાપ્ત-અસમાપ્તનો વિભાગ બતાવ્યા પછી (૧) જે સમુદાય અસમાપ્તકલ્પ છે અને (૨) જે સમુદાય અજાતકલ્પ છે, તે બન્ને સમુદાયને સામાન્યથી=ઉત્સર્ગથી, કાંઈ આભાવ્ય નથી=કંઈ પણ ગ્રહણ કરવું કલ્પતું નથી અર્થાત્ તે ક્ષેત્રમાં રહેલ શિષ્ય, ભક્ત, પાન, વસ્ત્ર, પાત્ર આદિ કોઈપણ વસ્તુ ગ્રહણ કરવી કલ્પતી નથી, અને જો ઉત્સર્ગથી ગ્રહણ કરે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય.

ગાથા-૧૬૧, ૧૬૨ અને ૧૬૩ ગાથાથી એ ફલિત થાય કે ચોમાસા સિવાય ઓછામાં ઓછા એક ગીતાર્થ સાધુ સહિત પાંચ સાધુએ વિહાર કરવો જોઈએ, અને ચોમાસામાં ઓછામાં ઓછા એક ગીતાર્થ સાધુ સહિત સાત સાધુએ વિહાર કરવો જોઈએ, અને ગીતાર્થ સાધુ વગર વિહાર કરવાનો નિષેધ પ્રાપ્ત થાય છે. તેનાથી શું ફલિત થાય છે તે ગાથા-૧૬૪માં બતાવતાં કહે છે કે અન્ય સાધુને તો ગીતાર્થ વિના એકલા વિહાર કરવાનો અત્યંત નિષેધ છે. તેથી અર્થથી એ ફલિત થાય કે **'ન યાલભિજ્જા'** સૂત્ર ગીતાર્થ સાધુને પોતાનાથી અન્ય સાધુના લાભની પ્રાપ્તિમાં અંતરાય વિદ્યમાન હોય ત્યારે, આ સૂત્ર ગીતાર્થવિષયવાળું છે, તે પ્રમાણે નિપુણ બુદ્ધિથી વિચારવું જોઈએ; કેમ કે ગીતાર્થના સાંનિધ્ય વગર ઘણા સાધુઓનો સમુદાય હોય તોપણ તેમને વિહરવાનો નિષેધ કરેલ છે. તેથી કોઈપણ કારણે અગીતાર્થ સાધુને એકાકી વિહારની અનુજ્ઞા પ્રાપ્ત થાય નહિ. ફક્ત તેવા સંયોગોમાં અન્ય સાધુની સહાય ન મળતી હોય તો અનન્ય ઉપાયરૂપે માત્ર ગીતાર્થ સાધુ એકાકી વિચરી શકે, તે બતાવવા માટે **'ન યાલભિજ્જા'** સૂત્ર છે. ।।૧૬૧-૧૬૨-૧૬૩-૧૬૪।।

**અવતરણિકા :-**

**ગાથા-૧૬૪માં સ્થાપન કર્યું કે કોઈ વિષમ સંજોગોમાં ગીતાર્થ સાધુને અન્ય સાધુની પ્રાપ્તિ થતી ન હોય તો એકલા પણ વિચરે, પરંતુ અગીતાર્થને તો એકલા વિચરવાનો સર્વ સંજોગોમાં નિષેધ જ છે. માટે અગીતાર્થને આશ્રયીને 'ન યાલભિજ્જા' સૂત્ર નથી. ત્યાં પ્રશ્ન થાય કે જેમ ગીતાર્થને કોઈ નિપુણ સહાય ન મળે તો એકાકી વિચરે, તેમ અગીતાર્થને પણ જો નિપુણ સહાય મળે તેમ ન હોય તો શું કરે ? તે બતાવવા કહે છે –**

**ગાથા :-**

**इक्कस्स पुणो तस्स वि, विसमे काले तहा वि ण विहरे ।**
**(गीतस्य पुणोऽलाभेऽपि विसमे काले एगागि ण विहरे ।)**
**जणअववायभयाओ ववट्ठिओ एस तंतंमि । ॥१६५॥**

गीतस्य पुनोऽलाभेऽपि विषमे काले एकाकी न विहरेत् ।
जनापवादभयाद् व्यवस्थित एष तन्त्रे ॥१६५॥

✱ ગાથાનો પૂર્વાર્ધ અશુદ્ધ ભાસે છે, તેથી ઉપર કૌંસમાં પાઠ સુધારીને અર્થ કરેલ છે. પાઠશુદ્ધિ મળતી નથી.

**અન્વયાર્થ :-**

**विसमे काले**=વિષમકાળ હોતે છતે, **गीतस्य पुनोऽलाभेऽपि**=ગીતાર્થના વળી અલાભમાં પણ, **जणअ-ववायभयाओ** જનઅપવાદના ભયથી, **एगागि ण विहरे**=એકાકી ન વિચરે=અગીતાર્થ સાધુ એકાકી ન વિચરે. **तंतंमि**=તંત્રમાં='પંચકલ્પભાષ્ય'માં, **एस**=આ=આગળની ગાથામાં કહેવાશે એ, **ववट्ठिओ**= વ્યવસ્થિત છે.

**ગાથાર્થ :-**

**વિષમકાળ હોતે છતે ગીતાર્થના વળી અલાભમાં પણ જનઅપવાદના ભયથી અગીતાર્થસાધુ એકાકી ન વિચરે. (યતઃ જે કારણથી) શાસ્ત્રમાં આ વ્યવસ્થિત છે. ॥૧૬૫॥**

* **'लाभेऽपि'** માં **'अपि'** થી એ કહેવું છે કે ગીતાર્થના લાભમાં તો આરાધક સાધુ એકાકી ન વિચરે પણ ગીતાર્થના અલાભમાં પણ આરાધક સાધુ એકાકી ન વિચરે.

**ભાવાર્થ :- ગીતાર્થના અલાભમાં પણ અગીતાર્થને એકાકી વિહારનો નિષેધ :**

ગાથા-૧૫૨ પૂર્વે સાધુએ ગુરુકુળવાસમાં વસવું જોઈએ એ વાત પુષ્ટ કરી. ત્યારપછી ગાથા-૧૫૨માં કહ્યું કે મૂઢ સાધુ એકાકી વિહાર દ્વારા ગુરુકુળવાસના ગુણોથી વંચિત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે આરાધક સાધુને આરાધના સારી થતી હોય તો સદ્શાસ્ત્રોના બોધનું કારણ બને અને સારણાવારણાઆદિથી યુક્ત હોય તેવો ગુરુકુળવાસ ન છોડે, પરંતુ જ્યાં સંયમની આરાધના સારી ન થતી હોય ત્યાં **'न यालभिज्जा'** સૂત્રને અવલંબીને ગુરુકુળવાસને છોડીને એકાકી વિચરે તો શું વાંધો ? તેનો ખુલાસો ગાથા-૧૫૬થી ૧૬૪ સુધી કર્યો કે **'न यालभिज्जा'** સૂત્ર ગીતાર્થને આશ્રયીને છે, અન્ય સાધુને આશ્રયીને નહિ. તેથી પ્રશ્ન થાય કે જેમ ગીતાર્થસાધુને નિપુણ સહાય ન મળે તો શાસ્ત્રકારોએ સંયમની આરાધના અર્થે **'न यालभिज्जा'** સૂત્રથી એકાકી વિહારની અનુજ્ઞા આપી છે, તેમ અગીતાર્થ સાધુ પણ ગીતાર્થની નિપુણ સહાય ન મળે અને એકાકી ન વિચરે તો કઈ રીતે તેમના સંયમનું રક્ષણ કરે ? તેથી કહે છે-

વર્તમાનકાળ વિષમ છે. તેથી આરાધક સાધુ પણ ગીતાર્થનો અભાવ પ્રાપ્ત થાય ત્યારે જો એકલા વિચરે તો લોકમાં શાસનની અવહેલના થાય, અને તેવા સંયોગોમાં શું ઉચિત કરવું જોઈએ તેનો નિર્ણય આરાધક સાધુ પણ અગીતાર્થ હોવાના કારણે કરી શકે નહિ; અને તેને એકાકી વિહાર કરવાનો સર્વથા નિષેધ છે, તેથી તેણે પાસત્થા આદિ પાંચમાંથી કોઈ અન્યતરની સાથે રહીને પણ ગીતાર્થના લાભની ગવેષણા માટે યત્ન કરવો જોઈએ, એ પ્રકારની શાસ્ત્રમર્યાદા વ્યવસ્થિત છે, જે સ્વયં ગ્રંથકાર ગાથા-૧૬૬માં બતાવે છે. ॥૧૬૫॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૬૫ના અંતે કહ્યું કે "તંત્રમાં આ વ્યવસ્થિત છે." તે તંત્રનું વચન પ્રસ્તુત ગાથામાં બતાવે છે –**

**ગાથા :-**

**कालंमि संकिलिट्ठे, छक्कायदयावरो वि संविग्गो ।**
**जयजोगीणमलंभे, पणगन्नयरेण संवसइ ॥१६६॥**

कालं संक्लिष्टे षट्कायदयापरोऽपि संविग्नः ।
यतयोगिनामलाभे पञ्चकान्यतरेण संवसति ॥१६६॥

**ગાથાર્થ :-**

**કાળ સંક્લિષ્ટ હોતે છતે યતયોગીના અલાભમાં=સંવિગ્ન ગીતાર્થના અલાભમાં, છ કાયમાં દયાપર પણ સંવિગ્ન સાધુ પંચક અન્યતર સાથે=પાસત્થા આદિ પાંચમાંથી કોઈ એક સાધુ સાથે, સંવાસ કરે. ॥૧૬૬॥**

* **छक्कायदयावरो वि** માં '**अपि**' થી એ કહેવું છે કે છકાયમાં દયાવાળો એવો પણ સાધુ શિથિલાચારી સાથે વસે. એથી એ પ્રાપ્ત થાય કે છકાયમાં દયાવાળા નથી તેવા સાધુ તો શિથિલાચારી સાથે વસે, પણ તેવા સંયોગોના કારણે છકાયમાં દયાવાળા પણ સાધુ શિથિલાચારી સાથે વસે.

**ભાવાર્થ :- ગીતાર્થના અલાભમાં પાસત્થા આદિ સાથે અગીતાર્થસાધુને સંવાસ કરવાનું વિધાન :**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે ગીતાર્થના અલાભમાં પણ અગીતાર્થ સાધુએ એકાકી વિચરવું જોઈએ નહિ, પરંતુ જનઅપવાદના ભયથી શાસ્ત્રમાં આ વિધિ વ્યવસ્થિત છે. તે વિધિ બતાવે છે-

અગીતાર્થ આરાધક સાધુને વિષમકાળના કારણે ગીતાર્થસાધુનો લાભ ન થાય ત્યારે તે અગીતાર્થ આરાધક સાધુ શાસ્ત્રવચન અનુસાર છકાયની દયાને અનુકૂળ ઉચિત યતના કરે, સંવેગની વૃદ્ધિ થાય તેવો યત્ન કરે અને પાસત્થા આદિ પાંચમાંથી કોઈ એક સાધુ સાથે વસે.

આનાથી એ ફલિત થાય કે અગીતાર્થ સાધુને એકાકી વિહારનો સર્વથા નિષેધ છે. કોઈ ગીતાર્થ સાધુ ન મળે તો શિથિલાચારી સાધુ સાથે રહીને પણ પોતાના સંયમની રક્ષા કરે, એ પ્રકારની શાસ્ત્રઆજ્ઞા છે; અને વિહાર કરતાં કોઈ ગીતાર્થ સાધુનો લાભ થાય તો પાસત્થા આદિનો ત્યાગ કરીને ગીતાર્થ સાધુ સાથે વસે, તેમ 'ઉપદેશ રહસ્ય'માં કહેલ છે. ॥૧૬૬॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૫૬ થી ૧૬૩ સુધી સ્થાપન કર્યું કે 'न यालभिज्जा' સૂત્ર ગીતાર્થને આશ્રયીને નિપુણ સહાયના અભાવમાં એકાકી વિહારની અનુજ્ઞા આપે છે. ત્યાં પ્રશ્ન થાય કે તેવા સંયોગોમાં ગીતાર્થ 'न यालभिज्जा' સૂત્રથી એકાકી વિહાર કરે તો ગુરુકુળવાસના ત્યાગની પ્રાપ્તિ થાય, અને ગુરુકુળવાસનો ત્યાગ હોવાથી ગુરુઆજ્ઞાની આરાધનારૂપ યતિનું સાતમું લક્ષણ તે ગીતાર્થ સાધુમાં ઘટશે નહિ. તેથી 'न यालभिज्जा' સૂત્રને આશ્રયીને શાસ્ત્રવચન અનુસાર ગીતાર્થ સાધુ એકાકી વિચરે છે ત્યારે પણ ભાવથી ગુરુકુળવાસનો ત્યાગ નથી, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**इय एगागिविहारे, अइदंपज्जत्थओ सुपरिसुद्धे ।**
**गुरुकुलवासच्चाओ, लेसेण वि भावओ णत्थि ॥१६७॥**

इत्येकाकिविहार ऐदम्पर्यार्थतः सुपरिशुद्धः ।
गुरुकुलवासत्यागो लेशेनापि भावतो नास्ति ॥१६७॥

**અન્વયાર્થ :-**

**इय**=આ પ્રમાણે=ગાથા-૧૫૬થી ૧૬૪ સુધી સ્થાપન કર્યું એ પ્રમાણે, **अइदंपज्जत्थओ**=શાસ્ત્રવચનના ઐદંપર્યાર્થને આશ્રયીને, **सुपरिसुद्धे एगागिविहारे**=સુપરિશુદ્ધ એકાકી વિહાર હોતે છતે=ગીતાર્થસાધુનો સુપરિશુદ્ધ એકાકી વિહાર હોતે છતે, **भावओ**=ભાવથી=પરિણામને આશ્રયીને **लेसेण वि**=લેશથી પણ, **गुरुकुलवासच्चाओ णत्थि**=ગુરુકુળવાસનો ત્યાગ નથી.

**ગાથાર્થ :-**

**ગાથા-૧૫૬ થી ૧૬૪ સુધી સ્થાપન કર્યું એ પ્રમાણે શાસ્ત્રવચનના ઐદંપર્યાર્થને આશ્રયીને ગીતાર્થસાધુનો સુપરિશુદ્ધ એકાકી વિહાર હોતે છતે, પરિણામને આશ્રયીને લેશથી પણ ગુરુકુળવાસનો ત્યાગ નથી. ॥૧૬૭॥**

**ભાવાર્થ :- કારણે ગીતાર્થના એકાકી વિહારમાં ગુરુકુળવાસનો ત્યાગ નથી :**

ગાથા-૧૫૬થી ૧૬૪ સુધી સ્થાપન કર્યું એ રીતે, નિપુણ સહાય ન મળે ત્યારે ગીતાર્થને એકાકી વિહાર કરવાની શાસ્ત્રની અનુજ્ઞા છે, અને તે શાસ્ત્રવચનને ઉચિત સ્થાને જોડીને કોઈ ગીતાર્થસાધુ એકાકી વિહાર કરતા હોય ત્યારે તેમનો એકાકી વિહાર શાસ્ત્રવચનના ઐદંપર્યાર્થથી પરિશુદ્ધ છે; કેમ કે ભગવાનની આજ્ઞા અનુસાર તે એકાકી વિહાર છે.

આમ છતાં કોઈને શંકા થાય કે તે વખતે તે ગીતાર્થસાધુ એકાકી હોવાથી ગુરુકુળવાસમાં નથી. જો ગીતાર્થસાધુ ગુરુકુળવાસમાં ન હોય તો ગુરુઆજ્ઞાનું આરાધન કઈ રીતે થઈ શકે ? અર્થાત્ ગુરુઆજ્ઞાનું આરાધન ન થઈ શકે. તેથી એકાકી વિહાર કરનાર ગીતાર્થસાધુમાં ગુરુઆજ્ઞાના આરાધનરૂપ યતિનું સાતમું લક્ષણ ઘટશે નહિ. તેના ખુલાસારૂપે કહે છે-

શાસ્ત્રવચન અનુસાર સુપરિશુદ્ધ એકાકી વિહાર હોય ત્યારે દ્રવ્યથી ગુરુકુળવાસનો ત્યાગ છે, પણ ભાવથી લેશ પણ ગુરુકુળવાસનો ત્યાગ નથી. માટે તે ગીતાર્થસાધુ એકાકી હોવા છતાં ભાવથી ગુરુકુળવાસમાં જ છે. માટે 'ગુરુઆજ્ઞા' આરાધનરૂપ યતિનું સાતમું લક્ષણ તે ગીતાર્થ સાધુમાં ઘટે છે.

અહીં વિશેષ એ છે કે સ્વછંદ મતિથી જેઓ એકાકી વિચરે છે તેઓમાં ભાવથી ગુરુઆજ્ઞાનું પાલન નથી. તેવા મુનિ ગુરુ સાથે વિચરતા હોય કે ગુરુકુળવાસ છોડીને એકાકી વિચરતા હોય, તોપણ ગુણવાનને પરતંત્ર થવાની મતિ નહિ હોવાના કારણે ભાવથી ગુરુઆજ્ઞાનું આરાધન નથી; અને ગીતાર્થ સાધુ તો ગુણવાન એવા ભગવાનના વચનને પરતંત્ર હોય છે; તેથી પોતાની સંયમની વૃદ્ધિ માટે ગુણવાન સાધુનો યોગ પ્રાપ્ત થતો હોય તો ક્યારેય એકાકી વિચરે નહિ; પરંતુ ગુણવાન સાધુના યોગના અભાવને કારણે

એકાકી વિચરે ત્યારે ગુણવાન એવા ભગવાનના વચનને પરતંત્ર થઈને એકાકી વિચરે છે, અને ત્યારે પણ ગુરુને પરતંત્ર રહેવાનો અધ્યવસાય હોવાથી ભાવથી ગુરુકુળવાસમાં છે. તેથી ગુરુની આજ્ઞાના આરાધનરૂપ યતિનું સાતમું લક્ષણ એકાકી વિહાર કરનાર ગીતાર્થસાધુમાં પણ સંગત છે. ॥૧૬૭॥

**અવતરણિકા :-**

ગાથા-૧૩૬થી 'ગુરુઆજ્ઞાઆરાધનરૂપ' યતિનું સાતમું લક્ષણ બતાવવાનું શરૂ કરેલ અને ત્યાં ગાથા-૧૩૬માં બતાવ્યું કે "ગુણમાં રક્ત એવા મુનિ નિયમથી ગુરુઆજ્ઞાનું આરાધન કરે" અને તેની પુષ્ટિ કરવા માટે ગાથા-૧૩૭માં બતાવ્યું કે "ત્રણનો પ્રતિકાર દુષ્કર છે અને વિશેષથી ધર્માચાર્યનો પ્રતિકાર દુષ્કર છે." ત્યારપછી ગાથા-૧૩૮થી ૧૫૫ સુધીમાં "ગુરુઆજ્ઞાની વિરાધનાથી શું દોષો પ્રાપ્ત થાય છે અને ગુરુઆજ્ઞાની આરાધનાથી શું ગુણો પ્રાપ્ત થાય છે તે બતાવ્યું." તેથી એ ફલિત થયું કે સાધુએ ગુરુકુળવાસમાં રહીને ગુરુઆજ્ઞાનું આરાધન કરવું જોઈએ. ત્યાં પ્રશ્ન થયો કે ગુરુકુળવાસમાં સંયમની વૃદ્ધિ સારી ન થતી હોય તો 'न यालभिज्जा' સૂત્રને આશ્રયીને કોઈ સાધુ એકાકી વિહાર કરે, તો શું વાંધો ? તેથી ગાથા-૧૫૬થી ૧૬૪ સુધી ખુલાસો કર્યો કે " 'न यालभिज्जा' સૂત્ર ગીતાર્થ માટે છે, અન્ય માટે નહિ." ત્યાં પ્રશ્ન થયો કે વિષમકાળને કારણે કોઈ ગીતાર્થસાધુનો યોગ પ્રાપ્ત ન થાય તો શું કરવું ? તેથી ગાથા-૧૬૫-૧૬૬માં ખુલાસો કર્યો કે "અગીતાર્થસાધુએ ગીતાર્થસાધુ ન મળે તો પાસત્થા આદિ શિથિલાચારીની સાથે રહીને પણ સંયમમાં ઉદ્યમ કરવો, પણ એકાકી રહેવું નહિ." ત્યાં જિજ્ઞાસા થઈ કે 'न यालभिज्जा' સૂત્રને આશ્રયીને ગીતાર્થસાધુ એકાકી વિચરે ત્યારે ગુરુકુળવાસ નહિ હોવાથી ગુરુઆજ્ઞાનું આરાધન કઈ રીતે સંગત થાય ? તેનો ખુલાસો ગાથા-૧૬૭માં કર્યો. આ કથનને જાણીને જિજ્ઞાસા થાય કે આરાધક સાધુએ કેવા ગુરુનું પારતંત્ર્ય સ્વીકારવું જોઈએ કે જેથી સંયમની વૃદ્ધિ થાય ? માટે કેવા સાધુ ગુરુપદને યોગ્ય છે ? તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**गुणवं च गुरु सुत्ते, जहत्थगुरुसद्दभायणं इट्ठो ।**
**इयरो पुण विवरीओ गच्छायारंमि जं भणिअं ॥१६८॥**

गुणवांश्च गुरुः सूत्रे यथार्थगुरुशब्दभाजनमिष्टः ।
इतरः पुनर्विपरीतो, गच्छाचारे च यद् भणितम् ॥१६८॥

**અન્વયાર્થ :-**

**च सुत्ते**=અને સૂત્રમાં, **जहत्थगुरुसद्दभायणं**=યથાર્થ ગુરુ શબ્દનું ભાજન એવા **गुणवं गुरु**=ગુણવાન ગુરુ, **इट्ठो**=ઈષ્ટ છે. **इयरो**=ગુણ વગરના ગુરુ **पुण**=વળી, **विवरीओ**=વિપરીત છે=કુગુરુ છે, **जं**=જે કારણથી **गच्छायारंमि भणिअं**=ગચ્છાચારમાં કહેવાયું છે.

**ગાથાર્થ :-**

**અને સૂત્રમાં યથાર્થ 'ગુરુ' શબ્દનું ભાજન એવા ગુણવાન ગુરુ, ઇષ્ટ છે. વળી, ગુણ વગરનો ગુરુ કુગુરુ છે, જે કારણથી 'ગચ્છાચાર'માં કહેવાયું છે. ॥૧૬૮॥**

**ભાવાર્થ :-**

આગળમાં બતાવાશે તેવા ગુણવાળા ગુરુ યથાર્થ ગુરુ શબ્દના ભાજન છે અર્થાત્ તેવા ગુરુને ગુરુરૂપે સ્વીકારવાની ભગવાનની આજ્ઞા છે, અને જે સાધુ તેવા ગુણવાળા નથી તેઓ ગુરુપદને યોગ્ય નથી, છતાં શિષ્યસમુદાયને ધારણ કરીને ગુરુ બન્યા હોય તે કુગુરુ છે; જે કારણથી 'ગચ્છાચાર'માં કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૧૬૮॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે જે ગુણવાન નથી તેવા ગુરુ કુગુરુ છે, અને તેમાં સાક્ષી આપતાં કહ્યું કે 'ગચ્છાચાર'માં કહેવાયું છે. તેથી ગચ્છાચારની ગાથા સાક્ષીરૂપે ગાથા-૧૬૯, ૧૭૦ થી બતાવે છે –

**ગાથા :-**

**तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेइ ।**
**आणं च अइक्कंतो, सो कापुरिसो ण सप्पुरिसो ॥१६९॥**

तीर्थकरसमः सूरिः, सम्यग् यो जिनमतं प्रकाशयति ।
आज्ञां चातिक्रामन्स कापुरुषो न सत्पुरुषः ॥१६९॥

**ગાથાર્થ :-**

**તીર્થંકર સમાન સૂરિ છે જે જિનમતને સમ્યક્ પ્રકાશે છે, અને આજ્ઞાનું અતિક્રમણ કરતા એવા તે=ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા એવા સૂરિ, કાપુરુષ છે=પુરુષાધમ છે, સત્પુરુષ નથી. ॥૧૬૯॥**

**ટીકા :-**

व्याख्या-स सूरिस्तीर्थकरसमः सर्वाचार्यगुणयुक्ततया सुधर्मादिवत् तीर्थकरकल्पो विज्ञेयः, न च वाच्यं चतुस्त्रिंशदतिशयादिगुणविराजमानस्य तीर्थकरस्योपमा सूरेस्तद्विकलस्यानुचिता, यथा तीर्थकरोऽर्थं भाषते एवमाचार्योऽप्यर्थमेव भाषते, तथा यथा तीर्थकर उत्पन्नकेवलज्ञानो भिक्षार्थं न हिण्डते एवमाचार्योऽपि भिक्षार्थं न हिण्डते, इत्याद्यनेकप्रकारैस्तीर्थकरानुकारित्वस्य सर्वयतिभ्योऽतिशायित्वस्य परमोपकारित्वादेश्च ख्यापनार्थं तस्याः न्याय्यतरत्वात् । किञ्च श्रीमहानिशीथपञ्चमाध्ययनेऽपि भावाचार्यस्य तीर्थकरसाम्यमुक्तम् यथा- 'से भयवं ! किं तित्थयरसंतिअं आणं नाइक्कमिज्जा, उदाहु आयरिअ संतिअं ? गोअमा ! चउव्विहा आयरिया भवंति, तं जहा-नामायरिआ ठवणायरिया दव्वायरिया भावायरिया, तत्थ णं जे ते भावायरिआ ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतिअं आणं नाइक्कमेज्ज'त्ति । स कः ? यः सम्यग् यथास्थितं जिनमतं-जगत्प्रभुदर्शनं नैगमसङ्ग्रहव्यवहारऋजुसूत्रशब्दसमभिरूढैवंभूतरूपनयसप्तकात्मकं प्रकाशयति-भव्यान् दर्शयतीत्यर्थः । तथा आज्ञां-तीर्थकरोपदेशवचनरूपां अतिक्रामन्-वितथप्ररूपणादिनोल्लङ्घयन् स सूरिः कापुरुषः पुरुषाधमः, न सत्पुरुषो-न प्रधानपुरुष इति । इह चाज्ञोइल्लङ्घिनः कापुरुषत्वमात्रमैह-

लोकिकं फलं, पारलौकिकं तु तत्तदनेकदुस्सहदुःखसन्ततिसंवलितमनन्तसंसारित्वं श्री महानिशीथपञ्चमाध्ययनोक्त-सावद्याचार्यस्येव ज्ञेयम् । तथाहि-

अस्या ऋषभादिचतुर्विंशतिकायाः प्रागनन्तकालेन याऽतीता चतुर्विंशतिका, तस्यां मत्सदृशः सप्तहस्ततनुधर्मश्रीनामा चरमतीर्थकरो बभूव । तस्मिंश्च तीर्थकरे सप्ताश्चर्याणि अभूवन् । असंयतपूजायां प्रवृत्तायामनेके श्राद्धेभ्यो गृहीतद्रव्येण स्वस्वकारितचैत्यनिवासिनोऽभूवन् । तत्रैको मरकतच्छविः कुवलयप्रभनामाऽनगारो महातपस्वी उग्रविहारी शिष्यगणपरिवृतः समागात् । तैर्वन्दित्वोक्तंअत्रैकं वर्षारात्रिकचतुर्मासकं तिष्ठ, यथा त्वदीयाज्ञयाऽनेके चैत्यालया भवन्ति, कुर्वास्माकमनुग्रहं, तेनोक्तं-सावद्यमिदं नाहं वाङ्मात्रेणापि कुर्वे । तदेवमनेन भणता सता तीर्थकृन्नामकर्म्माज्जितं, एकभवशेषीकृतश्च भवोदधिः । ततस्तैः सर्वैरेकमतं कृत्वा तस्य सावद्याचार्य इति नाम दत्तं प्रसिद्धिं नीतं च ।

तथाऽपि तस्य तेष्वीषदपि कोपो नाभूत् । अन्यदा तेषां लिङ्गमात्रप्रव्रजितानां मिथः आगमविचारो बभूव । यथा श्राद्धानामभावे संयता एव मठदेवकुलानि रक्षन्ति पतितानि च समारचयन्ति । अन्यदपि यत्तत्र करणीयं तस्यापि करणे न दोषः । केऽप्याहुः-संयमो मोक्षनेता, केचिदूचुः प्रासादावतंसके पूजासत्कारबलिविधानादिना तीर्थोत्सर्प्पणेनैव मोक्षगमनम् । एवं तेषां यथेच्छं प्रलपतां विवादेऽन्य आगमकुशलो नास्ति कोऽपि यो विवादं भनक्ति । सर्वैः सावद्याचार्य एव प्रमाणीकृत आकारितो दूरदेशात्सप्तभिर्मासैर्विहरन् समागात् । एकयार्यया श्रद्धावशात् प्रदक्षिणीकृत्य झटिति मस्तकेन पादौ सङ्घट्टयन्त्या ववन्दे दृष्टस्तैर्वन्द्यमानः ।

अन्यदा स तेषामग्रे श्रुतार्थकथनेऽस्यैव महानिशीथस्य पञ्चमाध्ययनव्याख्याने आगतेयं गाथा, 'जत्थित्थीकरफरिसं, अंतरियं कारणे वि उप्पन्ने । अरिहा वि करिज्ज सयं तं गच्छं मूलगुणमुक्कं ॥१॥' आत्मशङ्कितेन तेन चिन्तितं साध्वीवन्दनमेतैर्दृष्टमस्ति, सावद्याचार्य इति नाम पुरापि दत्तं, साम्प्रतं तु यथार्थकथनेऽन्यदपि किमपि करिष्यन्ति । अन्यथा प्ररूपणे तु महत्याशातना अनन्तसंसारिता च स्याताम्, ततः किं कुर्वे, अथवा यद् भवति तद् भवतु यथार्थमेव व्याकरोमीति ध्यात्वा व्याख्याता यथार्था गाथा । तैः पापैरुक्तं-यद्येवं तत् त्वमपि मूलगुणहीनो, यतः साध्व्या वन्दमानया भवान् स्पृष्टः, ततोऽयशोभीरुः स दध्यौ किमुत्तरं ददे । आचार्यादिना किमपि पापस्थानं न सेवनीयं त्रिविधं त्रिविधेन, यः सेवते सोऽनन्तसंसार भ्राम्यति । तैर्विलक्षं दृष्ट्वोचे किं न वक्ष्यसि । स दध्यौ किं वदामि । ततस्तेन दीर्घसंसारित्वमङ्गीकृत्योक्तम्-अयोग्यस्य श्रुतार्थो न दातव्यः 'आमे घडे निहित्तं, जहा जलं तं घडं विणासेइ । इअ सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥१॥' इत्यादि । तैरूचे किम-सम्बद्धं भाषसे, अपसर दृष्टिपथात् । अहो त्वमपि सङ्घेन प्रमाणीकृतोऽसि । ततस्तेन दीर्घसंसारित्वमङ्गीकृत्योक्तं, उत्सर्गापवादैरागमः स्थितो, यूयं न जानीथ । ''एगंतं मिच्छत्तं जिणाण आणा अणेगत्तं ।'' तैर्हृष्टैर्मानितं, ततः स प्रशंसितः ।

स एकवचनदोषेणानन्तसंसारित्वमुपार्ज्याऽप्रतिक्रान्तो मृत्वा व्यन्तरो बभूव १ । ततश्च्युत्वोत्पन्नः प्रोषितपतिकायाः प्रतिवासुदेवपुरोहित्दुहितुः कुक्षौ, कुलकलङ्कभीताभ्यां पितृभ्यां निर्विषयीकृता सा क्वापि स्थानमलभमाना दुर्भिक्षे कल्पपालगृहे दासीत्वेन स्थिता । मद्यमांसदोहदोऽस्याः सञ्जातः । बहूनां मद्यपायकानां भाजनेषूच्छिष्टे मद्यमांसे च भुङ्क्ते, कांस्यदूष्यद्रविणानि चोरयित्वाऽन्यत्र विक्रीय मद्यमांसे भुङ्क्ते । गृहस्वामिना राज्ञो निवेदितम् राजा मारणाय प्रसूतिसमयं यावद्रक्षितुमर्पिता चाण्डालानां, अप्रसूता न हन्यते इति तत्कुलधर्म्मत्वात् । प्रसूता बालकं त्यक्त्वा नष्टा । राजा पञ्चसहस्त्रद्रविणदानेन बालः पालितः । क्रमात् सूनाधिपतौ मृते राज्ञा स एव तद्गृहस्वामी कृतः पञ्चशतानामीशः २ । ततो मृत्वा सप्तमपृथिव्यां ३३ सागरायुः ३ । ततः उद्धृत्यान्तरद्वीपे एकोरुकजातिर्जातः ४ । ततो मृत्वा महिषः २६ वर्षायुः ५, ततो मनुष्यः ६, ततो वासुदेवः ७, ततः सप्तमपृथिव्यां ८, ततो गजकर्णो मनुष्यो मांसाहारी ९, ततो मृत्वा सप्तमपृथिव्यामप्रतिष्ठाने गतः १०, ततो महिषः ११, ततो बालविधवाबन्धकीब्राह्मणसुताकुक्षावुत्पन्नः, गर्भशातनपातनक्षारचूर्णयौगैरनेकव्याधिपरिगतो गलत्कुष्ठी कृमिभिर्भक्ष्यमाणो गर्भान्निर्गतः लोकैर्निन्द्यमानः क्षुधादिपीडितो दुःखी सप्तवर्षशतानि द्वौ मासौ चत्वारि दिनानि जीवित्वा १२, मृतो व्यन्तरेषूत्पन्नः १३, ततः सूनाधिपो मनुष्यः १४, ततः सप्तम्यां १५, ततश्चाक्रिकगृहे वृषभो वाह्यमानः क्वथितस्कन्धो मुक्तो गृहस्वामिना काककृमिश्वादिभिर्विलुप्यमानः २९ वर्षायुर्मृतो १६, बहुव्याधिमानिभ्यपुत्रो वमनविरेचनादिदुःखैरेवास्य गतो मनुष्यभवः १७, एवं चतुर्दशरज्ज्वात्मकं लोकं जन्ममरणैः परिपूर्य अनन्तकालेनाऽपरविदेहे मनुष्योऽभवत् । तत्र लोकानुवृत्त्या गतस्तीर्थकरवन्दनाय, प्रतिबुद्धः, सिद्धः, अत्र त्रयोविंशतितमश्रीपार्श्वजिनस्य काले ।

गौतमोऽप्राक्षीत्-किं निमित्तमनेन दुःखमनुभूतं ? गौतम ! उत्सर्गापवादैरागमः इत्यादि यद् भणितं तन्निमित्तम् । यद्यपि प्रवचने उत्सर्गापवादौ अनेकान्तश्च प्रज्ञाप्यन्ते, तथापि अप्कायपरिभोगस्तेजःकायपरिभोगो मैथुनसेवनं चैकान्तेन निषिद्धानि, इत्थं सूत्रातिक्रमादुन्मार्गप्रकटनं, ततश्चाज्ञाभङ्गः, तस्माच्चानन्तसंसारी । गौतमोऽप्राक्षीत्-किं तेन सावद्याचार्येण मैथुनमासेवितम् ? गौतम ! नो सेवितं नोऽसेवितम्, यतस्तेन वन्दमानार्यास्पर्शे पादौ नाकुञ्चितौ । भगवन् ! तेन तीर्थकरनामकर्म्मार्जितं एकभवावशेषीकृतश्चासीद्भवोदधिः, तत्कथनमनन्तसंसारं सम्भ्रान्तः ? गौतम ! निजप्रमाददोषात्, यतः सिद्धान्तेऽप्युक्तमस्ति-"चोद्दसपुव्वी आहारगावि, मणनाणिवीयरागा य । हुंति पमायपरवसा, तयणंतरमेव चउगइआ ॥१॥" इत्यादि । तस्माद् गच्छाधिपतिना सर्वदा सर्वार्थेषु अप्रमत्तेन भाव्यम् । इति पूर्वाचार्यसंस्कृतसावद्याचार्यसम्बन्धः ।

तथा "जे णं मद्दुआ ! अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा अस्सुयं वा अपरिन्नायं वा बहुजणमज्झे आघवेइ पण्णवेइ परूवेइ दंसेइ निदंसेइ, उवदंसेइ से णं अरिहंताणं आसायणाए वट्टइ, अरिहंतपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ, केविलपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ" इति श्रीभगवत्यां अष्टादशशतकस्याष्टमो-

द्देशके ॥ तथा ''इच्चेइयं दुवालसंगं गणिपिडगं तीए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतसंसार-कंतारं अणुपरियट्टिंसु १ । इच्चेइयं दुवालसंगं गणिपिडगं पडुप्पन्नकाले परित्ता जीवा आणाए विराहित्ता चाउरंतं संसारकंतारं अणुपरिअट्टंति २ ।'' 'परित्त' त्ति परिमिता वर्त्तमाने काले विराधकमनुष्याणां संख्येयत्वात् । ''इच्चेइयं दुवालसंगं गणिपिडगं अणागए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतं संसारकंतारं अणुपरियट्टिसंति ३ । इच्चेइयं दुवालसंगं गणिपिडगं तीए काले अणंता जीवा आणाए आराहित्ता चाउरंतं संसारकंतारं वीइवइंसु १ ॥ इच्चेइयं दुवालसंगं गणिपिडगं पडुपन्नकाले परित्ता जीवा आणाए आराहित्ता चाउरंतं संसारकंतारं वीइवइंति २ ॥ इच्चेइयं दुवालसंगं गणिपिडगं अणागए काले अणंता जीवा आणाए आराहित्ता चाउरंतं संसारकंतारं वीइवइस्संति ३ ॥'' इति नन्दिसूत्रे ॥ इत्येवं विलोक्याचार्योपाध्यायप्रवर्त्तकगणावच्छेदकादिना मोक्षार्थिना भगवदा-ज्ञया आगमार्थो निरूपणीयः, न स्वमत्या, तथात्वेऽनन्तसंसारावाप्तेरिति । गाथाछन्दः । ( गच्छाचारप्रकीर्णकः ॥२७॥)

**ભાવાર્થ :- ગુણરહિત ગુરુ તત્ત્વથી કુગુરુ :**

પૂર્વગાથામાં કહેલ કે 'ગુણસંપન્ન ગુરુ' જ 'ગુરુ' શબ્દને યોગ્ય છે, અન્ય નહિ. તેની પુષ્ટિરૂપે આ 'ગચ્છાચાર'ની ગાથા છે, અને 'ગચ્છાચાર'ના વચનથી એ અર્થ પ્રાપ્ત થાય કે જેમ તીર્થંકર, યોગ્ય જીવોને યોગમાર્ગમાં પ્રવર્તાવીને કલ્યાણનું કારણ બને છે, તેમ તીર્થંકર સમાન સૂરિ પણ યોગ્ય જીવોને યોગમાર્ગમાં પ્રવર્તાવીને કલ્યાણનું કારણ બને છે; અને તે તીર્થંકર જેવા સૂરિ કોણ છે ? તે બતાવવા માટે કહ્યું કે ''જેઓ જિનમતનું સમ્યક્ પ્રકાશન કરે છે, તે સૂરિ તીર્થંકર સમાન છે.''

આનાથી એ પ્રાપ્ત થાય કે જિનમતનું સમ્યક્ પ્રકાશન કરનાર સૂરિ 'ગુરુ' શબ્દના ભાજન છે, અને જેઓ 'સૂરિપદ'ને પામ્યા છે પરંતુ ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરે છે, અર્થાત્ સમ્યક્ જિનમતનું પ્રકાશન કરતા નથી, પણ જિનમતનું યથાતથા પ્રકાશન કરે છે, તેઓ સત્પુરુષ નથી, પરંતુ પુરુષાધમ છે, અને તેવા આચાર્ય ગુરુપદને યોગ્ય નથી. માટે કલ્યાણના અર્થી સાધુએ જિનમતનું સમ્યક્ પ્રકાશન કરનારા ગીતાર્થ સૂરિનો આશ્રય કરવો જોઈએ કે જેથી કલ્યાણની પરંપરા થાય; છતાં તેમને છોડીને જેઓ ભગવાનની આજ્ઞા અનુસાર આચાર નહિ પાળનારા અને જિનમતનું સમ્યક્ પ્રકાશન નહિ કરનારા આચાર્યના ગચ્છમાં રહીને તેમની આજ્ઞા પ્રમાણે આચાર પાળે છે, તેઓમાં ગુરુઆજ્ઞાઆરાધનરૂપ યતિનું સાતમું લક્ષણ નથી, એ પ્રકારે યતિના સાતમા લક્ષણ સાથે પ્રસ્તુત ગાથાનો સંબંધ છે.

આ ગાથા 'ગચ્છાચાર પયન્ના'ની છે અને તેની ટીકા અહીં આપેલી છે, જે ગચ્છાચારના વક્તવ્યને સામે રાખીને લખાયેલી છે, અને તે ઉપયોગી હોવાથી અહીં આપેલી છે. આમ છતાં યતિના સાતમા લક્ષણ સાથે આ ગાથાનો અર્થ જે રીતે સંગત થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે અહીં તે રીતે ભાવાર્થ લખેલ છે. ॥૧૬૯॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા સૂરિ પુરુષાધમ છે. તેથી હવે કેવા પ્રકારના સૂરિઓ પુરુષાધમ છે, તે બતાવવા કહે છે –**

**ગાથા :-**

**भट्ठायारो सूरी, भट्ठायाराणुविक्खओ सूरी ।**
**उम्मग्गठिओ सूरी, तिण्णि वि मग्गं पणासंति ॥१७०॥**

भ्रष्टाचारः सूरिर्भ्रष्टाचाराणामुपेक्षकः सूरिः ।
उन्मार्गस्थितः सूरिस्त्रयोऽपि मार्गं प्रणाशयन्ति ॥१७०॥

**ગાથાર્થ :-**

**ભ્રષ્ટાચાર સૂરિ, ભ્રષ્ટાચારના ઉપેક્ષક સૂરિ અને ઉન્માર્ગમાં રહેલ સૂરિ, ત્રણેય પણ માર્ગનો નાશ કરે છે. ॥૧૭૦॥**

**ટીકા :-**

**व्याख्या-भ्रष्टः-सर्वथा विनष्टः आचारो-ज्ञानाचारादिर्यस्य स भ्रष्टाचारः सूरिरधर्माचार्यः १, भ्रष्टाचाराणां विनष्टाचाराणां साधूनां उपेक्षकः, प्रमादप्रवृत्तसाधूनामनिवारयितेत्यर्थः, सूरिर्मन्दधर्माचार्यः २, उन्मार्गस्थित उत्सूत्रादिप्ररूपणपरः सूरिरधर्माचार्यः ३, त्रयोऽप्येते मार्गं-ज्ञानादिरूपं मोक्षपथं प्रणाशयन्ति-जिनाज्ञामतिक्रामन्तीत्यर्थः ॥ गाथाछंदः ॥ ( गच्छाचारप्रकीर्णकः ॥२८॥ )**

**ટીકાર્થ :-**

૧. ભ્રષ્ટ=સર્વથા વિનષ્ટ, જ્ઞાનાચારઆદિ આચારો છે જેમને તે ભ્રષ્ટાચાર સૂરિ છે=અધર્માચાર્ય છે અર્થાત્ પાપાચાર્ય છે.

૨. વિનષ્ટ આચારવાળા=ભ્રષ્ટ આચારવાળા, સાધુના ઉપેક્ષક અર્થાત્ પ્રમાદમાં પ્રવૃત્ત સાધુઓને નહિ નિવારણ કરનારા સૂરિ મંદ ધર્માચાર્ય છે.

૩. ઉન્માર્ગ સ્થિત=ઉત્સૂત્ર પ્રરૂપણામાં પ્રવૃત્ત સૂરિ, અધર્માચાર્ય છે=પાપાચાર્ય છે.

ત્રણે પણ આ સૂરિઓ જ્ઞાનાદિરૂપ મોક્ષપથનો નાશ કરે છે=ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરે છે. (ગચ્છાચાર પ્રકીર્ણક. ૨૮)

**ભાવાર્થ :- ગુણરહિત ગુરુનું સ્વરૂપ :**

પ્રસ્તુત ગાથામાં બતાવાયેલા ત્રણે પણ સૂરિઓ ગુરુપદને યોગ્ય નથી. તેથી તેવા સૂરિની નિશ્રામાં રહીને તેમની આજ્ઞા અનુસાર કોઈ સાધુ સંયમ પાળતા હોય તોપણ તે સાધુ ગુરુઆજ્ઞાના આરાધક નથી. આરાધક સાધુ માટે ફક્ત ગાથા-૧૬૯માં બતાવ્યું તે પ્રમાણે સંક્લિષ્ટ કાળને કારણે ગીતાર્થસાધુ ન મળ્યા હોય તો પાસત્થા આદિ સાથે રહેવાની અપવાદે અનુજ્ઞા છે. છતાં કોઈ સાધુ ઉપરમાં વર્ણન કરાયેલા ત્રણે સૂરિમાંથી કોઈ સૂરિ સાથે અપવાદથી રહેલા હોય, સ્વયં ભગવાનની આજ્ઞા અનુસાર છકાયના પાલનમાં યતના કરતા હોય અને સંવેગને ધારણ કરતા હોય, અને સુયોગ્ય ગીતાર્થ ગુરુ મળે ત્યારે આવા સૂરિઓને છોડીને ગીતાર્થ ગુરુની નિશ્રામાં જવા માટેના અભિલાષવાળા હોય, તેવા સાધુને ગુરુઆજ્ઞાનું આરાધન છે. પરંતુ પ્રસ્તુત ગાથામાં બતાવેલા ત્રણે ગુરુને ગુરુબુદ્ધિથી સ્વીકારીને તેમને પરતંત્ર રહેનારા

સાધુમાં ગુરુઆજ્ઞા આરાધનરૂપ યતિનું લક્ષણ નહિ હોવાથી તે સુસાધુ નથી, એ પ્રમાણે યતિના સાતમા લક્ષણ સાથે આ ગાથાનો સંબંધ છે. ॥૧૭૦॥

**અવતરણિકા :-**

ગાથા-૧૬૮માં કહ્યું કે ગુણવાન ગુરુ યથાર્થ ગુરુશબ્દના ભાજન છે, તેમ સૂત્રમાં કહેલ છે, અને ગુણ વગરના ગુરુ ગુરુશબ્દના ભાજન નથી, તેમાં "ગચ્છાચાર પયન્ના"ની સાક્ષી ગાથા-૧૬૯-૧૭૦ દ્વારા આપી. હવે ગુરુશબ્દના ભાજન એવા ગુરુના ગુણો સૂત્રમાં ક્યા કહેલા છે ? તે ગાથા-૧૭૧ થી ૧૭૫માં બતાવે છે –

**ગાથા :-**

**एए गुरुणो अ गुणा, पव्वज्जारिहगुणेहिं पव्वज्जा ।**
**गुरुकुलवासो अ सया, अक्खयसीलत्तमवि सम्मं ॥१७१॥**
एते गुरोश्च गुणा प्रव्रज्यार्हगुणैः प्रव्रज्या ।
गुरुकुलवासश्च सदा अक्षतशीलत्वमपि सम्यक् ॥१७१॥

**ગાથાર્થ :-**

**અને ગુરુના આ ગુણો છે- (૧) પ્રવ્રજ્યાયોગ્યગુણો વડે પ્રવ્રજ્યા, (૨) સદા ગુરુકુળવાસ અને (૩) અક્ષતશીલપણું=ક્ષતિ વગરનું શીલપણું, પણ સમ્યગ્. ॥૧૭૧॥**

**ગાથા :-**

**खंती समो दमो वि अ, तत्तण्णुत्तं च सुत्तअब्भासो ।**
**सत्तहिअंमि रयत्तं, पवयणवच्छल्लया गरुई ॥१७२॥**
क्षान्तिः शमो दमोऽपि च तत्त्वज्ञत्वं च सूत्राभ्यासः ।
सत्त्वहिते रतत्वं, प्रवचनवात्सल्यता गुर्वी ॥१७२॥

**ગાથાર્થ :-**

**(૪) ક્ષાન્તિ, (૫) શમ, (૬) દમ, (૭) તત્ત્વજ્ઞપણું, (૮) સૂત્રનો અભ્યાસ, (૯) સત્ત્વહિતમાં રક્તપણું અને (૧૦) મહાન પ્રવચનવાત્સલ્ય=મહાન પ્રવચનની ભક્તિ. ॥૧૭૨॥**

**ગાથા :-**

**भव्वाणुवत्तयत्तं, परमं धीरत्तमवि य सोहग्गं ।**
**णियगुरुणाणुण्णाए, पयंमि सम्मं अवट्ठाणं ॥१७३॥**
भव्यानुवर्तकत्वं, परमं धीरत्वमपि च सौभाग्यम् ।
निजगुरुणानुज्ञाते पदे सम्यगवस्थानम् ॥१७३॥

**ગાથાર્થ :-**

**(૧૧) ભવ્યજીવોનું અનુવર્તકપણું=યોગ્ય જીવોને સમ્યગ્ રીતે અનુશાસન આપીને માર્ગમાં પ્રવર્તકપણું, (૧૨) પરમધીરપણું, (૧૩) સૌભાગ્ય, (૧૪) પોતાના ગુરુ વડે અનુજ્ઞાતપદમાં સમ્યગ્ અવસ્થાન=પોતાના ગુરુએ આચાર્ય, ઉપાધ્યાય આદિ જે પદ આપ્યું હોય તે સ્થાનમાં શાસ્ત્રવિધિ અનુસાર તે પદને અનુકૂળ ઉચિત કૃત્યોથી અવસ્થાન. ॥૧૭૩॥**

**ગાથા :-**

**अविसाओ परलोए, थिरहत्थोवगरणोवसमलद्धी ।**
**निउणं धम्मकहित्तं, गंभीरत्तं च इच्चाई ॥१७४॥**

अविषादः परलोके, स्थिरहस्तोपकरणउपशमलब्धिः ।
निपुणं धर्मकथित्वं, गम्भीरत्वं चेत्यादयः ॥१७४॥

**ગાથાર્થ :-**

**(૧૫) પરલોકમાં અવિષાદ=પરલોકને સમ્યગ્ નિષ્પન્ન કરવા માટે કરાતી શાસ્ત્રાનુસારી ક્રિયામાં લેશ પણ ખેદનો અભાવ, (૧૬) સ્થિરહસ્તઉપકરણ-ઉપશમલબ્ધિ, (૧૭) નિપુણ ધર્મકથિતપણું અને (૧૮) ગંભીરપણું ઈત્યાદિ ગુણો. ॥૧૭૪॥**

**ગાથા :-**

**उभयण्णू विय किरिया-परो दढं पवयणाणुरागी य ।**
**ससमयपण्णवओ, परिणओ अ पण्णो य अच्चत्थं ॥१७५॥**

उभयज्ञोऽपि च क्रियापरः दृढं प्रवचनानुरागी च ।
स्वसमयप्रज्ञापकः, परिणतश्च प्राज्ञश्चात्यर्थम् ॥१७५॥

**ગાથાર્થ :-**

**(૧૯) ઉભયને જાણનાર=ઉત્સર્ગ-અપવાદ, કલ્પ્ય-અકલ્પ્ય, નિશ્ચય-વ્યવહાર આદિ ઉભય પદાર્થોને જાણનાર, અને વળી, (૨૦) ક્રિયામાં પર=ક્રિયામાં તત્પર, (૨૧) દૃઢપ્રવચનના અનુરાગી, (૨૨) સ્વસમયના પ્રરૂપક, (૨૩) પરિણત=ઉંમરથી અને વ્રતથી પરિણત અને (૨૪) અત્યંત પ્રાજ્ઞ. ॥૧૭૫॥**

**ટીકા :-**

उभयज्ञः=उत्सर्गापवाद-कल्प्याकल्प्य-निश्चयव्यवहारादिपदार्थद्वैतपरिच्छेदी । अपि च क्रिया-परो=मूलगुणोत्तरगुणाराधनायां बद्धकक्षः । दृढमत्यर्थं प्रवचनानुरागी च=जिनवचनं प्रति बहुमान-वान्, तथा स्वसमयस्य=चरणकरणाद्यनुयोगभेदभिन्नस्य प्ररूपकस्तैस्तैरुपायैरुपदेशकः, परिणतश्च वयसा व्रतेन च, प्राज्ञश्च=बहुबहुविधादिग्राहकबुद्धिमान्, अत्यर्थमतीव, एवंविधेन हि गुरुणा प्रज्ञा-

**प्यमानोऽर्थो न कदाचिद्विपर्ययभाग् भवतीत्येवमेष विशेष्यत इत्येवंभूतो गुरुः श्रद्धेयः ॥ ( उपदेश- रहस्य ॥१५०॥ )**

**ભાવાર્થ :- ગુરુપદને યોગ્ય ગુરુના ગુણો :**

**૧. પ્રવ્રજ્યાયોગ્ય ગુણો વડે પ્રવ્રજ્યા પ્રાપ્ત :** જે સાધુએ પ્રવ્રજ્યાને યોગ્ય ગુણો કેળવીને દીક્ષાની અધિકારિતા મેળવી હોય અને ત્યારપછી પ્રવ્રજ્યા ગ્રહણ કરેલ હોય, તો તેમને પ્રાયઃ પ્રવ્રજ્યા સમ્યગ્ પરિણમન પામે છે અને એવા સાધુ ગુરુપદને પ્રાપ્ત કરવા માટે યોગ્ય છે.

**૨. સદા ગુરુકુળવાસ :** વળી, પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી સદા ગુરુકુળવાસમાં રહીને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા જેણે પ્રાપ્ત કરી હોય એવા સાધુ ગુરુપદને માટે યોગ્ય છે.

**૩. અક્ષતશીલપણું પણ સમ્યગ્ :** વળી, સંયમ ગ્રહણ કર્યા પછી વ્રતોમાં અસ્ખલિત શીલપણું જે સાધુમાં સમ્યગ્ વર્તે છે તે સાધુ ગુરુપદને યોગ્ય છે, અન્ય નહિ. અહીં "**अक्षतशीलत्वमपि सम्यक्**" થી એ કહેવું છે કે અભવ્ય કે ચરમાવર્ત બહારના જીવો પણ નવગ્રૈવેયકમાં જાય છે તેની પૂર્વે નિરતિચાર ચારિત્ર પાળે છે, પરંતુ તે 'અક્ષતશીલપણું' સમ્યગ્ નથી; જ્યારે ગુરુપદને યોગ્ય એવા સાધુમાં તો સંસારના ઉચ્છેદનું કારણ બને એવું યતનાપૂર્વક સેવાયેલું અક્ષતશીલપણું સમ્યગ્ છે. તે બતાવવા માટે કહ્યું કે અક્ષતશીલપણું પણ સમ્યગ્ જોઈએ, અભવ્યાદિ જેવું અસમ્યગ્ નહિ.

**૪. ક્ષમા :** સંયમ ગ્રહણ કર્યા પછી ક્ષમાના પરિણામવાળા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૫. શમ :** સંયમ ગ્રહણ કર્યા પછી કષાયોના શમનના પરિણામવાળા હોય એવા સાધુ ગુરુ- પદને યોગ્ય છે.

**૬. દમ :** સંયમ ગ્રહણ કર્યા પછી ઇન્દ્રિયોનું દમન કરનારા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૭. તત્ત્વજ્ઞપણું :** જે તત્ત્વને જાણનારા હોય છે અર્થાત્ સંયમ ગ્રહણ કરીને પોતાને શું સાધવાનું છે તેના પરમાર્થને જાણનારા હોય, એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૮. સૂત્રનો અભ્યાસ :** સંયમ ગ્રહણ કર્યા પછી સૂત્રના અભ્યાસી હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૯. સત્ત્વહિતમાં રક્તપણું :** જીવોના હિતમાં રક્ત હોય છે=ઉદ્યમવાળા હોય, એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૦. મહાન પ્રવચનવત્સલતા :** ભગવાનના પ્રવચન પ્રત્યે અત્યંત ભક્તિ હોય, જેના કારણે ભગવાનના પ્રવચનનું ક્યાંય માલિન્ય ન થાય, પ્રવચનથી વિપરીત આચરણા ન થાય કે પ્રવચનથી વિપરીત પ્રરૂપણા ન થાય તેવા પ્રકારની યતનાવાળા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૧. ભવ્ય જીવોનું અનુવર્તકપણું :** ભવ્ય જીવોને=યોગ્ય જીવોને યોગમાર્ગમાં સમ્યગ્ રીતે પ્રવર્તન કરાવે તેવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૨. પરમધીરપણું :** પરમધીરતાવાળા હોય અર્થાત્ કોઈપણ જાતના વિષમ સંયોગોમાં પોતાના યોગમાર્ગને ક્યાંય આંચ ન આવે તેવી ધીરતાવાળા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૩. સૌભાગ્ય :** સૌભાગ્યવાળા હોય અર્થાત્ તેમના સૌભાગ્યના કારણે પણ યોગ્ય જીવોને યોગમાર્ગમાં પ્રવર્તાવી શકે એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૪. પોતાના ગુરુ વડે અનુજ્ઞાત પદમાં સમ્યગ્ અવસ્થાન :** પોતાની યોગ્યતાને જોઈને પોતાના ગુરુથી પોતાને જે પદ અપાયેલું હોય તે પદને શોભે તેવી ઉચિત પ્રવૃત્તિવાળા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૫. પરલોકમાં અવિષાદ :** પરલોકમાં અવિષાદવાળા હોય અર્થાત્ પરલોકને સાધવા માટે અતિ કષ્ટપ્રદ એવા યોગમાર્ગને સાધવામાં યત્ન કરતા હોય તોપણ તે પ્રવૃત્તિની કષ્ટમયતાને જોઈને લેશ પણ વિષાદ વગરના હોય, જેથી અપ્રમાદભાવથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે, એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૬. (i) સ્થિરહસ્તલબ્ધિ :** સ્થિરહસ્તલબ્ધિવાળા હોય અર્થાત્ કોઈ જીવ યોગમાર્ગમાં શિથિલ થયો હોય તેને સ્થિર કરી શકે તેવી લબ્ધિવાળા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**(ii) ઉપકરણલબ્ધિ :** ઉપકરણલબ્ધિવાળા હોય અર્થાત્ સંયમને ઉપયોગી વસ્ત્ર-પાત્ર નિર્દોષ પ્રાપ્ત કરી શકે તેવા લાભાંતરાયના ક્ષયોપશમવાળા હોવાથી સંયમને ઉચિત એવા ઉપકરણોની નિર્દોષ પ્રાપ્તિ કરી શકે તેવી શક્તિવાળા હોવાથી શિષ્યોને સંયમની વૃદ્ધિમાં પ્રબળ કારણ બની શકે એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**(iii) ઉપશમલબ્ધિ :** ઉપશમલબ્ધિવાળા હોય અર્થાત્ કષાયોનો સ્વયં ઉપશમ કરેલો હોય, અને અન્યને કષાયોનો ઉપશમ કરાવી શકે તેવી લબ્ધિવાળા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૭. નિપુણ ધર્મકથિતપણું :** નિપુણ ધર્મકથા કરી શકે તેવી શક્તિવાળા હોય જેથી શિષ્યવર્ગને સંયમની વૃદ્ધિ કરાવીને સંયમના આગળ આગળના કંડકોમાં પહોંચાડી યાવત્ અસંગભાવની પ્રાપ્તિ કરાવી શકે, એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૮. ગંભીરપણું ઈત્યાદિ ગુણો :** ગંભીર હોય જેથી પોતે ઉતાવળથી કોઈ નિર્ણય ન કરે પરંતુ સંયોગોનો વિચાર કરીને એકાંતે જે ઉચિત હોય તેવો નિર્ણય કરે, ઈત્યાદિ ગુણોવાળા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૧૯. ઉભયજ્ઞ :** ઉત્સર્ગ-અપવાદના જાણનારા હોય, કલ્પ્ય શું છે અને અકલ્પ્ય શું છે તેના જાણનારા હોય અને નિશ્ચયનય અને વ્યવહારનયને ઉચિતસ્થાને જોડીને ઉચિત પ્રવૃત્તિ કરી શકે તેવા બોધવાળા હોય તે ઉભયજ્ઞ સાધુ શિષ્યોને યોગમાર્ગમાં પ્રવર્તાવી શકે, તેવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૨૦. ક્રિયામાં પર :** સંયમ ગ્રહણ કર્યા પછી પાંચ મહાવ્રતરૂપ મૂળગુણ અને પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ આદિરૂપ ઉત્તરગુણોની આરાધનામાં બદ્ધકક્ષ હોય અર્થાત્ અપ્રમાદભાવવાળા હોય તેવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૨૧. દૃઢપ્રવચનઅનુરાગી :** જિનપ્રવચન પ્રત્યે અત્યંત બહુમાનવાળા હોય, જેથી હંમેશાં જિનવચનનું ઉદ્ભાસન કરનારા હોય એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૨૨. સ્વસમયના પ્રરૂપક :** સંયમને અનુકૂળ ચરણ-કરણાદિ ક્રિયારૂપ સ્વસમયના પ્રરૂપક હોય અર્થાત્ શિષ્યોને તે તે ઉપાય દ્વારા ચરણ-કરણાદિનું સ્વરૂપ બતાવે જેથી શિષ્યો તેનું સમ્યગ્ સેવન કરી શકે એવા સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૨૩. પરિણત :** વ્રતથી અને વયથી પરિણત હોય જેથી શિષ્યોને તેમનાં વચનો ગ્રાહ્ય બને, તેવા પરિણત સાધુ ગુરુપદને યોગ્ય છે.

**૨૪. અત્યંત પ્રાજ્ઞ :** વળી, અત્યંત પ્રાજ્ઞ હોય જેથી નિપુણમતિપૂર્વક સર્વત્ર ઉચિત યત્ન કરી શકે. આવા ગુરુ વડે કહેવાતો અર્થ ક્યારેય વિપર્યયને પામતો નથી. એથી કરીને આવા પ્રકારના ગુણવાળા સાધુ ગુરુપદને યોગ્ય છે. ॥૧૭૧ થી ૧૭૫॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૭૧ થી ૧૭૫ સુધી ગુરુપદને યોગ્ય એવા સાધુના ગુણો બતાવ્યા અને ગાથા-૧૭૫માં કહ્યું કે સ્વસમયના પ્રરૂપક હોય તે સાધુ ગુરુપદને યોગ્ય છે. તેથી જિજ્ઞાસા થાય કે કેવા સાધુ સ્વસમયના પ્રરૂપક છે ? અને કેવા સાધુ સ્વસમયના વિરાધક છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**जो हेउवायपक्खंमि, हेउओ आगमे अ आगमिओ ।**
**सो ससमयपण्णवओ सिद्धंतविराहगो अण्णो ॥१७६॥**

यो हेतुवादपक्षे, हेतुत आगमे चागमिकः ।
स स्वसमयप्रज्ञापकः, सिद्धान्तविराधकोऽन्यः ॥१७६॥

**અન્વયાર્થ :-**

**जो**=જે સાધુ, **हेउवायपक्खंमि**=હેતુવાદપક્ષમાં **हेउओ**=હેતુક છે=યુક્તિને બતાવવામાં સમર્થ છે, **आगमे अ**=અને આગમમાં=આગમમાત્રગમ્ય એવા અર્થોમાં, **आगमिओ**=આગમિક છે=આગમમાત્રના વચનથી બતાવવામાં સમર્થ છે, **सो**=તે સાધુ, **ससमयपण्णवओ**=સ્વસમયપ્રજ્ઞાપક છે=ભગવાનના વચનઅનુસાર પ્રરૂપણા કરનાર છે. **अण्णो**=અન્ય=જે સાધુ હેતુવાદપક્ષમાં હેતુથી બતાવતા નથી અને આગમમાત્રગમ્ય એવા અર્થોમાં આગમમાત્રના વચનથી બતાવવામાં સમર્થ નથી, એવા સાધુ **सिद्धंतविराहगो**=સિદ્ધાન્તના વિરાધક છે.

**ગાથાર્થ :-**

**જે સાધુ હેતુવાદ પક્ષમાં યુક્તિને બતાવવામાં સમર્થ છે અને આગમમાત્રગમ્ય એવા પદાર્થોમાં આગમમાત્રના વચનથી બતાવવામાં સમર્થ છે, તે સાધુ સ્વસમય પ્રજ્ઞાપક છે, અન્ય સાધુ સિદ્ધાન્તના વિરાધક છે. ॥૧૭૬॥**

**ટીકા :-**

**यः कश्चिद्धेतुवादपक्षे=जीवकर्मादौ युक्तिमार्गसहे वस्तुनि, हेतुको=युक्तिप्रणयनप्रवीणः, आगमे च=देवलोकपृथ्वीसंख्यादावर्थे आगममात्रगम्ये आगमिकः=आगममात्रप्रज्ञापनाप्रवीणः स स्वसमयप्रज्ञापक उच्यते । व्यवच्छेद्यमाह-सिद्धान्तविराधको=जिनवचनानुयोगविनाशकः अन्यः= प्रागुक्तविशेषणविकलः साधुः । तथाहि युक्तिमार्गसहेष्वप्यागमगम्यत्वमेव पुरस्कुर्वता तेन नास्ति-**

**कादिप्रणीतकुयुक्तिनिराकरणाभावान्न श्रोतॄणां दृढा प्रतीतिः कर्त्तुं पार्यते, आगमगम्येषु तु युक्तिपथातीतेषु युक्तिमुट्टंकयन्नसंपादितनियतार्थप्रतीतिर्विफलारम्भत्वेन स्वयमेव वैलक्ष्यं भजते, श्रोतुश्चानादेयवचनो भवतीति न विपरीतव्यवहारिणा तेन सम्यक्सिद्धान्त आराधितो भवति ॥ ( उपदेशरहस्य ॥१५१॥ )**

**ભાવાર્થ :- શુદ્ધ પ્રરૂપણા કરનારા અને અશુદ્ધ પ્રરૂપણા કરનારા ગુરુનું સ્વરૂપ :**

સ્વસમયના પ્રજ્ઞાપક ગીતાર્થ સાધુ, જીવ-કર્મઆદિ પદાર્થોને યુક્તિથી બતાવે છે; કેમ કે જીવ-કર્મઆદિ પદાર્થો યુક્તિથી બતાવી શકાય તેવા છે. વળી, સ્વસમયના પ્રજ્ઞાપક ગીતાર્થ સાધુ, દેવલોક-ચૌદરાજલોકની વ્યવસ્થા, જીવઆદિની સંખ્યા વગેરે પદાર્થોને આગમવચનમાત્રના પ્રામાણ્યથી બતાવે છે; કેમ કે દેવલોક આદિ પદાર્થો આગમમાત્રથી ગમ્ય છે. તેથી જે સાધુ યુક્તિગમ્ય પદાર્થોમાં યુક્તિને બતાવવા સમર્થ છે, અને આગમમાત્રથી ગમ્ય પદાર્થોને આગમમાત્રથી બતાવવા સમર્થ છે, તેવા ગીતાર્થ સાધુ સ્વસમયપ્રજ્ઞાપક હોવાથી ગુરુપદને યોગ્ય છે.

જે સાધુ હેતુવાદથી બતાવી શકાય તેવા પદાર્થો પણ શાસ્ત્રવચનમાત્રના પ્રમાણથી બતાવતા હોય પણ યુક્તિથી બતાવતા ન હોય કે યુક્તિથી બતાવવા સમર્થ ન હોય, અને આગમવચનમાત્રના પ્રામાણ્યથી બતાવી શકાય તેવા પદાર્થો પણ યુક્તિથી બતાવવા પ્રયત્ન કરતા હોય, તેવા સાધુ જિનવચનના વિરાધક છે. તેથી તેવા સાધુ ઘણાં શાસ્ત્ર ભણ્યા હોય તોપણ શાસ્ત્રવચનોને ઉચિત રીતે જોડીને શ્રોતાને ઉપકાર કરી શકતા નથી. તેથી તેવા સાધુ સિદ્ધાન્તના વિરાધક છે માટે તેવા સાધુ ગુરુપદને યોગ્ય નથી. ॥૧૭૬॥

**અવતરણિકા :-**

**યતિનું સાતમું લક્ષણ ગુરુઆજ્ઞાનું આરાધન ગાથા-૧૩૬થી કહેવાનું શરૂ કરેલ. ત્યાં જિજ્ઞાસા થઈ કે ગુરુ કેવા હોય કે જેની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી ગુરુઆજ્ઞાની આરાધના થાય ? તેથી ગાથા-૧૭૧ થી ૧૭૬ સુધી ગુરુપદને યોગ્ય ગુરુનું સ્વરૂપ બતાવ્યું. હવે કલિકાળના દોષને કારણે પૂર્વમાં વર્ણન કર્યા તેવા સર્વગુણોથી યુક્ત ગુરુ ન મળે તો શું કરવું ? અને કેવા ગુરુ સ્વીકારીએ તો ગુરુઆજ્ઞાનું આરાધન થઈ શકે ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**कलिदोसंमि अ णिविडे, एगाइगुणुज्झिओ वि होइ गुरू ।**
**मूलगुणसंपया जइ, अक्खलिआ होइ जं भणिअं ॥१७७॥**

कलिदोषे च निविडे, एकादिगुणोज्झितोऽपि भवति गुरुः ।
मूलगुणसम्पदा यदि अस्खलिता भवति यद्भणितम् ॥१७७॥

**ગાથાર્થ :-**

**અને નિબિડ એવા કલિદોષમાં=ગાઢ એવા કલિકાળના દોષમાં, જો મૂળગુણસંપદા અસ્ખલિત હોય, તો એકાદિગુણથી રહિત પણ ગુરુ થાય છે, જે કારણથી કહેવાયું છે. ॥૧૭૭॥**

* 'एगाइगुणुज्झिओ वि' માં 'अपि' થી એ કહેવું છે કે પૂર્ણગુણવાળા તો ગુરુ થાય છે પણ એકાદિ ગુણરહિત પણ ગુરુ થાય છે.

**ભાવાર્થ :- કાળદોષના કારણે એકાદિગુણથી હીન પણ સ્વીકારવા યોગ્ય ગુરુનું સ્વરૂપ :**

વર્તમાનકાળમાં ગાઢ દોષો છે તેવા સમયે સર્વગુણોથી યુક્ત એવા ગુરુ મળવા અતિદુષ્કર છે. તેથી કહે છે કે કલિકાળના ગાઢ દોષને કારણે જો પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રીભોજનવિરમણવ્રત એ રૂપ મૂળગુણસંપદા જે સાધુમાં અસ્ખલિત હોય તેવા સાધુ, પૂર્વમાં બતાવેલા ગુરુપદના ગુણોમાંથી એક, બે આદિ ગુણોથી રહિત હોય તોપણ ગુરુ તરીકે સ્વીકારી શકાય છે, અને તેમાં સાક્ષીરૂપે ગ્રંથકાર સ્વયં આગળની ગાથામાં બતાવવાના છે. તે બતાવવા માટે ગાથામાં કહ્યું કે "જે કારણથી કહેવાયું છે." તેથી આગળમાં પૂર્વના મહાપુરુષોની સાક્ષીગાથાના બળથી, ગ્રંથકાર વર્તમાનકાળમાં કોઈક ગુણોથી હીન ગુરુને પણ ગુરુ તરીકે સ્વીકારી શકાય તેમ સ્થાપન કરે છે, પરંતુ સ્વમતિથી સ્થાપન કરતા નથી.

વળી, ગાથામાં કહ્યું કે જો સાધુ મૂળગુણથી યુક્ત હોય તો તે ગુરુપદને યોગ્ય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ ગીતાર્થ છે અને શુદ્ધ પ્રરૂપણા કરે છે, તે સાધુમાં સમ્યક્ત્વ છે, અને તેવા સાધુમાં પાંચ મહાવ્રતોમાં કોઈ ખામી ન હોય તો તે મૂળગુણ યુક્ત છે; પરંતુ ગીતાર્થ ન હોય અને તેને કારણે અશુદ્ધ પ્રરૂપણા કરતા હોય તો તેવા સાધુમાં સમ્યક્ત્વ નથી. તેથી તે સાધુમાં સમ્યક્ત્વ મૂળ પાંચ મહાવ્રતો પણ નથી, અને તેવા સાધુ ગુરુપદને યોગ્ય પણ નથી. પરંતુ જે સાધુ ગીતાર્થ હોય, શુદ્ધ પ્રરૂપક હોય અને યોગ્ય જીવોને સન્માર્ગમાં પ્રવર્તક હોય, આમ છતાં પૂર્વમાં વર્ણન કરાયેલા ગુરુના ગુણોમાંથી કોઈક ગુણોની ખામી હોય, તો આગળની ગાથામાં બતાવશે એ રીતે ગુરુ તરીકે સ્વીકારી શકાય, અને તેમની આજ્ઞા અનુસાર આરાધન કરનાર સાધુ ગુરુઆજ્ઞાનું આરાધન કરનાર છે, એ પ્રમાણે ફલિત થાય. ॥૧૭૭॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે "જે કારણથી કહેવાયું છે" તેથી સાક્ષીરૂપે તે ગાથા બતાવે છે –**

**ગાથા :-**

**गुरुगुणरहिओ वि इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।**
**न उ गुणमित्तविहुणोत्ति, चंडरुद्दो उदाहरणं ॥१७८॥**

गुरुगुणरहितोऽपीह, द्रष्टव्यो मूलगुणवियुक्तो यः ।
न तु गुणमात्रविहीन इति चण्डरुद्र उदाहरणम् ॥१७८॥

**ગાથાર્થ :-**

**અહીં=ગુરુકુળવાસના પ્રક્રમમાં, ગુરુગુણરહિત વળી તે જાણવો જે મૂળગુણરહિત છે, પરંતુ ગુણમાત્રરહિત નહિ. (જેમાં) ચંડરુદ્રાચાર્યનું ઉદાહરણ છે. ॥૧૭૮॥**

* 'गुरुगुणरहिओ वि' માં 'अपि' શબ્દ પુનઃ અર્થમાં છે.

**ટીકા :-**

अथ-'गुरुगुणरहितस्तु गुरुर्न गुरुरिति विधित्याग एव तस्येष्ट' इति यदुक्तं तत्र विशेषाभिधाना-याह-'गुरु' इत्यादि, गुरुगुणरहितोऽपि, अपिशब्दोऽत्र पुनःशब्दार्थः, ततश्च 'गुरुगुणरहितो गुरुर्गुरुर्न-भवति' इत्यत्र गुरुगुणरहितः पुनः इह गुरुकुलवासप्रक्रमे स एव द्रष्टव्यो-ज्ञातव्यः मूलगुणवियुक्तो-महाव्रतरहितः सम्यग्ज्ञानक्रियाविरहितो वा यः, न तु-न पुनः गुणमात्रविहीनो मूलगुणव्यतिरिक्तप्रति-रिक्तप्रतिरूपताविशिष्टोपशमादिगुणविकलः, ( मूलगुणव्यतिरिक्तचंडप्रकृत्यादिविशिष्टउपशमादि-गुणविकलः'' ) इति हेतोः गुरुगु( मूलगु )णरहितो द्रष्टव्य इति प्रक्रमः, उपप्रदर्शनार्थो वा इति शब्दः, उक्तं चेहार्थे- ''कालपरिहाणिदोसा एत्तो इक्काइगुणविहीणेणं । अण्णेणवि पव्वज्जा दायव्वा सीलवंतेण ॥१॥'' अत्रार्थे किं ज्ञापकमित्याह-चंडरुद्रःचंडरुद्राभिधानाचार्यः उदाहरणं-ज्ञापकं, तत्प्रयोगश्चैवम्-गुणमात्रविहीनोऽपि गुरुरेव, मूलगुणयुक्तत्वात्, चण्डरुद्राचार्यवत्, तथाहि-असौ प्रकृतिरोषणोऽपि बहूनां संविग्नगीतार्थशिष्याणाममोचनीयो विशिष्टबहुमानविषयश्चाभूत्, तत्कथानकं चैवं दृश्यते-चंडरुद्राभिधानोऽभूदाचार्योऽतिबहुश्रुतः । ज्ञानादिपञ्चधाऽऽचाररत्नरत्ना-करोपमः ॥१॥ असमाचारसंलोकसंज्वलत्कोपवाडवः । संक्लेशपरिहाराय, गच्छपार्श्वे स्म तिष्ठति ॥२॥ विहरंश्च समायात, उज्जयिन्यां कदाऽप्यसौ । विविक्तोद्यानदेशे च, तस्थौ गच्छस्य सन्निधौ ॥३॥ अथ श्रीमत्सुतः कोऽपि, सुरूपो गर्वयौवनः । प्रधानवस्त्रमाल्यादिभूषितो मित्रवेष्टितः ॥४॥ विवाहानन्तरं क्रीडन्नागतः साधुसन्निधौ । तन्मित्रैः केलिना प्रोक्तास्तं पुरस्कृत्य साधवः ॥५॥ अस्मत्सखममुं यूयं, हे भदन्त ! विरागिणम् । निर्विण्णं भवकान्तारात्, प्रव्राजयत सत्वरम् ॥६॥ साधवस्तु तकान् ज्ञात्वा, चसूरीकरणोद्यतान् । औषधं सूरिरेवैषामित्यालोच्य बभाषिरे ॥७॥ भो भद्रा ! गुरवोऽस्माकं, कुर्वते कार्यमीदृशम् । वयं तु नो ततो यात, गुरूणामन्तिक लघु ॥८॥ केलिनैव ततो गत्वा, गुरुमूचुस्तथैव ते । सूरिणा भणितं तर्हि, भस्मानयत सत्वरम् ॥९॥ येनास्य लुञ्चनं कुर्मो, वयस्यैस्तु ततो लघु । तदानीतं ततः सूरिः, पञ्चमङ्गलपूर्वकम् ॥१०॥ लुञ्चनं कर्तुमारेभे, तद्वयस्यास्तु लज्जिताः । चिन्तितं चेभ्यपुत्रेण, कथं यास्याम्यहं गृहम् ? ॥११॥ स्वयमाश्रितसाधुत्वः, संलुञ्चितशिरोमुखः । ततो विसृज्य मित्राणि, गुरुमेवमुवाच सः ॥१२॥ भदन्त ! परिहासोऽपि, सद्भावोऽजनि मेऽधुना । रङ्कत्वेनापि तुष्टस्य, सौराज्यं मे समागतम् ॥१३॥ ततः स्वजनराजाद्या, यावन्नायान्ति मत्कृते । तावदन्यत्र गच्छामो, नो चेद्बाधा भविष्यति ॥१४॥ गुरुर्बभाषे यद्येवं, ततो मार्गं निरूपय । तथैव कृतवानेष वृत्तौ गन्तुं ततस्तकौ ॥१५॥ आचार्यः पृष्ठतो याति, पुरतो याति शिष्यकः । रात्रौ वृद्धत्वतोऽपश्यन्, मार्गे प्रस्खलितो गुरुः ॥१६॥ रे दुष्टशैक्ष ! कीदृक्षो मार्गः संवीक्षितस्त्वया ? । इति ब्रुवाणो दण्डेन, शीर्षे तं हतवान् क्रुधा ॥१७॥ एवं स चण्डरोषत्वाच्चलितः स्खलितः पथि । शिरस्यास्फोटयन् याति, तं शिष्यं क्षमिणां वरम् ॥१८॥ शिष्यस्तु भावयामास, मन्दभाग्योऽस्म्यहं यतः । महाभागो महात्माऽयं महाकष्टे नियोजितः ॥१९॥ भगवानेष सौख्येन, स्वगच्छे निवसन् मया । अहो दशां महाकष्टां, प्रापितः पापिना मुधा ॥२०॥ एवं भावयतस्तस्य, प्रशस्तध्यानवह्निना । दग्धकर्मेन्धनत्वेन, केवलज्ञानमुद्गतम् ॥२१॥ ततस्तं तद्बलेनासौ, सम्यग्नेतुं

प्रवृत्तवान् । प्रभाते च स तं दृष्ट्वा, क्षरल्लोहितमस्तकम् ॥२२॥ आत्मानं निन्दति स्मैवमधन्योऽहमपुण्यवान् । यस्य मे सति रोषाग्निशममेघे बहुश्रुते ॥२३॥ परोपदेशदक्षत्वे, बहुकाले च संयमे । न जातो गुणरत्नानां, प्रधानः क्षान्तिसद्गुणः ॥२४॥ अयं तु शिष्यो धन्योऽत्र, गुणवानेष सत्तमः । यस्याद्यदीक्षितस्यापि, कोऽप्यपूर्वः क्षमागुणः ॥२५॥ एवं सद्भावनायोगाद्वीर्योल्लासादपूर्वतः । आचार्यश्चण्डरुद्रोऽपि, संप्राप्तः केवलश्रियम् ॥२६॥ इति गाथार्थः ॥३५॥ ( पंचाशक-११ गा. ३५ )

**ટીકાર્થ :-**

વળી, ગુરુગુણરહિત ગુરુ ગુરુ નથી. એથી કરીને તેનો વિધિથી ત્યાગ જ ઈષ્ટ છે, એ પ્રમાણે જે કહેવાયું=એ પ્રમાણે જે પંચાશકની પૂર્વની ગાથામાં કહેવાયું, ત્યાં=તે કથનમાં, વિશેષ કહેવા માટે કહે છે –

'गुरुइत्यादि' એ મૂળગાથાનું પ્રતિક છે.

વળી, "ગુરુગુણરહિત ગુરુ ગુરુ થતા નથી" એ કથનમાં, ગુરુગુણરહિત વળી અહીં=ગુરુકુળવાસના પ્રક્રમમાં તે જ જાણવા જે મૂળગુણવિયુક્ત છે=મહાવ્રતરહિત છે અથવા સમ્યગ્જ્ઞાન અને ક્રિયાથી રહિત છે, પરંતુ ગુણમાત્ર વિહીન નહિ=મૂળગુણથી વ્યતિરિક્ત ચંડપ્રકૃતિઆદિથી વિશિષ્ટ ઉપશમઆદિ ગુણવિકલ નહિ. એ હેતુથી મૂળગુણરહિત ગુરુગુણરહિત જાણવા, એમ અન્વય છે.

અહીં "मूलगुणव्यतिरिक्तप्रतिरिक्तप्रतिरूपताविशिष्टोपशमादिगुणविकलः" પાઠ છે તેના સ્થાને मूलगुणव्यतिरिक्तचंडप्रकृत्यादिविशिष्टउपशमादिगुणविकलः" એ પ્રમાણે પાઠ હોવો જોઈએ.

તેમાં સાક્ષી આપે છે-

આ કારણથી કાળપરિહાણીના દોષના કારણે એકાદિ-ગુણવિહીન એવા અન્ય પણ શીલવાળા વડે પ્રવ્રજ્યા આપવી જોઈએ. ॥૧॥

આ અર્થમાં=યત્કિંચિત્ ગુણમાત્રવિહીન ગુરુપદને યોગ્ય છે એ અર્થમાં, શું દૃષ્ટાંત છે ? એથી કહે છે : ચંડરુદ્ર નામના આચાર્યનું ઉદાહરણ છે. તેનો પ્રયોગ આ પ્રમાણે છે=અનુમાનનો પ્રયોગ આ પ્રમાણે છે-

ગુણમાત્રવિહીન પણ ગુરુ જ છે; કેમ કે મૂળગુણયુક્તપણું છે, ચંડરુદ્રાચાર્યની જેમ. દૃષ્ટાંતનું સ્પષ્ટીકરણ 'तथाहि' થી કરે છે-

પ્રકૃતિરોષી પણ આ=ચંડરુદ્રાચાર્ય, ઘણા સંવિગ્નગીતાર્થ શિષ્યોને અત્યાગ કરવા યોગ્ય હતા, અને વિશિષ્ટ બહુમાનના વિષય હતા અને તેમનું કથાનક આ પ્રમાણે જાણવું :

ચંડરુદ્ર નામના અતિબહુશ્રુત આચાર્ય થયા. જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચારરૂપી રત્નોના રત્નાકરની ઉપમાવાળા હતા=જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચારરૂપ રત્નોના આધાર હતા. ॥૧॥

અસમાચાર જોવાથી પ્રજ્વલિત કોપ વડવાનલવાળા, સંક્લેશ પરિહાર માટે=પોતાના સંક્લેશના પરિહાર માટે ગચ્છના નજીકના સ્થાનમાં રહેતા હતા=ગચ્છ સાથે નહિ પણ ગચ્છના નજીકના સ્થાનમાં રહેતા હતા. ॥૨॥

વિહાર કરતાં ક્યારેક આ આચાર્ય ઉજ્જૈનીમાં આવ્યા અને ગચ્છની નજીક જુદા ઉદ્યાનના દેશમાં રહ્યા. ॥૩॥

હવે કોઈક શ્રીમંતનો પુત્ર સુરૂપ, યૌવનના ગર્વવાળો, શ્રેષ્ઠ વસ્ત્રમાળાઆદિથી વિભૂષિત, મિત્રથી પરિવરેલો, વિવાહ પછી તરત ક્રીડા કરતો સાધુની નજીકમાં આવ્યો. મશ્કરીથી તેના મિત્ર વડે તે શ્રીમંતના પુત્રને આગળ કરીને સાધુઓ કહેવાયા. ॥૪-૫॥

હે સાધુ ! ભવસમુદ્રથી ઉદ્વેગ પામેલા વિરાગી અમારા આ મિત્રને તમે શીઘ્ર દીક્ષા આપો. ॥૬॥

વળી, સાધુઓ મશ્કરી કરવામાં ઉદ્યત એવા તેઓને જાણીને આમનું ઔષધ સૂરિ જ છે, એ પ્રમાણે વિચારીને બોલ્યા. ॥૭॥

હે ભદ્ર ! અમારા ગુરુ આવું કાર્ય કરે છે, અમે નહિ. તેથી ગુરુની પાસે શીઘ્ર જાઓ. ॥૮॥

તેથી મશ્કરીથી જ જઈને તેઓએ તે પ્રકારે જ ગુરુને કહ્યું. સૂરિ વડે કહેવાયું, "તો શીઘ્ર ભસ્મ લાવો." ॥૯॥

જેથી આનો લોચ કરીએ. ત્યારપછી મિત્રો વડે શીઘ્ર ભસ્મ લવાઈ. ત્યારપછી સૂરિએ નમસ્કારપૂર્વક લોચ કરવાનું શરૂ કર્યું. વળી, તેના મિત્રો લજ્જા પામ્યા અને શ્રેષ્ઠી પુત્ર વડે વિચારાયું. હું કેવી રીતે ઘરે જઉં ? ॥૧૦॥૧૧॥

તેથી સ્વયં આશ્રિત સાધુપણાવાળો અને લોચ કરાયેલા મસ્તકવાળો, મિત્રોને વિસર્જન કરીને ગુરુને જ તે બોલ્યો. ॥૧૨॥

હે ભદન્ત ! મશ્કરી પણ મારા માટે હવે સદ્‌ભાવ થયો અર્થાત્ કલ્યાણનું કારણ થયું. રંકપણાથી પણ તોષ પામેલા એવા મને=આત્મિક સંપત્તિથી રહિત એવી દરિદ્ર અવસ્થાથી પણ તોષ પામેલા એવા મને સૌરાજ્ય પ્રાપ્ત થયું=મોક્ષમાર્ગની પ્રાપ્તિરૂપ યોગમાર્ગનું સૌરાજ્ય પ્રાપ્ત થયું. ॥૧૩॥

તેથી જ્યાં સુધી સ્વજન-રાજાદિ મારા માટે આવે નહિ, ત્યાં સુધીમાં અન્યત્ર જઈએ. જો નહિ જઈએ તો બાધા થશે=સ્વજન-રાજાદિનો ઉપદ્રવ થશે. ॥૧૪॥

ગુરુ બોલ્યા, "જો આમ છે તો માર્ગને જોઈ આવ." તે પ્રમાણે જ આણે=શ્રેષ્ઠીપુત્રે કર્યું. ત્યારપછી તે બન્ને=ગુરુ અને શિષ્ય જવા માટે નીકળ્યા. ॥૧૫॥

આચાર્ય પાછળ જાય છે, શિષ્ય આગળ જાય છે. રાત્રીમાં વૃદ્ધપણાથી નહિ જોતા એવા ગુરુ માર્ગમાં સ્ખલના પામ્યા. ॥૧૬॥

રે દુષ્ટ ! શૈક્ષ ! કેવો માર્ગ તારા વડે જોવાયો ? એ પ્રમાણે બોલતા ગુરુએ ક્રોધથી દાંડા વડે માથામાં શિષ્યને માર્યો. ॥૧૭॥

આ રીતે ચંડરોષપણાથી માર્ગમાં ચાલેલા, સ્ખલના પામેલા એવા તે=ગુરુ, ક્ષમાવાળાઓમાં શ્રેષ્ઠ એવા તે શિષ્યને મસ્તક ઉપર આસ્ફોટન કરતા=દાંડાને મારતા જાય છે. ॥૧૮॥

શિષ્ય વળી, ભાવના કરતા હતા. હું મંદ ભાગ્યવાળો છું, જેથી મહાભાગ્યશાળી એવા આ મહાત્મા મહાકષ્ટમાં નંખાયા. ॥૧૯॥

સુખેથી સ્વગચ્છમાં વસતા ભગવાન એવા આ=મારા ગુરુ, પાપી એવા મારા વડે ફોગટ મહાકષ્ટદશાને પ્રાપ્ત કરાયા. ॥૨૦॥

આ પ્રમાણે ભાવના કરતા તેને=શિષ્યને, પ્રશસ્ત ધ્યાનરૂપી અગ્નિ વડે, બળી ગયેલા કર્મરૂપી ઈન્ધનપણું હોવાને કારણે કેવળજ્ઞાન થયું. ॥૨૧॥

તેથી=કેવળજ્ઞાન થયું તેથી, તેને=ગુરુને, તેના બળથી=કેવળજ્ઞાનના બળથી, આ=શિષ્ય, સમ્યગ્ લઈ જવા માટે પ્રવૃત્ત થયો, અને પ્રભાતમાં ટપકતા લોહીથી યુક્ત મસ્તકવાળા એવા તેને=શિષ્યને, તે=ગુરુએ જોઈને આ પ્રમાણે આત્માની નિંદા કરી- "અધન્ય, અપુણ્યવાળો એવો હું છું, જેને રોષરૂપી અગ્નિને શમન કરાવનાર મેઘ જેવો, બહુશ્રુત હોતે છતે અને પરોપદેશમાં દક્ષપણું હોતે છતે અને બહુકાલ સંયમ હોતે છતે, ગુણરત્નોમાં પ્રધાન એવો 'ક્ષાન્તિ' સદ્ગુણ ન થયો. ॥૨૨ થી ૨૪॥

વળી, આ શિષ્ય ધન્ય છે. અહીં=ક્ષમાગુણમાં આ ઉત્તમગુણવાળો છે. અદ્યદીક્ષિત પણ=આજનો દીક્ષિત પણ, તેને કોઈક અપૂર્વ ક્ષમાગુણ છે. ॥૨૫॥

આ પ્રમાણે, સદ્ભાવનાના યોગથી, અપૂર્વ વીર્યોલ્લાસથી આચાર્ય ચંડરુદ્ર પણ કેવલશ્રીને પામ્યા. ॥૨૬॥ (પંચાશક-૧૧. ગા. ૩૫)

**ભાવાર્થ :- એકાદિ ગુણથી હીન પણ સ્વીકારવા યોગ્ય ગુરુમાં ચંડરુદ્રાચાર્યનું દૃષ્ટાંત :**

સમ્યક્ત્વમૂળ પાંચ મહાવ્રતો જેમનાં સુરક્ષિત હોય તેઓ મૂળગુણયુક્ત છે, અને તેવા મૂળગુણયુક્ત સાધુ કોઈક ગુણ માત્રથી રહિત હોય, આમ છતાં ઉપરની ગાથાઓમાં બતાવેલા ગુરુના ઘણા ગુણોથી યુક્ત હોય, તો તેવા ગુરુને વર્તમાનકાળમાં ગુરુ તરીકે સ્વીકારી શકાય. જેમ ચંડરુદ્રાચાર્ય ક્ષમાગુણ વગરના હતા તોપણ ઘણા સંવિગ્ન ગીતાર્થ શિષ્યોને સેવવા યોગ્ય હતા, અને વિશિષ્ટ બહુમાનને યોગ્ય હતા. તેમ વર્તમાનકાળમાં પણ સમ્યક્ત્વ મૂળ પાંચ મહાવ્રતોથી યુક્ત સુસાધુ ગીતાર્થ હોય અને શુદ્ધ પ્રરૂપણા કરતા હોય અને એકાદિ ગુણથી હીન હોય તો તે સાધુ ગુરુપદને યોગ્ય છે. ॥૧૭૮॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૭૭-૧૭૮માં સ્થાપન કર્યું કે કાળના દોષના કારણે મૂળગુણયુક્ત એવા ગુરુપદને યોગ્ય સાધુમાં યત્કિંચિત દોષ હોય તોપણ ગુરુ તરીકે સ્વીકારી શકાય. હવે તેવા ગુણીયલ સાધુમાં પણ કોઈક દોષ દેખાય ત્યારે શિષ્યને શું ઉચિત કર્તવ્ય છે ? તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**मूलगुणसंजुअस्स य, गुरुणो वि य उवसंपया जुत्ता ।**
**दोसलवे वि अ सिक्खा, तस्सुचिया णवरि जं भणिअं ॥१७९॥**

मूलगुणसंयुतस्य च गुरोरपि चोपसम्पदा युक्ता ।
दोषलवेऽपि च शिक्षा, तस्योचिता नवरं यद् भणितम् ॥१७९॥

**ગાથાર્થ :-**

**અને મૂળગુણસંયુક્ત એવા ગુરુની પણ ઉપસંપદા=નિશ્રા, યુક્ત છે. ફક્ત દોષલવમાં પણ= ગુણવાન એવા ગુરુમાં યત્કિંચિત દોષમાં પણ, તેમને=ગુરુને, શિક્ષા ઉચિત છે=વિનયપૂર્વક માર્ગમાં પ્રવર્તાવવાને અનુકૂળ એવો શિષ્યનો યત્ન ઉચિત છે, જે કારણથી કહેવાયું છે. ॥૧૭૯॥**

* '**दोषलवे वि**' માં '**अपि**' થી એ કહેવું છે કે મોટો દોષ હોય તો શિક્ષા ઉચિત છે, પણ દોષલવમાં પણ શિક્ષા ઉચિત છે.

* '**गुरुणो वि**' માં '**अपि**' થી એ કહેવું છે કે મૂળઉત્તરગુણસંયુક્ત એવા ગુરુની તો ઉપસંપદા યુક્ત છે, પરંતુ ઉત્તરગુણસંયુક્ત ન હોય છતાં મૂળગુણસંયુક્ત હોય એવા ગુરુની પણ ઉપસંપદા યુક્ત છે.

**ભાવાર્થ :- ગુણસંપન્ન ગુરુમાં દોષલવની પ્રાપ્તિ થાય ત્યારે શિષ્યના ઉચિત કર્તવ્યની વિધિ :**

કાળના સંયોગના કારણે ગુરુપદને યોગ્ય સર્વગુણોથી યુક્ત ગુરુ ન મળે ત્યારે, મૂળગુણસંયુક્ત, ગુરુપદને યોગ્ય એવા ગુણોવાળા ગુરુની નિશ્રા સાધુને યુક્ત છે, અને તેની નિશ્રામાં રહીને તેમની આજ્ઞાની આરાધના કરે તો તે સાધુમાં યતિનું સાતમું લક્ષણ સંગત થાય. આમ છતાં આરાધક સાધુએ ગુણવાન એવા ગુરુમાં દેખાતા દોષલવની ઉપેક્ષા કરવાની નથી, પરંતુ તેઓ અપ્રમાદથી સંયમયોગમાં યત્નવાળા થાય તદ્અર્થે ઉચિત વિનયપૂર્વક યત્ન કરવાનો છે, અને તે યત્ન કઈ રીતે કરવાનો છે તે સ્વયં ગ્રંથકાર આગળ સાક્ષીગાથાથી બતાવે છે. ॥૧૭૯॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે "જે કારણથી કહેવાયું છે", તેથી સાક્ષીરૂપે તે ગાથા બતાવે છે –**

**ગાથા :-**

**मूलगुणसंपउत्तो, न दोसलवजोगओ इमो हेओ ।**
**महुरोवक्कमओ, पुण, पवत्तिअव्वो जहुत्तंमि ॥१८०॥**

मूलगुणसंप्रयुक्तो न दोषलवयोगतोऽयं हेयः ।
मधुरोपक्रमतः पुनः, प्रवर्तितव्यो यथोक्ते ॥१८०॥

**અન્વયાર્થ :-**

**मूलगुणसंपउत्तो**=મૂળગુણમાં અતિશય ઉદ્યમવાળા, **दोसलवजोगओ**=દોષલવના યોગથી, **इमो**=આ= ગુરુ, **हेओ न**=હેય નથી=ત્યાગ કરવા યોગ્ય નથી. **पुण जहुत्तंमि**=વળી શાસ્ત્રમાં કહેવાયેલા અનુષ્ઠાનમાં **महुरोवक्कमओ**=મધુર ઉપક્રમથી=મધુર વચનથી, **पवत्तिअव्वो**=પ્રવર્તાવવા જોઈએ=શિષ્ય દ્વારા પ્રવર્તાવવા જોઈએ.

**ગાથાર્થ :-**

**મૂળગુણમાં અતિશય ઉદ્યમવાળા ગુરુ દોષલવના યોગથી ત્યાગ કરવા યોગ્ય નથી. વળી શાસ્ત્રમાં કહેવાયેલા અનુષ્ઠાનમાં મધુર વચનથી પ્રવર્તાવવા જોઈએ. ॥૧૮૦॥**

ટીકા :-

मूलगुणाः-पञ्च महाव्रतानि व्रतषट्ककायषट्कादयो वा, तैः सम्यक्-सद्बोधप्रधानं प्रकर्षेण-उद्यमातिशयेन युक्तोऽन्वितो मूलगुणसंप्रयुक्तो गुरुरिति प्रकृतत्वात्सम्बध्यते, न दोषाणाम्-आशुकोपित्व-वचनापाटव-मन्दता-मनाक्प्रमादिताप्रभृतीनां दोषलवाः-दोषलेशास्तद्योगात्तत्सम्बन्धादयं गुरुर्हेयःपरित्याज्यः, तथा चागमः-

''जेयावि मन्दि त्ति गुरुं विइत्ता, डहरे इमे अप्पसुयत्ति नच्चा ।<br>
हीलन्ति मिच्छं पडिवज्जमाणा, कुणंति आसायण ते गुरूणं ॥१॥<br>
पगईइ मन्दावि हवन्ति एगे, डहरावि य जे सुयबुद्धोववेया ।<br>
आयारमन्ता गुणसुट्ठियप्पा, जे हीलिया सिहिरिव भास कुज्जा ॥२॥<br>
जेयावि नागं डहरन्ति नच्चा, आसायए से अहियाय होइ ।<br>
एवायरियंपि हु हीलयन्तो, नियच्छई जाइपहं खु मन्दो ॥३॥<br>
गुरुगुणरहिओ य इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।<br>
नहु गुणमित्तविहूण त्ति, चण्डरुद्दो उदाहरणं ॥४॥''

इत्यागमवचनान्यनुसृत्य मूलगुणशुद्धो गुरुर्न मोक्तव्यः कदाचित् किंचित्प्रमादवांस्तु मधुरोपक्रमत इति तृतीयार्थे पञ्चमी, ततो मधुरोपक्रमेणसुखदोपायेन प्रियवचनाञ्जलिप्रणामपूर्वकम्, 'अनुपकृतपरहितरतैर्भवद्भिः सुष्ठु वयं मोचिता गृहवासपाशात्, तदिदानीमुत्तरोत्तरमार्गप्रवर्त्तनेन निस्तारयतास्माद् भीमभवकान्ताराद्' इत्यादिप्रोत्साहनेन पुनर्भूयोपि प्रवर्त्तयितव्यो यथोक्तमार्गानुसारिण्यनुष्ठाने इति । (धर्मरत्नप्रकरण गा. १३१)

ટીકાર્થ :-

પાંચ મહાવ્રત તે મૂળગુણો છે અથવા વ્રતષટ્ક, કાયષટ્કાદિ તે મૂળગુણ છે અર્થાત્ પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રીભોજનવિરમણવ્રતરૂપ મૂળગુણ અથવા છકાયના પાલનરૂપ મૂળગુણ છે. તેનાથી=મૂળગુણોથી, સમ્યક્=સદ્બોધપ્રધાન, પ્રકર્ષથી=ઉદ્યમના અતિશયથી, યુક્ત એવા=અન્વિત એવા ગુરુ મૂળગુણસંપ્રયુક્ત છે. શીઘ્રકોપીપણું, વચનનું અપાટવ કે વચનની મંદતા કે થોડીક પ્રમાદિતા વગેરે લેશદોષોના યોગથી ગુરુ હેય નથી, અને તે પ્રમાણે આગમ છે.

પૂર્વમાં કહ્યું કે મૂળગુણયુક્ત સાધુ દોષલવના યોગથી ત્યાજ્ય નથી, તે પ્રકારે બતાવનાર આગમ છે. આ આગમનો અર્થ પ્રાકૃત હોવાથી સ્પષ્ટ નથી, માટે લખેલ નથી.

આ પ્રકારના આગમવચનને અનુસરીને મૂળગુણથી શુદ્ધ ગુરુ છોડવા જોઈએ નહિ. ક્યારેક કંઈક પ્રમાદવાળા હોય તો મધુર ઉપક્રમથી=સુખને દેનારા એવા ઉપાય વડે પ્રિયવચનથી, અંજલિના પ્રણામપૂર્વક 'અનુપકૃત પરહિતરત એવા તમારા વડે અમે ગૃહવાસના પાશથી સારી રીતે મુકાવાયા, તે કારણથી હવે ઉત્તર ઉત્તરના માર્ગપ્રવર્તનથી આ સંસારરૂપી અટવીથી અમારો નિસ્તાર કરો,' ઈત્યાદિ પ્રોત્સાહન દ્વારા શાસ્ત્રમાં કહેવાયેલ માર્ગને અનુસરનાર એવા અનુષ્ઠાનમાં ગુરુને ફરી પણ પ્રવર્તાવવા જોઈએ.

**ભાવાર્થ :-**

મૂળ ગાથામાં બતાવ્યું કે પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રીભોજનવિરમણવ્રતરૂપ મૂળગુણથી જે ગુરુ યુક્ત હોય અને કોઈક દોષ વડે ખામીવાળા હોય, ચંડરુદ્રાચાર્યની જેમ શીઘ્રકોપવાળા હોય અથવા ગીતાર્થ હોવા છતાં શાસ્ત્રીય પદાર્થો સમજાવવામાં અપટુ હોય અથવા કોઈક શાસ્ત્રીય સ્થાનમાં નિર્ણય કરવામાં મંદતા હોય અથવા તો થોડાક પ્રમાદી હોય, તોપણ તેવા ગુરુનો ત્યાગ કરવો ઉચિત નથી; પરંતુ વિનયપૂર્વક પોતાને ઉત્તર ઉત્તર સંયમમાર્ગમાં પ્રવર્તાવવા માટે વિનંતી કરીને માર્ગમાં લાવવા યત્ન કરવો જોઈએ.

તેથી એ ફલિત થાય કે કોઈ આચાર્ય કંઈક મંદતાવાળા હોય તોપણ ગીતાર્થ છે અને શિષ્યોને માર્ગમાં પ્રવર્તાવી શકે તેવા છે. તેવા ગુરુના યત્કિંચિત્ દોષને સામે રાખીને ત્યાગ કરવો ઉચિત નથી, પરંતુ તેમના વચનઅનુસાર પ્રવૃત્તિ કરવાથી ગુરુઆજ્ઞાનું આરાધન થાય છે. ॥૧૮૦॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે "મૂળગુણયુક્ત ગીતાર્થગુરુ હોય અને તેમનામાં કાંઈક પ્રમાદઆદિ દોષ દેખાય તોપણ તેમનો ત્યાગ કરવો ઉચિત નથી, પરંતુ વિનયપૂર્વક તેમને માર્ગમાં લાવવા માટે શિષ્યોએ ઉચિત યત્ન કરવો જોઈએ" તે કથનને દૃઢ કરવા માટે શૈલકસૂરિ અને પંથકશિષ્યનું દૃષ્ટાંત બતાવે છે –**

**ગાથા :-**

**पत्तो सुसीससद्दो, एव कुणंतेण पंथगेणावि ।**
**गाढप्पमाइणो वि हु, सेलगसूरिस्स सीसेण ॥१८१॥**

प्राप्तः सुशिष्यशब्द एवं कुर्वता पन्थकेनापि ।
गाढप्रमादिनोऽपि खलु शैलकसूरेः शिष्येण ॥१८१॥

**ગાથાર્થ :-**

**આ પ્રમાણે કરતા એવા=પૂર્વગાથામાં કહ્યું કે ગુણવાન ગુરુ પ્રમાદને વશ હોય તો વિનયપૂર્વક માર્ગમાં લાવવા શિષ્યે યત્ન કરવો જોઈએ, એ પ્રમાણે કરતા એવા, ગાઢ પ્રમાદવાળા એવા પણ શૈલકસૂરિના શિષ્ય પંથકમુનિ વડે પણ સુશિષ્ય શબ્દ પ્રાપ્ત કરાયો. ॥૧૮૧॥**

✱ '**गाढप्पमाइणो वि**' માં '**अपि**' થી એ કહેવું છે કે ગાઢ પ્રમાદી ન હોય તેવા સૂરિના શિષ્યો તો વિનયપૂર્વક ગુરુને માર્ગમાં લાવવા માટે યત્ન કરીને 'સુશિષ્ય' શબ્દને પામે, પરંતુ ગાઢ પ્રમાદી એવા પણ શૈલકસૂરિના શિષ્ય એવા પંથકમુનિ વડે વિનયપૂર્વક ગુરુને માર્ગમાં લાવવા માટે યત્ન કરીને 'સુશિષ્ય' શબ્દ પ્રાપ્ત કરાયો.

**ટીકા :-**

**प्राप्तो-लब्धः सुशिष्य इति शब्दो विशेषणम्, एवं गुरुर्भूयोपि चारित्रे प्रवृत्तिं कारयता पन्थकेन-पन्थकनाम्ना सचिवपुङ्गवसाधुना, अपिशब्दादन्यैरपि तथाविधैः, यतोऽभाणि-**

"सीइज्ज कयावि गुरू, तंपि सुसीसा सुनिउणमहुरेहिं ।
मग्गे ठवन्ति पुणरवि, जह सेलगपंथगो नायं ।"

तमेव विशिनष्टि-गाढप्रमादिनोपि-अतिशयशैथिल्यवतोपि शैलकसूरेः शिष्येणेति व्यक्तमेवेति गाथाक्षरार्थः । भावार्थः कथानकादवसेयः । तच्चेदम्-

कविकुलकलाविकलियं, सेलगपुरमत्थि सेलसिहरं व ।
तत्थ प्पयावसियकित्तिमेलओ सेलओ राया ॥१॥
सद्धम्मकम्मवज्जियछउमा पउमावई पिया तस्स ।
सन्नीइनागवल्लीइ, मंडवो मड्डुगो पुत्तो ॥२॥
चउसुद्धबुद्धिसंसिद्धिपंथगा पंथगाइणो आसि ।
रज्जभरधरणसज्जा, सुमन्तिणो पंचसयसंखा ॥३॥
थावच्चासुयगणहरसमीवपडिवन्नसुद्धगिहिधम्मो ।
सेलगराया रज्जं, तिवग्गसारं चिरं कुणइ ॥४॥
अन्नदिणे थावच्चासुयपहुपयवत्तिसुयसुयगुरुसमीवे ।
पंचहि मंतिसएहिं पंथगपमुहेहि परियरिओ ॥५॥
मड्डुगपुत्ते रज्जं, ठविऊणं गिण्हए वयं राया ।
इक्कारस अंगाइं, अहिज्जिओ वज्जियावज्जो ॥६॥
पंथगपमुहाण तओ, पंचमुणिसयाण नायगो ठविओ ।
सुयमुणिवरेण सेलगरायरिसी जिणसमयविहिणा ॥७॥
सुयसूरी उ महप्पा, समए आहारवज्जणं काउं ।
सिरिविमलसिहरिसिहरे, सहस्ससहिओ सिवं पत्तो ॥८॥
अह सेलगरायरिसी, अणुचियभत्ताइभोगदोसेण ।
दाहजराईतविओ, समागओ सेलगपुरम्मि ॥९॥
उज्जाणंमि पसत्थे, सुभूमिभागंमि तं समोसरियं ।
सोऊण पहिट्ठमणो, विणिग्गओ मड्डुओ राया ॥१०॥
कयवन्दणाइकिच्चो, सरीरवत्तं वियाणिउं गुरुणो ।
विन्नवइ एह भन्ते ! मम गेहे जाणसालासु ॥११॥
भत्तोसहाइएहिं, अहापवत्तेहिं तत्थ तुम्हाणं ।
कारेमि जेण किरियं, धम्मसरीरस्स रक्खट्ठा ॥१२॥

तथा चोक्तम्-

"शरीरं धर्मसंयुक्तं, रक्षणीयं प्रयत्नतः ।
श्रवेच्छरीरतो धर्मः, पर्वतात्सलिलं यथा ॥१३॥
पडिवन्नमिणं गुरुणा, पारद्धा तत्थ उत्तमा किरिया ।
निद्धमहुराइएहिं, आहारेहिं सुविज्जेहिं ॥१४॥
विज्जाण कुसलयाए, पत्थोसहपाणगाइधुवलाभा ।
थेवदियहेहिं एसो, जाओ निरुओ य बलवं च ॥१५॥
नवरं सिणिद्धपेसलआहाराईसु मुच्छिओ धणियं ।
सुहसीलयं पवन्नो, निच्छइ गामंतरविहारं ॥१६॥

बहुसोवि भणिज्जन्तो, विरमइ नो जाव सो पमायाओ ।
ताहे पन्थगवज्जा, मुणिओ मंतंति एगत्थ ॥१७॥
कम्माइं नूण धणचिक्काइं कुडिलाइं वज्जसाराइं ।
नाणड्ढयंपि पुरिसं, पंथाओ उप्पहं निंति ॥१८॥
नाऊण सुयबलेणं, करयलमुत्ताहलं व भुवणयलं ।
अहह निवडन्ति केवि हु, ओपिच्छह कम्मबलियत्तं ॥१९॥
मुत्तूण रायरिद्धिं, मुक्खत्थी ताव एस पव्वइओ ।
संपइ अइप्पमाया विम्हरियपओयणो जाओ ॥२०॥
काले न देइ सुत्तं, अत्थं न कहेइ पुच्छमाणाणं ।
आवस्सगाइ तत्तिं, मुत्तुं बहु मन्नए निद्दं ॥२१॥
सारणवारणपडिचोयणाइ न मणंपि देइ गच्छस्स ।
न य सारणाहरहिए, गच्छे वासो खणंपि खमो ॥२२॥"

तथा चागम :-

जहिं नत्थि सारणा वारणा य पडिचोयणा य गच्छंमि ।
सो उ अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥२३॥
उवगारी य दढमिमो, अम्हाणं धम्मचरणहेउत्ता ।
मुत्तुं धित्तुं च इमं, जुत्त त्ति फुडं न याणामो ॥२४॥
अहवा किं अम्हाणं, कारणरहिएण नीयवासेण ।
गुरुणो वेयावच्चे, पंथगसाहुं निउंजित्ता ॥२५॥
एयं चिय पुच्छित्ता, विहरामो उज्जया वयं सव्वे ।
कालहरणंपि कीरइ, जो वेयइ एस अप्पाणं ॥२६॥
सामत्थिऊण एवं, पंथगसाहुं ठवित्तु गुरुपासे ।
ते सव्वेवि हु मुणिणो, अन्नत्थ सुहं पविहरिंसु ॥२७॥
पंथगमुणीवि गुरुणो, वेयावच्चं जहोचियं कुणइ ।
असवत्तजोगजुत्तो, सया अणूणं च नियकिरियं ॥२८॥
कत्तियचाउम्मासे, सूरी भुत्तूण निद्धमहुराइं ।
परिहरियसयलकिच्चो, सुत्तो नीसट्ठसव्वंगो ॥२९॥
आवस्सगं कुणंतो, पंथगसाहूवि खामणनिमित्तं ।
सीसेण तस्स पाए, आघट्टइ विणयनयनिउणो ॥३०॥
तो कुविओ रायरिसी, जंपइ को एस अज्ज निल्लज्जो ।
पाए आधट्टंतो निद्दाविग्धे मह पयट्टो ? ॥३१॥
रुट्ठं दट्ठुं सूरिं, महुरगिरं पंथगो इय भणेइ ।
चाउम्मासियखामणकए मए दूमिया तुब्भे ॥३२॥
ता एगं अवराहं, खमह न काहामि एरिसं बीयं ।
हुंति खमासीलच्चिय, उत्तमपुरिसा जओ लोए ॥३३॥
इय पंथगमुणिवयणं, आयन्नंतस्स तस्स सूरिस्स ।
सूरुग्गमे तमं पिव, अन्नाणं दूरमोसरियं ॥३४॥

बहुसो निंदिय अप्पं, सविसेसं जायसंजमुज्जोओ ।
खामेइ पंथगमुणिं, पुणो पुणो सुद्धपरिणामो ॥३५॥
बीयदिणे मड्डुगनिवमापुच्छिय दोवि सेलगपुराओ ।
निक्खंता पारद्धा, उग्गविहारेण विहरेउं ॥३६॥
अवगयतव्वुंत्तंता, संपत्ता सेसमंतिमुणिणोवि ।
विहरिय चिरं सुविहिणा, आरूढा पुंडरीयगिरिं ॥३७॥
दोमासकयाणसणो, सेलेसिं काउ सेलगमहेसी ।
पंचसयसमणसहिओ, लोयग्गठियं पयं पत्तो ॥३८॥
एवं पन्थकसाधुवृत्तममलं श्रुत्वा चरित्रोज्ज्वलं,
सज्ज्ञानादिगुणान्वितं गुरुकुलं सेवध्वमुच्चैस्तथा ।
भो भो साधुजना ! गुरोरपि यथा सत्संयमे सीदतो,
निस्ताराय कदाचन प्रभवत स्फूर्जद्गुणश्रेणयः ॥३९॥
॥ इति पन्थकसाधुकथानकम् ॥ (धर्मरत्नप्रकरण गा. १३२)

**ટીકાર્થ :-**

एवं=આ પ્રમાણે ગુરુને ફરી પણ ચારિત્રમાં પ્રવૃત્તિ કરાવતા=પૂર્વ ગાથામાં બતાવ્યું એ રીતે વિનયપૂર્વક ગુરુને ફરી પણ ચારિત્રમાં પ્રવૃત્તિ કરાવતા, પંથક નામના મંત્રીસાધુ વડે સુશિષ્ય શબ્દ વિશેષણરૂપે પ્રાપ્ત કરાયો. ગાથામાં 'अपि' શબ્દથી અન્ય પણ તેવા પ્રકારના સાધુઓ વડે સુશિષ્ય એ પ્રકારનું વિશેષણ પ્રાપ્ત કરાયું, તેનો સંગ્રહ છે.

જે કારણથી કહેવાયું છે-

ક્યારેક ગુરુ સિદાય તો તેમને પણ સુશિષ્યો સુનિપુણ મધુર વચનો વડે ફરી પણ માર્ગમાં સ્થાપન કરે છે, જે પ્રમાણે શૈલકસૂરિ-પંથકશિષ્ય દૃષ્ટાંત છે.

પૂર્વમાં કહ્યું કે પંથકમુનિ વડે 'સુશિષ્ય' એ પ્રકારનો શબ્દ વિશેષણરૂપે પ્રાપ્ત કરાયો. તેને જ=પંથકમુનિને જ, વિશેષરૂપે બતાવે છે- ગાઢ પ્રમાદી પણ=અતિશય શૈથિલ્યવાળા એવા પણ શૈલકસૂરિના શિષ્ય એ પ્રમાણે વ્યક્ત જ એવા પંથકમુનિ વડે 'સુશિષ્ય' શબ્દ પ્રાપ્ત કરાયો, એમ અન્વય છે. ભાવાર્થ કથાનકથી જાણવો, અને તે=કથાનક આ પ્રમાણે છે-

શૈલશિખરની જેમ કવિકુલની કલાઓથી કલિત શૈલકનગર છે. ત્યાં प्पयाव=પ્રતાપ અને 'सियकित्ति= નિર્મળ કીર્તિ, मेलओ=તે બેથી યુક્ત શૈલકરાજા હતા. ॥૧॥

સદ્ધર્મકર્મવાળી અને માયાવર્જિત પદ્માવતી તેની પ્રિયા હતી. સદ્નીતિરૂપ નાગવલ્લીના મંડપ જેવો મંડુકપુત્ર હતો. ॥૨॥

ચાર પ્રકારની શુદ્ધ બુદ્ધિની સંસિદ્ધિના પંથમાં જનારા રાજ્યના ભારને ધરવામાં સજ્જ ૫૦૦ની સંખ્યાવાળા પંથકઆદિ સુમંત્રીઓ હતા. ॥૩॥

થાવચ્ચાપુત્ર નામના ગણધરની સમીપ સ્વીકારાયેલા શુદ્ધ ગૃહસ્થધર્મવાળા એવા શૈલકરાજા ત્રણવર્ગપ્રધાન=ધર્મ, અર્થ અને કામ પ્રધાન એવા રાજ્યને ચિરકાળ સુધી કરે છે. ॥૪॥

થાવચ્ચાપુત્ર નામના ગુરુના પદવર્તી ઉત્તરાધિકારી એવા શુકગુરુ સમીપમાં અન્ય દિવસે પંથક પ્રમુખ પાંચસો મંત્રીઓથી પરિવૃત=યુક્ત, એવા રાજાએ=શૈલકરાજાએ, મંડુકપુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરીને વ્રતને ગ્રહણ કર્યું. વર્જ્યાં છે સર્વ પાપો જેણે એવા શૈલકમુનિ અગિયાર અંગને ભણ્યા. ॥૫-૬॥

તેથી ભગવાનના સિદ્ધાન્તની વિધિને જાણનારા એવા શુકમુનિ વડે શૈલક રાજર્ષિનો પંથક વગેરે ૫૦૦ મુનિઓના નાયક તરીકે સ્થાપન કરાયા. ॥૭॥

મહાત્મા એવા શુકમુનિ સમયે=ઉચિતકાળે, આહારવર્જન કરીને શ્રીવિમલગિરિના શિખર ઉપર હજાર સાધુઓ સહિત મોક્ષને પામ્યા. ॥૮॥

હવે અનુચિત ભક્તાદિ ભોગના દોષથી દાહજ્વરાદિ રોગથી પીડિત થયેલા શૈલકરાજર્ષિ શૈલકપુરમાં આવ્યા. ॥૯॥

પ્રશસ્ત ઉદ્યાનમાં નિર્દોષ ભૂમિભાગમાં તેમને સમોવસરિત જાણીને પ્રશસ્ત મનવાળા મંડુકરાજા આવ્યા. ॥૧૦॥

કૃતવંદનઆદિ કૃત્યવાળા મંડુકરાજા ગુરુના શરીરના વૃત્તાંતને જાણીને, હે ભદન્ત ! મારા ઘરે जाणसालासु=યાનશાળા=વાહનશાળામાં આવો, એ પ્રમાણે વિનંતી કરે છે. ॥૧૧॥

જેથી ત્યાં=મારા ઘરે, તમારા ધર્મશરીરની રક્ષા માટે યથાપ્રવૃત્ત એવા ભક્ત ઔષધાદિ વડે ક્રિયા કરાવું અર્થાત્ નિર્દોષ ઔષધાદિ વડે રોગની ક્રિયાને કરાવું. ॥૧૨॥

અને તે પ્રમાણે કહેવાયું છે- ધર્મસંયુક્ત શરીરનું પ્રયત્નથી રક્ષણ કરવું જોઈએ, જે પ્રમાણે પર્વતથી પાણી ઝરે તે પ્રમાણે શરીરથી ધર્મ ઝરે=શરીરથી ધર્મ થઈ શકે. ॥૧૩॥

આ=મંડુકરાજાનું આ વચન, ગુરુ વડે સ્વીકારાયું. ત્યાં=મંડુકરાજાની વાહનશાળામાં, સુવૈદ્યથી સ્નિગ્ધ-મધુર આહારાદિથી, ઉત્તમ ક્રિયા=ઉત્તમ ચિકિત્સા, પ્રારબ્ધ કરાઈ=પ્રારંભ કરાઈ. ॥૧૪॥

વૈદ્યોની કુશળતાથી પથ્ય ઔષધ-પાનગઆદિના ધ્રુવલાભથી થોડા દિવસોમાં આ=સૂરિ નિરોગી અને બળવાન થયા. ॥૧૫॥

ફક્ત સ્નિગ્ધ, પેસલ=મનોહર આહાર આદિમાં અત્યંત મૂર્છિત થયા. સુખશીલપણાને પ્રાપ્ત થયેલા તે સૂરિ ગ્રામાંતરના વિહારને ઇચ્છતા નથી. ॥૧૬॥

ઘણી વખત કહેવા છતાં પણ તે સૂરિ પ્રમાદથી વિરામ પામતા નથી ત્યારે પંથકને છોડીને બીજા મુનિઓ એકત્ર થઈને મંત્રણા કરે છે=વિચારણા કરે છે. ॥૧૭॥

ખરેખર ઘન, ચીકણાં કુટિલ વજ્રસાર એવાં કર્મો, જ્ઞાનથી સમૃદ્ધ એવા પુરુષને પંથથી ઉત્પથ=ઉન્માર્ગમાં લઈ જાય છે. ॥૧૮॥

કરતલમાં રહેલા મુક્તાફળની જેમ ભુવનતલને શ્રુતબળથી જાણીને કેટલાક નીચે પડે છે. કર્મનું બલિતપણું જુઓ. ॥૧૯॥

રાજઋદ્ધિને મૂકીને મોક્ષાર્થી આ=શૈલકસૂરિ પ્રવ્રજિત થયા. હમણાં અતિપ્રમાદથી વિસ્મરિત પ્રયોજનવાળા થયા. ॥૨૦॥

કાળે સૂત્રને આપતા નથી, પૂછતા એવા સાધુઓને અર્થને કહેતા નથી, આવશ્યકાદિ કાર્યોમાં તૃપ્તિને છોડીને નિદ્રાને બહુમાને છે. ॥૨૧॥

ગચ્છને સારણા, વારણા, પડિચોયણાદિ થોડી પણ દેતા નથી અને સારણાદિ રહિત ગચ્છમાં ક્ષણ પણ વાસ ક્ષમ=યોગ્ય નથી. ॥૨૨॥

**અને તે રીતે આગમ છે :**

જે ગચ્છમાં સારણા, વારણા, પડિચોયણાદિ નથી તે ગચ્છ અગચ્છ છે, સંયમની કામનાવાળાઓએ છોડી દેવો જોઈએ. ॥૨૩॥

ધર્મના સેવનના હેતુ હોવાથી આ=શૈલકસૂરિ, અમારા અત્યંત ઉપકારી છે. આમને=શૈલકસૂરિને મૂકી દેવા કે પકડી રાખવા યુક્ત છે ? એ પ્રમાણે સ્પષ્ટ અમે જાણતા નથી. ॥૨૪॥

અથવા કારણરહિત અમારા નિજ વાસ વડે શું ? ગુરુની વૈયાવચ્ચમાં પંથકસાધુને નિયોજન કરીને એમને જ=પંથક સાધુને જ, પૂછીને આપણે સર્વ ઉદ્યત વિહારવાળા થઈએ. જ્યાં સુધી આ=શૈલકસૂરિ, પોતાના આત્માને જાણે ત્યાં સુધી કાળહરણ=કાળક્ષેપ, પણ કરવો જોઈએ. ॥૨૫-૨૬॥

આ પ્રમાણે સમર્થન કરીને પંથકસાધુને ગુરુ પાસે સ્થાપન કરીને તે સર્વ પણ મુનિઓએ અન્યત્ર સુખપૂર્વક વિહાર કર્યો=સંયમની વૃદ્ધિ થાય તે રીતે વિહાર કર્યો. ॥૨૭॥

પંથકમુનિ પણ ગુરુના યથોચિત વૈયાવચ્ચને અને અસપત્નયોગ યુક્ત અણૂણં=અન્યૂન=ખામી વગરની, સદા નિજ ક્રિયાને કરે છે. ॥૨૮॥

કાર્તિક ચાતુર્માસમાં પરિહાર કર્યો છે સકલ ક્રિયાઓના કૃત્યોનો જેણે એવા સૂરિ, સ્નિગ્ધ-મધુર આહાર વાપરીને લંબાવેલા સર્વ અંગવાળા સૂતા. ॥૨૯॥

વિનય કરવામાં નિપુણ એવા, આવશ્યકને કરતા પંથકસાધુ પણ ક્ષમાપનાના નિમિત્તે એમના પગમાં=ગુરુના પગમાં, શિર વડે સ્પર્શ કરે છે. ॥૩૦॥

તેથી કુપિત થયેલા રાજઋષિ બોલે છે : "કોણ આ નિર્લજ્જ આર્ય, પગને સ્પર્શ કરતો મારી નિદ્રાના વિઘ્નમાં પ્રવૃત્ત છે ? ॥૩૧॥

સૂરિને રુષ્ટ જોઈને પંથકસાધુ મધુરવાણી વડે આ પ્રમાણે કહે છે : "ચાતુર્માસિક ક્ષામણા માટે મારા વડે તમે દુભાયા." ॥૩૨॥

"તે કારણથી એક અપરાધને ક્ષમા કરો. આવા પ્રકારના બીજા અપરાધને હું કરીશ નહિ, જે કારણથી લોકમાં ક્ષમાશીલ જ ઉત્તમ પુરુષો હોય છે." ॥૩૩॥

આ પ્રમાણે પંથકમુનિના વચનને સાંભળતા જેમ સૂર્યના ઉદયથી રાત્રીનો અંધકાર દૂર થાય તેમ તે સૂરિનું અજ્ઞાન દૂર થયું. ॥૩૪॥

વારંવાર આત્માની નિંદા કરીને સવિશેષ સંયમમાં ઉદ્યમવાળા થયેલા શુદ્ધ પરિણામવાળા એવા શૈલકસૂરિ ફરી ફરી પંથકમુનિને ખમાવે છે. ॥૩૫॥

બીજા દિવસે મંડુકરાજાને પૂછીને બન્ને પણ શૈલકનગરથી નીકળીને ઉગ્ર વિહારથી વિહરવા માટે પ્રારબ્ધ થયા=પ્રારંભ કર્યો. ॥૩૬॥

અવગત=જાણ્યો છે તેમનો વૃત્તાંત એવા શેષ મુનિઓ પણ સંપ્રાત થયા=શૈલક અને પંથકમુનિ સાથે ભેગા થયા. સુવિધિથી લાંબો સમય વિહાર કરીને પુંડરિકગિરિ આરુઢ થયા. ॥૩૭॥

બે મહિનાના કરાયેલા અણસણવાળા, ૫૦૦ શ્રમણ સહિત શૈલક મહર્ષિ શૈલેશી કરીને=યોગનિરોધ કરીને લોકાગ્રસ્થિતપદને=મોક્ષપદને, પામ્યા. ॥૩૮॥

આવા સ્વરૂપવાળું નિર્મળ ચારિત્રથી ઉજ્જ્વળ પંથકસાધુનું વૃત્તાંત સાંભળીને હે સાધુજનો ! સદ્જ્ઞાનાદિ ગુણોથી અન્વિત એવા ગુરુકુળને અત્યંત તે પ્રકારે સેવો, જે પ્રકારે સ્ફૂર્જદ્ગુણ શ્રેણીવાળા એવા=ઉલ્લસિત ગુણશ્રેણીવાળા એવા તમો બધા, ક્યારેક સદ્સંયમમાં સિદાતા ગુરુના પણ નિસ્તાર માટે સમર્થ બનો. ॥૩૯॥

પંથકસાધુનું કથાનક સમાપ્ત થયું. (ધર્મરત્નપ્રકરણ ગાથા-૧૩૨)

**ભાવાર્થ :- ગુરુના હિતને કરનાર પંથકમુનિનું દૃષ્ટાંત :**

શૈલકસૂરિ નિમિત્તને પામીને સંયમયોગમાં અત્યંત પ્રમાદવાળા થયા, પરંતુ ગુણવાન એવા શિષ્ય પંથક, શૈલકસૂરિના ગુણોને જાણતા હતા અને પોતાને માર્ગમાં પ્રવર્તાવવામાં પોતાના ઉપર ગુરુએ કરેલ ઉપકાર પણ જાણતા હતા. પંથકમુનિ પોતે સંયમયોગમાં અપ્રમાદી હતા, અને સંયમયોગ હંમેશાં ઉચિત પ્રવૃત્તિ કરાવનાર છે; તેથી સંયમમાં અત્યંત અપ્રમાદી એવા પંથકમુનિએ વિવેકપૂર્વક ગુરુને માર્ગમાં લાવીને પોતે સુશિષ્ય છે તેવી ખ્યાતિને પ્રાપ્ત કરી. ॥૧૮૧॥

**અવતરણિકા :-**

ગાથા-૧૮૦માં કહ્યું કે "મૂળગુણોથી યુક્ત ગુરુ દોષલવને કારણે ત્યાગ કરવા યોગ્ય નથી, પરંતુ સુંદર શબ્દો દ્વારા શિષ્યે તેમને માર્ગમાં લાવવા યત્ન કરવો જોઈએ" અને તેમાં દૃષ્ટાંતરૂપે ગાથા-૧૮૧માં બતાવ્યું કે શૈલકસૂરિના શિષ્ય પંથકમુનિ ગુરુને માર્ગમાં લાવ્યા.

આ દૃષ્ટાંતમાં પ્રશ્ન થાય કે જેમ પંથકમુનિએ ગુરુને માર્ગમાં લાવવા પ્રયત્ન કર્યો, તેમ અન્ય ૫૦૦ શિષ્યોએ ગુરુને માર્ગમાં લાવવા પ્રયત્ન કેમ ન કર્યો ? ઈત્યાદિ શંકા ગાથા-૧૮૨, ૧૮૩, ૧૮૪માં કરીને ગાથા-૧૮૫માં તેનો ઉત્તર આપતાં સમાધાન કરે છે –

**ગાથા :-**

**नणु सेलगसेवाए, जइ लद्धं सेलगस्स सीसत्तं ।**
**तं मुत्तूण गयाणं, ता पंचसयाण तमलद्धं ॥१८२॥**

ननु शैलकसेवायां यदि लब्धं शैलकस्य शिष्यत्वम् ।
तं मुक्त्वा गतानां तस्मात्पञ्चशतानां तदलब्धम् ॥१८२॥

**ગાથાર્થ :-**

**શૈલકની સેવામાં જો શૈલકનું શિષ્યપણું પ્રાપ્ત કરાયું=પંથક મુનિ વડે પ્રાપ્ત કરાયું, તો તેને= શૈલકસૂરિને મૂકીને ગયેલા ૫૦૦ શિષ્યો વડે, તે=શિષ્યપણું અપ્રાપ્ત કરાયું. ॥૧૮૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં બતાવ્યું એ પ્રમાણે પ્રમાદમાં પડેલા શૈલકસૂરિની સેવામાં રહીને પંથકમુનિએ પોતાના શિષ્યપણાની ફરજ અદા કરી, તો પંથકમુનિ સિવાયના ૫૦૦ શિષ્યોએ ગુરુને છોડી વિહાર કર્યો, તેથી તે ૫૦૦ શિષ્યોએ પોતાની શિષ્યપણાની ફરજ અદા કરી નથી તેવો અર્થ ફલિત થાય. આ પ્રકારની શંકા '**ननु**' થી પ્રસ્તુત ગાથામાં કરી છે. તેનું સમાધાન સ્વયં ગ્રંથકાર આપશે. ॥૧૮૨॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં શંકા કરી કે "જેમ પંથકમુનિએ ગુરુને છોડ્યા નહિ તેથી પોતે સુશિષ્ય છે તેવી ખ્યાતિને પ્રાપ્ત કરી, તો ગુરુને છોડીને વિહાર કરનાર અન્ય ૫૦૦ શિષ્યો સુશિષ્ય નથી" એમ અર્થથી ફલિત થાય છે –**

**વળી, બીજી પણ શંકા કરતાં કહે છે –**

**ગાથા :-**

**तस्स य मूलगुणेसु, संतेसु वि दुण्ह गमणठाणाई ।**
**तेसिं तस्स य जुत्ति-क्खमाइ कइ होंति वेहम्मा ॥१८३॥**

तस्य मूलगुणेषु च सत्स्वपि गमनस्थानादीनि ।
तेषां तस्य च युक्तिक्षमाणि कथं भवन्ति वैधर्म्यात् ॥१८३॥

**ગાથાર્થ :-**

**અને તેને=શૈલકસૂરિને, મૂળગુણ હોતે છતે પણ તેઓને=૫૦૦ શિષ્યોને, અને તેને=પંથકમુનિને, બન્નેને ગમન અને સ્થાન કેવી રીતે યુક્તિક્ષમ થાય ? અર્થાત્ ન થાય; કેમ કે વૈધર્મ્ય છે=પાંચસોનું ગુરુને છોડવું અને એકનું ગુરુને નહિ છોડવું, એ રૂપ વૈધર્મ્ય છે. ॥૧૮૩॥**

**ભાવાર્થ :-**

શૈલકસૂરિ જ્યારે પ્રમાદવશ થયા ત્યારે તેમનામાં મૂળગુણ છે કે નહિ એ પ્રકારના બે વિકલ્પ થઈ શકે છે.

જો તેમનામાં મૂળગુણ વિદ્યમાન હોય તો ગાથા-૧૮૦માં કહ્યું એ પ્રમાણે ૫૦૦ શિષ્યોએ મૂળગુણયુક્ત એવા ગુરુનો ત્યાગ કરવો ઉચિત ગણાય નહિ, છતાં પણ ૫૦૦ શિષ્યો તેમને છોડીને ગયા તે તેમણે ઉચિત કર્યું તેમ કહી શકાય નહિ.

જો શૈલકસૂરિમાં મૂળગુણ વિદ્યમાન ન હતા માટે ૫૦૦ શિષ્યો તેમને છોડીને ગયા તેમ સ્વીકારીએ, તો શૈલકસૂરિમાં મૂળગુણના અભાવને કારણે જેમ ૫૦૦ શિષ્યોને તે ગુરુનો ત્યાગ કરવો ઉચિત હતો, તેમ પંથકમુનિને પણ તે ગુરુનો ત્યાગ કરવો ઉચિત હતો; છતાં પણ પંથકમુનિએ તે ગુરુનો ત્યાગ ન કર્યો તે ઉચિત કર્યું નથી, તેમ સ્વીકારવું પડે.

વળી, ૫૦૦ શિષ્યો આરાધક હોય તો તેઓએ ગુરુનો ત્યાગ કરવો જોઈએ નહિ; કેમ કે શાસ્ત્રકારોએ પંથકમુનિની પ્રવૃત્તિને ઉચિત પ્રવૃત્તિ કહી છે. તેથી ૫૦૦ શિષ્યોએ ત્યાગ કર્યો તે ઉચિત પ્રવૃત્તિ છે તેમ કહી શકાય નહિ. આ પ્રકારની શંકા કરીને તેનું સમાધાન સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં કરશે. ॥૧૮૩॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૮૨-૧૮૩માં બે શંકાઓ કરી. એ બન્ને શંકાઓ ધર્મરત્નપ્રકરણ ગ્રંથના કથનથી કઈ રીતે પ્રાપ્ત થાય, તે બતાવે છે –**

**ગાથા :-**

**मूलगुणसंजुअस्स य, दोसे वि अवज्जणं उवक्कमिउं ।**
**धम्मरयणंमि भणिअं, पंथगणायंति चिंतमिणं ॥१८४॥**

मूलगुणसंयुतस्य च दोषेऽपिवर्जनमुपक्रम्य ।
धर्मरत्ने भणितं पन्थकज्ञातमिति चिन्त्यमिदम् ॥१८४॥

**ગાથાર્થ :-**

**દોષ હોતે છતે પણ મૂલગુણ સંયુક્ત એવા ગુરુના અવર્જનનો ઉપક્રમ કરીને ધર્મરત્નપ્રકરણમાં પંથકનું દૃષ્ટાંત=શૈલકસૂરિ અને પંથકમુનિનું દૃષ્ટાંત કહેવાયું છે. એથી કરીને આ=ગાથા-૧૮૨-૧૮૩માં કહ્યું એ ચિંત્ય છે=વિચારણીય છે. ॥૧૮૪॥**

* **'दोसे वि'** માં **'अपि'** થી એ કહેવું છે કે દોષ ન હોય તો તેવા ગુરુનું તો અવર્જન કરવું શિષ્ય માટે ઉચિત છે, પરંતુ દોષ હોવા છતાં પણ મૂળગુણયુક્ત ગુરુનું પણ અવર્જન કરવું ઉચિત છે.

**ભાવાર્થ :-**

''કોઈ ગુરુ મૂળગુણયુક્ત હોય અને ઉત્તરગુણમાં પ્રમાદી હોય તો તેવા ગુરુનું સુશિષ્યોએ વર્જન કરવું જોઈએ નહિ'' આ પ્રકારનો ધર્મરત્નપ્રકરણ ગ્રંથમાં ઉપક્રમ કરીને તે કથનને દઢ કરવા માટે શૈલકસૂરિ અને પંથકમુનિનું દૃષ્ટાન્ત આપેલ છે, અને તે રીતે દૃષ્ટાંતનો વિચાર કરીએ તો ગાથા-૧૮૨-૧૮૩માં કહ્યું એ પ્રકારના પ્રશ્નો ચિંત્ય બને છે, તે આ રીતે-

જ્યારે શૈલકસૂરિ પ્રમાદવાળા થયા ત્યારે જો શૈલકસૂરિ મૂળગુણયુક્ત હોય તો તેવા ગુરુનો ત્યાગ જેમ પંથકમુનિને કરવો ઉચિત નથી, તેમ અન્ય ૫૦૦ શિષ્યોને પણ તેવા ગુરુનો ત્યાગ કરવો ઉચિત

નથી. આમ છતાં ૫૦૦ શિષ્યોએ ત્યાગ કર્યો, તેથી તેઓ સુશિષ્યો નથી તેવો અર્થ પ્રાપ્ત થાય; અને જો ૫૦૦ શિષ્યોએ ત્યાગ કર્યો તે ઉચિત છે એમ સ્વીકારીએ તો પંથકમુનિએ પણ તેવા ગુરુનો ત્યાગ કરવો ઉચિત ગણાય.

વળી, શૈલકસૂરિમાં મૂળગુણો હોવા છતાં ઉત્તરગુણો નહિ હોવાના કારણે ૫૦૦ શિષ્યોએ ત્યાગ કર્યો તે ઉચિત છે, અને પંથકમુનિએ તે ગુરુનો અત્યાગ કર્યો તે પણ ઉચિત છે, તો બન્ને કથન કઈ રીતે સંગત થાય ? આ બધી વસ્તુ ચિંત્ય છે અર્થાત્ વિચારવા જેવી છે, એ પ્રમાણે ગાથા-૧૮૨ થી ૧૮૪ સુધી શંકા કરીને હવે પછી ગ્રંથકાર તેનું સમાધાન કરે છે. ॥૧૮૪॥

**અવતરણિકા :-**

**ધર્મરત્નપ્રકરણ ગ્રંથમાં બતાવેલ પંથકમુનિના દૃષ્ટાંતમાં ઉદ્ભવેલી શંકાને ગાથા-૧૮૨થી ૧૮૪ સુધી બતાવીને તેનું હવે સમાધાન કરે છે –**

**ગાથા :-**

**भन्नइ पंचसयाणं, चरणं तुल्लं च पंथगस्सावि ।**
**अहिगिच्च उ गुरुरायं, विसेसिओ पंथओ तहवि ॥१८५॥**

भण्यते पञ्चशत्याश्चरणं तुल्यं च पन्थकस्यापि ।
अधिकृत्य च गुरुरागं, विशेषितः पन्थकस्तथापि ॥१८५॥

**ગાથાર્થ :-**

**भन्नइ=કહેવાય છે=ગાથા-૧૮૨ થી ૧૮૪ સુધી ઉદ્ભવેલા પ્રશ્નોના ઉત્તર કહેવાય છે, ૫૦૦ શિષ્યોનું અને પંથકનું પણ ચારિત્ર તુલ્ય છે=ચારિત્રમાં સર્વ અપ્રમાદી છે, તોપણ ગુરુરાગને આશ્રયીને પંથક વિશેષિત છે=પંથકમુનિને અન્ય સાધુઓ કરતાં ગુરુરાગ અધિક છે. ॥૧૮૫॥**

**ભાવાર્થ :-**

શૈલકસૂરિના ૫૦૦ શિષ્યો અને પંથકમુનિ બધા ભાવથી ચારિત્રના પરિણામવાળા હતા. તેથી સર્વ ઉચિત પ્રવૃત્તિ કરનારા હતા. માટે જેમ પંથકમુનિ ચારિત્રના પરિણામને કારણે ઉચિત પ્રવૃત્તિ કરનારા હતા તેમ ૫૦૦ સાધુઓ પણ ચારિત્રના પરિણામને કારણે ઉચિત પ્રવૃત્તિ કરનારા હતા. તેથી જેમ પંથકમુનિમાં ગુણવાનને પરતંત્રતારૂપ શિષ્યભાવ હતો, તેમ ૫૦૦ શિષ્યોમાં પણ ગુણવાનને પરતંત્રતારૂપ શિષ્યભાવ હતો. માટે ગાથા-૧૮૨માં કહ્યું કે શૈલકસૂરિની સેવામાં રહેલા પંથકમુનિમાં શૈલકસૂરિનું શિષ્યપણું છે, તો શૈલકસૂરિને છોડીને જનારા ૫૦૦ શિષ્યોમાં શૈલકસૂરિનું શિષ્યપણું નથી તેનું સમાધાન થઈ જાય છે; કેમ કે પંથકમુનિની જેમ ૫૦૦ શિષ્યો પણ ચારિત્રના પરિણામવાળા હોવાથી ગુણવાનને પરતંત્ર રહેવાના ભાવવાળા હતા, માટે તેઓમાં પણ શિષ્યભાવ હતો.

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રનો પરિણામ હોવાથી ઉચિત પ્રવૃત્તિ કરનારા હોવાને કારણે જેમ પંથકમુનિએ ગુરુનો ત્યાગ કર્યો નહિ, તેમ ૫૦૦ શિષ્યોએ પણ ગુરુનો ત્યાગ કરવો જોઈતો ન હતો; પરંતુ ગુરુ પ્રમાદી

હોવાને કારણે ચારિત્રના પરિણામવાળા એવા પણ ૫૦૦ શિષ્યોએ ગુરુને છોડ્યા, તો તેની જેમ પંથકમુનિ પણ ગુરુને છોડીને કેમ ગયા નહિ ? તેનું સમાધાન ગાથાના ઉત્તરાર્ધથી કરે છે-

પંથકમુનિને ગુરુનો રાગ અધિક હતો. માટે પંથકમુનિ તેવા સંયોગમાં પણ ગુરુના હિત અર્થે ગુરુ સાથે રહ્યા, અને અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમશીલ થયા.

વળી, ૫૦૦ શિષ્યો

**"जहिं नत्थि सारणा वारणा य पडिचोयणा य गच्छंमि ।**

**सो उ अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥"**

એ પ્રકારના આગમવચનનું સ્મરણ કરીને='જે ગચ્છમાં સારણા-વારણાદિ ન હોય તે ગચ્છનો ત્યાગ કરવો જોઈએ' તેમ વિચારીને પોતાનામાં પ્રમાદભાવ ન આવે અને અપ્રમાદની વૃદ્ધિ થાય તે માટે શાસ્ત્રાનુસારી નવકલ્પી વિહારમાં ઉદ્યમ કર્યો; કેમ કે શૈલકસૂરિ મૂળગુણયુક્ત હોવા છતાં ઉત્તરગુણમાં અત્યંત પ્રમાદવાળા હતા. તેથી ગચ્છમાં સારણાવારણાદિ કરતા ન હતા અને વાચના પણ આપતા ન હતા; આમ છતાં, પંથકમુનિ ગુરુ પ્રત્યે અત્યંત રાગવાળા હતા, તેથી પંથકમુનિને ગુરુની વૈયાવચ્ચની ઉચિત જવાબદારી સોંપીને ચારિત્રમાં અપ્રમાદભાવવાળા ૫૦૦ શિષ્યોએ ગુરુનો ઉચિત વિધિથી ત્યાગ કર્યો. માટે તેમનો ત્યાગ સંયમની મલિનતાનું કારણ ન બન્યો. તેથી જેમ પંથકમુનિને ગુરુ સાથે રહીને સંયમની શુદ્ધિની પ્રાપ્તિ થઈ, તેમ ૫૦૦ શિષ્યોને વિધિપૂર્વક ગુરુનો ત્યાગ કરવાથી પણ સંયમની શુદ્ધિની પ્રાપ્તિ થઈ. આથી ૫૦૦ શિષ્યો અને પંથકમુનિ ભાવથી ચારિત્રી હોવાથી દરેકમાં સુશિષ્યપણું સમાન છે, તોપણ ગુરુ પ્રત્યે અતિશય રાગને કારણે પંથકમુનિ ગુરુરાગના અંશથી અન્ય સાધુ કરતાં વિશેષ છે, એમ ગાથામાં કહેલ છે.

વળી, ગાથા-૧૮૩માં શંકા કરેલી કે શૈલકસૂરિમાં મૂળગુણ હોતે છતે જેમ પંથકમુનિને શૈલકસૂરિનો ત્યાગ કરવો ઉચિત નથી, તો ૫૦૦ શિષ્યોને પણ ગુરુનો ત્યાગ કરવો ઉચિત નથી. તેનું પણ સમાધાન આ કથનથી થઈ જાય છે. તે આ રીતે–

શૈલકસૂરિ મૂળગુણયુક્ત હોવા છતાં ઉત્તરગુણમાં અત્યંત પ્રમાદવાળા હતા. તેથી ગચ્છમાં સારણાવારણાદિ કરતા ન હતા અને વાચના પણ આપતા ન હતા. વળી, ૫૦૦ શિષ્યોએ તેમને વાચનાદિ આપવા માટે અનેક વખત કહ્યું તેમ છતાં શૈલકસૂરિ વાચનાદિ આપવામાં ઉત્સાહિત ન થયા. માટે ૫૦૦ શિષ્યોએ શાસ્ત્રવચનોનું સ્મરણ કરીને ગુરુ પ્રત્યે અત્યંત રાગવાળા પંથકમુનિને ગુરુની વૈયાવચ્ચનું કાર્ય ભળાવીને પોતે અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમવાળા થયા. તેથી મૂળગુણવાળા તે ગુરુનો પણ ઉચિત રીતે ત્યાગ કરેલ હોવાથી ૫૦૦ શિષ્યો માટે તે ત્યાગ દોષનું કારણ બનતું નથી; અને પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે ૫૦૦ શિષ્યોનું અને પંથકમુનિનું પણ ચારિત્ર તુલ્ય છે, તે કથનથી પણ ૫૦૦ શિષ્યોનો પણ ગુરુનો ત્યાગ દોષનું કારણ નથી, એ અર્થ ફલિત થાય છે; અને જો તે દોષનું કારણ હોય તો ૫૦૦ શિષ્યોનું ચારિત્ર પંથકમુનિના ચારિત્રની તુલ્ય છે તેમ કહી શકાય નહિ. ॥૧૮૫॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે "ગુરુરાગને આશ્રયીને પંથકમુનિ વિશેષ છે." ત્યાં પ્રશ્ન થાય કે શું ૫૦૦ શિષ્યોને ગુરુરાગ ન હતો ? જો ગુરુરાગ ન હોય તો ચારિત્ર કઈ રીતે સંભવે ? તેથી કહે છે –

**ગાથા :-**

**णियमेण चरणभावा, पंचसयाणं पि जइ वि गुरुराओ ।**
**तहवि अ परिणामवसा, उक्किट्ठो पंथगस्सेसो ॥१८६॥**

नियमेन चरणभावात्पञ्चशत्या अपि यद्यपि गुरुरागः ।
तथापि च परिणामवशादुत्कृष्टः पन्थकस्यैषः ॥१८६॥

**ગાથાર્થ :-**

**૫૦૦ શિષ્યોને પણ ચારિત્રનો ભાવ હોવાને કારણે જોકે નિયમથી ગુરુરાગ છે, તોપણ પરિણામના વશથી આ=ગુરુરાગ, પંથકને ઉત્કૃષ્ટ છે. ॥૧૮૬॥**

**ભાવાર્થ :- શૈલકસૂરિના ૫૦૦ શિષ્યો કરતાં પંથકમુનિને ગુરુ પ્રત્યે ઉત્કટરાગ :**

૫૦૦ શિષ્યો ચારિત્રના પરિણામવાળા હતા અને ચારિત્રનો પરિણામ સર્વત્ર સમભાવવાળો હોય છે, અને સરાગ ચારિત્રવાળાનો સમભાવનો પરિણામ ગુણ પ્રત્યેના રાગથી અને દોષ પ્રત્યેના દ્વેષથી યુક્ત હોય છે. તેથી જે ગુરુએ શાસ્ત્રો ભણાવીને પોતાના ઉપર મહાન ઉપકાર કર્યો છે તેવા શૈલકગુરુ પ્રત્યે નિયમા ૫૦૦ શિષ્યોને રાગ હતો. જો ઉપકારી એવા પણ ગુરુ પ્રત્યે રાગ ન હોય, અને ૫૦૦ શિષ્યો માત્ર સ્વાર્થવૃત્તિવાળા હોય, તો ચારિત્રનો પરિણામ રહી શકે નહિ. વળી, શાસ્ત્ર ૫૦૦ શિષ્યોમાં ચારિત્રનો પરિણામ હતો તેમ સ્વીકારે છે. તેથી ઉપકારી એવા ગુરુ પ્રત્યે ૫૦૦ શિષ્યોને અવશ્ય રાગ હતો, તોપણ પરિણામવિશેષને કારણે પંથકમુનિને ઉત્કૃષ્ટ રાગ હતો.

જેમ સંયમી સાધુને સર્વ ઉચિત યોગો પ્રત્યે રાગ હોય છે, તોપણ જે યોગ પોતે વિશેષથી સેવી શકતા હોય તે યોગ પ્રત્યે કોઈકને અધિક પણ રાગ હોય છે, તેથી અપ્રમાદભાવથી તે યોગમાં દૃઢ યત્ન કરી શકે છે; તેમ પંથકમુનિને પણ સર્વ ઉચિત યોગો પ્રત્યે રાગ હતો, તોપણ ગુણવાન અને ઉપકારી એવા ગુરુ પ્રત્યે અત્યંત રાગ હતો. તેથી પંથકમુનિ ગુરુના હિતની અધિક ચિંતા કરીને ગુરુ સાથે રહીને સંયમયોગમાં અપ્રમાદ માટે યત્ન કરીને વિશેષ નિર્જરા કરી શક્યા; અને ઉપકારી એવા ગુરુ પ્રત્યે ૫૦૦ શિષ્યોને પણ રાગ હતો, આથી અનેક વખત વાચનાદિમાં યત્ન કરવા માટે ગુરુને વિવેકપૂર્વક પ્રાર્થના કરતા હતા. આમ છતાં ગુરુ અપ્રમાદી થઈને વાચના માટે ઉદ્યમવાળા ન થયા ત્યારે સંયમમાં અપ્રમાદની વૃદ્ધિ અર્થે શાસ્ત્રવચનનું સ્મરણ કરીને અને પંથકમુનિને ગુરુની વૈયાવચ્ચનું કૃત્ય ભળાવીને ૫૦૦ શિષ્યોએ વિહાર કર્યો. તેથી પંથકમુનિ જેવો ઉત્કૃષ્ટ રાગ નહિ હોવા છતાં તેઓના સંયમમાં લેશ પણ મ્લાનિ થયેલ નથી. આથી જ ૫૦૦ શિષ્યોને પણ ચારિત્રની શુદ્ધિ હતી. ॥૧૮૬॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે ચારિત્રનો પરિણામ હોવાને કારણે ૫૦૦ શિષ્યો અને પંથકમુનિને ગુરુ પ્રત્યે રાગ હતો, આમ છતાં પંથકમુનિને વિશેષ રાગ હતો. ત્યાં પ્રશ્ન થાય કે જો સર્વને ચારિત્રનો પરિણામ હોય તો સર્વને ગુરુ પ્રત્યે સમાન રાગ હોવો જોઈએ. એકને અધિક રાગ કેમ સંભવે ? તેથી કહે છે –

**ગાથા :-**

**ण य एअं दुण्णेयं, जं गोसालोवसग्गिए नाहे ।**
**अण्णाविक्खाइ सुओ, बाढं रत्तो सुणक्खत्तो ॥१८७॥**
न चैतद् दुर्ज्ञेयं यद् गोशालोपसर्गिते नाथे ।
अन्यापेक्षया श्रुतो बाढं रक्तः सुनक्षत्रः ॥१८७॥

**ગાથાર્થ :-**

**અને આ=૫૦૦ શિષ્ય કરતાં પંથકમુનિને અધિક ગુરુરાગ હતો એ, દુર્જ્ઞેય નથી=ન જાણી શકાય તેવું નથી, જે કારણથી ગોશાળા વડે ઉપસર્ગ કરાયેલા વીર ભગવાનમાં અન્ય સાધુઓની અપેક્ષાએ સુનક્ષત્ર સાધુ અત્યંત રક્ત=અત્યંત રાગવાળા શાસ્ત્રમાં સંભળાય છે. ॥૧૮૭॥**

**ભાવાર્થ :- અન્ય સાધુ કરતાં સુનક્ષત્રમુનિને વીરભગવાન પ્રત્યે અધિક રાગ :-**

વીર ભગવાનને કેવળજ્ઞાન પછી જ્યારે ગોશાળાએ ઉપસર્ગ કર્યો ત્યારે ભગવાને સર્વ સાધુઓને કહેલ કે ગોશાળો આવે છે અને તે મારી સાથે અસંબદ્ધ પ્રલાપ કરશે, ત્યારે કોઈ સાધુએ વચમાં બોલવું નહિ; કેમ કે તેની પાસે તેજોલેશ્યા છે; અને કોઈ સાધુ જો વચમાં બોલશે તો ગોશાળો તેજોલેશ્યાથી તે સાધુને બાળી નાખશે. તેથી સર્વ સાધુ મૌન લઈને બેઠા હતા, પરંતુ જ્યારે ગોશાળો ભગવાનને જેમ તેમ કહે છે, ત્યારે તે સાંભળીને ભગવાન પ્રત્યેના ગાઢ રાગને કારણે સુનક્ષત્ર મુનિ ગોશાળાના કથનનો વિરોધ કરે છે, અને રોષે ભરાયેલો ગોશાળો સુનક્ષત્રમુનિને તેજોલેશ્યાથી બાળી નાખે છે. આ દૃષ્ટાંતથી નક્કી થાય છે કે વીર ભગવાન પ્રત્યે સુનક્ષત્રમુનિને અન્ય મુનિઓ કરતાં અધિક રાગ હતો. તેની જેમ પંથકમુનિને અન્ય મુનિઓ કરતાં તેમના ગુરુ શૈલકસૂરિ પ્રત્યે અધિકરાગ હતો, તેમ સ્વીકારમાં કોઈ બાધ નથી. ॥૧૮૭॥

**અવતરણિકા :-**

ગાથા-૧૮૭માં સુનક્ષત્રસાધુના દૃષ્ટાંતથી બતાવ્યું કે "શૈલકસૂરિના ૫૦૦ શિષ્યો કરતાં પંથકમુનિનો ગુરુ પ્રત્યે અધિક રાગ સ્વીકારવામાં બાધ નથી" તે કથનને અન્ય દૃષ્ટાંતથી પણ દૃઢ કરવા માટે કહે છે –

**ગાથા :-**

**पहुअणुरत्तेण तहा, रुन्नं सीहेण मालुआकच्छे ।**
**तब्भावपरिणयप्पा पहुणा सद्दाविओ अ इमो ॥१८८॥**
प्रभ्वनुरक्तेन तथा रुदितं सिंहेन मालुकाकच्छे ।
तद्भावपरिणतात्मा, प्रभुणा शब्दायितश्चायम् ॥१८८॥

ગાથાર્થ :-

**અને પ્રભુમાં અનુરક્ત=પ્રભુ મહાવીરમાં અનુરાગવાળા એવા સિંહમુનિ વડે, માલુકાકચ્છમાં રુદન કરાયું, અને તદ્ભાવ પરિણત આત્મા એવા આ=ભગવાનના રાગના કારણે રુદનના પરિણામવાળા એવા સિંહમુનિ, ભગવાન વડે બોલાવાયા. ॥૧૮૮॥**

**ભાવાર્થ :- અન્ય સાધુ કરતાં સિંહમુનિને વીરભગવાન પ્રત્યે અત્યંત રાગ :**

ગોશાળાના ઉપસર્ગને કારણે ભગવાનને લોહીના ઝાડા થયા હતા, અને ભગવાન માલુકાકચ્છમાં હતા ત્યારે ભગવાનની તેવી અવસ્થા જોઈને ભગવાનના અનુરાગવાળા એવા સિંહમુનિ રડવા લાગ્યા. તેથી પોતાના પ્રત્યેના રાગથી રડતા એવા સિંહમુનિને ભગવાને બોલાવ્યા અને આશ્વાસન આપીને પોતાને થયેલા લોહીના ઝાડા માટે રેવતી શ્રાવિકા પાસેથી ઔષધ લાવવાનું સૂચન કર્યું. આ દૃષ્ટાંતથી પણ એ ફલિત થાય છે કે અન્ય સાધુઓ કરતાં સિંહમુનિને વીર ભગવાન પ્રત્યે અધિક રાગ હતો, તેમ ચારિત્રસંપન્ન એવા પંથકમુનિને ૫૦૦ શિષ્યો કરતાં શૈલક ગુરુ પ્રત્યે અધિક રાગ હતો, તેમ સ્વીકારવામાં કોઈ બાધ નથી. ॥૧૮૮॥

અવતરણિકા :-

**૫૦૦ શિષ્યો કરતાં પંથકમુનિને ગુરુ પ્રત્યે અધિક રાગ હતો તે વાત સુનક્ષત્રસાધુ અને સિંહમુનિના દૃષ્ટાંતથી ગાથા-૧૮૭-૧૮૮માં સ્થાપન કરી, અને આવો ગુરુરાગ કેવી પ્રવૃત્તિ હોય ત્યારે સંયમનો બાધક બનતો નથી ? અર્થાત્ ઘેલો ગુરુરાગ હોય તો સંયમને બાધક બને છે, પરંતુ વિવેકયુક્ત ગુરુરાગ હોય તો સંયમને બાધક બનતો નથી, તે બતાવવા અર્થે કહે છે –**

ગાથા :-

**कस्स वि कत्थइ पीई, धम्मोवायंमि दढयरा होइ ।**
**ण य अण्णुण्णाबाहा, मूलच्छेआवहा एवं ॥१८९॥**

कस्यापि कुत्रचित्प्रीतिर्धर्मोपाये दृढतरा भवति ।
न चान्योन्याबाधान्मूलच्छेदावहा एवम् ॥१८९॥

ગાથાર્થ :-

**કોઈક ને કોઈક ધર્મના ઉપાયમાં દૃઢતર પ્રીતિ હોય છે અને આ રીતે=કોઈક ધર્મના ઉપાયમાં દૃઢતર પ્રીતિ હોય એ રીતે, અન્યોન્ય અબાધા હોવાથી મૂળને છેદ કરનાર=સંયમના પરિણામરૂપ મૂળને છેદ કરનાર, આ પ્રીતિ થતી નથી. ॥૧૮૯॥**

**ભાવાર્થ :- કોઈક એક ધર્મઅનુષ્ઠાનમાં અધિક પ્રીતિમાં દોષનો અભાવ :**

જેમ સુનક્ષત્રસાધુ અને સિંહમુનિને વીરભગવાન પ્રત્યે પ્રીતિ હતી તેમ ગૌતમઆદિ અન્ય મહામુનિઓને પણ વીરભગવાન પ્રત્યે પ્રીતિ હતી; આમ છતાં સુનક્ષત્રસાધુ અને સિંહમુનિને પ્રત્યે અધિક પ્રીતિ હતી. તે પ્રીતિ મોહના કારણે ન હતી, પણ ભગવાન પોતાની યોગમાર્ગની પ્રવૃત્તિમાં ભગવાન

પ્રબળ નિમિત્ત હતા, તેથી ભગવાન પ્રત્યે સુનક્ષત્રસાધુ અને સિંહમુનિને અધિક પ્રીતિ હતી. તેમ કોઈક ને કોઈક ધર્મના ઉપાયમાં અધિક પ્રીતિ હોય તે દોષરૂપ નથી, પરંતુ જો તે પ્રીતિ અન્ય બળવાન યોગનો નાશ કરે તો દોષરૂપ બને, પણ ધર્મના ઉપાયમાં વિવેકીની અધિક પ્રીતિ અન્ય બળવાન યોગને બાધ કરે તેવી હોતી નથી. તેથી ઉચિત કાળે જે કોઈ અન્ય બળવાન યોગ હોય તેના બાધનું કારણ તે પ્રીતિ થતી નથી. માટે તે ધર્મના ઉપાયમાં અધિક પ્રીતિ સંયમના નાશનું કારણ બનતી નથી. જેમ પ્રસ્તુતમાં પંથકમુનિને ગુરુ પ્રત્યે અધિક પ્રીતિ હતી, તેથી ગુરુને માર્ગમાં લાવવા માટે ગુરુ સાથે રહીને તેમની વૈયાવચ્ચમાં રહ્યા તોપણ સંયમને ઉચિત સર્વ અનુષ્ઠાનોમાં અપ્રમાદભાવથી યત્ન કરવામાં પંથકમુનિની ગુરુ પ્રત્યેની પ્રીતિ બાધા કરનાર ન હતી, અને ગુરુના પણ શિથિલાચારને પોષવાનું કારણ ન હતી, માત્ર તેમને ફરી માર્ગ ઉપર લાવવા માટે ઉચિત યત્નરૂપ હતી. તેથી તે પ્રીતિ પંથકમુનિના સંયમના ઘાતનું કારણ થાય તેવી ન હતી. ॥૧૮૯॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૮૬માં સ્થાપન કર્યું કે "ચારિત્રનો પરિણામ હોવાને કારણે શૈલકસૂરિના ૫૦૦ શિષ્યોને પણ ગુરુરાગ હતો", ત્યાં પ્રશ્ન થાય કે જો ૫૦૦ શિષ્યોને પણ ગુરુરાગ હતો તો પંથકમુનિને ગુરુની સેવામાં સ્થાપીને વિહાર કરતી વખતે "તમે ગુરુસેવામાં રહો, અમુક સમય પછી અમારામાંથી કોઈ સાધુ ગુરુસેવા માટે આવશે ત્યારે તમે પણ સંયમઅર્થે વિહારમાં ઉદ્યમ કરી શકશો." તેમ પંથકમુનિ સાથે ૫૦૦ શિષ્યોએ સંકેત કેમ ન કર્યો ? તેના સમાધાનરૂપે કહે છે –**

**ગાથા :-**

**अण्णेहिं पंथगस्स उ, गुरुरागुक्करिसओ ण संगारो ।**
**गुरुसेवाइ स रत्तो, अण्णे अब्भुज्जयविहारे ॥१९०॥**

अन्यैः पन्थकस्य तु, गुरुरागोत्कर्षतो न संगारः (संकेतः) ।
गुरुसेवायां स रक्तो, अन्येऽभ्युद्यतविहारे ॥१९०॥

**ગાથાર્થ :-**

**વળી, પંથકમુનિને ગુરુરાગનો ઉત્કર્ષ હોવાને કારણે, અન્યો વડે=અન્ય ૫૦૦ સાધુઓ વડે, સંકેત કરાયો નહિ=અત્યારે તમે ગુરુસેવામાં રહો, અમુક સમય પછી અમારામાંથી કોઈક સાધુ ગુરુસેવા માટે આવશે, તેવો સંકેત કરાયો નહિ. તે=પંથકમુનિ ગુરુસેવામાં રક્ત હતા, અન્ય=૫૦૦ સાધુઓ અભ્યુદ્યત વિહારમાં રક્ત હતા. ॥૧૯૦॥**

**ભાવાર્થ :-**

જેમ પંથકમુનિ ભાવથી ચારિત્રવાળા હતા તેમ શૈલકસૂરિના અન્ય ૫૦૦ શિષ્ય પણ ભાવથી ચારિત્રવાળા હતા, તેથી સર્વ શિષ્યોને ગુરુ પ્રત્યે અનુરાગ હતો. જ્યારે શૈલકગુરુ પ્રમાદમાં પડ્યા ત્યારે

શું કરવું ઉચિત છે, તેની પંથકમુનિ સાથે વિચારણા કરીને, પંથકમુનિને ગુરુસેવામાં સ્થાપીને, સંયમમાં અપ્રમાદની વૃદ્ધિ અર્થે ૫૦૦ શિષ્યોએ વિહાર કર્યો. તે વખતે ૫૦૦ શિષ્યોએ જોયું કે પંથકમુનિને ગુરુરાગનો ઉત્કર્ષ છે, માટે પંથકમુનિ ગુરુની ઉચિત વૈયાવચ્ચ કરીને પોતાના સંયમની વૃદ્ધિ માટે યત્ન કરી શકશે. તેથી "અત્યારે તમો ગુરુસેવામાં રહો, અમુક કાળ પછી અમારામાંથી કોઈક ગુરુસેવા માટે આવશે." એ પ્રમાણે પંથકમુનિને સંકેત કર્યો નહિ, પરંતુ જો પંથકમુનિને તેવો ગુરુરાગનો ઉત્કર્ષ ન હોત તો ઉપરમાં બતાવ્યું તે પ્રકારનો સંકેત કરીને પણ ૫૦૦ સાધુઓએ વિહાર કર્યો હોત.

આ રીતે ૫૦૦ સાધુઓએ અપ્રમાદભાવથી નવકલ્પી વિહાર કરીને સંયમની વૃદ્ધિમાં યત્ન કર્યો, તેથી તે ૫૦૦ સાધુઓને સંયમની વૃદ્ધિ અર્થે ઉગ્ર વિહારમાં રાગ હતો; અને પંથકમુનિએ અપ્રમાદભાવથી ગુરુની વૈયાવચ્ચ કરીને સંયમની વૃદ્ધિમાં યત્ન કર્યો, તેથી પંથકમુનિને ગુરુસેવામાં રાગ હતો. આનાથી એ ફલિત થાય કે જે સાધુને જે અનુષ્ઠાનમાં અધિક રાગ હોય છે તે અનુષ્ઠાન અન્ય ઉચિત યોગની બાધા ન થાય તે રીતે અપ્રમાદભાવથી કરે, તો સંયમવૃદ્ધિનું કારણ બને. તે નિયમ પ્રમાણે પંથકમુનિને ગુરુ પ્રત્યે અધિક રાગ હતો, તેથી ગુરુની સેવામાં રહીને અન્ય ઉચિત યોગોને બાધ ન થાય તે રીતે પંથકમુનિએ યત્ન કર્યો, જેથી પંથકમુનિને સંયમની શુદ્ધિની પ્રાપ્તિ થઈ; જ્યારે ૫૦૦ શિષ્યો નવકલ્પી વિહારમાં રાગવાળા હતા અને ગુરુ પ્રમાદવશ વિહાર કરતા ન હતા અને સારણાદિમાં પણ યત્ન કરતા ન હતા, તેથી સંયમની વિશુદ્ધિના અર્થી એવા ૫૦૦ સાધુઓએ કોઈ ઉચિત યોગને બાધા ન થાય તે રીતે અભ્યુદ્યત વિહારમાં ઉદ્યમ કર્યો, જેથી ૫૦૦ સાધુઓને પણ સંયમની શુદ્ધિની પ્રાપ્તિ થઈ. ॥૧૯૦॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૮૩માં કહ્યું કે શૈલકસૂરિ મૂળગુણયુક્ત હતા, તો જેમ પંથકમુનિએ ગુરુને છોડ્યા નહિ તેમ ૫૦૦ શિષ્યોએ પણ ગુરુને છોડવા જોઈએ નહિ. તેથી શૈલકસૂરિને છોડનારા ૫૦૦ શિષ્યોએ ઉચિત પ્રવૃત્તિ કરી છે તેમ કહી શકાય નહિ, એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –**

**ગાથા :-**

**सेलयमापुच्छित्ता, ठावित्ता पंथगं च अणगारं ।**
**गुरुवेयावच्चकरं, विहरंताणं पि को दोसो ॥१९१॥**

शैलकमापृच्छ्य स्थापयित्वा, पन्थकं चानगारं ।
गुरुवैयावृत्त्यकरं विहरतामपि को दोषः ॥१९१॥

**ગાથાર્થ :-**

**શૈલકસૂરિને પૂછીને અને ગુરુવૈયાવચ્ચને કરનારા એવા પંથક અણગારને સ્થાપન કરીને=ગુરુની વૈયાવચ્ચ અર્થે સ્થાપન કરીને, વિહાર કરતા પણ ૫૦૦ સાધુઓને શું દોષ છે ? ॥૧૯૧॥**

* 'विहरंताणं पि' માં 'अपि' થી એ કહેવું છે કે ગુરુની વૈયાવચ્ચ અર્થે આવશ્યકતા હોત તો ૫૦૦ સાધુઓને ગુરુ સાથે રહેવામાં કોઈ દોષ નથી, પરંતુ ગુરુની વૈયાવચ્ચ અર્થે પંથકમુનિ હોવાને કારણે વિહાર કરતા એવા પણ તે ૫૦૦ સાધુઓને કોઈ દોષ નથી.

**ભાવાર્થ :- શૈલકસૂરિને પૂછીને ૫૦૦ સાધુઓના પૃથગ્ વિહારમાં દોષનો અભાવ :**

શૈલકસૂરિના ૫૦૦ શિષ્યોને ગુરુ પાસેથી વાચનાદિની પ્રાપ્તિ થતી ન હતી અને સારણાદિની પણ પ્રાપ્તિ થતી ન હતી. તેથી ''ગુરુની જેમ તે ૫૦૦ શિષ્યો ગુરુ સાથે સ્થિરવાસ કરે તો સંયમમાં અપ્રમાદની વૃદ્ધિ થાય તેમ નથી તેવું ૫૦૦ શિષ્યોને જણાવવાથી ૫૦૦ શિષ્યોએ વિહાર માટે શૈલકસૂરિની અનુજ્ઞા લીધી, અને પંથકમુનિને ગુરુની વૈયાવચ્ચ માટે સ્થાપન કર્યા. વળી, પંથકમુનિ પણ ગુરુની વૈયાવચ્ચ કરવામાં અપ્રમાદભાવવાળા હતા. તેથી ૫૦૦ શિષ્યોના વિહારને કારણે શૈલકસૂરિને કોઈ તકલીફ નહિ થાય, અને પંથકમુનિ શૈલકસૂરિની ઉચિત વૈયાવચ્ચ કરશે તેવું ૫૦૦ સાધુઓ જાણતા હોવાથી, સંયમના અપ્રમાદભાવની વૃદ્ધિ અર્થે ૫૦૦ સાધુઓએ વિહાર કર્યો તેમાં કોઈ દોષ નથી. જો ગુરુના વૈયાવચ્ચની ચિંતા કર્યા વગર માત્ર અભ્યુદ્યત વિહારના આશ્રયથી તેઓએ વિહાર કર્યો હોત તો દોષ પ્રાપ્ત થાત, અને જો ગુરુની અનુજ્ઞા વિના વિહાર કર્યો હોત તોપણ દોષ પ્રાપ્ત થાત. વળી, ૫૦૦ શિષ્યોને ગુરુ સાથે રહેવાનું બીજું કોઈ વિશેષ કારણ ન હતું. તેથી વિધિપૂર્વક વિહાર કર્યો માટે ૫૦૦ શિષ્યોને કોઈ દોષની પ્રાપ્તિ ન થઈ. ॥૧૯૧॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે ''શૈલકસૂરિને પૂછીને વિહાર કરતા એવા ૫૦૦ સાધુઓને પણ કોઈ દોષ નથી'' તે વાત કલ્પભાષ્યના વચનથી સંગત છે, તે ગાથા-૧૯૨ અને ૧૯૩ના પૂર્વાર્ધથી બતાવે છે, અને કલ્પભાષ્યમાં વૈયાવચ્ચ અર્થે ''ઉપસંપદા સ્વીકારનારને પરમ ધર્મવિનય થાય છે'' તેમ કહેલ છે. તેની જેમ પંથકમુનિને પણ શૈલકસૂરિ સાથે રહેવાથી પરમ ધર્મવિનય થાય છે તે ગાથા-૧૯૩ના ઉત્તરાર્ધથી અને ગાથા-૧૯૪થી બતાવે છે –**

**ગાથા :-**

**गच्छे वि धम्मविणयं, जत्थुत्तरियं लभिज्ज अण्णत्थ ।**
**आपुच्छित्तु विहारो, तत्थ जओ भासिओ कप्पे ॥१९२॥**

गच्छेऽपि धर्मविनयं यत्रोत्तरिकं लभेतान्यत्र ।
आपृच्छ्य विहारस्तत्र यतो भाषितः कल्पे ॥१९२॥

**संविग्गविहारीणं, किं पुण तेसिं महाणुभावाणं ।**
**अह उवसंपयाणं, कप्पिअभव्वोवयाराणं ॥१९३॥**

संविग्नविहारिणां किंपुनस्तेषां महानुभावानाम् ।
अथ उपसम्पदानां, कल्पिकाभाव्योपचाराणाम् ॥१९३॥

**धम्मविणओ वि तेसिं, आपुच्छिय पट्ठिआण जह परमो ।**
**तह तेहि ठाविअस्सवि, णायव्वो पंथगमुणिस्स ॥१९४॥**

धर्मविनयोऽपि तेषामापृच्छ्य प्रस्थितानां यथा परमः ।
तथा तैः स्थापितस्यापि, ज्ञातव्यः पन्थकमुनेः ॥१९४॥

**અન્વયાર્થ :-**

**जओ**=જે કારણથી, **जत्थ अण्णत्थ गच्छे वि**=જે અન્ય ગચ્છમાં પણ, **उतरिय** ઉત્તરિક=ચઢિયાતો એવો **धम्मविणयं लभिज्ज**=ધર્મવિનય પ્રાપ્ત થાય, **तत्थ**=તે ગચ્છમાં, **आपुच्छित्तु**=ગુરુને પૂછીને, **कप्पे**= કલ્પભાષ્યમાં, વિહારો **भासिओ**=વિહાર કહેવાયો છે. (**ततः**=તે કારણથી) **संविग्गविहारीणं तेसिं महाणुभावाणं**=સંવિગ્નવિહારી એવા તે મહાનુભાવોને=સંવિગ્નવિહારી એવા શૈલકસૂરિના ૫૦૦ શિષ્યોને, **किं पुण**=શું કહેવું ? અર્થાત્ જેમ ધર્મવિનયને માટે ગુરુને પૂછીને અન્યગચ્છમાં જવું ઉચિત છે, તેમ સંવિગ્નવિહાર અર્થે શૈલકસૂરિને પૂછીને ૫૦૦ શિષ્યોને જવું ઉચિત હતું. (**૧૯૨-૧૯૩ પૂર્વાર્ધ**)

**ગાથાર્થ :-**

**જે કારણથી, જે અન્ય ગચ્છમાં પણ ચઢીયાતો એવો ધર્મવિનય પ્રાપ્ત થાય તે ગચ્છમાં ગુરુને પૂછીને કલ્પભાષ્યમાં વિહાર કહેવાયો છે, (તે કારણથી) સંવિગ્નવિહારી એવા તે મહાનુભાવોને શું કહેવું ? ॥૧૯૨॥૧૯૩-પૂર્વાર્ધ॥**

**ભાવાર્થ :- વૈયાવચ્ચ કરનાર સાધુને અન્યગચ્છમાં અધિક ધર્મવિનય માટે જવાની અનુજ્ઞા :**

ગાથા-૧૮૩માં કહ્યું કે શૈલકસૂરિ અત્યંત પ્રમાદી હોવા છતાં મૂળગુણયુક્ત હોવાને કારણે પંથકમુનિએ ગુરુને છોડીને જવું ઉચિત નથી, તેમ અન્ય ૫૦૦ સાધુઓને પણ ગુરુને છોડીને જવું ઉચિત નથી. એ પ્રકારની શંકાના નિવારણ માટે કલ્પભાષ્યના વચનથી સમર્થન કરે છે-

"કોઈ સાધુ વિધિપૂર્વક વૈયાવચ્ચ કરીને ઘણી નિર્જરા કરી શકે એવી કુશળતાવાળા હોય, અને સ્વગચ્છ કરતાં અન્ય ગચ્છમાં આચાર્યાદિ અત્યંત અપ્રમાદવાળા હોય તો સ્વગચ્છ કરતાં ચઢિયાતો ધર્મવિનય અન્ય ગચ્છમાં થઈ શકે, તેવું વૈયાવચ્ચમાં કુશળ એવા સાધુને જણાય ત્યારે ગુરુને પૂછીને અન્ય ગચ્છમાં જવા માટે વિહાર કરે તો તે ઉચિત છે" તેમ કલ્પભાષ્યમાં કહેલ છે.

કલ્પભાષ્યના વચનથી એ નક્કી થાય છે કે જેમ ધર્મવિનય માટે ગુરુને પૂછીને ગુરુથી પૃથગ્વિહાર શાસ્ત્રસંમત છે, તેમ શૈલકસૂરિના શિષ્ય એવા ૫૦૦ મહાનુભાવો સંવિગ્નવિહાર કરનારા હતા અર્થાત્ સંવેગની વૃદ્ધિ થાય તે માટે નવકલ્પી વિહાર કરનારા હતા, તો કલ્પભાષ્યના વચનથી સંવેગની વૃદ્ધિ માટે કરાતા વિહારમાં શું કહેવું ? અર્થાત્ સંવેગની વૃદ્ધિ માટે વિહાર કરે તો કોઈ દોષ નથી. જેમ ધર્મવિનય માટે ગુરુને પૂછીને અન્ય ગચ્છમાં જવું ઉચિત છે, તેમ સંવેગની વૃદ્ધિ માટે શૈલકગુરુને પૂછીને ૫૦૦ શિષ્યોએ વિહાર કર્યો તે ઉચિત છે.

આ કથનથી એ ફલિત થયું કે ગુરુ સંયમી હોવા છતાં ગુરુને પૂછીને ધર્મવિનય માટે વિહાર કરવામાં દોષ નથી, તેમ શૈલકસૂરિ મૂળગુણયુક્ત હોવા છતાં શૈલકસૂરિને પૂછીને સંવેગની વૃદ્ધિ માટે ૫૦૦ શિષ્યોને વિહાર કરવામાં કોઈ દોષ નથી. ॥૧૯૨॥૧૯૩-પૂર્વાર્ધ॥

**અન્વયાર્થ :-**

**अह**=હવે, **आपुच्छिय**=ગુરુને પૂછીને, **पट्ठिआण**=પ્રસ્થિત **कप्पिअभव्वोवयाराणं उवसंपयाणं**=કલ્પિક આભાવ્ય ઉપચારવાળા ઉપસંપદા સ્વીકારનારા એવા, **तेसिं**=તેઓનો, **जह धम्मविणओ वि**=જે પ્રમાણે ધર્મવિનય પણ, **परमो**=પરમ છે, **तह**=તે પ્રમાણે, **तेहि**=શૈલકસૂરિના ૫૦૦ શિષ્ય વડે, **ठविअस्सवि पंथगमुणिस्स**=સ્થાપિત પણ પંથકમુનિનો, **णायव्वो**=ધર્મવિનય પરમ જાણવો. ॥૧૯૩ - ઉત્તરાર્ધ॥૧૯૪॥

**ગાથાર્થ :-**

**હવે ગુરુને પૂછીને અન્ય ગચ્છ પ્રસ્થિત, કલ્પિક આભાવ્ય ઉપચારવાળા ઉપસંપદા સ્વીકારનારા એવા તેઓનો=તે સાધુઓને જે પ્રમાણે ધર્મવિનય પણ પરમ છે, તે પ્રમાણે શૈલકસૂરિના ૫૦૦ શિષ્ય વડે સ્થાપિત પણ પંથકમુનિનો ધર્મવિનય પરમ જાણવો. ॥૧૯૩-ઉત્તરાર્ધ॥૧૯૪॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૮૩માં શંકા કરેલ કે શૈલકસૂરિ મૂળગુણયુક્ત હોવા છતાં અત્યંત પ્રમાદી હોવાને કારણે જો ૫૦૦ શિષ્યોને ગુરુને છોડીને જવું ઉચિત હતું, તો પંથકમુનિને પણ ગુરુને છોડીને જવું ઉચિત ગણાય. આ પ્રકારની શંકાના નિવારણ માટે કલ્પભાષ્યના વચનથી સમર્થન કરે છે.

કલ્પભાષ્યમાં કહ્યું છે કે “જે સાધુ ધર્મવિનય માટે ગુરુને પૂછીને જ્યાં અધિક ધર્મવિનય થાય તેવા ગચ્છની ઉપસંપદા સ્વીકારે ત્યારે અન્ય ગચ્છમાં પ્રસ્થિત એવા તે સાધુને વૈયાવચ્ચથી પરમ ધર્મવિનય પ્રાપ્ત થાય છે”, તેમ ગીતાર્થ એવા શૈલકસૂરિના ૫૦૦ સાધુઓએ ઉપકારી અને ગુણવાન એવા ગુરુની વૈયાવચ્ચ માટે પંથકમુનિને સ્થાપન કરેલ, અને પંથકમુનિએ પણ ગુરુની સાથે રહીને ગુરુની વૈયાવચ્ચ કરી, તેથી પંથકમુનિને પરમ ધર્મવિનયની પ્રાપ્તિ થઈ. માટે ગાથા-૧૮૩માં કહેલ કે જો શિથિલ એવા ગુરુને છોડીને ૫૦૦ સાધુને ગમન ઉચિત હતું, તો ૫૦૦ સાધુની જેમ પંથકમુનિને પણ જવું ઉચિત ગણાય, તે શંકાનું નિવારણ થઈ જાય છે.

પ્રસ્તુત ગાથામાં ધર્મવિનય માટે અન્ય ગચ્છમાં પ્રસ્થિત એવા ઉપસંપદા સ્વીકારનારનું વિશેષણ કહ્યું કે “કલ્પિક આભાવ્ય ઉપચારવાળા એવા ઉપસંપદા સ્વીકારનારનો પરમ ધર્મવિનય છે.” ત્યાં ‘કલ્પિક આભાવ્ય ઉપચાર’ શબ્દથી એ કહેવું છે કે ‘બૃહત્‌કલ્પભાષ્ય’માં પાંચ પ્રકારની ઉપસંપદા બતાવી છે, અને તે પાંચે ઉપસંપદામાંથી કોઈપણ ઉપસંપદા સ્વીકારનારથી બોધ પામીને દીક્ષા લેવા માટે તૈયાર થયેલા કોના આભાવ્ય થાય ? અર્થાત્ કોના શિષ્ય બને ? તેનો વિભાગ બતાવેલ છે. તેમાં વિનય ઉપસંપદા માટે જે સાધુ અન્ય ગુરુ પાસે ગયેલા હોય તેનાથી ધર્મ પામીને કોઈ જ્ઞાત-અજ્ઞાત દીક્ષા લેવા માટે તૈયાર થાય, તે સર્વ તે સાધુના આભાવ્ય થાય અર્થાત્ વૈયાવચ્ચ કરનારના શિષ્યો થાય, એ પ્રકારનું આભાવ્ય કલ્પ છે. તેથી ઉપસંપદા સ્વીકારનાર સાધુ કલ્પિક આભાવ્યના ઉપચારવાળા કહેવાય અર્થાત્ તેવા કલ્પિક આભાવ્યના વ્યવહારવાળા કહેવાય, અને તેવા ઉપસંપદા સ્વીકારનાર સાધુને પરમ ધર્મવિનય પ્રાપ્ત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે અન્ય ગચ્છમાં જે સાધુ વૈયાવચ્ચ માટે ગયેલા હોય અને તે વૈયાવચ્ચ કરનારાથી પ્રતિબોધ પામીને જે કોઈ દીક્ષા લેવા માટે તૈયાર થયા હોય, તે સર્વ તે વૈયાવચ્ચ કરનારના

શિષ્ય બને, પરંતુ જે ગચ્છમાં ગયા છે તે ગચ્છના તે શિષ્યો બને તેવો કલ્પ નથી. આવા કલ્પિક વ્યવહારવાળા ઉપસંપદા સ્વીકારનારા શાસ્ત્રીય મર્યાદાથી અન્ય ગચ્છમાં ગયેલા હોવાથી ત્યાં રહીને પણ પોતાનાથી પ્રતિબોધ પામેલા શિષ્યોને પોતાના શિષ્યો બનાવે તેમાં કોઈ દોષ નથી, અને તેઓ ત્યાં રહીને જે વૈયાવચ્ચ કરે છે તેનાથી તેઓને પરમ ધર્મવિનયની પ્રાપ્તિ થાય છે. તેની જેમ શૈલકસૂરિના ૫૦૦ શિષ્યો વડે સ્થાપિત પંથકમુનિને પણ ગુરુની વૈયાવચ્ચ કરીને પરમ ધર્મવિનયની પ્રાપ્તિ થઈ. ॥૧૯૩-ઉત્તરાર્ધ॥૧૯૪॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૯૩ના ઉત્તરાર્ધ અને ગાથા-૧૯૪થી સ્થાપન કર્યું કે "૫૦૦ શિષ્યો વડે સ્થાપિત પંથકમુનિને શૈલકસૂરિની સેવા કરવાથી પરમ ધર્મવિનયની પ્રાપ્તિ થઈ" એ કથનથી સ્થાનકવાસીના મતનું નિરાકરણ થાય છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**एसो वि अ सिढिलोत्ति य, पडिमारिमयं हयं हवइ इत्तो ।**
**जं साहुहि ण सिढिलो, तक्कज्जे अणुमओ होइ ॥१९५॥**

एषोपि च शिथिल इति च, प्रतिमारिमतं हतं भवतीतः ।
यत्साधुभिर्न शिथिलस्तत्कार्येऽनुमतो भवति ॥१९५॥

**અન્વયાર્થ :-**

**इत्तो**=આનાથી=ગાથા-૧૯૩ના ઉત્તરાર્ધ અને ગાથા-૧૯૪થી સ્થાપન કર્યું કે પંથકમુનિને પરમધર્મ-વિનયની પ્રાપ્તિ છે એનાથી, **एसो वि अ**=આ પણ=પંથકમુનિ પણ શિથિલ હતા એ પ્રમાણે, **पडिमारिमयं**=પ્રતિમાશત્રુનો મત=સ્થાનકવાસીનો મત, **हयं हवइ**=હણાયેલો થાય છે=નિરાકૃત થાય છે, **जं**=જે કારણથી, **तक्कज्जे**=તેના કાર્યમાં=શિથિલાચારી એવા શૈલકસૂરિના શિથિલાચારના પોષણ કરવારૂપ કાર્યમાં, **साहुहि**=સાધુઓ વડે, **सिढिलो**=શિથિલ એવા પંથકમુનિ, **ण अणुमओ होइ**=અનુમત થાય નહિ.

**ગાથાર્થ :-**

**આનાથી પંથકમુનિ પણ શિથિલ છે એ પ્રકારનો સ્થાનકવાસીનો મત હણાયેલો થાય છે, જે કારણથી શિથિલાચારના કાર્યમાં સાધુઓ વડે શિથિલ એવા પંથકમુનિ અનુમત થાય નહિ. ॥૧૯૫॥**

**ભાવાર્થ :- પંથકમુનિને શિથિલાચારી સ્વીકારીને પ્રતિમાની અપૂજ્યતાની સ્થાપનાની સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ :**

સ્થાનકવાસી પ્રતિમાને અપૂજ્ય માને છે અને આગમમાં દ્રૌપદીઆદિએ પ્રતિમાની પૂજા કરી છે તેવાં વચનો મળે છે, અને તે આગમવચનથી પ્રતિમા પૂજ્ય સિદ્ધ થતી નથી, એમ બતાવવા માટે કહે છે-

શૈલકસૂરિ શિથિલ હતા, તેમ શિથિલ એવા ગુરુની વૈયાવચ્ચ કરનાર પંથકમુનિ પણ શિથિલ હતા; કેમ કે શિથિલ એવા ગુરુની શિથિલતાનું પોષણ કરે તેવી ક્રિયા જે કરે તે શિથિલાચારી કહેવાય. તેથી

જેમ પંથકમુનિ શિથિલ એવા ગુરુના શિથિલાચારને પોષીને શિથિલ બન્યા, તેમ અપૂજનીય એવી પણ પત્થરની મૂર્તિને પૂજીને દ્રૌપદીઆદિ શ્રાવકઆચારમાં શિથિલ બની. માટે ''દ્રૌપદીઆદિએ પ્રતિમાની પૂજા કરી છે'' એવા શાસ્ત્રવચનના બળથી મૂર્તિ પૂજનીય સિદ્ધ થાય નહિ.

આ રીતે જેમ શિથિલ એવા પંથકમુનિની વૈયાવચ્ચથી શિથિલ એવા ગુરુ પૂજનીય સિદ્ધ થાય નહિ, તેમ શ્રાવકધર્મમાં શિથિલ એવી દ્રૌપદીઆદિની પૂજાથી ભગવાનની મૂર્તિ પૂજનીય સિદ્ધ થાય નહિ, એમ સ્થાનકવાસી જે કહે છે, તે મતનું આથી નિરાકરણ થાય છે; કેમ કે પૂર્વની ગાથામાં કલ્પભાષ્યના વચનના દૃષ્ટાંતથી પંથકમુનિને પરમ ધર્મવિનયની પ્રાપ્તિ થાય છે તેમ ગ્રંથકારે સ્થાપન કર્યું. તેથી એ ફલિત થાય કે પંથકમુનિ શિથિલ ન હતા, પંથકમુનિને શિથિલાચારી કહીને તેમના દૃષ્ટાંતથી દ્રૌપદીઆદિએ કરેલી ભગવાનની પૂજાને પણ અપ્રમાણ કહેનાર સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ થાય છે.

વળી, પંથકમુનિ શિથિલ હતા તેમ સ્થાપન કરવા માટે સ્થાનકવાસી કહે છે-

શિથિલ એવા ગુરુનો ૫૦૦ શિષ્યોએ ત્યાગ કર્યો, આમ છતાં પંથકમુનિએ ત્યાગ ન કર્યો, એ બતાવે છે કે પંથકમુનિ ગુરુના શિથિલાચારને પોષનારા હતા, માટે પંથકમુનિ શિથિલ હતા. આ પ્રકારના સ્થાનકવાસીના આશયનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકાર કહે છે-

૫૦૦ સાધુ સુસાધુ હતા, તેથી સંયમના ઉદ્યમ માટે ગુરુને છોડીને તેઓએ વિહાર કર્યો તોપણ ગુરુના વૈયાવચ્ચના કાર્યમાં તે ૫૦૦ સાધુઓએ પંથકમુનિને સ્થાપન કર્યા; જો પંથકમુનિ શિથિલ હોય તો ૫૦૦ સાધુ તેમને ગુરુના વૈયાવચ્ચના કાર્યમાં સ્થાપન કરે નહિ. પરંતુ પંથકમુનિના ગુરુ સંબંધી વૈયાવચ્ચના કાર્યમાં ૫૦૦ સાધુઓ સંમત હતા, તેથી નક્કી થાય છે કે પંથકમુનિ શિથિલ ન હતા. માટે પંથકમુનિનું દૃષ્ટાંત લઈને દ્રૌપદીઆદિએ કરેલી પૂજાને અપ્રમાણ કહેનાર સ્થાનકવાસી મતનું નિરાકરણ થાય છે. ॥૧૯૫॥

**અવતરણિકા :-**

**''પંથકમુનિને ગુરુની સેવાથી ઉત્તમ ધર્મવિનયની પ્રાપ્તિ થઈ'' એ પ્રકારના ગાથા-૧૯૪ના કથનથી સ્થાનકવાસી મતનું નિરાકરણ થાય છે, એ વાત ગાથા-૧૯૫ના પૂર્વાર્ધમાં બતાવી; અને સ્થાનકવાસી મત પંથકમુનિને શિથિલ કહે છે એ યુક્ત નથી, તે વાત ગાથા-૧૯૫ના ઉત્તરાર્ધમાં બતાવી. હવે શૈલકસૂરિમાં શિથિલપણું છે તોપણ મૂળવ્રતનો ભંગ નથી, તેથી પણ શૈલકસૂરિની સેવા કરનાર પંથકમુનિને સંયમમાં કોઈ દોષ નથી, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**कप्पिअसेवालद्धा-वगासदप्पेण सेलगस्सावि ।**
**सिढिलत्तं ण उ भंगे, मूलपइन्नाइ जं भणिअं ॥१९६॥**

कल्पिकसेवालब्धावकाशदर्पेण शैलकस्यापि ।
शिथिलत्वं न तु भङ्गः मूलप्रतिज्ञया यतो भणितम् ॥१९६॥

ગાથાર્થ :-

**શૈલકસૂરિનું પણ શિથિલપણું કલ્પિક સેવાથી લબ્ધ અવકાશવાળા એવા દર્પથી છે, પરંતુ મૂળપ્રતિજ્ઞાનો ભંગ નથી, જે કારણથી કહેવાયું છે. ॥૧૯૬॥**

* '**सेलगस्सावि**' માં '**अपि**' થી એ કહેવું છે કે પંથકમુનિ તો શિથિલ ન હતા પરંતુ શૈલકસૂરિનું પણ શિથિલપણું મૂળ પ્રતિજ્ઞાના ભંગથી નથી.

ભાવાર્થ :- **શૈલકસૂરિના શિથિલપણાનું સ્વરૂપ :**

શૈલકસૂરિ શિથિલ હતા તોપણ પાંચ મહાવ્રતરૂપ મૂળ પ્રતિજ્ઞાનો તેમણે ભંગ કર્યો નથી, અને તેમનું શિથિલપણું કલ્પિકા પ્રતિસેવનામાંથી ઉત્પન્ન થયેલ એવું દર્પિકા પ્રતિસેવનારૂપ હતું. તે આ રીતે-

શૈલકસૂરિ સંયમમાં અત્યંત ઉદ્યમવાળા હતા અને શરીર પ્રત્યે નિરપેક્ષ થઈને નિર્દોષ આહારઆદિમાં યત્ન કરતા હતા. જ્યારે અન્ત, પ્રાન્ત આદિ ભોજનના કારણે તેમના શરીરમાં અનેક રોગો થયા ત્યારે રાજાની વિનંતીથી સંયમના ઉપાયભૂત એવા દેહના રક્ષણ માટે ચિકિત્સા અર્થે તેમણે સ્થિરવાસ કર્યો, જે તેમનો સ્થિરવાસ કલ્પિક પ્રતિસેવનારૂપ હતો; કેમ કે સંયમની વૃદ્ધિ અર્થે ઉત્સર્ગથી વિપરીત એવી અપવાદની આચરણાનું સેવન કરવાની વિધિ છે. વળી, કલ્પિક પ્રતિસેવનાકાળમાં તેમના સંયમમાં કોઈ મલિનતા ન હતી; પરંતુ કલ્પિક પ્રતિસેવના કરતા કરતા શૈલકસૂરિ દર્પિકા પ્રતિસેવનાને વશ થઈને આરોગ્યની પ્રાપ્તિ પછી પણ નવકલ્પી વિહારમાં શિથિલ થયા, અને શાતાના અર્થી બનીને શિષ્યોને વાચનાદિ પણ આપતા ન હતા, તેથી શાતાના અર્થી થઈને જે કાંઈ પ્રમાદ કરતા હતા તે સર્વ દર્પિકા પ્રતિસેવનારૂપ આચરણા હતી. પરંતુ પાંચ મહાવ્રતોમાં ભંગ થાય તેવી કોઈ પ્રવૃત્તિ ન હતી. તેથી શૈલકસૂરિ શિથિલ હોવા છતાં મૂળગુણથી શિથિલ ન હતા. માટે તેમની સેવા માટે કરાતો પંથકમુનિનો યત્ન દોષરૂપ ન હતો, પરંતુ પરમ ધર્મવિનયરૂપ હતો. ॥૧૯૬॥

અવતરણિકા :-

**ગાથા-૧૯૬માં કહ્યું કે "શૈલકસૂરિમાં દર્પિકા પ્રતિસેવનાને કારણે શિથિલપણું હોવા છતાં મૂળ પ્રતિજ્ઞાનો ભંગ નથી" અને તેની પુષ્ટિ માટે કહ્યું કે "જે કારણથી કહેવાયું છે." તેથી હવે તે કહેવાયેલું કથન પ્રસ્તુત ગાથામાં બતાવે છે –**

ગાથા :-

**सिढिलिअसंजमकज्जावि, होइउं उज्जमंति जइ पच्छा ।**
**संवेगाओ तो सेलओ व्व आराहया होंति ॥१९७॥**

शिथिलितसंयमकार्या अपि, भूत्वा उद्यच्छन्ति यदि पश्चात् ।
संवेगात्ततः शैलक इवाराधका भवन्ति ॥१९७॥

ગાથાર્થ :-

**શિથિલ થયેલા સંયમકાર્યવાળા પણ થઈને જો પાછળથી સંવેગને કારણે ઉદ્યમવાળા થાય છે, તો શૈલકની જેમ=શૈલકસૂરિની જેમ, આરાધક થાય છે. ॥૧૯૭॥**

* "**सिढिलिअसंजमकज्जावि**" માં '**अपि**' થી એ કહેવું છે કે શિથિલ થયેલા સંયમકાર્યવાળા ન હોય અને ઉદ્યમવાળા હોય તો તો આરાધક છે, પરંતુ શિથિલ થયેલા સંયમકાર્યવાળા થઈને પણ પાછળથી ઉદ્યમવાળા થાય તો આરાધક થાય છે.

**ભાવાર્થ :-**

આ ગાથા કોઈક અન્ય ગ્રંથની સાક્ષીરૂપ છે અને તે ગ્રંથમાં બતાવ્યું છે કે કોઈક સાધુ સંયમની પ્રવૃત્તિમાં શિથિલ થઈને પણ પાછળથી સંવેગના કારણે સંયમમાં અપ્રમાદવાળા બને તો શૈલકસૂરિની જેમ આરાધક બને છે. આ કથનથી એ ફલિત થાય કે શૈલકસૂરિ મૂળગુણમાં શિથિલ ન હતા. જો શૈલકસૂરિ મૂળગુણમાં શિથિલ હોત તો તેઓને મૂળ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાત, અને જો મૂળગુણનો ભંગ થયો હોય તો સંવેગથી ફરી અપ્રમાદવાળા થાય એટલામાત્રથી આરાધક બને નહિ; પરંતુ પ્રસ્તુત ગાથામાં કહ્યું કે "જે સાધુ સંયમમાં શિથિલ થઈને પાછળથી સંવેગને કારણે ઉદ્યમવાળા થાય તે શૈલકસૂરિની જેમ આરાધક થાય છે" એ વચનથી ફલિત થાય છે કે શૈલકસૂરિને મૂળગુણનો ભંગ ન હતો. આથી પ્રમાદવાળા થઈને પણ પાછળથી સંવેગના કારણે અપ્રમાદવાળા બન્યા ત્યારે આરાધક બન્યા. તેથી પૂર્વગાથામાં કહેલ કે શૈલકસૂરિને મૂળપ્રતિજ્ઞાનો ભંગ નથી, તેની પુષ્ટિ પ્રસ્તુત ગાથાથી થાય છે. **॥૧૯૭॥**

**અવતરણિકા :-**

**વળી, શૈલકસૂરિમાં મૂળ પ્રતિજ્ઞાનો ભંગ નથી, તેની પુષ્ટિ કરવા માટે જ્ઞાતાઅધ્યયનની વૃત્તિની સાક્ષી આપે છે –**

**ગાથા :-**

**पासत्थयाइदोसा, सिज्जायरपिंडभोअणाईहिं ।**
**उववाइओ य इत्तो, णायज्झयणस्स वित्तीए ॥१९८॥**

पार्श्वस्थतादिदोषात्, शय्यातरपिण्डभोजनादिभिः ।
उपपादितश्चेतो ज्ञाताध्ययनस्य वृत्तौ ॥१९८॥

**ગાથાર્થ :-**

**इत्तो य=અને આથી=શૈલકસૂરિ મૂળગુણના ભંગવાળા ન હતા આથી, જ્ઞાતાઅધ્યયનની વૃત્તિમાં પાસત્થાપણું આદિ દોષને કારણે શય્યાતરપિંડ ભોજનાદિ વડે उववाइओ=શૈલકસૂરિ ઉત્પાદન કરાયા= શૈલકસૂરિ કહેવાયા. ॥૧૯૮॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૯૬માં બતાવ્યું કે "શૈલકસૂરિને મૂળવ્રતનો ભંગ ન હતો." તેને સ્થાપન કરવા માટે ગ્રંથકાર જ્ઞાતાઅધ્યયનવૃત્તિની સાક્ષી આપે છે અને કહે છે કે જ્ઞાતાઅધ્યયનવૃત્તિમાં કહેવાયું છે કે "શૈલકસૂરિમાં પાસત્થા આદિ દોષ હતા તેથી શય્યાતરપિંડ ભોજનઆદિ દોષો સેવતા હતા." એ વચનથી પણ ફલિત

થાય છે કે શૈલકસૂરિ સર્વપાસત્થા આદિ ન હતા પણ દેશપાસત્થા આદિ હતા, અને દેશપાસત્થા ઉત્તરગુણોની સ્ખલનાવાળા હોય છે, પરંતુ મૂળગુણોનો ભંગ તેમને થતો નથી. ॥૧૯૮॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં જ્ઞાતાઅધ્યયનવૃત્તિના વચનથી સ્થાપન કર્યું કે "શૈલકસૂરિ ઉત્તરગુણમાં શિથિલ હતા." તે વચનના બળથી શૈલકસૂરિ મૂળગુણરહિત ન હતા તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**अब्भुज्जओ विहारो, एत्तो च्चिय मुत्तु तेण पडिबंधं ।**
**पडिवन्नो मूलाईवयभंगो पुण जओ भणिअं ॥१९९॥**

अभ्युद्यतो विहार, इत एव मुक्त्वा तेन प्रतिबन्धम् ।
प्रतिपन्नः मूलादिर्व्रतभङ्गः पुनर्यतो भणितम् ॥१९९॥

**અન્વયાર્થ :-**

**एत्तो च्चिय**=આથી જ=પૂર્વગાથામાં કહ્યું કે જ્ઞાતાઅધ્યયનની વૃત્તિમાં શૈલકસૂરિ શય્યાતરપિંડ ભોજન આદિ વડે શિથિલ કહેવાયા છે આથી જ, **तेण**=તેમના વડે=શૈલકસૂરિ વડે, **पडिबंधं मुत्तु**=પ્રતિબંધને મૂકીને=સુખશીલતાના ભાવ પ્રત્યેના પ્રતિબંધને છોડીને, **अब्भुज्जओ विहारो पडिवन्नो**=અભ્યુદ્યત વિહાર સ્વીકારાયો. **पुण**=વળી, **मूलाईवयभंगो**=મૂલાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિમાં વ્રતભંગ છે, **जओ भणियं**=જે કારણથી કહેવાયું છે.

**ગાથાર્થ :-**

**આથી જ શૈલકસૂરિ વડે પ્રતિબંધને મૂકીને અભ્યુદ્યત વિહાર સ્વીકારાયો. વળી, મૂલાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિમાં વ્રતભંગ છે, જે કારણથી કહેવાયું છે. ॥૧૯૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે જ્ઞાતાઅધ્યયનની વૃત્તિ પ્રમાણે શૈલકસૂરિ શય્યાતરપિંડ ભોજન આદિ કરવાને કારણે શિથિલ આચારવાળા હતા. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે શૈલકસૂરિ ઉત્તરગુણની અશુદ્ધિવાળા હતા અને પાછળથી સુખશીલતાનો પ્રતિબંધ છોડીને નવકલ્પી વિહારરૂપ અભ્યુદ્યત વિહાર સ્વીકાર્યો અર્થાત્ સંયમમાં અપ્રમાદવાળા થયા, તેથી શાસ્ત્રકારોએ તેઓને આરાધક સ્વીકાર્યા છે. જો શૈલકસૂરિ મૂળગુણરહિત હોત તો મૂળ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થયા પછી અપ્રમાદવાળા થાત ત્યારે, સંયમના પરિણામવાળા થયા તેમ શાસ્ત્રકારો સ્વીકારત; પરંતુ પ્રતિબંધમાત્રને છોડીને અપ્રમાદવાળા થયા તેટલામાત્રથી સંયમના પરિણામવાળા થયા તેમ શાસ્ત્રકારો સ્વીકારત નહિ. તેથી ગાથા-૧૯૬માં ગ્રંથકારે કહેલું કે "શૈલકસૂરિને મૂળ પ્રતિજ્ઞાનો ભંગ નથી" તે અર્થ નિર્ણીત થાય છે.

વળી, જો શૈલકસૂરિને દશ પ્રાયશ્ચિત્તમાંથી પાછળનાં મૂલાદિ ત્રણ પ્રાયશ્ચિત્તમાંથી કોઈપણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોત તો વ્રતભંગ છે તેમ માની શકાય, પરંતુ તેવું પ્રાયશ્ચિત્ત શૈલકસૂરિને પ્રાપ્ત થયું ન હતું.

આથી "શૈલકસૂરિ પ્રમાદને છોડીને અભ્યુદ્યત વિહારવાળા થયા" તેને કારણે શૈલકસૂરિને શાસ્ત્રકારોએ આરાધક કહ્યા છે. જો શૈલકસૂરિને વ્રતભંગ થયો હોત તો મૂલાદિપ્રાયશ્ચિત્ત સ્વીકાર્યા વગર શૈલકસૂરિ આરાધક થઈ શકત નહિ. મૂલાદિપ્રાયશ્ચિત્તમાં વ્રતભંગ છે તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે કે "જે કારણથી કહેવાયું છે" અને તે કથન સ્વયં આગળની ગાથામાં બતાવે છે. ॥૧૯૯॥

**અવતરણિકા :**

**પૂર્વગાથામાં કહ્યું કે મૂલાદિપ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તો વ્રતભંગ છે. તે કથનની સાક્ષીરૂપે કોઈક ગ્રંથનું ઉદ્ધરણ આપે છે –**

**ગાથા :-**

**छेअस्स जाव दाणं, ता वयमेगं पि णो अइक्कमइ ।**
**एगं अइक्कमंतो, अइक्कमे पंच मूलेणं ॥२००॥**

छेदस्य यावद्दानं तावद् व्रतमेकमपि नोऽतिक्रामति ।
एकमतिक्रामन्नतिक्रामेत्पञ्च मूलेन ॥२००॥

**ગાથાર્થ :-**

**જ્યાં સુધી છેદનું=છેદ પ્રાયશ્ચિત્તનું દાન છે ત્યાં સુધી, સાધુ, એક પણ વ્રતનું=પાંચ મહાવ્રતોમાંથી એક પણ વ્રતનું, અતિક્રમણ કરતા નથી. મૂળથી=મૂળ પ્રાયશ્ચિત્તથી, એકને અતિક્રમણ કરતા=એક મહાવ્રતને અતિક્રમણ કરતા, સાધુ પાંચેયને=પાંચે મહાવ્રતોને, અતિક્રમણ કરે છે. ॥૨૦૦॥**

**ભાવાર્થ :- છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધી સાધુના મૂળવ્રતનો અભંગ :**

કોઈ સાધુ સંયમમાં કોઈપણ દોષનું સેવન કરે તે દોષસેવનનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્ર નક્કી કરે છે, અને તે શાસ્ત્રની મર્યાદા પ્રમાણે કોઈ સાધુને કોઈપણ સ્ખલનાઓનું પ્રાયશ્ચિત્ત છેદ પ્રાયશ્ચિત્ત સુધી પ્રાપ્ત થાય ત્યાં સુધી તે સાધુએ પાંચ મહાવ્રતોમાંથી એક પણ મહાવ્રતનો ભંગ કર્યો નથી, આ પ્રમાણે શાસ્ત્રીય વ્યવહાર છે.

વળી, કોઈ સાધુએ કોઈ દોષ સેવન કર્યો હોય અને શાસ્ત્રની મર્યાદા પ્રમાણે તેને મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય, તો મૂળ પ્રાયશ્ચિત્ત વડે તે સાધુ કોઈ એક વ્રતનું અતિક્રમણ કરતા હોય, તોપણ તેણે પાંચ મહાવ્રતોનું અતિક્રમણ કરેલ છે તેમ શાસ્ત્ર સ્વીકારે છે. તેથી તેવા સાધુને શાસ્ત્ર મૂળગુણરહિત કહે છે; અને જે સાધુ મૂળગુણરહિત હોય તે મૂળ પ્રાયશ્ચિત્ત દ્વારા જ્યાં સુધી શુદ્ધ ન થાય ત્યાં સુધી સુસાધુ નથી.

આ શાસ્ત્રવચનના બળથી એ ફલિત થાય કે શૈલકસૂરિને મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય એ પ્રકારે પાંચ મહાવ્રતમાંથી એક પણ મહાવ્રતનું ઉલ્લંઘન ન હતું. આથી પ્રમાદનો પ્રતિબંધ છોડીને અપ્રમાદથી સંયમમાં ઉદ્યમવાળા થયા ત્યારથી શાસ્ત્રકારોએ તેમને આરાધક કહ્યા છે. માટે શૈલકસૂરિ પ્રમાદવાળા હતા ત્યારે પણ વ્રતભંગવાળા ન હતા; કેમ કે છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધી સાધુને મૂળવ્રતનો ભંગ નથી તેમ શાસ્ત્ર સ્વીકારે છે, અને શૈલકસૂરિને છેદ પ્રાયશ્ચિત્તની પણ પ્રાપ્તિ ન હતી. તેથી પ્રમાદકાળમાં પણ તેઓ મૂળવ્રતના

ભંગવાળા ન હતા, પરંતુ દર્પિકા પ્રતિસેવનાના કારણે તેઓ શિથિલ હતા, તે પ્રમાણે ગાથા-૧૯૬માં કહેલ કથન, આ ગાથાના વચનથી પુષ્ટ થાય છે. ॥૨૦૦॥

**અવતરણિકા :-**

**શૈલકસૂરિ મૂળગુણરહિત ન હતા પરંતુ ગાથા-૧૯૮માં બતાવ્યું તેમ ઉત્તરગુણની વિરાધના કરનાર હતા. આમ છતાં પૂર્વમાં આરાધક થઈને કર્મના દોષથી ઉત્તરગુણની વિરાધના કરનાર સાધુ પણ હીલનાપાત્ર નથી, તે બતાવીને શૈલકસૂરિની પંથકમુનિએ જે વૈયાવચ્ચ કરી તે ઉચિત છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**उववज्जइ उत्तरगुणविराहणाए अहीलणिज्जत्तं ।**
**जह उ सुकुमालिआए, ईसाणुववायजोग्गाए ॥२०१॥**

उपपद्यते उत्तरगुणविराधनया अहीलनीयत्वम् ।
यथा तु सुकुमालिकाया, ईशानोपपातयोग्यायाः ॥२०१॥

**અન્વયાર્થ :-**

**जह उ**=જે પ્રમાણે વળી, **ईसाणुववायजोग्गाए सुकुमालिआए**=ઈશાન ઉપપાત યોગ્ય સુકુમાલિકાનું (ઉત્તરગુણની વિરાધના વડે અહીલનીયપણું હતું) તથા=તે પ્રમાણે, **उत्तरगुणविराहणाए**=ઉત્તરગુણની વિરાધના વડે, **अहीलणिज्जत्तं**=શૈલકસૂરિનું અહીલનીયપણું, **उववज्जइ**=ઉપપન્ન થાય છે.

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે વળી, ઈશાનઉપપાતયોગ્ય સુકુમાલિકા સાધ્વીનું ઉત્તરગુણની વિરાધના વડે અહીલનીયપણું હતું, તે પ્રમાણે ઉત્તરગુણની વિરાધના વડે શૈલકસૂરિનું અહીલનીયપણું ઉપપન્ન થાય છે. ॥૨૦૧॥**

**ભાવાર્થ :- ઉત્તરગુણની વિરાધનાથી સુકુમાલિકાની (દ્રૌપદીનો પૂર્વભવમાં જીવ) જેમ સાધુનું અહીલનીયપણું :**

દ્રૌપદીનો જીવ પૂર્વભવમાં સુકુમાલિકાનો હતો અને સંયમ ગ્રહણ કર્યા પછી ગુરુનો નિષેધ હોવા છતાં એકાંતમાં ધ્યાન અર્થે સુકુમાલિકા સાધ્વી જાય છે તે વખતે પાંચ પુરુષોથી સેવાતી વેશ્યાને જોઈને પોતાને પણ તેવું સુખ મળે તેવું નિયાણું કરેલ અને કાળ કરીને ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થાય છે. શાસ્ત્રમર્યાદા પ્રમાણે મૂળગુણની વિરાધનાવાળા સાધુ સંયમની સારી આરાધના કરી હોય તોપણ સૌધર્મ દેવલોકથી ઉપર ઉત્પન્ન થાય નહિ, જ્યારે સુકુમાલિકા સાધ્વી ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તેથી સુકુમાલિકા સાધ્વીને ઉત્તરગુણની વિરાધના હતી પણ મૂળગુણની વિરાધના ન હતી તેમ નક્કી થાય છે; અને ઉત્તરગુણની વિરાધનાવાળાં સુકુમાલિકા સાધ્વી જેમ હીલનાપાત્ર નથી, તેમ શૈલકસૂરિ પણ શય્યાતરપિંડ ભોજનઆદિ દ્વારા ઉત્તરગુણના વિરાધક હોવાથી હીલનાપાત્ર નથી. માટે પંથકમુનિએ શૈલકસૂરિની વૈયાવચ્ચ કરી તે દોષપાત્ર નથી, પરંતુ પરમ ધર્મવિનયરૂપ છે. ॥૨૦૧॥

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે સાધુ ઉત્તરગુણની વિરાધનાથી અહીલનીય છે. ત્યાં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં તો નિષ્કારણ પ્રતિસેવના ચારિત્રનો નાશ કરે છે તેમ કહેલ છે, અને શૈલકસૂરિ ઉત્તરગુણની નિષ્કારણ પ્રતિસેવના કરતા હતા, તેથી તેમના ચારિત્રનો નાશ થયો હોવો જોઈએ; અને ચારિત્રનો નાશ થયો હોય તો તે હીલનાપાત્ર છે. માટે તે શૈલકસૂરિ અહીલનીય છે તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

**ગાથા :-**

**णिक्कारणपडिसेवा, चरणगुणं णासइत्ति जं भणिअं ।**
**अज्झवसायविसेसा, पडिबंधो तस्स पच्छित्ते ॥२०२॥**

निष्कारणप्रतिसेवा चरणगुणं नाशयतीति यद् भणितम् ।
अध्यवसायविशेषात्प्रतिबन्धस्तस्य प्रायश्चित्ते ॥२०२॥

**ગાથાર્થ :-**

**નિષ્કારણ પ્રતિસેવા ચારિત્રગુણનો નાશ કરે છે એ પ્રમાણે જે કહેવાયું=એ પ્રમાણે શાસ્ત્રમાં જે કહેવાયું, તે અધ્યવસાયવિશેષથી=નિષ્કારણ પુનઃ પુનઃ પ્રતિસેવા કરવાથી નિઃશુક ભાવ આવે છે તે રૂપ અધ્યવસાયવિશેષથી (કથન છે), તેનો=નિષ્કારણ પ્રતિસેવાના કારણે અધ્યવસાયવિશેષથી ચારિત્રનો નાશ થાય છે તેનો, પ્રાયશ્ચિત્તમાં પ્રતિબંધ=પ્રતિરોધ છે=અસ્વીકાર છે. ॥૨૦૨॥**

**ભાવાર્થ :- નિષ્કારણ પ્રતિસેવાથી ચારિત્રનો નાશ :**

કોઈ સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ''નિષ્કારણ ઉત્તરગુણોની પ્રતિસેવા કરતા હોય તો ક્રમે કરીને ચારિત્રગુણનો નાશ થાય છે'' તેમાં 'મંડપ અને સરસવ'નું દૃષ્ટાંત શાસ્ત્રમાં આપેલ છે; જેમ કે કેળનાં પાંદડાં અને કાચા સુતરના તાંતણાથી બાંધેલો મંડપ હોય તો તે મંડપ ઘણો ભાર સહન કરી શકે નહિ. તેવા મંડપ ઉપર સરસવનો એક એક દાણો નાખવામાં આવે તો તે ભાર સહન કરી શકે, પણ એક એક દાણાના ક્રમથી ઘણા સરસવના દાણા ભેગા થાય ત્યારે તે ભારને સહન કરી શકે નહિ, તેથી તે મંડપ નાશ પામે; અને તેને બદલે જો મંડપ ઉપર પડેલા સરસવના દાણા દૂર કરતા જઈએ, અને બીજા સરસવના દાણા કદાચ ફરી મંડપ ઉપર નાખતા જઈએ, અને તેને પણ દૂર કરતા જઈએ, તો તે મંડપ ઉપર પડતા સરસવના દાણાના સમૂહથી મંડપ નાશ પામે નહિ. તેમ ચારિત્રરૂપી મંડપ ઉપર ઉત્તરગુણના અતિચારરૂપ સરસવના દાણાનો ભાર વારંવાર પડતો હોય, અને પ્રમાદી સાધુ તે લાગેલા અતિચારના શોધન માટે યત્ન ન કરે, અને નવા નવા અતિચારોથી ભાર વધતો હોય, તો સંયમરૂપી મંડપ નાશ પામે. તે રીતે શૈલકસૂરિ પણ જ્યારે પ્રમાદવાળા થયા ત્યારે ઉત્તરગુણની પ્રતિસેવના કરતા હતા, અને તેના શોધન માટે પણ યત્ન કરતા ન હતા. તેથી અધ્યવસાયવિશેષથી સેવાયેલી નિષ્કારણ પ્રતિસેવના તેમના ચારિત્રગુણનો નાશ કરનાર હતી, તેમ માનવું પડે; પરંતુ શૈલકસૂરિ ચારિત્રગુણ રહિત હતા તોપણ પ્રાયશ્ચિત્તને આશ્રયીને વિચારણા કરવામાં આવે તો જે દોષનું પ્રાયશ્ચિત્ત છેદ સુધીનું આવતું હોય તે દોષ સેવનાર સાધુ 'મૂળગુણરહિત' નથી તેમ વ્યવહારનય સ્વીકારે છે, અને તેને આશ્રયીને શૈલકસૂરિને મૂળગુણનો ભંગ નથી તેમ કહેલ છે. તે

વ્યવહારનયની દૃષ્ટિ સ્પષ્ટ કરવા માટે ગાથાના ચોથા પાદમાં કહ્યું કે પ્રાયશ્ચિત્તમાં તેનો પ્રતિબંધ છે અર્થાત્ નિષ્કારણ પ્રતિસેવાના કારણે અધ્યવસાયવિશેષથી જે ચારિત્રનો નાશ થાય છે, તે નાશનો અસ્વીકાર છે. અર્થાત્ તે નાશને સ્વીકારીને વિચારીએ તો શૈલકસૂરિમાં ચારિત્ર નથી તેમ સ્વીકારવું પડે પરંતુ વ્યવહારનય છેદ પ્રાયશ્ચિત પ્રાપ્ત થાય ત્યાં સુધીના અતિચારથી થતા ચારિત્રના નાશનો સ્વીકાર કરતો નથી.

આનાથી એ ફલિત થાય કે કોઈ સાધુ ઉત્તરગુણમાં પ્રમાદ કરતા હોય તોપણ તે ઉત્તરગુણનો પ્રમાદ ચારિત્રનો નાશ કરશે, અને ચારિત્ર વગરનો જીવ વેશમાત્રથી સદ્ગતિને પામશે નહિ. તેથી સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષફળને પણ પામશે નહિ. તે બતાવવા માટે શાસ્ત્રકારોએ કહ્યું કે ''જો સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ઉત્તરગુણની પણ ઉપેક્ષા કરશે તો ભાવથી ચારિત્ર રહિત થશે, અને તેથી મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થશે નહિ.'' માટે મોક્ષના અર્થીએ નિશ્ચયનયની દૃષ્ટિથી વિચારવું જોઈએ કે 'અધ્યવસાય ઉપર ચારિત્ર નિર્ભર છે, અને ઉત્તરગુણની પ્રત્યે ઉપેક્ષા કરવામાં આવશે તો સાક્ષાત્ મૂળગુણનો ભંગ નહિ થયો હોય તોપણ સદ્ગતિ મળશે નહિ.' માટે મોક્ષના અર્થી સાધુએ નિષ્કારણ ઉત્તરગુણની પ્રતિસેવનાની પણ ઉપેક્ષા કરવી જોઈએ નહિ.

વળી, જ્યારે કોઈ આરાધક સાધુ પણ કોઈ નિમિત્તને પામીને પ્રમાદવશ થયા હોય, આમ છતાં, તેમનાથી સેવાયેલા દોષોનું પ્રાયશ્ચિત્ત છેદ પ્રાયશ્ચિત્ત સુધી આવતું હોય ત્યાં સુધી તે સાધુ મૂળગુણરહિત છે એમ વ્યવહારનય કહેતો નથી, પરંતુ જો તે દોષસેવનનું મૂળ પ્રાયશ્ચિત્ત આવતું હોય તો તે સાધુમાં ચારિત્ર નથી, તેમ વ્યવહારનય કહે છે.

જેમ સિંહગુફાવાસી મુનિ કોશ્યા વેશ્યાને ત્યાં ગયા, કામની ઇચ્છાવાળા થયા અને વેશ્યાના વચન પ્રમાણે રત્નકંબલ લેવા ચોમાસામાં વિહાર કર્યો અને તે પ્રમાણે રત્નકંબલ લાવીને વેશ્યાને આપી અને કામ માટે સ્પષ્ટ માગણી કરી, તે વખતે અધ્યવસાયથી તેઓ ચારિત્રી નથી, તોપણ વ્યવહારનયથી તે સાધુ મૂળગુણરહિત નથી; કેમ કે બાહ્યવૃત્તિ અને અંતઃવૃત્તિ ઉભયથી વ્રતનો ભંગ થાય તો વ્રતભંગ સ્વીકારીને મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય એમ વ્યવહારનય કહે છે. પરંતુ બાહ્યવૃત્તિ કે અંતઃવૃત્તિ બેમાંથી એકથી પણ વ્રતનું રક્ષણ હોય તો વ્યવહારનય વ્રતભંગ સ્વીકારતો નથી, પણ તે વ્રતમાં અતિચાર સ્વીકારે છે. તે નિયમ પ્રમાણે સિંહગુફાવાસી અંતઃવૃત્તિથી શીલના પરિણામવાળા ન હતા, તોપણ બહિર્વૃત્તિથી કામનું સેવન નહિ થયેલું હોવાથી શીલવાળા હતા. માટે વ્યવહારનય અનુસાર સિંહગુફાવાસીને અતિચારને આશ્રયીને પ્રાયશ્ચિત્ત આવેલ, પણ વ્રતભંગનું પ્રાયશ્ચિત્ત આવેલ ન હતું.

આનાથી એ ફલિત થાય કે વેશ્યા પાસે કામની માગણી કરી ત્યારે અંતઃવૃત્તિથી ચારિત્રહીન હોવા છતાં સિંહગુફાવાસી બહિર્વૃત્તિથી મૂળગુણહીન નથી, તેથી વ્યવહારનય તેઓને ચારિત્રી છે તેમ સ્વીકારે છે. તેમ શૈલકસૂરિ શય્યાતરપિંડભોજન આદિ કરતા હતા અને તે દોષના નિવારણ માટે કોઈ યત્ન કરતા ન હતા, તેથી અંતઃવૃત્તિથી દીર્ઘકાળ અતિચાર સેવનને કારણે ચારિત્રરહિત હોવા છતાં પણ શૈલકસૂરિ બહિર્વૃત્તિથી મૂળગુણહીન નથી. તેથી વ્યવહારનય તેઓને ચારિત્રી છે તેમ સ્વીકારે છે.

કોઈ સાધુ પ્રમાદી થયા હોય અને તેમને માર્ગમાં લાવવા માટે પ્રયત્ન કરવાનો હોય ત્યારે જ્યાં સુધી તે સાધુને મૂળ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી મૂળગુણરહિત છે તેમ સ્વીકારાતું નથી, પરંતુ તેમને અતિચારવાળા સ્વીકારીને માર્ગમાં લાવવા માટે ઉચિત યત્ન કરાય છે. જો તે માર્ગમાં આવે તો તેમણે સેવેલા પ્રમાદનું પ્રાયશ્ચિત્ત પણ ઉત્તરગુણના અતિચારરૂપે સ્વીકારીને અપાય છે. વળી, ઉચિત વંદન, વૈયાવચ્ચઆદિ વ્યવહાર પણ જ્યાં સુધી મૂળ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી કરાય છે, તે બતાવવા માટે જ આ વ્યવહારનયનું કથન છે. તેથી વ્યવહારનયના સ્થાનમાં વ્યવહારનયથી વિચારણા કરવાની હોય છે, અને નિશ્ચયનયના સ્થાનમાં નિશ્ચયનયથી વિચારણા કરવાની હોય છે, એ ફલિત થાય છે.

જેમ પ્રસ્તુતમાં કોઈ સાધુ ઉત્તરગુણમાં નિષ્કારણ પ્રતિસેવના કરતા હોય ત્યારે નિશ્ચયનયને સામે રાખીને શાસ્ત્રકારોએ કહ્યું કે નિષ્કારણ પ્રતિસેવના ચારિત્રનો નાશ કરે છે. તેથી સાધુએ ઉત્તરગુણની પ્રતિસેવનાની ઉપેક્ષા ન થાય તદ્અર્થે નિશ્ચયનયનું અવલંબન લઈને અતિચારના પરિહારમાં યત્ન કરવો જોઈએ; અને કોઈક આરાધક સાધુ પણ પ્રમાદવશ થયા હોય ત્યારે જ્યાં સુધી મૂળ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તેને મૂળગુણયુક્ત માનીને ઉચિત વ્યવહારની ઉપેક્ષા ન થાય તદ્અર્થે વ્યવહારનયનું અવલંબન લઈને ઉચિત વંદનાદિ વ્યવહાર કરવો જોઈએ. ॥૨૦૨॥

**અવતરણિકા :-**

**ગાથા-૧૯૬માં બતાવ્યું કે "શૈલકસૂરિને પણ મૂળપ્રતિજ્ઞાનો ભંગ નથી" અને તેની પુષ્ટિ ગાથા-૧૯૭થી ૨૦૦ સુધીમાં કરી, અને તે પ્રમાણે "શૈલકસૂરિ મૂળગુણમાં શિથિલ નહિ હોવા છતાં ઉત્તરગુણમાં શિથિલ હતા તોપણ હીલનાપાત્ર નથી" તે વાત ગાથા-૨૦૧માં સ્થાપન કરી. ત્યાં 'નિષ્કારણ પ્રતિસેવના ચારિત્રનો નાશ કરનાર છે' તે શાસ્ત્રવચનનું સ્મરણ થયું. તેથી ખુલાસો કર્યો કે તે શાસ્ત્રવચન પ્રમાણે "શૈલકસૂરિ ચારિત્રહીન હોવા છતાં પ્રાયશ્ચિત્તની દૃષ્ટિથી વિચારીએ તો શૈલકસૂરિમાં મૂળગુણનો ભંગ નથી." હવે આવા ગુરુની વૈયાવચ્ચ કરવી તે નિર્દોષ છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**इय गुणजुयस्स गुरुणो, दुट्ठमवत्थं कयाइ पत्तस्स ।**
**सेवा पंथगणाया, णिद्दोसा होइ णायव्वा ॥२०३॥**

इति गुणयुतस्य गुरोर्दुष्टामवस्थां कदाचित्प्राप्तस्य ।
सेवा पन्थकज्ञातान्निर्दोषा भवति ज्ञातव्या ॥२०३॥

**અન્વયાર્થ :-**

**कयाइ दुट्ठमवत्थं पत्तस्स**=ક્યારેક દુષ્ટ અવસ્થાને પ્રાપ્ત, **इय गुणजुयस्स गुरुणो सेवा**=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારના મૂળગુણના અભંગરૂપ ગુણયુક્ત એવા ગુરુની સેવા, **पंथगणाया**=પંથકના દૃષ્ટાંતથી, **णिद्दोसा होइ णायव्वा**=નિર્દોષ જ્ઞાતવ્ય છે.

**ગાથાર્થ :-**

**ક્યારેક દુષ્ટ અવસ્થાને પ્રાપ્ત, પૂર્વમાં વર્ણન કર્યું એવા મૂળગુણના અભંગરૂપ ગુણયુક્ત એવા ગુરુની સેવા, પંથકમુનિના દૃષ્ટાંતથી નિર્દોષ જ્ઞાતવ્ય છે. ॥૨૦૩॥**

**ભાવાર્થ :-**

ગુણવાન ગુરુ, કોઈક નિમિત્તને પામીને સંયમમાં પ્રમાદવાળા થયા હોય ત્યારે તેઓ વિનાશ તરફ જઈ રહ્યા છે, તેથી દુષ્ટ અવસ્થાને પામેલા છે. આમ છતાં પ્રાયશ્ચિત્તની દૃષ્ટિથી વિચારીએ તો તેમને છેદ પ્રાયશ્ચિત્તથી અધિક પ્રાયશ્ચિત્ત આવતું નથી. આવા ગુરુ વ્યવહારનયથી મૂળગુણથી યુક્ત પણ છે, તેથી તેમની પંથકમુનિના દૃષ્ટાંતથી સેવા કરવી તે નિર્દોષ છે અર્થાત્ સેવા કરવી શિષ્ય માટે ઉચિત કર્તવ્ય હોવાથી કલ્યાણનું કારણ છે. તેથી ગુરુ પ્રમાદી છે તેમ વિચારીને ગુરુની સેવા મૂકી દેવી તે ઉચિત કર્તવ્યરૂપ નથી, પરંતુ સંયમના આરાધક સાધુએ તે ગુણવાન ગુરુને માર્ગમાં લાવવા માટે તે પંથકમુનિની જેમ ઉચિત યત્ન કરવો જોઈએ. ॥૨૦૩॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે "શૈલકસૂરિ પ્રમાદવાળા હતા તોપણ મૂળગુણથી રહિત નહિ હોવાથી તેમની વૈયાવચ્ચ કરનાર પંથકમુનિને પરમધર્મવિનયની પ્રાપ્તિ થઈ" આ વચનનું અવલંબન લઈને જે ગુરુ પોતાના પ્રમાદની ઉપેક્ષા કરીને શિષ્યને કહે કે "પંથકમુનિએ ઉત્તરગુણની સ્ખલનાવાળા ગુરુની સેવા કરી તે ઉચિત છે તેમ અમારી પણ ઉત્તરગુણની સ્ખલનાઓ હોવા છતાં અમે પણ પૂજનીય છીએ" તે વચન ઉન્માર્ગરૂપ છે, એમ બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**जे पुण गुणेहि हीणा, मिच्छद्दिट्ठी य सव्वपासत्था ।**
**पंथगणाया मुद्धे, सीसे बोलंति ते पावा ॥२०४॥**

ये पुनर्गुणैर्हीना मिथ्यादृष्टयश्च सर्वपार्श्वस्थाः ।
पन्थकज्ञातान्मुग्धान्, शिष्यान्बोडयन्ति ते पापाः ॥२०४॥

**ગાથાર્થ :-**

**જે વળી, ગુણોથી હીન, મિથ્યાદૃષ્ટિ અને સર્વપાસત્થા છે, પાપી એવા તેઓ પંથકમુનિના દૃષ્ટાંતથી મુગ્ધ શિષ્યોને ડુબાડે છે. ॥૨૦૪॥**

**ભાવાર્થ :-**

શૈલકસૂરિ શિથિલ થયા ત્યારે પંથકમુનિએ તેમની જે વૈયાવચ્ચ કરી તેની શાસ્ત્રમાં પ્રશંસા કરી છે. તે વચનનું અવલંબન લઈને જે સાધુ પોતે ઉત્તરગુણની વિપરીત આચારણા કરે છે અને ઉત્તરગુણની વિપરીત આચરણા પ્રત્યે ઉપેક્ષાવાળા છે, તે સાધુ પોતાના શિષ્યોને કહે કે "જેમ પંથકમુનિએ ઉત્તરગુણની

સ્ખલનાવાળા શૈલકસૂરિની વૈયાવચ્ચ કરી તે ઉચિત હતું, તેની જેમ અમારી પણ ઉત્તરગુણની સ્ખલનાઓ ચારિત્રનો નાશ કરનાર નથી, માટે અમે પણ પૂજનીય છીએ" એમ કહીને પોતાની શિથિલ પ્રવૃત્તિને શિથિલરૂપે કહેવાને બદલે ચારિત્રનો નાશ કરનાર નથી એમ કહે છે, તેવા સાધુ વિપરીત પ્રરૂપણા કરે છે, માટે મિથ્યાદષ્ટિ છે.

વસ્તુતઃ જે સુસાધુ હોય તે હંમેશાં ઉત્તરગુણની પણ વિપરીત આચરણા કરે નહિ. ક્વચિત્ પ્રમાદને વશ થઈને વિપરીત આચરણા કરી હોય તોપણ સુસાધુ શિષ્યોને કહે કે ''અમે પ્રમાદી છીએ, અમે જે શિથિલતા સેવીએ છીએ તે માર્ગ નથી." તેના બદલે પંથકમુનિનું દષ્ટાંત લઈને જે સાધુ પોતાની શિથિલ પ્રવૃત્તિઓ ચારિત્રનો નાશ કરનાર નથી તેમ વિપરીત પ્રરૂપણા કરે છે તે મિથ્યાદષ્ટિ છે, અને ચારિત્રગુણથી હીન છે. આવા સાધુ સર્વપાસત્થા છે અને પોતાના મુગ્ધ શિષ્યોને પંથકમુનિના દષ્ટાંતથી ડુબાડે છે. આવા ગુરુના તે વચનથી ભ્રમિત થઈને શિષ્યો પણ ગુરુની શિથિલ પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષાવાળા થશે અને ગુરુની જેમ જ પંથકમુનિનું દષ્ટાન્ત લઈને વિપરીત પદાર્થનું સ્થાપન કરશે, તો સન્માર્ગનો નાશ કરવામાં તે ગુરુ અને શિષ્યો બન્ને કારણ બનશે. માટે આવા ગુરુ પાપી છે અને મુગ્ધ શિષ્યોનો વિનાશ કરે છે. આવા ગુરુ માત્ર ઉત્તરગુણની સ્ખલનાવાળા હોય તોપણ સુસાધુ હોઈ શકે નહિ અને સંવિગ્નપાક્ષિક પણ હોઈ શકે નહિ; કેમ કે ઉત્તરગુણની સ્ખલનાવાળા સાધુ પોતાની સ્ખલનાઓની નિંદા આદિ કરીને શુદ્ધિ કરવા યત્ન કરે છે પણ ઉપેક્ષા કરતા નથી, અને સંવિગ્નપાક્ષિક પણ પોતાના ઉત્તરગુણની સ્ખલનાને સામે રાખીને પોતે વેષધારી છે, સુસાધુ નથી તેમ કહે છે, જે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવવાના છે. ॥૨૦૪॥

**અવતરણિકા :-**

**યતિનું સાતમું લક્ષણ "ગુરુઆજ્ઞાઆરાધન" ગાથા-૧૩૬થી બતાવવાનું શરૂ કરેલ. ત્યારપછી કેવા ગુણવાળા ગુરુનું આરાધન કરવું જોઈએ તે ગાથા-૧૭૧થી ૧૭૬ સુધી બતાવ્યું. વળી, કલિકાલદોષના કારણે સર્વગુણથી યુક્ત ગુરુ ન મળે તો એકાદિ ગુણથી હીન પણ ચંડરુદ્રાચાર્ય જેવા ગુરુની આજ્ઞાનું આરાધન કરવું જોઈએ; કેમ કે તેવા એકાદિ ગુણથી હીન ગુરુ પણ શિષ્યને સારણાવારણાદિ દ્વારા યોગમાર્ગમાં પ્રવર્તાવે છે. વળી, કર્મના દોષના કારણે શૈલકસૂરિની જેમ કોઈક ગુરુ પ્રમાદવાળા થયા હોય તો તેમને માર્ગમાં લાવવા માટે ઉચિત શું કરવું જોઈએ તે ગાથા-૧૭૯થી બતાવવાનું શરૂ કર્યું. તેનાથી એ ફલિત થાય કે ક્વચિત્ યોગ્ય પણ ગુરુ ગાઢ પ્રમાદી થયા હોય જેના કારણે તેમની પાસેથી સારણાવારણા પ્રાપ્ત ન થતા હોય ત્યારે શૈલકસૂરિના ૫૦૦ શિષ્યોએ જેમ ઉચિત વિધિપૂર્વક પૃથગ્વિહારનો સ્વીકાર કર્યો, તેમ વિવેકી સાધુએ પણ અપ્રમાદની વૃદ્ધિ અર્થે પૃથગ્વિહાર કરવો ઉચિત ગણાય; અને જેમ પંથકમુનિ ગુરુની વૈયાવચ્ચ કરીને ગુરુને માર્ગમાં લાવવા પ્રબળ કારણ બન્યા, તેમ યોગ્ય શિષ્યે ગુરુને માર્ગમાં લાવવા ઉચિત પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ જે ગુરુ પાસેથી જ્ઞાનાદિની વૃદ્ધિ થતી હોય અને સારણાવારણાદિ મળતાં હોય તેવા ગુરુ ક્વચિત્ એકાદ ગુણથી હીન હોય તોપણ તેમની આજ્ઞાનું આરાધન કરવાથી જ શ્રેય થાય છે.**

હવે, ક્વચિત્ પૂર્ણ ગુણથી યુક્ત ગુરુ પણ ન મળે અને ચંડરુદ્રાચાર્ય જેવા એકાદિ ગુણથી હીન ગુરુ પણ ન મળે, તો શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનારા સંવિગ્નપાક્ષિકને પણ ગુરુ તરીકે સ્વીકારવાની અપવાદિક વિધિ છે, તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**चरणधरणाखमो वि अ, सुद्धं मग्गं परूवए जो सो ।**
**तेण गुणेण गुरु च्चिय, गच्छायारंमि जं भणियं ॥२०५॥**

चरणधरणाक्षमोऽपि च, शुद्धं मार्गं प्ररूपयति यः सः ।
तेन गुणेन गुरुरेव, गच्छाचारे यद् भणितम् ॥२०५॥

**ગાથાર્થ :-**

**ચારિત્રને ધારણ કરવામાં અસમર્થ પણ જે શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરે છે, તે ગુણથી=શુદ્ધ પ્રરૂપણાના ગુણથી, તે ગુરુ જ છે; જે કારણથી ગચ્છાચારમાં કહેવાયું છે. ॥૨૦૫॥**

**ભાવાર્થ :- સંવિગ્નપાક્ષિકનું સ્વરૂપ :**

સંયમ ગ્રહણ કર્યા પછી કોઈ સાધુ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા હોય, તત્ત્વના જાણકાર હોય, આમ છતાં ચારિત્ર પાળવું અતિ દુષ્કર હોવાથી ચારિત્રની શુદ્ધ આચારણા કરવામાં અસમર્થ હોય, તોપણ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરે તે સાધુ ભાવથી ચારિત્રી નહિ હોવા છતાં શુદ્ધ માર્ગની પ્રરૂપણાના ગુણ વડે ગુરુ જ છે. અર્થાત્ શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનારા ગુરુને આશ્રયીને જે સાધુ તેમની આજ્ઞા અનુસાર સંયમમાં યત્ન કરે, તે સાધુ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનારા સંવિગ્નપાક્ષિક પાસેથી સારણાવારણાદિ મેળવીને અને શુદ્ધ જ્ઞાનાદિ ગુણ પ્રાપ્ત કરીને પોતાના ચારિત્રના પરિણામને જિવાડી શકે છે; માટે અગીતાર્થ સુસાધુઓના તેઓ ગુરુ જ છે. તેથી વિષમ કાલને કારણે સંવિગ્નગીતાર્થ ગુરુ ન મળે તો સંવિગ્નપાક્ષિક ગુરુની આજ્ઞાના આરાધનથી પણ ભાવસાધુપણું જીવી શકે છે, તે બતાવવા અર્થે તેની સાક્ષીરૂપે ગ્રંથકાર ગચ્છાચારનો પાઠ આગળની ગાથામાં બતાવે છે. ॥૨૦૫॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે "જે કારણથી ગચ્છાચારમાં કહેવાયું છે તે કારણથી, ચારિત્રગુણથી રહિત પણ શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનાર સાધુ પ્રરૂપણાગુણથી ગુરુ જ છે". માટે હવે શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનાર ચારિત્રહીનને પણ ગુરુ તરીકે સ્વીકારવા માટે ગચ્છાચારનો પાઠ બતાવે છે –**

**ગાથા :-**

**सुद्धं सुसाहुमग्गं, कहमाणो ठवइ तइअपक्खंमि ।**
**अप्पाणं इयरो पुण, गिहत्थधम्माओ चुक्कंति ॥२०६॥**

शुद्धं सुसाधुमार्गं, कथयन् स्थापयति तृतीयपक्षे ।
आत्मानं इतरः पुनर्गृहस्थधर्माद् भ्रष्ट इति ॥२०६॥

ગાથાર્થ :-

**શુદ્ધ સુસાધુમાર્ગને કહેતા સાધુ ત્રીજા પક્ષમાં=સંવિગ્નપાક્ષિકરૂપ ત્રીજા પક્ષમાં, પોતાને સ્થાપન કરે છે. ઇતર વળી=અશુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનાર વળી, ગૃહસ્થધર્મથી ભ્રષ્ટ છે=યતિધર્મ, સંવિગ્ન-પાક્ષિકપથ અને ગૃહસ્થધર્મ ત્રણેથી ભ્રષ્ટ છે. 'इति' શબ્દ વાક્યની સમાપ્તિ માટે છે. ॥૨૦૬॥**

ટીકા :-

व्याख्या-शुद्धं-अवितथं सुसाधुमार्गं-सन्मुनिपथं कथयन्-प्ररूपयन्, स्वयं प्रमादवानपीति गम्यते, स्थापयति-निवेशयति आत्मानं क्व ? साधुश्राद्धपक्षद्वयापेक्षया तृतीयपक्षेसंविग्नपाक्षिकरूपे इतरो-अशुद्धमार्गप्ररूपक पुनः 'गिहत्थधम्माउ' त्ति गृहस्थधर्मादर्थाद्यतिधर्मात्संविग्नपाक्षिकपथाच्च 'चुक्क'त्ति भ्रष्टः संसारपथत्रयान्तर्वर्त्तीत्यर्थः । इति शब्दो वाक्यपरिसमाप्त्यर्थः ।

अत्र प्रसङ्गतः पक्षत्रयमाश्रित्य किञ्चिदुच्यते- 'सुज्झइ जई सुचरणो । सुज्झइ सुस्सावओ वि गुणकलिओ । ओसन्नचरणकरणो, सुज्झइ संविग्गपक्खरुई ॥१॥ संविग्गपक्खियाणं, लक्खणमेयं समासओ भणियं । ओसन्नचरणकरणा वि, जेण कम्मं विसोहंति ॥२॥ सुद्धं सुसाहुधम्मं, कहेइ निंदइ य निययमायारं । सुतवस्सियाण पुरओ, होइ य सव्वोमराइणिओ ॥३॥ वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ कारवे नेव । अत्तट्ठा न वि दिक्खइ, देइ सुसाहूण बोहेउं ॥४॥ ओसण्णो अत्तट्ठा, परमप्पाणं च हणइ दिक्खंतो । तं छुहइ दुग्गईए, अहिययर बुड्डइ सयं च ॥५॥ सावज्जजोगपरिव-ज्जणाउ, सव्वुत्तमो जइ धम्मो । बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो ॥६॥ सेसा मिच्छद्दिट्ठी, गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं । जह तिन्नि उ मुक्खपहा, संसारपहा तहा तिन्नि ॥७॥'

ननु गृहिचरकादयो भवन्तु भवानुयायिनो, भगवल्लिङ्गधारिणस्तु कथमित्यत्राह-'संसारसा-गरमिणं, परिब्भमतेहिं सव्वजीवेहिं । गहियाणि य मुक्काणि य, अणंतसो दव्वलिंगाइं ॥८॥ ननु त्रयः संसारपथास्त्रयश्च मोक्षपथा इति यदुक्तं तत्सुन्दरं, परं यः सुसाधुविहारेण बहुकालं विहृत्य पश्चात्कर्मपरतन्त्रतया शैथिल्यमवलम्बते, ते कुत्र पक्षे निक्षिप्यन्तामित्यत आह-'सारणचइया जे गच्छनिग्गया य विहरंति पासत्था । जिणवयणबाहिरा वि य, ते उ पमाणं न कायव्वा ॥९॥' इत्थ दिट्ठंतो-

तेणं कालेणं तेणं समएणं तुंगिया णामं णयरी होत्था । वण्णओ, तीए नयरीए एगो साहू खंतो दंतो जिइंदिओ इरियासमिओ भासासमिओ एसणासमिओ आयाणभंडमत्तनिक्खेवणा-समिओ उच्चारपासवणखेलजल्लसिंघाणपारिट्ठावणियासमिओ मणगुत्तो वयगुत्तो कायगुत्तो गुत्तिंदिओ, गुत्तबंभयारी अममो अकिंचणो छिण्णग्गंथो छिण्णसोओ निरुवलेवो कंसपाईव मुक्कतोओ संखो इव निरंजणो जीव इव अप्पडिहयगई एमाइगुणकलिओ, मज्झण्हसमए गोयरचरियाए भमंतो एगम्मि सड्ढकुलम्मि पविट्ठो, साविया य तं दट्ठुं हट्ठतुट्ठा जाया, आहारगहणत्थं घरम्मि पविट्ठा ताव य साहू घरदारं अवलोइऊण आहारं अगहिऊण अजंपमाणो चेव पडिनियत्तो । साविआ वि आगया संती तं अपासंती अपुण्णाहं अधण्णाहं एवमाइयं जंपमाणी दारे ठिया, तक्खणे चेव बीओ मुणी आहारत्थमागओ । तमाहारेण पडिलाभिऊण समणोवासिया भणइ- हे मुणीसर !

एगो साहू मम घरे आगो तेण भिक्खा न गहिया पच्छा तुम्ह आगमणं जातं, तेण केण निमित्तेण भिक्खा न गहिया ? सो भणइ-एयारिसा भावभंजणा पासंडचारिणो बहवे वट्टंति, समणोवासिया तव्वयणं सोऊण अच्चत्थं दुक्खमावण्णा । तओ य तइओ साहू तम्मि घरे आहारत्थमागओ । तमवि पडिलाभिऊण पढमसाहुवुत्तंतो कहिओ । सो भणइ-हे भद्दे ! तुम्ह घरदारं नीयं वट्टइ, तेण न गहिया भिक्खा । जओ आगमे 'नीयदुवारं तमसं, कोट्ठगं परिवज्जए । अचक्खूविसओ जत्थ, पाणा दुप्पडिलेहगा ॥१॥' अहं तु वेसमित्तधारी, मए साहूणं आयारो न सक्कए पालेउं, मम निप्फलं जीवियं, सो पुण धण्णो कयकिच्चो जे णं मुणीणमायारं पालेइ । सो वि सट्ठाणं गओ ।

इत्थ भावणा-जो सो पढमसाहू सो सुक्कपक्खिओ हंसपक्खिसमाणो, जेण तस्स हंसस्स दो वि पक्खा सुक्का भवंति, एवं सुक्कपक्खिओवि साहू अंतो बहिनिम्मलत्तेण दुहावि सुक्को १ । बीओ साहू कण्हपक्खिओ णेओ वायससारिच्छो, जेण तस्स वायस्स दोवि पक्खा कण्हा भवंति, एवं कण्हपक्खिओ साहू वि अंतो बाहिं मलिणत्तणेण दुहा वि मलिणो २ । तइओ साहू संविग्गपक्खिओ चक्कवायसारिच्छो, जेण चक्कवायस्स बाहिरपक्खा मलिणा भवंति अब्भंतरपक्खा सुक्का भवंति, एवं संविग्गपक्खिओ साहूवि बाहिं मलिणो अंतो सुक्को ३ । इति । गाथाछन्दः ॥३२॥ ( गच्छाचार पयन्ना गा. ३२ )

**ટીકાર્થ :-**

શુદ્ધ=અવિતથ=યથાર્થ, સુસાધુમાર્ગને=સારા મુનિઓના પથને, કહેતા=પ્રરૂપણા કરતા, સ્વયં પ્રમાદવાન પણ આત્માને સ્થાપન કરે છે. ક્યાં સ્થાપન કરે છે ? એથી કહે છે- સાધુ અને શ્રાવકરૂપ પક્ષદ્વયની અપેક્ષાએ સંવિગ્નપાક્ષિકરૂપ ત્રીજા પક્ષમાં સ્થાપન કરે છે એમ અન્વય છે. ઈતર=અશુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનારો વળી ગૃહસ્થધર્મથી, અને અર્થથી યતિધર્મથી અને સંવિગ્નપાક્ષિક પથથી ભ્રષ્ટ છે=સંસાર-પરિભ્રમણના કારણભૂત પથત્રય અંતર્વર્તી છે. 'इति' શબ્દ=ગાથામાં રહેલો इति શબ્દ વાક્યની પરિસમાપ્તિ માટે છે.

અહીં=ટીકામાં, પ્રસંગથી પક્ષત્રયને આશ્રયીને કંઈક કહેવાય છે : જો સુચારિત્રવાળો હોય તો શુદ્ધ થાય છે=કર્મથી શુદ્ધ થાય છે, ગુણકલિત સુશ્રાવક પણ શુદ્ધ થાય છે અને અવસન્નચરણકરણવાળો સંવિગ્નપક્ષની રુચિવાળો શુદ્ધ થાય છે.

સંવિગ્નપાક્ષિકનું સમાસથી આ લક્ષણ કહેવાયું છે : અવસન્નચરણકરણવાળા પણ=સિદાતા ચરણકરણવાળા પણ, કર્મને વિશોધન કરે છે; જે કારણથી શુદ્ધ સુસાધુધર્મને કહે છે અને પોતાના આચારની નિંદા કરે છે, सुतवस्सियाण=સૂત્રને આધીન ચાલનારા, સુસાધુઓની આગળ, सव्वोमराइणिओ=સર્વ અવરાત્નિક=સર્વથી નાના થાય છે. (૨-૩)

વંદે છે=સુસાધુને વંદે છે, સુસાધુને વંદાવતા નથી; કૃતિકર્મ કરે છે=સુસાધુનું વૈયાવચ્ચ કરે છે, કરાવતા નથી જ=સુસાધુ પાસે વૈયાવચ્ચ કરાવતા નથી જ; પોતાના માટે કોઈને દીક્ષા આપતા નથી, બોધ કરાવીને=માર્ગનો બોધ કરાવીને સુસાધુને સોંપે છે=વિરક્ત થયેલાને દીક્ષા આપવા માટે સુસાધુને સોંપે છે. (૪)

ओसण्णो=શિથિલ સાધુઓ, પોતાના માટે દીક્ષા આપતા પરના આત્માને હણે છે, તેને=દીક્ષા લેનારને, દુર્ગતિમાં ફેંકે છે અને સ્વયં અધિકતર ડૂબે છે. (૫)

સાવદ્યયોગના પરિવર્જનથી સર્વોત્તમ યતિધર્મ છે, બીજો શ્રાવકધર્મ છે, ત્રીજો સંવિગ્નપાક્ષિકનો પથ છે. (૬)

ગૃહસ્થલિંગ, કુલિંગ અને દ્રવ્યલિંગ વડે શેષ મિથ્યાદષ્ટિ છે. જે પ્રમાણે વળી, ત્રણ મોક્ષપથ છે=પૂર્વના ત્રણ મોક્ષપથો છે=યતિધર્મ, શ્રાવકધર્મ અને સંવિગ્નપાક્ષિકનો પથ એ ત્રણ મોક્ષપથો છે; તે પ્રકારે ત્રણ= પાછળના ત્રણ=ગૃહસ્થલિંગી, કુલિંગી અને દ્રવ્યલિંગી સંસારપથો છે. (૭)

'ननु' થી શંકા કરે છે- ગૃહસ્થ અને ચરકાદિ સંસારમાં ભટકનારા થાઓ, પરંતુ ભગવાનના લિંગને ધારણ કરનારા કેવી રીતે સંસારમાં ભટકનારા થાય ? એ પ્રકારની શંકામાં કહે છે-

આ સંસારસાગરમાં પરિભ્રમણ કરતાં સર્વ જીવો વડે અનંતી વખત દ્રવ્યલિંગો ગ્રહણ કરાયાં અને મુકાયાં. (૮)

અહીં વિશેષ એ છે કે સંસારમાં પરિભ્રમણ કરતાં અનંતી વખત જે દ્રવ્યલિંગો ગ્રહણ કરાયાં અને મુકાયાં તે મોક્ષનાં કારણ ન હતાં, આથી સંસારનો અંત થયો નહિ. તેથી તે દ્રવ્યલિંગોવાળા મિથ્યાદષ્ટિ છે, માટે તે સંસારપથ જ છે.

'ननु' થી શંકા કરે છે- ત્રણ સંસારપથ અને ત્રણ મોક્ષપથ જે કહેવાયું તે સુંદર છે, પણ જે સાધુ બહુ કાલ સુધી સુસાધુના વિહારથી વિહરીને પાછળથી કર્મની પરતંત્રતાના કારણે શૈથિલ્યનું અવલંબન કરે છે, તે કયા પક્ષમાં નિક્ષેપ પામશે ? એથી કહે છે-

સારણાથી ત્યાગ પામેલા અર્થાત્ સારણાથી નિર્વેદ પામેલા, જેઓ ગચ્છથી નીકળેલા છે, જેઓ પાસત્થા છે, તેઓ જિનવચનથી બહાર છે. તેઓને પ્રમાણ ન કરવા, અર્થાત્ સુસાધુરૂપે ન સ્વીકારવા. (૯)

* ઉપદેશમાલાની ગાથા-૫૨૫ ની ટીકા પ્રમાણે અર્થ કરેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓ સુસાધુરૂપે વિચરીને પણ પાછળથી પ્રમાદી થયા છે અને ગચ્છને છોડીને સ્વૈચ્છિક વિહરે છે, તેઓ સંસારમાર્ગમાં જ છે, મોક્ષમાર્ગમાં નથી.

इत्थ दिट्ठंतो - સંવિગ્ન, સંવિગ્નપાક્ષિક અને શિથિલાચારી એ ત્રણમાં દૃષ્ટાંત બતાવે છે-

તે કાળે, તે સમયે તુંગીયા નામની નગરી હતી. વર્ણનથી=રાયપસેણીસૂત્રમાં તુંગીયા નગરીનું વર્ણન કર્યું છે તેનાથી તુંગીયા નગરીનું વર્ણન જાણવું. તે નગરીમાં એક સાધુ ક્ષમાવાળા, દાન્ત, જિતેન્દ્રિય, ઈર્યા- સમિતિવાળા, ભાષાસમિતિવાળા, એષણાસમિતિવાળા, આદાનભંડમત્તનિક્ખેવણાસમિતિવાળા, ઉચ્ચાર= સ્થંડિલ, પાસવણ=માત્રુ, ખેલ=બળખા, જલ્લ=મળ, સિંઘાણ=નાકની લીંટ-શેડા, તે સર્વ વિષયક પારિષ્ટા- પનિકાસમિતિવાળા, મનગુપ્તિવાળા, વચનગુપ્તિવાળા, કાયગુપ્તિવાળા, ઈન્દ્રિયોની ગુપ્તિવાળા, બ્રહ્મચર્યની ગુપ્તિવાળા, મમતા વગરના, અકિંચન, છિન્નગ્રંથિવાળા=રાગદ્વેષ વગરના, છિન્નશોકવાળા=શોકરહિત, निरुवलेवो कंसपाईव=કાંસાના પાત્રની જેમ નિરુપલેપ, मुक्कतोओ=મુક્ત તોષવાળા, શંખની જેમ નિરંજન, જીવની જેમ અપ્રતિહત ગતિવાળા, આવા વગેરે ગુણોથી યુક્ત, મધ્યાહ્ન સમયે ગોચરી માટે ફરતા, એક

શ્રાવકના કુળમાં=ઘરમાં પ્રવેશ્યા અને શ્રાવિકા તેમને જોઈને હર્ષવાળી અને તોષવાળી થઈ. આહારના ગ્રહણ માટે ઘરમાં તે શ્રાવિકાએ પ્રવેશ કર્યો, ત્યાં સુધી ઘરના દ્વારનું અવલોકન કરીને સાધુ આહાર ગ્રહણ કર્યા વગર અને કાંઈ બોલ્યા વગર પ્રતિનિવૃત્ત થયા=પાછા ફર્યા. શ્રાવિકા પણ બહાર આવે છતે તે સાધુને નહિ જોતી અપુણ્યવાળી હું છું, અધન્ય હું છું વગેરે એ પ્રમાણે બોલતી દ્વારમાં ઊભી રહી. તે ક્ષણમાં જ બીજા મુનિ આહાર માટે આવ્યા. તેને આહાર વહોરાવીને શ્રાવિકાએ કહ્યું, હે મુનીશ્વર ! એક સાધુ મારા ઘરે આવેલા. તેમણે ભિક્ષા ગ્રહણ ન કરી. પછીથી તમારું આગમન થયું. તેમના વડે ક્યા નિમિત્તે ભિક્ષા ગ્રહણ ન કરાઈ ? તે સાધુ બોલે છે- “આવા પ્રકારના (વહોરાવવાના) ભાવને ભાંગનારા પાખંડ આચારવાળા ઘણા વર્તે છે.” શ્રમણોપાસિકા તેમના વચનને સાંભળીને અત્યંત દુઃખને પામી. ત્યારપછી ત્રીજા સાધુ આહાર માટે તે ઘરમાં આવ્યા. તેમને પણ વહોરાવીને પ્રથમ સાધુનો વૃત્તાંત કહ્યો. તે સાધુ બોલે છે, હે ભદ્રે ! તારા ઘરનું દ્વાર નીચું વર્તે છે તે કારણથી તેમના વડે ભિક્ષા ગ્રહણ ન કરાઈ, જે કારણથી આગમમાં કહેવાયું છે :

“નીચા દ્વારને, અંધકારને અને કોઠારગતને પરિવર્જન કરે.” જ્યાં પ્રાણો=જીવો, અચક્ષુનો વિષય છે અને દુષ્પ્રતિલેખ્ય છે=જેનુ ચક્ષુથી પડિલેહણ કરવું દુષ્કર છે. ॥૧॥

હું તો વેશમાત્રધારી છું. મારા વડે સાધુનો આચાર પાળવા માટે શક્ય નથી. મારું જીવન નિષ્ફળ છે. તે વળી મહાત્મા ધન્ય છે કૃતકૃત્ય છે, જે મુનિઓના આચારને પાળે છે. તે પણ=આ ત્રીજા સાધુ પણ સ્વસ્થાનમાં ગયા.

અહીં=આ કથામાં ભાવના આ પ્રમાણે છે-

જે તે પ્રથમ સાધુ છે તે શુક્લપક્ષવાળા હંસપક્ષી સમાન છે; જે કારણથી તે હંસની બન્ને પણ પાંખો શુક્લ હોય છે એ રીતે શુક્લપાક્ષિક એવા પણ સાધુ અંદરથી અને બહારથી નિર્મળપણું હોવાના કારણે બન્ને પ્રકારે પણ શુક્લ છે. આ પ્રથમ સાધુ સુસાધુ છે, તે સુસાધુના હૈયામાં ભગવાનના વચનનો અત્યંત રાગ છે તેથી અંદરથી નિર્મળ છે, અને બાહ્ય રીતે પણ ભગવાનના વચનના સ્મરણપૂર્વક ભિક્ષાઆદિ સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે તેથી બાહ્ય આચારોથી પણ નિર્મળ છે, માટે શુક્લપાક્ષિક છે. જેમ હંસપક્ષી અંદર અને બહાર શુક્લ પાંખવાળો છે, તેમ આ સુસાધુ પણ અંદરથી અને બહારથી મોક્ષને અનુકૂળ શુક્લભાવવાળા છે.

બીજા સાધુ કાગડા જેવા કૃષ્ણપાક્ષિક જાણવા. જે કારણથી તે કાગડાની બન્ને પણ પાંખો કૃષ્ણ=કાળી હોય છે એ રીતે કૃષ્ણપાક્ષિક એવા પણ સાધુ અંદરથી અને બહારથી મલિનપણાને કારણે બન્ને રીતે પણ મલિન છે. આ બીજા પ્રકારના સાધુ સર્વપાસત્થા છે અને મિથ્યાદૃષ્ટિ છે, આથી સુસાધુની નિંદા કરે છે અને અંતઃવૃત્તિથી ગુણના દ્વેષી છે માટે મલિન છે, અને બાહ્યઆચરણાથી અચારિત્રીની આચરણા કરે છે, માટે બહારથી પણ મલિન છે. તેથી કાગડાની બન્ને પાંખ જેમ કાળી હોય છે, તેમ બીજા પ્રકારના સાધુ અંતઃવૃત્તિથી અને બાહ્યઆચરણાથી મલિનભાવવાળા હોય છે.

ત્રીજા સાધુ સંવિગ્નપાક્ષિક ચક્રવાક જેવા જાણવા, જે કારણથી ચક્રવાકની બહારની પાંખ મલિન હોય અને અંદરની પાંખ શુક્લ હોય એ રીતે સંવિગ્નપાક્ષિક સાધુ પણ બહારથી મલિન અને અંદરથી શુક્લ છે. આ ત્રીજા પ્રકારના સાધુ સંવિગ્નપાક્ષિક છે, જેના હૈયામાં ભગવાનના વચનનો રાગ છે. આથી

**ભગવાનના વચન અનુસાર સુસાધુના સંયમની પ્રશંસા કરે છે અને પોતાના પ્રમાદની નિંદા કરે છે. આમ છતાં, ભગવાનના વચન અનુસાર સંયમમાં અપ્રમાદભાવથી યત્ન થાય તેવો પરિણામ નથી, તેથી બાહ્ય આચરણા પૂર્ણવિધિ અનુસાર કરતા નથી. તેથી બાહ્યઆચારણાથી મલિનતા છે અને અંતઃવૃત્તિથી નિર્મળતા છે. માટે જેમ ચક્રવાકપક્ષીની બાહ્ય પાંખ મલિન હોય છે તેમ સંવિગ્નપાક્ષિકની બાહ્ય આચરણા કાંઈક મલિન હોય છે, અને ચક્રવાક પક્ષીની અંતર્ગત પાંખ જેમ શુક્લ હોય છે તેમ સંવિગ્નપાક્ષિકનું અંતઃચિત્ત ગુણના પક્ષપાતવાળું હોવાથી શુક્લ છે.**

**ભાવાર્થ :- સંવિગ્નપાક્ષિકની ઉચિત આચરણા :**

ગાથા-૨૦૫ માં કહ્યું કે જે સાધુ ચારિત્રગુણને ધારણ કરવા સમર્થ નથી તોપણ શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરે છે, તે સાધુ શુદ્ધમાર્ગની પ્રરૂપણાના ગુણથી ગુરુ જ છે, અને તેમાં સાક્ષીરૂપે ગચ્છાચારની ગાથા-૩૨, ૩૩, ૩૪ અને ૩૫ પ્રસ્તુત ગ્રંથમાં ગાથા-૨૦૬ થી ૨૦૯ સુધી આપી છે. ત્યાં સ્થૂલથી વિચારીએ તો શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનાર સાધુ ગુણથી ગુરુ છે તેવો અર્થ જણાતો નથી, પરંતુ એટલું જણાય છે કે જે સાધુ સુસાધુના શુદ્ધ માર્ગને કહે છે તે સંવિગ્નપાક્ષિક છે. તેથી ગચ્છાચારના આ કથનથી એ પ્રાપ્ત થયું કે સુસાધુના માર્ગને કહેનારા સંવિગ્નપાક્ષિક મોક્ષપથમાં છે, સંસારપથમાં નથી, માટે વિષમકાળમાં સંવિગ્નગીતાર્થ ન મળે ત્યારે અપવાદથી સુસાધુના માર્ગને કહેનારા સંવિગ્નપાક્ષિક પણ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરાવી શકે છે. અને **"गृणाति शास्त्रतत्त्वं इति गुरुः"** એ વ્યુત્પત્તિ પ્રમાણે ગુરુ શબ્દનો અર્થ સંવિગ્નપાક્ષિકમાં ઘટે છે, માટે શુદ્ધ પ્રરૂપણા ગુણની અપેક્ષાએ તેઓને ગુરુ તરીકે સ્વીકારી શકાય, અને તેમના વચન અનુસાર પ્રવૃત્તિ કરનાર પણ મોક્ષમાર્ગના સેવનના ફળને પામે છે. આ પ્રકારનો પૂર્વગાથા-૨૦૫ સાથે ગાથા-૨૦૬થી ૨૦૯ સુધીનો સંબંધ છે. ॥૨૦૬॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે જે સાધુ સુસાધુના શુદ્ધ માર્ગને કહે છે તે સંવિગ્નપાક્ષિક છે, તેથી મોક્ષપથમાં છે. હવે સંવિગ્નપાક્ષિક મોક્ષપથમાં કેમ છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**जइ वि न सक्कं काउं, सम्मं जिणभासिअं अणुट्ठाणं ।**
**तो सम्मं भासिज्जा, जह भणिअं खीणरागेहिं ॥२०७॥**

यद्यपि न शक्यं कर्तुं, सम्यग्जिनभाषितमनुष्ठानम् ।
ततः सम्यग्भाषेत, यथा भणितं क्षीणरागैः ॥२०७॥

**ગાથાર્થ :-**

**જો વળી, સમ્યક્ જિનભાષિત અનુષ્ઠાન કરવા માટે શક્ય ન હોય તો જે પ્રમાણે ક્ષીણરાગવાળા વીતરાગે કહ્યું છે, તે પ્રમાણે સમ્યક્ કહેવું જોઈએ. ॥૨૦૭॥**

* 'जइ वि'માં 'वि' શબ્દ 'વળી'ના અર્થમાં છે.

**ટીકા :-**

**व्याख्या-यद्यपि न शक्यं कर्त्तुं-विधातुं कथं सम्यक्-त्रिकरणशुद्ध्या जिनभाषितं केवल्युक्तमनुष्ठानं-क्रियाकलापरूपं ततो यथा क्षीणरागैः वीतरागैर्भणितंकथितं तथा सम्यग्-अवितथं भाषेत्-प्ररूपयेदिति । गाथाछन्दः (गच्छाचार) ॥३३॥**

**ટીકાર્થ :-**

**જો વળી, જિનભાષિત=કેવલીએ કહેલું ક્રિયાકલાપરૂપ અનુષ્ઠાન કરવા માટે શક્ય ન હોય, કેવી રીતે શક્ય ન હોય ? એથી કહે છે- સમ્યક્=ત્રિકરણ શુદ્ધિથી=મન, વચન અને કાયાની શુદ્ધિથી, કરવું શક્ય ન હોય, તો જે પ્રમાણે વીતરાગ વડે કહેવાયેલું છે, તે પ્રમાણે સમ્યક્=યથાર્થ, પ્રરૂપણા કરવી જોઈએ.**

**ભાવાર્થ :-**

ગચ્છાચારમાં કહ્યું છે કે જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી મન, વચન અને કાયાની શુદ્ધિથી જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે ક્રિયાઓ કરવા સમર્થ ન હોય, તો જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે યથાર્થ પ્રરૂપણા તે સાધુએ કરવી જોઈએ, જેથી શુદ્ધાચારના પાલનથી મોક્ષપથમાં પ્રયાણ ન થઈ શકે તોપણ શુદ્ધ પ્રરૂપણાના બળથી મોક્ષપથમાં પ્રયાણ ચાલુ રહે. આ પ્રકારના શાસ્ત્રવચન અનુસાર સંવિગ્નપાક્ષિક શુદ્ધ પ્રરૂપણા કરનારા છે, માટે તેઓ પણ મોક્ષપથમાં છે, સંસારપક્ષમાં નથી. તેથી ગુરુ જ છે એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ॥૨૦૭॥

**અવતરણિકા :-**

**ગાથા-૨૦૬માં કહ્યું કે શુદ્ધ પ્રરૂપણા કરનારા સંવિગ્નપાક્ષિક પણ મોક્ષપથમાં છે. તે જ સ્પષ્ટ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**ओसन्नो वि विहारे, कम्मं सोहेइ सुलहबोही अ ।**
**चरणकरणं विसुद्धं, उवबूहंतो परूवंतो ॥२०८॥**

अवसन्नोऽपि विहारे, कर्म शोधयति सुलभबोधिश्च ।
चरणकरणं विशुद्धं, उपबृंहयन्प्ररूपयन् ॥२०८॥

**ગાથાર્થ :-**

**વિહારમાં=મુનિચર્યામાં, અવસન્ન પણ=શિથિલ પણ સાધુ, વિશુદ્ધ એવા ચરણકરણની ઉપબૃંહણા કરતા અને પ્રરૂપણા કરતા કર્મ શોધે છે=કર્મને શિથિલ કરે છે, અને સુલભબોધિ થાય છે=જન્માંતરમાં સુલભબોધિ થાય છે. ॥૨૦૮॥**

**ટીકા :-**

**व्याख्या-अवसन्नोऽपि-शिथिलोऽपि क्व ? विहारे मुनिचर्यायां कर्म्मज्ञानावरणादि शोधयति-शिथिलीकरोतीत्यर्थः, सुलभा बोधिः-जिनधर्म्मप्राप्तिरूपं यस्यासौ सुलभबोधिः, एवंविधश्च प्रेत्यः**

स्यादिति, एषः किं कुर्वन् ? 'चरणकरणं विसुद्धं उवबूहंतो परूवंतो'त्ति चरणं-सप्ततिभेदं मूलगुणरूपं करणं-सप्ततिभेदमेवोत्तरगुणरूपं चरणं करणं चेति समाहारद्वन्द्वे चरणकरणं तत् विशुद्धं-निःकलङ्कमुपबृंहयन्-प्रशंसयन् प्ररूपयंश्च-यथावस्थितं प्रतिपादयन्निति ।

अत्र चरणकरणस्वरूपं यथा-'वय ५ समणधम्म १० संजम १७ वेयावच्चं १० बंभ-गुत्तिओ ९ णाणाइतियं ३ तव १२ कोहनिग्गहाई ४ चरणमेयं ॥१॥ पिंडविसोही ४ समिई ५, भावण १२ पडिमा १२ य इंदियनिरोहो ५ । पडिलेहण २५ गुत्तीओ ३ अभिग्गहा ४ चेव करणं तु ॥२॥'

एतयोः क्रमेण व्यक्ति, सव्वाओ पाणाइवायाओ वेरमणं १, सव्वाओ मुसावायाओ वेरमणं २, सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ३, सव्वाओ मेहुणाओ वेरमणं ४, सव्वाओ परिग्गहाओ वेरमणं ५, इति व्रतानि । 'दसविधे समणधम्मे पं. तं. खंती १, मुत्ति २, अज्जवे ३, मद्दवे ४, लाघवे ५, सच्चे ६, संजमे ७, तवे ८, चियाए ९, बंभचेरवासे १० । क्रोधजयः १, निर्लोभता २, मायात्यागः ३, अहंकारत्यागः ४, परिग्रहत्यागः ५, सत्यं ६, ( संयमः- ) प्राणातिपात-विरमण-रूपः ७, तपः ८, त्यागः-सुविहितेभ्यो वस्त्रादिदानरूप. ९, ब्रह्मचर्यम् १०, इति श्रमणधर्म्मः । पृथिव्य १ अप् २ तेजो ३ वायु ४ वनस्पति ५ द्वि ६ त्रि ७ चतुः ८ पञ्चेन्द्रियाणां पालनान्नव भेदाः ९ अजीवसंयमः-पुस्तकचर्म्मपञ्चकादीनां अनुपभोगो यतनया परिभोगो वा हिरण्यादित्यागो वा १०, प्रेक्षासंयमः-स्थानादि यत्र चिकीर्षेत्तत्र चक्षुषा प्रेक्ष्य कुर्यात् ११, उपेक्षासंयमोव्यापारा-व्यापार-विषयतया द्वेधा । तत्र सदनुष्ठाने सीदतः साधुन्नोपेक्षेत-प्रेरयेदित्यर्थः । गृहिणस्तु आरम्भे सीदत उपेक्षेत- न व्यापारयेत् १२, प्रमार्ज्जनासंयमः-पथि पादयोर्वसत्यादेश्च विधिना प्रमार्ज्जनं १३, परिष्ठापनः संयमः-अविशुद्धभक्तोपकरणादेर्विधिना त्यागः १४, मनोवाक्कायसंयमाः-अकुशलानां मनोवाक्कायानां निरोधाः १७ । श्रीउमास्वातिवाचकपादैस्तु संयमभेदाः प्रशमरतावेव-मुक्ताः 'पञ्चाश्र-वाद्विरमणं, पञ्चेन्द्रियनिग्रहः कषायजयः । दण्डत्रयविरतिश्चेति, संयमः सप्तदशभेदः ॥१॥' इति संयमः । 'दसविधे वेयावच्चे पं. तं.-आयरियवेयावच्चे १ उवज्झायवे, २ थेरवे. ३ तवस्सिवे, ४ गिलाणवे, ५ सेहवे ६ कुलवे ७ गणवे ८ संघवे ९ साहम्मियवेयावच्चे १० इति वैयावृत्त्यम् । नव बंभचेरगुत्तिओ पं. त.-विवित्ताइं सयणासणाइं सेवित्ता भवति=णो इत्थिसंसत्ताइं नो पसुसंसत्ताइं नो पंडगसंसत्ताइं १, नो इत्थीणं कहं कहेत्ता हवइ=नो स्त्रीणां केवलानां कथां धर्मदेशनादिलक्षणवाक्यप्रतिबन्धरूपां २, नो इत्थिठाणाइं सेवित्ता भवति, ठाणं निषद्या ३, णो इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइं आलोतित्ता निज्झाइत्ता भवइ ४, णो पणीयरसभोई ५, णो पाणभोयणस्स अइमायमाहारए सया भवति, ६, णो पुव्वरयं पुव्वकीलियं सरित्ता भवइ ७, णो सद्दाणुवाती णो रूवाणुवाई णो सिलोगाणुवाई ८, णो सायोसोखपिडबद्धे यावि भवइ ९, इति ब्रह्मगुप्तिः । ज्ञानदर्शनचारित्रलक्षणं ३ ज्ञानादित्रिकं, तपो द्वादशधा पूर्वोक्तं १२, क्रोधमान-मायालोभत्यागः ४ क्रोधादिनिग्रहः इति चरणं ७० ।

वस्त्र १ पात्र २ वसति ३ आहार ४ शुद्धिलक्षणा चतुर्धा **पिण्डविशुद्धिः** । इरियासमिई १, भासासमिई २, एसणासमिई ३, आदाणभंडमत्तणिक्खेवणासमिई ४, उच्चारपासवणखेलजल्लसिंधाणपारिट्ठावणियासमिई ५, इति **समितिः** । अनित्यभावना १ अशरणभा० २ भवभा० ३ एकत्वभा० ४ अन्यत्वभा० ५ अशौचभा० ६ आश्रवभा० ७ संवरभा० ८ निर्जराभा० ९ धर्मस्वाख्याततताभा० १० लोकभा० ११ बोधिभा० १२ इति **भावनाः** । बारसभिक्खुपडिमो पं० तं० मासिया भिक्खुपडिमा १ दोमासिया २ तिमासिया ३ चउमासिया ४ पंचमासिया ५ छम्मासिया ६ सत्तमासिया ७ पढमा सत्तराइंदिया भिक्खु० ८ दोच्चा सत्तराइंदिया भिक्खु० ९ तच्चा सत्तराइंदिया भिक्खुप० १० अहोराइया भिक्खुप० ११ एकराइया भिक्खुप० १२ । इति **प्रतिमाः** । मनोज्ञामनोज्ञेषु शब्द १ रूप २ गंध ३ रस ४ स्पर्शेषु ५ श्रोत्र १ चक्षु २ घ्राण ३ जिह्वा ४ त्वगिन्द्रिय ५ विषयीभूतेषु रागद्वेषवर्जनात् **पञ्चेन्द्रियनिरोधः** । 'दिट्ठिपडिलेह एगा, छउड्ढपप्फोड तिगतिगंतरिआ । अक्खोडपमज्जणया, नव नव मुहपत्तिपणवीसा ॥१॥' प्रथम दृष्टिप्रतिलेखना १, ततः पार्श्वद्वयेऽपि त्रयस्त्रयः ऊर्ध्वप्रस्फोटाः कार्याः एवं ७, ततो हस्ततले मुखवस्त्रिकामलगयद्भिरास्फोटा लगयद्भिः प्रमार्जनाश्च परस्परं त्रिकत्रिकान्तरिताः प्रत्येकं नव नव कार्याः, एवं १८, इति मुखवस्त्रिकाप्रतिलेखनाः २५ स्युः । 'पायाहिणेण तिअतिअ, वामेयरबाहुसीसमुहहिअए । अंसुड्ढाहोपिट्ठे, चउछप्पयदेहपणवीसा २ इति **प्रतिलेखनाः** २५ । मनोवाक्कायगुप्तिरूपास्तिस्त्रो **गुप्तयः**, द्रव्यक्षेत्रकालभावभेदाच्चत्वारोऽभिग्रहाः, इति **करणमिति** । गाथाछन्दः ॥३४॥ ( गच्छाचार पयन्ना )

**ટીકાર્થ :-**

અવસન્ન પણ=શિથિલ પણ, ક્યાં ? એથી કહે છે- વિહારમાં=મુનિચર્યામાં, શિથિલ પણ જ્ઞાનાવરણ-આદિ કર્મને શોધન કરે છે=શિથિલ કરે છે. જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિ સુલભ છે જેને એવો આ સુલભબોધિ, અને આવા પ્રકારનો=સુલભબોધિ, પ્રેત્યઃ=જન્માંતરમાં થાય. આ શું કરતા સુલભબોધિ થાય ? એથી કહે છે –

વિશુદ્ધ એવા=નિષ્કલંક એવા ચરણકરણની ઉપબૃંહણા કરતા અને પ્રરૂપણા કરતા અર્થાત્ ૭૦ ભેદવાળું મૂળગુણરૂપ ચરણ અને ૭૦ ભેદવાળું ઉત્તરગુણરૂપ કરણ તેની ઉપબૃંહણાને કરતો=પ્રશંસા કરતા, અને પ્રરૂપણા કરતા=યથાવસ્થિત પ્રતિપાદન કરતા કર્મને શિથિલ કરે છે અને સુલભબોધિ થાય છે, એમ અન્વય છે.

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં કહ્યું કે સંયમમાં શિથિલ પણ સાધુ વિશુદ્ધ એવી ચરણસિત્તરી અને કરણસિત્તરીની ઉપબૃંહણા કરતા અને પ્રરૂપણા કરતા કર્મને શિથિલ કરે છે અને સુલભબોધિ થાય છે. વળી, અન્ય શું કરતા તેઓ કર્મને શિથિલ કરે છે અને સુલભબોધિ થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**सम्मग्गमग्गसंपट्ठिआण साहूण कुणइ वच्छल्लं ।**
**ओसहभेसज्जेहि य, सयमन्नेणं तु कारेई ॥२०९॥**
सन्मार्गमार्गसम्प्रस्थितानां साधूनां करोति वात्सल्यम् ।
औषधभैषज्यैश्च, स्वयमन्येन तु कारयति ॥२०९॥

**ગાથાર્થ :-**

**સુંદર મુનિમાર્ગમાં સમ્પ્રસ્થિત એવા સાધુઓનું=સમ્યક્પ્રવૃત્ત એવા સાધુઓનું, ઔષધ-ભેષજ વડે સ્વયં વાત્સલ્યને કરે છે=સમાધિ સંપાદન કરે છે. વળી, અન્ય વડે કરાવે છે. ॥૨૦૯॥**

**ટીકા :-**

व्याख्या-सन्मार्गमार्गसंप्रस्थितानां-सन्मुनिमार्गे सम्यक्प्रवृत्तानां साधूनां-मुनीनां करोति-**विधत्ते स्वयं-आत्मना वात्सल्यं-समाधिसम्पादनं अधिकारात्संविग्नपाक्षिकः, कैः ? औषधभैषज्यैस्तत्रौषधानि-केवलद्रव्यरूपाणि बहिरुपयोगीनि वा, भैषज्यानि-सांयोगिकानि अंतर्भोग्यानि वा, चशब्दोऽनेकान्यप्रकारसूचकः ।** तथाऽन्येन-आत्मव्यतिरिक्तेन कारयति, तुशब्दात् कुर्वन्तमन्यमनुजानातीति । गाथाछन्दः ॥३५॥ ( गच्छाचार० )

**ટીકાર્થ :-**

સન્માર્ગ છે જેઓને તે સન્માર્ગવાળા સુસાધુઓ છે અને તે સુસાધુના માર્ગમાં સમ્યક્ પ્રવૃત્ત એવા સાધુઓનું=મુનિઓનું, સંવિગ્નપાક્ષિક સ્વયં સમાધિસંપાદનરૂપ વાત્સલ્ય કરે છે. શેનાથી કરે છે ? તેથી કહે છે- ઔષધ-ભેષજ વડે વાત્સલ્ય કરે છે. ત્યાં ઔષધ એટલે કેવળ દ્રવ્યરૂપ હોય તે ઔષધ અથવા બાહ્ય ઉપયોગ કરાય તે ઔષધ, અને ભેષજ એટલે સંયોગવાળાં દ્રવ્યો અથવા અંતર્ભોગ્ય દ્રવ્યો અર્થાત્ ખાવા યોગ્ય દ્રવ્યો, અને ગાથામાં 'च' શબ્દ છે તેનાથી અન્ય અનેક પ્રકારના વાત્સલ્યને સંવિગ્નપાક્ષિક કરે છે તેનું સૂચન છે. તથા=અને, પોતાનાથી વ્યતિરિક્ત એવા બીજા વડે સંવિગ્નપાક્ષિક સુસાધુઓનું વાત્સલ્ય કરાવે છે, અને ગાથામાં 'तु' શબ્દથી એ કહેવું છે કે સુસાધુઓનું અન્ય વાત્સલ્ય કરતા હોય તેની સંવિગ્નપાક્ષિક અનુમોદના કરે છે.

* '**सम्मग्गमग्गसंपट्ठिआण**' નો સમાસ આ પ્રમાણે છે.

**( सन् मार्गः येषां ते सन्मार्गाः-सुसाधवः, सन्मार्गाणां मार्गः सन्मार्गमार्गः, सन्मार्गमार्गे संप्रस्थिताः सन्मार्गमार्गसंप्रस्थितास्तेषाम् )**

**ભાવાર્થ :-**

સંવિગ્નપાક્ષિક સંયમમાં પ્રમાદી હોય છે તોપણ વિશુદ્ધ ચારિત્રની ઉપબૃંહણા કરે છે અર્થાત્ કોઈ સાધુ વિશુદ્ધ ચારિત્ર પાળતા હોય તો તેમને પ્રોત્સાહિત કરે છે અને લોકો આગળ તેમના વિશુદ્ધ ચારિત્રની

પ્રશંસા કરે છે, પરંતુ પોતે પ્રમાદથી જે શિથિલ આચરણા કરે છે તેને છુપાવવા પ્રયત્ન કરતા નથી. વળી ચારિત્ર પાળનારા સુસાધુ પ્રત્યે સંવિગ્નપાક્ષિકને ભક્તિ હોય છે; તેથી ઔષધઆદિ દ્વારા સુસાધુની ભક્તિ કરે છે, બીજા પાસે કરાવે છે અને બીજા ભક્તિ કરતા હોય તેની અનુમોદના પણ કરે છે. પોતે સંયમમાં શિથિલ હોવા છતાં શુદ્ધ સંયમ પ્રત્યે સંવિગ્નપાક્ષિકને અતિરાગ છે, તે શુદ્ધ સંયમની ઉપબૃંહણાથી અને શુદ્ધ સંયમની પ્રરૂપણાથી અને સુસાધુની ભક્તિથી અભિવ્યક્ત થાય છે; અને શુદ્ધ સંયમનો રાગ હોવાથી સંવિગ્નપાક્ષિક શુદ્ધ સંયમનાં પ્રતિબંધક કર્મોને શિથિલ કરે છે અને જન્માંતરમાં જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિને પ્રાપ્ત કરે છે, એમ પૂર્વ ગાથા સાથે સંબંધ છે. ॥૨૦૮-૨૦૯॥

**અવતરણિકા :-**

**ગાથા-૨૦૮ અને ગાથા-૨૦૯માં કહ્યું કે સંવિગ્નપાક્ષિક સંયમમાં શિથિલ હોવા છતાં વિશુદ્ધ એવા ચરણકરણની ઉપબૃંહણા કરતા અને પ્રરૂપણા કરતા અને સુસાધુની ભક્તિ કરતા પોતાનાં જ્ઞાનાવરણાદિ કર્મને શિથિલ કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે સંયમમાં શિથિલ હોવાના કારણે કર્મબંધ કરે છે તેમ કેમ ન કહ્યું ? તેથી કહે છે. –**

**ગાથા :-**

**एयारिसो ण पावो, असंजओ संजओ त्ति जंपंतो ।**
**भणिओ तित्थयरेणं जं पावो पावसमणिज्जे ॥२१०॥**

एतादृशो न पापः असंयतः संयत इति जल्पन् ।
भणितस्तीर्थकरेण यत्पापः पापश्रमणीये ॥२१०॥

**ગાથાર્થ :-**

**આવા પ્રકારના=ગાથા-૨૦૮, ૨૦૯માં બતાવ્યું એવા પ્રકારના, સંવિગ્નપાક્ષિક પાપ નથી=પાપી નથી; જં=જે કારણથી, અસંયતને સંયત કહેતા=પોતે અસયંત છે છતાં સંયત છે, એ પ્રમાણે બોલતા સાધુ, તીર્થંકર વડે પાપશ્રમણીય અધ્યયનમાં પાપ=પાપી કહેવાયા છે. ॥૨૧૦॥**

**ભાવાર્થ :-**

ગાથા-૨૦૮માં કહેલ કે સંવિગ્નપાક્ષિક શિથિલ છે. તેથી કોઈકને શંકા થાય કે સંયમના આચારમાં જે શિથિલ હોય તેને પાપી કહેવો જોઈએ. તેના નિવારણ માટે કહે છે- જે સાધુ સંયમમાં શિથિલ હોવા છતાં શુદ્ધ પ્રરૂપણા કરે છે અને સુસાધુની ભક્તિ કરે છે, તેવા સાધુ સંયમમાં શિથિલ હોવા છતાં પાપી નથી; કેમ કે પાપી સાધુને બતાવનાર પાપશ્રમણીય નામનું જે ઉત્તરાધ્યયનનું અધ્યયન છે, તેમાં કહ્યું છે કે "જે સાધુ શિથિલ હોવા છતાં પોતે સંયમી છે તેમ લોક આગળ બોલે છે તે પાપી છે." તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના ભારને વહન કરવા માટે અસમર્થ છે, છતાં શુદ્ધ પ્રરૂપણા કરે છે, અને લોક આગળ પોતે સંયમી નથી તેમ બતાવીને સંયમનો શુદ્ધ માર્ગ બતાવે છે, અને સુસાધુના સંયમની પ્રશંસા કરે છે, તેવા સંવિગ્નપાક્ષિક આચારમાં શિથિલ હોવા છતાં

શુદ્ધ માર્ગના પક્ષપાતી છે, માટે પાપ બાંધતા નથી. તેથી ગાથા-૨૦૮માં કહ્યું કે સંવિગ્નપાક્ષિક કર્મોને શિથિલ કરે છે. ॥૨૧૦॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે આચારોમાં શિથિલ હોવા છતાં સંવિગ્નપાક્ષિક પાપશ્રમણ નથી. તેને જ દૃઢ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**किं पुण तित्थपभावणवसेण एसो पसंसणिज्जगुणो ।**
**सद्धाणुमोअणाए, इच्छाजोगा य जं भणियं ॥२११॥**

किंपुनस्तीर्थप्रभावनावशेन, एष प्रशंसनीयगुणः ।
श्रद्धानुमोदनया इच्छायोगाच्च यद् भणितम् ॥२११॥

**ગાથાર્થ :-**

**किं पुण=સંવિગ્નપાક્ષિક પાપશ્રમણ નથી, તો વળી કેવા છે ? તેથી કહે છે- તીર્થની પ્રભાવનાના વશથી આ=સંવિગ્નપાક્ષિક, પ્રશંસનીય ગુણવાળા છે=પ્રશંસા કરવા યોગ્ય ગુણવાળા છે; કેમ કે શ્રદ્ધા અને અનુમોદના છે=સુસાધુના ગુણો પ્રત્યે રુચિ છે અને સુસાધુના ગુણોની અનુમોદના છે, અને ઇચ્છાયોગ છે=સુસંયમ પાળવાની બળવાન ઇચ્છા છે, એ રૂપ ઇચ્છાયોગ છે; જે કારણથી કહેવાયું છે. ॥૨૧૧॥**

**ભાવાર્થ :-**

સંવિગ્નપાક્ષિક શાસ્ત્રો ભણીને ગીતાર્થ થયા હોય છે. પોતે સંયમમાં શિથિલ હોવા છતાં શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરીને તીર્થની પ્રભાવના કરે છે. તેથી તે ગુણને કારણે સંવિગ્નપાક્ષિક પ્રશંસાપાત્ર છે, પરંતુ નિંદાપાત્ર નથી, માટે શાસ્ત્રકારોએ તેમને પાપી કહ્યા નથી. વળી, સંવિગ્નપાક્ષિકને સંયમ પ્રત્યે બળવાન રુચિ છે અને સંયમીના સંયમગુણની અનુમોદના કરનારા છે માટે પ્રશંસાપાત્ર છે. વળી, પોતે સંયમમાં પ્રમાદવાળા હોવા છતાં શુદ્ધ સંયમના પાલનની ઈચ્છા તેઓમાં વર્તે છે. તેથી ક્યારેક ક્યારેક સ્વશક્તિ અનુસાર સંયમનાં અનુષ્ઠાનો અપ્રમાદથી સેવે પણ છે. માટે સંવિગ્નપાક્ષિક શુદ્ધ સંયમના રાગપૂર્વક કોઈ કોઈ અનુષ્ઠાનો શાસ્ત્રાનુસાર પણ કરે છે. તેથી સંવિગ્નપાક્ષિકનું પ્રમાદવાળું સંયમ પણ ઈચ્છાયોગરૂપ છે. તેથી શાસ્ત્રયોગના સેવનથી થતી નિર્જરા તેઓને પ્રાપ્ત ન થતી હોવા છતાં ઈચ્છાયોગના સેવનથી તેઓને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. માટે ત્રુટિવાળું પણ તેઓનું સંયમનું અનુષ્ઠાન અનુમોદનીય છે, પણ નિંદાપાત્ર નથી. જે કારણથી 'ઉપદેશમાલા'માં કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકાર આગળ બતાવે છે. ॥૨૧૧॥

**અવતરણિકા :-**

**ગાથા-૨૧૧માં કહ્યું કે તીર્થની પ્રભાવના કરનારા હોવાથી, સન્માર્ગમાં શ્રદ્ધા હોવાથી, સુસાધુની અનુમોદના હોવાથી અને ઈચ્છાયોગનું ચારિત્ર હોવાથી સંવિગ્નપાક્ષિક પ્રશંસા કરવા યોગ્ય છે. અને તેની**

પુષ્ટિ માટે ગાથા-૨૧૧ના અંતમાં કહ્યું કે "જે કારણથી કહેવાયું છે." તેથી તે કથનની પુષ્ટિ માટે ઉપદેશમાલાની ગાથા બતાવે છે –

**ગાથા :-**

**नाणाहिओ वरतरो, हीणो वि हु पवयणं पभावंतो ।**
**ण य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥२१२॥**

ज्ञानाधिको वरतरो हीनोऽपि खलु प्रवचनं प्रभावयन् ।
न च कुर्वन्दुष्करं सुष्ठ्वप्यल्पागमः पुरुषः ॥२१२॥

**ગાથાર્થ :-**

**હીન=ચારિત્રીની અપેક્ષાએ હીન, પણ જ્ઞાનથી અધિક, પ્રવચનની પ્રભાવના કરતા પ્રધાનતર છે. દુષ્કરને=માસક્ષમણાદિ દુષ્કરને, સુંદર પણ કરતા અલ્પ આગમવાળા=અલ્પ બોધવાળા પુરુષ પ્રધાનતર નથી જ. ॥૨૧૨॥**

**ટીકા :-**

**'नाणाहिओ गाहा, ज्ञानाधिको वरतरमाविष्टलिङ्गत्वात् प्रधानतरः हीनोऽपि चारित्रापेक्षया, हुरलङ्कारे, प्रवचनं सर्वज्ञागमं प्रभावनयन् वादव्याख्यानादिभिरुद्भावयन्, न च नैव दुष्करं मासक्षपणादि सुष्ठ्वपि कुर्वन्नल्पागमः स्तोकश्रुतः पुरुषो वरतरमिति ॥४२३॥ ( उपदेशमाला )**

**ટીકાર્થ :-**

ચારિત્રીની અપેક્ષાએ હીન પણ જ્ઞાનથી અધિક એવા સંવિગ્નપાક્ષિક, આવિષ્ટલિંગપણું હોવાને કારણે=સંયમના રાગથી વ્યાપ્ત સંયમનો વેશ હોવાને કારણે, વરતર છે=પ્રધાનતર છે. કેવા સંવિગ્નપાક્ષિક પ્રધાનતર છે ? એથી કહે છે– સર્વજ્ઞના આગમરૂપ પ્રવચનની પ્રભાવના કરતા=વાદ અને વ્યાખ્યાનઆદિ દ્વારા સર્વજ્ઞના આગમને ઉદ્‌ભાવન કરતા, સંવિગ્નપાક્ષિક પ્રધાનતર છે એમ અન્વય છે. માસક્ષમણઆદિ દુષ્કરને સુંદર પણ કરતા અલ્પઆગમવાળા પુરુષ પ્રધાનતર નથી જ.

**ભાવાર્થ :-**

જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા હોય, આમ છતાં સંયમના ભારને શાસ્ત્રાનુસાર વહન કરવા અસમર્થ છે, તેવા સંવિગ્નપાક્ષિક ચારિત્રની અપેક્ષાએ હીન છે, તોપણ તેઓ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરે છે. વળી વાદ અને વ્યાખ્યાન આદિ પ્રવૃત્તિ દ્વારા ભગવાનના આગમરૂપ પ્રવચનની પ્રભાવના કરતા તેઓ સંયમના બદ્ધ રાગથી આવિષ્ટ સંયમનું લિંગ હોવાને કારણે પ્રધાનતર આરાધક છે. અર્થાત્ સુસાધુની જેમ પૂર્ણ આરાધક નથી તોપણ અલ્પશાસ્ત્ર ભણેલા અને દુષ્કર અનુષ્ઠાનોને સુંદર રીતે પણ કરનારા સાધુ કરતાં અધિક આરાધક છે; કેમ કે આવા સંવિગ્નપાક્ષિક સાધુ શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરીને ઘણા યોગ્ય જીવોને માર્ગનો બોધ કરાવે છે અને શાસનની પ્રભાવના કરે છે, અને પોતે પણ શુદ્ધ સંયમના રાગવાળા છે, તેથી અલ્પબોધવાળા માસક્ષમણાદિ આરાધન કરનારા કરતાં પણ અધિક આરાધક છે. ॥૨૧૨॥

**અવતરણિકા :-**

ગાથા-૨૦૫માં કહેલ કે ચારિત્રને ધારણ કરવામાં અસમર્થ પણ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનાર સાધુ શુદ્ધ પ્રરૂપણા ગુણથી ગુરુ જ છે. તે ઉપદેશમાલાના વચનથી દૃઢ કરે છે –

**ગાથા :-**

**हीणस्स वि सुद्धपरूवगस्स नाणाहिअस्स कायव्वा ।**
**इय वयणाओ तस्स वि, सेवा उचिया सुसाहूणं ॥२१३॥**

हीनस्यापि शुद्धप्ररूपकस्य ज्ञानाधिकस्य कर्तव्या ।
इति वचनात्तस्यापि, सेवोचिता सुसाधूनाम् ॥२१३॥

**ગાથાર્થ :-**

**હીન પણ=ચારિત્રમાં હીન પણ, શુદ્ધ પ્રરૂપક એવા જ્ઞાનાધિકની કરવી જોઈએ=સેવા કરવી જોઈએ=સુસાધુએ સેવા કરવી જોઈએ, એ પ્રકારનું વચન હોવાથી, તેની પણ=સંવિગ્નપાક્ષિકની પણ, સેવા સુસાધુને ઉચિત છે. ॥૨૧૩॥**

* '**हीणस्स वि**' માં '**अपि**' થી એ કહેવું છે કે ચારિત્રથી હીન ન હોય તેવા શુદ્ધ પ્રરૂપકની તો સેવા કરવી જોઈએ, પરંતુ ચારિત્રથી હીન પણ શુદ્ધ પ્રરૂપક સાધુની સુસાધુએ સેવા કરવી જોઈએ.

**ભાવાર્થ :-**

જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી શાસ્ત્રાનુસારી આચાર પાળવા સમર્થ નથી, તેથી આચારમાં હીન છે, તેવા પણ શુદ્ધપ્રરૂપક ગુણવાળા અને જ્ઞાનમાં પોતાનાથી અધિક તેવા સંવિગ્નપાક્ષિક સાધુઓની સેવા સુસાધુએ કરવી જોઈએ, આ પ્રકારનું શાસ્ત્રવચન છે. તેથી શુદ્ધ પ્રરૂપણા કરનારા સંવિગ્નપાક્ષિકની સેવા સુસાધુએ કરવી ઉચિત છે.

જોકે સુસાધુ ચારિત્રના પરિણામવાળા હોય છે અને શાસ્ત્રવચનઅનુસાર ક્રિયા કરનારા હોય છે, તેથી ચારિત્રમાં શિથિલ સાધુની સેવા કરે નહિ, પરંતુ વિષમકાળના દોષના કારણે ગીતાર્થ સુસાધુ ન મળે ત્યારે સુસાધુઓ પણ '**गृणाति शास्त्रतत्त्वं इति गुरुः**' એ વ્યુત્પત્તિથી, જે ભગવાનના શુદ્ધમાર્ગને બતાવે છે તેવા શુદ્ધપ્રરૂપક સંવિગ્નપાક્ષિકને અપવાદથી ગુરુરૂપે સ્વીકારીને તેમના વચનઅનુસાર પ્રવૃત્તિ કરીને સંયમની શુદ્ધિ કરે છે, અને તેમની આજ્ઞાની આરાધનાથી અગીતાર્થ એવા પણ સુસાધુ ગુરુઆજ્ઞાઆરાધનરૂપ ગુણને પ્રાપ્ત કરે છે. જો સુસાધુ શુદ્ધપ્રરૂપક અને જ્ઞાનથી અધિક એવા સંવિગ્નપાક્ષિકની સેવા ન કરે અને તેમની આજ્ઞામાં ન રહે તો અગીતાર્થ હોવાના કારણે સુસાધુપણું રહે નહિ. ॥૨૧૩॥

**અવતરણિકા :-**

**ગુરુની આજ્ઞાની આરાધના માટે કેવા ગુરુની નિશ્રા સ્વીકારવી જોઈએ તે વાત ગાથા-૧૭૧થી બતાવવાનું શરૂ કરેલ. ત્યારપછી ગાથા-૧૭૭માં બતાવ્યું કે કલિકાલના દોષથી એકાદિગુણથી હીન પણ**

ગુરુ હોય તો ચંડરુદ્રાચાર્યની જેમ ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ. ત્યારપછી ગાથા-૨૦૫ થી બતાવ્યું કે સંવિગ્નગીતાર્થ સુસાધુ ન મળે તો અપવાદથી શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનારા એવા સંવિગ્નપાક્ષિકને પણ ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ. હવે તે સર્વનું નિગમન કરતાં કહે છે –

**ગાથા :-**

**तम्हा सुद्धपरूवगमासज्ज गुरुं ण चेव मुंचंति ।**
**तस्साणाइ सुविहिआ, सविसेसं, उज्जमंति पुणो ॥२१४॥**

तस्माच्छुद्धप्ररूपकमासाद्य गुरुं नैव मुञ्चन्ति ।
तस्याज्ञादि सुविहिताः, सविशेषमुद्यच्छन्ति पुनः ॥२१४॥

**ગાથાર્થ :-**

**તે કારણથી=જો સંવિગ્નગીતાર્થ સાધુ મળે તો તેમની આજ્ઞાને આધીન થઈને પ્રવૃત્તિ કરવી જોઈએ, અને જો સંવિગ્નગીતાર્થ સાધુ ન મળે તો અપવાદથી સંવિગ્નપાક્ષિકની પણ આજ્ઞામાં રહીને સુસાધુએ પ્રવૃત્તિ કરવી જોઈએ તેમ પૂર્વમાં સ્થાપન કર્યું તે કારણથી, શુદ્ધપ્રરૂપક એવા ગુરુને પ્રાપ્ત કરીને તેમની આજ્ઞાદિને સુવિહિત સાધુઓ મૂકતા નથી જ, વળી, સવિશેષ ઉદ્યમ કરે છે. ॥૨૧૪॥**

**ભાવાર્થ :-**

ગુરુઆજ્ઞાઆરાધન ગુણનું અત્યાર સુધી વર્ણન કર્યું. તેનું નિગમન કરતાં કહે છે- સુવિહિત સાધુઓ શુદ્ધપ્રરૂપક ગુરુને પામીને તેમની આજ્ઞાદિને મૂકતા નથી. કદાચ તે શુદ્ધપ્રરૂપક ગુરુ સંવિગ્નગીતાર્થ પણ હોય, અને વિષમકાળના કારણે શુદ્ધપ્રરૂપક ગુરુ સંવિગ્નગીતાર્થ ન મળે તો સંવિગ્નપાક્ષિક પણ હોય, તોપણ સુવિહિત સાધુઓ તેમની આજ્ઞાદિને મૂકતા નથી, અને તેમની આજ્ઞાને પ્રાપ્ત કરીને સંયમની વૃદ્ધિ થાય તે રીતે સવિશેષ ઉદ્યમ કરે છે. કદાચ ગુરુ તરીકે સંવિગ્નપાક્ષિક પ્રાપ્ત થયા હોય તોપણ સંવિગ્નપાક્ષિકના જે કાંઈ શિથિલ આચારો છે તેને જોઈને સુસાધુઓ આચારોમાં શિથિલ થતા નથી, પરંતુ સંયમના કંડકો વધે તે રીતે સવિશેષ ઉદ્યમ કરે છે. આવા સુસાધુઓમાં ગુરુઆજ્ઞાઆરાધનરૂપ યતિનું લક્ષણ છે, માટે તેઓ ભાવથી સાધુ છે. ॥૨૧૪॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે શુદ્ધ પ્રરૂપણા કરનારા એવા ગુરુની આજ્ઞાનું સુવિહિત સાધુઓ અતિક્રમણ કરતા નથી. તેને દૃઢ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

**एअं अवमन्नंतो, वुत्तो सुत्तंमि पावसमणुत्ति ।**
**महमोहबंधगो वि अ, खिंसंतो अपरितप्पंतो ॥२१५॥**

एतमवमन्यमान उक्तः सूत्रे पापश्रमण इति ।
महामोहबन्धकोऽपि च खिंसन्नपरितप्यमानः ॥२१५॥

**ગાથાર્થ :-**

**एअं=एतम्=એને=શુદ્ધ પ્રરૂપણા કરનારા ગુરુને, અવગણતા, નિંદતા અને વૈયાવચ્ચને નહિ કરતા સાધુ સૂત્રમાં પાપશ્રમણ કહેવાયા છે અને મહામોહના બંધક પણ કહેવાયા છે. ॥૨૧૫॥**

**ટીકા :-**

एतं-प्रस्तुतगुरुमवमन्यमानो-हीलयन् साधुरिति गम्यते भणित उक्तः सूत्रे-सिद्धान्ते श्रीमदुत्तराध्ययन इत्यर्थः पापश्रमणः कुत्सितयतिरितिरूपप्रदर्शने ।

तच्चेदम् सूत्रं-

''आयरियउवज्झाएहि, सुयं विणयं च गाहिए ॥
ते चेव खिंसइ बालो, पावसमणु त्ति वुच्चइ ॥१॥
आयरियउवज्झायाणं, सम्मं नो पडितप्पइ ।
अपडिपूयए थद्धे, पावसमणु त्ति वुच्चइ ॥२॥''

तथा महामोहबन्धकः-प्रकृष्टमिथ्यात्वोपार्जकश्च, अपि(च)शब्दः सूत्रान्तरं सूचयति-किं कुर्वन्? 'खिंसंतो'त्ति गुरोर्निन्दां कुर्वन्, 'अपडितप्पन्तु'त्ति तेषां वैयावृत्त्यादावादरमकुर्वन्निति । सूत्रान्तरं चावश्यके त्रिंशत्सु मोहनीयस्थानेष्वेवं पठ्यते-

''आयरियउवज्झाए, खिंसइ मन्दबुद्धिए ।
तेसिमेव य नाणीणं, सम्मं नो पडितप्पइ ॥''

क्रियापदं च पर्यन्त ''महामोहं पकुव्वइ''त्ति भणितमिति ।

आह-गुरोः सामर्थ्याभावे यदि शिष्योऽधिकतरं यतनातपःश्रुताध्ययनादि करोति तत्किं युक्तमाहोश्विद् गुरोर्लाघवहेतुत्वान्न युक्तमित्यत्रोच्यते-गुर्वनुज्ञया युक्तमेव, गुरोर्गौरवहेतुत्वाद्, भवति च गुणाधिके विनये गुरोर्गौरवम्, श्रीवज्रस्वामिनि सिंहगिरिगुरोरिव ।

तथाहि-

पुरा सिंहगिरेः सूरेर्विनेयो विनयास्पदम् ।
अज्ञानगुरुभूमीभृद्वज्राभो वज्र इत्यभूत् ॥१॥
अबालधीः स बालोपि, संयत्युपाश्रयाश्रयी ।
एकादशाङ्गीमध्येष्ट, पदानुसृतिलब्धियुक् ॥२॥
अष्टाब्दो गच्छमध्यस्थो, यद्यत् पूर्वगताद्यपि ।
पापठ्यमानमश्रौषीत्, तत्तज्जग्राह लीलया ॥३॥
पठेति स्थविराः प्राहुर्यदि वज्रं तदा च सः ।
उद्गृणन्नस्फुटं किंचित्, शुश्राव पठतो परान् ॥४॥
परेद्यवि दिवामध्ये, भिक्षार्थं भिक्षवो ययुः ।
बहिर्भूमौ गुणग्रामगुरवो गुरवोऽप्यगुः ॥५॥

तस्थौ तु वज्र एकाकी, वसतौ सोऽथ वेष्टिकाः ।
विन्यस्य साधुमण्डल्यां, स्वयं मध्ये निषद्य च ॥६॥
एकादशानामङ्गानामपि पूर्वगतस्य च ।
वाचनां दातुमारेभे, मेघगम्भीरया गिरा ॥७॥
व्याघुट्य सूरयोऽप्यागुः श्रुत्वा गहगहस्वरम् ।
दध्युरित्यात्तभिक्षाकाः किमीयुर्मंक्षु भिक्षवः ? ॥८॥
विमर्शं च वितन्वानाः, क्षणादज्ञासिषन् यथा ।
अये ! वज्रमुनेरेष, वाचनां ददतो ध्वनिः ॥९॥
पुरा भवे किमेतेनाध्यायि गर्भस्थितेन वा ।
एवं व्यचिन्तयन्मौलिं, धुन्वाना विस्मयान्मुहुः ॥१०॥
अस्यास्मच्छ्रवणाच्छङ्का मा भूदिति विचिन्त्य ते ।
अपसृत्य शनैरुच्चैश्चक्रुर्नैषेधिकीं ततः ॥११॥
तामाकर्ण्य सुनन्दासूर्झगित्युत्थाय विष्टरात् ।
कृतहस्तोऽमुचत् सर्वाः, स्वस्वस्थानेषु वेष्टिकाः ॥१२॥
समेत्य च गुरोर्दण्डमाददेऽङ्घ्री ममार्ज च ।
प्रासुकेनाथ नीरेण, स्वयं प्राक्षालयत् पदौ ॥१३॥
एवं च दध्युराचार्या, विद्यावृद्धोऽर्भकोऽप्यसौ ।
अजानद्भ्योऽन्यसाधुभ्यो, रक्ष्योऽवज्ञास्पदीभवन् ॥१४॥
एवं विमृश्य यामिन्यां, शिष्येभ्योऽकथयन्निति ।
गन्ता स्मः श्वोऽमुकं ग्रामं, द्वित्राहं तत्र नः स्थितिः ॥१५॥
अथोचुर्मुनयो योगप्रपन्ना वाचनाप्रदः ।
को नो भावीत्यथो सूरिर्वज्र इत्यादिशत् पुनः ॥१६॥
ऋजवस्ते विनीताश्च, तत्तथैव प्रपेदिरे ।
न सन्तो जातु लङ्घन्ते, गुर्वाज्ञां भद्रदन्तिवत् ॥१७॥
प्रातः कृत्वाऽनुयोगस्य, सामग्रीं ते गते गुरौ ।
वज्रर्षिं गुरुवद्भक्त्या, निषद्यायां न्यषेदयन् ॥१८॥
ततो वज्रमुनिर्ज्ञानकन्दकन्दलनाम्बुदः ।
आनुपूर्व्या महर्षीणां, तेषामालापकान् ददौ ॥१९॥
ये मन्दमेधसस्तेष्वप्यभूद्वज्रो, ह्यमोघवाक् ।
तद्वीक्ष्य नव्यमाश्चर्यं, गच्छः सर्वो विसिष्मिये ॥२०॥
आलापान्मुनयः पूर्वं, पठितान् निस्तुषानपि ।
संवादहेतवेऽपृच्छन्, सोपि व्याख्यात्तथैव तान् ॥२१॥
ये यावत् सूरितोऽनेकवाचनाभिरधीयिरे ।
पेठुर्वज्राच्छ्रुतं तावदेकवाचनयाऽपि ते ॥२२॥
अथोचुः साधवो हृष्टा, विलम्बेत गुरुर्यदि ।
वज्रान्तिके तदाऽऽश्वेष, श्रुतस्कन्धः समाप्यते ॥२३॥
धन्याः स्मः कृतकृत्याः स्मः पुण्यान्युज्जागराणि नः ।
यदेष वाचनाचार्यो, वज्रोऽस्माभिरलभ्यत ॥२४॥
श्रीमन्तो गुरवोऽस्माकेते धन्यतमा भुवि ।
शिष्योऽयं विजयी येषां, सर्वश्रुतनिवासभूः ॥२५॥

विनेयेनामुना दत्तहस्तालम्बा शनैः शनैः ।
श्रीमद्गुरोः प्रवृद्धापि, कीर्त्तिर्भ्राम्यतु विष्टपे ॥२६॥
अथेयद्भिर्दिनैर्वज्रो, भावी ज्ञातगुणः खलु ।
मुनिनामपि मत्वैयुर्मुदितास्तत्र सूरयः ॥२७॥
मुनियस्तानवन्दन्त, भक्तिभाजोऽथ सूरिभिः ।
पृष्टां स्वाध्यायनिर्वाहं शसंसुस्ते यथास्थितम् ॥२८॥
नत्वा भूयोपि ते शिष्या, गुरुमेवं व्यजिज्ञपन् ॥
भगवन् ! वाचनाचार्यो, वज्र एवास्तु नः पुनः ॥२९॥
गुरुर्बभाषे सर्वेषामेव भावी गुरुः क्रमात् ।
किन्तु मान्योऽधुनाप्युच्चैर्गुणवृद्धोऽर्भकोऽपि हि ॥३०॥
अत एव वयं ग्रामेऽगमामायं च वोऽर्पितः ।
सूरिर्यथाहि जानीथ, यूयमस्येदृशान् गुणान् ॥३१॥
नत्वस्य वाचनाचार्यपदवी युज्यतेऽधुना ।
कर्णश्रुत्याददेऽनेन, श्रुतं यन्न गुरोर्मुखात् ॥३२॥
ततश्च श्रुतसारज्ञः श्रुतमर्थसमन्वितम् ।
अध्यापयद् गुरुर्वज्रं, विधायोत्सारकल्पकम् ॥३३॥
साक्षीकृतगुरुर्वज्रमुनिर्गुर्वर्प्पितं श्रुतम् ।
मातृकापदवत्सर्वं, स जग्राह कुशाग्रधीः ॥३४॥
तथाऽभूच्छ्रुतविद् वज्रो, यथा सिंहगिरेरपि ।
चिरसंदेहसंदोहरजःपवनतां ययौ ॥३५॥
क्रमादासादिताचार्यवैभवो भवनाशनः ।
कुमतध्वान्तविध्वंसहंसः सल्लब्धिसेवधिः ॥३६॥
दशपूर्वश्रुताधारः, श्रीमान् वज्रमुनीश्वरः ।
भृशं प्रभावयामास, सुचिरं जिनशासनम् ॥३७॥ (**धर्मरत्नप्रकरण**)

**ટીકાર્થ :-**

આને=પ્રસ્તુત એવા શુદ્ધપ્રરૂપક ગુરુને, અવગણના કરતા=હીલના કરતા, સાધુ ઉત્તરાધ્યયનસૂત્રમાં પાપશ્રમણ કહેવાયા છે.

અને તે આ સૂત્ર છે-

આચાર્ય અને ઉપાધ્યાય વડે શ્રુતને અને વિનયને શીખવાડાયેલો એવો બાળ=વિવેક વગરનો સાધુ, તેઓની જ=આચાર્યઆદિની જ, નિંદાને કરે છે, (તે) પાપશ્રમણ એ પ્રમાણે કહેવાય છે. (૧)

આચાર્ય અને ઉપાધ્યાયની સમ્યગ્ વૈયાવચ્ચને કરતો નથી, પૂજા કરતો નથી, સ્તબ્ધ છે, તે પાપશ્રમણ છે, એ પ્રમાણે કહેવાય છે. (૨)

તથા=અને, મહામોહનો બંધક છે=જે પ્રસ્તુત ગુરુની અવગણના કરે છે તે પ્રકૃષ્ટ મિથ્યાત્વનો ઉપાર્જક છે. મૂળ ગાથા-૨૧૫માં 'वि अ'='अपि' च શબ્દ છે તે સૂત્રાંતરનું સૂચન કરે છે અર્થાત્ ઉત્તરાધ્યયન સૂત્રમાં પાપશ્રમણ કહ્યો છે અને સૂત્રાંતરમાં મહામોહનો બંધક કહ્યો છે તેનો સૂચક છે.

**શું કરતો પાપશ્રમણ અને મહામોહનો બંધક છે ? એથી કહે છે- ગુરુની નિંદાને કરતો અને તેની વૈયાવચ્ચઆદિમાં આદરને નહિ કરતો પાપશ્રમણ છે અને મહામોહનો બંધક છે એમ અન્વય છે; અને આવશ્યકમાં ત્રીસ મોહનીય સ્થાનોમાં આવા પ્રકારનું સૂત્રાંતર કહેવાય છે.**

**મંદબુદ્ધિને કારણે "આચાર્ય, ઉપાધ્યાયની નિંદા કરતો અને તે જ જ્ઞાનીની સમ્યક્ વૈયાવચ્ચ નહિ કરતો મહામોહને બાંધે છે."**

**અહીં ગાથામાં મહામોહને બાંધે છે એ ક્રિયાપદ અધ્યાહાર છે.**

**आह- અહીં શંકા કરે છે- ગુરુમાં સામર્થ્યનો અભાવ હોતે છતે જો શિષ્ય અધિકતર યતના=સાધ્વાચાર વિષયક અધિકતર યતના, અધિકતર તપ, અધિકતર શ્રુતઅધ્યયનઆદિ કરે તો શું યુક્ત છે ? અથવા ગુરુના લાઘવનો હેતુ હોવાથી યુક્ત નથી ? એ પ્રકારની શંકામાં જવાબ આપે છે- ગુરુની અનુજ્ઞાથી યુક્ત જ છે; કેમ કે ગુરુના ગૌરવનું હેતુપણું છે, અને શ્રી વજસ્વામીમાં સિંહગિરિ ગુરુની જેમ ગુણાધિક વિનયમાં=ગુણાધિક શિષ્યમાં, ગુરુને ગૌરવ થાય છે.**

**'तथाहि'થી વજસ્વામીનું દૃષ્ટાંત બતાવે છે.**

**ભાવાર્થ :- શુદ્ધ પ્રરૂપણા કરનાર ગુરુની અવગણનામાં પાપશ્રમણતા અને મહામોહબંધની પ્રાપ્તિ :**

ગાથા-૨૧૪માં "ગુરુઆજ્ઞાઆરાધનરૂપ" યતિના સાતમા લક્ષણનું નિગમન કરતાં સ્થાપન કર્યું કે શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરનારા સુસાધુઓ શુદ્ધપ્રરૂપક ગુરુને પામીને તેમની આજ્ઞાને મૂકતા નથી. એ વાત એમ જ છે, એ બતાવવા માટે પ્રસ્તુત ગાથામાં બતાવ્યું કે જે સાધુ સંયમ લઈને સંયમની અન્ય ક્રિયાઓ યથાર્થ કરતા હોય, આમ છતાં શુદ્ધપ્રરૂપક ગુરુની હીલના કરે અર્થાત્ તેમની આજ્ઞા ન માને અથવા તો શુદ્ધપ્રરૂપક ગુરુની નિંદા કરે અથવા તો શુદ્ધપ્રરૂપક ગુરુની વૈયાવચ્ચ આદિ ન કરે તો ઉત્તરાધ્યયનસૂત્રમાં તેઓને પાપશ્રમણ કહ્યા છે; અને મોહનીયનાં ૩૦ સ્થાનોને બતાવનાર જે સૂત્રાંતર છે તે સૂત્રાંતરમાં આવા સાધુને પ્રકૃષ્ટ મિથ્યાત્વ મોહનીય બંધાય છે તેમ કહ્યું છે.

આનાથી એ ફલિત થાય કે ભગવાનની આજ્ઞા અનુસાર સમ્યક્ યત્ન કરનારા સાધુઓ જેમ અન્ય સર્વ ક્રિયાઓ અપ્રમાદભાવથી કરે છે, તેમ શુદ્ધપ્રરૂપણા કરનારા ગુરુને પામીને તેમની આજ્ઞાને ક્યારેય મૂકતા નથી; કેમ કે જો તેમની આજ્ઞાનું પાલન ન કરે તો તેવા ગુણિયલ ગુરુની હીલના થાય, અને તેમની હીલના કરવાથી અન્ય સર્વ ક્રિયાઓ શાસ્ત્રાનુસારી કરાતી હોય તોપણ તે સાધુ પાપશ્રમણ છે; જેમ જમાલી ભગવાનની આજ્ઞાને છોડીને નિરતિચાર ચારિત્ર પાળનારા હતા તોપણ પાપશ્રમણ હતા. માટે સુસાધુએ શુદ્ધપ્રરૂપક એવા સંવિગ્નગીતાર્થની આજ્ઞા મૂકવી જોઈએ નહિ, અને જો સંવિગ્નગીતાર્થ ન મળે તો સંવિગ્નપાક્ષિકની પણ આજ્ઞાને મૂકવી જોઈએ નહિ, જેથી ગુરુઆજ્ઞાઆરાધનરૂપ યતિનું સાતમું લક્ષણ પ્રાપ્ત થાય.

અહીં ટીકામાં '**आह**'થી શંકા કરી કે ગુરુના સામર્થ્યનો અભાવ હોય અને શિષ્ય સંયમની યતના, શ્રુતઅધ્યયનઆદિમાં અધિકતર યત્ન કરે, તો તે ઉચિત છે કે નહિ ? તેનું સમાધાન કરતાં કહે છે કે ગુરુની આજ્ઞાથી યુક્ત જ છે; અને તેમાં યુક્તિ આપી કે વજસ્વામી જેવા ગુણાધિક શિષ્ય ગૌરવનો હેતુ છે. તેથી એ ફલિત થાય કે કોઈક ગુરુ ગીતાર્થ હોય, શુદ્ધપ્રરૂપક હોય અને તેમની પાસે સંયમ ગ્રહણ કરીને કોઈક શિષ્ય તૈયાર થયેલો હોય, તેમ છતાં ગુરુ કરતાં તેનામાં અધિક સામર્થ્ય હોય, તેથી અધિકતર સંયમની યતના કરતા હોય, અધિકતર તપ કરતા હોય કે અધિકતર શ્રુતઅધ્યયન કરતા હોય, તો તેનાથી ગુરુનું લાઘવ થતું નથી, પરંતુ ગુરુનું ગૌરવ વધે છે. જેમ સિંહગિરિ ગુરુ કરતાં વજસ્વામી શિષ્ય અધિકતર શ્રુતધર હતા, તેથી સિંહગિરિ ગુરુને અધિક ગૌરવની પ્રાપ્તિ થઈ.

વળી, ગુણવાન ગુરુને પણ અધિક ગુણવાન શિષ્ય પ્રત્યે ગૌરવ થાય છે. આથી જ સિંહગિરિને વજસ્વામી પ્રત્યે ગૌરવ થયેલું. તેથી તેમની પ્રતિભાને બતાવવા માટે પોતે ગ્રામાંતર જાય છે અને શિષ્યોને વજસ્વામી પાસે વાચના લેવાનું કહે છે, જેથી શિષ્યોને પણ ખ્યાલ આવે કે વયથી બાળ એવા પણ વજસ્વામી શ્રુતથી બાળ નથી. આમ ગુણના પક્ષપાતી ગુરુ શિષ્યના અધિક ગુણને જોઈને ગૌરવ પ્રાપ્ત કરે છે. ॥૨૧૫॥

**અવતરણિકા :-**

**तदेवं गुणाधिके विनेये स्यादेव गुरोर्गौरवम्, किन्तु तेन शिष्येण गुणाधिकेनापि हीन इति कृत्वा न गुरुरवमान्य इत्येतदेवाह –**

**અવતરણિકાર્થ :-**

**ગાથા-૨૧૫ની ટીકામાં કહ્યું કે સિંહગિરિ ગુરુને વજસ્વામી જેવા ગુણાધિક શિષ્યમાં જેમ ગૌરવ થાય છે, તે રીતે ગુણાધિક શિષ્યમાં ગુરુને ગૌરવ થાય જ; પરંતુ ગુણાધિક એવા પણ તે શિષ્ય વડે ગુરુ પોતાનાથી હીન છે એથી કરીને ગુરુની અવગણના કરવી જોઈએ નહિ. એને જ કહે છે –**

**ગાથા :-**

**सविसेसं पि जयंतो, तेसिमवन्नं विवज्जए सम्मं ।**
**तो दंसणसोहीओ, सुद्धं चरणं लहए साहू ॥२१६॥**
**॥ इति गुर्वाज्ञाराधनगुरुकुलवाससेवास्वरूपं सप्तमं लक्षणम् ॥**
सविशेषमपि यतमानस्तेषामवज्ञां विवर्जयति सम्यक् ।
ततो दर्शनशुद्धितः, शुद्धं चरणं लभते साधुः ॥२१६॥

**ગાથાર્થ :-**

**સવિશેષ પણ યતમાન=ગુરુ કરતાં સંયમમાં સવિશેષ પણ યત્નવાળા શિષ્ય, તેઓની=ગુરુની, અવજ્ઞાને સમ્યક્ વર્જન કરે છે, તેથી દર્શનશુદ્ધિ થાય છે; અને દર્શનશુદ્ધિથી સાધુ=ભાવસાધુ, શુદ્ધ=કલંકરહિત, ચારિત્ર પ્રાપ્ત કરે છે.**

**આ પ્રકારે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારે, ગુરુઆજ્ઞાઆરાધનરૂપ ગુરુકુળવાસના સેવન સ્વરૂપ યતિનું સાતમું લક્ષણ (સમાપ્ત થયું.) ॥૨૧૬॥**

**ટીકા :-**

**सविशेषमपि-शोभनतरमपि, आस्तां समं हीनं वेत्यपेरर्थः, यतमानस्तदावरणकर्मक्षयोपशमात् सूत्रार्थाध्ययनतपश्चरणप्रभृतिसदनुष्ठाने प्रयत्नवान् तेषां गुरूणामवज्ञामभ्युत्थानाद्यकरणरूपां वर्जयति-परिहरति सम्यक् शुद्धपरिणामो भावसाधुरिति प्रकृतम्, ततश्च दर्शनशुद्धेर्हेतोः शुद्धमकलङ्कं चरणं-चारित्रं लभते प्राप्नोति साधुर्भावमुनिरिति ।**

**अयमत्राशयः-सम्यक्त्वं ज्ञानचरणयोः कारणम्, यत एवमागमः-**

**"नादंसणस्स नाणं, नाणेण विणा ण हुंति चरणगुणा ।**
**अगुणस्स नत्थि मुक्खो, नत्थि अमुक्खस्स निव्वाणं ॥" इति ।**

**तच्च गुरु बहुमानिन एव भवत्यतो दुश्करकारकोऽपि तस्मिन्नवज्ञां न विदध्यात्, तदाज्ञाकारी च भूयाद् । यत उक्तम्-**

''छट्ठट्ठमदसमदुवालसेहिं, मासद्धमासखमणेहिं ।
अकरंतो गुरुवयणं, अणंतसंसारिओ भणिओ ॥'' इत्यादि ॥१३८॥ **(धर्मरत्नप्रकरण)**

**ટીકાર્થ :-**

**સવિશેષ પણ=શોભનતર પણ, યતમાન=તદ્આવરણકર્મના ક્ષયોપશમના કારણે સૂત્ર અને અર્થના અધ્યયન, તપ, ચારિત્ર વગેરે સદ્અનુષ્ઠાનોમાં પ્રયત્નવાળા સાધુ, તેઓની=ગુરુની, અભ્યુત્થાનઆદિ અકરણરૂપ અવજ્ઞાનો સમ્યક્ પરિહાર કરે છે. કોણ કરે છે ? એથી કહે છે- શુદ્ધપરિણામવાળા ભાવસાધુ પરિહાર કરે છે, એમ અન્વય છે; અને તેનાથી=ગુરુની અવજ્ઞાના પરિહારથી, દર્શનશુદ્ધિ થાય છે અને દર્શનશુદ્ધિથી સાધુ=ભાવમુનિ, શુદ્ધ=અકલંક, ચારિત્રને પ્રાપ્ત કરે છે.**

**અહીં આ આશય છે : જ્ઞાન અને ચારિત્રનું કારણ સમ્યક્ત્વ છે, જે કારણથી આ પ્રમાણે આગમ છે=શાસ્ત્રવચન છે.**

અદર્શનને=સમ્યગ્દર્શન વગરનાને, જ્ઞાન નથી, જ્ઞાન વગર ચારિત્રના ગુણો હોતા નથી, અગુણને=ચારિત્રના ગુણ વગરનાને, મોક્ષ નથી=કર્મથી મુક્તિ નથી અને કર્મથી અમુક્તને નિર્વાણ નથી.

**અને તે=જ્ઞાન અને ચારિત્રનું કારણ એવું સમ્યક્ત્વ, ગુરુબહુમાનીને જ હોય છે. આથી દુષ્કર કરનારા પણ સાધુ તેમાં=ગુરુમાં, અવજ્ઞા ન કરે, અને તેમની આજ્ઞાને કરનારા થાય, જે કારણથી કહેવાયું છે :**

છઠ, અઠમ, દશ ઉપવાસ, બાર ઉપવાસ વડે, પંદર ઉપવાસ, માસક્ષમણ વડે (સંયમમાં યત્ન કરતા પણ સાધુ) ગુરુવચનને નહિ કરતા અનંત સંસારી કહેવાયા છે.

**ભાવાર્થ :- ગુરુથી અધિક જ્ઞાનાદિવાળા શિષ્યને ગુરુવિષયક ઉચિત કર્તવ્ય :**

ગાથા-૨૧૪માં ગુરુઆજ્ઞાઆરાધનરૂપ યતિના સાતમા લક્ષણનું નિગમન કર્યું. તેની પુષ્ટિ કરવા માટે કહ્યું કે શુદ્ધપ્રરૂપક ગુરુની જે અવજ્ઞા કરે છે તે પાપશ્રમણ છે. તેનાથી એ ફલિત થયું કે શુદ્ધપ્રરૂપક ગુરુની આજ્ઞાને સુસાધુ ક્યારેય મૂકે નહિ. ત્યાં જિજ્ઞાસા થાય કે ગુરુ કરતાં જ્ઞાનાદિમાં હીન શિષ્ય તો અવશ્ય શુદ્ધપ્રરૂપક ગુરુની અવજ્ઞા ન કરે, પરંતુ જ્ઞાન-ચારિત્રની આરાધનામાં ગુરુ કરતાં પણ અધિકતર શોભનતર હોય એવા શિષ્ય ગુરુ સાથે કેવો વ્યવહાર કરે તે ઉચિત છે ? તેથી પ્રસ્તુત ગાથામાં કહે છે-

ગુરુ કરતાં શ્રુત-ચારિત્રની આરાધનામાં શોભનતર એવા પણ શિષ્ય ગુરુની અવજ્ઞાનું વર્જન કરે, અને તેમ કરે તો જ તે સાધુને દર્શનશુદ્ધિની પ્રાપ્તિ થાય; કેમ કે શ્રુત-ચારિત્રમાં ગુરુ પોતાનાથી હીન છે, પણ શ્રુત-ચારિત્ર વગરના નથી; એટલું જ નહિ પણ પોતાના શ્રુત-ચારિત્રની નિષ્પત્તિના પ્રબળ કારણ થયા છે. માટે જેમની પાસેથી પોતાને શ્રુત-ચારિત્રની પ્રાપ્તિ થઈ છે તેવા ગુરુનો અનાદર કરવામાં આવે તો તેમનામાં રહેલા શ્રુત-ચારિત્રનો જ અનાદર થાય, અને શ્રુત ચારિત્રની અવગણના કરવાથી દર્શનની શુદ્ધિ થતી નથી. તેથી ભાવસાધુ દર્શનશુદ્ધિના કારણભૂત એવી ગુરુની અભ્યુત્થાનઆદિરૂપ ઉચિત પ્રવૃત્તિ અવશ્ય કરે છે, અને દર્શનશુદ્ધિથી શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે.

આનાથી એ ફલિત થયું કે ભાવસાધુ શુદ્ધપ્રરૂપક એવા ગુરુને પ્રાપ્ત કરીને તેમની આજ્ઞાનું આરાધન કરે છે, અને કદાચ તેમની પાસેથી શ્રુતઆદિ મેળવીને પોતે શ્રુત-ચારિત્રની ગુરુથી અધિક આચરણા કરી

શકતા હોય તોપણ ગુરુની ઉચિત ભક્તિ આદિ કરે છે, પરંતુ અવજ્ઞા કરતા નથી; અને આવા સાધુમાં જ ગુરુઆજ્ઞાઆરાધનરૂપ યતિનું સાતમું લક્ષણ હોય છે. ॥૨૧૬॥

**અવતરણિકા :-**

ગાથા-૩થી યતિનાં સાત લક્ષણો કહેવાનો પ્રારંભ કરેલ તે સાતે લક્ષણો ગાથા-૨૧૬માં પૂર્ણ થયાં. હવે તે સાતે લક્ષણોનું વર્ણન કર્યા પછી તે સર્વ કથનના ફલિતાર્થને બતાવે છે –

**ગાથા :**

**इय सत्तलक्खणधरा, आणाजोगेण गलिअपावमला ।**
**पत्ता अणंतजीवा, सासयसुक्खं अणाबाहं ॥२१७॥**
**सिज्झिस्संति अणंता, सिज्झंति अपरिमिआ विदेहंमि ।**
**सम्मं पसंसणिज्जो, तम्हा एयारिसो साहू ॥२१८॥**

इति सप्तलक्षणधरा, आज्ञायोगेन गलितपापमलाः ।
प्राप्ता अनन्तजीवाः, शाश्वतसौख्यमनाबाधम् ॥२१७॥
सेत्स्यन्त्यनन्ताः, सिद्ध्यन्ति अपरिमिता विदेहे ।
सम्यक्प्रशंसनीयस्तस्मादेतादृशः साधुः ॥२१८॥

**ગાથાર્થ :-**

**આ પ્રકારના=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારનાં, સાત લક્ષણોને ધારણ કરનારા આજ્ઞાયોગથી=ભગવાનના વચનરૂપ આજ્ઞાના સેવનથી, ગલિત થયેલા પાપમલવાળા=સંસારના પરિભ્રમણના કારણીભૂત મોહને પેદા કરાવનાર એવા પાપમલ વગરના, અનંત જીવો અનાબાધ એવા શાશ્વત સુખને પામ્યા, અનંતા સિદ્ધ થશે, વિદેહમાં=મહાવિદેહમાં અપરિમિત સિદ્ધ થાય છે, તે કારણથી આ પ્રકારના સાધુ સમ્યક્ પ્રશંસા કરવા યોગ્ય છે. ॥૨૧૭-૨૧૮॥**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી સાધુનાં સાત લક્ષણો બતાવ્યાં. આવાં સાત લક્ષણોને ધારણ કરનારા યોગીઓ હંમેશાં ભગવાનના વચન અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે, અને તેના કારણે તેઓમાં સંસારના પરિભ્રમણને ચલાવે તેવો મોહના પરિણામરૂપ પાપમલ ગળી ગયેલો હોય છે. આવા મોહના પરિણામ વગરના અનંતા જીવો સાધુનાં સાત લક્ષણોના સેવનના બળથી સર્વ બાધાથી રહિત શાશ્વત સુખને પામ્યા; કેમ કે મોહનો નાશ થયા પછી સંસાર ચલાવે તેવું કર્મ રહેતું નથી. તેથી મોહ નાશ કરીને સાધુ કેવલજ્ઞાનને પામે છે અને કેવલજ્ઞાન પામ્યા પછી યોગનિરોધ કરીને ભવનો અંત કરે છે. ભવનો અંત કર્યા પછી સદાકાળ માટે જીવ સર્વકર્મથી મુક્ત બને છે. વળી જીવને બાધા કરનાર કર્મ છે અને કર્મનો નાશ થવાથી અવ્યાબાધ એવા સુખને જીવ સદા માટે પ્રાપ્ત કરે છે.

જેમ યતિનાં સાત લક્ષણોને ધારણ કરનારા અનંતા જીવો ભૂતકાળમાં સિદ્ધ થયા, તેમ અનંતા જીવો યતિનાં આ સાત લક્ષણોનું ભવિષ્યમાં સેવન કરીને અવશ્ય સિદ્ધ થશે.

વળી, વર્તમાનમાં મહાવિદેહમાં યતિનાં આ સાત લક્ષણોને ધારણ કરનારા અપરિમિત સાધુઓ સિદ્ધ થઈ રહ્યા છે. તેથી શાશ્વત સુખના અનન્ય ઉપાયભૂત એવાં આ સાત લક્ષણોને ધારણ કરનાર સાધુ સમ્યક્ પ્રશંસા કરવા યોગ્ય છે; કેમ કે તેમની પ્રશંસા કરવાથી તેમના જેવા થવાનું સત્ત્વ પોતાનામાં પ્રગટ થાય છે; અને જેમ તે સાધુઓ આ સાત લક્ષણોના સેવનના બળથી સંસારને તરી ગયા, તરી જશે અને તરી રહ્યા છે, તેમ તેઓની સમ્યક્ પ્રશંસા કરનાર જીવો પણ તે સાત લક્ષણવાળા સાધુપણાને પામીને અવશ્ય આ સંસારથી તરી જશે. ॥૨૧૭-૨૧૮॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે સાત લક્ષણોને ધારણ કરનારા સાધુની સમ્યક્ પ્રશંસા કરવી જોઈએ. ત્યાં પ્રશ્ન થાય કે આવા સાત લક્ષણવાળા સાધુ વર્તમાનમાં મળવા દુર્લભ છે, માટે એવા સાધુની પ્રશંસા કઈ રીતે થઈ શકે ? તેના સમાધાન માટે કહે છે –**

**ગાથા :-**

**एयारिसो अ साहू, महासओ होइ दूसमाए वि ।**
**गीयत्थपारतंते, दुप्पसहंतं जओ चरणं ॥२१९॥**

एतादृशश्च साधुर्महाशयो भवति दुःषमायामपि ।
गीतार्थपारतन्त्र्ये, दुष्प्रसहान्तं यतःचरणम् ॥२१९॥

**ગાથાર્થ :-**

**અને દુષમાકાળમાં પણ ગીતાર્થનું પરતંત્રપણું હોતે છતે આવા પ્રકારના=પૂર્વમાં યતિનાં સાત લક્ષણો બતાવ્યાં એવા પ્રકારના, મહાન આશયવાળા સાધુઓ હોય છે, જે કારણથી દુપ્પસહસૂરિ સુધી ચારિત્ર છે. ॥૨૧૯॥**

* '**दूसमाए वि**'માં '**अपि**'થી એ કહેવું છે કે ચોથા આરામાં તો આવા પ્રકારના સાધુઓ હોય છે પણ દુષમાકાળમાં પણ આવા સાધુઓ છે.

**ભાવાર્થ :- દુષમાકાળમાં પણ સુસાધુની પ્રાપ્તિ :**

પૂર્વગાથાના અંતમાં કહ્યું કે યતિનાં આ સાત લક્ષણ ધારણ કરનારા સાધુની પ્રશંસા કરવી જોઈએ. ત્યાં સ્થૂલથી વિચાર કરનારાને લાગે કે દુષમાકાળમાં આવાં લક્ષણો ધારણ કરનારા સાધુ કઈ રીતે સંભવે ? કેમ કે વર્તમાનમાં યતિનાં સાત લક્ષણવાળા સાધુ ક્યાંય દેખાતા નથી. એથી કહે છે-

સુષમકાળમાં યતિનાં સાત લક્ષણવાળા ઘણા સાધુ હતા, તેમ દુષમકાળમાં પણ જે સાધુમાં ગીતાર્થને પરતંત્ર રહેવાનો પ્રામાણિક પરિણામ છે, અને સહેજ પણ વક્રતા વગર ગીતાર્થને શોધવા માટે સમ્યક્ યત્ન કરતા હોય, અને કદાચ ગીતાર્થ ન મળ્યા હોય તો શાસ્ત્રમર્યાદા અનુસાર પાસત્થાઆદિ સાથે રહેતા હોય, અને સંવિગ્નગીતાર્થ સાધુની પ્રાપ્તિ માટે શક્ય યત્ન કરતા હોય, અને અંતઃપરિણામથી ગીતાર્થને પરતંત્ર થવાનો પરિણામ સહેજ પણ મ્લાન થયો ન હોય, તેવા સાધુ શાસ્ત્રનાં વચનોનું અવલંબન લઈને પોતાની શક્તિ અનુસાર અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરતા હોય, તો તેઓનો રાગ માત્ર મોક્ષપ્રાપ્તિના ઉપાયોમાં જોડાયેલો હોય છે. તેથી મોક્ષની પ્રાપ્તિના ઉપાયોને છોડીને અન્યત્ર ક્યાંય રાગ કરતા નથી અને મોક્ષના

અનુપાયમાં દ્વેષને કરે છે, જેથી અનાભોગથી પણ મોક્ષના અનુપાયભૂતમાં પ્રવૃત્તિ ન થાય; અને કદાચ અનાભોગથી પ્રવૃત્તિ થઈ જાય તો તરત જ તેની શુદ્ધિ માટે યત્ન કરતા હોય છે. આવા સાધુ પોતાના બોધ અનુસાર શાસ્ત્રવચનનું અવલંબન લઈને ઉચિત ક્રિયાઓમાં યત્ન કરતા હોય તો પૂર્વમાં વર્ણન કરાયેલાં યતિનાં સાત લક્ષણો ભાવથી વિદ્યમાન છે. તેથી વર્તમાનમાં પણ આવા ગુણને ધારણ કરનારા મહાયશવાળા સાધુ હોય છે; કેમ કે શાસ્ત્રકારો કહે છે કે દુપ્પસહસૂરિ સુધી ભગવાનના સાધુ આ ક્ષેત્રમાં રહેવાના છે. તેથી વર્તમાનમાં પણ કોઈક ઉત્તમ પુરુષ આવા ભાવને ધારણ કરનારા નથી તેમ કહી શકાય નહિ. માટે આવા ગુણવાળા સાધુને જાણીને તેમની સમ્યક્ પ્રશંસા કરવી જોઈએ, તેમ પૂર્વગાથા સાથે સંબંધ છે. ॥૨૧૯॥

**અવતરણિકા :-**

**વર્તમાનમાં આવા સાત લક્ષણવાળા સાધુ નથી, એ વચન યુક્ત નથી. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**जो पुण अइविरलत्तं, दट्ठुं साहूण भणइ वुच्छेअं ।**
**तस्स उ पायच्छित्तं, एयं समयंमि उवइट्ठं ॥२२०॥**

यः पुनरतिविरलत्वं दृष्ट्वा साधूनां भणति व्युच्छेदम् ।
तस्य तु प्रायश्चित्तमेतत्समये उपदिष्टम् ॥२२०॥

**ગાથાર્થ :-**

**જે વળી, સાધુનું અતિ વિરલપણું જોઈને વિચ્છેદને કહે છે=હમણાં સાધુનો વિચ્છેદ છે તેમ કહે છે, તેને આ=આગળની ગાથામાં કહેવાશે એ, પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહેવાયું છે. ॥૨૨૦॥**

**ભાવાર્થ :- વર્તમાનમાં સુસાધુના વિચ્છેદને કહેનારને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ :**

કાળના દોષના કારણે પૂર્વમાં વર્ણન કરાયેલા સાત લક્ષણવાળા સાધુ અતિ વિરલ છે અર્થાત્ ક્યારેક જ પ્રાપ્ત થાય છે, એમ જોઈને કોઈ એવું બોલે કે આવા ગુણવાળા સાધુનો વર્તમાનમાં વિચ્છેદ છે, તેને શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત્ત આપવાનું કહ્યું છે, જે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવશે.

આ કથનથી અર્થથી એ ફલિત થયું કે આવા લક્ષણવાળા સાધુનો વર્તમાનમાં વિચ્છેદ નથી; પરંતુ કાળદોષના કારણે ઘણા પાસત્થા સાધુઓ હોવા છતાં પણ કોઈક સુસાધુ ભગવાનના વચનમાં અત્યંત રાગને ધારણ કરીને સ્વશક્તિ અનુસાર સંયમમાં ઉદ્યમ કરનારા ક્યાંક હોઈ શકે છે. આમ છતાં અવિચારકતાને કારણે જે કોઈ સાધુ કે શ્રાવક ભાવસાધુનું સ્વરૂપ શાસ્ત્રથી સાંભળીને એમ કહે કે શાસ્ત્રમાં બતાવ્યા છે તેવા સાધુ વર્તમાનમાં નથી, તો તેવું બોલનાર સુસાધુની આશાતના કરે છે, અને ભગવાનના વચનથી વિપરીત બોલે છે. તેથી આવું બોલનારને શાસ્ત્રકારોએ ગંભીર પ્રાયશ્ચિત્ત આપેલ છે. માટે વર્તમાનમાં પોતાને કોઈ સુસાધુ ન દેખાય તોપણ કોઈક સ્થાનમાં કોઈક મહાત્મા ભગવાનના વચન અનુસાર સંયમ પાળનારા છે એમ સ્વીકારવું જોઈએ, અને જે કોઈ સાધુ ભગવાનના વચન અનુસાર સંયમ પાળનારા છે તેઓની પ્રશંસા કરવી જોઈએ. આ પ્રકારનો ગાથા-૨૧૮ સાથે પ્રસ્તુત ગાથાનો સંબંધ છે. ॥૨૨૦॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે "વર્તમાનમાં ભાવસાધુ નથી" એમ જે કહે છે તેને શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તે પ્રાયશ્ચિત્તને કહેનાર શાસ્ત્રવચન બતાવે છે –**

**ગાથા :-**

**जो भणइ णत्थि धम्मो, ण य सामइअं ण चेव य वयाइं ।**
**सो समणसंघबज्झो, कायव्वो सव्वसमणसंघेण ॥२२१॥**

यो भणति नास्ति धर्मो, न च सामायिकं न चैव च व्रतानि ।
स श्रमणसङ्घबाह्यः, कर्तव्यः सर्वश्रमणसङ्घेन ॥२२१॥

**ગાથાર્થ :-**

**જે કહે છે ધર્મ નથી અને સામાયિક નથી અને વ્રતો નથી, તેને સર્વશ્રમણસંઘે શ્રમણસંઘથી બહાર કરવો જોઈએ. ॥૨૨૧॥**

**ભાવાર્થ :- વર્તમાનમાં ધર્મ, સામાયિક અને વ્રતો નથી એમ કહેનારને સંઘ બહાર કરવાની આજ્ઞા :**

વર્તમાનમાં ઘણા સાધુના શિથિલ આચારોને જોઈને કોઈ કહે કે- "વર્તમાનમાં ધર્મ નથી, ભગવાને કહેલું સમભાવરૂપ સામાયિક પણ નથી, શાસ્ત્રમાં કહ્યાં છે તેવાં વ્રતો પણ નથી, માટે ભગવાનનું શાસન વર્તમાનમાં વિચ્છિન્ન છે; અને જે કાંઈ ધર્મઅનુષ્ઠાનો થાય છે તે સર્વ ભગવાનના વચનઅનુસાર નહિ હોવાથી ધર્મરૂપ નથી." આ પ્રમાણે બોલનારને ભગવાને પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે કે સર્વશ્રમણ સંઘે આવા સાધુને શ્રમણસંઘથી બહાર મૂકવો જોઈએ.

આ વચનથી એ ફલિત થાય કે આવું બોલનાર મૃષા ભાષણ કરનાર છે, અને મહાપ્રાયશ્ચિત્તનો અધિકારી છે, માટે વર્તમાનમાં વ્રતો નથી એમ બોલાય નહિ; પરંતુ કોઈક આરાધક જીવોમાં ભગવાનના વચન અનુસાર વ્રતો છે, માટે તેવા ઉત્તમ સાધુની પ્રશંસા કરવી જોઈએ, જેથી સંયમ સુલભ થાય; પરંતુ વર્તમાનમાં કોઈ સાધુ નથી એમ કહીને સુસાધુનો અપલાપ કરવો જોઈએ નહિ. ॥૨૨૧॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે વર્તમાનમાં સુસાધુનો વિચ્છેદ નથી. અહીં પ્રશ્ન થાય કે સાધુપણું ગીતાર્થ ઉપર જીવે છે, અને કાલદોષના કારણે શાસ્ત્રમાં બતાવ્યા તેવા ગીતાર્થસાધુ ઉપલબ્ધ ન હોય, છતાં કોઈક સુસાધુ છે, એવો નિર્ણય કઈ રીતે થઈ શકે ? એથી કહે છે –**

**ગાથા :-**

**बहुमुंडाइवयणओ, आणाजुत्तेसु गहिअपडिबंधो ।**
**विहरंतो वि मुणिच्चिय, अगहिलगहिलस्स णीईए ॥२२२॥**

बहुमुण्डादिवचनतः, आज्ञायुक्तेषु गृहीतप्रतिबन्धः ।
विहरन्नपि मुनिरेवाऽग्रथिलग्रथिलस्य नीत्या ॥२२२॥

**ગાથાર્થ :-**

**બહુમુંડાદિ વચનથી=વર્તમાનમાં ઘણા મુંડા હશે, સાધુ અલ્પ હશે, એ પ્રકારના વચનથી, અગ્રહીલ-ગ્રહીલની નીતિથી આજ્ઞાયુક્ત એવા સાધુઓમાં ગ્રહણ કર્યો છે પ્રતિબંધ જેણે એવા વિચરતા પણ સાધુ મુનિ જ છે. ॥૨૨૨॥**

**ભાવાર્થ :- ગીતાર્થના વિરહકાળમાં પણ અગ્રહીલ-ગ્રહીલ રાજાના દૃષ્ટાંતથી ભગવાનની આજ્ઞા પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરનારમાં સંયમનો સદ્ભાવ :**

શાસ્ત્રવચનના પરમાર્થને જાણનારા સુસાધુઓને, કોઈક તેવા સંયોગોમાં સુસાધુનો યોગ ન થાય અને ઘણા મુંડાઓનો યોગ થાય ત્યારે, ભરતક્ષેત્રમાં કલહને કરનારા, ઉપદ્રવને કરનારા, અસમાધિને કરનારા ઘણા મુંડાઓ થશે=ઘણા કુસાધુઓ થશે અને અલ્પ શ્રમણ થશે=અલ્પ સુસાધુ થશે, આ પ્રકારના શાસ્ત્રવચનથી, કૃત્રિમ રીતે ગાંડપણને ધારણ કરનારા એવા રાજાની નીતિથી, કુસાધુ સાથે વસતાં પણ સુસાધુઓ કૃત્રિમ રીતે વિપરીત આચરણા કરતા હોવા છતાં, આજ્ઞાયુક્ત સુસાધુમાં પ્રતિબંધને ધારણ કરતા વિચરતા હોય, તો તે મુનિ જ છે.

અહીં ગાંડા રાજાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે-

પૃથ્વીપુરીમાં પૂર્ણ નામે રાજા હતો. તેને સુબુદ્ધિ નામે બુદ્ધિસંપત્તિવાળો મંત્રી હતો. સુખમાં કાળ નિર્ગમન કરતાં એક વખતે સુબુદ્ધિ મંત્રીએ દેવલોક નામના નૈમિત્તિકને ભવિષ્યકાળ સંબંધી પૂછ્યું. એટલે તે નૈમિત્તિક બોલ્યો કે- ''એક માસ પછી મેઘવૃષ્ટિ થશે અને તેના જળનું જે પાન કરશે, તે સર્વે ગાંડા થઈ જશે. પછી કેટલેક કાળે પાછી બીજી વાર મેઘવૃષ્ટિ થશે, તેના જળનું પાન કરવાથી લોકો પાછા સારા થઈ જશે.'' મંત્રીએ આ વૃત્તાંત રાજાને કહ્યો, એટલે રાજાએ પડહ વગડાવીને લોકોને જળનો સંગ્રહ કરવાની આજ્ઞા કરી. સર્વ લોકોએ તેમ કર્યું. પછી નૈમિત્તિકે કહેલા દિવસે મેઘ વરસ્યો. લોકોએ તરતમાં તો તે પાણી પીધું નહીં, પણ કેટલોક કાળ જતાં લોકોએ સંગ્રહ કરેલું જળ ખૂટી ગયું. માત્ર રાજા અને મંત્રીને ત્યાં જળ ખૂટ્યું નહીં. આથી તે બે સિવાય બીજા સામંત વગેરે લોકોએ નવા વરસેલા જળનું પાન કર્યું. તેનું પાન કરતાં જ તેઓ બધા ઘેલા થઈને નાચવા લાગ્યા, હસવા લાગ્યા, જેમ તેમ બોલવા લાગ્યા, ગાવા લાગ્યા અને સ્વેચ્છાએ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરવા લાગ્યા. માત્ર રાજા અને મંત્રી બે જ સારા રહ્યા. પછી બીજા સામંત વગેરેએ રાજા અને મંત્રીને પોતાનાથી વિપરીત પ્રવૃત્તિવાળા જોઈ નિશ્ચય કર્યો કે 'જરૂર આ રાજા અને મંત્રી બંને ઘેલા થઈ ગયા જણાય છે; કારણ કે તેઓ આપણાથી વિલક્ષણ આચારવાળા છે. તેથી તેમને તેમના સ્થાનથી દૂર કરી બીજા રાજા અને મંત્રીને આપણે સ્થાપિત કરીએ.' તેમનો આ વિચાર મંત્રીના જાણવામાં આવ્યો. તેણે આ વિચાર રાજાને જણાવ્યો એટલે રાજાએ મંત્રીને પૂછ્યું કે- 'આપણે હવે તેમનાથી શી રીતે આત્મરક્ષા કરવી ? કેમ કે જનવૃંદ રાજા સમાન છે.' મંત્રી બોલ્યો કે-'હે દેવ ! આપણે પણ તેમની સાથે ઘેલા થઈને તેમની જેમ વર્તવું. તે સિવાય આ સમયે બીજો કોઈ યોગ્ય ઉપાય નથી.' પછી રાજા અને મંત્રી કૃત્રિમ ઘેલા થઈ તેઓની મધ્યમાં રહેવા લાગ્યા અને પોતાની સંપત્તિ ભોગવવા લાગ્યા. જ્યારે પાછો શુભ સમય આવ્યો અને શુભ વૃષ્ટિ થઈ ત્યારે તે નવીન વૃષ્ટિના જળનું પાન કરવાથી સર્વે મૂળ પ્રકૃતિવાળા (સ્વસ્થ) થયા. આ પ્રમાણે દુઃષમાકાળમાં ગીતાર્થ મુનિઓ પણ વેશધારીઓની સાથે તેમની જેવા થઈને રહેશે, પરંતુ ભવિષ્યમાં પોતાના સમયની ઈચ્છા રાખ્યા કરશે.''

આ દૃષ્ટાંતથી શાસ્ત્રકારો બતાવે છે કે કાળદોષથી ઘણા મુંડા સાધુઓ હોય, અને તેઓની વચ્ચે એકાદ બે સુસાધુઓ હોય, તો તે સુસાધુઓને સંયમની આરાધના કરવા માટે બહુ મુંડાઓ વિઘ્નભૂત બને છે; કેમ કે તેઓ વિચારે કે આ સુસાધુઓ સારી આચરણા કરશે, તેથી આપણી હીનતા દેખાશે. માટે તેઓને

બદનામ કરીએ, જેથી લોકોમાં તેઓ ખરાબ સાધુ છે તેવી પ્રસિદ્ધિ થાય. જેમ તે વખતે રાજા અને મંત્રી સારા હોવા છતાં ગાંડા બનેલા લોકોની સાથે તેમની જેમ વર્તન કરવા લાગ્યા હતા, જેથી ગાંડા બનેલા લોકોએ રાજા અને મંત્રીને પોતાના જેવા છે તેમ માનીને તેમનો વિરોધ કર્યો ન હતો; તેમ સુસાધુઓ પણ પાસત્થાઓની સાથે બાહ્ય આચરણા એવી કરે કે જેથી તે પાસત્થાઓને એમ લાગે કે આ સાધુઓ પણ આપણા જેવા જ છે; તોપણ ભાવથી સંયમના પરિણામવાળા સાધુઓ ભગવાનની આજ્ઞાયુક્ત સાધુપણામાં તીવ્ર પ્રતિબંધને રાખે છે, અને બહારથી પાસત્થા જેવી આચરણા કરે છે. આવા સાધુ દ્રવ્યથી વિપરીત આચરણા કરનાર હોવા છતાં ભગવાનની આજ્ઞામાં તીવ્ર પ્રતિબંધ હોવાને કારણે જ્યારે સંયોગ મળે છે ત્યારે ભગવાનના વચનઅનુસાર જ આચરણા કરે છે. વળી, સંયોગોને કારણે વિપરીત આચરણા કરતા હોય ત્યારે ભગવાનની આજ્ઞા અનુસાર આચરણા કરવાનો અધ્યવસાય જીવતો છે, તેથી ભાવથી મુનિ જ છે.

આનાથી અર્થથી એ પણ પ્રાપ્ત થાય છે કે વર્તમાનકાળમાં કોઈ વિષમ સંયોગોને કારણે આલયવિહારની કોઈક શુદ્ધિ સાધુ જાળવી ન શકતા હોય, તોપણ આલયવિહારઆદિની શુદ્ધિમાં શક્ય ઉદ્યમ કરનારા હોય તો ભાવથી તે મુનિ જ છે. તેથી પૂર્વમાં વર્ણન કરાયેલાં યતિનાં સાત લક્ષણો વ્યક્તરૂપે તેઓમાં ન દેખાતાં હોય તોપણ ભાવથી તે સર્વલક્ષણો છે. માટે ભાવથી તેઓ સાધુ છે. ॥૨૨૨॥

**અવતરણિકા :-**

**અહીં પ્રશ્ન થાય કે આરાધક જીવોને પણ વિષમકાળના દોષને કારણે સંયમમાં ઘણા અતિચારો લાગતા હોય છે, અને ઘણા અતિચારોથી ચારિત્ર નાશ પામે છે. તેથી જ્યારે વિપરીત સંયોગો હોય ત્યારે આરાધક જીવ પણ કેવી રીતે ચારિત્રના પરિણામને જિવાડી શકે ? તેથી કહે છે –**

**ગાથા :-**

**अत्थपयभावणाओ, अरत्तदुट्ठस्स सुद्धचित्तस्स ।**
**दोसलवे वि विणस्सइ, ण भावचरणं जओ भणिअं ॥२२३॥**

अर्थपदभावनयाऽरक्तद्विष्टस्य शुद्धचित्तस्य ।
दोषलवेऽपि विनश्यति न भावचरणं यतो भणितम् ॥२२३॥

**ગાથાર્થ :-**

**અરક્તદ્વિષ્ટ શુદ્ધ ચિત્તવાળા એવા સાધુને દોષલવમાં પણ, અર્થપદની ભાવનાથી=પંચવસ્તુકમાં યતિના ભાવને જિવાડવા માટેનાં ૧૧ દ્વારો બતાવ્યાં છે, તેમાં એક દ્વાર વિચારદ્વાર છે, અને તે વિચારદ્વારમાં ગાથા-૮૬૫થી ૮૭૪માં બતાવેલ અર્થપદની ભાવનાથી, ભાવચારિત્ર વિનાશ પામતું નથી; જે કારણથી કહેવાયું છે, જે આગળની ગાથામાં બતાવાશે. ॥૨૨૩॥**

**ભાવાર્થ :- અર્થપદના ભાવનથી સંયમમાં સ્ખલનાવાળા સાધુમાં પણ ભાવચારિત્રની પ્રાપ્તિ :**

સંયમ ગ્રહણ કર્યા પછી સંયમમાં અપ્રમાદભાવની વૃદ્ધિ અર્થે સાધુ માટે 'પંચવસ્તુક' ગ્રંથમાં ૧૧ દ્વારો બતાવ્યાં છે. તેમાં વિચારદ્વારમાં ગાથા-૮૬૫થી ૮૭૪માં અર્થપદનું ભાવન બતાવેલ છે, તે આ પ્રમાણે છે-

બ્રાહ્મી-સુંદરી આદિના જીવોએ પૂર્વભવમાં એક નાનો અતિચાર સેવ્યો જેના ફળરૂપે તેઓને સ્ત્રીપણું પ્રાપ્ત થયું, તો પછી આ કાળમાં ઘણા અતિચારો સેવનારા એવા પ્રમત્ત સાધુઓનું ચારિત્ર કઈ રીતે મોક્ષનો હેતુ થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. આ પ્રકારની શંકા કરીને કહ્યું કે બ્રાહ્મી-સુંદરીએ પણ અતિચારોનું આલોચનઆદિ કરેલું, પરંતુ એટલા માત્રથી તેઓના અતિચારની શુદ્ધિ થઈ નહિ. તેમ વર્તમાનમાં સેવાયેલા અતિચારોના પ્રતિપક્ષભાવો ઉલ્લસિત થાય તે પ્રકારે આલોચનાદિ કર્યા વગર, માત્ર શાબ્દિક આલોચના કરનારા અને ઘણા અતિચારો સેવનારા પ્રમત્ત સાધુઓને અતિચારની શુદ્ધિ થાય નહિ, અને તેઓનું ચારિત્ર મોક્ષનું કારણ બને નહિ.

આ પ્રકારે કહીને પછી પંચવસ્તુકમાં ખુલાસો કર્યો કે સંયમમાં લાગેલા દરેક અતિચારને આશ્રયીને, અતિચારથી વિરુદ્ધ અધ્યવસાય પ્રગટ થાય તે રીતે જે સાધુ આલોચના આદિ કરે છે, અને લાગેલા અતિચારોની શુદ્ધિ કરે છે, તે સાધુનું સંયમ મોક્ષનું કારણ બને છે.

વળી, જે સાધુ સંયમમાં લાગેલા નાના અતિચારોનું પ્રતિપક્ષ-ભાવન કરીને શુદ્ધિ કરતા નથી, માત્ર આલોચનાદિ ક્રિયાઓ કરે છે, તેઓને નાના અતિચારનું ફળ પણ જન્માંતરમાં સ્ત્રીપણું, દરિદ્રપણું, રોગીપણું આદિ પ્રાપ્ત થશે.

વળી, જે સાધુ સંયમમાં લાગેલા મોટા અતિચારોનું પ્રતિપક્ષ-ભાવન કરીને શુદ્ધિ કરતા નથી, માત્ર આલોચનાદિ ક્રિયાઓ કરે છે, તેઓને મોટા અતિચારોનું ફળ અનેક ભવો સુધી નરકાદિની પ્રાપ્તિ અને ક્લિષ્ટ તિર્યંચ ભવોની પ્રાપ્તિ થશે.

આ પ્રમાણે પંચવસ્તુકમાં કહેવાયેલા અર્થપદનું ભાવન કરીને જે સાધુ પોતાના સંયમજીવનમાં થયેલી દરેક સ્ખલનાઓને સ્મૃતિમાં લાવીને તેના શોધન માટે સમ્યક્ યત્ન કરશે તો તેને સમ્યક્ રીતે પ્રતિકાર કરાયેલા અતિચારો પોતાનું ફળ આપી શકશે નહિ.

આ પ્રકારે પંચવસ્તુકમાં દર્શાવ્યા પ્રમાણે અર્થપદભાવનથી જે સાધુ સદા અતિચારોના પરિહાર માટે, લાગેલા અતિચારોની શુદ્ધિ માટે યત્ન કરી રહ્યા છે, અને સંસારના કોઈ પદાર્થમાં રાગ-દ્વેષ રાખતા નથી, પરંતુ માત્ર મોક્ષ અને મોક્ષના ઉપાયોમાં જેમને રાગ છે, અને મોક્ષના ઉપાયમાં વ્યાઘાતક એવા પ્રમાદમાં જેમને દ્વેષ છે, એવા શુદ્ધ ચિત્તવાળા સાધુને સંયમમાં કોઈ અતિચારરૂપ દોષલવ પ્રાપ્ત થાય; તોપણ અર્થપદના ભાવનથી તે અતિચારોની શુદ્ધિ માટેની જાગૃતિ આવે છે. જેથી થયેલા અતિચારોની શુદ્ધિમાં સમ્યગ્ ઉદ્યમ થાય છે, તેથી ભાવચારિત્ર નાશ પામતું નથી. વર્તમાનમાં આવા સાધુમાં ભાવચારિત્ર છે તે બતાવવા માટે સાક્ષી આપવા અર્થે કહે છે, જે કારણથી કહેવાયું છે; અને તે સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં બતાવે છે. ॥૨૨૩॥

**અવતરણિકા :-**

**વર્તમાનકાળમાં જે સાધુઓ અર્થપદનું ભાવન કરીને પોતાને લાગેલા અતિચારોનું શોધન કરે છે, તે સાધુઓનું ભાવચારિત્ર નાશ પામતું નથી. તેની પુષ્ટિ કરવા માટે પૂર્વગાથામાં કહ્યું કે "જે કારણથી કહેવાયું છે"; તે કથન હવે બતાવે છે –**

ગાથા :-

**बकुसकुसीलेहि तित्थं, दोसलवा तेसु णियमसंभविणो ।**
**जइ तेहिं वज्जणिज्जो, अवज्जणिज्जो तओ णत्थि ॥२२४॥**

बकुशकुशीलाभ्यां तीर्थं दोषलवास्तयोर्नियमसम्भविनः ।
यदि तैर्वर्जनीयोऽवर्जनीयस्ततो नास्ति ॥२२४॥

ગાથાર્થ :-

**બકુશ-કુશીલોથી તીર્થ છે, તેઓમાં=બકુશ-કુશીલમાં નિયમસંભવી દોષલવો છે=નિયમા થનારા સૂક્ષ્મ દોષો છે. જો તેઓના વડે=તે દોષો વડે, વર્જનીય હોય=સાધુ તરીકે વર્જનીય હોય, તો અવર્જનીય નથી=અવર્જનીય કોઈ સાધુ નથી. ॥૨૨૪॥**

ટીકા :-

**बकुशकुशीला व्यावर्णितस्वरू पाः 'तित्थं'ति भामा सत्यभामेति न्यायात् सर्वतीर्थकृतां तीर्थ-संतानकारिणः संभवन्ति, अत एव दोषलवाः-सूक्ष्मदोषास्तेषुबकुशकुशीलेषु नियमसंभविनः, यतस्तेषां द्वे गुणस्थानके प्रमत्ताप्रमत्ताख्ये अन्तर्मुहूर्त्तकालावस्थायिनी, तत्र यदा प्रमत्तगुणस्थानके वर्त्तते तदा प्रमादसद्भावादवश्यंभाविनः सूक्ष्मा दोषलवाः साधोः, परं यावत् सप्तमप्रायश्चित्तापराध-मापनीपद्यते तावत् स चारित्रवानेव, ततः परमचारित्रः स्यात् । तथा चोक्तम्-**

**''जस्स हु जा तवदाणं, (छेअस्स जाव दाणं) ता वयमेगंपि नो अइक्कमइ ।**
**एगं अइक्कमंतो, अइक्कम पंच मूलेणं ॥'' इति ।**

**तदेवं बकुशकुशीलेषु नियमभाविनो दोषलवाः, यदि तैर्वर्जनीयो यतिः स्यादवर्जनीयस्ततो नास्त्येव, तदभावे तीर्थस्याप्यभावप्रसङ्ग इति ॥१३५॥ (धर्मरत्नप्रकरणम्)**

ટીકાર્થ :-

પૂર્વમાં વર્ણન કરાયેલા સ્વરૂપવાળા બકુશ-કુશીલ છે=ધર્મરત્ન પ્રકરણ ગ્રંથમાં આ ગાથાની પૂર્વની ગાથાઓમાં વર્ણન કરાયેલા સ્વરૂપવાળા બકુશ-કુશીલો છે. ભામા=સત્યભામા, એ પ્રકારના ન્યાયથી ગાથામાં '**तित्थं**' શબ્દનો અર્થ, સર્વ તીર્થંકરોના તીર્થના પ્રવાહને વહન કરનારા ગ્રહણ કરવાનો છે; અને તેઓ બકુશ-કુશીલ સંભવે છે, તે બતાવવા માટે '**संभवन्ति**' પ્રયોગ છે. આથી જ=બકુશ-કુશીલ તીર્થસંતાનને કરનારા છે આથી જ, તે બકુશ-કુશીલમાં દોષલવ=સૂક્ષ્મ દોષો નિયમસંભવી છે, જે કારણથી તેઓને= બકુશ-કુશીલને અન્તર્મુહૂર્તકાલ અવસ્થાયી પ્રમત્ત-અપ્રમત્ત નામનાં બે ગુણસ્થાનક છે. ત્યાં જ્યારે પ્રમત્તગુણસ્થાનકમાં વર્તે છે ત્યારે પ્રમાદનો સદ્ભાવ હોવાથી સાધુને અવશ્યંભાવિ સૂક્ષ્મ દોષલવો છે, પરંતુ જ્યાં સુધી સાતમા પ્રાયશ્ચિત્તના અપરાધને તે સાધુ પ્રાપ્ત કરે છે, ત્યાં સુધી તે ચારિત્રવાળા જ છે, ત્યારપછી અચારિત્રવાળા થાય;

અને તે પ્રમાણે=સાતમા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધી ચારિત્ર છે તે પ્રમાણે, આગમમાં કહેવાયું છે, તે બતાવે છે. જ્યાં સુધી છેદનું દાન છે ત્યાં સુધી=છેદ પ્રાયશ્ચિત્તનું દાન છે ત્યાં સુધી, એક પણ વ્રતને સાધુ

અતિક્રમણ કરતા નથી. મૂળ વડે=મૂળ પ્રાયશ્ચિત્ત વડે, એક વ્રતને અતિક્રમણ કરતા પાંચેય વ્રતને અતિક્રમણ કરે છે.

* 'जस्स हु जा तवदाणं'ના બદલે 'छेअस्स जाव दाणं'નો પાઠ પ્રસ્તુત ગ્રંથની ૨૦૦મી ગાથા પ્રમાણે અથવા ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથની ૧૦૦મી ગાથા પ્રમાણે હોવો જોઈએ.

આખી ટીકાનું નિગમન કરતાં કહે છે-

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે બકુશ-કુશીલમાં નિયમભાવિ દોષલવ છે. જો તેના વડે=દોષલવો વડે, યતિ વર્જનીય થાય=સાધુ અસાધુ થાય, તો અવર્જનીય નથી જ=સાધુ તરીકે સર્વ સાધુઓ અવર્જનીય નથી જ=વર્જનીય જ છે. તેથી સુસાધુ કોઈ નથી તેમ માનવું પડે; અને તેના અભાવમાં=સુસાધુના અભાવમાં તીર્થના પણ અભાવનો પ્રસંગ છે.

**ભાવાર્થ :- બકુશ-કુશીલ સાધુથી ભગવાનના તીર્થની પ્રાપ્તિ :**

સર્વ તીર્થંકરોના તીર્થને ચલાવનારા સાધુઓ બકુશ-કુશીલ સંભવે છે, અને બકુશ-કુશીલ સાધુઓમાં નિયમથી અતિચારો સંભવે છે; કેમ કે બકુશ-કુશીલ સાધુઓ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકમાં વર્તનારા હોય છે, અને છઠ્ઠું-સાતમું ગુણસ્થાનક અંતર્મુહૂર્તમાં પરાવર્તન પામનારું છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં સાધુઓ હોય ત્યારે સાધુઓમાં અવશ્ય પ્રમાદ હોય છે તેથી સૂક્ષ્મ અતિચારો લાગતા હોય છે. આમ છતાં જ્યાં સુધી જે દોષ માટે સાતમા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે દોષને સેવનારા સાધુ ચારિત્રવાળા જ છે; અને જે સાધુ સાતમા પ્રાયશ્ચિત્તથી અધિક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તેવો દોષ સેવે તે ચારિત્રહીન છે. તેથી એ પ્રાપ્ત થયું કે બધા તીર્થંકરોના તીર્થના સાધુઓ સંપૂર્ણ દોષરહિત સાધુપણું પાળી શકતા નથી, પણ જે કંઈ અતિચારો લાગે છે તે અતિચારોની શુદ્ધિ ''અર્થપદના ભાવનથી તેઓ કરે છે'', અને સંયમમાં બદ્ધ રાગવાળા થઈને યત્ન કરે છે તેઓમાં ભાવચારિત્ર છે. તેથી વર્તમાનકાળમાં જે સાધુઓ છે તેઓ પણ બકુશ-કુશીલ છે અને પ્રમત્ત ગુણસ્થાનકમાં હોય ત્યારે સૂક્ષ્મ અતિચાર તેમને લાગતા હોય છે અને ક્વચિત્ તેવા સંજોગોને પામીને મોટા અતિચાર પણ લાગતા હોય છે; આમ છતાં, અર્થપદનું ભાવન કરીને અતિચારની શુદ્ધિ કરે તો તે સાધુમાં નિયમા ભાવચારિત્ર છે. જે સાધુ સંયમમાં અતિચાર લાગ્યા પછી અર્થપદનું ભાવન કરીને શુદ્ધિ કરતા નથી, તેમનું ચારિત્ર નાશ પણ થઈ શકે છે અને દુરન્ત સંસારનું કારણ પણ બની શકે છે. વળી, જે સાધુ સંસારના પરિભ્રમણથી ભય પામેલા છે, શક્તિ પ્રમાણે સંયમમાં ઉદ્યમ કરે છે, છતાં અનાદિ ભવઅભ્યસ્ત પ્રમાદ હોવાના કારણે અતિચારો લાગે, તોપણ તે અતિચારોની શુદ્ધિમાં યત્ન ઉલ્લસિત થાય તે અર્થે પંચવસ્તુકમાં બતાવાયેલા અર્થપદનું ભાવન કરે, તો ભાવસાધુપણું સુરક્ષિત રહે છે. ॥૨૨૪॥

**અવતરણિકા :-**

ગાથા-૨૧૬ સુધી યતિનાં સાત લક્ષણો બતાવ્યાં અને ત્યારબાદ ગાથા-૨૧૭થી તેનો ફલિતાર્થ બતાવવાનું શરૂ કરેલ. હવે તે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે –

**ગાથા :-**

**आसयसुद्धीइ तओ, गुरुपरतंतस्स सुद्धलिंगस्स ।**
**भावजइत्तं जुत्तं, अज्झप्पज्झाणणिरयस्स ॥२२५॥**
आशयशुद्ध्या ततो गुरुपरतन्त्रस्य शुद्धलिङ्गस्य ।
भावयतित्वं युक्तमध्यात्मध्याननिरतस्य ॥२२५॥

**ગાથાર્થ :-**

**તે કારણથી=પૂર્વમાં બતાવ્યાં તેવાં સાત લક્ષણોને ધારણ કરનારા સાધુઓ વર્તમાનમાં સર્વથા નથી એમ નહિ તે કારણથી, ગુરુપરતંત્ર, શુદ્ધ લિંગવાળા, અધ્યાત્મધ્યાનમાં નિરત એવા સાધુનું ભાવયતિપણું આશયશુદ્ધિથી=અર્થપદની ભાવનાથી કરાયેલ આશયશુદ્ધિથી, યુક્ત છે. ॥૨૨૫॥**

**ભાવાર્થ :- ભાવયતિનું સ્વરૂપ :**

જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ગુણવાન ગીતાર્થ ગુરુને પરતંત્ર છે, શક્તિ અનુસાર સંયમની શુદ્ધ આચરણા કરે છે તેથી શુદ્ધ લિંગવાળા છે, અધ્યાત્મ-ધ્યાનમાં નિરત છે અર્થાત્ મારે શુદ્ધ આત્માને પ્રગટ કરવો છે તેવું લક્ષ્ય કરીને, શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ સર્વ ઉચિત ક્રિયાઓ અપ્રમાદભાવથી કરે છે; તેથી અધ્યાત્મને પ્રગટ કરવા માટે એકાગ્ર મનવાળા છે, અને અનાભોગ કે સહસાત્કારથી કોઈક અતિચારો લાગી જાય તો તેની ઉપેક્ષા ન થાય તે માટે હંમેશાં અર્થપદનું ભાવન કરે છે, જેથી અતિચારની શુદ્ધિ માટેનો યત્ન સમ્યક્ થાય; આવા સાધુનું અતિચારના શોધન માટેના કરાયેલા સમ્યક્ યત્નરૂપ આશયશુદ્ધિથી સંયમમાં સ્ખલના હોવા છતાં ભાવસાધુપણું સંગત છે. ॥૨૨૫॥

**અવતરણિકા :-**

ગ્રંથની સમાપ્તિમાં ગ્રંથકાર ગ્રંથ રચવાનું પ્રયોજન બતાવે છે –

**ગાથા :-**

**इय सत्तलक्खणत्थो, संगहिय सुबहुतंतवक्कत्थं ।**
**फुडविअडो वि य भणिओ, सपरेसिमणुग्गहट्ठाए ॥२२६॥**
इति सप्तलक्षणार्थः, सङ्गृह्य सुबहुतन्त्रवाक्यार्थम् ।
स्फुटविकटोऽपि च भणितः, स्वपरेषामनुग्रहार्थाय ॥२२६॥

**ગાથાર્થ :-**

**આ પ્રમાણે=ગાથા-૨૨૫ સુધી વર્ણન કર્યું એ પ્રમાણે, સુબહુ તંત્રના વાક્યાર્થનો સંગ્રહ કરીને=ઘણાં શાસ્ત્રોના વાક્યોના અર્થનો સંગ્રહ કરીને, સ્વ-પરના અનુગ્રહ માટે=પોતાને યતિના સ્વરૂપની સ્મૃતિ દ્વારા પોતાના અનુગ્રહ માટે, અને યતિના સ્વરૂપનો બોધ કરાવવા દ્વારા શ્રોતાનો અનુગ્રહ કરવા માટે, સ્પષ્ટ વિકટ પણ=જે પદાર્થોને સ્પષ્ટ કરવા ઘણા વિકટ છે એવો પણ, સાત લક્ષણોના અર્થવાળો=યતિના સાત લક્ષણોના અર્થને બતાવનારો એવો પ્રસ્તુત ગ્રંથ કહેવાયો. ॥૨૨૬॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારે ગાથા-૨૨૫ સુધી જે વિસ્તાર કર્યો તે વિસ્તારમાં ઘણાં શાસ્ત્રવાક્યોમાં રહેલા અર્થનો સંગ્રહ કરીને યતિનાં સાત લક્ષણો બતાવ્યાં છે. વળી, આ વિસ્તાર સ્પષ્ટ કરવો અતિ વિકટ છે; કેમ કે શાસ્ત્રના પદાર્થો અતિગંભીર છે, તોપણ ગ્રંથકારે સ્વ-પરના ઉપકાર માટે સ્વશક્તિ અનુસાર યતિના સ્વરૂપને બતાવનારાં સાત લક્ષણોનો અર્થ પ્રસ્તુત ગ્રંથમાં કર્યો છે. આ ગ્રંથરચનાથી ગ્રંથકારને પોતાને ભાવસાધુનું સ્મરણ થાય, જેથી ભાવસાધુપણાની નિષ્પત્તિનાં પ્રતિબંધક કર્મો નાશ પામે અને પોતાને ભાવસાધુપણું પ્રાપ્ત થાય; વળી, પ્રસ્તુત ગ્રંથથી શ્રોતાઓને ભાવસાધુપણાનો બોધ થાય જેથી ભાવસાધુપણા પ્રત્યે પક્ષપાતવાળા થઈને તેઓ પણ ભાવસાધુ બને, જેના ફળસ્વરૂપે ગ્રંથકાર અને શ્રોતાઓ બન્ને સંસારસાગરને પાર પામે, એ પ્રકારના અનુગ્રહ માટે ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથની રચના કરેલ છે. ॥૨૨૬॥

**અવતરણિકા :-**

**ગ્રંથસમાપ્તિનું મંગલાચરણ કરે છે –**

**ગાથા :-**

**तवगणरोहणसुरगिरिसिरिणियविजयाभिहाणविबुहाण ।**
**सीसेणं पियं रइयं, पयरणमेयं सुहं देउ ॥२२७॥**

तपागणरोहणसुरगिरिश्रीनयविजयाभिधानविबुधानाम् ।
शिष्येण प्रियं रचितं प्रकरणमेतत्सुखं (शुभं) ददातु ॥२२७॥

**ગાથાર્થ :-**

**તપગણમાં રોહણ કરનારા=તપાગચ્છમાં રહેલા, સુરગિરિ જેવા=મેરુ પર્વત જેવા, શોભાયમાન શ્રી નયવિજય નામના પંડિતના શિષ્ય એવા શ્રી ઉપાધ્યાય યશોવિજયજી વડે રચાયેલું પ્રિય એવું આ પ્રકરણ=યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ, સુખને આપો=કલ્યાણને આપો. ॥૨૨૭॥**

**ભાવાર્થ :-**

પોતાના ગુરુ કોણ છે અને કેવા છે તેનો ગ્રંથકાર પરિચય કરાવે છે. પોતાના ગુરુ તપગચ્છમાં રહેલા છે, અને જેમ લોકમાં મેરુપર્વત શોભાયમાન છે તેમ તપગચ્છમાં મહાસત્ત્વથી શોભાયમાન એવા પોતાના ગુરુ શ્રી નયવિજયજી મહારાજ છે, અને તેમના શિષ્ય શ્રી યશોવિજયજીએ આ પ્રકરણ રચ્યું છે, જે પ્રકરણ યોગમાર્ગના અર્થી જીવોને પ્રિય થાય એવું છે. આવું રચાયેલું પ્રકરણ કલ્યાણને આપો, એમ કહીને ગ્રંથકાર એ કહેવા ઈચ્છે છે કે આ ગ્રંથમાં બતાવાયેલા યતિના ભાવો પોતાને અને શ્રોતાઓને પ્રાપ્ત થાઓ, અને કલ્યાણની પરંપરાને આપો, જેથી સર્વ જીવો સુખે સુખે સંસારસાગરના પારને પામે. ॥૨૨૭॥

**विविधावधानधारि-कुर्चालसरस्वती-न्यायविशारद-न्यायाचार्य-महामहोपाध्यायश्रीयशोविजयगणिप्रणीतम्**
**॥ इति श्रीयतिलक्षणसमुच्चयप्रकरणम् ॥**

आसयसुद्धीइ तओ, गुरुपरतंतस्स सुद्धलिंगस्स ।
भावजइत्तं जुत्तं, अज्झप्पज्झाणणिरयस्स ॥

તે કારણથી, ગુરુપરતંત્ર, શુદ્ધ લિંગવાળા, અધ્યાત્મધ્યાનમાં નિરત એવા સાધુનું ભાવયતિપણું આશયશુદ્ધિથી યુક્ત છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680
9428500401